Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરની પવિત્ર પચ્ચીસમી નિર્વાણ શતાબ્દીના ઉપલક્ષમાં

કલ્પસૂત્ર

(શ્રુતકેવલી ભદ્રબાહુ રચિત)

માર્ગદર્શક

ગંભીર તત્ત્વચિંતક પ્રસિદ્ધ વક્તા, રાજસ્થાનકેસરી

પંડિતરત્ન પરમશ્રદ્ધેય **શ્રી પુષ્કર મુનિજી** મહારાજ

—: સંપાદક અને વિવેચક :—

દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, સાહિત્યરત્ન

અનુવાદક :—

જગજીવનદાસ લાલજી દોશી

બી. એ. એલએલ. બી.

પ્રકાશક :

ગીરધરલાલ દામોદર કપ્તરી

શ્રી સુધર્મા જ્ઞાનમંદિર

શ્રી મેઘજી થોભણ ધર્મસ્થાનક,

૧૭૦ કાંદાવાડી, મુંબઇ–૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ પુસ્તક

કલ્પસૂત્ર

★ માર્ગદર્શક

રાજસ્થાન કેસરી પ્રસિદ્ધ વકતા
પંડિતરત્ન શ્રી પુષ્કરમુનિજી
મહારાજ

★ સંપાદક - વિવેચક

દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, સાહિત્યરત્ન
અનુવાદક :
શ્રી જે. એલ. દોશી
બી. એ. એલએલ. બી.

★ પ્રકાશક ગુજરાતીમાં

ગીરધરલાલ દામોદર દફતરી
શ્રી સુધર્મા જ્ઞાનમંદિર
શ્રી મેઘજી થોભાણ જૈન ધર્મસ્થાનક,
૧૭૦, કાંદાવાડી, મુંબઈ-૪

★ ગુજરાતીમાં બીજી આવૃત્તિ
જાન્યુઆરી, ૧૯૭૨

પ્રથમ આવૃત્તિ નકલ ૨૦૦૦
બીજી આવૃત્તિ નકલ ૩૦૦૦

★ હિન્દીમાં પ્રકાશક

શ્રી અમર જૈન આગમ શોધ સંસ્થાન
ગઢ સિવાના
જિલ્લા બાડમેર (રાજસ્થાન)

★ પ્રાપ્તિસ્થળ (ગુજરાતી)

શ્રી સુધર્મા જ્ઞાનમંદિર,
શ્રી મેઘજી થોભાણ જૈન ધર્મ સ્થાનક,
૧૭૦, કાંદાવાડી, મુંબઈ-૪.

★ પ્રાપ્તિસ્થળ (હિન્દી)

શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

★ પડતર કિંમત રૂા. ૧૫-૦૦

વેચાણ કિંમત રૂા. ૭-૫૦

દોશી એન્ડ કંપની, વતી
મુદ્રક : શ્રી ધીરુભાઈ જી. દેસાઈ,
સ્ટેટ્સ પીપલ પ્રેસ,
ધોગા સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૧.

સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

On the Occasion of Twentyfifth Nirvana Century of Lord Mahavira

KALPA-SUTRA

☆

By

(SHRUT KEVALI BHADRA BAHU)

Guided

By

Gambhira Tatva Chintaka, Prasiddha Vakta
Param Shraddheya Pandita Pravara

Shri Pushkar Muniji Maharaj

Edited & Annotated

By

Devendra Muni Shastri, Sahitya Ratna

Translated into Gujarati

By

Shri JAGJIVANDAS LALJI DOSHI, B.A. LL.B.

Published By

Shri Sudharma Gnana Mandir

170 Kandawadi, BOMBAY-4.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

O The writer,
Devendra Muni Shastri

O BOOK
Kalpa-Sutra

O Published by (Gujrati)
Shri Sudharma Gnana Mandir
Shri Meghji Thobhan Jain Dharma Sthanak
170, Kandawadi,
Bombay 4

O Guided by
Gambhir Tatva Chintak Prasiddha Vakta
Param Shraddheya, Pandit Pravar
Shri Pushkar Muniji Maharaj

O Edited & Annotated by
Devendra Muni Shastri
Sahitya Ratna

Translated into Gujarati by
Shri J. L. Doshi, B.A. LL. B.

O Published by (Hindi)
Shri Amar Jain Agam Shodh Sansthan
GADH Shivana (Marwar)
Dist. BADMER

O Available at
Sri Laxmi Pustak Bhandar
Gandhi Marg
Ahmedabad 1

O First Published
July 1971

O Printed by
Shri Dhirubhai J. Desai
States' People Press,
Ghoga Street,
Fort, Bombay 1

O Cost Price
Rs. 15 only

O Selling Price
Rs. 7-50

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્પણ



જેમનું જીવન સૂર્યસમાન તેજસ્વી હતું,
જેમનું મન ચંદ્રસમાન સૌમ્ય હતું.
જેમના આચાર સુવર્ણસમાન નિર્મળ હતા,
જેમના વિચાર સાગરસમાન ગંભીર હતા,
જેમની વાણી મધસમાન મીઠી હતી,
જે બીજાઓ પ્રત્યે ફૂલ કરતાં અધિક કોમળ હતા,

અને

પોતાની સંયમ – સાધના પ્રત્યે
વજ્રથી પણ અધિક કઠોર હતાં,

તે અમારા પરમ ગુરુ
પરમ શ્રદ્ધેયરત્ન
મહાસ્થવિર, સ્વર્ગીય

પૂજ્યપાદ શ્રી તારાચન્દ્રજી મહારાજ
ને
ભક્તિભાવપૂર્વક સમર્પિત
વિનયનમ્ર
– દેવેન્દ્ર મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પસૂત્ર અનુક્રમણિકા

	પાનું
ભગવાન મહાવીર ચરિત્ર	
* ઉપક્રમ–દશકલ્પ	૩ થી ૨૦
* પ્રથમ પ્રવચન	૨૧ થી ૩૦
* ભગવાન મહાવીરના પૂર્વભવ	૩૧ થી ૪૫
* ગર્ભસંહરણ	૪૬ થી ૮૪
* ત્રિશલાનું સ્વપ્નદર્શન	૮૫ થી ૯૯
* સ્વપ્ન-ચર્ચા	૧૦૦ થી ૧૪૧
* જન્મ-મહોત્સવ	૧૪૨ થી ૧૫૭
* અભિનિષ્ક્રમણ	૧૫૮ થી ૧૬૫
* સાધના કાળ	૧૬૬ થી ૨૦૪
* કેવળ જ્ઞાન	૨૦૫
* તીર્થ પ્રવર્ત્તન	૨૦૬ થી ૨૧૮
પરિનિર્વાણ	૨૧૮ થી ૨૩૧
● ભગવાન મહાવીરની પૂર્વ પરંપરા :	
* પુરુષાદાનીય પાર્શ્વ	૨૩૨ થી ૨૪૭
* અર્હંત અરિષ્ટનેમિ	૨૪૭ થી ૨૬૧
* અર્હંત નમિથી અર્હંત અજિત	૨૬૧ થી ૨૬૯
* ભગવાન ઋષભદેવ	૨૭૦ થી ૨૯૯
* તીર્થંકર ચરિત્ર સૂચકપત્ર (લેખા)	
● સ્થવિરાવલી :	
* ગણધરચરિત્ર	૩૦૦ થી ૩૦૫
* આર્ય જંબૂ	૩૦૬ થી ૩૧૩
* આર્ય ભદ્રબાહુ	૩૧૩ થી ૩૧૭
* આર્ય સ્થૂલિભદ્ર	૩૧૭ થી ૩૨૧
* વિભિન્ન શાખાઓ	૩૨૧ થી ૩૪૨
● સામાચારી :	
* વર્ષાવાસકલ્પ	૩૪૩ થી ૩૪૭
* ભિક્ષાચરી કલ્પ	૩૪૭ થી ૩૮૦
* કેશનો લોચ	૩૮૦ થી ૩૮૨
* ક્ષામાપના	૩૮૨ થી ૩૮૭
* ઉપસંહાર	૩૮૭ થી ૩૮૮
● પરિશિષ્ટ	
પરિશિષ્ટ (૧ થી ૬)	૧ થી ૬૪
કલ્પસૂત્રનો સંક્ષિપ્ત પારિભાષિક શબ્દકોષ	૬૫ થી ૭૦
સંદર્ભ ગ્રન્થ સૂચી	૭૦ થી ૭૨
શુદ્ધિપત્રક	૭૩ થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કલ્પસૂત્ર પર વિદ્વાનોના અભિપ્રાય
સ્થાનકવાસી જૈનસમાજના મૂર્ધન્ય મુનિઓના અભિપ્રાય

(૧)

કલ્પસૂત્રના પ્રામાણિક અને સ્પષ્ટ અનુવાદની ઘણા વખતથી આવશ્યકતાનો અનુભવ કરવામાં આવતો હતો, સાહિત્યરસિક શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રીએ હિંદી અનુવાદ અને મૌલિક વિવેચન લખીને એક ઘણી મોટી આવશ્યકતાની પૂર્તિ કરેલ છે. તેના લેખનમાં તેમણે અતિ અધિક શ્રમ કરેલ છે. પ્રસ્તાવના ઘણી શોધપૂર્ણ છે. ભાવ, ભાષા અને શૈલીની દૃષ્ટિથી આ સંસ્કરણ ઘણું ઉત્તમ છે. પરિશિષ્ટના સંયોજનથી ગ્રંથના ગૌરવમાં ચાર ચાંદ લાગી ગયા છે. મુનિશ્રીનો પરિશ્રમ પ્રશંસનીય છે.

– આચાર્ય પ્રવર શ્રી આનંદઋષિજી મહારાજ
બનૂડ. દિનાંક ૩૦–૧૨–૧૯૬૮

(૨)

કલ્પસૂત્ર જૈન પરંપરાનો મહાન્ ગ્રંથ જ નહિ–ઈતિહાસગ્રંથ પણ છે. શ્રમણ ભગવાન મહાવીરના દિવ્ય જીવનની ઝાંખી જે સુંદર-સુલલિત અને સાહિત્યિક ભાષામાં પ્રસ્તુત ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે તે અન્ય આગમ ગ્રંથોથી વિશિષ્ટ છે. આ દૃષ્ટિથી આગમમાં કાવ્ય સૌંદર્યના મણિ-કાંચન-સંયોગ રૂપ કલ્પસૂત્રને પોતાનું વૈશિષ્ટ્ય છે.

તીર્થંકરચરિત્ર, સ્થવિરાવલી અને સામાચારી વગેરેના કારણે કલ્પસૂત્રનું ખાસ મહત્ત્વ છે અને તેને લઈને શ્વેતાંબર જૈન પરંપરામાં તેનું એક વિશિષ્ટ આકર્ષણ તથા સર્વજનોપયોગિતા સ્વયંસિદ્ધ છે. અત્યાર સુધી જેટલી ટીકાઓ, વ્યાખ્યાઓ તેના ઉપર લખવામાં આવેલ છે તેટલી સંભવિત રીતે અન્ય કોઈ આગમ ગ્રંથ ઉપર લખવામાં આવેલ નથી, તે તેની લોકપ્રિયતાનું સ્પષ્ટ પ્રમાણ છે.

'કલ્પસૂત્ર'નું શ્રી દેવેન્દ્રમુનિજી શાસ્ત્રીએ હિંદીમાં સુંદર સંપાદન પ્રસ્તુત કરેલ છે. આજે ભારતની રાષ્ટ્રભાષા હિંદી છે. હિંદીમાં જૈન આગમોના આધુનિક અનુવાદ અને વિવેચનની અત્યંત આવશ્યકતા છે.

આજ સુધી કલ્પસૂત્રના જેટલાએ હિંદી અનુવાદ અને વિવેચન પ્રસ્તુત થયેલ છે. તેમાં શ્રી દેવેન્દ્રમુનિજીનું આ વિવેચન પોતાનું વૈશિષ્ટ્ય ધરાવે છે. અન્વેષણ અને તુલનાત્મક દૃષ્ટિથી જે શ્રમ–સાધ્ય સંપાદન થયેલ છે તે દેખીને મને ખૂબ ખૂબ પ્રસન્નતા છે. હું આશા રાખું છું કે આપણા શ્રમણ સંઘના આશાસ્પદ તરુણ શ્રમણ આ જાતની આગમ શ્રુતસેવામાં પોતાની સંપાદન કલા તથા પ્રતિભાનો પરિચય દેશે અને શ્રુતવાઙ્મયને અત્યંત આધુનિક પરિવેશની સાથે જન-ભોગ્ય બનાવવાનો પ્રયત્ન કરશે.

– ઉપાધ્યાય શ્રી અમરમુનિજી મહારાજ

(૩)

ઉદીયમાન તરુણ લેખક શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રીએ 'કલ્પસૂત્ર' ઉપર મૂળ, અર્થ અને ગંભીર વિવેચન લખીને શ્રુતસેવામાં મહાન યોગદાન દીધેલ છે. સંપાદન શુદ્ધ અને સ્પષ્ટ છે. કલ્પસૂત્રનાં આજ દિવસ સુધી જેટલાંએ પ્રકાશન નીકળ્યાં છે, તે બધામાં આ પ્રકાશન સર્વશ્રેષ્ઠ છે. સર્વ સાધારણ પાઠક અને સ્વાધ્યાયપ્રેમીઓને જ માટે નહિ, પણ સંશોધકોને માટે પણ તેમાં મોટા પ્રમાણમાં સારી સામગ્રી છે.

– આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ
દિનાંક ૧-૮-૧૯૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)

દેવેન્દ્રમુનિજી દ્વારા સંપાદિત 'કલ્પસૂત્ર' વાંચ્યું. સંપાદન સુંદર જ નહિ પણ અતિ સુંદર છે. ભાવ, ભાષા અને શૈલીએ બધી દૃષ્ટિથી આ સંપાદન તેનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વિવેચન અને પ્રસ્તાવનામાં લેખકનું ગંભીર અધ્યયન સ્પષ્ટપણે ઝબકી રહેલ છે. સેંકડો ગ્રંથોનાં પ્રમાણ આપીને ગ્રંથને અધિકાધિક પ્રામાણિક બનાવવામાં આવેલ છે. પ્રસ્તુત કલ્પસૂત્રનો અધિકાધિક પ્રચાર થાઓ તે જ મંગળ–કામના અને ભાવના છે.

– મરુધર કેસરી શ્રી મિશ્રીમલજી મહારાજ
રાણાવાસ, દિનાંક ૪-૧૦-૧૯૬૯

(૫)

મેં 'કલ્પસૂત્ર' ની અનેક પ્રતિઓ દેખી છે. પરંતુ મારા મનને કોઈ પણ પ્રતિ પસંદ નથી પડી કોઈમાં મૂલપાઠ શુદ્ધ ન હોય, તો કોઈમાં અર્થ બરાબર ન હોય, કોઈમાં વિવેચન જ વ્યવસ્થિત ન હોય.

જ્યારે મેં દેવેન્દ્રમુનિ શાસ્ત્રી સાહિત્યરત્ન દ્વારા સંપાદિત કલ્પસૂત્ર દેખ્યું ત્યારે મન મયૂર નાચી ઊઠયો. મૂળ પાઠ, અર્થ અને વિવેચન બધામાં સંપાદક મુનિજીની ગંભીર વિદ્વત્તા ઝબકી રહેલ છે. આટલું સુંદર સંપાદન 'કલ્પસૂત્ર'નું પ્રથમ વખત દેખ્યું છું. આ 'કલ્પસૂત્ર' માં સ્થાનકવાસી જૈન સમાજની પરંપરાઓનું સંપૂર્ણ દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. વ્યાખ્યાતાઓને માટે આ સંસ્કરણ ઘણું જ ઉપયોગી છે.

– માલવકેશરી પ્રસિદ્ધવકતા શ્રી સૌભાગ્યમલજી મહારાજ

(૬)

કલ્પસૂત્રની શોધપૂર્ણ પ્રસ્તાવનામાં અનેક પ્રમાણ આપીને દેવેન્દ્રમુનિશાસ્ત્રીએ એમ સિદ્ધ કરેલ છે કે, કલ્પસૂત્ર, બત્રીસ આગમોમાં જ છે. તે દશાશ્રુતસ્કંધનો આઠમો અધ્યાય છે.

મને હાર્દિક આહ્લાદ છે કે દેવેન્દ્રમુનિએ અનુવાદ, વિવેચન અને પ્રસ્તાવનામાં સર્વત્ર સ્થાનકવાસી પરંપરાની પૂર્ણ રક્ષા કરેલ છે. સંપાદનમાં અતિ અધિક શ્રમ કર્યો છે.

સવિસ્તર ભૂમિકા, વિવેચન, ટિપ્પણીઓ, શબ્દકોષ અને અનેક પરિશિષ્ટોથી યુકત પ્રસ્તુત આગમ સાધારણ પાઠકો માટે જ નહિ, પરંતુ વિશિષ્ટ વિજ્ઞોને માટે પણ અત્યંત ઉપયોગી છે.

દેવેન્દ્રમુનિએ અનેક ગ્રંથોનું સંપાદન અને લેખન કરેલ છે. પરંતુ અમારી દૃષ્ટિથી તે બધામાં આ સર્વોત્કૃષ્ટ સંપાદન અને લેખન છે. સુવર્ણ કળશ સમાન તે સદા ચમકતું રહેશે.

દેવેન્દ્રમુનિજી અન્ય આગમોનું પણ આ રીતે સુંદર સંપાદન કરે એ જ મારી શુભ કામના છે.

– પ્રવર્તક વિનયઋષિજી મહારાજ
અહમદનગર તા. ૧૬-૧૨-૧૯૬૮

(૭)

'કલ્પસૂત્ર' જીવનને ઉન્નત અને સમુન્નત બનાવવાનું શ્રેષ્ઠ સોપાન છે. શ્રમણ જીવનની સાધનાનું તેમાં સુંદર નિરૂપણ છે. શ્રમણ ભગવાન મહાવીર, પાર્શ્વનાથ, અરિષ્ટનેમિ અને ઋષભદેવ વગેરે તીર્થંકરોના જીવન સમ્યક્ પ્રકારથી તેમાં ચિત્રિત કરવામાં આવેલ છે.

કલ્પસૂત્રનાં અનેક સંસ્કરણ પ્રકાશિત થયાં છે. તે બધાં સંસ્કરણોમાં આ સંસ્કરણ પ્રત્યેક દૃષ્ટિથી અનોખું છે. દેવેન્દ્રમુનિજીની ભાષામાં ઓજ છે, લાલિત્ય છે અને ભાવોમાં ગાંભીર્ય છે.

– પંજાબકેસરી પ્રસિદ્ધ વકતા શ્રી પ્રેમચંદજી મહારાજ
દેહલી, તા. ૫-૧૦-૧૯૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮)

શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી દ્વારા સંપાદિત કલ્પસૂત્રને દેખીને મને અપૂર્વ હર્ષોલ્લાસ પ્રાપ્ત થયો. અત્યાર સુધી અનેકાનેક કલ્પસૂત્ર હિંદી ભાષામાં પ્રકાશિત થયેલ છે. પણ મેં જે કાંઈ આમાં મેળવ્યું છે તે અવર્ણનીય છે. આ સંપાદન અદ્વિતીય છે, વચનથી અગોચર છે.

મુનિજીએ તેનાં સંપાદનમાં અતિ અધિક અન્વેષણ કરેલ છે. પ્રત્યેક વસ્તુ સપ્રમાણ ઉપસ્થિત કરેલ છે. સૌથી મોટી વિશેષતા એ છે કે, પ્રબુદ્ધપાઠક વાંચતાં વાંચતા વાસ્તવિક ભાવોને પોતાની મેળે જાણી લે છે. આ કલ્પસૂત્ર સ્વાધ્યાય અને મનન કરવાની દૃષ્ટિથી અનુપમ અને મૌલિક છે. હું બધા સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓને પ્રેરણા આપું છું કે તેઓ પર્યુષણની પુણ્ય ક્ષણોમાં તેનું અવશ્ય વાંચન-શ્રવણ કરે.

ધર્મોપદેષ્ટા શ્રી ફૂલચંદજી મહારાજ

(૯)

શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી સાહિત્યરત્ન દ્વારા સંપાદિત કલ્પસૂત્ર જોયું. સંપાદકે તેમની સુંદર શૈલીનો સદુપયોગ કરતાં તે ઉપયોગી ગ્રંથનું આધુનિક શૈલીથી જે સંપાદન કરેલ છે, તે પ્રશંસનીય અને સ્તુત્ય છે. આગમ જેવા ગંભીર વિષય ઉપર વ્યાખ્યા કરવી તે સહેલું કામ નથી. પરંતુ લેખકે તેમના ગંભીર અધ્યયનના બળ ઉપર અને પોતાની બૌદ્ધિક શક્તિથી કલ્પસૂત્રને અધિકથી અધિક સુગમ અને સુબોધ્ય બનાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

પુસ્તકના પ્રારંભમાં જે ભૂમિકા આપેલ છે તે પણ મનન કરવા યોગ્ય છે. અન્ય વિદ્વાન લેખકોને માટે આ ગ્રંથનું તુલનાત્મક ટિપ્પણ ઉપયોગી સિદ્ધ થશે. નિઃસંદેહ કેવળ સાધુ-સાધ્વીઓને માટે જ નહિ, પણ પ્રત્યેક સ્વાધ્યાયપ્રેમીને માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી સિદ્ધ થશે.

લેખક મુનિ અનેક વિષયો ઉપર અનેક ગ્રંથોની રચના કરી ચૂકેલ છે. સ્થાનકવાસી સમાજના તે એક ઉદીયમાન લેખક છે અને વખતોવખત તે તેમની લેખનીથી નવા નવા ગ્રંથોની સૃષ્ટિ રચતા રહે છે. કલ્પસૂત્રની વ્યાખ્યા સરળ અને સુંદર છે. સંપાદન પદ્ધતિ આધુનિક છે. છપાઈની સુંદરતા પણ આકર્ષક છે. પુસ્તકાલયોને માટે આ ગ્રંથ અવશ્યમેવ સંગ્રહણીય છે.

– શ્રી વિજયમુનિજી 'શાસ્ત્રી'
૨-૧૧-૧૯૬૯, ધાટકોપર.

(૧૦)

શ્વેતાંબર જૈન સંપ્રદાયમાં પ્રતિવર્ષ પર્યુષણ પર્વાધિરાજ ઉપર કલ્પસૂત્રનું શ્રવણ, મનન, નિદિધ્યાસન અને વાંચનની પરંપરા તે કારણે પ્રચલિત કરવામાં આવેલ છે. કે જેનાથી શ્રમણ સંસ્કૃતિ અને તેના ઉપાસકોને આચાર-વિચાર મર્યાદાઓનો સ્પષ્ટ વિવેક અને જાગરણ થઈ શકે.

એમ તો કલ્પસૂત્ર ઉપર અત્યાર સુધી સંસ્કૃત - હિંદી અને ગુજરાતીમાં કેટલીક ટીકાઓ લખાઈ ચૂકી છે. પરંતુ હિંદી ભાષામાં આવી જાતના વિવેચન અને તુલનાત્મક ટિપ્પણીઓથી સુશોભિત સંપાદનની આવશ્યકતા કેટલાંયે વર્ષોથી અનુભવાતી હતી. તેની પૂર્તિ વિદ્વાન શ્રી દેવેન્દ્રમુનિજી શાસ્ત્રી સાહિત્યરત્ને અત્યંત પરિશ્રમપૂર્વક કરેલ છે. વિદ્વાન મુનિજીએ ઠેકઠેકાણે તુલનાત્મક ટિપ્પણીઓ જૈનેતર શાસ્ત્રોનાં ઉદાહરણો અને સંગતિઓથી આ મહામૂલ્ય ગ્રંથરાજની શોભામાં ચાર ચાંદ લગાવી દીધા છે. તે જાતના અતિપરિશ્રમ પૂર્વકના સંપાદનને માટે મુનિશ્રી ધન્યવાદને યોગ્ય છે.

– મુનિ નેમિચંદજી
તા. ૧ લી જાન્યુઆરી ૧૯૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧)

दसासुयक्खंधसुयस्स तस्स, दट्ठुं दसं अट्ठमियं च नायं ।
वीरस्स कल्लाण-पणं पकिट्ठं, बिन्दुम्मि सिंधुमिव संपविट्ठं ।१।।

પરમશ્રુત દશાશ્રુતસ્કંધની આઠમી દશા જોઈને જાણી આવ્યું કે આમાં તો ભગવાનનાં પાંચે કલ્યાણક બિંદુમાં સિંધુની માફક સમાઈને રહેલાં છે.

कप्पं विणा किंचि कल्लाणमित्थं, नेवत्थि लोए त्ति विचिंतिऊणं ।
सिरिभद्दबाहू सुयपारगामी, तस्सुत्तमेयं कयवं महत्थं ।।२।।

પરંતુ શાસ્ત્રપારંગત શ્રી ભદ્રબાહુ સ્વામીએ વિચાર્યું કે આચારના પાલન વિના આ વિશ્વમાં એક પણ કલ્યાણ નિષ્પન્ન થવાનો સંભવ નથી. એથી એમણે બહુ મોટા એવા પ્રયોજનના સાધક કલ્પસૂત્રની રચના કરી.

नासी अणेगेसि पमाणमेयं, अहं पि नासं बहिरम्मि देसे ।
परंतु देविंदमुणी सपुण्णो, दूरीकरित्था विउसाण संकं ।।३।।

કલ્પસૂત્રને અનેક વિદ્વાનો બત્રીશ સૂત્રોની અન્તર્ગત માનતા નહોતા. હું પણ એ જ મતનો હતો. પરંતુ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજની સહાયતાથી શ્રી દેવેન્દ્રમુનિએ વિદ્વાનોની એ શંકા દૂર કરી દીધી.

तं कप्पसुत्तं रयणायरं व, णेगेहि देवेहि विलोडियं हि ।
सुमंथिअं किंतु देविंदएण, सम्मप्पयारेण मई मि एसा ।।४।।

આ કલ્પસૂત્રરૂપ સાગરનું અનેક વિબુધોએ (વિદ્વાનોએ) મંથન કર્યું હતું. પરંતુ દેવેન્દ્રમુનિએ ઊંડાણથી મંથન કર્યું છે એમ હું માનું છું.

पालित्तु कप्पे सुअहित्तु ऽणेगं, करित्तु कल्लाणपणं नियप्पे ।
वीराणुया होह सव्वेवि तुब्भे, अपक्खपाएण सगंथमेयं ।।५।।

હવે આપ પક્ષપાત છોડીને, આ સદ્ગ્રંથનું અનેકવાર અધ્યયન કરીને કલ્પોને (આચાર ધર્મને) પાળીને પોતાના આત્મામાં પાંચે કલ્યાણકોને આપનાવીને, મહાવીરના અનુયાયી બનો.

जिणन्तु तित्थं गुरुणो सुपुक्खरा, जिणेउ तस्सीसु देविंदसाहू ।
तहेव सुत्तंपि अन्नाणमंधं, जिणेउ भित्तूण चिरं पि कालं ।।६।।

તીર્થગુરુ પુષ્કરમુનિજી મહારાજ જયવંત વર્તો, એમના અંતેવાસી દેવેન્દ્રમુનિ મહારાજ જયવંત વર્તો અને આ કલ્પસૂત્ર અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જયવંત રહો. (કારણ કલ્પસૂત્રના) આ પ્રકારના લખાણના કાર્યમાં લેખક પોતે કર્તા રૂપે અને તેમના ગુરુ નિમિત્ત રૂપે છે એટલે આ ત્રિપુટી ચિરંજીવ રહો.

जसो त्थि लोए सुजयामराणं, नेहो तहा तुरियतारयाणं ।
अहुणा वि जीयाण सुपुक्खराणं, अविणासिओ होहिइ कप्पसुत्ते ।।७।।

પૂજ્ય શ્રી અમરસિંહજી મહારાજ અને પૂજ્યશ્રી જયમલજી મહારાજનો યશ આજે પણ મોજૂદ છે. સ્વામીજી તારાચંદજી મહારાજ અને ચૌથમલજી મહારાજનો સ્નેહ પણ મોજૂદ છે. એનું જ પ્રતિબિંબ શ્રદ્ધેય સ્વામીજી શ્રી જીતમલજી મહારાજ અને શ્રદ્ધેય શ્રી પુષ્કરમુનિજી મહારાજનો સ્નેહસંબંધ આજે પણ છે તે આ કલ્પસૂત્રની કૃતિ દ્વારા અવિનાશીભાવને પ્રાપ્ત કરો.

પં. મુનિશ્રી લાલચંદ્રજી મ.
શ્રમણલાલ કાવ્યતીર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂર્તિપૂજક જૈન સમાજના મૂર્ધન્ય વ વિદ્વાન મુનિયોના અભિપ્રાય!

(૧૨)

મેં આપ દ્વારા પ્રેષિત કલ્પસૂત્રનું અવલોકન કર્યું. સંપાદન સુંદર થયું છે. પ્રસ્તાવના અને તુલનાત્મક દૃષ્ટિથી લખેલું વિવેચન ઘણું જ સુંદર છે મને વિશ્વાસ છે જિજ્ઞાસુ પાઠકોને માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી સિદ્ધ થશે.

આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ

(૧૩)

દેવેન્દ્રમુનિ શાસ્ત્રી દ્વારા સંપાદિત કલ્પસૂત્રનું મેં ઊંડાણથી અધ્યયન કર્યું. મુનિજી વિશાળ દૃષ્ટિથી મંડિત પ્રતિભાશાળી લેખક છે. તેમની દૃષ્ટિ તીક્ષ્ણ છે. તથા લખાણ અર્થબોધવાળું છે. હું અધિકાર-પૂર્વક કહી શકું છું કે મુનિજીએ સાંપ્રદાયિક સંકુચિત દૃષ્ટિથી ઉપર ઉઠીને તેનું સંપાદન કરેલ છે. ક્યાંય પણ સાંપ્રદાયિક તત્ત્વોની ગંધ નથી. ખંડન-મંડનથી તેઓશ્રી દૂર રહ્યા છે. સત્ય તથ્યનું સમુદ્‌ઘાટન કરવું તે જ તેમનું લક્ષ્ય રહેલ છે.

પ્રસ્તુત કલ્પસૂત્રને અનેક શ્વેતાંબર મૂર્તિપૂજક આચાર્યોએ પસંદ કરેલ છે.

ડૉકટર મુનિશ્રી કાન્તિસાગર

(૧૪)

મહાગ્રન્થ મહાભારતમાં વર્ણતી ગીતા ને કાલાન્તરે વૈદિકોએ જેમ વિભકત કરી સર્વજન સુલભ બનાવી. તેમ ચૌદ પૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજીએ રચેલું અંગબાહ્ય ગણાતા દશાશ્રુતસ્કંધ નામનું આગમ, જેની ગણના છેદ સૂત્રમાં કરવામાં આવી છે તેના આઠમાં અધ્યયન રૂપે વર્તતા પજ્જોસવણ કપ્પ–પર્યુષણ કલ્પ નામના વિભાગને પૂર્વાચાર્ય ભગવંતે આજથી લગભગ પંદરસો વર્ષ આસપાસમાં વિભકત કર્યો અને એમ થવાથી તેનો લાભ ચતુર્વિધ સંઘને સુલભ બન્યો.

ઉત્તરોત્તર એ પવિત્ર અને મંગલ સૂત્રનો મહિમા એટલો વધ્યો કે એની ગણના સ્વતંત્ર આગમ રૂપે ન હોવા છતાં તેણે સ્વતંત્ર આગમ જેવું અને પાછું તે બધાયથી સર્વોત્તમ કોટિનું સ્થાન મેળવી લીધું છે.

ક્રિશ્ચિયનોમાં બાઈબલનું, પારસીઓમાં અવસ્તાનું, ઈસ્લામીઓમાં કુરાનનું, વૈદિક હિન્દુ-ઓમાં ગીતાનું, બૌદ્ધોમાં ધમ્મપદનું જેવું સ્થાન છે તેવું જ સ્થાન પરમ પૂજ્યનીય વંદનીય એવા કલ્પસૂત્રનું છે. પૂર્વાચાર્યોએ તેનો અસાધારણ મહિમા ગાયો છે. અને સર્વશ્રુતાગમ શાસ્ત્રોમાં તેને 'શિરોમણિ' તરીકે ઓળખાવ્યું છે. તેનું અસાધારણ કોટિનું સ્થાન હોવાનાં કારણે શ્વે. મૂર્તિપૂજકોના જ્ઞાન ભંડારોમાં કલ્પસૂત્ર મૂલની છેલ્લાં ૬૦૦–૭૦૦ વર્ષમાં સાચાં સોનાથી લખાયેલી, સુંદર ચિત્રો-વાળી બહુમૂલ્ય હસ્તપ્રતિઓની સંખ્યા સેંકડોની છે અને કાલી શાહીથી મોટા અક્ષરે લખાયેલી ચિત્રો સહિતની પ્રતિઓની સંખ્યા હજારોની છે.

આ સૂત્ર પ્રત્યે જૈનો કેવી શ્રદ્ધા ધરાવે છે તેની ખાત્રી અજૈન ન્યાયાધીશો પણ જાણતા હોવાથી બે જૈનો વચ્ચેનાં કેસની પતાવટ કરાવવી હોય ત્યારે સાચું બોલાવવા માટે 'કલ્પસૂત્ર' કોરટમાં મંગાવી હાથમાં રાખી સત્ય બોલવા જણાવે છે.

પ્રસ્તુત પ્રકાશન અંગે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંતરમૂલ્ય : શ્રદ્ધેય પં. શ્રી દેવેન્દ્રમુનિજીએ અતિ પરિશ્રમ ઉઠાવીને જ્ઞાતનામ સૂત્રાધ્યયનનો જે અનુવાદ કર્યો છે તે માટે તેઓ ખરેખર ધન્યવાદાર્હ છે. ભાષાની દૃષ્ટિએ, —આ સૂત્રની, ભાષા સરલ અને પ્રવાહી છે. વાંચનારને પોતાના પ્રવાહમાં તાણી જાય તેવી છે. શૈલીની દૃષ્ટિએ શૈલી રોચક છે. અને તેમાં ઠાવકાઈ પણ છે. તેથી આ અનુવાદ વાચકોને જરૂર ગમી જાય તેવો છે.

સંશોધનની દૃષ્ટિએ તેમના વિવેચનમાં મતભેદોનું સંતુલન, ઉત્સર્ગ—અપવાદોની સ્પષ્ટ સમજણ આપી છે. મનનીય, શોધ પ્રસ્તાવના એ આ ગ્રંન્થનું સુંદર પીઠું છે.

સંપાદનની દૃષ્ટિએ :—પરિશિષ્ટો, કોશ વગેરે આપવા દ્વારા પ્રકાશન શ્રેષ્ઠ બન્યું છે. હિન્દી કરતાં ગુજરાતી આવૃત્તિમાં શુદ્ધિકરણ સારું થયું છે.

બાહ્ય મૂલ્ય : મુદ્રણની દૃષ્ટિએ જોઈએ તો સાઈઝની, ખાસ કરીને ગુજરાતી ટાઈપોની અને શ્વેત કાગળોની પસંદગી સર્વોત્તમ થઈ છે. પ્રિન્ટિંગ આંખે ઊડીને વળગે તેવું છે. બહારનું બેવડું આવરણ બહુ આકર્ષક બન્યું છે. સમગ્ર પ્રકાશનમાં એમની પ્રતિભા અને ઊંડી સૂઝ દેખાઈ આવે છે. અનેકાનેક ગ્રન્થોની હાર માળા ઊભી કરનાર અથાગ પરિશ્રમી મુનિજી, તટસ્થ અને સત્યની દૃષ્ટિ રાખીને સુંદર પ્રકાશનો આપતા રહે.

પંડિતરત્ન યશો વિજયજી મહારાજ
મુંબઈ

(૧૧)

કલ્પસૂત્ર મળ્યું, જોઈને અત્યન્ત પ્રસન્નતા થઈ, બાહ્ય અને આભ્યન્તર દૃષ્ટિથી કલ્પસૂત્ર આપને માટે, આપની વિદ્વત્તાને માટે, અને આપની ગુરુ પરમ્પરાને માટે યશસ્વી સિદ્ધ થશે!

સમ્પ્રદાય મોહ રહિત આપનું લખાણ અને વાક્ય રચના સમાજને માટે જ્ઞાનવર્ધક અને અનુકરણીય છે!

મુનિ પૂર્ણાનન્દ વિજય 'કુમાર શ્રમણ'
(ન્યાય, કાવ્ય, તીર્થ)
નમિનાથ જૈન ઉપાશ્રય મુંબઈ

સ્થાનકવાસી જૈન સમાજની વિદુષી મહાસતીઓના અભિપ્રાય

(૧૬)

દેવેન્દ્રમુનિજી દ્વારા સંપાદિત કલ્પસૂત્ર દેખ્યું. સ્થાનકવાસી સમાજના એક મહાન કાર્યની પૂર્તિને માટે અસીમ આનંદ થયો. તેને માટે મુનિજી વધાઈને પાત્ર છે.

તેમની તીક્ષ્ણ દૃષ્ટિ ઘણી સંશોધક છે. આજ સુધી સ્થાનકવાસી સમાજ કલ્પસૂત્રને બત્રીસ આગમોથી બહારની ચીજ માનતો હતો. પરંતુ મુનિજીએ તે સંપૂર્ણ સિદ્ધ કરી દીધું કે, કલ્પસૂત્ર આ બત્રીસ આગમોના સિવાય વિશેષ કાંઈ નથી. અથવા બત્રીસ આગમો માહેનું જ છે. ઓછામાં ઓછા હજાર વર્ષ જૂના દશાશ્રુતસ્કંધની પ્રતિમાંથી એમ કાઢીને બતાવ્યું છે, કલ્પસૂત્ર તે દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન છે. મુનિશ્રીની પ્રસ્તુત શોધ ચમત્કારપૂર્ણ છે. તે કારણે તેમણે આપણા ઢૂંઢિયા નામને સાર્થક કરેલ છે. તેમની પ્રતિભા દિવસે બેવડી અને રાત્રિએ ચાર ગણી વધતી રહે એ જ અંતરની મનીષા છે.

— **'પરમ વિદુષી સાધ્વી ઉજ્જવલકુમારીજી'**
અહમદનગર, તા. ૧૮-૧૨-૧૯૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૭)

કલ્પસૂત્રની અનેક ટીકાઓ લખવામાં આવેલ છે. પરંતુ કલમ કળાધર દેવેન્દ્રમુનિજી શાસ્ત્રી દ્વારા લખવામાં આવેલું વિવેચન વસ્તુતઃ અનોખું છે. વિવેચનની એકેક પંકિતમાં મુનિજીનું અગાધ જ્ઞાન ઝબકે જ છે. ભાષા સરળ અને સરસ છે. તે પ્રબુદ્ધ પાઠકોને રસપૂર્વક તેમની તરફ આકર્ષિત કરી લે છે.

– 'સાધ્વી પ્રમોદસુધા'

(૧૮)

કલ્પસૂત્રના પ્રામાણિક સંસ્કરણની આવશ્યકતા દીર્ઘકાળથી અનુભવાતી હતી. દેવેન્દ્રમુનિજીએ તે જરૂરિયાત પૂરી કરી તે માટે તેઓશ્રીને હાર્દિક અભિનંદન

જૈન સિદ્ધાન્તાચાર્યા સાધ્વી કુસુમવતીજી

(૧૯)

કલ્પસૂત્રનું સંપાદન માત્ર સુંદર છે જ નહીં–અતિ સુંદર થયું છે. પ્રસ્તાવના અત્યન્ત શોધ-પ્રધાન છે. અનેક સત્ય-તથ્યોનું અનાવરણ આમાં થયું છે. આ પ્રકાશન અધિકાધિક લોકપ્રિય બને એવી શુભાશા છે.

પરમ વિદુષી મહાસતી શ્રી શીલકુંવરજી મ.

(૨૦)

દેવેન્દ્રમુનિ મારા લઘુબંધુ છે. ભાઈએ સંપાદન કરેલ કલ્પસૂત્રના સંબંધમાં હું-એક બહેન શું લખું? મારી તથા મારા પૂ. માતુશ્રી પ્રભાવતીજી મ. ની હાર્દિક કામના છે કે, આનાથી પણ વધુ સુંદર કૃતિઓ તેઓ લખે.

સાહિત્યરત્ન સાધ્વી પુષ્પવતીજી

મનીષી વિદ્વાનોના તથા પત્ર પત્રિકાઓના અભિપ્રાય

(૨૧)

મુનિશ્રી દેવેન્દ્રજી,

આપનું સંપાદિત કલ્પસૂત્ર મને મળ્યું. કલ્પસૂત્રનું આપે સુંદર સંપાદન કરેલ છે. પ્રસ્તાવના અને વિવેચન વગેરે વાંચવાથી એ સહજ રીતે જ્ઞાત થાય છે કે તેને માટે આપને અનેક ગ્રંથોનો સ્વાધ્યાય કરવો પડ્યો છે. આપના સંપાદનને દેખીને મને સંતોષ છે.

પં. બેચરદાસ જીવરાજ દોશી

(૨૨)

સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન સંત દેવેન્દ્ર મુનિજીએ કલ્પસૂત્રનું મહત્વપૂર્ણ સંપાદન કરેલ છે. અત્યાર સુધીનાં પ્રકાશિત બધાં સંસ્કરણોની અપેક્ષાએ આ સંસ્કરણ અધિક મહત્વપૂર્ણ છે. દેવેન્દ્ર મુનિજીએ સેંકડો ગ્રંથોના આધાર અને અધ્યયનથી આ સંસ્કરણને ઘણી મહેનતથી તૈયાર કરેલ છે. મૂળપાઠ, અર્થ અને વિવેચન અને તે પછીનાં સાત પરિશિષ્ટ, પ્રારંભમાં પ્રસ્તાવના અને ઉપક્રમ ઘણા મોટા શ્રમથી તૈયાર કરવામાં આવેલ છે. આશા છે કે, આ સંસ્કરણનો અધિકાધિક પ્રચાર અને ઉપયોગ થશે.

સાહિત્યવારિધિ અગરચંદજી નાહટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૩)

કલ્પસૂત્રમાં સંપાદક મહોદયે કેટલીક શોધાત્મક સામગ્રીઓનું ઉદ્‌ઘાટન કરેલ છે કે જે પોતે સ્વવિષયમાં નિશ્ચિત રીતે સ્તુત્ય છે. પ્રસ્તાવનાના અંતર્ગત ઐતિહાસિક અધ્યયનની સૂક્ષ્મ દૃષ્ટિ જણાઈ આવે છે. અને સાથે જ વિપુલ જ્ઞાન ભંડારના દસ્તાવેજ પણ પ્રાપ્ત થાય છે કે જે સંપાદકની ગંભીરતાના દ્યોતક છે. ભગવાન મહાવીરની સંપૂર્ણ જીવન સામગ્રીઓની સાથોસાથ ભગવાન પાર્શ્વનાથ, ભગવાન અરિષ્ટનેમિ, ભગવાન ઋષભદેવ વગેરેનાં સંબંધમાં ગંભીર વિચાર કરવામાં આવેલ છે. સ્થવિરાવલી અને સામાચારીના સંબંધમાં સમ્યક્ પ્રકાશ નાખવામાં આવ્યો છે. સંક્ષિપ્ત પારિભાષિક શબ્દકોષનું સંગ્રહ ઉપાદેય છે. સંક્ષેપમાં પ્રસ્તુત ગ્રન્થ શોધના ઉત્સુકો અને સાધારણ વાંચકોને માટે પણ ઉપયોગી અને સંગ્રહણીય છે. પુસ્તકની છપાઈ અને મઢાઈ ઘણી જ સુંદર છે.

'શ્રમણ' માસિક

(૨૪)

શ્રી દેવેન્દ્રમુનિ જૈન સાહિત્યાકાશના ઉદીયમાન તેજસ્વી સિતારા છે. સાહિત્યિક ચિંતન મનન અધ્યયન અને લેખનમાં એમની જેટલી ઊંડી રુચિ છે, તેવી ભાગ્યે જ કયાંય બીજે જોવામાં આવે છે. સાહિત્ય સેવા એમની સાધના બની ગઈ છે. 'કલ્પસૂત્ર' નો એમનો અનુવાદ અને સંપાદન મેં જોયું છે. 'કલ્પસૂત્ર'ની અનેક ટીકાઓ અત્યાર સુધીમાં પ્રકાશિત થઈ છે. પરંતુ મારા ખ્યાલ પ્રમાણે આટલું સર્વાંગ સંપૂર્ણ અને જનસાધારણને માટે ઉપયોગી સંસ્કરણ બીજું નથી. મુનિશ્રીએ ખૂબ પરિશ્રમ લીધો છે. અને એ પરિશ્રમ સાર્થક થયો છે. આ સફળતા માટે મારી હાર્દિક વધાઈ.

શ્રમણી વિદ્યાપીઠ, **પં. શોભાચન્દ્રજી ભારિલ્લ**
ઘાટકોપર મુંબઈ ૭૭.

(૨૫)

મંત્રી મહોદય,

કલ્પસૂત્રની આટલી સુંદર આવૃત્તિ જોઈને મને બેહદ પ્રસન્નતા થઈ છે. સ્વાધ્યાયપ્રેમી માટે આ પ્રકાશન અત્યંત ઉપયોગી છે માટે મહેરબાની કરીને ૧૦૦ નકલ વી. પી. થી મોકલી આપશો, જેથી દરેક સ્વાધ્યાયી સદસ્યોને એક એક પ્રતિ આપી શકાય. આપ લખો તો પુસ્તકોની કિંમત પહેલાં મોકલી આપશું.

ન્યાયમૂર્તિ ઈન્દ્રનાથ મોદી

(૨૬)

સ્વાધ્યાય સંઘના સભ્યોની મીટીંગમાં એવો નિર્ણય લેવાયો છે કે પર્યુષણ પર્વમાં જે સ્વાધ્યાયપ્રેમી સજ્જન પ્રવચન કરવા માટે ભારતના વિવિધ ક્ષેત્રોમાં જાય તેમને પ્રવચન કરવા માટે દેવેન્દ્રમુનિએ સંપાદિત કરેલ 'કલ્પસૂત્ર' અત્યન્ત ઉપયોગી છે. એટલા માટે 'કલ્પસૂત્ર'ની ૧૦૦ નકલ મોકલી આપશો. તેની કિંમત ડ્રાફ્ટથી મોકલીએ છીએ.

મંત્રી સ્વાધ્યાય સંઘ.
ગુલાબપુરા (રાજસ્થાન)

(૨૭)

કલ્પસૂત્ર તો સાધુસમાજ માટે છે. પહેલાનાં વખતમાં શ્રાવકો માટે એ ઉપયોગી ગ્રંથ ગણાતો નહીં. એમાં :–

(૧) ભગવાન મહાવીરના સત્તાવીસ ભવનું ટૂંકુ વર્ણન છે.

(૨) તેમના છેલ્લા ભવમાં-જન્મ, ગર્ભસંક્રમણ તથા ત્રિશલાજીને દેખાયેલ ૧૪ સ્વપ્નાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) મહાવીરના પૂર્વજોનું મળી આવતું થોડું ઐતિહાસિક વર્ણન છે.

(૪) મહાવીર અને ગૌતમથી માંડીને સતાવીસમા ગાદીપતિ દેવર્દ્ધિ ક્ષમાશ્રમણ સુધીનો ઈતિહાસ છે.

(૫) છેલ્લે સાધુ-સાધ્વી માટેનો ચોમાસાના નિયમો, કેશલોચ તથા ક્ષમાપનાને લગતી વિગત છે.

શ્રાવકોના ગુરુ માટેનો આ સારો ગ્રંથ ગણાય તેથી તેને લગતી થોડી બિના જાણી લઈએ.

આ ગ્રંથ બાવીસસો વર્ષ જૂનો ગણાય છે. મહાવીર સ્વામીના સાતમી પેઢીએ ભદ્રબાહુસ્વામી વીર સંવત ૩૦૦ તે વિક્રમ પહેલાં ૧૭૦૦ વર્ષ અથવા ઈસુ પહેલાં ૩૫૭ વર્ષે થયા. તેમનું આયુષ્ય ૭૬ વર્ષનું હતું. તેઓ "ચૌદ પૂર્વો" ના જ્ઞાની હતા.

તેમણે નવમા પૂર્વને આધારે દશ અધ્યયન વાળા "દશાશ્રુત-સ્કંધ"ની રચના કરી હતી. તે પૈકીનું આઠમું અધ્યયન તે આ "કલ્પસૂત્ર" છે.

ઈતિહાસમાં એક વખતે ગુજરાતનો સૌરાષ્ટ્રમાં સમાસ થતો હતો, અને **વળા** અથવા વલ્લભી-પુર, ધુણીધર શ્રાવકો તથા વિદ્વજ્જનોની નગરી ગણાતી હતી. વીર સંવત ૯૮૦ અને વિક્રમ સંવત ૫૧૦માં વેરાવળના પ્રખર વિદ્વાન અને તેજસ્વી સાધુ, મહાવીર સ્વામીની સત્તાવીસમી પેઢીએ દેવર્દ્ધિ ક્ષમાશ્રમણ નામે ઝળકયા-તેઓ છેલ્લા પૂર્વધર હતા.

તેમના અધ્યક્ષપણા નીચે એક વિરાટ સાધુ સંમેલન વલ્લભીપુરમાં મળ્યું તે વખતે તમામ કંઠસ્થ સૂત્રોની વાંચણી થઈ (રીવિઝન થયું) તથા બધા સૂત્રોને ગ્રંથ રૂપે લખવાનો ઠરાવ થયો. તે પૈકીનું આ "કલ્પસૂત્ર" છે.

બીજું ઈતિહાસના સંશોધન પરથી ફલિત થાય છે કે જૈનોના "કલ્પસૂત્ર" અને સંસ્કૃત વ્યાકરણ બી. સી.–ઈસુ પૂર્વે ૩૨૭ માં રચાયો છે. આ વાત ઉપરની હકીકતનું સમર્થન કરે છે.

ગર્ભસંક્રમણ અને ચૌદ સ્વપ્નાં જેવી વાતો પ્રત્યે આજના વર્ગ મતભેદ ધરાવે છે.

આ ગ્રંથસંપાદક દેવેન્દ્રમુનિજી તથા તેમના ગુરુ પુષ્કર મુનિજીનો આ પ્રયાસ તો જ સફળ થાય, જો શ્રમણ સંઘ એક સામાચારીનું પાલન કરે-કરાવે અને સંગઠન યોજે. શ્રાવક વર્ગ પણ સારા સંસ્કારી ગ્રંથોનું વાચન વધારશે તો જ સમાજ ઊંચો આવશે.

ઘાટકોપર, તા. ૩૦-૫-૭૧ **દુર્લભજી ખેતાણી**

(૨૮)

કલ્પસૂત્રનું સંપાદન ઘણી મહેનતથી કરવામાં આવ્યું છે. વિદ્વાનો અને સાધારણ પાઠકોને માટે પણ અત્યંત ઉપયોગી છે. શોધપૂર્ણ પ્રસ્તાવના અને વિવેચન ઘણું જ તલસ્પર્શી થયું છે.

હું એમના સાહિત્યની કદર કરું છું અને શુભ કામના પાઠવું છું કે આવા મહત્ત્વપૂર્ણ ગ્રંથો સમાજને તેઓ અવારનવાર અર્પણ કરે.

પ્રોફેસર હીરાલાલ રસિકદાસ કાપડિયા વરલી, મુંબઈ

(૨૯)

કલ્પસૂત્ર શ્વેતામ્બર જૈનોમાં પર્યુષણના દિવસો દરમ્યાન ખાસ વાંચવામાં આવે છે. મુખ્યત્વે તેમાં સાધુઓના આચાર અને કલ્પનું વર્ણન આવે છે. આ સૂત્ર ઉપર ઘણી ટીકાઓ થઈ છે. પરંતુ પં. મુનિશ્રી દેવેન્દ્રમુનિએ ઘણા ગ્રંથોનો અભ્યાસ કરીને તેમ જ ખૂબ જ સંશોધન કરીને આ ટીકા તૈયાર કરી છે. તેથી આ પુસ્તક પ્રમાણભૂત કહી શકાય તેવું બન્યું છે. તત્ત્વજ્ઞાનના અભ્યા-સીઓ માટે ઘણું ઉપયોગી પુરવાર થાય છે. તેવું આ પુસ્તક બન્યું છે. આવું પુસ્તક પંડિત મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુષ્કર મુનિશ્રીના માર્ગદર્શનની નીચે તૈયાર કરવા માટે ખંડિત મુનિ શ્રી દેવેન્દ્ર મુનિને ધન્યવાદ ઘટે છે.

આ પુસ્તકમાં વર્ષો સુધી ટકી શકે તેવા કાગળો વાપરવામાં આવ્યા છે. ટાઈપ પણ મોટા વાપરવામાં આવ્યા છે. સુઘડ રીતે પુસ્તક છપાયેલ છે. બાઈન્ડિંગ પણ પાકું છે. તેમ જ ઉપર પ્લાસ્ટિકનું કવર હોઈ પુસ્તક સારી રીતે સચવાય તેવું છે. આવું સુંદર પુસ્તક તૈયાર કરવા માટે શ્રી સુધર્મા જ્ઞાન મંદિરના કાર્યકર્તાઓને અભિનંદન ઘટે છે.

જૈન પ્રકાશ, મુંબઈ, દિનાંક ૧૫–૯–૭૧.

(૩૦)

કલ્પસૂત્ર શ્વેતાંબર જૈનોમાં પર્યુષણના દિવસો દરમ્યાન ખાસ વાંચવામાં આવે છે. મુખ્યત્વે તેમાં સાધુઓના આચાર અને કલ્પનું વર્ણન આવે છે. આ સૂત્ર ઉપર ઘણી ટીકાઓ પ્રગટ થઈ છે. પરંતુ આ ટીકા ઘણા ગ્રંથોના અભ્યાસને અંતે ખૂબ સંશોધનપૂર્વક તૈયાર કરવામાં આવેલી હોઈ પ્રમાણભૂત કહી શકાય તેવી છે.

વર્ષો સુધી ટકી શકે તેવા સુંદર કાગળો ઉપર, મોટા ટાઈપોમાં સ્વચ્છ અને સુઘડ રીતે છપાયેલ આ ગ્રંથ પુસ્તકાલયને શોભા આપે તેવો છે. તત્ત્વના અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થાય તેવો આ ગ્રંથ લાગત કિંમત કરતાં અડધી કિંમતે આપવામાં આવી રહ્યો હોઈ વિદ્યાવ્યાસંગને ઉત્તેજન મળે તેમ છે.

પરિશિષ્ટો ખૂબ જ માહિતીસભર હોઈ અભ્યાસ કરનારને કોઈ જાતની મુશ્કેલી પડે તેમ નથી. વળી તેના ઉપરથી ટીકા રચનારના અભ્યાસ અને જ્ઞાનનો ખ્યાલ આવી જાય છે,

ખરેખર સુંદર અને સ્તુત્ય પ્રયાસ શ્રી દેવેન્દ્રમુનિએ કર્યો છે.

મુંબઈ સમાચાર, (જય જિનેન્દ્ર) ૮–૯–૧૯૭૧.

(૩૧)

પર્યુષણમાં જીવનના ઉત્થાનની મંગલમય પ્રેરણા પ્રાપ્ત કરવા કલ્પસૂત્રના વાંચન અને શ્રાવણની પરંપરા ચાલી આવે છે. આ કલ્પસૂત્ર મૂળ ભાષામાં તથા સરળ ગુજરાતી અનુવાદ સાથે સર્વોત્તમ ગણી શકાય એવા સ્વરૂપમાં ગુજરાતી ભાષામાં પહેલી જ વાર પ્રગટ થયેલ છે. પુસ્તકમાં વિશિષ્ટ ધ્યાન ખેંચે એવી શ્રી દેવેન્દ્ર મુનિએ રચેલ પ્રસ્તાવના છે. જૈન મુનિઓમાં જે અનેક વિદ્વાનો છે એમાં પણ શ્રી દેવેન્દ્ર મુનિને મહાવિદ્વાનની કક્ષામાં જ મુકવા ઘટે. એમણે પ્રસ્તાવનામાં આ કલ્પસૂત્રની પ્રાચીન પ્રતોની વિદ્વત્તાભરી ચર્ચા કરી કેટલીક પ્રચલિત પણ અવાસ્તવિક માન્યતાઓનું ખંડન કર્યું છે. કલ્પસૂત્ર પર રચાયેલી ટીકાઓના વિવેચનાત્મક પરિચય આપ્યો છે. વર્ણવ્યવસ્થા જડ બની ન હતી ત્યારે અધ્યાત્મજ્ઞાન તમામ કોમોમાં પ્રચલિત હતું. આમાંય ક્ષત્રિયો પણ મોટા મોટા અધ્યાત્મવાદી થઈ ગયા છે. પરન્તુ એટલા પરથી એમ માનવું કે બ્રાહ્મણ પરંપરામાં હિંસાનું પ્રાધાન્ય હતું અને ક્ષત્રિય પરંપરામાં અહિંસાનું એ સત્યની એકપક્ષી રજૂઆત છે. હિન્દુ ધર્મ વિશાળ હોઈ, એમાં માંસાહારી મનુષ્યોને પણ સ્થાન હતું અને રાક્ષસી વૃત્તિવાળા માનવીઓ હિંસાત્મક યજ્ઞો કરતા હતા પણ તેથી બ્રાહ્મણો હિંસાપ્રિય થઈ ગયા હતા એમ લખવું યોગ્ય નથી. જૈન ધર્મ અત્યંત પ્રાચીન છે અને એમાં અહિંસાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે જે માનવવિકાસનું સર્વોચ્ચ ધ્યેય છે. મહાવીરપ્રભુનું જીવન પોતે જ અહિંસક જીવનનું સર્વોત્તમ ઉદાહરણ છે.

કલ્પસૂત્રના લેખકે જે શૈલી અપનાવી છે તે લોકભોગ્ય છતાં કવિત્વમય છે. એમાં ભગવાન મહાવીરચરિત્ર, ભગવાન મહાવીરની પૂર્વ પરંપરા સ્થાવરાવલિ તથા સામાચારી એમ વિભાગો છે. પુસ્તક જૈનોને ખૂબ જ ઉપયોગી તો છે જ પણ જૈનેતરોને માટે પણ વિચારોનો એક મૂલ્યવાન ખજાનો તથા જગતના એક સહુથી મહાન માનવદેહધારી ભગવાન મહાવીરનું પ્રેરક જીવન રજૂ કરી જાય છે.

મુંબઈ સમાચાર સાપ્તાહિક ૩૧–૧૦–૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરોવચન

સાહિત્ય અને સંસ્કૃતિનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. આ બન્ને એકબીજા ઉપર આધાર રાખનારા છે. એકના અભાવમાં બીજું પ્રગતિ કરી શકતું નથી કે ન તો બીજાના અભાવમાં પહેલું વિકાસ કરી શકે છે. જે સમાજની જે જાતની સંસ્કૃતિ હશે તે સમાજનું સાહિત્ય પણ તેને અનુરૂપ હશે. જો આપણે સમાજનું સ્પષ્ટ પ્રતિબિંબ સાહિત્યમાં મેળવીએ છીએ તો તે સાહિત્યમાં તે સમાજની સંસ્કૃતિ પણ સ્પષ્ટ રૂપથી ઝળકે છે.

જે સમાજની સંસ્કૃતિ જેટલી મહાન હશે તે સમાજનું સાહિત્ય પણ તેટલું જ ઉન્નત અને વિશુદ્ધ હશે. જે રીતે સાહિત્ય અને સમાજનો સંબંધ અનિવાર્ય છે તેવી જ રીતે સંસ્કૃતિ અને સાહિત્યનો સંબંધ પણ પરસ્પર રહેલ છે.

જૈન સંસ્કૃતિ ભારતની એક મહાન સંસ્કૃતિ છે, તેનું સાહિત્ય પણ તેટલું જ વિશાળ અને શ્રેષ્ઠ છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, રાજસ્થાની, હિન્દી, અને કન્નડ વગેરે ભાષાઓમાં જૈનાચાર્યોએ જે વિરાટ સાહિત્યનું સર્જન કરેલ છે તેને દેખીને પાશ્ચાત્ય વિચારક પણ ચકિત થાય છે. એવો કોઈ પણ વિષય નથી કે, જેના ઉપર જૈનાચાર્યોએ અધિકારથી લખેલું ન હોય.

કલ્પસૂત્ર જૈન સંસ્કૃતિના જ્યોતિર્ધર નક્ષત્ર આચાર્ય ભદ્રબાહુ સ્વામીની એક મહત્ત્વપૂર્ણ કૃતિ છે. આ કૃતિ એટલી હદ સુધી લોકપ્રિય સિદ્ધ થઈ કે, તેના ઉપર તે પછીના આચાર્યોએ સૌથી અધિક ટીકાઓ લખી છે.

વર્તમાન યુગ, શોધપ્રધાન યુગ છે. આ યુગમાં પ્રત્યેક વસ્તુ ઉપર થિસીસ ગ્રંથ લખવામાં આવી રહેલ છે. દેવેન્દ્ર મુનિજીએ યુગને અનુકૂળ કલ્પસૂત્ર ઉપર શોધપ્રધાન શૈલીથી મહત્ત્વપૂર્ણ વિવેચન લખ્યું કે જે શ્રી અમર જૈન આગમ શોધ સંસ્થાન, ગઢ સિવાના (રાજસ્થાન)થી હિન્દીમાં પ્રકાશિત થયું. ગ્રંથની લોકપ્રિયતા એટલી અધિક થઈ કે, સંપ્રદાયવાદને ભૂલીને બધાએ તેને હૃદયથી અપનાવ્યો, બધાએ તેની મુકત કંઠે પ્રશંસા કરી, વિદ્વાનોના કેટલાક અભિપ્રાય અમે ગ્રંથમાં આપેલ છે તેથી પાઠક દેખી શકશે કે, આ ગ્રંથ વસ્તુતઃ કેટલો મહત્ત્વપૂર્ણ છે.

ગ્રંથના દિશા-નિર્દેશક છે રાજસ્થાન કેસરી પ્રસિદ્ધ વકતા પંડિત પ્રવર શ્રદ્ધેય શ્રી પુષ્કર મુનિજી મહારાજ. પુષ્કર મુનિજી મહારાજ સ્થાનકવાસી સમાજના નામાંકિત મુનિવરોમાંથી છે કે જે વરસો સુધી શ્રમણ સંઘના સાહિત્ય શિક્ષણમંત્રી અને પ્રાંતમંત્રી રહેલ છે. આગમ સાહિત્ય અને દર્શનના ગંભીર વિદ્વાન છે તથા પ્રસિદ્ધ પ્રવચનકાર છે. ઊંડામાં ઊંડા વિષયને પણ સરળ, સરસ ભાષામાં યુકિત-પ્રયુકિત અને રૂપકોના માધ્યમથી એટલો અધિક રોચક બનાવીને પ્રસ્તુત કરે છે કે, શ્રોતા આનંદથી ઝૂમી ઊઠે છે. તે તેમની પોતાની વિશેષતા છે. તેઓશ્રી વિદ્વાન છે પણ વિદ્વત્તાનો તેમને અહંકાર નથી, તેઓશ્રી ઉત્કૃષ્ટ ચારિત્રનિષ્ઠ છે, પરંતુ ચારિત્રનું તેમને ઘમંડ નથી. તેઓ સરળ છે, મધુરભાષી છે તથા તે સાથે સિદ્ધાંતવાદી પણ છે.

ગ્રંથના સંપાદક અને વિવેચનકાર શ્રી દેવેન્દ્રમુનિજી શાસ્ત્રી તેમના જ સુયોગ્ય શિષ્ય છે. સાહિત્ય, લેખન તેમને અધિક પ્રિય છે. જનસંપર્કથી દૂર રહીને પુસ્તકોનો સંપર્ક રાખવો તે તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિક પ્રિય છે, જેના પરિણામે થોડા જ વખતમાં એવા મહત્ત્વપૂર્ણ શોધપ્રધાન અને ચિન્તનપ્રધાન ચાર ડઝનથી પણ અધિક ગ્રંથ તેઓ લખી શકયા છે. પ્રસ્તુત કલ્પસૂત્રમાં પાઠક દેખી શકે છે કે, પ્રત્યેક વાતને સિદ્ધ કરવા માટે તેઓ પ્રમાણ આપે છે અને પ્રાચીન ગ્રંથોના પ્રમાણોના પ્રકાશમાં જ તર્ક અને યુકિતથી પ્રત્યેક વાતને સિદ્ધ કરે છે. પ્રસ્તુત ગ્રંથ ગુજરાતી ભાષામાં અમને પ્રકાશનને માટે પ્રદાન કર્યો તે માટે અમે રાજસ્થાન કેસરીજી મહારાજ અને દેવેન્દ્ર મુનિના હૃદયથી આભારી છીએ.

શ્રીયુત ધર્મપ્રેમી શ્રી જગજીવનદાસ લાલજીભાઈ દોશી બી. એ. એલ. એલ. બી, રીટાયર્ડ ડિસ્ટ્રિક અને સેશન્સ જજની નિસ્વાર્થ ભાવનાથી કરવામાં આવેલી મહત્ત્વપૂર્ણ સેવાને પણ ભૂલી શકાતી નથી. જેમણે પ્રસ્તુત ગ્રંથરાજનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ છે. અનુવાદનું કાર્ય સરળ નથી. દીર્ઘ અનુભવ વગર તે કાર્ય થઈ શકતું નથી. તે ન્યાયાધીશ સાહેબે સાહિત્યપ્રેમથી પ્રેરિત થઈને આ કાર્ય કર્યું. સાથોસાથ ગુજરાતી પ્રૂફ સંશોધન કરીને પણ અમારો ભાર હલકો કર્યો છે. તેથી અમે તેમની સેવાઓની મુકતકંઠે પ્રશંસા કરીએ છીએ.

ગ્રંથને એટલો સુંદર, ચિત્તાકર્ષક અને શીઘ્ર પ્રકાશિત કરવાનું શ્રેય સ્નેહી અને સેવામૂર્તિ શ્રી નંદલાલભાઈ એમ. દોશીને છે કે જેમના કારણે આ ગ્રંથ એટલો જલ્દી અને ઉત્તમ રીતે પ્રકાશિત થઈ શકયો છે.

આ ગ્રંથ હિંદીમાં શ્રી અમર જૈન આગમ શોધ સંસ્થાન, ગઢ સિવાના રાજસ્થાનથી પ્રકાશિત થયો હતો. તેમના અધ્યક્ષ શ્રીમાન હસ્તીમલજી ભૂતાજી જિનાણી અને મંત્રી મુલતાનમલજી રાંકાએ એમને ગુજરાતીમાં પ્રકાશિત કરવા માટે અનુમતિ પ્રદાન કરી-તેને માટે અમે તેમના આભારી છીએ.

જે દાનવીરોએ આર્થિક સહયોગ આપીને અને પહેલેથી ગ્રાહક બનીને પડતર કિંમતથી ઓછી કિંમતમાં પાઠકોને ગ્રંથ આપવા માટે અમને ઉત્સાહિત કર્યા તેથી તેમને હૃદયથી અભિનંદન આપીએ છીએ.

દ્વિતીયાવૃત્તિનું પ્રકાશન

કલ્પસૂત્રનું બીજું ગુજરાતી સંસ્કરણ પ્રકાશિત કરતાં અમે અમારી જાતને માટે અત્યંત ગૌરવ અનુભવીએ છીએ. પ્રથમ સંસ્કરણની બે હજાર પ્રતો પ્રકાશિત કરતી વખતે અમને એવો મનમાં વિચાર હતો કે પાંચ-સાત વરસમાં આ પુસ્તકો સમાપ્ત થશે પરંતુ અમારી ધારણા ખોટી સિદ્ધ થઈ, કલ્પસૂત્રની બે હજાર પ્રતો માત્ર એક અઠવાડિયામાં જ સમાપ્ત થઈ ગઈ અને તેની એટલી અતિ અધિક માગણી આવતી રહી કે અમને ઈનકાર કરવામાં ઘણી મુશ્કેલી પડી. વાંચકોની માગણી દેખીને અમે છેવટમાં એવો નિર્ણય લીધો કે તેની ફરીને ત્રણ હજાર પ્રતો છપાવવામાં આવે. જેવી જ તેના પ્રકાશનની ઘોષણા કરી તેવા જ ઉપરાઉપરી ઓર્ડર આવવા લાગ્યા, કોઈની પણ પ્રેરણા વગર અગાઉથી ગ્રાહક પોતાનાં નામ નોંધાવવા લાગ્યા. ગ્રંથ છપાઈને તૈયાર જ ન થયો ત્યાં બે હજારથી પણ અધિક પુસ્તકોનાં ગ્રાહક બની ગયાં. પાઠકોની માગણી દેખીને એમ લાગે છે કે કયાંક અમારે તેની ત્રીજી આવૃત્તિ નજીકના ભવિષ્યમાં પ્રકાશિત કરવી પડશે.

સ્થાનકવાસી અને મૂર્તિપૂજક સમાજના આગમોના મર્મજ્ઞ વિદ્વાનો અને સંતોએ અભિપ્રાય દીધેલ છે, તેમણે મુકત કંઠથી તેની પ્રશંસા કરેલી છે. દેવેન્દ્ર મુનિજીએ તે બધાં સ્થળો ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમિક દૃષ્ટિથી માનનીય વિવેચન લખીને સ્પષ્ટીકરણ કરી રાખેલ છે તેથી મિથ્યા આલોચના અને પ્રતિ-આલોચનાના ચક્કરમાં ન પડતાં આગમનના મર્મને સમજે.

બીજી આવૃત્તિના પ્રૂફ સંશોધન કાર્ય મહાન સાહિત્યકાર પંડિત શ્રી શોભાચંદ્રજી ભારિલ્લે વહન કરેલ છે તે માટે અમે તેમનાં હૃદયથી આભારી છીએ.

શ્રદ્ધેય રાજસ્થાન કેસરી પ્રસિદ્ધ વક્તા શ્રી પુષ્કર મુનિજી મહારાજનું પ્રસ્તુત ચાતુર્માસ જ્ઞાનદર્શન, ચરિત્ર અને તપની દૃષ્ટિથી અપૂર્વ રહેલ છે. કલ્પસૂત્રના પ્રકાશનથી સંઘના ગૌરવમાં પણ ચાર ચાંદ લાગ્યા છે. અમારી નમ્ર પ્રાર્થનાને સન્માન દઈને બીજી વારનાં પ્રકાશનને માટે દેવેન્દ્ર મુનિજી શાસ્ત્રીએ અનુમતિ પ્રદાન કરી તે માટે અમે મહારાજશ્રીનો હૃદયથી આભાર માનીએ છીએ.

રવિચંદ સુખલાલ શાહ, રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી,
દલીચંદ અમૃતલાલ દેસાઈ, નગીનદાસ કલ્યાણજી શાહ,
વાડીલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિન્દી આવૃત્તિનો પ્રકાશકીય – પ્રકાશ

પ્રબુદ્ધ પાઠકોના હસ્તકમળમાં સદા-અભિલષિત-સદા પ્રતીક્ષિત શ્રી કલ્પસૂત્રનો સર્વાંગ સુંદર અને મહત્ત્વપૂર્ણ શ્રદ્ધાસ્નિગ્ધ ઉપહાર અર્પણ કરતાં અમે ગૌરવનો અનુભવ કરીએ છીએ. અમારી રીતે આ એક અનુપમ અદ્‌ભુત અને અભૂતપૂર્વ ગ્રંથ છે કે જે હિન્દી સાહિત્યને નવી બક્ષિસ છે. અહીંયા તે ઉલ્લેખ કરવો અનુચિત અને અપ્રાસંગિક નહિ થશે કે હિંદીમાં જ નહિ, પણ કોઈ પણ ભાષામાં કલ્પસૂત્ર ઉપર આ જાતના સેંકડો ગ્રંથોના વિમળ પ્રકાશમાં લખવામાં આવેલું સસંદર્ભ પ્રામાણિક વિવેચન આજ સુધી પ્રકાશિત થયેલ નથી.

પ્રસ્તુત ગ્રંથમાં વિદ્વાન અને વિચારક લેખક શ્રી દેવેન્દ્રમુનિજી, શાસ્ત્રી, સાહિત્યરત્ન-કલ્પ-સૂત્ર-ના સંબંધમાં બહુ પ્રચલિત ભ્રાંતિઓ અને અજ્ઞાન મૂલક ધારણાઓનું માત્ર પરિષ્કાર તથા પરિમાર્જન જ કરેલ નહીં પરંતુ તે સત્ય-તથ્ય પ્રગટ કરેલ છે કે જે આગમ સંમત છે. ઈતિહાસ સિદ્ધ છે અને પ્રામાણિક ગ્રંથોથી પ્રમાણિત છે. તે કારણે ગ્રંથરત્ન નવી પેઢીના નવા વિચારશીલ યુવકોને માટે તથા શ્રદ્ધાશીલ વૃદ્ધોને માટે અને ભાવનાશીલ મહિલાઓને માટે પાઠ કરવા યોગ્ય અને મનનીય છે.

પ્રસ્તુત ગ્રંથના સંપાદક શ્રમણ સંઘીય ગંભીર તત્વચિંતક પ્રસિદ્ધ વક્તા, પંડિત પરમશ્રદ્ધેય શ્રી પુષ્કર મુનિજી મહારાજના સુયોગ્ય શિષ્ય શ્રી દેવેન્દ્ર મુનિજી છે. તે કુશળ લેખક, સુયોગ્ય સંપાદક અને મધુર પ્રવકતા છે. તેમના દ્વારા લખાયેલ ઋષભદેવ : એક પરિશીલન, ધર્મ અને દર્શન, સંસ્કૃતિ કે અંચલમેં, ચિંતનકી ચાંદની, સાહિત્ય અને સંસ્કૃતિ, પ્રભૃતિ ગ્રંથ અતિ અધિક લોકપ્રિય થયા છે. મુનિશ્રી દ્વારા સંપાદિત બે ડઝનથી પણ અધિક ગ્રંથ હિંદી, ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં પ્રકાશિત થઈ ચૂકયા છે. અન્ય આવશ્યક લેખન કાર્યમાં અત્યંત ડૂબેલા હોવા છતાં પણ અમારા પ્રેમભર્યા આગ્રહને માન આપીને કલ્પસૂત્રનું અત્યંત શ્રમની સાથે અમારી ભાવનાને અનુરૂપ સંપાદન કર્યું તેથી અમે ગ્રંથના દિશા નિર્દેશક શ્રી પુષ્કરમુનિજી મહારાજના અને સંપાદક દેવેન્દ્ર મુનિજીના અત્યંત અભારી છીએ.

ગ્રંથને મુદ્રણકળાની દૃષ્ટિથી અધિકાધિક શુદ્ધ અને સુંદર બનાવવામાં તથા પ્રૂફ સંશોધનમાં શ્રી ચન્દ્રજી 'સુરાણા સરસ' નો મધુર સહયોગ સંપ્રાપ્ત થયો છે તથા સંપાદન વગેરેને માટે ગ્રંથોપલબ્ધિમાં શ્રી અમર જૈન જ્ઞાન ભંડાર ખાંડપ, શ્રી જિનદત્ત સૂરિ જ્ઞાન-મંદિર ગઢ સિવાના, શ્રી તારક ગુરુ ગ્રંથાલય, પદરાડાનો સ્નેહપૂર્ણ સહકાર પ્રાપ્ત થયેલ છે. જે સદા સ્મરણીય રહેશે. સાથમાં જ અર્થ સહયોગીના ઉદાર સહયોગને વિસ્મરણ કરી શકતો નથી કે તેમના ઉદાત્ત સહયોગના કારણે જ અમે પ્રસ્તુત ગ્રંથને આ રૂપમાં પ્રકાશિત કરી શકયા છીએ.

મુલતાનમલ રાંકા

મંત્રી શ્રી અમર જૈન આગમ શોધ સંસ્થાન

ગઢ સિવાના, જિ. બાડમેર

(રાજસ્થાન)

૧૫ ઓગસ્ટ ૧૯૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પસૂત્ર વિષે બે બોલ (૩૦૦૦) પ્રત

આપણા ધાર્મિક ગ્રંથોમાં કલ્પસૂત્ર એક મહત્ત્વનો ગ્રંથ છે. આ ગ્રંથ મૂળ અર્ધમાગધી ભાષામાં છે. એ ગ્રંથ હિંદી ભાષામાં બહાર પાડવામાં આવેલ તેને ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવાનું શ્રીસંઘે નક્કી કરેલ, જે પ્રથમ આવૃતિ બહાર પડતાંની સાથે જ અઠવાડિયામાં બલાસ થઈ જવાથી અને બૂબ માંગ રહેવાથી આ બીજી આવૃતિ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. આ ગ્રંથમાં વૃદ્ધો પણ સહેલાઈથી વાંચી શકે તેટલા માટે મોટા ટાઈપથી લખાણ છાપવામાં આવેલ છે અને પુસ્તક લાંબા સમય સુધી ચાલી શકે તેટલા માટે સારો કાગળ વાપરવામાં આવેલ છે. આ ગ્રંથમાં આર્થિક સહકાર આપનાર વ્યક્તિઓની નામાવલી નીચે પ્રમાણે છે.

આર્થિક સહકાર આપનાર દાતાઓ

૧૦૦૧)	શ્રી	મનહરલાલ રતિલાલ ગોસલીયા
૧૦૦૧)	.,	પ્રવીણચંદ્ર ખેમચંદ મહેતા
૧૦૦૧)	,,	કેારસીભાઈ હીરજીભાઈ શાહ
૧૦૦૧)	,,	પ્રેમજી હીરજી ગાલા
૧૦૦૧)	,,	મણીલાલ વીરચંદ મેઘજી
૧૦૦૧)	,,	ભાનુભાઈ કેશવલાલ ભણસાળી
૧૦૦૧)	,,	રવીચંદ સુખલાલ શાહ
૧૦૦૧)	,,	ગીરધરલાલ દામોદર દફ્તરી
૧૦૦૧)	;,	ગીરધરલાલ પાનાચંદ મહેતા
૧૦૦૧)	,,	શ્રીમતી મંજુલાબેન નવીનચંદ્ર પુરૂષોતમદાસ દોશી ગોંડલવાલા
૧૦૦૧)	,,	હકમીચંદ ધારસી પંચમીયા
૧૦૦૧)	,,	મનહરલાલ ચુનીલાલ વેકરીવાલા
૧૦૦૧)	,,	જયંતિલાલ અમૃતલાલ શાહ
૧૦૦૧)	,,	ચંદુલાલ લક્ષ્મીચંદ શાહ
૧૦૦૧)	,,	રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી
૧૦૦૧)	,,	મણીલાલ શામજીભાઈ વીરાણી
૧૦૦૧)	,,	છગનલાલ શામજીભાઈ વીરાણી
૧૦૦૧)	,,	કાન્તિલાલ કેશવલાલ તલકચંદ શેઠ
૧૦૦૧)	,,	લાલદાસ જમનાદાસ શેઠ (ફીટ ટાઇટ)

૧૯૦૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


સ્વ. પૂજ્ય માતુશ્રી કડવીબાઇ શામજીભાઇ વીરાણી



જેમણે પોતાના સંતાનોમાં, લક્ષ્મી એ તો સંધ્યાના રંગ જેવી, સવારના ઝાકળના બુંદ જેવી તથા વીજળીના ચમકારા જેવી ચંચળ છે; એવા સંસ્કારોનું નાનપણથી સીંચન કર્યું. તેમના સુપુત્રોએ આંબો જેમ ફળ આવે અને નમે, તેવી રીતે લખલૂટ લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સંપત્તિનો સદ્ઉપયોગ સ્વધર્મીઓ અને જનકલ્યાણના કાર્યો માટે કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


સ્વ. છગનલાલ શામજીભાઇ વીરાણી



જેમના દાનથી જૈન તથા જૈનેત્તર સમાજની
જનકલ્યાણની તથા માનવતાની અનેકવિધ
પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શેઠશ્રી જમનાદાસ ખુશાલદાસ વોરા



કાંદાવાડી સંઘને સમૃદ્ધ બનાવવામાં પાયાના પથ્થર બનીને શરૂઆતમાં તન, મન અને ધનથી નિઃસ્વાર્થ અને નિષ્કામ ભાવે સેવા આપી. સાધુસંતોની પણ અનન્ય ભક્તિપૂર્વક વૈયાવચ્ચ કરી.

કહેવત છે કે કૂવામાં હોય તે જ બાલ્દીમાં આવે. સ્વ. જમનાદાસ શેઠના દાન, શીલ, તપ, સરળતા, સચ્ચાઇ અને સાહસિકતાના સંસ્કારો તેમના સુપુત્રો અને સમગ્ર પરિવારમાં ઉતર્યા છે. મુંબઇના શેર બજારના પ્રમુખ તરીકે શ્રી લાલદાસભાઇની પસંદગી અને "ફ્રીટ ટાઇટ" કારખાનાનું સફળ સંચાલન આદર્શ દૃષ્ટાંતો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી ચુનીલાલ નરભેરામ વેકરીવાળા



આપે આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. પૂન્યના ઉદયે સંપત્તિ અને સમૃદ્ધિ મળી છતાં પણ ભૂતકાળને ભૂલ્યા નહિ અને લક્ષ્મીનો સદ્‌ઉપયોગ સ્વધર્મીઓ અને જનતા જર્નાદન માટે "માનવ સેવા એજ ઈશ્વરની સેવા છે." એવી આદર્શ ભાવનાથી જ્ઞાતિ કે જ્ઞતીના ભેદભાવ વગર કર્યો. આપના ધર્મ-પત્ની પ્રભાકુંવર બહેને પણ આપની આવી ઉમદા ભાવનાઓમાં હંમેશા બરા અંતઃકરણ પૂર્વક સહયોગ અને સહકાર આપ્યો. આપે આપના સમસ્ત પરિવારમાં, શ્રી મનુભાઇ તથા અ. સૌ. અરૂણાબહેનમાં તપ, ત્યાગ સંયમ અને સદાચાર, સચ્ચાઇ અને પ્રમાણિકતાના સંસ્કારોનું સિંચન કર્યું અને સાથે સાથે દાનની એવી ભવ્ય ભાવનાનો વારસો આપ્યો કે દાન હંમેશા હૃદયના ઉલ્લાસ અને ઉત્કૃષ્ટ ભાવથી કોઈ પણ બદલાની, પ્રતિષ્ઠાની કે પ્રસિદ્ધિની આશા વગર આપજો. આપે વાવેલા આવા સંસ્કાર બીજમાંથી મનુભાઈએ સુંદર વૃક્ષ બનાવ્યું, આપની ભાવનાઓના પાણી પાઇને, જેની શીતળ છાયામાં સમાજના કેટલાએ કુટુંબો ઠંડક અને ટાઢક અનુભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય માતુશ્રી જીવીબહેન મેઘજી થોભણ



શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.

તેવી જ રીતે પૂજ્ય માતુશ્રી જીવીબહેને એવા વિશાળ વડલાનું સર્જન કર્યું જેને સ્વ. વીરચંદ શેઠ, ગં. સ્વરૂપ લક્ષ્મીબહેન અને તેમના સુપુત્રો અને કુટુંબીજનોએ આજસુધી દાન, તપ અને ત્યાગના સીંચનથી લીલોછમ અને પ્રફુલ્લીત રાખ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. ગુલાબચંદ તલકચંદ શેઠ



આપબળે આગળ વધ્યા અને પૂન્યના યોગે જે લક્ષ્મી મળી, તેનો સદ્ઉપયોગ, સ્ત્રીઓના ઉત્થાન અને કલ્યાણ માટે, કાન્તા વિકાસગૃહ જેવી સંસ્થાઓ ઊભી કરીને જનતા જનાર્દનના કામ માટે કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. વસંતબેન રવિચંદ્ર સુખલાલ શાહ



જન્મ તા. ૯-૨-૧૯૧૧. સ્વર્ગવાસ તા. ૧૨-૧-૧૯૭૧

વસંતઋતુ આવે ત્યારે શિયાળામાં સૂકેલા ઝાડપાન પ્રફુલ્લ અને નવપલ્લી બને, કોયલ ટહુકાર કરી વાતાવરણને ખુશનુમા બનાવી દે, માનવજાતના રોમેરોમમ આનંદની લહેરીઓ ઊભરાઈ ઊઠે, તેવી રીતે વસંતબેનનું આગમન રવિચંદ્રભાઈને ત્ય થયું અને આખાયે કુટુંબમાં તથા રવિચંદ્રભાઈના જીવનમાં તપ, ત્યાગ, સંયમ સરળતા અને સદાચારના સંસ્કારોની ખુશ્બો મહેકવા માંડી.

તેમનો દેહવિલય તા. ૧૨–૧–૭૧ના રોજ પૂજ્ય મહાસતીજી શ્રી વિનોદીની બાઈ તથા મહાસતીજી શ્રી પ્રેમકુંવરજી મહાસતીજી આદી ઠા–૧૨ની સાનિધ્યમ આહાર વહોરાવીને, સાગારી સંથારાના સવારે ૧૦ વાગ્યે પચ્ચખાણ લીધા, આલોચણ સાંભળી અને સાંજે પાંચ વાગ્યે દેહવિલય થયો. ચક્ષુદાન આપવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમતી સૂરજબેન ગીરધરલાલ દામોદર દફ્તરી



જેમણે ગીરધરભાઈના ત્યાગ, સંયમ, સેવા અને અપરિગ્રહની ભાવનાઓમાં હમેશાં સહકાર આપ્યો અને સંસારી હોવા છતાં સાધુ જેવું જીવન જીવવાની પ્રેરણા આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


સ્વ. જવલબેન પ્રાણલાલ ઇંદરજી શેઠ



જેમણે પ્રાણલાલ આપાના વૈભવ અને વિલાસી
જીવનને મોડ આપીને સેવાભાવી, સંસ્કારી તેમજ
ધર્મપરાયણ બનાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. માતુશ્રી મણિબહેન કોઠારી



આજે જે કાંઇ મારામાં છે, સેવાના ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે અને માનવતાના ક્ષેત્રે તે સર્વ આપે આપની હૈયાતી દરમ્યાન આપેલા સંસ્કારોનું જ પરિણામ છે. આપે વાવેલા બીજનું જ ફળ છે.

ચાંદ કભી છીપ નહિ જાતા હુન્નર બાદલ આને કે બાદ

જીવનના ગમે તેવા તોફાન, ઝંઝાવાત કે આપત્તીમાં ધીરજ અને હિંમતથી હું શાંત, સ્થિર અને સમભાવે રહી શકું છું અને તેમાંથી નવી શકિત અને નવી તાકાત મેળવીને જીવનસંગ્રામમાં આગળ ને આગળ વધતો રહું છું તે આપે આપેલા અમૂલ્ય વારસાને જ અને આપે ખૂબ જ ખંતથી અને હોંશથી કરેલ ચણતર, ગણતર, અને ઘડતરને જ આભારી છે. માતૃ દેવો ભવ:

લિ.

આપનો આજીવન ઋણી

રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. કીર્તિલાલ કાળીદાસ મહેતા




જન્મ તા. ૯-૧૦-૧૯૦૯
સ્વર્ગવાસ તા. ૧૭-૮-૧૯૬૯

જેમણે અમારામાં સંસ્કાર અને સદાચારનું સીંચન કર્યું, જેથી કરીને આજે અમો દાન અને તપ નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે કરી શકીએ છીએ અને શીલમાં ગમે તેવા પ્રલોભન વચ્ચે પણ સ્થિર રહી શકીએ છીએ.

લિ.
વીણા ભાનુચંદ્ર ભણસાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. દેશરીબેન કોરસીભાઈ હીરજીભાઈ શાહ



પુરૂષાર્થ પુરૂષનો અને લક્ષ્મી સ્ત્રીની એ કહેવત
પ્રમાણે દેશરીબાઈના પગલાંથી, કોરસીભાઈને
લક્ષ્મી અને સંપત્તિ મળી જેનો સદ્ઉપયોગ
સમાજ અને સહધર્મીઓના કલ્યાણ માટે
કરવાની જેમણે પ્રેરણા આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પ્રેમજી હીરજી ગાલા



ગામ : કચ્છ, કાંડાગરાવાલા.

ઉંમર વર્ષ ૫૬, જન્મ : સંવત ૧૯૭૧

હાલ રહેઠાણ : વોર્ડન રોડ, સૂર્ય એપાર્ટમેન્ટ, ૧૧મા માળે

શ્રી પ્રેમજીભાઈ ગાલાને તેમના માતા પિતા તરફથી નાનપણથી જ ખૂબ જ ધાર્મિક સંસ્કાર મળેલા છે. તેમના કુટુંબમાં ઘણા ભવ્ય જીવોએ દીક્ષાઓ પણ લીધેલ છે.

તેઓ ખૂબ જ ચારિત્રશીલ જીવન જીવી રહ્યા છે. ત્રેવીસ વર્ષથી તો જાવ જીવના ચૌવિહારના પચ્ચખાણ છે અને છેલ્લા પાંચ વર્ષ થયા આજીવન બ્રહ્મચર્યના પચ્ચખાણ છે. તેમના ધર્મપત્ની પણ ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા છે. તેઓ બન્નેના જીવનમાં અનેક તપશ્ચર્યાઓ ચાલુ જ છે. તેમના સંસ્કારો તેમના બાળકોમાં પણ છે.

છેલ્લાં પંદર વર્ષથી, લગભગ નિવૃત્તિ જેવું જીવન જીવી રહ્યા છે.
તેઓએ પંદર વર્ષ પહેલા સાકરની આજીવન બંધી કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી લક્ષ્મીચંદ ઓઘડભાઇ



બાલ્યાવસ્થામાં જ મારા માતુશ્રીનું અવસાન થતાં, મારા સંસ્કાર, સદ્વાચાર અને ચારિત્રના ઘડતરની જવાબદારી મારા પીતાશ્રી ઉપર આવી. મારા પ્રત્યેના અથાગ પ્રેમના કારણે ફરીથી લગ્ન કરવા માટે બધી અનુકુળતા હોવા છતાં, સંગાસંબધીઓનો અતિ આગ્રહ હોવા છતાં, તેમણે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી.

મારા પિતાશ્રીની આવી ભવ્ય ત્યાગની ભાવનાએ "જેમ કુમળા ઝાડ વાળીએ તેમ વળે" મારા ઉપર તપ, ત્યાગ, વૈરાગ્ય અને સદ્વાચારની ખૂબ જ ઉંડી છાપ પાડી જે આજીવન પર્યંત ટકી રહેશે મારા માતુશ્રીના અવસાન સમયે મારી ઉંમર માત્ર દશ મહિનાની હતી. મારા ભઇજી જદ્દવજી ઓઘડદ્દાસ તથા ભાભૂ મણીબહેને મને તેમના પોતાના સંતાનની માફકજ મારૂં લાલનપાલન કર્યું, જે રીતે તેમણે શાન્તીભાઇ, ચીમનભાઈ, છબીલભાઈ તથા અમૃતલાલભાઇનું કર્યું.

મારા જીવનના દરેક ક્ષેત્રમાં, દરેક કાર્યોમાં અને મારી ધર્મભાવનાઓમાં મારા ધર્મ પત્નીનો હંમેશાં અંતરનો સહયોગ અને સહકાર મળ્યો જેને પરિણામે મારા સમગ્ર પરીવારમાં પ્રસન્નતા અને પ્રફુલ્લતાની સુગંધ અને સુસંસ્કારોની સુવાસ ફેલાણી અને મારૂં આખુંએ કુટુંબ નંદનવન સમુ બની ગયું.


લિ.

આપનો જન્મોજન્મનો ઋણી

ચંદુલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી. અમૃતલાલ દીપચંદ શાહ



મારા પૂ. માતુશ્રી તથા પૂ. પિતાશ્રી તરફથી જે અણમોલ વારસો મળ્યો કે ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં અથવા મુશ્કેલીના સમયમાં હિંમત હારવી નહિ અને અખુટ સંપત્તિ પૂન્યના ઉદયથી મળે તો પણ નિરાભીમાન રહેવું અને વિનય તથા વિવેક ચુકવો નહિ. કારણ:

વહેતા જળ નિર્મળ ભલા, સાધુ વિચરતા ભલા, ધન, દોલત દેતા ભલા.

તે પ્રમાણે આજે ઈશ્વર કૃપાથી જે લક્ષ્મી મળી છે તેનો સદ્‌ઉપયોગ શક્ય તેટલો વધારે સમાજ કલ્યાણના તથા માદરે વતનના કામમાં કરી રહ્યો છું, પૂન્યાનુંબંધી પૂન્ય ઉપાર્જન કરી રહ્યો છું. મારા માતા-પિતાએ મારામાં જે ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું તેનું જ આ પરિણામ છે. મારા ધર્મ-પત્નીએ પણ મારા જીવનમાં અને મારા સમગ્ર પરિવારમાં, દાન, શીલ અને તપની ખૂશ્બોથી મહેકતી લીલી ફૂલવાડીનું સર્જન કર્યું.

માતૃ દેવો ભવ : પીતૃ દેવો ભવ : લિ.

આપનો ગુણાનુરાગી : **જયંતીલાલ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી રતિલાલ હેમચંદ ગોસલીઆ



જન્મ તા. ૧–૭–૧૮૯૫

સ્વર્ગવાસ તા. ૧૭–૮–૧૯૭૧

જેમણે શ્રી રાજકોટ જૈન તપગચ્છ સંઘના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે સને ૧૯૫૦થી ૧૯૫૫ સુધી અમૂલ્ય સેવા આપેલ છે. નિખાલસ ભાવથી મનુષ્ય સેવા તેજ તેમનો જીવન–મંત્ર હતો. તેઓશ્રીના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદનીય પૂજ્ય દેવાંબાઇ મોહનલાલ કોઠારી



અમ કુટુંબના આધારસ્તંભ બની અમારા જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો અર્પ્યો, અને ધૂપસળી સમ પરમાર્થી જીવન વ્યતીત કર્યું એવા પૂ. ફઈશ્રીને અમારા અગણિત વંદન હો.

આપના ઋણી,

કમળાબેન ચીમનલાલ મહેતા, સુશીલાબેન રસિકલાલ મહેતા, સુંદરબેન બેમચંદ મહેતા, પ્રવીણચંદ્ર બેમચંદ મહેતા, સંયુક્તા પ્રવીણચંદ્ર મહેતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રીમતી મંજુલાબહેન નવિનચંદ્ર દોશી




જન્મ : ૨૪-૧-૧૯૨૪ સ્વર્ગવાસ : ૨૩-૭-૧૯૬૫

સ્વ. મંજુલાબેન નવિનચંદ્ર દોશી સ્વભાવે હસમુખા, ધાર્મિકવૃત્તિવાળા, મિલનસાર અને નિરાભિમાની હતા. પોતાના કુટુંબમાં તથા સંબંધીઓમાં ઘણા જ લોકપ્રિય તથા માનનીય હતા. તેઓએ ઘણી સંસ્થાઓને ગુપ્તદાન કરેલ છે. અને જરૂરિયાતવાળા માણસોને આર્થિક મદદ કરતા હતા. ભૂખ્યાને અન્ન તેમજ દર્દીઓને દવા વગેરે આપતાં. તેમાં ખાસ કરીને શિક્ષણ પ્રત્યે ઘણો જ રસ હતો અને તેથી તેમના સ્વર્ગવાસ પછી તેમના પતિશ્રી નવિનચંદ્ર પુરૂષોત્તમ દોશી તરફથી તેમના નામની યાદમાં શ્રીમતી મંજુલાબેન નવિનચંદ્ર દોશી ગૃહવિજ્ઞાન વિભાગ, માટુંગામાં ચલાવવામાં આવે છે. ચોવીસ વર્ષથી અધિક સુંદર સરળ, સાદું અને સંયમી છતાં સુખી ગૃહસ્થાશ્રમ જીવન ભોગવી હૃદયની નાની બીમારીને કારણે તા. ૨૩-૭-૬૫ ના રોજ સ્વર્ગવાસી થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. હકમીચંદ ધારસી પંચમીયા



જન્મ તારીખ ૨૯–૮–૧૯૦૫
સ્વર્ગવાસ તા. ૧૫–૨–૧૯૬૮

જેમણે શાન્તાબેનના વરસીતપ નિમિત્તે બાહ્ય આડંબરને બદલે સીધી સાદી સજ્જનતા અપનાવી, ધર્મઘેલછા કરતાં વિશાળ માનવદૃષ્ટિ કેળવી, નિસ્પૃહતા અને નિખાલસતાથી પોતાની જીવન સૌરભ રેલાવીને પરિવાર અને સમાજ પ્રત્યે નિષ્ઠા-પૂર્વક સેવાભાવના પ્રદર્શિત કરી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. મોતીબાઇ પાનાચંદ



સ્વ. પૂજ્ય ગંગાસ્વરૂપ મહાન દયાળુ, મહાન
ઉપકારી, ધર્મનીષ્ઠ માતુશ્રી મોતીબાઇના સ્મરણાર્થે
ગોંડલનિવાસી ગીરધરલાલ પાનાચંદ મહેતા
(જી. પી. મહેતા) મુંબઇ–૪ તરફથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તાવના

નંદીસૂત્રમાં આગમ સાહિત્યની વિસ્તારવાળી સૂચી પ્રાપ્ત થાય છે. આગમમાં જેટલી શાખાઓ છે તેનું નિરૂપણ તેમાં કરવામાં આવેલ છે. પ્રથમ આગમ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યમાં વિભકત કરીને, ફરીને અંગબાહ્ય અને આવશ્યક વ્યતિરિકત એ બે ભાગોમાં વિભકત કરેલ છે. તેના પછી આવશ્યક વ્યતિરિકતના પણ બે ભાગ કરેલ છે, કાલિક અને ઉત્કાલિક. કાલિક શ્રુતની સૂચીમાં એક કલ્પનું નામ આવે છે કે જે વર્તમાનમાં બૃહત્કલ્પના નામથી ઓળખવામાં આવે છે અને ઉત્કાલિક શ્રુતની સૂચીમાં 'ચુલ્લકલ્પશ્રુત' અને 'મહાકલ્પશ્રુત' એવાં બે કલ્પસૂત્રોનાં નામ આવે છે. પં. ગણિ શ્રી કલ્યાણવિજયજીનું માનવું છે કે મહાકલ્પને વિચ્છેદ થયાં ને હજાર વરસથી પણ અધિક સમય થઈ ગયો છે. અને 'ચુલ્લ કલ્પશ્રુત' ને આજે પર્યુષણા કલ્પસૂત્ર કહે છે.[1] પરન્તુ લેખમાં મુનિ કલ્યાણવિજયજીએ કોઈ પ્રાચીન ગ્રન્થનો આધાર પ્રસ્તુત કરેલ નથી.

આગમ પ્રભાકર પં. મુનિશ્રી પુણ્યવિજયજીનો અભિમત છે કે'મહાકલ્પ' અને 'ચુલ્લકલ્પ' એ આગમ નંદીસૂત્રકાર દેવવાચકના સમયમાં પણ ન હતાં, તેમણે તે વખતે કેટલા યથાશ્રુત અને કેટલાંક યથાદૃષ્ટ નામોનો સંગ્રહ માત્ર કરેલ, આથી 'ચુલ્લકલ્પ સૂત્ર'ને પર્યુષણ કલ્પસૂત્ર માનવાનો મુનિશ્રી કલ્યાણવિજયજીનો અભિમત યુકિતયુકત અને આગમ સંમત નથી.[2]

સ્થાનાંગ સૂત્રમાં 'દશાશ્રુતસ્કંધનું નામ' આયારદસા (આચારદશા) આપેલ છે તેનાં દશ અધ્યયન છે. તેના આઠમા અધ્યયનમાં પર્યુષણા[3] કલ્પ છે જે-વર્તમાનમાં પર્યુષણા કલ્પસૂત્ર છે તે દશાશ્રુત સ્કંધનું જ આઠમું અધ્યયન છે.

દશાશ્રુતસ્કંધની પ્રાચીનતમ પ્રતિઓ (૧૪મી શતાબ્દીના પહેલાંની) કે જે પુણ્યવિજયજી મહારાજના સૌજન્યથી મને જોવા મળી છે તેના આઠમા અધ્યયનમાં પૂર્ણ કલ્પસૂત્ર આવે છે કે જે એમ સ્પષ્ટ પ્રમાણિત કરે છે કે કલ્પસૂત્ર કોઈ સ્વતંત્ર કે કલ્પિત રચના નથી પરન્તુ દશાશ્રુતસ્કંધનું જ આઠમું અધ્યયન છે.

બીજી વાત દશાશ્રુતસ્કંધ ઉપર કે જે ભદ્રબાહુની નિર્યુકિત છે, જેનો સમય વિક્રમની છઠ્ઠી સદી છે. તેમાં અને તે નિર્યુકિતના આધારથી બનાવેલ ચૂર્ણિમાં, દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં કે જે વર્તમાનમાં પર્યુષણા કલ્પસૂત્ર પ્રચલિત છે, તેનાં પદોની વ્યાખ્યા મળે છે. મુનિ શ્રી પુણ્યવિજયજીનો અભિમત છે કે દશાશ્રુતસ્કંધની ચૂર્ણિ લગભગ સોળસો વર્ષ જૂની છે.[4]

---

૧. પ્રબંધપારિજાત, મુનિ કલ્યાણવિજયજી પૃ. ૧૮૩

૨. લેખક કે નામ લિખે પત્ર કા સંક્ષિપ્ત સારાંશ, પત્ર સં. ૨૦૨૪ વૈશાખ શુદિ ૫ શુક્રવાર અહમદાવાદ મેં।

૩. आचारदसाणं दस अज्झयणा पण्णत्ता। तं जहा–वीसं असमाहिठाणा, एगवीसं सबला, तेतीसं आसायणाता, अट्ठविहा गणिसंपया, दस चित्तसमाहिठाणा, एगारस उवासगपडिमातो, बारस भिक्खुपडिमातो, पज्जोसवणकप्पो, तीसं मोहणिज्जठाणा, आजाइट्ठाणं।

૪. કલ્પસૂત્ર, પ્રસ્તાવના પૃ. ૮ —સ્થાનાઙ્ગ ૧૦ સ્થાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન થઈ શકે છે કે આધુનિક દશાશ્રુતસ્કંધની પ્રતિઓમાં કલ્પસૂત્ર કેમ મળતું નથી? તેનો ઉત્તર એવો છે કે જ્યારથી કલ્પસૂત્રના વાંચનનો પૃથક્ પ્રારંભ થયો ત્યારથી સ્થાન ન્યૂનાર્થ તેમાં સંક્ષિપ્ત કરી દેવામાં આવ્યું હશે. જો પહેલેથી જ સંક્ષિપ્ત હોત તો નિર્યુક્તિ અને ચૂર્ણિમાં તેના પદોની વ્યાખ્યા કઈ રીતે આવી?

સ્થાનકવાસી જૈન સમાજ દશાશ્રુતસ્કંધને એક પ્રામાણિક આગમ સ્વીકારે છે ત્યારે કલ્પસૂત્ર તેનો એક વિભાગ હોવાને કારણે તેને અપ્રમાણિક માનવાનું કોઈ કારણ નથી. મૂળ કલ્પસૂત્રમાં એવો કોઈ પ્રસંગ કે ઘટના આવેલ નથી કે - સ્થાનકવાસી જૈન સમાજની પરંપરાની માન્યતાથી વિરુદ્ધ હોય. શ્રમણ ભગવાન મહાવીરના જીવન ઝાંખીનું વર્ણન આચારાંગના બીજા શ્રુતસ્કંધની સાથે મેળ ખાતું દેખાય છે. ભગવાન ઋષભદેવનું વર્ણન પણ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિથી વિરુદ્ધ નથી. અન્ય તીર્થંકરોના વર્ણન, જેવાં સૂત્ર રૂપમાં અન્ય આગમ સાહિત્યમાં વિખરાયેલાં પડયાં છે તે જ પ્રકારનાં તેમાં પણ છે. સામાચારીનું વર્ણન પણ આગમ સંમત છે. કેટલાક આપવાદિક સૂત્રો પણ એમાં આપેલ છે જેનું સ્પષ્ટીકરણ અન્ય આગમોના આધારે મેં વિવેચનમાં કર્યું છે. સ્થવિરાવલીનું નિરૂપણ પણ થોડા પરિવર્તનની સાથે નંદીસૂત્રમાં આપેલ જ છે તેથી અમારી દૃષ્ટિથી કલ્પસૂત્રને પ્રામાણિક માનવામાં બાધા નથી.

પાશ્ચાત્યવિચારકોનો એવો અભિમત છે કે કલ્પસૂત્રમાં ચૌદ સ્વપ્નોનું આલંકારિક વર્ણન પાછળથી જોડવામાં આવેલ છે અને સ્થવિરાવલી તથા સામાચારીનો થોડો અંશ પણ પાછળથી પ્રક્ષિપ્ત કરવામાં આવેલ છે. પં. પુણ્યવિજયજીનું મંતવ્ય છે કે તે વિચારકોના કથનમાં અવશ્ય કાંઈક સત્ય તથ્ય રહેલ છે કેમકે કલ્પસૂત્રની પ્રાચીનતમ પ્રતિ વિ.સં. ૧૨૪૭ ની તાડપત્રીય પ્રાપ્ત થયેલ છે. તેમાં ચૌદ સ્વપ્નોનું વર્ણન નથી અને કેટલીક પ્રાચીન પ્રતિઓમાં સ્વપ્નોનું વર્ણન આપેલ છે પણ એ તો અતિસંક્ષિપ્ત રૂપથી આપેલ છે. નિર્યુકિત, ચૂર્ણિ અને પૃથ્વીચંદ્ર ટિપ્પણ વગેરેમાં પણ સ્વપ્ન સંબંધી વર્ણનની વ્યાખ્યા નથી. પરંતુ એટલું નિશ્ચિત છે કે જે આજે કલ્પસૂત્રમાં સ્વપ્ન સંબંધી આલંકારિક વર્ણન છે તે એક હજાર વરસથી પણ ઓછું પ્રાચીન નથી. તે કોનું છે તે અન્વેષણીય છે." [૫]

કલ્પસૂત્રની નિર્યુકિત, ચૂર્ણિ વગેરેથી એમ સિદ્ધ થાય છે કે ઈંદ્ર આગમન, ગર્ભસંક્રમણ, વ્યાયામશાળા, જન્મ, પ્રીતિદાન, દીક્ષા, કેવળજ્ઞાન, વર્ષાવાસ, નિર્વાણ, અંતકૃતભૂમિ વગેરેનું વર્ણન તેના નિર્માણના સમયે કલ્પસૂત્રમાં હતું અને એ પણ સ્પષ્ટ છે કે જિન ચરિતાવલીની સાથે તે વખતે સ્થવિરાવલી અને સામાચારી વિભાગ પણ હતો.[૬]

અહીં એ યાદ રાખવું જોઈએ કે સ્થવિરાવલીમાં જે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સુધીનાં નામ આપેલ છે તે શ્રુતકેવળી ભદ્રબાહુ દ્વારા વર્ણિત નથી પરંતુ આગમ વાંચન વખતે તેમાં સંકલિત કરવામાં આવ્યાં છે.

---

૫. કલ્પસૂત્ર—પ્રસ્તાવના –પૃ. ૯ का सारांश

૬. पुरिमचरिमाण कप्पो, मंगल्लं वद्धमाणतित्थम्मि ।
इह परिकहिया जिण-गणहराइथेरावलि चरित्तं ।

—कल्पसूत्र निर्युक्ति गा. ६२

पुरिमचरिमाण य तित्थगराणं एस मग्गो चेव जहा वासावासं पज्जोसवेयव्वं पडतु वा वासं मा वा मज्झिमगाणं पुण भयितं । अवि य वद्धमाणतित्थम्मि मंगलणिमित्तं जिणगणहर (राईथेरा) वलिया सव्वेसिं च जिणाणं समोसरणाणि परिकहिज्जंति ।

—कल्पसूत्र चूर्णि पृ. १०१, पुण्यविजयजी सम्पादित

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિશ્રી પુણ્યવિજયજીના અભિમતાનુસાર સામાચારી વિભાગમાં 'अंतरा वि से कप्पई नो से कप्पई तं रयणिं उवायणावित्तए' એ પાઠ સંભવિત રીતે આચાર્ય કાલકના પછી બનાવવામાં આવેલ છે.

સંક્ષેપમાં સાર એ છે કે શ્રુતકેવળી ભદ્રબાહુ રચિત કલ્પસૂત્રમાં અન્ય આગમોની માફક થોડોક અંશ પ્રક્ષિપ્ત થયો છે. પ્રક્ષિપ્ત અંશ દેખીને શ્રી બેબરે જ એવી ધારણા બનાવી કે કલ્પસૂત્રનો મુખ્ય ભાગ દેવર્દ્ધિગણી દ્વારા રચિત છે[૭] અને મુનિ અમરવિજયજીના શિષ્ય ચતુરવિજયજીએ બીજા ભદ્રબાહુની રચના માની છે.[૮] તે કથન પ્રામાણિક નથી.

આજ અનેકાનેક પ્રમાણોથી એમ સિદ્ધ થઈ ચૂક્યું છે કે કલ્પસૂત્ર શ્રુત કેવળી ભદ્રબાહુની રચના છે. જ્યારે દશાશ્રુતસ્કંધ ભદ્રબાહુનિર્મિત છે ત્યારે કલ્પસૂત્ર તેનો એક વિભાગ હોવાના કારણે તે ભદ્રબાહુનું નિર્મિત છે કે નિર્યૂઢ છે.[૯] ગણધર પાસેથી નિકળેલું છે.

અહિંયા એ પણ યાદ રાખવું જોઈએ કે શ્રુતકેવળી ભદ્રબાહુએ દશાશ્રુતસ્કંધ વગેરે જે આગમ લખેલ છે તે કલ્પનાની દોડ નથી. પરંતુ તેમણે દશાશ્રુતસ્કંધ, નિશીથ, વ્યવહાર અને બૃહત્કલ્પ[૧૦] એ બધાં આગમ નવ પૂર્વનાં, પ્રત્યાખ્યાન વિભાગથી તૈયાર કરેલ છે.[૧૧] પૂર્વ ગણધરકૃત છે ત્યારે તે આગમ પણ નિર્યૂઢ હોવાના કારણે એક દૃષ્ટિથી ગણધરકૃત જ છે.

દશાશ્રુતસ્કંધ છેદ સૂત્રમાં હોવા છતાં પણ, પ્રાયશ્ચિત્ત સૂત્ર નથી. પરંતુ આચાર સૂત્ર છે તેના કારણે આચાર્યોએ તેને ચરણ કરણાનુયોગના વિભાગમાં લીધેલ છે.[૧૨] છેદ સૂત્રોમાં દશાશ્રુત-સ્કંધને મુખ્ય સ્થાન આપેલ છે.[૧૩] જ્યારે દશાશ્રુતસ્કંધ છેદ સૂત્રોમાં મુખ્ય છે ત્યારે તે તેમનો વિભાગ હોવાથી કલ્પસૂત્રની મુખ્યતા સ્વત: સિદ્ધ છે. દશાશ્રુતસ્કંધનો ઉલ્લેખ મૂળસૂત્ર ઉત્તરાધ્યયનના એકત્રીસમા અધ્યયનમાં પણ થએલ છે.

નિર્યુક્તિ – ચૂર્ણિ

કલ્પસૂત્રની સૌથી પ્રાચીન વ્યાખ્યા નિર્યુક્તિ અને ચૂર્ણિ છે. નિર્યુક્તિ ગાથારૂપ છે અને ચૂર્ણિ ગદ્ય રૂપ છે. બન્નેની ભાષા પ્રાકૃત છે. નિર્યુક્તિના રચયિતા બીજા ભદ્રબાહુ છે. ચૂર્ણિના રચયિતાના સંબંધમાં હજી સુધી કોઈ નિર્ણય થઈ શક્યો નથી.

---

૭. ઇણ્ડિયન એણ્ટીક્વેરી જિ. ૨૧ પ. ૨૧૨–૨૧૩

૮. મંત્રાધિરાજ-ચિન્તામણિ—જૈન સ્તોત્ર સંદોહ, પ્રસ્તાવના પૃ. ૧૨–૧૩, પ્રકાશક-સારાભાઈ મણિલાલ નવાબ, અહમદાબાદ સન્ ૧૯૩૬ ।

૯. (ક) वंदामि भद्दबाहुं, पाइणं चरिमसयलसुयणाणिं
सुत्तस्स कारगमिसिं, दसासुकप्पे य ववहारे । –दशाश्रुतस्कंध निर्युक्ति गा. १
(ख) तेण भगवया आयारपकप्प दसाकप्प ववहारा य नवमपुव्वनीसंदभूता निज्जूढा ।
—पंचकल्पभाष्य गाथा २३ चूर्णि

૧૦. कतरं सुत्तं ? दसाउकप्पो ववहारो य । कत्तरात्तो उद्धृतं ? उच्यते—पच्चक्खाणपुव्वाओ ।
–दशाश्रुतस्कंध चूर्णि पत्र २

૧૧. इहं चरणकरणाणुओगेण अधिकारो । —दशाश्रुतस्कंध, चूर्णि पत्र २

૧૨. इमं पुणच्छेयसुत्तपभुत्तपमुहभूतं । —दशाश्रुतस्कंध, चूर्णि, पत्र २

૧૩. पणवीसभावणाहिं, उद्देसेसु दशाइणं ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छई मण्डले । —उत्तराध्ययन अ. ३१ गा. १७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પાંતર્વાચ્ય.

નિર્યુક્તિ અને ચૂર્ણિપછી કલ્પાંતર્વાચ્ય પ્રાપ્ત થાય છે તે વ્યાખ્યાગ્રન્થ નથી પરંતુ વકતા કલ્પ સૂત્રનું વાંચન કરતી વખતે પ્રવચનને રસપ્રદ બનાવવા માટે અન્યાન્ય ગ્રંથોથી જે નોટ્સ લેતા હતા. તેને જ કલ્પાંતર્વાચ્યની સંજ્ઞા આપવામાં આવેલ છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે જેટલાં કલ્પાંતર્વાચ્ય છે તે બધાં એકની જ પ્રતિલિપિઓ નથી પરંતુ વિવિધ લેખકોએ પોત-પોતાની દૃષ્ટિથી તેને તૈયાર કરેલ છે. કેટલાક લેખક તપાગચ્છીય, કેટલાક ખરતરગચ્છીય અને કેટલાક અંચલ ગચ્છીય રહેલ છે. કેમકે, સાંપ્રદાયિક માન્યતાઓના વર્ણનથી એ સ્પષ્ટ થઈ જાય છે. એક કલ્પાંતર્વાચ્યને શ્રી. સાગરાનંદ સૂરિએ 'કલ્પ સમર્થન' ના નામથી પ્રસિદ્ધ કરેલ છે.

ટીકાઓ

જૈનાચાર્યોએ સંસ્કૃત વાઙ્મયની અતિ અધિક અભિવૃદ્ધિ દેખીને આગમો ઉપર પણ સંસ્કૃત ભાષાઓમાં ટીકાઓ લખી, કલ્પસૂત્રની ટીકાઓમાં નિર્યુક્તિ અને ચૂર્ણિના પ્રયોગની સાથે જ પોતાના તરફથી લેખકોએ તેમાં ઘણા નવા સંદર્ભ મેળવેલ છે.

સંદેહ વિષૌષધિ કલ્પપંજીકા - આ ટીકાના રચયિતા 'જિનપ્રભુસૂરિ' છે. બૃહટ્ટિપ્પણિકાના અભિમતાનુસાર ટીકાનો રચનાકાળ સંવત ૧૩૬૪ છે. શ્લોક પરિમાણ ૨૫૦૦ ની લગભગ છે. ભાષા પ્રૌઢ છે.[૧૪] તેમણે ભગવાન મહાવીરના ૫૮ કલ્યાણકોની ચર્ચા પણ કરેલ છે.

કલ્પકિરણાવલી - આ ટીકાના નિર્માતા તપાગચ્છીય ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી છે. વિક્રમ સંવત ૧૬૨૮ માં તેનું નિર્માણ થયેલ છે. શ્લોક પરિમાણ ૪૮૧૪ છે. આ ટીકાની પરિસમાપ્તિ રાંધનપુરમાં થઈ છે. ઈતિવૃત્ત સંબંધી અનેક ભૂલો ટીકામાં દૃષ્ટિગોચર થાય છે. આના ઉપર સંદેહ વિષૌષધી ટીકાનો સ્પષ્ટ પ્રભાવ પણ પરિલક્ષિત થાય છે.

પ્રદીપિકા વૃત્તિ - તેના ટીકાકાર પન્યાસ સંઘવિજય છે. ટીકાનું પરિમાર્જન ઉપાધ્યાય ધનવિજયજીએ ૧૬૮૧માં કરેલું, શ્લોક પરિમાણ ૩૨૧૦ છે. ટીકાની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા છે કે લેખક ખંડનની પ્રવૃત્તિથી અલગ રહેલ છે. પૂર્વ ટીકાઓની માફક આ ટીકામાં પણ કેટલાંક સ્થળો ઉપર ત્રુટિઓ અવશ્ય થયેલ છે.

કલ્પદીપિકા - આ ટીકાના લેખક પં. પંન્યાસ જયવિજયજી છે અને સંશોધન કર્તા છે ભાવ વિજયગણી. સં. ૧૬૭૭ ના કારતક સુદ ૭ ના રોજ આ ટીકા સમાપ્ત થઈ છે. લેખકે પ્રશસ્તિમાં પોતાના ગુરૂનું નામ ઉપાધ્યાય વિમળહર્ષ આપેલ છે. શ્લોક પરિમાણ ૩૪૨૨ છે. ભાષા પ્રાંજલ છે. પોતાના મંતવ્યો વિરૂદ્ધ વિષયોનું ખંડન પણ કરેલ છે, પરંતુ મધુરતા, શિષ્ટતા અને તર્કની સાથે કે જેથી પાઠક અકળાતા નથી.

કલ્પપ્રદીપિકા - આ ટીકાના રચયિતા સંઘવિજય છે. વિક્રમ સં. ૧૬૭૬ માં આ ટીકા સમાપ્ત થઈ છે.

કલ્પસુબોધિકા - આ ટીકાના લેખક ઉપાધ્યાય વિનયવિજયજી છે. વિક્રમ સંવત ૧૭૧૬ માં આ ટીકા, નિર્મિત કરવામાં આવેલ છે. પૂર્વની બધી ટીકાઓથી પ્રસ્તુત ટીકા વિસ્તૃત છે. ભાષાની સરળતાથી અને વિષયની સુબોધતાના કારણે આ અન્ય ટીકાઓથી અધિક લોકપ્રિય થઈ છે. કલ્પકિરણાવલી

---

૧૪ : प्रबन्ध पारिजात, मुनि कल्याणविजय प. ૧૫૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કલ્પ દીપિકા ટીકાઓનું ખંડન પણ અહીંતહીં કરવામાં આવેલ છે. પ્રશસ્તિથી સ્પષ્ટ છે કે ટીકાનું સંશોધન ઉપાધ્યાય ભાવવિજયજીએ કરેલ છે.

કલ્પકૌમુદી - આ ટીકાના લેખક ઉપાધ્યાય શાંતિસાગરજી છે. વિક્રમ સંવત ૧૭૦૭માં. તેમણે આ ટીકા પાટણમાં લખી. શ્લોક સંખ્યા ૩૭૦૭. ઉપાધ્યાય વિનયવિજયજીની કડવી આલોચના કરવામાં આવી છે. ઉપાધ્યાયજીએ સુબોધિકા ટીકામાં જે કલ્પ કિરણાવલી ટીકાનું ખંડન કર્યું તેનો પ્રત્યુત્તર તેમાં દીધેલ છે.

કલ્પવ્યાખ્યાન પદ્ધતિ - તેના સંકલનકાર વાચક શ્રી હર્ષસાર શિષ્યશ્રી શિવવિધાન ગણી છે. તેમાં પૂર્ણ કલ્પસૂત્રનો અભાવ છે મુનિ શ્રી કલ્યાણવિજયજીના અભિમતાનુસાર એની રચના ૧૭મી શતાબ્દીમાં થયેલી હોવી જોઈએ.

કલ્પદ્રુમ કલિકા - આ ટીકાના રચયિતા ખરતરગચ્છીય ઉપાધ્યાય લક્ષ્મીવલ્લભ છે. ટીકામાં કયાંય પણ રચના કાળનો નિર્દેશ કરવામાં આવેલ નથી. ભગવાન પાર્શ્વનાથનાં જીવની સર્પયુગલની ઘટના તથા ભગવાનના મુખારવિંદથી મહામંત્ર સંભળાવવાની ઘટનાઓ[૧૫] શ્વેતાંબર આચાર્યોના ચરિત્ર ગ્રંથોના અનુસાર છે.

કલ્પલતા - આ ટીકાના રચયિતા સમય સુંદર ગણિ છે. વિક્રમ સંવત ૧૬૮૫ની આસપાસ તેમણે આ રચના કરેલ છે. વૃત્તનું ગ્રંથમાન ૭૭૦૦ શ્લોક પ્રમાણ છે. હર્ષનંદને આ ટીકાનું સંશોધન કરેલ છે.

કલ્પસૂત્ર ટિપ્પણક - તેના રચયિતા આ. પૃથ્વીચંદ્ર સૂરિ છે. શ્રી પુણ્યવિજયજીના અભિમતાનુસાર તે ચૌદમી શતાબ્દીમાં હોવા જોઈએ. શ્લોક પરિમાણ ૬૮૫ છે.

કલ્પપ્રદીપ : આ ટીકાના રચયિતા સંઘવિજય ગણિ છે.

કલ્પસૂત્રાર્થ પ્રબોધની - આ ટીકાના રચયિતા અભિધાન રાજેન્દ્ર કોષના સંપાદક શ્રી. રાજેન્દ્ર-સૂરિ છે. ટીકા સારા પ્રમાણમાં વિસ્તૃત છે.

આ ટીકાઓ સિવાય કલ્પસૂત્રવૃત્તિ - ઉદયસાગર, કલ્પદુર્ગપદ - નિર્યુક્તિ, પર્યુષણ પર્વ વિચાર, કલ્પમંજરી, સહજકીર્તિ કલ્પસૂત્રજ્ઞાન દીપિકા - જ્ઞાનવિજય અવચુર્ણિ, અવચૂરિ, ટબ્બા, વગેરે અનેક ટીકાઓ ઉપલબ્ધ થાય છે. લોકાગચ્છના યતિયોના દ્વારા નિર્મિત કલ્પસૂત્ર પર બે ત્રણ ઢબ્બાઓ પણ મળે છે. ડૉકટર હર્મન જેકોબીએ કલ્પસૂત્રનો અંગ્રેજીમાં અનુવાદ પ્રકાશિત કર્યો છે અને તેના ઉપર મહત્વપૂર્ણ ભૂમિકા પણ લખેલ છે. સ્થાનકવાસી મુનિશ્રી ખ્યારચંદજી મહારાજે સંક્ષિપ્ત હિંદી અનુવાદ સહિત કલ્પસૂત્ર પ્રકાશિત કરેલ છે. સુત્તાગમેના બીજા ભાગમાં મુનિ પુપ્ફભિક્ખુજીએ પણ મૂળ કલ્પસૂત્ર છાપેલ છે. પૂજ્ય પંડિત મુનિશ્રી ઘાસીલાલજી મહારાજે પણ નવીન મૌલિક કલ્પસૂત્રનું નિર્માણ કરેલ છે. યતિ રાયચન્દજી કૃત કલ્પસૂત્રનું હિન્દી પદ્યાનુવાદ પણ પ્રકાશિત થયું છે. એ રીતે કલ્પસૂત્ર ઉપર વિશાળ વ્યાખ્યા સાહિત્ય સમયે સમયે નિર્મિત થયેલ છે કે જે તેની લોકપ્રિયતાનું જવલંત પ્રમાણ છે.

શ્રમણ ભગવાન મહાવીર

ડૉકટર વિંટરનિટ્સના અભિમતાનુસાર કલ્પસૂત્ર ત્રણ ભાગોમાં વિભકત છે. જિનચરિત્ર સ્થવિરા-વલી અને સામાચારી.

જિન ચરિત્રમાં સર્વપ્રથમ શ્રમણ ભગવાન મહાવીરની જીવન ગાથા આવે છે. ભગવાન મહા-વીરના સંક્રમણની ઘટના અતિઅધિક વિસ્તારની સાથે ચિત્રિત કરવામાં આવી છે. તે ઘટના બતાવે છે કે, શ્રમણ સંસ્કૃતિમાં તો શું પણ વૈદિક સંસ્કૃતિમાં પણ ક્ષત્રિયોને જ અધ્યાત્મ વિદ્યાના ગુરુ માન્યા છે.

---

૧૫ : ભગવાન્ પાર્શ્વ : એક સમીક્ષાત્મક અધ્યયન પૃ. ૭૬ લે. દેવેન્દ્રમુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીઘનિકાયમાં મહાત્મા બુદ્ધે કહ્યું - 'વશિષ્ઠ' - બ્રહ્મા સનત્કુમારે પણ ગાથા કહેલ છે - ગોત્ર લઈને ચાલવાવાળા જૈનોમાં ક્ષત્રિય શ્રેષ્ઠ છે. 'વિદ્યા અને આચરણથી યુકત હોય તે દેવ માનવોમાં શ્રેષ્ઠ છે.' વસિષ્ઠ! પ્રસ્તુત ગાથા સનત્કુમારે બરાબર કહેલ છે, ખોટી નહિ. સાર્થક કહેલ છે. નિરર્થક નહિ. હું પણ તેનું અનુમોદન કરું છું."[૧૬]

છાન્દોગ્યોપનિષદમાં આરુણીના પુત્ર શ્વેતકેતુ અને પ્રવાહણ ક્ષત્રિયનો મધુર સંવાદ છે. સંક્ષેપમાં સારાંશ એ છે કે શ્વેતકેતુ સભામાં જાય છે, પ્રવાહણ તેને પાંચ પ્રશ્ન પુછે છે. પરંતુ તે એક પણ પ્રશ્નનો ઉત્તર આપી શકતા નથી તથા તે પોતાના વિદ્યાગુરુ પિતાની પાસે જાય છે. અને પ્રવાહણે પુછેલા પ્રશ્નોનો ખુલાસો માંગે છે. પરંતુ તે પણ પ્રશ્નોના ઉત્તર જાણતા ન હતા. તે કારણે તે રાજાની પાસે ગયા અને તેની પાસે પોતાની જિજ્ઞાસા અભિવ્યકત કરી. ત્યારે રાજાએ કહ્યું - ગૌતમ! તમે મને કહ્યું હતું કે પૂર્વકાળમાં તમારી પહેલાં આ વિદ્યા બ્રાહ્મણોની પાસે ગયેલ નથી. તેનાથી સંપૂર્ણ લોકોમાં ક્ષત્રિયોનું જ (શિષ્યો પ્રત્યે) અનુશાસન થતું રહેલ છે.[૧૭]

તાત્પર્ય એ છે કે ક્ષત્રિયોની શ્રેષ્ઠતા, રક્ષાત્મક શકિત અને આત્મ - વિદ્યાના કારણે અતિ અધિક માનવામાં આવતી હતી.

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ રાજા પ્રવાહણે આરુણીને કહ્યું - તેના પહેલાં આ આધ્યાત્મવિદ્યા કોઈ બ્રાહ્મણની પાસે ન રહી તે હું તમને બતાવીશ[૧૮]

વિષ્ણુ પુરાણ અનુસાર પહેલાં બધા મૈથિલીના રાજા આત્મવિદ્યાને આકાર આપતા હતા.[૧૯]

બ્રાહ્મણોના બ્રહ્મત્વ ઉપર આકરો વ્યંગ કરતાં અજાતશત્રુએ ગાર્ગ્યને કહ્યું: "બ્રાહ્મણ ક્ષત્રિયના શરણમાં એવી આશાથી જાય છે કે તે મને બ્રહ્મનો ઉપદેશ કરશે. આ તો વિપરીત છે તો પણ હું તમને તેનું પાન કરાવીશ જ."[૨૦]

કૌશીતકી બ્રાહ્મણ[૨૧] શતપથ બ્રાહ્મણ[૨૨] આદિગ્રંથોમાં પણ, બ્રાહ્મણોથી ક્ષત્રિય શ્રેષ્ઠ છે. એમ પ્રતિપાદન કરવામાં આવેલ છે.

બ્રાહ્મણ પરંપરામાં હિંસાનું પ્રાધાન્ય હતું અને ક્ષત્રિય પરંપરામાં અહિંસાનું. અહિંસાપ્રેમી હોવાના કારણે ક્ષત્રિયને અતિઅધિક આદરની દૃષ્ટિથી દેખવામાં આવતા હતા. 'સંસ્કૃતિના ચાર અધ્યાય'માં રામધારીસિંહ દિનકર લખે છે, "અવતારોમાં વામન અને પરશુરામ એ બે જ છે કે જેમનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. બાકી બધા અવતાર ક્ષત્રિયોના વંશમાં થયા છે. તે આકસ્મિક ઘટના હોઈ

---

૧૬. દીઘનિકાય ૩।૪, પૃ. ૨૪૫

૧૭. યથેયં ન પ્રાક્ ત્વત્તઃ પુરા વિદ્યા બ્રાહ્મણાન્ ગચ્છતિ તસ્માદુ: સર્વેષુ લોકેષુ ક્ષત્રસ્યૈવ પ્રશાસનમભૂદિતિ તસ્યૈ હો વાચ—છાન્દોગ્યોપનિષદ્ । ૫–૩–૧–૭૦ પૃ. ૪૭૨–૪૭૬ ।

૧૮. યથેયંવિદ્યેતઃ પૂર્વ નં કશ્મિશ્ચન બ્રાહ્મણ ઉવાસ તાં ત્વહં તુભ્યં વક્ષ્યામિ ।
—વૃહદારણ્યકોપનિષદ્ ૬।૨।૮

૧૯. પ્રાયેણૈત આત્મવિદ્યાર્થયિણો ભૂપાલા ભવન્તિ । —વિષ્ણુપુરાણ ૪।૫।૩૪

૨૦. વૃહદારણ્યકોપનિષદ્ ૨।૧–૧૫

૨૧. કૌશીતકી બ્રાહ્મણ ૨૬।૫

૨૨. શતપથ બ્રાહ્મણ ૧૧ વીં કણ્ડિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે છે. પરંતુ તેનાથી એવું અનુમાન આસાનીથી નીકળી આવે છે કે યજ્ઞો વધવાના કારણે બ્રાહ્મણ એટલા હિંસાપ્રિય થઈ ગયા હતા કે સમાજ તેમના પ્રત્યે ઘૃણા કરવા લાગ્યો અને બ્રાહ્મણોનું પદ તેમણે ક્ષત્રિયોને દઈ દીધું. પ્રતિક્રિયા કેવળ બ્રાહ્મણ ધર્મ પ્રત્યે જ નહિ પરંતુ બ્રાહ્મણોના ગઢ કુરુ પંચાળપ્રત્યે પણ જાગી. અને વૈદિક સભ્યતા પછી તે સમય આવી ગયો કે જ્યારે ઈજ્જત કુરુ પંચાલની નહિ પણ મગધ અને વિદેહની થવા લાગી. કપિલવસ્તુમાં જન્મ લેતા પહેલાં તથાગત તે વખતના સ્વર્ગની દેવયોનિમાં બિરાજી રહેલ હતા. ત્યારની કથા છે કે દેવતાઓએ તેમને કહ્યું કે, "હવે આપનો અવતાર થવો જોઈએ. તેથી આપ વિચારી લ્યો કે કયા દેશ અને કયા કાળમાં જન્મગ્રહણ કરવામાં આવે." તે વખતે તેમણે વિચાર કરી કહ્યું કે-મહાબુદ્ધના અવતાર યોગ્ય તો મગધ દેશ અને ક્ષત્રિય વંશ જ હોઈ શકે છે."

"ભગવાન મહાવીર વર્ધમાન પણ પહેલા એક બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા હતા. પરંતુ ઈંદ્રે વિચાર્યું કે એવડા મોટા મહાપુરુષનો જન્મ બ્રાહ્મણ વંશમાં જ કઈ રીતે થઈ શકે! તેથી તેમણે બ્રાહ્મણીનો ગર્ભ ચોરાવીને તેને એક ક્ષત્રિયાણીની કુક્ષીમાં નાખી દીધો એવી કથાઓનો સાર નિકળે છે કે તે દિવસોમાં એવો અનુભવ કરવા લાગ્યા હતા કે અહિંસા ધર્મના મહાપ્રચારક બ્રાહ્મણ થઈ શકતા નથી તે કારણે બુદ્ધ અને મહાવીરને ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થવાની કલ્પના લોકોને ઘણી સારી લાગવા લાગી.[૨૩]

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ આવે છે કે 'ક્ષત્રિયોથી ઉત્કૃષ્ટ કોઈ નથી. રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણ નીચે બેસીને ક્ષત્રિયની ઉપાસના કરે છે. તે ક્ષત્રિયમાં જ પોતાના યશને સ્થાપિત કરે છે.[૨૪]

પ્રસ્તુત કથાની તુલના ક્રામણ ભગવાન મહાવીરના જીવનના આ પ્રસંગથી કરી શકાય છે. જ્યારે ભગવાન સમવસરણમાં સ્ફટિક સિંહાસન ઉપર બેસે છે, તેના પ્રમુખ શિષ્ય ગૌતમાદિ કે જે વર્ણથી બ્રાહ્મણ છે તેઓ નીચે બેસીને તેની ઉપાસના કરે છે. જ્ઞાનનો અલૌકિક પ્રકાશ પ્રાપ્ત કરે છે.[૨૫]

જે રીતે કલ્પસૂત્રમાં કહેલ છે-ન કદી બન્યું છે, ન બને છે, કે ન બનશે. અરિહંત ચક્રવર્તી બળદેવ અથવા વાસુદેવ અંત-પ્રાંત તુચ્છ, કૃપણ ભિક્ષુક અને બ્રાહ્મણ કુળોમાં જન્મ્યા હતા, જન્મે છે કે જન્મશે. અરિહંત ચક્રવર્તી બળદેવ, વાસુદેવ ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, હરિવંશ કુળમાં અથવા એવી જાતના ઊંચા કુળમાં જન્મ્યા હતા, જન્મે છે અને જન્મશે.[૨૬] એવી રીતે બૌદ્ધ ગ્રંથ લલિત વિસ્તરામાં પણ કહેલ છે.-બોધિસત્વ ચાંડાલ કુલ, વેણુકાકુલ, રથકાકુલ, પુક્કસકુલજેવા હીનકુલોમાં જન્મ લેતા નથી. તેઓ કાં તો બ્રાહ્મણ કુળમાં જન્મ લે છે અથવા ક્ષત્રિય કુળમાં જ્યારે લોકો બ્રાહ્મણ પ્રધાન હોય છે ત્યારે બ્રાહ્મણ કુળમાં જન્મ લે છે અને જ્યારે ક્ષત્રિય પ્રધાન હોય છે ત્યારે ક્ષત્રિય કુળમાં જન્મ લે છે.[૨૭] ઉપરોકત ચર્ચાથી આપણે એવા નિર્ણય ઉપર પહોંચીએ છીએ કે ભારતીય સંસ્કૃતિમાં ક્ષત્રિયનું મહત્ત્વ અધિક રહેલ છે. જૈન સંસ્કૃતિમાં બધા તીર્થંકર ક્ષત્રિય રહેલ છે તેઓ આત્મ-વિદ્યાના પુરસ્કર્તા અને અહિંસાના પ્રબળ પ્રચારક રહેલ છે.

---

૨૩. संस्कृति के चार अध्याय पृ. १०–९–११०
૨૪. बृहदारण्यकोपनिषद् १।४।११, पृ. २९६
૨૫. आवश्यकनिर्युक्ति ।
૨૬. कल्पसूत्र
૨૭. ललितविस्तरा पृ. २२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના જીવનની દિવ્ય અને ભવ્ય ઝાંખી, સ્વયં સૂત્રકારે પ્રસ્તુત કરેલી છે તેથી પાઠકોને અનુરોધ છે કે તેઓએ તેનું રસાસ્વાદન મૂળ ગ્રંથથી કરવું અને વિશેષ જિજ્ઞાસુ લેખકનો 'મહાવીર જીવનદર્શન ગ્રંથ' જુએ.

શ્રમણ ભગવાન મહાવીરના સંબંધમાં એવી એક ભ્રાંત ધારણા ચાલી રહેલ છે કે 'તેમણે સર્વતંત્ર સ્વતંત્ર ધર્મની સંસ્થાપના કરી હતી. તેઓ એક નવા ધર્મના પ્રવર્તક હતાં' પરંતુ તે વાત સાચી નથી, તેમણે કોઈ નવા ધર્મની સંસ્થાપના કરી નહિ પરંતુ જે પૂર્વ તીર્થંકરોની લાંબી પરંપરા ચાલી આવી રહેલ હતી તેના તે ઉન્નાયક હતા સુધારક હતા. પ્રચારક હતા અને ઉદ્ધારક હતા. આચારાંગમાં સ્વયં ભગવાને કહ્યું જ છે "જે અર્હંત થઈ ચૂકેલ છે, જે વર્તમાનમાં છે અને આગળ બનશે તે બધાનું એવું નિરૂપણ છે કે કોઈપણ જીવની હિંસા ન કરો."[૨૮]

અહીં એ યાદ રાખવું જોઈએ કે દેશ-કાળ અનુસાર તીર્થંકરની શાસનવ્યવસ્થામાં ભેદ પણ થાય છે. પરંતુ સર્વથા રીતે ભેદ હોય એવી વાત હોતી નથી. ભગવાન પાર્શ્વ અને મહાવીરની શાસન વ્યવસ્થામાં અનેક વાતોમાં ભેદ રહેલ છે. પરંતુ ભેદથી પણ અભેદ વધારે હતો.

ભગવાન્ પાર્શ્વ

ડૉક્ટર હર્મન જેકોબી ભગવાન પાર્શ્વને ઐતિહાસિક વ્યકિત માને છે.[૨૯] તેમણે-જૈનાગમોની સાથે જ બૌદ્ધત્રિપિટકોના પ્રકાશમાં એ પ્રસિદ્ધ કરેલ છે. કે ભગવાન પાર્શ્વ એક ઐતિહાસિક પુરુષ છે. તેના આ કથનનું સમર્થન અન્ય અનેક વિદ્વાનોએ પણ કરેલ છે. તે કારણે તેમની ઐતિહાસિકતા અસંદિગ્ધ છે.

ભગવાન પાર્શ્વનાથ ચોવીસ તીર્થંકરોમાંથી ત્રેવીસમાં તીર્થંકરના રૂપમાં પ્રખ્યાત છે.[૩૦] ભગવાન પાર્શ્વનો અસ્તિત્વ કાળ ઈસ્વીસન પૂર્વે દસમી શતાબ્દી છે ને ભગવાન મહાવીરની બસો પચાસ વરસ પહેલાં થયા હતા.[૩૧] તેમનો જીવનકાળ સો વરસનો હતો. દિગંબર આચાર્ય ગુણભદ્રના અભિમતાનુસાર ભગવાન પાર્શ્વના પરિનિર્વાણનાં ૨૫૦ વરસ પછી ભગવાન મહાવીરનું નિર્વાણ થયું.[૩૨] જો આ

---

૨૮. આચારાંગ ૧।૪।૧

29. That Parshva was a historical person, is now admitted by all as very probable.... —The Sacred Books of the East, Vol. XLV, Introduction p. 21.

30. As he (Vardhaman Mahavira) is referred to in the Buddhist scriptures as one of the Buddha's chief opponents his historicity is beyond doubt....Parshva was remembered as the twenty third of the twentyfour **great teachers or Tirthankaras** 'ford-makers' of the Jaina Faith.
— The Wonder that was India
(A. L Basham, B.A. Ph.D., F.R.A.S.)
Reprinted 1956, pp. 287-88.

૩૧. पासजिणाओ य होइ वीरजिणो ।
अड्ढाइज्जसएहिं गएहिं चरिमो समुप्पन्नो । —आवश्यक निर्युक्ति, मलयगिरिवृत्ति प. २४१

૩૨. पार्श्वेशतीर्थसन्ताने पंचाशद्द्विशताब्दके ।
तदभ्यन्तरवर्त्यायु–र्महावीरोऽत्र जातवान् ।। —महापुराण (उत्तरपुराण) पर्व ७४पृ.४६२
प्रका. भारतीय ज्ञानपीठ काशी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિમતનો સ્વીકાર કરવામાં આવે તો પાર્શ્વનાથનું અસ્તિત્વ ઈસ્વીસન પૂર્વે નવમી શતાબ્દીમાં ઠરે છે. જ્યોર્જ કાર્પેન્ટીઅરનું મંતવ્ય છે "પાર્શ્વ ઐતિહાસિક પુરુષ છે અને આજે જૈન ધર્મના સાચા સ્થાપન કર્તાના રૂપમાં મનાવા લાગ્યા છે. કહેવાય છે કે મહાવીરથી ૨૫૦ વરસ પહેલા તેનું નિર્વાણ થયું તે સંભવિત રીતે ઈસુથી પહેલાં નવમી શતાબ્દીમાં રહેલ હશે[૩૩] એચ. સી. રાય ચૌધરીએ લખેલ છે "જૈન તીર્થંકર પાર્શ્વનો જન્મ ઈસ્વીસન પૂર્વ ૮૭૭ અને નિર્વાણ કાળ ઈસ્વીસન પૂર્વ ૭૭૭ છે.[૩૪]

અમારી દૃષ્ટિથી ભગવાન પાર્શ્વનાથના સમયમાં જે વિદ્વાનોમાં મતભેદ દૃષ્ટિગોચર થાય છે તેનું મૂળ કારણ કોઈએ ભ. પાર્શ્વનાથનું નિર્વાણ ભ૦ મહાવીરથી ૨૫૦ વરસ પહેલાં માનેલ છે. કોઈ એ ભગવાન પાર્શ્વના જન્મના ૨૫૦ પછી મહાવીરનો જન્મ માનેલ છે અને કોઈએ ભ. પાર્શ્વનાથ પછી ૨૫૦ વરસ બાદ ભગવાન મહાવીરનું નિર્વાણ માનેલ છે.-

શ્વેતાંબર અને દિગંબર પરંપરાના ગ્રંથોના આધારથી એ પૂર્ણ સિદ્ધ છે કે ભગવાન પાર્શ્વની જન્મભૂમિ સુપ્રસિદ્ધ કાશી રાષ્ટ્રની રાજધાની વારાણસી હતી. કાશી નરેશ અશ્વસેન તેમના પિતા અને વામા તેમની માતા હતાં. પોષ વદ દસમના રોજ તેમનો જન્મ થયો.[૩૫] તેના યુગમાં તાપસ પરંપરાનું પ્રાબલ્ય હતું. અજ્ઞાન તપને જ સાચું અને ખરું તપ માનવામાં આવતું હતું. ગૃહસ્થાશ્રામમાં જ તેમણે પંચાગ્નિ તપ કરતાં કમઠને અહિંસાનો ઉપદેશ આપ્યો અને ધૂણીમાં સળગતા સાપને નમસ્કાર મહામંત્ર અનુચરથી સંભળાવી તેનો ઉદ્ધાર કર્યા.[૩૬] સંયમ ગ્રહણ કર્યા પછી ઉગ્ર સાધના કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કુરુ કૌશલ કાશી, સુમ્હ, અવંતી, પુણ્ડ્ર, માલવ, અંગ બંગ, કલિંગ, પાંચાલ, મગધ, વિદર્ભ, ભદ્ર, દશાર્ણ, સૌરાષ્ટ્ર, કર્ણાટક, કોંકણ, મેવાડ, લાટ, દ્રાવિડ, કાશ્મીર, કચ્છ, શાક, પલ્લવ, વત્સ આભીર.[૩૭] વગેરે પ્રદેશોમાં પરિભ્રમણ કરીને વિવેકમૂલક ધર્મ સાધનાનો માર્ગ બતાવ્યો. ભગવાન પાર્શ્વનાથનાં આત્મા, વ્રત વગેરે તાત્વિક વિષયોનો જનમાનસ ઉપર એટલો અધિક પ્રભાવ પડ્યો કે વૈદિક સંસ્કૃતિના ઉપાસકોએ પણ તેમને અપનાવ્યાં.[૩૮]

ડૉક્ટર વિમલાચરણ લૉના અભિમતાનુસાર- "ભગવાન પાર્શ્વનાથના ધર્મનો પ્રચાર ભારતના ઉત્તવર્તી ક્ષત્રિયોમાં હતો અને તેનું પ્રમુખ કેન્દ્ર વૈશાલી હતું.[૩૯] વજ્જિસંઘના પ્રમુખ મહારાજા

---

૩૩. કૈમ્બ્રિજ હિસ્ટ્રી આવ ઇણ્ડિયા, જિલ્દ ૧ પૃ. ૧૫૩ મેં 'દ હિસ્ટ્રી આવ જૈનાજ ।'

૩૪. પોલિટિકલ હિસ્ટ્રી ઑફ એન્સિયન્ટ ઇણ્ડિયા પૃ. ૯૭

૩૫. (ક) પાસનાહ ચરિયં—દેવભદ્રસૂરિ
(ખ) પાર્શ્વનાથ ચરિત્ર-ભાવદેવ સૂરિ

૩૬. તઓ ભગવયા ણિયયપુરિસવયણેણ દવાવિઓ સે પંચણમોક્કારો પચ્ચક્ખાણં ચ, પડિચ્છિયં તેણ ।
—ચઉપ્પન્નમહાપુરિસ ચરિયં પૃ. ૨૬૨

૩૭. સકલકીર્તિ, પાર્શ્વનાથ ચરિત્ર, ૧૫।૭૬-૮૫।૨૩।૧૭-૧૯

૩૮. રાધાકૃષ્ણન્—ઇણ્ડિયન ફિલોસફી ભાગ ૧ પૃ. ૧૪૨ 'ऐतरेय, कौशीतकी, तैत्तिरीय, छान्दोग्य और बृहदारण्यक—ये सभी उपनिषद् प्राचीनतम हैं । ये बुद्ध के पूर्व के हैं । इनका कालमान ईसा पूर्व दसवीं शताब्दी से तीसरी शताब्दी तक माना जा सकता है ।" —राधाकृष्णन्
(ख) દી પ્રિંસિપલ ઉપનિષદાજ્ પૃ. ૨૨
(ગ) પોલિટિકલ હિસ્ટ્રી ઑફ એન્સિયન્ટ ઇણ્ડિયા, પૃ. ૫૨, એચ. સી. રાય ચૌધરી
(ઘ) દી વેદાજ, પૃ. ૧૪૬–૧૪૮ એફ. મેક્સમૂલર,

૩૯. Kshatriya clause in Buddhist India, p. 82.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેટક ભગવાન પાર્શ્વના ધર્મનું પાલન કરવાવાળા હતા.[૪૦] ભગવાન મહાવીરના માતાપિતા પાર્શ્વનાથની પરંપરા માનવાવાળા શ્રમણોપાસક હતા.[૪૧]

સુપ્રસિદ્ધ બૌદ્ધ ધર્માનુયાયી અને વિદ્વાન ધર્માનંદ કૌશામ્બી કહે છે કે તથાગત બુદ્ધ તેમના પૂર્વ જીવનમાં પાર્શ્વનાથ પરંપરાનું અનુસરણ કર્યું હતું.[૪૨]

દસમી સદીના દિગંબરાચાર્ય દેવસેનના અભિમતાનુસાર મહાત્મા બુદ્ધ પ્રારંભમાં જૈન હતા. જૈનાચાર્ય પિહિતાસવે સરયુ નદી ઉપર અવસ્થિત પલાશ નામના ગામમાં પાર્શ્વના સંઘમાં તેમને દીક્ષા આપી હતી. અને જેનું નામ બુદ્ધકીર્તિ રાખ્યું.[૪૩]

શ્રીમતી રાઈસ ડેવીડ્સનના અભિમતાનુસાર બુદ્ધ સર્વ પ્રથમ ગુરુની અન્વેષણ–માં વૈશાલી પહોંચ્યા ત્યાં આચાર અને ઉદકથી તેનો સંપર્ક થયો તે પછી તેમણે જૈન ધર્મ તપવિધિનો અભ્યાસ કર્યો.

ડૉકટર રાધાકુમુદ મુકરજીનું માનવું છે કે બુદ્ધે તે યુગની પ્રચલિત બન્ને સાધનાઓનો આત્માનુભવ માટે અભ્યાસ કર્યો. આચાર અને ઉદકના નિર્દેશથી બ્રાહ્મણ માર્ગનો અને પછી જૈન માર્ગનો અને તેના પછી પોતાના સ્વતંત્ર સાધના માર્ગનો.[૪૪]

મહાત્મા બુદ્ધે જૈનધર્મની દીક્ષા ગ્રહણ કરી કે નહિ, તે પ્રશ્નને આપણે મહત્ત્વ ન પણ આપીએ તથાપિ તે સ્પષ્ટ છે કે તેના અહિંસા ધર્મના મૂળ આધાર ભ. પાર્શ્વનાથની પરંપરા છે. કેમકે જે શબ્દોનો પ્રયોગ કરેલ છે તે ભગવાન્ પાર્શ્વનાથની પરંપરાની અધિક નજીક છે, મહાત્મા બુદ્ધના મુખ્ય શિષ્ય મોદ્ગલ્યાયન પણ પહેલાં ભગવાન પાર્શ્વનાથની શિષ્ય પરંપરામાં હતાં.[૪૫] કપિલવસ્તુમાં પણ ભગવાન પાર્શ્વનાથનો ધર્મ ફેલાયેલો હતો. અંગુત્તર નિકાયની અટ્ઠકથા અનુસાર ગૌતમ બુદ્ધના કાકા 'વપ્પ' નિર્ગ્રંથ શ્રાવક હતા.[૪૬] ન્યગ્રોધારામમાં તેની સાથે બુદ્ધનો સંવાદ થયો હતો.[૪૭]

ભગવાન મહાવીરના શાસનકાળમાં અનેક પાર્શ્વ–પત્યીય શ્રાવક અને શ્રાવિકા હતાં કે જેનો

---

૪૦ वेसालिए पुरीए सिरिपासजिणेससासणसणाहो
हेहयकुलसंभूओ चेडगनामानिवो आसि ।। ——उपदेशमाला श्लोक ९२

૪૧. समणस्स णं भगवओ महावीरस्स अम्मापियरो पासावच्चिज्जा समणोवासगा वावि होत्था—— ८ ——आचारांग २, चूलिका ३, सू. ४०१

૪૨. भारतीय संस्कृति और अहिंसा, तथा 'पार्श्वनाथ चा चातुर्याम धर्म, पुस्तकें

૪૩. सिरिपासणाहतित्थे, सरयूतीरे पलासणयरत्थो ।
पिहियासवस्स सिस्सो, महासुदो बुड्ढकित्ति मुणी । ——दर्शनसार ६

૪૪. हिन्दुसभ्यता, पृ. २३९

૪૫. धर्मपरीक्षा, अध्याय १८

૪૬. अंगुत्तर निकाय की अट्टकथा, भाग २ पृ. ५५९

૪૭. एकं समयं भगवा सक्केसुं विहरति कपिलवत्थुस्मि अथ खो वप्पो सक्को निगण्ठ सावगो इ. ।।
——अंगुत्तर निकाय, चतुष्कनिपात महावर्ग,
बप्पसुत्त भाग. पृ. २१०—२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલ્લેખ આગમોમાં અને વ્યાખ્યાગ્રંથોમાં મળે છે.[૪૮] વિસ્તારભયથી અહીં તે બધાનો ઉલ્લેખ કરવામાં આવતો નથી[૪૯]

ભગવાન અરિષ્ટનેમિ

ભગવાન અરિષ્ટનેમિ બાવીસમાં તીર્થંકર હતા. આધુનિક ઈતિહાસકારોએ તેમને ઐતિહાસિક પુરુષોની પંક્તિમાં સ્થાન આપેલ નથી. પરંતુ જ્યારે તેઓ કર્મયોગી શ્રી કૃષ્ણને ઐતિહાસિક પુરુષ માને છે. ત્યારે અરિષ્ટનેમિ પણ તે યુગમાં થયેલ હતા. તેમના નિકટના પરિવારના સંબંધમાં અર્થાત્ શ્રીકૃષ્ણના પિતા વસુદેવ અને અરિષ્ટનેમિના પિતા સમુદ્રવિજય બન્ને સહોદર-સગા ભાઈ હતા, તેથી તેને ઐતિહાસિક પુરુષ માનવામાં સંકોચ ન થવો જોઈએ.

ઋગ્વેદમાં 'અરિષ્ટનેમિ' શબ્દ ચાર વખત વપરાયેલ છે. સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિ: (ઋગ્વેદ ૧/૧૪/૮૯/૬) અહીંઆ અરિષ્ટનેમિ શબ્દ ભગવાન અરિષ્ટનેમિને માટે વપરાયેલો છે.[૫૦]

છાંદોગ્યોપનિષદ્માં ભગવાન અરિષ્ટનેમિનું નામ 'ઘોર આંગિરસ ઋષિ' આપેલ છે. ઘોર આંગિરસે શ્રી કૃષ્ણને આત્મ યજ્ઞની શિક્ષા પ્રદાન કરી હતી. તેમની દક્ષિણા, તપશ્ચર્યા, દાન ઋજુભાવ, અહિંસા સત્યવચન રૂપ હતી.[૫૧] ધર્માનંદ કૌશામ્બીનું માનવું છે કે આંગિરસ ભગવાન નેમિનાથનું જ નામ હતું. [૫૨] અન્ય કેટલાક વિદ્વાનોનું આંગિરસના સંબંધમાં અન્ય મત પણ છે.

ઋગ્વેદકારે ભગવાન અરિષ્ટનેમિને 'તાર્ક્ષ્ય અરિષ્ટનેમિ પણ લખેલ છે.[૫૩]

મહાભારતમાં પણ 'તાર્ક્ષ્ય' શબ્દનો પ્રયોગ થયેલ છે. જે ભગવાન અરિષ્ટનેમિનું જ અપર નામ હોવું જોઈએ.[૫૪] તેમણે રાજા સગરને મોક્ષમાર્ગનો ઉપદેશ આપેલ છે. તે જૈન ધર્મના મોક્ષ મંતવ્યોને અતિઅધિક અનુકૂળ છે. તે વાંચતાં જ એવું માલૂમ પડે છે કે મોક્ષ સંબંધી આગમિક વર્ણન જ વાંચી રહ્યા છીએ. તેમણે કહ્યું–

"સાગર, મોક્ષનું સુખ જ વસ્તુત : સાચું સુખ છે. જે રાતદિવસ ધન-ધાન્ય ઉપાર્જનમાં વ્યસ્ત છે, પુત્ર અને પશુઓમાં જ અનુરક્ત છે તે મૂર્ખ છે. તેમને યથાર્થ જ્ઞાન થતું નથી. જેની બુદ્ધિ

---

૪૮. (ક) ભગવતી ૧।૯
(ખ) ભગવતી ૫।૯
(ગ) ઉત્તરાધ્યયન ૨૩।૨૪
(ઘ) સૂત્રકૃતાઙ્ગ ૨।૭
(ચ) આવશ્યકનિર્યુક્તિ, વૃત્તિ પત્ર ૨૭૮

૪૯. વિસ્તાર કે લિએ દેખિએ––ભગવાન્ પાર્શ્વ: એક સમીક્ષાત્મક અધ્યયન, લેખક કા ગ્રન્થ ।

૫૦. ઋગ્વેદ––
૧ । ૧૪ । ૮૯ । ૬
૧ । ૨૪ । ૧૮૦ । ૧૦
૩ । ૪ । ૫૩ । ૧૭
૧૦ । ૧૨ । ૧૭૮ । ૧

૫૧. અનઃ યત્ તપોદાનમાર્જવમહિંસાસત્યવચનમિતિતા અસ્ય દક્ષિણા
––છાન્દોગ્ય ઉપનિષદ્ ૩।૧૭।૪

૫૨. ભારતીય સંસ્કૃતિ ઔર અહિંસા, પ. ૫૭

૫૩. ત્યમૂ પુ વાજિનં દેવજૂતં સહાવાનં તરુવારં રથાનામ્ અરિષ્ટનેમિ પૃતનાજમાશું સ્વસ્તયે તાર્ક્ષ્યમિહાહૂવેમ
––ઋગ્વેદ ૧૦।૧૨।૧૭૮।૧

૫૪. એવમુક્તસ્તદા તાર્ક્ષ્યઃ સર્વશાસ્ત્રવિદાંવરઃ ।
વિબુધ્ય સંપદં ચાગ્ર્યાં સદ્વાક્યમિદમબ્રવીત્ । ––મહાભારત, શાન્તિપર્વ ૨૮૮।૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયોમાં આસકત છે. જેનું મન અશાંત છે. એવા માનવના ઉપચાર કઠિન છે. કેમકે જે રોગના બંધનમાં બંધાયેલા છે તે મૂઢ છે તથા મોક્ષ મેળવવા માટે અયોગ્ય છે.[૫૫]

યજુર્વેદમાં અરિષ્ટનેમિના ઉલ્લેખ આવે છે. "અધ્યાત્મ ધનને પ્રગટ કરવાવાળા, સંસારના ભવ્ય જીવોને બધા પ્રકારથી યથાર્થ ઉપદેશ દેવાવાળા અને જેના ઉપદેશથી જીવોનો આત્મા બળવાન બને છે તેવા સર્વજ્ઞ નેમિનાથને માટે આહુતિ સમર્પિત કરું છું."[૫૬]

પ્રભાસપુરાણમાં પણ અરિષ્ટનેમિની સ્તુતિ કરવામાં આવી છે.[૫૭] સાંપ્રદાયિક અભિનિવેશના કારણે અનેક સ્થલે સ્પષ્ટ નામનો નિર્દેશ હોવા છતાં પણ ટીકાકારોએ અર્થમાં પરિવર્તન કરેલ છે તેથી આજ આવશ્યકતા છે તે તટસ્થ દૃષ્ટિથી તેનું ચિંતન કરવાની.

ભગવાન અરિષ્ટનેમિનું નામ અહિંસાની અખંડ જ્યોતિ જગાવવાના કારણે એટલું અતિ અધિક લોકપ્રિય થયું કે, મહાત્મા બુદ્ધના નામોની સૂચીમાં એક નામ અરિષ્ટનેમિ પણ છે.[૫૮]

એકવીસમા તીર્થંકર નમિ, વીસમા મુનિસુવ્રત અને ઓગણીસમા મલ્લી ભગવતીનું વર્ણન વૈદિક અને બૌદ્ધ વાઙ્મયમાં મળતું નથી.

અઢારમાં તીર્થંકર 'અર' નું વર્ણન અંગુત્તર નિકાયમાં પણ આવે છે. ત્યાં મહાત્મા બુદ્ધે તેમનાં પહેલાં જે સાત તીર્થંકર થઈ ગયા હતા તેમનું વર્ણન કરતાં કહ્યું કે તેમાંથી સાતમા તીર્થંકર 'અરક' હતા.[૫૯] અરકના સમયનું નિરૂપણ કરતાં કહ્યું કે 'અરક' તીર્થંકરનાં વખતે મનુષ્યનું આયુષ્ય ૬૦ હજાર વરસનું હતું. ૫૦૦ વરસની છોકરી વિવાહ યોગ્ય સમજવામાં આવતી હતી. તે યુગમાં માનવોને કેવળ છ જાતનાં કષ્ટ હતા (૧) શીત, (૨) ઉષ્ણ, (૩) ભૂખ, (૪) તૃષા, (૫) પેશાબ અને (૬)મલોત્સર્ગ. તે સિવાય કોઈ જાતની પીડા કે વ્યાધિ થતી નહિ છતાં પણ અરકે માનવની નશ્વરતાનો ઉપદેશ આપીને ધર્મ કરવાનો સંદેશ આપ્યો.[૬૦] તેના તે ઉપદેશની તુલના ઉત્તરાધ્યયનના દસમા અધ્યયન સાથે કરી શકાય છે.

જૈનાગમ અનુસાર ભગવાન 'અર' નું આયુષ્ય ૮૪૦૦૦ હજાર વરસનું છે. અને તેના પછી થવા વાળા તીર્થંકર મલ્લીનું આયુષ્ય ૫૫૦૦૦ વરસનું છે.[૬૧] આ દૃષ્ટિથી 'અરક'નો સમય ભગવાન

---

૫૫. મહાભારત, શાન્તિપર્વ ૨૮૮।૫,૬

૫૬. वाजस्य नु प्रसव आवभूवेमाच विश्वा भुवनानि सर्वतः । स नेमिराजा परियाति विद्वान् प्रजाः पुष्टि वर्द्धमानोऽस्मै स्वाहा । ——यजुर्वेद, अध्याय ९ मंत्र २५ पृ. ४३

૫૭. कैलाशे विमले रम्ये, वृषभोऽयं जिनेश्वरः,
चकार स्वावतारं च, सर्वज्ञः सर्वगः शिवः ।
रेवताद्रौ जिनो नेमिर्युगादिर्विमलाचले,
ऋषीणां या श्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ।।
——प्रभास पुराण

૫૮. બૌદ્ધ ધર્મ દર્શન, પૃ. ૧૬૨

૫૯. भूतपुव्वं भिक्खवे सुनेत्तोनाम सत्था अहोसि तित्थकरो कामेह वीतरागो.....मुगपक्ख..... .....अरनेमि.....कुद्दालक.....हत्थिपाल,.....ज्योतिपाल.....अरको नाम सत्था अहोसि तित्थकरो कामेसु वीतरागो । अरकस्स खो पन, भिक्खने सत्थुनो अनेकानि सावकसतानि अहेसुं ।
——अंगुत्तरनिकाय, भाग ३, पृ. २५६-२५७
सं. भिक्षु जगदीश कस्सपो, पालि प्रकाशन मण्डल, विहार राज्य

૬૦. अप्पकं जीवितं मनुस्सानं परितं लहुकं बहुदुक्खं 'बहुपायासं मन्तयं बोद्धव्वं कत्तव्वं कुसलं, चरित्तब्वं ब्रह्मचरियं, नत्थि जातस्स अमरणं ।
——अंगुत्तर निकाय, अरकसुत्त भाग ३ पृ.२५७
सं. वही; प्रकाशन वही ।

૬૧. આવશ્યક નિર્યુક્તિ ગાથા ૩૨૫–૩૨૭ ——૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અર' અને ભગવાન મલ્લીના મધ્યમાં ઠરે છે. અહીં એ પણ યાદ રાખવું જોઈએ કે 'અરક' તીર્થંકરથી પહેલાં બુદ્ધના મતમાં 'અરનેમિ' નામના એક તીર્થંકર વિશેષ થયા. બુદ્ધે બતાવેલા અરનેમિ અને જૈન તીર્થંકર 'અર' સંભવિત રીતે બન્ને એક હોય.

ભગવાન શાન્તિ

ભગવાન શાંતિનાથ સોળમા તીર્થંકર છે. તે પૂર્વ ભવમાં જ્યારે મેઘરથ હતા ત્યારે કબૂતરની રક્ષાની તે ઘટના વસુદેવ હિંડી[૬૨] ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર[૬૩] વગેરેમાં મળે છે તથા શિવિ રાજાના ઉપાખ્યાનના રૂપમાં વૈદિક ગ્રંથ મહાભારતમાં પ્રાપ્ત થાય છે. અને બૌદ્ધ વાઙ્મયમાં જીમૂતવાહનના રૂપમાં ચિત્રિત કરવામાં આવેલ છે. પ્રસ્તુત ઘટના આપણને બતાવે છે કે જૈન પરંપરા કેવળ નિવૃત્તિ-રૂપ અહિંસામાં જ નહિ પણ મરતાની રક્ષાના રૂપમા પ્રવૃત્તિ રૂપ અહિંસામાં પણ ધર્મ માને છે.

સોરેન્સને મહાભારતના વિશેષ નામોનો કોશ બનાવ્યો છે. તે કોષમાં સુપાર્શ્વ, ચંદ્ર અને સુમતિ, એ ત્રણ નામ જૈન તીર્થંકરોમાં આવે છે. મહાભારતકારે આ ત્રણેને અસુર બતાવેલ છે.[૬૪] વૈદિક માન્યતા અનુસાર જૈન ધર્મ અસુરોનો ધર્મ રહેલ છે. જો કે અસુર લોકો આર્હત ધર્મના ઉપાસક હતા એ જાતનું વર્ણન જૈન સાહિત્યમાં મળતું નથી. પરંતુ વિષ્ણુપુરાણ[૬૫] પદ્મપુરાણ[૬૬] મત્સ્યપુરાણ[૬૭] દેવીભાગવત[૬૮] અને મહાભારત વગેરેમાં અસુરોનાં અર્હંત અથવા જૈન ધર્મના અનુયાયી બતા-વેલ છે. અવતારોના નિરૂપણમાં જે રીતે ભગવાન ઋષભને વિષ્ણુના અવતાર કહેલ છે તેમજ સુપા-ર્શ્વને કુપથ નામના અસુરોનો અંશાવતાર કહેલ છે તથા સુમતિ નામના અસુરને માટે વર્ણન મળે છે કે વરુણ પ્રસાદમાં તેનું સ્થાન દૈત્યો અને દાનવોમાં હતું.[૬૯]

મહાભારતમાં વિષ્ણુ અને શિવનાં જે સહસ્ર નામ છે તે નામોની સૂચીમાં શ્રેયાંસ, અનંત, ધર્મ, શાંતિ અને સંભવ તે નામ વિષ્ણુનાં પણ આવે છે કે જે જૈન ધર્મના તીર્થંકર પણ હતા. અમારી દૃષ્ટિથી આ પ્રભાવપૂર્ણ વ્યક્તિત્વ અને કૃતિત્વના કારણે જ તેમને વૈદિક પરંપરામાં પણ વિષ્ણુના રૂપમાં અપનાવેલ છે. નામ સામ્ય સિવાય આ મહાપુરુષોનો સંબંધ અસુરોથી જોડવામાં આવેલ છે કેમકે તેઓ વેદ વિરોધી હતા. વેદ વિરોધી હોવાના કારણે તેમનો સંબંધ શ્રમણ પરંપરાથી હોવો જોઈએ, તે વાત પૂર્ણરૂપથી સિદ્ધ છે.

ભગવાન અજિત

બૌદ્ધ થેરગાથામાં એક ગાથા અજિત થેરના નામની આવે છે.[૭૦] તે ગાથાની અટ્ઠ કથામાં બતાવવામાં આવ્યું છે કે, તે અજિત ૧૯ કલ્પથી પહેલાં પ્રત્યેકબુદ્ધ થઈ ગયા છે. જૈન સાહિત્યમાં જે અજિત બીજા તીર્થંકર છે. અને સંભવિત રીતે બૌદ્ધ સાહિત્યમાં તેને જ પ્રત્યેકબુદ્ધ કહેવામાં

---

૬૨. વસુદેવ હિંડી ૨૧ લમ્ભક,
૬૩. ત્રિષષ્ટિ. શ. પુ. ૫।૪
૬૪. જૈન સાહિત્ય का वृहद् इतिहास, प्रस्तावना, पृ. २६
૬૫. વિષ્ણુપુરાણ ૩।૧૭।૧૮
૬૬. પદ્મપુરાણ સૃષ્ટિ ખણ્ડ, અધ્યાય ૧૩ શ્લો. ૧૭૦–૪૧૩
૬૭. મત્સ્યપુરાણ ૨૪।૪૩-૪૯
૬૮. દેવી ભાગવત ૪।૧૩।૫૪-૫૭
૬૯. જૈન સાહિત્ય का वृहद् इतिहास पृ. २६
૭૦. मरणे मे भयं नत्थि निकन्ति नत्थि जीविते ।
सन्देहं निक्खिपिस्सामि सम्पजानो परिस्सतो ।। –थेर गाथा १।२०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલ હોય કેમકે બન્નેની યોગ્યતા, પૌરાણિકતા અને નામ સરખાં છે. મહાભારતમાં અજિત અથવા શિવને એક સરખા ચિત્રિત કરવામાં આવેલ છે. અમારી દૃષ્ટિથી જૈન તીર્થંકર અજિત જ વૈદિક અને બૌદ્ધ પરંપરામાં પણ પૂજનીય રહેલ છે અને તેના નામનું સ્મરણ તેમની દૃષ્ટિથી તેઓએ કરેલ છે.

ભગવાન ઋષભ

શ્રમણ પરંપરાનો ઉદ્‌ગમ ભગવાન ઋષભદેવથી થયો છે. જયઘોષ બ્રાહ્મણે નિર્ગ્રંથ વિજય-ઘોષથી પૂછયું, "ધર્મનું મુખ શું છે!' વિજયઘોષે ઉત્તર આપ્યો-ધર્મનું મુખ કાશ્યપ ઋષભ છે. [૭૧]

શ્રીમદ્‌ ભાગવત અનુસાર ભગવાન ઋષભ શ્રમણ, ઋષિઓ તથા બ્રહ્મચારીઓ (ઊર્ધ્વમન્થિન :)નો ધર્મ પ્રગટ કરવા માટે શુકલ સત્વમય વિગ્રહથી પ્રગટ થયા. [૭૨]

ભગવાન ઋષભ જૈન સંસ્કૃતિની દૃષ્ટિથી પ્રથમ રાજા, પ્રથમ જિન, પ્રથમ કેવલી, પ્રથમ તીર્થંકર પ્રથમ ધર્મ ચક્રવર્તી હતા.[૭૩] શ્રીમદ્‌ ભાગવતથી પણ પ્રસ્તુત કથનનું સમર્થન મળે છે. ત્યાં બતાવવામાં આવેલ છે કે વાસુદેવનો આઠમો અવતાર નાભિ અને મરુદેવીને ત્યાં ધારણ કર્યો તે ઋષભરૂપમાં અવતરિત થયા અને તેઓએ બધાં આશ્રમો દ્વારા નમસ્કૃત માર્ગ દેખાડયો [૭૪] તે કારણે ઋષભને મોક્ષ ધર્મની વિવક્ષાથી વાસુદેવાંશ કહે છે.[૭૫]

ભગવાન ઋષભનું એક નામ બ્રહ્મા પણ રહેલ છે યાને હિરણ્યગર્ભ પણ, ઋગ્વેદ અનુસાર હિરણ્યગર્ભ ભૂત જગતના એકમાત્ર પતિ છે [૭૬] સાયણ અનુસાર તે દેહધારી છે. [૭૭] મહાભારત

---

૭૧. उत्तराध्यन २५।१४।१६

૭૨. धर्मान्‌ दर्शयितुकामो वातरशनानां श्रमणानामृषीणामूर्ध्वमन्थिनां शुक्लया तनुनावतार ।
—श्रीमद्‌भागवत ५।३।२०

૭૩. उसहे णामं अरहा कोसलिए पढमराया पढमजिणे पढमकेवली पढमतित्थकरे पढमधम्मवरचक्कवट्टी, समुप्पज्जित्थे । —जम्बूद्वीप प्रज्ञप्ति २।३०

૭૪. अष्टमे मरुदेव्यां तु नाभेर्जात उतक्रमः । दर्शयन्‌ वर्त्म धीराणां सर्वाश्रमनमस्कृतम्‌ ।
—श्रीमद्‌भागवत १।३।१३

૭૫. तमाहुर्वासुदेवांशं, मोक्षधर्मविवक्षया । —वही ११।२।१६

૭૬. हिरण्यगर्भः समवर्ततात्रे भूतस्य जातःपतिरेक आसीत्‌ ।
स सदाधारपृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ।। —ऋग्वेद १०।१०। १२।१।१

૭૭. हिरण्यगर्भः हिरण्मयस्याण्डस्य गर्भभूतः प्रजापतिर्हिरण्यगर्भः । तथाच तैत्तिरीयकं प्रजापतिर्वैहिरण्यगर्भः प्रजापतेरनुरूपाय (तै. सं. ५।५।१।२ यद्वा हिरण्मयोऽअण्डो गर्भवद्यस्योदरे वर्तते सोऽसौ सूक्ष्मात्मा हिरण्यगर्भ उच्यते । अग्रे प्रपञ्चोत्पत्तेः प्राक्‌समवर्तत मायाध्यक्षात्‌ सिसृक्षोः परमात्मनः सकाशात्‌ समजायत ।.....सर्वस्य जगतः पतिरीश्वर आसीत्‌.....
—तैत्तिरीयारण्यक, प्रपाठक १० अनुवाक्‌ ६२ सायणभाष्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર હિરણ્યગર્ભ૦ યોગના પુરાતન વિદ્વાન છે. બીજા નહિ. ૭૮ ભગવાન ઋષભને હિરણ્યગર્ભ કહેવાનું કારણ એવું છે કે તે જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે કુબેરે હિરણ્યની વૃષ્ટિ કરી તે કારણે તેને હિરણ્યગર્ભ પણ કહેવામાં આવેલ છે. ૭૯

મિ. વાલિસનું કહેવું છે કે, હિરણ્યગર્ભ શબ્દ લાક્ષણિક છે. તે વિશ્વની એક મહાન શક્તિનું સૂચન કરે છે. ૮૦

શ્રીમદ્ ભાગવતકારે ઋષભને યોગેશ્વર કહેલ છે. ૮૧ તેમને નાના યોગની ચર્યાઓનું ચરણ કીધું હતું. ૮૨ હઠયોગીઓ એ ભગવાન ઋષભને હઠયોગ વિદ્યાના ઉપદેશકના રૂપમાં નમસ્કાર કરેલ છે. ૮૩ જૈનાચાર્યોએ પણ તેમને યોગ વિદ્યાના સંસ્થાપક માનેલ છે. ૮૪ એ રીતે ભગવાન ઋષભ આદિનાથ "હિરણ્યગર્ભ' અને બ્રહ્મા વગેરેનાં અનેક નામોથી સંબોધિત કરાયેલ છે.

ઋગ્વેદમાં ભગવાન ઋષભદેવને કેશી પણ કહેવામાં આવેલ છે. ત્યાં વાતરશન મુનિના ઉલ્લેખના પ્રકરણમાં જ કેશીની સ્તુતિ આવે છે. ૮૫ કે જે ઋષભદેવનું વાચક છે.

ઋગ્વેદમાં અન્યત્ર કેશી અને ઋષભનો એક સાથે ઉલ્લેખ પણ મળે છે. ૮૬ મુદ્ગલ ઋષિની ગાયો (ઇંદ્રિયો) ચોરાઈ જઈ રહેલ હતી ત્યારે ઋષિએ સારથિ કેશી વૃષભના વચનથી તેના સ્થાને પાછી ફેરવી અર્થાત્ તે ઇંદ્રિયો ઋષભના ઉપદેશથી અંતરમુખી થઈ ગઈ.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અનુસાર ભગવાન ઋષભ જ્યારે મુનિ બન્યા ત્યારે તેમણે ચાર મુષ્ટિ કેશ લોચ કર્યો હતો. એમ તો સામાન્ય પરંપરા પાંચ મુષ્ટિ કેશ લોચ કરવાની છે. જ્યારે ભગવાન લોચ કરી રહેલ હતા, બન્ને ભાગોના કેશ લોચ કરવાનું બાકી હતું તે વખતે દેવરાજ શકેન્દ્રે ભગવાનને નમ્ર પ્રાર્થના કરી—'આટલી રમણીય કેશરાશીને રહેવા દો. ત્યારે ભગવાને ઈન્દ્રની પ્રાર્થનાનો સ્વીકાર કરીને

---

૭૮. हिरण्यगर्भो योगस्य वेत्ता नान्यः पुरातनः । ——महाभारत शान्ति पर्व ३४९।।६५

૭૯. सैषा हिरण्मयी वृष्टिः धनेशेन निपातिता, विभोर्हिरण्यगर्भत्वमिव बोधयितुं जगत् ।।
——महापुराण १२।९५

(ख) गब्भट्ठिअस्स जस्स उ हिरण्णवुड्ढी संकचणा पडिया ।
तेणं हिरण्णगब्भो जयम्मि उवगिज्जए उसभो —— —— ——पउमचरिउं ३।६८ विमलगणिरचित

૮૦. हिस्ट्री आफ प्री बुद्धिस्टिक इंडियन फिलोसफी डा. वालिस ।

૮૧. भगवान् ऋषभदेवो योगेश्वरः ——श्रीमद् भागवत् ५।४।३

૮૨. नानायोगचर्याचरणो भगवान् कैवल्यपति ऋषभः ——श्रीमद् भागवत ५।५।२५

૮૩. श्री आदिनाथाय नमोस्तु तस्मै, येनोपदिष्टा हठयोगविद्या । ——हठयोग प्रदीपिका

૮૪. योगिकल्पतरुं नौमि, देव-देवं वृषध्वजम् । ——ज्ञानार्णव १।२

૮૫. केश्यग्नि केशी विषं केशी बिभर्ति रोदशी ।
केशी विश्वं स्वर्दृशे केशीदं ज्योति रुच्यते ।। ——ऋग्वेद १०।११।१३६।१

૮૬. ककर्दवें वृषभो युक्त आसीदवावचीत्सारथिरस्य केशी ।
दुधेर्युक्तस्य द्रवतः सहानस ऋच्छन्ति ष्मा निष्पदो मुद्गलानीम् । —ऋग्वेद १०।९।१०२।६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવા જ કેશ રહેવા દીધા[૮૭] એ જ કારણ છે કે કેશ હોવાના કારણે તે કેશી અને કેશરિયાજી કહેવાયા. જે રીતે સિંહ પોતાના કેશોના કારણે કેશી કહેવાય છે તે જ રીતે ઋષભદેવને પણ કેશી, કેશરિયાજી વગેરે નામોથી બોલાવાય છે.

ભગવાન ઋષભદેવના વ્યક્તિત્વ અને કૃતિત્વના સંબંધમાં 'ઋષભદેવ એક પરિશીલન' ગ્રંથમાં વિસ્તારથી પર્યાલોચન કરવામાં આવેલ છે. તે કારણે તેના અવલોકનની સૂચનાની સાથે સાથે વિષયને સમાપ્ત કરી રહેલ છું.

સ્થવિરાવલિ

જિનચરિત પછી સ્થવિરાવલીમાં દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સુધી જ પરંપરા આવે છે. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સુધી એક વિશુદ્ધ પરંપરા રહેલ છે. અભયદેવ સૂરિના શબ્દોમાં જોઈએ. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સુધીની પરંપરાને હું ભાવ પરંપરા માનું છું. તેના પછી શિથિલાચારિઓએ અનેક દ્રવ્ય પરંપરાઓનું પ્રવર્તન કરી દીધું.[૮૮]

સ્થવિરાવલીમાં આવેલ સ્થવિરોની પરિચય રેખા, તથા કુળ, ગણ વગેરેનો પરિચય વિવેચનમાં આપવામાં આવેલ છે.

સામાચારી

સ્થવિરાવલી પછી અંતિમ વિભાગ સામાચારીનો આવે છે. જ્ઞાનનો સાર આચાર છે.[૮૯] તે મુક્તિનું સાધન છે. એ જ કારણ છે કે જૈનાગમોમાં જ્યાં દાર્શનિક તત્ત્વોની સૂક્ષ્મ વિવેચના કરવામાં આવેલ છે ત્યાં આચારનું પણ સૂક્ષ્મત્વ નિરૂપણ કરેલ છે. સમ્યક્ આચાર જ સમાચાર કે સામાચારી છે. દિગંબર ગ્રંથોમાં પણ તે શબ્દ વપરાયેલ છે. અને તેના ચાર અર્થ કરવામાં આવેલ છે:

(૧) સમતાનો આચાર
(૨) સમ્યક્ આચાર
(૩) સમ (તુલ્ય) આચાર
(૪) સમાન (પરિમાણયુક્ત) આચાર[૯૦]

---

૮૭. चउहिं मुट्ठीहिं लोअं करेइ । वृत्ति-तीर्थकृतां पंचमुष्टि लोचसंभवेऽपि अस्य भगवतश्चतुर्मुष्टिक-लोचगोचरः श्री हेमाचार्यकृत ऋषभचरित्राद्यभिप्रायोऽयं प्रथममेकया मुष्टया स्मश्रुकूर्च्चयोर्लोचे तिसृभिश्च शिरोलोचे कृते एकां मुष्टिमवशिष्यमाणां पवनान्दोलितां कनकावदातयोः प्रभुस्कन्ध-योरुपरि लुठन्तीं मरकतोपमानविभ्रतीं परमरमणीयां वीक्ष्य प्रमोदमानेन शक्रेण भगवन् ! मय्यनुग्रहं विधाय धियतामियमित्थमेवेति विज्ञप्ते भगवतापि सा तथैव रक्षितेति, न ह्येकान्तभक्तानां याञ्चा मनुग्रहीतारः खण्डयन्तीति । ——जम्बूद्वीपप्रज्ञप्ति, वक्षस्कार २ सू. ३०

૮૮. देवड्ढिखमासमणजा, परंपरं भावओ वियाणेमि ।
सिढिलायारे ठविया, दव्वेण परंपरा बहुआ । —आगम अड्ढुत्तरी गाथा १४

૮૯. णाणस्स सारं आयारो

૯૦. समदा समाचारो, सम्माचारो समो व आचारो ।
सव्वेसिं सम्माणं समाचारो हु आचारो ।। ——मूलाचार गाथा १२३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્ષેપમાં સામાચારી શબ્દનો અર્થ છે.-મુનિનો આચાર, વ્યવહાર અને ઇતિ કર્તવ્યતા. પ્રસ્તુત પરિભાષાના પ્રકાશમાં શ્રમણ જીવનની બધી પ્રવૃત્તિઓ સામાચારીમાં આવી જાય છે કે જે તે અહર્નિશ કરે છે.

આવશ્યક નિર્યુક્તિકાર ભદ્રબાહુએ સામાચારીના ત્રણ પ્રકાર બતાવેલ છે–(૧) ઓઘ સામાચારી (૨) દશવિધ સામાચારી અને (૩) પદવિભાગ સામાચારી[૯૧]

ઓઘ સામાચારીનું નિરૂપણ 'ઓઘ નિર્યુક્તિ'માં કરવામાં આવેલછે. તેનાં (૧) પ્રતિલેખન (૨) પિંડ (૩) ઉપધિ-પ્રમાણ (૪) અનાયતન (અસ્થાન) વર્જન (૫) પ્રતિસેવના-દોષાચરણ (૬) આલોચના અને વિશોધિ[૯૨] તે સાત દ્વાર છે.

દસવિધ સામાચારીનું વર્ણન ભગવતી[૯૩] સ્થાનાંગ[૯૪] ઉત્તરાધ્યયન[૯૫] અને આવશ્યક નિર્યુક્તિ[૯૬] વગેરેમાં મળે છે. પદ વિભાગ સામાચારીનું વર્ણન છેદ સૂત્રોમાં વર્ણિત છે. કલ્પસૂત્રમાં જે સામાચારીનું વર્ણન છે તે પદ-વિભાગ સામાચારીમાં આવે છે. વાદિવેતાલ શાંતિસૂરિએ ઉત્તરાધ્યયનની બૃહદ્‌વૃત્તિમાં ઓઘ સામાચારીનો અંતરભાવ ધર્મકથાનુયોગમાં અને પદવિભાગ સામાચારીનો અંતર ભાવ ચરણકરણાનુયોગમાં કરેલ છે. કલ્પસૂત્રની સામાચારી ચરણ કરણાનુયોગના અંતર્ગત છે.

ડૉકટર વિન્ટર નીટ્સે પણ સામાચારી વિભાગને કલ્પસૂત્રનો પ્રાચીનતમ ભાગ હોવાની સંભાવના કરી છે અને પોતાનાં અનુમાનની પુષ્ટિમાં તેમનું એમ કહેવું છે કે, કલ્પસૂત્રનું પૂરું નામ 'પર્યુષણા કલ્પ'તે સામાચારી વિભાગનું કારણ જ છે.[૯૭]

---

૯૧. आवश्यक निर्युक्ति, गाथा ६६५

૧૨. पडिलेहणं च पिण्डं, उवहिपमाणं अणाययण वज्जं ।
पडिसेवणमालोअण, जह य विसोही सुविहियाणं ।। ——ओघनिर्युक्ति, २

૯૩. भगवती २५।७

૯૪. स्थानांग १०।७४९

૯૫. उत्तराध्ययन——अ. ३६ गा. २–३–४

૯૬. आवश्यक निर्युक्ति

(૧) आवश्यकी, (૨) नैषेधिकी, (૬) आपृच्छा (૪) प्रतिपृच्छा (૫) वन्दना, (૬) इच्छाकार, (૭) मिच्छाकार, (૮) तथाकार, (૯) अभ्युत्थान (૧૦) उपसंपद ।

૯૭. हिस्ट्री आफ इंडियन लिटरेचर डा. विंटरनीट्स लिखित

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશીથમાં પર્યુષણા કલ્પની સવિસ્તૃત વિધિ આવેલ છે. પહેલાના યુગમાં શ્રમણ સમુદાય રાત્રિના પહેલા પહોરમાં કાળગ્રહણ પૂર્વક પર્યુષણા-કલ્પ (સામાચારી) નું શ્રવણ અને પઠન કરતા હતા. કોઈ પણ ગૃહસ્થ ગૃહસ્થિની સામે અન્યતીર્થિકની સામે અને અન્ય અવસન્ન સંયતીની સામે તેને વાંચવાનો નિષેધ હતો. તેમની સામે વાંચવાવાળા માટે પ્રાયશ્ચિત્ત વિધાન પણ કર્યું.[૯૮]

સર્વપ્રથમ પર્યુષણા કલ્પસૂત્રનું સભા સમક્ષ વાંચન આનંદપુરમાં રાજા ધ્રુવસેનના પુત્રશોક નષ્ટ કરવા માટે ચૈત્યવાસી શિથિલાચારી શ્રમણોએ ચતુર્વિધ સંઘ સમક્ષ કર્યું.[૯૯] ધ્રુવસેન નામના મૈત્રક વંશીય વલ્લભીમાં ત્રણ રાજા થયા છે કે જેમનું અસ્તિત્વ આ રીતે છે. પ્રથમ ધ્રુવસેન (ગુ. સ. ૨૦૦ થી૨૩૦ સુધી) ઈ. સ૦ ૫૧૯ થી ૫૪૯, બીજા ઈ. સ. ૫૧૯ થી ૫૪૯. બીજા ધ્રુવસેન સં. ૩૦૮ થી ૩૨૩) છે. સ. ૬૨૭ થી ૬૪૨. ત્રીજા ધ્રુવસેન (ગુ. સ. ૩૩૧ થી ૩૩૫) ઈ. સ. ૬૫૦ થી ૬૫૪.

એ રાજાઓની રાજધાની વલ્લભીમાં પણ હતી. પરંતુ 'મહાસ્થાન' થવાના કારણે તેઓ આનંદપુરમાં પણ રહેતા હતા.[૧૦૦] પરંતુ અન્વેષણીય છે કે કયા રાજાના સમયમાં તેનું વાંચન કરવામાં આવ્યું.

કલ્પસૂત્રની કથા

શ્રી અમર જૈન આગમ શોધ સંસ્થાન ગઢ સિવાના, રાજસ્થાનના અધિકારી, સુશ્રાવક મુલતાન મલજી રાંકા, શ્રી હસ્તીમલજી સુખરાજજી જિનાણી પ્રભૃતિ સજ્જનોનો આગ્રહ રહેલ હતો કે, આપ કલ્પસૂત્રનું સંપાદન કરો. પ્રારંભમાં હું તેમના પ્રેમભર્યા આગ્રહને ટાળતો રહ્યો. પરંતુ અંતે તેમની ઉત્કૃષ્ટ ઇચ્છાથી પરમ શ્રદ્ધેય ગુરુદેવે મને આદેશના સ્વરમાં કહ્યું- 'આ કાર્ય તારે કરવાનું છે. આજ્ઞા ગુરૂણાંમવિચારણીયા અનુસાર મેં તેના સંપાદનના કાર્યનો સ્વીકાર કર્યો.

---

૯૮. પજ્જોસવણાકપ્પં, પજ્જોસવણાઇં જો ઉ કડ્ઢેજ્જા ।
ગિહિ-અન્નતિત્થિ-ઓસન્ન-સંજઈણં ચ આણાઈ ।। ૧ ।।
પજ્જોસવણા-પુવ્વવન્નિયા । ગિહિત્થાણં અન્નતિત્થિયાણં તિ ગિહત્થીણં અન્નતિત્થિણીણં ઓસન્નાણં ય સંજઈણ ય જો 'એએ પજ્જોસવેઇ' એપામગ્રે પર્યુષણાકલ્પં પઠતીત્યર્થઃ તસ્સ ચઉગુરું આણાઈયા ય દોસા ।
ગિહિ અન્નતિત્થિ-ઓસન્નદુગં તે તમ્ગુણેહઽણુવવેયા ।
સમ્મીસવાસ સંકાઇણો ય દોસા સમણિવગ્ગે ।।૨।।
વ્યાખ્યા–ગિહત્થા ગિહત્થીઓ એગં દુગં, અન્નતિત્થિગા અન્નતિત્થિણીઓ, અહવા ઓસન્ના ઓસન્નીઓ । એએ દુગા સંજમગુણેહિ અણુવવેયા, તેણ તેસિ પુરઓ ન કડ્ઢેજ્જઇ । અહવા એએહિ સહ સંવાસદોસો ભવઇ । ઇત્થીસુ ય સંકાઇયા દોસા ભવંતિ । સંજઈઓ જઇ વિ સંજમગુણેહિં ઉવવેયાઓ તહાવિ સમ્મીસવાસદોસો સંકાદોસો ય ભવઇ ।।
——કલ્પસૂત્ર પૃથ્વીચન્દ ટિપ્પણ માં ઉદ્ધૃત.

૯૯. કલ્પસૂત્ર ચૂર્ણિ

૧૦૦. કલ્પસૂત્ર ટીકાએં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદન કાર્ય સરળ નથી પણ કઠિન છે અને પછી પ્રાચીન ગ્રંથોના સંપાદનનું તો કહેવું જ શું ! જેની ભાષા અને ભાવધારા વર્તમાન યુગની ભાષા અને ભાવધારાથી અતિઅધિક વ્યવધાન પામી ચૂકેલ છે. પરંતુ જ્યારે સંપાદનનું કાર્ય હાથમાં લીધું ત્યારે ભંડારોમાંથી પ્રાચીન હસ્તલિખિત કલ્પ-સૂત્રની પ્રતિઓનું અવલોકન કરવાનો પ્રારંભ કર્યો પરંતુ કોઈ પણ પ્રતિ પૂર્ણ શુદ્ધ મળી નહિ તેથી અંતે અમે એવો નિર્ણય લીધો કે શ્રી પુણ્યવિજયજી મહારાજ દ્વારા સંપાદિત 'કલ્પસૂત્ર'ના પાઠને જ મૂળ આધાર રાખવામાં આવે અને તેનો અમોએ સ્વીકાર કર્યો છે. પંડિતપ્રવર શ્રદ્ધેય ઉપાધ્યાય હસ્તીમલજી મહારાજ સંપાદિત કલ્પસૂત્રની પાન્ડુલિપિ પણ મારી સામે રહેલી છે. અર્થ વગેરેની દૃષ્ટિથી તેનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે તથા પ્રાચીન નિર્યુક્તિ, ચૂર્ણિ, પૃથ્વીચંદ ટિપ્પણ અને અનેક કલ્પસૂત્ર ટીકાઓથી ઉપર્યુકત સામગ્રી પણ મેં લીધેલ છે. એ રીતે પ્રસ્તુત સંપાદનમાં મારા તરફથી કાંઈ પણ ન મિલાવતાં અહીંતહીંથી સામગ્રી ભેગી કરીને, વ્યવસ્થિતરૂપ દેવાનું કાર્ય મેં કરેલ છે. તે બધા ગ્રંથ અને ગ્રંથકારોનો હું ઋણી છું કે જેમનો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપથી કોઈ પણ જાતનો મને સહયોગ મળેલ છે.

પરમ શ્રદ્ધેય સદ્‌ગુરુવર્ય પ્રસિદ્ધ વકતા રાજસ્થાન કેસરી ગંભીર તત્ત્વચિંતક શ્રી પુષ્કરમુનિજી મહારાજ સાહેબનો મને મોટા પ્રમાણમાં લેખનકાર્યમાં સક્રિય યોગ, પથદર્શન અને પ્રોત્સાહન પ્રાપ્ત થયેલ છે. જેનાથી મારી કાર્ય દિશાઓ સદા આલોકિત થઈ રહેલ છે. તેમની અપાર કૃપાદૃષ્ટિ વગર આ કાર્ય કદી સુંદર રીતે પૂર્ણ થઈ શકત નહિ. તેમના વિશાળ જ્ઞાનરાશિ અને ગંભીર ચિંતનમાંથી હું જ્ઞાનનું જ્યોતિ-સ્ફૂલિંગ પ્રાપ્ત કરી શક્યો છું તે મારું પરમ સૌભાગ્ય છે. હું શ્રદ્ધેય ગુરુદેવ પ્રત્યે કૃતજ્ઞતા જ્ઞાપન કરીને ભારમુકત બનું એવી અપેક્ષાથી મને એમ શ્રેયસ્કર લાગી રહેલ છે કે તેમના આશીર્વાદનું શકિતસંબલ પ્રાપ્ત કરીને અધિક ભારે બનું અને નવા શોધપૂર્ણ લેખનકાર્યમાં દત્તચિત્તથી લાગી જાઉં.

સેવામૂર્તિ પંડિત શ્રી હીરામુનિજી મહારાજ સાહિત્યરત્ન શાસ્ત્રીશ્રી ગણેશમુનિજી કાવ્યતીર્થ સાહિત્યવિશારદ, જિનેન્દ્ર મુનિજી કાવ્યતીર્થ, સાહિત્યશાસ્ત્રી શ્રી રમેશ મુનિજી, કાવ્યતીર્થ, શાસ્ત્રી રાજેન્દ્ર મુનિજી અને પુનિત મુનિનું પ્રભૃતિ મુનિમંડળનો સ્નેહાસ્પદ વ્યવહાર ભૂલી શકાતો નથી. સાથમાં જ મહાન સાહિત્યકાર પંડિતપ્રવર શ્રી શોભાચન્દ્રજી ભારિલ્લ અને કલમકલાધર શ્રી. ચન્દ્ર સુરાણા 'સરસે' પાણુ લિપિનું અવલોકન કરી તેમનો અણમોલ સુઝાવ દીધો તેથી તેમનો તે મધુર વ્યવહાર સદા અવિસ્મરણીય રહેશે.

ગુજરાતી અનુવાદ

સને ૧૯૭૦ ના અક્ષયતૃતીયાનાં પારણાંનાં સોનેરી અવસર ઉપર શ્રદ્ધેય પૂજ્ય ગુરુદેવ, તેમના શિષ્ય સમુદાય સહિત કાંદાવાડી ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તે વખતે રીટાયર્ડ ડીસ્ટ્રિકટ અને સેશન્સ જજ સુશ્રાવક શ્રી જગજીવનદાસ લાલજીભાઈ દોશી દર્શનાર્થે આવ્યા. અમે તેમના નામથી ચિરપરિચિત હતા અને તેઓ અમારા નામથી. પરંતુ મળવાનો તો તે પ્રથમ અવસર હતો. તેમણે ઉપાધ્યાય કવિરત્ન શ્રી અમરચંદજી મહારાજ સાહેબનાં 'અધ્યાત્મ-પ્રવચન' પુસ્તકનો તથા અન્ય પ્રવચનોનો ઉત્કૃષ્ટ અનુવાદ કર્યો હતો. જ્યારથી તે રાજકીય પ્રવૃત્તિથી નિવૃત્ત થયા ત્યારથી તે, તેમનો વધારે સમય ધાર્મિક સાહિત્ય - સાધનામાં લગાવે છે. વાર્તાલાપના પ્રસંગમાં તેમણે મારા દ્વારા લખાયેલા ગ્રન્થો દેખ્યા, 'કલ્પસૂત્ર' ના હિંદી સંસ્કરણને દેખીને, તેમણે ગુરુદેવશ્રીને નિવેદન કર્યું કે જો તેનો ગુજરાતી અનુવાદ થાય તો ગુજરાતી ભાષા–ભાષિઓ માટે ઘણો ઉપયોગી સિદ્ધ થાય. ગુરુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવશ્રીએ સ્વીકૃતિ પ્રદાન કરી અને તેમણે ઘણા ટૂંકા સમયમાં જ નિઃસ્વાર્થ સેવાભાવે અનુવાદનું કાર્ય સંપન્ન કરી દીધું. મારી માતૃભાષા ગુજરાતી ન હોવાથી અમારા આગ્રહથી જૈન સાહિત્યવિકાસ મંડળના સંચાલક પંડિત સુબોધચંદ્રજી જૈને પહેલેથી છેલ્લે સુધી અવલોકન કર્યું. તથા કોઈ કોઈ સ્થળ ઉપર ભાષાની દૃષ્ટિથી પરિમાર્જન પણ કર્યું તથા શ્રી સૌભાગ્યચંદ્ર ગો. તુરખિયાએ પ્રેસમેટરની દૃષ્ટિથી પાણ્ડુલિપિ તૈયાર કરી. એ રીતે તે બધા વિજ્ઞોના મધુર સહયોગથી અનુવાદનું કાર્ય સંપન્ન થયું. હિંદીના સંસ્કરણમાં અસાવધાનીથી તથા પ્રૂફ સંબંધી કાંઈક સ્ખલનાઓ રહી ગઈ હતી તે બધાનું તેમાં પરિમાર્જન કરી દેવામાં આવ્યું તથા એક બે જગ્યાએ કોઈક ભ્રામક વાર્તા હતી તેનું પણ વિવેચન લખીને નિરાકરણ કરી દેવામાં આવેલ છે તેથી હું તેઓ બધાનો આભારી છું કે જેમણે મને સ્નેહથી પરિમાર્જનને માટે પ્રસ્તાવ કે પ્રેરણા આપી હતી.

ગુજરાતી સંસ્કરણને પ્રકાશિત કરવાનું શ્રેય કાંદાવાડી સ્થાનકવાસી જૈન સંઘના અધિકૃત અધિકારીઓનો છે. હું પ્રથમ સર્વ કાંદાવાડી સંઘના પ્રાણસ્વરૂપ અધ્યક્ષ શ્રી ગીરધરલાલ દામોદર દફ્તરી જે "ગીરધર બાપા" ને નામથી ઓળખાય છે તેમને વિસ્મૃત કરી શકતો નથી કે જે ભલેને તનથી વૃદ્ધ બની ચૂકયા હોય પણ મનથી આજ પણ નવજવાનોને પાછળ રાખે છે. જેમના મનમાં આણુ-આણુમાં અપાર જોશ છે. તેમના મનમાં સ્થાનકવાસી જૈન સમાજના ઉત્થાનની મંગલમય ભાવનાઓ ઉછાળા મારી રહેલ છે. મુંબઈની મહાનગરીમાં પ્રતિવર્ષ સેંકડો ભેંસો અને ગાયો કતલખાનામાં જાય છે તેમને અભયદાન દેવા માટે આજ પણ તેઓ યુવકની માફક દઢ સંકલ્પથી કાર્ય કરી રહેલ છે. તે ઉપરાંત કાંદાવાડી સંઘના ઉપાધ્યક્ષ અને મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘના અધ્યક્ષ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને કઈ રીતે વિસ્મૃત કરી શકું કે જે મુંબઈના જ નહિ બલ્કે સંપૂર્ણ સ્થાનકવાસી સમાજના મુખ અને મસ્તક બન્ને છે. તેઓશ્રી ગંભીર વિચારક છે. પ્રત્યેક વસ્તુના અંતસ્તલ સુધી પહોંચીને તેના ઉપર ઊંડાણથી ચિંતન કરવું તે તેમનો સ્વભાવ છે. તેમનો અનુભવ જેટલો ઊંડો છે તેટલી અભિવ્યકિત પણ મધુર છે. મૌલિક સાહિત્ય પ્રત્યે તેમને સ્વાભાવિક અભિરુચિ છે. મેં જાતે જ દેખેલ છે કે અવકાશની ક્ષણોમાં સત્સાહિત્યનો સ્વાધ્યાય કરતાં ચીમનલાલભાઈનું જીવન આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક, રાજનૈતિક બધી દૃષ્ટિઓથી સભર છે.

સેવા અને સરળતાની જીવતી જાગતી પ્રતિમા, લોકપ્રિય નેતા રવીચંદ્ર સુખલાલ શાહ કે જે મુંબઈના વસ્તુતઃ અજાતશત્રુ છે. ભાષણ કળા નિષ્ણાત સૌરાષ્ટ્ર કેસરી રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી, ઉત્સાહી કાર્યકર્તા સ્નેહમૂર્તિ શ્રી દલીચંદભાઈ, અમૃતલાલ દેસાઈ, ઉદારહૃદયી શ્રી નગીનભાઈ કલ્યાણજી શાહ, કુશળ કાર્યકર શ્રી વાડીભાઈ જેઠાલાલ શાહ પ્રભૃતિ કાંદાવાડી સંઘના આ ઓજસ્વી તેજસ્વી મંત્રી મંડળને પણ ભૂલી શકતો નથી. તેમના સાહિત્યિક પ્રેમના કારણે જ પ્રસ્તુત ગ્રંથ સુધર્માજ્ઞાન મંદિર મારફત પ્રકાશિત થઈ શકેલ છે.

બીજી આવૃત્તિની બન્ને ભાષાનું સંશોધન કાર્ય પંડિત શ્રી શોભાચન્દ્રજી ભારિલ્લે કરેલ છે.

ગ્રંથને મુદ્રણ કળાની દૃષ્ટિથી અધિકાધિક સુંદર બનાવવાનું શ્રેય નિઃસ્વાર્થ સેવાભાવી મુદ્રણકળા મર્મજ્ઞ શ્રીનંદલાલભાઈ એમ. દોશીને છે કે જેમણે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને ગ્રંથને ઘણું જ શીઘ્ર સુંદર અને ચિત્તાકર્ષક છપાવવાનું કાર્ય કરી દીધેલ છે કે જેમની બહુમૂલ્ય સેવા સદા સ્મૃતિપટ ઉપર ચમકશે.


આશા છે, એટલું જ નહિ પણ દઢ વિશ્વાસ છે કે હિંદીની માફક ગુજરાતી સંસ્કરણ પણ અધિકાધિક લોકપ્રિય બનશે એવી આશા અને નિશ્ચયની સાથે–

શ્રી મેઘજી થોભણ જૈન ધર્મસ્થાનક : ૧૭૦, કાંદાવાડી, મુંબઈ–૪

દેવેન્દ્ર મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કલ્પસૂત્ર



ઉપક્રમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आचार-तपसा कल्पः, कल्पः कल्पद्रुरीप्सिते ।
कल्पो रसायनं सम्यक्, कल्पस्तत्त्वार्थ-दीपकः ।।

—कल्पसमर्थनम्, कल्पमहिमा श्लोक १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપક્રમ

* કલ્પની પરિભાષા અને ભેદ

કલ્પનો અર્થ છે–નીતિ, આચાર, મર્યાદા, વિધિ અને સમાચારી. આચાર્ય ઉમાસ્વાતિ કહે છે–જે કાર્ય જ્ઞાન, શીલ, તપની (ઉપગ્રહ) વૃદ્ધિ કરે છે અને દોષોનો નિગ્રહ (શમન) કરે છે તે નિશ્ચયદૃષ્ટિથી કલ્પ છે બાકી શેષ અકલ્પ છે.[૧] કલ્પસૂત્રની ટીકા અનુસાર શ્રમણોનો આચાર કલ્પ છે.[૨] કલ્પનાં આગમ, ભાષ્ય, નિર્યુક્તિ અને ચૂર્ણિ સાહિત્યમાં અનેક ભેદ, પ્રભેદ નિરૂપિત થયેલ છે તે બધાંની અહીં ચર્ચા ન કરતાં કેવળ દસ કલ્પો અર્થાત્ કલ્પના દસ પ્રકારો ઉપર જ વિચાર કરવામાં આવેલ છે. તે દસ કલ્પ આ પ્રકારે છે:–

(૧) આચેલક્ય (૨) ઔદ્દેશિક (૩) શય્યાતરપિંડ (૪) રાજપિંડ (૫) કૃતિકર્મ (૬) વ્રત (૭) જ્યેષ્ઠ (૮) પ્રતિક્રમણ (૯) માસકલ્પ (૧૦) પર્યુષણા–કલ્પ.[૩]

* આચેલક્ય

'ચેલ' શબ્દનો અર્થ – વસ્ત્ર છે. ન ચેલ એટલે અચેલ – વસ્ત્રનો અભાવ. 'અ' શબ્દનો એક અર્થ અલ્પ પણ છે[૪] જેમ કે અનુદરા. આચારાંગના ટીકાકારે ઇષત્ (અલ્પ) અર્થમાં નઞ્ સમાસ માનીને અચેલનો અર્થ 'અલ્પવસ્ત્ર' કરેલ છે.[૫] ઉત્તરાધ્યયન[૬] અને કલ્પસૂત્રની[૭] ટીકાઓમાં પણ તેવો જ અર્થ માન્ય થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણસંસ્કૃતમાં શ્રમણો માટે બે જાતના કલ્પ વિહિત થયેલા છે–જિનકલ્પ અને સ્થવિરકલ્પ. નિર્યુક્તિ અને ભાષ્ય અનુસાર જિનકલ્પી શ્રમણ તે હોય છે કે જે વજ્રઋષભનારાચ સંહનનવાળા હોય તથા ઓછામાં ઓછા નવમા પૂર્વની તૃતીય આચારવસ્તુના શ્રુતપાઠી હોય અને વધુમાં વધુ કંઈક ન્યૂન દસ પૂર્વ સુધીના શ્રુતપાઠી હોય. જિનકલ્પી શ્રમણ પણ પહેલાં સ્થવિરકલ્પી જ હોય છે. સ્થવિરકલ્પી શ્રમણ જ જિનકલ્પનો સ્વીકાર કરે છે.

જિનકલ્પી શ્રમણ નગ્ન, નિષ્પ્રતિકર્મ અને વિવિધ અભિગ્રહધારી હોય છે. તેના બે પ્રકાર છે.

(૧) પાણિપાત્ર–હાથમાં ભોજન કરવાવાળા.

(૨) પાત્રધારી–પાત્રમાં ભોજન કરવાવાળા.

પાણિપાત્ર જિનકલ્પી શ્રમણ પણ ઉપધિની દૃષ્ટિથી ચાર જાતનાં હોય છે. કેટલાક શ્રમણ મુખવસ્ત્રિકા અને રજોહરણ–એ બે ઉપધિ રાખે છે. કેટલાક શ્રમણ મુખવસ્ત્રિકા, રજોહરણ અને એક વસ્ત્ર રાખે છે. કેટલાક શ્રમણ મુખવસ્ત્રિકા રજોહરણ અને બે વસ્ત્રો રાખે છે, અને કેટલાક શ્રમણ, મુખવસ્ત્રિકા રજોહરણ તથા ત્રણ વસ્ત્રો રાખે છે.

પાત્રધારી જિનકલ્પી શ્રમણ પણ બે, ત્રણ, ચાર કે પાંચ ઉપકરણો સિવાયના સાત જાતના પાત્ર-નિર્યોગ રાખવાને લીધે અનુક્રમે નવ, સિવાય દશ, અગીઆર અને બાર જાતની ઉપધિથી તેમના પણ ચાર ભેદ થાય છે. એ રીતે જિનકલ્પિક શ્રમણોના મુખ્ય બે અને ઉત્તરભેદ આઠ થાય છે.

આગમ અનુસાર સ્થવિરકલ્પી શ્રમણોના ઉપધિની દૃષ્ટિએ અનેક ભેદ કરી શકાય છે. કેટલાક શ્રમણો ત્રણ વસ્ત્રો અને એક પાત્ર રાખતા હતા. કેટલાક શ્રમણો બે પાત્ર અને એક વસ્ત્ર રાખતા તો કેટલાક શ્રમણો એક પાત્ર અને એક વસ્ત્ર રાખતા હતા.

ઉપરની ચર્ચાનો સાર એ છે કે જિનકલ્પી હોય કે સ્થવિર-કલ્પી, તેઓ ઓછામાં ઓછા મુખવસ્ત્રિકા અને રજોહરણ એ બે ઉપકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો રાખે જ છે. તેથી અહીંયા આચેલકય–કલ્પનો અર્થ સંપૂર્ણ વસ્ત્રોનો અભાવ નહિ પરંતુ અલ્પમૂલ્યવાળા પ્રમાણોપેત જીર્ણ–શીર્ણ વસ્ત્ર ધારણ કરવા એમ છે.

પૂર્વાચાર્ય રચિત 'કલ્પ–સમર્થન'માં કહેલ છે કે પ્રથમ અને અંતિમ તીર્થંકરનો ધર્મ (આચાર) અચેલક છે અને બાવીસ તીર્થંકરોનો ધર્મ (આચાર) સચેલક અને અચેલક બન્ને જાતનો છે.[૯] તેનો અર્થ એ છે કે ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીરના શ્રમણોને માટે એવું વિધાન છે કે તેઓ સફેદ અને પ્રમાણસરનાં વસ્ત્રો રાખે પણ બાવીસ તીર્થંકરોના શ્રમણોને માટે પ્રસ્તુત વિધાન નથી. તેઓ[૧૦] વિવેકનિષ્ઠ અને જાગરૂક સાધક હતા તેથી ચમકતા રંગબેરંગી પ્રમાણથી અધિક વસ્ત્રો રાખી શકતા હતા. તેવા વધારે વસ્ત્રો રાખવા છતાં પણ તેમના મનમાં આસક્તિ રહેતી નહોતી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન પાર્શ્વનાથના શ્રમણ કેશીકુમાર અને ભગવાન મહાવીરના પ્રધાન અંતેવાસી ગણધર ગૌતમનો મધુર સંવાદ છે. કેશીકુમાર શ્રમણે ગૌતમ સમક્ષ જિજ્ઞાસા પ્રસ્તુત કરી કે "ભગવાન મહાવીરનો ધર્મ અચેલક છે અને ભગવાન પાર્શ્વનાથનો સચેલક છે. શું આવા આચારભેદને જોવા છતાં આપના માનસમાં શંકા થતી નથી?[૧૧]

સમાધાન કરતાં ગૌતમે કહ્યું–"વિજ્ઞવર! વિજ્ઞાનથી તત્ત્વને જાણીને જ ધર્મ સાધનાની આજ્ઞા આપવામાં આવેલ છે. લોકોમાં પ્રતીતિને માટે, સંયમનિર્વાહને માટે, જ્ઞાનાદિ ગુણ ગ્રહણને માટે, વર્ષાકલ્પ વગેરેમાં સંયમપાલનને માટે જ વસ્ત્ર વગેરે ઉપકરણોની આવશ્યકતા છે. ખરી રીતે બંને તીર્થંકરોની પ્રતિજ્ઞા (પ્રરૂપણા) મોક્ષનાં સદ્‌ભૂત સાધન જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ જ છે, તેમાં કોઈ અંતર નથી."[૧૨]

આગમ અનુસાર બધા તીર્થંકર દેવદૂષ્ય વસ્ત્રની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે.[૧૩] થોડા વખત સુધી દેવદૂષ્ય વસ્ત્રને રાખે છે. ભગવાન શ્રી મહાવીરે પણ એક વરસથી પણ અધિક દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કરીને રાખ્યું હતું, ત્યારબાદ તેઓ પૂર્ણ અચેલક બન્યા.[૧૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાવીસ પરીષહોમાં છઠ્ઠો અચેલ પરીષહ છે.[૧૫] તેનો પણ અર્થ એ છે કે: વસ્ત્રો જીર્ણશીર્ણ થયા હોય તો પણ શ્રમણ એવી ચિંતા ન કરે કે હું વસ્ત્રરહિત થઈ જઈશ અથવા એમ પણ વિચાર ન કરે કે વસ્ત્ર જીર્ણ થઈ ગયું તો સારું થયું, હવે હું નવા વસ્ત્રોથી સચેલક થઈ જઈશ. સચેલ તેમ જ અચેલ બંને અવસ્થામાં શ્રમણ ખેદિત ન થાય.[૧૬]

આ રીતે આચેલક્ય-કલ્પનો અર્થ સંક્ષેપમાં અલ્પ, પ્રમાણસર અને સફેદ વસ્ત્ર ધારણ કરવાની મર્યાદા એવો થયો.

* ઔદ્દેશિક

ઔદ્દેશિક કલ્પનો અર્થ છે શ્રમણને દાન દેવાના ઉદ્દેશથી અથવા પરિવ્રાજક, શ્રમણ, નિર્ગ્રંથ બધાને ઉદ્દેશીને બનાવેલા અન્ન, વસ્ત્ર, ભવન[૧૭] વગેરે તે શ્રમણોને માટે અગ્રાહ્ય તેમ જ અસેવ્ય છે. જો શ્રમણને તેની ખબર પડી જાય તો તે સ્પષ્ટરૂપથી કહે કે એવું અન્ન વગેરે મને કલ્પતું નથી,[૧૮]

પ્રથમ તેમ જ અંતિમ તીર્થંકરોના શ્રમણોને માટે એવું વિધાન છે કે 'એક શ્રમણને ઉદ્દેશીને બનાવેલો આહાર વગેરે તેને ગ્રહણ કરવાનું કલ્પતું નથી તેમ જ અન્ય શ્રમણને પણ તે ગ્રહણ કરવાનું કલ્પતું નથી. પરંતુ બાવીસ તીર્થંકરોના સમયમાં જે શ્રમણને ઉદ્દેશીને આહાર વગેરે બનાવવામાં આવેલ હોય તો તે તેમને ગ્રહણ કરવાનું કલ્પતું નથી પરંતુ શેષ શ્રમણોને માટે તે ગ્રાહ્ય થઈ શકે છે."[૧૯]

દશવૈકાલિક[૨૦] પ્રશ્નવ્યાકરણ[૨૧] સૂત્રકૃતાંગ[૨૨] ઉત્તરાધ્યયન,[૨૩] આચારાંગ[૨૪] અને ભગવતી[૨૫] વગેરે આગમોમાં અનેક સ્થળોએ ઔદ્દેશિક આહાર વગેરે ગ્રહણ કરવાનો નિષેધ છે કેમ કે ઔદ્દેશિક વગેરે ગ્રહણ કરવાથી ત્રસ અને સ્થાવર જીવોની હિંસાનું અનુમોદન થાય છે[૨૬] તેથી તે શ્રમણોને માટે અગ્રાહ્ય છે."[૨૭]

* શય્યાતર-પિંડ

શ્રમણને શય્યા (વસતિ-ઉપાશ્રય) આપીને સંસાર સમુદ્ર તરવા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળા ગૃહસ્થ શય્યાતર કહેવાય છે [૨૮] અર્થાત્ તે ગૃહપતિ કે જેમના મકાનમાં શ્રમણ રોકાયેલ હોય તે શય્યાતર છે [૨૯] નિશીથ ભાષ્યના અભિમતાનુસાર સ્વયં ગૃહપતિ કે તેના દ્વારા નિર્દિષ્ટ કોઈ પણ વ્યક્તિ શય્યાતર બને છે. [૩૦] શય્યાતર કયારે બને છે? તેના વિશે આચાર્યોના વિભિન્ન મત છે. [૩૧] નિશીથ ભાષ્ય અને ચૂર્ણિમાં તે બધા મતોનો નિર્દેશ કરવામાં આવેલ છે તથા ભાષ્યકારે તેમનો સ્પષ્ટ અભિમત આ રીતે આપેલ છે—શ્રમણ જે સ્થાનમાં રાત રહે, સૂએ અને ચરમ આવશ્યક કાર્ય કરે તે સ્થાનના અધિપતિ શય્યાતર બને છે. [૩૨]

શ્રમણને માટે શય્યાતરનાં અન્ન, પાણી, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર વગેરે અગ્રાહ્ય છે અને તૃણ, રાખ, પાટ, બાજોઠ વગેરે ગ્રાહ્ય છે. [૩૩] સૂત્રકૃતાંગમાં શય્યાતરને ઠેકાણે "સાગારિય પિંડ" લખેલ છે [૩૪] તેનો અર્થ પણ ટીકાકારે શય્યાતરપિંડ કરેલ છે." [૩૫]

——* રાજપિંડ

મૂર્ધાભિષિક્ત અર્થાત્ જેનો રાજ્યાભિષેક થયેલ હોય તે રાજા કહેવાય છે. તેનું ભોજન રાજપિંડ છે. [૩૬] જિનદાસગણિમહત્તરના અભિમતાનુસાર સેનાપતિ, અમાત્ય, પુરોહિત, શ્રેષ્ઠી કે સાર્થવાહ સહિત રાજ્યનો જે રાજા ઉપભોગ કરે છે તેમનો પિંડ (ભોજન) ગ્રહણ કરવો ન જોઈએ બીજા રાજાઓને માટે નિયમ નથી. અગર દોષ છે એવી સંભાવના જણાય તો ગ્રહણ કરવો જોઈએ નહી. અને નિર્દોષ હોય તો તે ગ્રહણ કરી શકાય છે. [૩૭]

રાજપિંડનું તાત્પર્ય—રાજકીય ભોજન છે. રાજકીય ભોજન સરસ, મધુર તેમજ માદક હોય છે જેના સેવનથી રસલોલુપતા વધવાની સંભાવના રહે છે, સાથોસાથ તે ઉત્તેજક પણ હોય છે. આ પ્રકારનો પ્રણીત આહાર સર્વત્ર મલવો પ્રાયઃ સંભવ નથી. રસલોલુપ મુનિ કયાંય અનેષણીય આહાર ગ્રહણ ન કરે તે દૃષ્ટિએ રાજપિંડનો નિષેધ કરવામાં આવેલ છે. એષણાશુદ્ધિ એ જ પ્રસ્તુત વિધાનની મૂળદૃષ્ટિ છે. [૩૮] જો કોઈ તે વિધાનને ભૂલી જઈને રાજપિંડ ગ્રહણ કરે અથવા રાજપિંડનો ઉપયોગ કરે તો તે શ્રમણને ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે. [૩૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજપિંડના નિષેધ પાછળ અન્ય અનેક તથ્ય રહેલ છે.[૪૦] જેનો ઉલ્લેખ નિશીથભાષ્ય અને ચૂર્ણિમાં કરવામાં આવેલ છે. રાજભવનમાં મુખ્યપણે સેનાપતિ વગેરેનું આવાગમન રહે, કયારેક શીઘ્રતા વગેરેના કારણે શ્રમણોને ધક્કા લાગવાની કે પાત્ર વગેરે ફૂટવાની સંભાવના પણ રહે, કોઈ વિશિષ્ટ કાર્ય માટે જતાં સાધુને જોવાથી તેઓ તેને અપશુકન પણ સમજી લે[૪૧] –આવા કારણોથી રાજપિંડ અગ્રાહ્ય તથા અનેષણીય માનેલ છે તથા તે ગ્રહણ કરવો તેને અનાચાર કહેલ છે.[૪૨]

ભગવાન મહાવીર અને ઋષભદેવના શ્રમણોને માટે જ રાજપિંડનો નિષેધ છે પરંતુ બાવીસ તીર્થંકરોના શ્રમણો માટે નહિ[૪૩] રાજપિંડથી અભિપ્રાય છે ચાર જાતના આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ-એ આઠ વસ્તુઓ અને તે આઠેય અગ્રાહ્ય માનેલ છે.[૪૪]

——— * કૃતિકર્મ

કૃતિકર્મનો અર્થ છે પોતાનાથી સંયમાદિમાં જ્યેષ્ઠ અને સદ્‌ગુણોમાં શ્રેષ્ઠ શ્રમણોનું ઊભા થઈને હૃદયથી સ્વાગત કરવું, તેમનું બહુમાન કરવું, તેમની હિત શિક્ષાઓનો નત મસ્તકે શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરવો.[૪૫]

ચોવીસેય તીર્થંકરોના શ્રમણો પોતાનાથી ચારિત્રમાં જ્યેષ્ઠ શ્રમણોને વંદન નમસ્કાર કરે છે. આવો કલ્પ સાર્વકાલિક છે.[૪૬]

———* વ્રત

વ્રતનો અર્થ છે વિરતિ.[૪૭] વિરતિ અસત પ્રવૃત્તિની હોય છે. અકરણ, નિવૃત્તિ, ઉપરમ અને વિરતિ આ બધા એકાર્થવાચી શબ્દો છે.[૪૮] વ્રત શબ્દનો પ્રયોગ નિવૃત્તિ અને પ્રવૃત્તિ બંને અર્થોમાં થાય છે. જેમ કે:– "વૃષલાન્નં વ્રતયતિ" અર્થાત તે શુદ્રના અન્નનો પરિહાર કરે છે. "પયો વ્રતયતિ" અર્થાત તે માત્ર દૂધ પીએ છે, તે સિવાય બીજું કાંઈ પણ ખાતો નથી. આ પ્રમાણે અસત પ્રવૃત્તિનો પરિહાર અને સતમાં પ્રવૃત્તિ એ બંને અર્થોમાં વ્રત શબ્દનો પ્રયોગ થયેલ છે.[૪૯]

ભગવાન શ્રી મહાવીર અને ઋષભદેવના શ્રમણો પાંચ મહાવ્રતરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મનું પાલન કરે છે અને અન્ય બાવીસ તીર્થંકરોના શ્રમણો ચાર યામોનું. તેનું શું રહસ્ય છે, એવો પ્રશ્ન ભગવાન પાર્શ્વનાથની પરંપરાના અંતિમ પ્રતિનિધિ કેશીકુમાર શ્રમણના મનમાં ઘોળાયા કરતો હતો. તેમણે શ્રી ગૌતમ ગણધરને પૂછયું.[૫૦] ગૌતમે સમાધાન કરતાં કહ્યું: 'વિજ્ઞવર! પ્રથમ તીર્થંકરના શ્રમણ ઋજુ અને જડ હોય છે, અંતિમ તીર્થંકરના શ્રમણ વક્ર અને જડ હોય છે જ્યારે વચલા બાવીસ તીર્થંકરોના શ્રમણો ઋજુ અને પ્રાજ્ઞ હોય છે. પ્રથમ તીર્થંકરના મુનિઓ કઠિનતાથી ધર્મ સમજે છે અને અંતિમ તીર્થંકરના શિષ્યોને ધર્મપાલન કરવું તે કઠિન હોય છે પરંતુ મધ્યવર્તી તીર્થંકરોનાં શ્રમણોને માટે સમજવું તેમજ પાળવું સુલભ હોય છે.[૫૧]

ચાતુર્યામ અને પંચયામના જે ભેદ છે તે પણ બહારની દૃષ્ટિથી છે, નહિ કે અંતરદૃષ્ટિથી. મધ્યવર્તી શ્રમણો પરિગ્રહ ત્યાગમાં જ ચોથા વ્રતનો સમાવેશ કરી લેતા હતા. કંચન અને કામિનીનો તેઓ અન્યોન્યાશ્રય સંબંધ સમજતાં હતાં.[૫૨] સ્ત્રીને પણ પરિગ્રહમાં ગણતા હતા. કેટલાંક આધુનિક ચિંતકોએ લખેલ છે કે તેઓ કાંતાયુક્ત હતા પરંતુ તેમની તે કલ્પના અનાગમિક તેમજ અસંગત છે.

——— * જ્યેષ્ઠ

જૈનધર્મ ગુણપ્રધાન હોવા છતાં પણ તેની પરંપરા પુરુષ જ્યેષ્ઠ રહેલ છે. સો વરસની દીક્ષિતા સાધ્વી પણ આજે દીક્ષિત થયેલાં શ્રમણને પણ શ્રદ્ધા-ભક્તિ પૂર્વક નમસ્કાર કરે એવી જિનેન્દ્રોની આજ્ઞા છે.[૫૩]

જ્યેષ્ઠ કલ્પનો બીજો પણ અર્થ થાય છે. બાવીસ તીર્થંકરોના સમયમાં શ્રમણોનું સામાયિક ચારિત્ર જ હોય છે. પરંતુ પ્રથમ અંતિમ તીર્થંકરોના સમયમાં શ્રમણોને સામાયિક ચારિત્રની સાથે જ છેદોપસ્થાપનિક ચારિત્ર પણ હોય છે. તેના આધારથી જ શ્રમણ જ્યેષ્ઠ કે કનિષ્ઠ બને છે. આજના યુગમાં સામાયિક ચારિત્રના ગ્રહણને લઘુ દીક્ષા અને છેદોપસ્થાપનીય ચારિત્રના ગ્રહણને મોટી-દીક્ષા (વડી દીક્ષા) કહે છે.[૫૪]

જ્યેષ્ઠ કલ્પનો ત્રીજો પણ અર્થ છે, પિતા-પુત્ર, રાજા-મંત્રી, શેઠ-મુનીમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા-પુત્રી વગેરે જે એક જ સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારે પિતા, રાજા, શેઠ, માતા વગેરેને જ્યેષ્ઠ બનાવવામાં આવે છે. જે પુત્ર વગેરેએ પ્રથમ સામાયિક ચારિત્ર વગેરે ગ્રહણ કરી લીધેલ હોય અને પછી પિતા વગેરેના મનમાં પ્રવ્રજ્યા લેવાની ભાવના પ્રગટ થાય ત્યારે ચાર-છ મહિના સુધી તેને છેદોપસ્થાપનીય ચારિત્ર ન આપે. પરંતુ પિતા વગેરેને ચારિત્ર આપીને જ્યેષ્ઠ બનાવે.[૫૫]

—— * પ્રતિક્રમણ

પ્રતિક્રમણ જૈન ધર્મની સાધનાનું પ્રમુખતમ અંગ છે. પ્રતિક્રમણનો અર્થ છે "પ્રમાદવશ સ્વસ્થાનથી ચ્યુત થઈને પરસ્થાનને પ્રાપ્ત કર્યા પછી ફરીને સ્વસ્થાનને પ્રાપ્ત કરવું" અતિક્રમણનો અર્થ સમજવાથી પ્રતિક્રમણનો અર્થ (બોધ) થઈ જશે.[૫૬] અતિક્રમણનો અર્થ છે—સીમાને ઓળંગવી અને તેથી પ્રતિક્રમણનો અર્થ થયો ફરી પોતાની સીમામાં પાછા આવવું. આત્મા સ્વરૂપમાંથી પરસ્વરૂપમાં ચાલ્યો ગયો હોય તેને ફરી પોતાના સ્વરૂપમાં લઈ આવવાની ક્રિયા તે પ્રતિક્રમણ છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અપ્રશસ્ત યોગ એ ચાર દોષને સાધનાના ક્ષેત્રમાં ઘણાજ ભયંકર માનવામાં આવેલ છે. તેથી સાધકે તે દોષોના પરિહાર માટે પ્રતિક્રમણ કરવું જોઈએ. મિથ્યાત્વને ત્યાગીને સમ્યક્ત્વનો સ્વીકાર કરવો જોઈએ. અવિરતિને છોડી વ્રત અંગીકાર કરવા જોઈએ, કષાયથી મુક્ત થઈને ક્ષમા, વિનમ્રતા, સરલતા, નિર્લોભતા ધારણ કરવી જોઈએ. અપ્રશસ્ત યોગોને છોડી પ્રશસ્ત યોગોમાં રમણ કરવું જોઈએ.[૫૭]

બાવીસ તીર્થંકરોના સમયના સાધક ઘણા વિવેકનિષ્ઠ અને જાગરૂક હતા તેથી તેઓ દોષ લાગતાંની સાથે જ પ્રતિક્રમણ કરતા હતા.[૫૮]

કેટલાક આચાર્યોનો મત છે કે દેવસી, રાઈય (રાયસી), પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એ પાંચ પ્રતિક્રમણોમાંથી બાવીસ તીર્થંકરોના સમયે દેવસી અને રાઈ (રાયસી) એ બે જ પ્રતિક્રમણ થતાં હતાં, બાકીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ.[૫૯] જિનદાસ ગણી મહત્તરે સ્પષ્ટ કહેલ છે કે "પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયે નિયમિત રૂપથી ઉભયકાળ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે અને સાથોસાથ દોષ કાળમાં પણ ઈર્યાપથ અને ભિક્ષા આદિના રૂપમાં તત્કાળ પ્રતિક્રમણનું વિધાન છે. બાવીસ તીર્થંકરોના શાસન-કાળમાં દોષ લાગતાં જ શુદ્ધિ કરી લેવામાં આવતી હતી અને તેથી ઉભયકાળ નિયમિત રીતે પ્રતિક્રમણનું વિધાન ન હતું.[૬૦]

——— * માસ કલ્પ

શ્રમણોનો આચાર છે કે તે એક સ્થાન ઉપર સ્થિર થઈને ન રહેતાં ચાતુર્માસ સિવાયના કાળમાં શીત (હેમંત) અને ગ્રીષ્મઋતુમાં વિહાર કરતા રહે.[૬૧] ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત થઈને ગ્રામાનુગ્રામ વિહાર કરે.[૬૨]

વિહારની દૃષ્ટિથી કાળને બે ભાગોમાં વહેંચી નાખવામાં આવેલ છે – વર્ષાકાળ અને ઋતુબદ્ધ કાળ. વર્ષાકાળમાં શ્રમણ ચાર માસ સુધી એક સ્થાન ઉપર સ્થિર રહી શકે છે અને ઋતુબદ્ધ કાળમાં એક માસ સુધી. વર્ષાકાળનો સમય એકસ્થાન ઉપર સ્થિર રહેવાનો ઉત્કૃષ્ટ સમય છે તેથી તેને સંવત્સર કહેલ છે.[૬૩] બૃહત્કલ્પભાષ્યમાં વર્ષાવાસનું પરમ પ્રમાણ ચાર માસ બતાવેલ છે,[૬૪] અને શેષ-કાળનું પરમ પ્રમાણ એક માસ.[૬૫] જે સ્થાન ઉપર શ્રમણ ઉત્કૃષ્ટ કાળ રહી ચૂકેલ હોય અર્થાત્ જે સ્થાનમાં વર્ષાઋતુમાં વર્ષાવાસ કરેલ હોય તે સ્થાનમાં અન્યત્ર બે ચાતુર્માસ કર્યા પહેલાં બીજું ચાતુર્માસ ન કરે અને જે સ્થાન ઉપર માસકલ્પ કરેલ હોય તે સ્થાન ઉપર બે માસ અન્યત્ર વિતાવ્યા વિના ન રહે.[૬૬] જો કે ગાથામાં ત્રીજીવારનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પરંતુ સ્થવિર અગસ્ત્યસિંહના અભિમતાનુસાર ચકાર દ્વારા તે પ્રતિપાદિત છે.[૬૭]

ભગવાન ઋષભદેવ અને મહાવીરના શ્રમણોને માટે જ માસ કલ્પનું વિધાન છે, શેષ બાવીસ તીર્થંકરોના શ્રમણોને માટે નહિ.[૬૮] તેઓ ઇચ્છે તો દીર્ઘકાળ સુધી પણ એક સ્થાન ઉપર રહી શકે છે અને ઇચ્છે તો શીઘ્ર એક સ્થાનથી બીજા સ્થાને પ્રસ્થાન કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * પર્યુષણા કલ્પ ।

"પરિ" ઉપસર્ગ સાથે વસ્ ધાતુથી "અન:" પ્રત્યય લગાડતાં પર્યુષણ બને છે. જેનો અર્થ છે આત્માની સમીપે રહેવું. પરભાવમાંથી ખસીને સ્વભાવમાં રમણ કરવું. આત્મ-મજ્જન, આત્મ-રમણ કે આત્મસ્થ થવું. આત્મરમણનું તે કાર્ય એક દિવસ સામૂહિકરૂપથી મનાવવામાં આવે છે અને તે 'પર્વ' કહેવામાં આવે છે. આ પવિત્ર પર્વ અષાઢી પૂર્ણિમાથી એગણપચાસ અથવા પચાસમા દિવસે મનાવવામાં આવે છે.[૬૬] જેને સંવત્સરી મહાપર્વ કહે છે.

પર્યુષણા-કલ્પનો બીજો અર્થ છે એક સ્થાન પર નિવાસ કરવો. તે સાલંબન અને નિરાલંબન રૂપ બે જાતનાં છે. સાલંબનનો અર્થ છે સકારણ અને નિરાલંબનનો અર્થ છે કારણરહિત. નિરાલંબનમાં પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપ બે ભેદ છે.[૬૭]

પર્યુષણના પર્યાયવાચી શબ્દ આ રીતે બતાવવામાં આવેલ છે. (૧) પરિયાયવત્થવણા (૨) પજ્જોસમણા (૩) પાગઈયા (૪) પરિવસના (૫) પજ્જુસણા (૬) વાસાવાસ (૭) પઢમસમોસરણ (૮) ઠવણા અને (૯) જેટ્ઠોગ્ગહ.

જો કે આ બધાં નામો એકાર્થી છે તો પણ વ્યુત્પત્તિભેદના આધારે તેમાં કાંઈક અર્થભેદ પણ છે અને તે અર્થભેદ પર્યુષણાથી સંબંધ રાખતી વિવિધ પરંપરાઓ અને તે નિયતકાળમાં કરવામાં આવતી ક્રિયાઓનું મહત્ત્વપૂર્ણ નિદર્શન કરે છે. તે અર્થોથી કાંઈક ઐતિહાસિક તથ્ય પણ વ્યક્ત થાય છે.

પર્યુષણ કાળના આધારથી કાળગણના કરીને દીક્ષા પર્યાયની જ્યેષ્ઠતા અને કનિષ્ઠતા ગણવામાં આવે છે અર્થાત્ જેટલાં પર્યુષણ કર્યા હોય તેટલાં જ દીક્ષા પર્યાયમાં જ્યેષ્ઠ, પર્યુષણકાળને એક જાતનું 'વર્ષમાન' ગણવામાં આવે છે તેથી પર્યુષણાને દીક્ષા પર્યાયની વ્યવસ્થાનું કારણ માનેલ છે.

વર્ષાવાસમાં જુદી જુદી જાતની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી કાંઇક વિશેષ પર્યાયો (ક્રિયાઓ)નું આચરણ કરવામાં આવે છે તે કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યુષણનું બીજું નામ 'પજ્જોસમણા' છે.

ગૃહસ્થ વગેરે બધાને માટે સમાનભાવથી આરાધનીય હોવાના કારણે તે કલ્પ 'પાગઇયા' (પ્રાકૃતિક) કહેવાય છે.

આ નિયત અવાધમાં સાધક આત્માની નિકટ વધુમાં વધુ રહેવાનો પ્રયત્ન કરે છે તેથી તે 'પરિવસના' પણ કહેવાય છે.

પજ્જુસણાનો અર્થ સેવા પણ છે. તે કાળમાં સાધક આત્માના જ્ઞાન, દર્શન વગેરે નિજગુણોની સેવા-ઉપાસના કરે છે, તેથી તેને 'પજ્જુસણા' પણ કહે છે.

આ કલ્પમાં શ્રમણ એક સ્થાન ઉપર ચાર માસ સુધી નિવાસ કરે છે તેથી તેને 'વાસાવાસ-વર્ષાવાસ' પણ કહેવામાં આવેલ છે.

કોઈ વિશેષ કારણ ન હોય તો પ્રાવૃટ્ (વર્ષા) કાળમાં જ ચાતુર્માસ પસાર કરવા યોગ્ય ક્ષેત્રમાં પ્રવેશ કરવામાં આવે છે તેથી તેને 'પઢમસમોસરણ' (પ્રથમસમવસરણ) કહે છે.

ઋતુબદ્ધ કાળની અપેક્ષા તેની મર્યાદાઓ જુદી જુદી હોય છે તેથી તે 'ઠવણા' છે. ઋતુબદ્ધ કાળમાં એકેક માસનો ક્ષેત્રાવગ્રહ હોય છે પરંતુ વર્ષા-કાળમાં ચાર માસનો હોય છે તેથી તેને જેટ્ઠોગ્ગહ–જ્યેષ્ઠાવગ્રહ કહે છે. [૭૧]

જો સાધુ અષાડી પૂનમ સુધી નિયત સ્થાન ઉપર આવી પહોંચેલ હોય અને વર્ષાવાસ જાહેર કરી દીધેલ હોય ત્યારે (અષાડ વદ પથી જ) વર્ષાવાસ પ્રારંભ થઈ જાય છે.

યોગ્ય ક્ષેત્ર ન મળે તો અષાડ વદ દસમે અને ત્યારે પણ જો યોગ્ય ક્ષેત્રની પ્રાપ્તિ ન થઈ હોય તો અષાડ માસની પંચ દસમી (અમાવાસ્યાએ) વર્ષાવાસ આરંભ કરવો જોઈએ. ત્યાં સુધી પણ યોગ્ય ક્ષેત્ર ન મળે તો પાંચ પાંચ દિવસ વધારતા અંતે ભાદરવા સુદ ૫ સુધીમાં તો ચાતુર્માસ કરી દેવાનું અનિવાર્ય માનવામાં આવેલ છે. તે સમય સુધી પણ યોગ્ય ક્ષેત્ર પ્રાપ્ત ન થાય તો અંતે વૃક્ષની નીચે પણ પર્યુષણાકલ્પ કરવું જોઈએ પરંતુ તે તિથિનું કોઈ પણ સંજોગે ઉલ્લંઘન ન કરવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમ, દસમ અને પાખી એ પર્વોમાં જ પર્યુષણા કલ્પ કરવું જોઈએ, અન્યતિથિ કે અપર્વમાં નહિ. આવી જાતનું સામાન્ય વિધાન હોવા છતાં પણ વિશિષ્ટ કારણથી આર્યકાલકે ચોથના દિવસે પર્યુષણાની આરાધના કરી હતી પરંતુ તેને અપવાદ ગણવામાં આવેલ છે અને તે કોઈ પરંપરાના રૂપમાં માન્ય કરવામાં આવેલ નથી. [૭૨]

વર્ષાવાસમાં વિશેષ કારણથી શ્રમણ વિહાર કરી શકે છે. સ્થાનાંગ સૂત્રમાં પાંચ કારણોનો નિર્દેશ કરેલ છે. તે આ પ્રમાણે છે: (૧) જ્ઞાન માટે (૨) દર્શન માટે (૩) ચારિત્ર માટે (૪) આચાર્ય કે ઉપાધ્યાય કાળ ધર્મને પામ્યા હોય તો અને (૫) આચાર્ય ઉપાધ્યાય વગેરેની વૈયાવૃત્યને માટે. [૭૩]

કલ્પસૂત્રની ટીકાઓમાં કેટલાં અન્ય કારણ પણ વર્ષાવાસમાં વિહાર કરવા માટે બતાવેલ છે જેવાં કે – દુષ્કાળ, ભિક્ષાની ઉપલબ્ધિ ન હોય, રાજપ્રકોપ થાય, રોગ ઉત્પન્ન થાય, જીવોની ઉત્પત્તિનું આધિક્ય હોય, વગેરે વગેરે. [૭૪]

વર્ષાવાસ સમાપ્ત થતાં શ્રમણે વિહાર કરવો જોઈએ પણ જો વૃષ્ટિનું આધિક્ય હોય, વરસાદથી રસ્તા દુર્ગમ કે ભાંગી ગયા હોય, કાદવ કીચડ વધુ હોય, બીમારી વગેરેનું કોઈ કારણ હોય તો તે વર્ષાવાસ પછી પણ રોકાઈ શકે છે. [૭૫]

વર્ષાવાસને માટે પણ તે જ ક્ષેત્ર ઉત્તમ માનવામાં આવેલ છે કે જ્યાં તેર ગુણ હોય – તે આ પ્રમાણે – (૧) જ્યાં વિશેષ કાદવ ન હોય (૨) અધિક જીવોની ઉત્પત્તિ ન હોય (૩) શૌચ – સ્થળ નિર્દોષ હોય (૪) રહેવાનું સ્થાન શાંતિ આપનારું હોય (૫) ગોરસની ઉપલબ્ધિ યોગ્ય રીતે થતી હોય (૬) જનસમૂહ વિશાળ અને ભદ્રપરિણામી હોય (૭) સુજ્ઞ વૈદ્ય હોય (૮) ઔષધ સુલભ હોય (૯) ગૃહસ્થ વર્ગ ધન, ધાન્યાદિથી સમૃદ્ધ હોય (૧૦) રાજા ધાર્મિક હોય (૧૧) શ્રમણોનું બ્રાહ્મણો દ્વારા અપમાન ન થતું હોય (૧૨) ભિક્ષા સુલભ હોય (૧૩) જ્યાં સ્વાધ્યાય માટે યોગ્ય સ્થાન હોય. [૭૬]

ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીરના શ્રમણોને માટે વર્ષાવાસ – પર્યુષણાનું પૂર્ણ વિધાન છે અર્થાત તેઓ ચાર માસ સુધીના નિયત કાળમાં એક જ ક્ષેત્રમાં વાસ કરે છે. શેષ બાવીસ તીર્થંકરોના શ્રમણોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે એવું વિધાન નથી. તેઓ વર્ષા વગેરેના કારણે રોકાતા પણ હતા અને કારણ ન હોય તો વિહાર પણ કરી જતા હતા. [૭૭]

આ દસ કલ્પોમાં (૧) આચેલક્ય (૨) ઔદ્દેશિક (૩) પ્રતિક્રમણ (૪) રાજપિંડ (૫) માસ કલ્પ (૬) પર્યુષણા કલ્પ એ છ કલ્પ અસ્થિર છે. [૭૮] (૧) શય્યાતરપિંડ (૨) ચોથા મહાવ્રતરૂપધર્મ (૩) પુરુષજ્યેષ્ઠ (૪) કૃતિકર્મ એ ચાર કલ્પ અવસ્થિત છે અને ચોવીસેય તીર્થંકરોના શાસનમાં માન્ય છે. [૭૯]

* કલ્પ : ત્રીજું ઔષધ

કલ્પના મહત્ત્વનું પ્રતિપાદન કરતાં પૂર્વાચાર્યોએ એક વિચારપ્રધાન દૃષ્ટાંત આપેલ છે.

ક્ષિતિપ્રતિષ્ઠ નગર હતું. જિતશત્રુ નામના રાજા ત્યાં રાજ્ય કરતા હતા. ચિર પ્રતીક્ષા પછી, ઢળતી વયે તેને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. પુત્ર સદા સ્વસ્થ અને પ્રસન્ન બન્યો રહે તે માટે રાજાએ તેના રાજ્યના ત્રણ સુપ્રસિદ્ધ વૈદ્યોને બોલાવ્યા અને તેમને કહ્યું: "વૈદ્યરાજ! એવું ઔષધ બતાવો કે જેનાં સેવનથી મારો પુત્ર ગુલાબના ફૂલની માફક સદા ખીલતો રહે."

તે વૈદ્યોમાંથી પ્રથમ વૈદ્યે કહ્યું—"રાજન્! મારા ઔષધમાં એવો ચમત્કાર છે કે જો શરીરમાં કોઈપણ જાતનો રોગ હોય તો સેવન કરતાં જ નષ્ટ થઈ જાય અને જો શરીરમાં રોગ ન હોય તો રોગ ઉત્પન્ન થઈ જાય."

રાજાએ કહ્યું: વૈદ્યવર! મને એવા ઔષધની આવશ્યકતા નથી, રોગને નિમંત્રણ આપવાવાળું એ ઔષધ શું કામનું?"

બીજા વૈદ્યે કહ્યું: "રાજન્! મારા ઔષધમાં અપૂર્વ શક્તિ છે. શરીર વ્યાધિથી ઘેરાયેલ હોય તો વ્યાધિથી મુક્ત થઈ જાય પરંતુ જો શરીરમાં વ્યાધિ ન હોય તો ઔષધ કંઈ લાભ પણ નહિ કરે તેમ હાનિ પણ નહિ કરે."

રાજાએ કહ્યું: વૈદ્યવર! આપનું ઔષધ તો રાખમાં ઘી નાખવા સમાન છે. તેવા ઔષધની પણ મને આવશ્યકતા નથી."

ત્રીજા વૈદ્યે કહ્યું:— "રાજન્! મારું ઔષધ વિલક્ષણ ગુણવાળું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો શરીરમાં રોગ હોય તો તેનાથી મુક્તિ મળી જશે, રોગ નહિ હોય તો ભવિષ્યમાં રોગ ઉત્પન્ન નહિ થાય, તેના સેવનથી શરીરમાં અભિનવ ચેતના તથા નવસ્ફૂર્તિનો સંચાર થશે, બળ, વીર્યની વૃદ્ધિ થશે, શરીર સદા સ્વસ્થ અને મન સ્વસ્થ રહેશે."

રાજાએ પ્રસન્ન થઈને કહ્યું :– "વૈદ્યવર! તમારું ઔષધ ખરેખર ઉત્તમ છે, રાજકુમાર માટે એ જ યોગ્ય છે. આ ઔષધના સેવનથી રાજકુમાર સ્વસ્થ, સશક્ત અને તેજસ્વી બની ગયો."

આચાર્યોએ પ્રસ્તુત દૃષ્ટાંતથી એવો ભાવ વ્યક્ત કર્યો છે કે કલ્પનું પાલન પણ ત્રીજા ઔષધ સમાન હિતાવહ છે. જો દોષ લાગ્યો હોય તો શુદ્ધિ થઈ જાય છે અને દોષ ન લાગેલ હોય તો સદા સાવધાની અને જાગૃતિ રાખવાથી ભૂલની ધૂળ લાગતી નથી. આ રીતે કલ્પ એ એક એવું રસાયણ છે કે જે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે ગુણોને પરિપુષ્ટ કરે છે.

* અસ્થિર અને અવસ્થિત કલ્પ શા માટે?

એક પ્રશ્ન એવો પણ થાય છે કે બધા તીર્થંકરોના શ્રમણોનું લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ છે તો પછી પ્રથમ અને અંતિમ તેમ જ બાવીસ તીર્થંકરોના શ્રમણોના આચાર કલ્પમાં આટલો મોટો તફાવત કેમ છે? અસ્થિર અને અવસ્થિત કલ્પનો ભેદ શા માટે છે?

સમાધાન એ છે કે – પ્રથમ તીર્થંકરના શ્રમણો જડ અને સરળ હતા. અજિત આદિ બાવીસ તીર્થંકરોનાં કાળના શ્રમણો વિજ્ઞ અને સરળ હતા. ભગવાન મહાવીરના શ્રમણો જડ અને વક્ર હતા એટલા માટે સહજતાથી સમજી તેમજ પાલન કરી શકે તે માટે મોક્ષમાર્ગ એક હોવા છતાં પણ આચાર કલ્પમાં અંતર કરવામાં આવેલ છે.

પ્રથમ તીર્થંકરના શ્રમણો જડ હતા. તેમનામાં બાવીસ તીર્થંકરોના શ્રમણો જેટલી પ્રતિભાની તેજસ્વિતા ન હતી. તેઓ કોઇ પણ વસ્તુના હાર્દ સુધી જલદી પહોંચી શકતાં નહિ, સરળ હોવાના કારણે ભૂલનો સહજ સ્વીકાર કરી લેતા હતા. જે નીચેના દૃષ્ટાન્તથી સ્પષ્ટ થાય છે.

એક વખત ભગવાન ઋષભદેવના શ્રમણો શૌચ માટે ગયા – ઘણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખત વીત્યે પાછા ફર્યા. ગુરુએ પૂછયું - "આટલી બધી વાર કેમ થઇ?" શિષ્યોએ નિવેદન કર્યું – "ગુરુદેવ! માર્ગમાં એક નટ નૃત્ય કરી રહેલ હતો, તેને જોવા અમે રોકાઈ ગયા." ગુરુએ ઠપકો આપતાં કહ્યું : "વત્સ! શ્રમણોએ નટનું નૃત્ય જોવું ન જોઇએ." "તહત્તિ" કહીને તેમણે ગુરુના આદેશને શિરોધાર્ય કર્યો.

થોડા દિવસ પછી એક દિવસ ફરી શિષ્યો વિલંબથી આવ્યા. ગુરુએ કારણ પૂછયું : તેમણે કહ્યું : "ગુરુદેવ! માર્ગમાં એક નટડીનું મનોહર નૃત્ય થઈ રહ્યું હતું, તેને જોવા અમે રોકાઈ ગયા." આજ્ઞાની અવહેલના કરવાના કારણે ગુરુએ વિશેષ ઠપકો આપતાં કહ્યું :– "જ્યારે નટના નૃત્યને જોવાનો નિષેધ કરવામાં આવ્યો ત્યારે તેમાં જ નટડીના નૃત્યનો નિષેધ પણ સમજી લેવો જોઇએ – કેમ કે તે વિશેષ રાગનું કારણ છે." શિષ્યોએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો અને ભવિષ્યમાં સાવધાની રાખવાનો સંકલ્પ કર્યો.

બાવીસ તીર્થંકરોના શ્રમણો મેધાવી હતા. તેમના જીવનમાં પણ એવો જ પ્રસંગ આવ્યો. ગુરુએ નટ-નૃત્યનો નિષેધ કર્યો ત્યારે તેઓએ બુદ્ધિની પ્રખરતાથી નટડી વગેરે બધી જાતના નૃત્યોનો નિષેધ સમજી લીધો.

ભગવાન મહાવીરના શ્રમણો જડ અને વક્ર હતા. તેમના જીવનમાં જ્યારે એવો પ્રસંગ આવ્યો ત્યારે તેઓએ ગુરુને ઠપકો આપતાં કહ્યું : "આપની જ ભૂલ છે, આપે પ્રથમ સ્પષ્ટીકરણ કેમ ન કર્યું કે નટનું નૃત્ય ન જોવું અને નટડીનું પણ ન જોવું જોઇએ. આપે એમ કહ્યું નહિ, માત્ર નટના નૃત્યનો નિષેધ કર્યો તેથી અમે નટડીના નૃત્યને જોવા રોકાણા." આ છે જડતાની સાથે વક્રતાનું નિદર્શન.

—— * જડ અને સરલ

બીજું દૃષ્ટાંત જોઇએ – કોંકણ દેશમાં એક શેઠ રહેતા હતા. આચાર્યના વૈરાગ્યમય ઉપદેશને સાંભળી તેને સંસારથી વિરક્ત થઈ, દીક્ષા ગ્રહણ કરી. એકદિવસ ઇર્યાવહીના કાયોત્સર્ગમાં તેને વધુ સમય લાગ્યો. ગુરુએ પૂછયું :– 'વત્સ! આટલા સમય સુધી ધ્યાનમાં શું ચિંતન કર્યું હતું?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યે કહ્યું :– 'ગુરુદેવ! જીવદયાનું સૂક્ષ્મ ચિંતન કરી રહ્યો હતો.
ગુરુએ ફરી પૂછ્યું :– 'બતાવો, કઈ રીતે ચિંતન કરી રહ્યા હતા?'
શિષ્ય :– 'ગુરુદેવ! મારે ઘેર ખેતીનો ધંધો હતો. હું ખેતરને રેશમની માફક મુલાયમ બનાવતો. વરસાદ પડયા પછી તેમાં બિયાં વાવતો પછી તેમાં ઘાસ વગેરે જે પેદા થતું તેને નીંદી (વાઢી) એક તરફ કરતો અને ખેતીની ખૂબ સંભાળપૂર્વક રક્ષા કરતો. આથી ગામમાં મારી જ ખેતી સૌથી શ્રેષ્ઠ થતી. અત્યારે મારા ભોળા ભદ્રિક છોકરાઓ શું કરતા હશે! જો ધ્યાન રાખશે નહિ તો ધાન્ય સારું પેદા થશે નહિ અને અનાજ વિના તેમની કેવી દયાજનક હાલત થશે?'

ગુરુએ કહ્યું : – 'શિષ્ય! એ જાતનું ધ્યાન, ધર્મધ્યાન નહિ પરંતુ દુર્ધ્યાન છે. અહિંસક ધ્યાન નહિ, હિંસક ધ્યાન છે. હવે પછી આ જાતનું ધ્યાન ન કરવું.' શિષ્યે ભૂલનો સ્વીકાર કર્યો. આ છે જડતાની સાથે સરલ માનસનું ચિત્રણ.

ભગવાન ઋષભદેવના શાસનકાળની સાથે સરળ મનોવૃત્તિનો પરિચય આપનારું એક લૌકિક દૃષ્ટાંત છે. એક શિષ્ય ભિક્ષા લઈને આવ્યો. ગુરુએ ભિક્ષાપાત્ર ખોલ્યું. પાત્રમાં એક જ વડું જોઈને ગુરુએ આશ્ચર્ય સાથે પૂછયું 'વત્સ! એવા કોણ દાતા મળ્યા કે જેમણે એકજ વડું આપ્યું.'

શિષ્યે વિનમ્ર શબ્દોમાં નિવેદન કર્યું "ગુરુદેવ! ગૃહસ્થે મને ઉદારભાવનાથી બત્રીસ ગરમાગરમ વડા આપ્યાં હતાં. મેં વિચાર્યું આ બધા એકલા ગુરુજી ખાશે નહિ, અરધાં મને આપશે જ. પછી ગરમાગરમ વડા ને ઠંડા કરવાથી શું લાભ છે? હું મારા હિસ્સાનાં સોળ વડાં ખાઈ ગયો, વડાં ઘણાં સારાં લાગ્યાં. ફરી વિચાર્યું સોળ વડાંનાં પણ બે ભાગ કરવામાં આવશે, એમ વિચારીને આઠ બીજાં ખાઈ ગયો. પૂર્વવત વિચાર કરતો થકો બીજા ચાર વડાં ખાઈ ગયો. ફરી પાછાં બે ખાઈ ગયો, આમ ભાગનો વિચાર કરતાં કરતાં એક ફરી ખાઈ ગયો. આ પ્રમાણે એકત્રીસ વડાં મેં ખાધાં."

ગુરુએ કહ્યું : 'વત્સ! ગુરુજીને ખવરાવ્યા વિના તે વડાં તારા ગળા નીચે કેવી રીતે ઊતરી ગયાં?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વડું જે પાત્રમાં પડયું હતું તેને મોઢામાં નાખતાં શિષ્યે કહ્યું 'ગુરુજી! આ રીતે તે બધાં ગળા નીચે ઊતરી ગયાં.'

શિષ્યની સરળતા જોઈને ગુરુની આંખોમાં મંદ-સ્મિતની રેખાઓ ચમકી ઉઠી. ગુરુજીએ સમજાવ્યું: 'વત્સ! માર્ગમાં ચાલતાં અને ગુરુને બતાવ્યા વિના ખાવું તે સાધ્વાચારની વિરુદ્ધ છે.' શિષ્યને પોતાની ભૂલનું જ્ઞાન થયું. ભવિષ્યમાં તેવી ભૂલ ન કરવાનું વચન આપ્યું.

હવે જોઈએ, એક વક્ર વણિકપુત્રનું પણ દૃષ્ટાંત. એક શેઠે પોતાના વાચાળ પુત્રને શિક્ષા આપતાં કહ્યું: 'પુત્ર, મોટાની સામે બોલવું ન જોઈએ.'

પુત્રે વિચાર્યું – 'પિતાજીને એવું છટ્ટીનું દૂધ પિવડાવું કે જેથી પિતા પણ યાદ કરે. એક દિવસ બધાં ઘરવાળાં બહાર ગયાં હતાં. ઘરમાં તે એકલો જ હતો. ઘરનાં બધાં દ્વાર બંધ કરી તે એક ઓરડામાં બેસી ગયો. પિતા પાછા આવ્યા, બૂમો પાડી, પણ તે ન બોલે કે ન બારણું ઉઘાડયું. શેઠે વિચાર્યું કે સંભવ છે, અઘટિત ઘટના બની ગઈ હોય. ચિંતાતુર પિતા દીવાલ ઓળંગી અંદર પહોંચ્યા. છોકરો અંદર બેસી મનોમન હસી રહ્યો હતો. શેઠે કહ્યું – 'અરે મૂર્ખ! આટલી બૂમો પાડી તો ય તું બોલ્યો કેમ નહિ! તેણે ખડખડાટ હસતાં કહ્યું: 'આપે જ કહ્યું હતું ને કે મોટાની સામે બોલવું નહિ.'

આચાર્યોએ આવાં દૃષ્ટાંતોથી પ્રથમ, અંતિમ અને મધ્યમ તીર્થંકરોના યુગનું મનોવિશ્લેષણ રજૂ કરેલ છે કે તે યુગના મનુષ્યની વૃત્તિઓ અને મનની સ્થિતિ કેવા પ્રકારની ઋજુજડ, વક્રજડ અને ઋજુપ્રાજ્ઞ હતી.

——— * પર્યુષણ અને કલ્પસૂત્રનું મહત્ત્વ

ભારતવર્ષ પર્વપ્રધાન દેશ છે. પર્વોનું જેટલું સૂક્ષ્મ – વિવેચન અને વિશદ વિશ્લેષણ ભારતીય સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે તેટલું અન્ય સાહિત્યમાં થતું નથી. અહીં સાત વાર છે તો નવ તહેવાર છે.

પર્વ બે જાતનાં હોય છે, લૌકિક તથા લોકોત્તર. લૌકિક પર્વ આનંદ, ભોગ અને ખેલકૂદથી ઉજવવામાં આવે છે પરંતુ લોકોત્તર પર્વ ત્યાગ–તપસ્યા અને સાધના દ્વારા ઉજવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લૌકિકોત્તર પર્વોમાં પણ પર્યુષણ પર્વનું વિશિષ્ટ સ્થાન છે. તેની કાંઇક મૌલિક વિશેષતાઓના કારણે જ તે મહાપર્વ કહેવાય છે. જેમકે દૂધમાં ગાયનું દૂધ, પાણીમાં ગંગાજળ, પટતંતુઓમાં હીર, વસ્ત્રોમાં ચીર, અલંકારોમાં ચૂડામણિ, જ્યોતિષ્કોમાં નિશામણિ, અશ્વોમાં પંચવલ્લભ કિશોર, નૃત્યમાં મયૂરનૃત્ય, હાથીઓમાં ઐરાવત, દૈત્યોમાં રાવણ, વનોમાં નંદનવન, કાષ્ઠોમાં ચંદન, તેજસ્વીઓમાં આદિત્ય, રાજાઓમાં વિક્રમાદિત્ય, ન્યાયકર્ત્તાઓમાં શ્રી રામ, રૂપમાં કામ, સતીઓમાં રાજીમતી, શાસ્ત્રોમાં ભગવતી, વાદ્યોમાં ભંભા, સ્ત્રીઓમાં રંભા, સુગંધોમાં કસ્તૂરી, વસ્તુઓમાં તેજંતુરી, પુણ્યધારકોમાં નળ, પુષ્પોમાં કમળ તે જ પ્રમાણે પર્વોમાં પર્યુષણ પર્વ છે. પર્યુષણની પુણ્ય પળોમાં સાધકે પોતાને બહિરાત્મભાવથી દૂર ખસેડી અંતરાત્મામાં રમણ કરવું જોઈએ. ત્યાગ, વૈરાગ્ય અને પ્રત્યાખ્યાનથી જીવનને ચમકાવવું જોઈએ.

પર્યુષણમાં જીવનોત્થાનની મંગળમય પ્રેરણા પ્રાપ્ત કરવા માટે જ કલ્પસૂત્રનાં વાંચન અને શ્રવણની પરંપરા છે. કલ્પસૂત્ર દશાશ્રુત સ્કન્ધનું આઠમું અધ્યયન છે. તેના ત્રણ વિભાગ છે. પ્રથમ વિભાગમાં ચોવીસ તીર્થંકરોનાં પવિત્ર ચરિત્ર છે. બીજા વિભાગમાં સ્થવિરાવલી છે અને ત્રીજા વિભાગમાં સમાચારી છે.[૮૧]

કલ્પસૂત્રની મહત્તાનું પ્રતિપાદન કરતાં આચાર્યોએ કહ્યું છે-કલ્પસૂત્ર એ આચાર અને તપના મહત્ત્વનું પ્રતિપાદન કરનારું મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. તે કલ્પવૃક્ષની જેમ મનોવાંછિત ઋદ્ધિ, સમૃદ્ધિ અને આત્મિક સુખ પ્રદાન કરે છે.[૮૨]

જે મનુષ્ય જિનશાસનની પ્રભાવના કરવા પૂર્વક, જિનધર્મ ઉપર દૃઢ નિષ્ઠાપૂર્વક એકાગ્ર ચિત્તે એકવીસ વખત કલ્પસૂત્રનું શ્રવણ અને વાંચન કરે છે તે શીઘ્ર સંસાર સાગરથી પાર પામી જાય છે.[૮૩] મહાપુરુષોના ગુણાનુવાદ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે.[૮૪] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો લાભ થાય છે, તથા તેના લાભથી જીવ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.[૮૫]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


અહમ્

નમોત્થુ ણું સમણસ્સ ભગવઓ વીરવદ્ધમાણુસામિસ્સ

ચરિમસુયકેવલિસિરિભદ્દબાહુસામિવિરઇયં

સિરિકપ્પસુત્તં

(દસાસુયકખંધસુત્તસ્સ અટ્ઠમં અજ્ઝયણું)



મૂળ, અર્થ, વિવેચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ નમ : શ્રી સર્વજ્ઞાય ॥

ણમો અરિહંતાણું
ણમો સિદ્ધાણું
ણમો આયરિયાણું
ણમો ઉવજ્ઝાયાણું
ણમો લોએ સવ્વસાહૂણું ।

એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો ।
મંગલાણું ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥૧॥

અર્થ – અરિહંતોને નમસ્કાર થાઓ
સિદ્ધોને નમસ્કાર થાઓ
આચાર્યોને નમસ્કાર થાઓ
ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ.
લોકમાં સ્થિત સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે.

વિવેચન :– નમસ્કાર મહામંત્ર, જૈન સંસ્કૃતિનો એક સર્વમાન્ય પ્રભાવશાળી મંત્ર છે. તે સંસારના સર્વ મંત્રોમાં મુગટમણિ સમાન છે, કલ્પતરુ, ચિંતામણિ, કામકુંભ અને કામધેનુ સમાન સમસ્ત કામનાઓને પૂર્ણ કરવાવાળો છે, લોકમાં અનુપમ છે, આધ્યાત્મિક, આધભૌતિક અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધિદૈવિક બધી જાતની અડચણોને દૂર કરનાર અમોઘ મંત્ર છે. તેના જાપથી પાપ નષ્ટ થાય છે, બુદ્ધિની શુદ્ધિ થાય છે, લક્ષ્મીની વૃદ્ધિ થાય છે, સિદ્ધિની ઉપલબ્ધિ થાય છે, આરોગ્યની પ્રાપ્તિ થાય છે, ચિંતાઓ નષ્ટ થાય છે, ભૂત, પ્રેત, રાક્ષસ, પિશાચ, ડાકિની, શાકિની વગેરે બધી જાતના ઉપદ્રવોનું ઉપશમન થાય છે. લૌકિક અને લોકોત્તર બધી જાતનાં સુખ પ્રાપ્ત થાય છે. મલિનથીય મલિન અને પતિતથીય પતિત આત્માઓ પણ નમસ્કાર મંત્રના જાપથી નિર્મળ તથા પવિત્ર બની જાય છે.

આચાર્યો કહે છે કે, નમસ્કાર મહામંત્રના એક અક્ષરનું ધ્યાન કરવાથી પણ સાત સાગરોપમના કાળ સુધી ભોગવાય તેટલાં પાપ નષ્ટ થઈ જાય છે. સંપૂર્ણ મહામંત્રનું ધ્યાન ધરવાથી પાંચસો સાગરોપમના કાળ સુધી ભોગવાય તેટલાં પાપોનો વિનાશ થાય છે.[૧] જે નમસ્કાર મહામંત્રનો નિષ્કામભાવથી વિધિપૂર્વક એક લાખ વાર જાપ કરે છે, તેની અર્ચના કરે છે તે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે, તે શાશ્વત – ધામ (મુક્તિ)ને પ્રાપ્ત કરે છે.[૨] જે ભાવિક ભક્ત આઠ કરોડ, આઠ હજાર, આઠસો આઠ વાર નમસ્કાર મહામંત્રનો જાપ કરે છે તે ત્રીજા ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.[૩]

જૈન આગમ અને આગમેતર સાહિત્યમાં એવી અનેક કથાઓ વિદ્યમાન છે કે જેમાં નમસ્કાર મહામંત્રના અદ્‌ભુત પ્રભાવનો મહિમા વર્ણવ્યો છે. મહામંત્રના પ્રબળ પ્રભાવથી જ શેઠ સુદર્શને શૂળીને સિંહાસનના રૂપમાં પરિણત કર્યું હતું, નાગ જેવા ક્ષુદ્ર જીવને પણ ધરણેન્દ્રની પદવી પ્રાપ્ત થઈ હતી. સતી સુભદ્રાએ કાચા સૂતરથી ચાળણીને બાંધીને કૂવામાંથી પાણી કાઢયું હતું અને ચંપાનગરીના દ્વાર ખોલ્યાં હતાં. સતી સીતાએ અગ્નિકુંડને જળકુંડના રૂપમાં બદલી નાખ્યો હતો. અગ્નિની જ્વાળાઓને પણ બરફ જેવી શીતળ બનાવી દીધી હતી. સતી શ્રીમતીએ ભયંકર વિષધરને ફૂલની માળાના રૂપમાં ફેરવી નાખ્યો હતો. તે મહામંત્રના ચમત્કારથી જ શ્રીપાલ અને મયણાસુંદરીનું જીવન સુખી બન્યું હતું. દ્રૌપદીનાં ચીર ઢંકાયાં હતાં, વિષને અમૃત, શત્રુને મિત્ર, અગ્નિને પાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દુઃખીને સુખી બનાવનાર દિવ્ય પ્રભાવશાળી તે મહામંત્ર નમસ્કાર જ છે.

આ મહામંત્ર અનાદિ છે, ભૂતકાળમાં અનંત તીર્થંકર થયા છે, ભવિષ્યમાં અનંત તીર્થંકર થશે પરંતુ કોઈ પણ આ મહામંત્રની આદિને જાણતા નથી. જેની આદિ નથી તેની આદિ, જાણી પણ કઈ રીતે શકાય? માટે તે અનાદિ અનંત મંત્ર છે.

આ મહામંત્રમાં વ્યક્તિવિશેષની ઉપાસના નહિ પણ ગુણોની ઉપાસના કરવામાં આવેલ છે, આત્મિક ગુણોને વિકસિત કરનારા જે મહાપુરુષો છે તેમને નમસ્કાર કરવામાં આવેલ છે. આ મહામંત્ર, પંથ પરંપરા કે સંપ્રદાયની પરિધિથી મુક્ત છે તેથી માનવમાત્રની એક અણમોલ નિધિ છે અને બધાને માટે સમાન ભાવથી સદા સ્મરણીય છે.

मूल:--

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पंच हत्थुत्तरे होत्था। तं जहा-हत्थुत्तराहिं चुए चइत्ता गब्भं वक्कंते १ हत्थुत्तराहिं गब्भाओ गब्भं साहरिए २ हत्थुत्तराहिं जाए ३ हत्थुत्तराहिं मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ४ हत्थुत्तराहिं अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुन्ने केवलवरनाणदंसणे समुप्पन्ने ५ साइणा परिनिव्वुए भयवं ॥ १ ॥

અર્થ : તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરનાં પાંચ કલ્યાણક હસ્તોત્તર (ઉત્તર ફાલ્ગુની) નક્ષત્રમાં થયાં. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન સ્વર્ગથી ચ્યવીને ગર્ભમાં આવ્યા (૧) હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનને એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરણ કરવામાં આવ્યા (૨) હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન જન્મ્યા (૩) હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાને મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અનગારત્વનો (દીક્ષાનો) સ્વીકાર કર્યો (૪) હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનને અનંત, અનુત્તર, અવ્યાબાધ, નિરાવરણ, સમગ્ર અને પરિપૂર્ણ શ્રેષ્ઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું (૫) તથા સ્વાતિ નક્ષત્રમાં ભગવાન પરિનિર્વાણને પ્રાપ્ત થયા (૬) ॥૧॥[૫]

વિવેચન: પ્રસ્તુત સૂત્રમાં ત્રણ શબ્દ ચિંતનીય છે. **'સમણે' 'ભગવં'** અને **'મહાવીરે.'** આચારાંગ અને કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના ત્રણ નામ આવે છે. તેમાં બીજું નામ 'સમણ' છે. 'સમણ' શબ્દના 'સમન' 'સુમનસ' અને 'શ્રમણ' એવાં ત્રણ સંસ્કૃત રૂપ બને છે.

બધા જીવોને આત્મતુલ્ય દૃષ્ટિથી જોનારા તે સમતાયોગી 'સમન' કહેવાય છે.[૬] રાગદ્વેષ રહિત મધ્યસ્થ વૃત્તિવાળા સમનસ્ અથવા 'સુમનસ' કહેવાય છે.[૭] 'સમનસ્' ના સ્થાને 'સુમનસ' નો પ્રયોગ જોવા મળે છે તેનો અર્થ છે–'જેનું ચિત્ત સદા કલ્યાણકારી કાર્યોમાં ચોંટેલું રહે, મનથી ક્યારેય પાપનું ચિંતન કરતા ન હોય તેને 'સમનસ્' અથવા 'સુમનસ' કહેવામાં આવે છે.

તપસ્યાથી ખિન્ન[૮]–ક્ષીણકાય તપસ્વીને 'શ્રમણ'[૯] કહેવાય છે. સમભાવ પ્રભૃતિ સદ્ગુણોથી સંપન્ન હોવાથી ભગવાન શ્રમણ કહેવાય છે.

ભગવાનમાં 'ભગ' શબ્દનો પ્રયોગ ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન એ છએ અર્થોમાં થાય છે.[૧૦] જેના યશ વગેરેનો મહાન વિસ્તાર થાય છે તેને ભગવાન કહે છે.[૧૧] યજુર્વેદ (૧૫/૩૮) ના પ્રસિદ્ધ ભાષ્યકાર આચાર્ય ઉવ્વટે પણ 'ભગ' શબ્દનો એવો જ અર્થ માન્ય કરેલ છે. બૌદ્ધ ગ્રન્થોના અનુસાર ભગવાન શબ્દની વ્યુત્પત્તિ એમ જ છે, કે જેમના રાગ દ્વેષ, મોહ અને આશ્રવ ભગ્ન-નષ્ટ થઈ ગયા હોય તેને ભગવાન કહે છે.[૧૨]

મહાવીર–યશ અને ગુણોમાં મહાન વીર હોવાથી ભગવાન મહાવીર કહેવાયા.[૧૩] જે શૂર-વિક્રાંત હોય છે તેને વીર કહે છે, કષાયાદિ મહાન્ શત્રુઓને જીતવાથી ભગવાન મહા વિક્રાંત - મહાવીર કહેવાયા.[૧૪] આચારાંગમાં કહેલ છે–"ભયંકર ભય-ભૈરવ તથા અચેલકતા વગેરે કઠિન તથા ઘોરથી પણ ઘોર પરિષહોને દૃઢતાપૂર્વક સહન કરવાના કારણે દેવોએ તેમનું નામ મહાવીર રાખ્યું'[૧૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પસૂત્રના ચૂર્ણિકારે [૧૬] અને ટિપ્પણુકાર આચાર્ય પૃથ્વીચંદ્રે [૧૭] હસ્તોત્તરાનો અર્થ આ પ્રમાણે કર્યો છે– "હસ્તથી ઉત્તર હસ્તોત્તર છે" અર્થાત્ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર-નક્ષત્રોની ગણના કરવાથી હસ્ત નક્ષત્ર કે જેના ઉત્તર–પછી આવે છે તે નક્ષત્ર, તે નક્ષત્રમાં ભગવાન મહાવીરનાં પાંચ કલ્યાણક થયાં.

मूलः--

तेणं कालेणं तेणं समएणं समणे भयवं महावीरे जे से गिम्हाणं चउत्थे मासे अट्ठमे पक्खे आसाढसुद्धे तस्स णं आसाढसुद्धस्स छट्ठीपक्खेणं महाविजयपुप्फुत्तरपवरपुंडरीयाओ महाविमाणाओ वीसं सागरोवमट्ठिइयाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता इहेव जम्बुद्दीवे दीवे भारहे वासे दाहिणड्ढभरहे इमीसे ओसप्पिणीए सुसमसुसमाए समाए विइक्कंताए सुसमाए समाए विइक्कंताए सुसमदुस्समाए समाए विइक्कंताए दुस्समसुसमाए समाए बहुविइक्कंताए सागरोवसकोडाकोडीए बायालीसवाससहस्सेहिं ऊणियाए पंचहत्तरीए वासेहिं अद्धनवमेहिं य मासेहिं सेसेहिं इक्कवीसाए तित्थयरेहिं इक्खागकुलसमुप्पन्नेहिं कासवगुत्तेहिं दोहि य हरिवंसकुलसमुप्पन्नेहिं गोतमसगुत्तेहिं तेवीसाए तित्थयरेहिं वीइक्कंतेहिं समणे भगवं महावीरे चरिमे तित्थकरे पुव्वतित्थकरनिद्दिट्ठे माहणकुण्डग्गामे नगरे उसभदत्तस्स माहणस्स कोडालसगुत्तस्स भारियाए देवाणंदाए माहणीए जालंधरसगोत्ताए पुव्वरत्तावरत्तकालसमयंसि हत्थुत्तराहिं नक्खत्तेणं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जोगमुवागएणं आहारवक्कंतीए भववक्कंतीए सरीरवक्कंतीए कुच्छिंसि गब्भत्ताए वक्कंते ॥ २ ॥

અર્થ : તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ગ્રીષ્મકાળના ચોથા મહિને અને આઠમા પક્ષે અર્થાત્ અષાડ સુદ ૬ ના દિવસે મહાવિજય પુષ્પોત્તર પ્રવર પુંડરીક નામના મહાવિમાનમાંથી કે જ્યાં વીસ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ છે ત્યાંથી પોતાના આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થતાં ચ્યવીને આ જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં, આ અવસર્પિણી કાળમાં કે જ્યારે સુષમસુષમ, સુષમ, સુષમદુષમ, નામના આરા પસાર થઈ ચૂકયા હતા અને દુષમ–સુષમ નામનો ચોથો આરો પણ મુખ્યપણે સમાપ્ત થઈ ગયો હતો, અર્થાત્ એક ક્રોડાક્રોડ સાગરોપમમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછા પ્રમાણવાળા દુષમ–સુષમ નામના આરાનો ઘણો ભાગ વીતી ગયો હતો, માત્ર પંચોતેર વર્ષ ને સાડાઆઠ માસ શેષ રહ્યા હતા ત્યારે પૂર્વે ઇક્ષ્વાકુ કુળમાં જન્મ ગ્રહણ કરેલા અને કાશ્યપગોત્રીય એકવીસ તીર્થંકર થઈ ગયા હતા અને હરિવંશ કુળમાં જન્મ પામેલા ગૌતમ ગોત્રવાળા બે તીર્થંકર પણ થઈ ચૂકયા એટલે કે આ રીતે ત્રેવીસ તીર્થંકર થઈ ગયા પછી 'શ્રમણ ભગવાન મહાવીર અંતિમ તીર્થંકર થશે' આ રીતે પૂર્વ તીર્થંકરો દ્વારા નિર્દિષ્ટ ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડગ્રામ નામના નગરમાં કોડાલ ગોત્રીય ઋષભદત્ત નામના બ્રાહ્મણ, તેની પત્ની જાલંધરગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણી તેની કુક્ષિમાં અર્ધરાત્રિના સમયે, હસ્તોત્તરા (ઉત્તર ફાલ્ગુની) નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ હતો ત્યારે દેવસંબંધી આહાર, ભવ અને શરીરનો ત્યાગ કરીને ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

વિવેચનઃ જૈન આગમોમાં વીસ ક્રોડા ક્રોડ સાગરોપમ પરિમિત સમયને કાળચક્ર કહેલ છે. તેના બે વિભાગ છે, અવસર્પિણી. અને ઉત્સર્પિણી[૧૮] દસ ક્રોડાક્રોડ-સાગરોપમ, પરિમિત તે ઊતરતો કાળ કે જેમાં સમસ્ત પદાર્થોનાં વર્ણાદિ ગુણોની ક્રમશઃ હાનિ થાય છે તે અવસર્પિણી છે.[૧૯] અને દસ ક્રોડાક્રોડ-સાગરોપમ પરિમિત તે ઉત્ક્રાંતિ કાળ કે જેમાં સમસ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાર્થોનાં વર્ણાદિ ગુણોની ક્રમશઃ વૃદ્ધિ થાય છે તે ઉત્સર્પિણી કહેવાય છે.[૨૦]

પ્રત્યેક કાળચક્રમાં છ-છ આરા હોય છે.[૨૧] અવસર્પિણી કાળના પ્રથમ આરાનું નામ "સુષમ-સુષમ" છે. તે ચાર ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ છે. તે સમયે હથેળીની માફક ભૂમિ સમ એક સરખી હોય છે, પાંચ વર્ણવાળા મણિઓ સમાન સુંદર તૃણાદિથી યુક્ત પૃથ્વી હોય છે. ચારે બાજુ ઉદ્દાલ, કોદ્દાલ, મોદ્દાલ, કૃતમાલ, નૃતમાલ, દંતમાલ, નાગમાલ, શૃંગમાલ, શંખમાલ અને શ્વેતમાલ[૨૨] વૃક્ષોની છટાદાર છાયા જ નહિ પરંતુ તે વૃક્ષોમાં સુગંધિત પુષ્પ અને મધુર ફળ લાગેલાં હોય છે. સાથોસાથ જેરુતાલવન, હેરુતાલવન, મેરુતાલવન, પમયાલવન, સાલવન, સરલવન, સપ્તવર્ણવન, પૂગફલીવન, ખજૂરીવન નારિયેળવન આદિ ગાઢ વનો[૨૩] પણ યત્રતત્ર પ્રસરેલા હોય છે. માનવ પ્રકૃતિથી સરળ, માનસથી કોમળ અને ઉપશાંત રાગદ્વેષવાળા હોય છે, શરીરથી સુંદર અને સ્વસ્થ હોય છે. તે સમયે માનવની ઉત્કૃષ્ટ ઊંચાઈ ત્રણ ગાઉની અને ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે.[૨૪] ત્રણ દિવસ પછી તેને ભૂખ લાગે છે ત્યારે તે તૂવેરની દાળ જેટલી માત્રાનું અત્યલ્પ ભોજન કરે છે.[૨૫] દસ પ્રકારના કલ્પવૃક્ષોથી મનોવાંછિત સુખસાધનોની ઉપલબ્ધિ થાય છે તે યુગના માનવ સુખી જ નહિ, પરમ સુખી તથા સંતુષ્ટ હોય છે.

બીજા આરાનું નામ 'સુષમ' છે. તે ત્રણ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ હોય છે. પહેલાની અપેક્ષાએ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શની ઉત્કૃષ્ટતાનો હ્રાસ થતો જાય છે. તે આરાના પ્રારંભમાં માનવની આયુ બે પલ્યોપમની હોય છે અને આરાના અંત સમયે એક પલ્યોપમની. ઊંચાઈ પણ પ્રારંભમાં બે ગાઉની અને અંતિમ સમયે એક ગાઉની. પૂર્વવત તેમની પણ ઇચ્છાઓ કલ્પવૃક્ષથી પૂર્ણ થતી હોય છે.

ત્રીજા આરાનું નામ 'સુષમ-દુષમ' છે. તે બે ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ છે. તે આરાની શરૂઆતમાં માનવની ઊંચાઈ એક ગાઉની અને ઊતરતા આરે પાંચસો ધનુષ્યની હોય છે. આયુષ્ય પ્રારંભમાં એક પલ્યોપમનું અને ઊતરતે આરે કરોડ પૂર્વનું હોય છે. આ આરાના એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્યોપમનો આઠમો ભાગ જ્યારે શેષ રહે છે ત્યારે પ્રથમ કુલકરનો જન્મ થાય છે અને ચોર્યાસી લાખ પૂર્વ ત્રણ વરસ અને સાડા આઠ માસ શેષ રહે ત્યારે પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. [૨૬]

ચોથા આરાનું નામ 'દુષમ–સુષમ' છે. તે બેતાલીસ હજાર વરસ ઓછાં, એક ક્રોડાક્રોડ સાગરોપમનો હોય છે. પ્રારંભમાં માનવની ઊંચાઈ પાંચસો ધનુષ્યની અને ઊતરતે આરે સાત હાથની હોય છે. પ્રારંભમાં ક્રોડ પૂર્વનું આયુષ્ય અને અંતે સો વરસથી કાંઈક અધિક હોય છે. આ આરામાં ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ વાસુદેવ તથા નવ બળદેવ થાય છે. [૨૭]

પાંચમા આરાનું નામ 'દુષમ' છે. તે એકવીસ હજાર વરસનો હોય છે. તેમાં માનવનું આયુષ્ય પ્રારંભમાં એક સોથી કાંઈક અધિક વરસોનું હોય છે અને અંતમાં વીસ વરસનું. પ્રારંભમાં સાત હાથની ઊંચાઈ હોય છે [૨૮] અને પછી ધીરે ધીરે ઓછી થતાં એક હાથની રહી જાય છે. આ આરામાં જન્મેલ વ્યક્તિ મોક્ષ મેળવી શકતી નથી કારણ કે આ કાળે માનવસ્વભાવ અમર્યાદિત અને ઉચ્છૃંખલ હોય છે.

છઠ્ઠા આરાનું નામ 'દુષમ–દુષમ' છે. તે પણ એકવીશ હજાર વરસનો હોય છે, તે આરાના પ્રારંભમાં માનવનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીશ વરસનું અને અંતિમ સમયે સોળ વરસનું હોય છે. પ્રારંભમાં એક હાથની ઊંચાઈ ધીમે ધીમે મૂઠી વાળેલા હાથ જેટલી રહી જાય છે. આ આરામાં જમીન અંગારા સમાન તપેલી હોય છે. માનવ કુરૂપ, નિર્લજ્જ, કપટી અને અમર્યાદિત સ્વભાવવાળા હોય છે. તે બોંતેર જાતનાં બિલોમાં નિવાસ કરે છે. [૨૯]

આ પ્રમાણે અવસર્પિણી કાળના છ આરા પૂરાં થયા પછી ઉત્સર્પિણી કાળ શરૂ થાય છે. તેમાં દુષમ–દુષમ, દુષમ, દુષમ–સુષમ, સુષમ–દુષમ, સુષમ અને સુષમ–સુષમ આરા હોય છે. ઉત્સર્પિણી કાળમાં ક્રમશઃ ઉત્તરોત્તર સુખ વગેરેની અભિવૃદ્ધિ થાય છે. [૩૦]

પ્રત્યેક કાળચક્રાર્ધમાં ચોવીસ તીર્થંકર થાય છે. ભગવાન મહાવીરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે ત્રેવીશ તીર્થંકર થઈ ગયા. તેમાં ભગવાન મુનિસુવ્રત અને ભગવાન નેમિનાથ એ બે તીર્થંકર હરિવંશમાં ઉત્પન્ન થયા હતા અને બાકી એકવીસ તીર્થંકર કાશ્યપ ગોત્રીય (ઇક્ષ્વાકુવંશીય) હતા.[૩૧] કાશ્યનો અર્થ ઇક્ષુ રસ થાય છે. તેનું પાન કરવાના કારણે ભગવાન ઋષભદેવ કાશ્યપ કહેવાયા[૩૨] ભગવાન ઋષભદેવના ગોત્રમાં ઉત્પન્ન થવાથી અન્ય તીર્થંકર પણ કાશ્યપ ગોત્રીય કહેવાયા.[૩૩] કાશ્યપનો બીજો અર્થ ક્ષત્રિયતેજ છે અને તે ક્ષત્રિય તેજની રક્ષા કરનારને કાશ્યપ કહે છે.[૩૪]

ભગવાન મહાવીર માટે પ્રસ્તુત સૂત્રમાં 'પૂર્વ નિર્દિષ્ટ' વિશેષણ આપેલ છે. તેનું તાત્પર્ય ભગવાન ઋષભદેવ વગેરે પૂર્વવર્તી તીર્થંકરોની ભવિષ્યવાણીથી છે.

—— * ભગવાન મહાવીરનાં પૂર્વભવો

જૈનધર્મ અવતારવાદી નથી પરંતુ ઉત્તારવાદી છે. તેનું સુનિશ્ચિત મંતવ્ય એવું છે કે કોઈ પણ આત્મા કે સત્પુરુષ, ઈશ્વર કે ઈશ્વરનો અંશ હોતો નથી. પૂર્ણ શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી ફરીને અશુદ્ધ સ્થિતિમાં આવી શકતા નથી. અવતારનો અર્થ એ છે કે ઈશ્વરત્વથી નીચે ઊતરીને માનવ બનવું અને ઉત્તારનો અર્થ એ છે કે માનવથી ભગવાન બનવું. જૈનધર્મના તીર્થંકર નિત્ય શુદ્ધ અને નિત્ય મુક્ત રૂપમાં રહેવાવાળા ઈશ્વર નથી, તેમ તેઓ ઈશ્વરના અવતાર કે અંશ પણ નથી. તેમના જીવનચરિત્રોથી સ્પષ્ટ થાય છે કે તેમનું જીવન પ્રારંભમાં આપણી માફક રાગદ્વેષથી કલુષિત હતું પરંતુ સંયમસાધના અને તપઆરાધના કરીને તેઓએ જીવનને ઉજાળ્યું હતું. એક જીવનની સાધનાથી નહિ, પરંતુ અનેક જન્મોની સાધના–આરાધનાથી તેઓ તીર્થંકર બન્યા. આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણિ, ત્રિષષ્ટિ–શલાકાપુરુષ ચરિત્ર, મહાવીરચરિયં અને કલ્પસૂત્રની વિભિન્ન ટીકાઓમાં મહાવીરના સત્તાવીસ પૂર્વભવોનું વર્ણન છે અને દિગંબરાચાર્ય ગુણભદ્રરચિત ઉત્તરપુરાણમાં તેત્રીસ ભવોનું નિરૂપણ છે.[૩૫] તે સિવાય નામ, સ્થળ તથા આયુષ્ય વગેરેના સંબંધમાં પણ બંને પરંપરાઓમાં અંતર છે.[૩૬] પરંતુ એટલું તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ છે કે તેમનું તીર્થંકરત્વ અનેક જન્મોની સાધનાનું નિશ્ચિત પરિણામ હતું.

અહીં પ્રશ્ન થઈ શકે છે કે સત્તાવીસ પૂર્વભવોનું જ નિરૂપણ શા માટે કરવામાં આવેલ છે? તેનો ઉત્તર એ છે કે કોઈ પણ જીવના પરિભ્રમણની આદિ નથી તેથી પૂર્વભવની ગણના કરવી પણ સંભવ નથી તો પણ જે પૂર્વભવથી મોક્ષમાર્ગની આરાધનાનો આરંભ થાય છે તે ભવથી પૂર્વભવોની ગણના કરવામાં આવે છે. તે દૃષ્ટિથી તે ભવ અને તે જન્મનું મહત્વ છે કે જે ભવ તથા જે જન્મમાં મોક્ષમાર્ગના પ્રથમ ચરણરૂપ સમ્યગ્દર્શન અથવા સદ્બોધિની પ્રાપ્તિ થાય છે. મહાવીરના જીવે નયસારના ભવમાં જ સર્વ પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું. તેથી તે ભવથી તેમના પૂર્વભવોની ગણના કરવામાં આવેલ છે. અહીં એક વાત યાદ રાખવી જોઈએ કે સત્તાવીસ ભવોની જે ગણના છે તે પણ ક્રમબદ્ધ નથી. તે ભવો સિવાય અનેકવાર તેમણે નારક, દેવના તેમજ ક્ષુલ્લક ભવો પણ ગ્રહણ કરેલ છે પરંતુ તે ક્ષુદ્રભવોનાં નામ નિર્દેશ નથી, ત્યાં આચાર્ય "संसारे कियन्तमपि कालमटित्वा" [૩૭] અર્થાત 'કેટલાંક કાળ સુધી સંસાર ભ્રમણ કરીને' એમ લખીને આગળ વધી ગયેલ છે.

સત્તાવીસ ભવોની પરિગણના પણ બે પ્રકારે ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આવશ્યક નિર્યુક્તિ, ચૂર્ણિ, મલયગિરિ વૃત્તિ, ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર, કલ્પ-સૂત્રની ટીકાઓ અને પુરાતત્વવેત્તા શ્રી કલ્યાણવિજયજીના મંતવ્યાનુસાર સત્તાવીસમો ભવ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં જન્મ થવાનો છે જ્યારે સમ-વાયાંગ સૂત્ર તથા તેની વૃત્તિ અનુસાર છવ્વીસમો ભવ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં જન્મ ગ્રહણ કરવાનો છે અને સત્તાવિશમો ભવ ત્રિશલા રાણીના ગર્ભમાં આવવાનો છે. શ્રી મહાવીરના તે ભવોનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે.

(૧) નયસાર

અપર મહાવિદેહના મહાવપ્રવિજયક્ષેત્રની જયંતી નગરીના શત્રુમર્દન નામના રાજા હતા. [૩૮] આ પ્રાંતના પુરપ્રતિષ્ઠાન ગામમાં ભગવાન મહાવીરનો જીવ તે સમયે નયસાર નામનો ગ્રામચિંતક બન્યો. [૩૯] રાજાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવા ભવ્ય મહેલો માટે લાકડાંની જરૂર પડી. [૪૦] રાજાના આદેશાનુસાર નયસાર અનેક ગાડાંઓને લઈને અરણ્યમાં પહોંચ્યા. ભોજન તૈયાર કરીને જમવા બેસવાનો વિચાર કરી રહેલ હતા ત્યાં સાર્થ (સમૂહ)થી છૂટા પડીને અથવા રસ્તો ભૂલીને, ભૂખ અને તરસથી પીડાતા તપસ્વી મુનિઓ ત્યાં નીકળી આવ્યા. [૪૧] નયસારના પૂછવાથી ઉત્તર આપતાં મુનિઓએ કહ્યું: ભદ્ર! અમે સાર્થની સાથે પ્રસ્થાન કર્યું હતું, સાર્થે વિશ્રામ લીધો અને અમે નજીકના ગામમાં ભિક્ષા માટે ગયા હતા. ફરીને અમારા વિશ્રામસ્થાન ઉપર ગયા તો જોયું કે સાર્થ અમારા આવતાં પહેલાંજ પ્રસ્થાન કરી ગયો હતો. તે પછી અમે માર્ગ ભૂલીને જંગલમાં અહીંતહીં ઘૂમી રહ્યા છીએ." નયસારે ભક્તિભાવનાથી વિભોર થઈને તે નિર્દોષ આહાર મુનિજનોને વ્હોરાવ્યો, માર્ગ બતાવ્યો. મુનિઓએ પણ ઉપદેશ આપીને તેને મોક્ષમાર્ગ બતાવ્યો. નયસારે સમ્યકત્વ પ્રાપ્ત કર્યું [૪૨] અને પરિત સંસારી (અલ્પ સંસારી) બન્યા.

(૨) પ્રથમ દેવલોક

નયસાર ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને સૌધર્મ કલ્પમાં એક પલ્યોપમની સ્થિતિવાળા મહર્દ્ધિક દેવ બન્યા. [૪૩]

(૩) મરીચિ (ત્રિદંડી)

નયસારનો જીવ સ્વર્ગનું આયુષ્ય પૂરું થતાં ત્રીજા ભવમાં ચક્રવર્તી સમ્રાટ ભરતના પુત્ર મરીચિના રૂપમાં ઉત્પન્ન થયા. [૪૪] ત્યાં ભગવાન શ્રી ઋષભદેવનું પ્રથમ પ્રવચન સાંભળીને સાધુપણું અંગીકાર કર્યું [૪૫] પરંતુ એક વખત ભયંકર ગરમીના તાપથી પીડાતાં મરીચિ સાધનાના કઠોર કાંટાવાળા માર્ગથી વિચલિત થઈ ગયા. તેના અંતરમાં એવી વિચારલહેરીઓ તરંગિત થઈ કે "મેરુપર્વત જેવો આ સંયમનો ભારે બોજો હું એક મુહૂર્ત પણ સહન કરવા માટે સમર્થ નથી. શું મારે ફરી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો? નહિ, કદાપિ નહિ. પરંતુ જ્યારે સંયમનું વિશુદ્ધપણે પાલન થઈ શકતું નથી ત્યારે શ્રમણવેષ છોડી દઈને નવીન વેષભૂષા અપનાવવી, એ જ ઉચિત છે. [૪૬] તેમણે સંકલ્પ કર્યો – "શ્રમણ સંસ્કૃતિના શ્રમણ ત્રિદંડ-મન વચન અને કાયાના અશુભ વ્યાપારોથી રહિત હોય છે, ઈન્દ્રિયવિજેતા હોય છે પરંતુ હું ત્રિદંડથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુક્ત છું અને અજિતેન્દ્રિય છું તેથી તેના પ્રતીકરૂપે ત્રિદંડ ધારણ કરીશ." ૪૭

શ્રમણો દ્રવ્ય અને ભાવથી મુંડિત હોય છે, સર્વ પ્રાણાતિપાત-વિરમણ મહાવ્રતના ધારક બને છે પણ હું શિખાસહિત છું, હજામત કરાવીશ અને સ્થૂલ પ્રાણાતિપાતનું વિરમણ કરીશ." ૪૮

"શ્રમણ અકિંચન તથા શીલની સૌરભથી સુરભિત હોય છે પણ હું તેવો નથી, હું સપરિગ્રહ રહીને શીલની સૌરભના અભાવમાં ચંદન વગેરે સુગંધથી સુગંધિત રહીશ." ૪૯

"શ્રમણો નિર્મોહી હોય છે પરંતુ હું મોહ-મમતાના મરુસ્થળમાં ઘૂમી રહ્યો છું તેના પ્રતીક રૂપે છત્ર ધારણ કરીશ. શ્રમણ ઉઘાડે પગે હોય છે પણ હું ઉપાનહ (કાષ્ઠ પાદુકા) પહેરીશ." ૫૦

"શ્રમણ કે જેઓ સ્થવિરકલ્પી છે તે શ્વેત વસ્ત્ર ધારણ કરે છે અને જિનકલ્પી નિર્વસ્ત્ર હોય છે પણ હું કષાયથી કલુષિત છું તેથી તેના પ્રતીક રૂપે કાષાયિક-ગેરુવા રંગના વસ્ત્રો ધારણ કરીશ. ૫૧

શ્રમણો પાપભીરુ અને ઘણા જીવોની ઘાત કરનારા એવા આરંભ પરિગ્રહથી મુક્ત હોય છે, સચિત્ત પાણીનો ઉપયોગ કરતા નથી પણ હું તેવું પાળી શકતો નથી તેથી પરિમિત જળ, સ્નાન અને પીવાને માટે ગ્રહણ કરીશ." ૫૨

આ રીતે મરીચિએ પોતાની નવીન પરિકલ્પનાથી પરિવ્રાજક વેષ અને મર્યાદાનું નિર્માણ કર્યું ૫૩ અને ભગવાનની સાથેજ ગ્રામ, નગર વગેરેમાં વિચરવા લાગ્યા. ૫૪ ભગવાનના શ્રમણોથી મરીચિની જૂદી વેશભૂષા જોઈને લોકોના માનસમાં કુતૂહલ ઉત્પન્ન થતું. જિજ્ઞાસુ બનીને તેઓ તેની પાસે પહોંચતા. ૫૫ મરીચિ પ્રતિબોધ આપીને તેમને ભગવાનના શિષ્ય બનાવતા. ૫૬

એક વખત સમ્રાટ ભરતે ભગવાન શ્રી ઋષભદેવ સમક્ષ જિજ્ઞાસા રજૂ કરી કે પ્રભુ! શું આ પરિષદમાં કોઈ વ્યક્તિ એવી છે કે જે આપની જેમજ આ ભરત ક્ષેત્રમાં તીર્થંકર બનશે"? ૫૭ જિજ્ઞાસાનું સમાધાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં ભગવાને કહ્યું–સ્વાધ્યાય, ધ્યાનથી આત્માનું ધ્યાન ધરતા તમારા પુત્ર મરીચિ પરિવ્રાજક, ભવિષ્યમાં વર્ધમાન (મહાવીર) નામના અંતિમ તીર્થંકર થશે. તેની પૂર્વે તે પોતનપુરના અધિપતિ ત્રિપૃષ્ઠ વાસુદેવ બનશે અને વિદેહ ક્ષેત્રની મૂકા નગરીમાં તમારા જેવા જ પ્રિયમિત્ર નામના ચક્રવર્તી બનશે.[૫૮] એ જાતની ત્રણ વિશિષ્ટ ઉપાધિઓ (પદવીઓ) તે એકલા જ મેળવશે." ભગવાનની ભવિષ્યવાણી સાંભળીને સમ્રાટ ભરત ભગવાનને વંદન કરી, મરીચિ પરિવ્રાજકની પાસે પહોંચ્યા અને ભગવાનની ભવિષ્યવાણી સંભળાવતાં બોલ્યા– હે મરીચિ (ત્રિદંડી) પરિવ્રાજક! તમે અંતિમ તીર્થંકર બનશો તેથી હું તમારું અભિનંદન કરું છું.[૫૯] સાથેજ વાસુદેવ તેમજ ચક્રવર્તી પણ થશો." એવું સાંભળીને મરીચિના હૃદયતંત્રીના સુકોમળ તાર ઝણઝણી ઊઠયા. "હું વાસુદેવ બનીશ, હું ચક્રવર્તીપદ પ્રાપ્ત કરીશ અને તીર્થંકર થઈશ.[૬૦] મારા પિતા ચક્રવર્તી છે, મારા પિતામહ તીર્થંકર છે અને હું એકલોજ ત્રણ પદવીઓ ધારણ કરીશ.[૬૧] મારું કુળ કેટલું મહાન છે. કેટલું ઉત્તમ છે?" એમ કહેતાં ભારે ખૂશીમાં તેની છાતી ગજગજ ફૂલવા લાગી.

એક દિવસ મરીચિનું સ્વાસ્થ્ય બગડી ગયું. કોઈ તેની સેવા કરવાવાળું હતું નહિ. સેવા કરનારના અભાવમાં ક્ષુબ્ધ બનીને મરીચિએ મનમાં એવો વિચાર કર્યો કે "મેં અનેકોને ઉપદેશ આપીને ભગવાનના શિષ્ય બનાવ્યા પરંતુ આજે હું સ્વયં સેવા કરનાર શિષ્યથી વંચિત છું. સ્વસ્થ થતાંજ હું પોતે મારો શિષ્ય બનાવીશ.[૬૨] થોડા દિવસે તેઓ સ્વસ્થ થયા. રાજકુમાર કપિલ ધર્મની જિજ્ઞાસાથી તેની પાસે આવ્યો. તેને મરીચિએ આર્હતી દીક્ષાની પ્રેરણા આપી. કપિલે પ્રશ્ન કર્યો "આપ સ્વયં આર્હતધર્મનું પાલન કેમ કરતા નથી?

ઉત્તરમાં મરીચિએ કહ્યું "હું તેને પાલન કરવા અસમર્થ છું." કપિલે ફરીને પ્રશ્ન કર્યો–શું આપ જે માર્ગનું અનુસરણ કરી રહ્યા છો તેમાં ધર્મ નથી?

આ પ્રશ્ને મરીચિના મનમાં આત્મસન્માનનો સંઘર્ષ પેદા કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધો અને કેટલીક ક્ષણો અટકીને તેણે કહ્યું–અહીં પણ તે જ છે કે જે જિનધર્મમાં છે" [૬૩] કપિલ મરીચિના શિષ્ય બન્યા પરંતુ ઉત્સૂત્ર પ્રરૂપણાના યોગે મરીચિને કોડાકોડ સાગરોપમ પ્રમાણ સંસારભ્રમણ કરવું પડયું.[૬૪] કરેલા દોષોની આલોચના કર્યા વિના જ તેણે ત્યાં આયુષ્ય પૂર્ણ કર્યું.

(૪) બ્રહ્મ દેવલોક

ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય પૂરું કરીને મરીચિનો જીવ બ્રહ્મદેવલોકમાં દસ સાગરની સ્થિતિવાળો દેવ બન્યો.[૬૫]

(૫) કૌશિક

ત્યાંથી આવીને કોલ્લાકસન્નિવેશમાં અસી લાખ પૂર્વના આયુષ્યવાળા કૌશિક બ્રાહ્મણના રૂપમાં જન્મ લીધો.

(૬) પુષ્પમિત્ર

કૌશિકનું આયુષ્ય પૂર્ણ કરીને તે સ્થૂણા નગરીમાં પુષ્પમિત્ર નામના બ્રાહ્મણ થયા. તેનું બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય હતું. તેઓ અંત સમયે ત્રિદંડી પરિવ્રાજક બન્યા.

(૭) સૌધર્મ દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂરું કરીને સૌધર્મ કલ્પમાં મધ્યમસ્થિતિવાળા દેવ બન્યા.

(૮) અગ્નિદ્યોત

ત્યાંથી ચ્યવીને તે ચૈત્યસન્નિવેશમાં અગ્નિદ્યોત નામના બ્રાહ્મણ થયા. તેનું આયુષ્ય ચોસઠ લાખ પૂર્વનું હતું. અંતમાં ત્રિદંડી પરિવ્રાજક બન્યા.

(૯) ઈશાન દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને ઈશાન દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવ બન્યા.

(૧૦) અગ્નિભૂતિ

ત્યારબાદ મંદિર નામક સન્નિવેશમાં અગ્નિભૂતિ નામના બ્રાહ્મણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે જન્મ લીધો. તેનું આયુષ્ય છપ્પન લાખ પૂર્વનું હતું. જીવનના અંત-સમયે ત્યાં પણ તે ત્રિદંડી પરિવ્રાજક બન્યા.

(૧૧) સનત્કુમાર દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને સનત્કુમાર કલ્પમાં મધ્યમ સ્થિતિ-વાળા દેવ બન્યા.[૬૬]

(૧૨) ભારદ્વાજ

સનત્કુમાર કલ્પથી આયુષ્ય પૂરું કરીને શ્વેતાંબિકા નગરીમાં ભારદ્વાજ નામના બ્રાહ્મણ થયા. તેનું આયુષ્ય ચુમાલીસ લાખ પૂર્વનું હતું. અંતિમ સમયે ત્રિદંડી પરિવ્રાજક બન્યા.[૬૭]

(૧૩) માહેન્દ્ર દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તે માહેન્દ્રકલ્પમાં મધ્યમ સ્થિતિવાળા દેવ બન્યા.[૬૮]

(૧૪) સ્થાવર બ્રાહ્મણ

દેવલોકથી ચ્યવીને અને કેટલાયે કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરીને તે રાજગૃહનગરમાં સ્થાવર નામના બ્રાહ્મણ થયા. ત્યાં તેનું આયુષ્ય ચોત્રીસ લાખ પૂર્વનું હતું. જીવનના અંતસમયે ત્રિદંડી પરિવ્રાજક બન્યા.

(૧૫) બ્રહ્મ દેવલોક

પંદરમા ભવમાં તે બ્રહ્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવ બન્યા.

(૧૬) વિશ્વભૂતિ

દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં લાંબા સમય સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા પછી તે રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ તથા યુવરાજ વિશાખભૂતિના પુત્ર વિશ્વભૂતિ થયા. રાજા વિશ્વનંદીના પુત્રનું નામ વિશાખનંદી હતું.

એક વેળા વિશ્વભૂતિ પુષ્પકરંડક ઉદ્યાનમાં તેની પત્નીઓ સાથે ઉન્મુક્ત ક્રીડા કરી રહેલ હતા. મહારાણીની દાસીઓ તે ઉદ્યાનમાં પુષ્પ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે લેવા માટે આવી. તેઓએ વિશ્વભૂતિને એવા સુખના સાગરમાં તરતા દેખ્યા ત્યારે ઇર્ષ્યાથી તેમના મોઢાં મ્લાન થઈ ગયાં. તેઓએ આવી રાજરાણીને કહ્યું : "મહારાણીજી! સાચું સુખ તો વિશ્વભૂતિ કુમાર ભોગવે છે. વિશાખનંદી રાજકુમાર હોવા છતાં પણ તેને વિશ્વભૂતિ જેવું સુખ ક્યાં છે? કહેવામાં તો આપ ભલેને આપનું રાજ્ય કહો પરંતુ સાચું રાજ્ય તો વિશ્વભૂતિનું છે." દાસીઓના કથનથી રાણીના હૃદયમાં ઇર્ષ્યાનો અગ્નિ ભડકી ઊઠ્યો. તે ક્રોધમાં આવી ગઈ. રાજાએ તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો પણ તે રોષમાં બોલી—"આપની હયાતિ છતાં આવી સ્થિતિ છે તો પછી પાછળ શું બનશે?"

રાજાએ સાંત્વન આપતાં કહ્યું : "અમારી કુળપરંપરાની મર્યાદા છે કે જ્યાં સુધી પ્રથમ પુરુષ અંત:પુર સહિત ઉદ્યાનમાં હોય ત્યાં સુધી બીજો પુરુષ તેમાં પ્રવેશ કરી શકતો નથી." છેવટે અમાત્યે—(મંત્રીએ) તે ગૂંચ ઉકેલવા માટે અજ્ઞાત મનુષ્યોના હાથે રાજાની પાસે બનાવટી સંદેશો પહોંચાડ્યો. સંદેશો વાંચતા જ રાજાએ યુદ્ધની ઉદ્ઘોષણા કરી. રણભેરી બજવવામાં આવી અને રણે ચડવા માટે તૈયારી કરવા માંડી. વિશ્વભૂતિને તે સૂચના મળતાં જ તે ઉદ્યાનમાંથી નીકળીને રાજા પાસે પહોંચ્યાં. રાજાને રોકીને તેઓ જાતે યુદ્ધને માટે ચાલી નીકળ્યા. યુદ્ધના મેદાનમાં કોઈ પણ શત્રુને નહિ જોતાં તે ફરીને દળબળ સહિત પાછાં ફરી આવ્યા. આ બાજુ વિશ્વભૂતિના ગયા પછી રાજકુમાર વિશાખનંદીએ અંત:પુર સહિત ઉદ્યાનમાં પોતાનો પડાવ નાખી દીધો, વિશ્વભૂતિ ઉદ્યાનમાં પ્રવેશ કરવા લાગ્યા ત્યારે દંડધારી દ્વારપાલોએ રોકી દીધા અને કહ્યું કે અંદર અંત:પુર સાથે વિશાખનંદી રાજકુમાર ક્રીડા કરી રહ્યા છે. આ સાંભળતાં જ વિશ્વભૂતિને આખી વાતના રહસ્યનું ભાન થઈ ગયું કે યુદ્ધના બહાને મને અહીંથી કાઢવામાં આવેલ છે. આથી કોપાયમાન થઈને ત્યાં કપિત્થ (કોઠ) ના વૃક્ષ ઉપર એક જોરદાર મુક્કો લગાડ્યો જેથી બધાં કોઠનાં ફળ ભૂમિ ઉપર ટપોટપ પડવા લાગ્યાં. તેમણે દ્વારપાળોને પડકારતાં કહ્યું : "આ રીતે હું તમારાં માથાં નષ્ટ કરી શકું છું પરંતુ રાજાના ગૌરવની રક્ષાને ખાતર એમ કરતો નથી. મારી પાસેથી માગીને આ ઉદ્યાન લઈ શકાતું હતું પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે છળ-કપટ કરવું અનુચિત છે." વિશ્વભૂતિને આ અપમાનથી ઘણો આઘાત લાગ્યો. સંસારથી વિરક્ત થઈ ગયા. તેણે આર્યસંભૂતિ સ્થવિરની પાસે સંયમ અંગીકાર કરી લીધો. ઉત્કૃષ્ટ તપથી આત્માને ભાવતાં તેમણે અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી.[૬૭]

એક વખત વિહાર કરતાં વિશ્વભૂતિ અણગાર મથુરા નગરીમાં આવ્યા. આ બાજુ વિશાખનંદીકુમાર પણ ત્યાંની રાજકન્યા સાથે વિવાહ કરવા ત્યાં આવ્યો હતો અને મુખ્યમાર્ગ ઉપર આવેલ રાજમહેલમાં રોકાયો હતો. વિશ્વભૂતિ અણગાર માસખમણ તપ કરતાં પારણાના દિવસે ફરતાં ફરતાં ત્યાં નીકળી આવ્યા. વિશાખનંદીના અનુચરોએ મુનિને ઓળખી લીધા અને તે વાત વિશાખનંદીને કહી. મુનિને જોતાંવેંત તેના મનમાં ક્રોધની આંધી ઊઠી. તે રોષભર્યા નેત્રોથી મુનિને જોઈ રહ્યો હતો ત્યારે તરતની વિયાયેલ ગાયના ગોથાથી વિશ્વભૂતિ અણગાર જમીન પર ગબડી પડયા.[૬૮] નીચે પડેલા મુનિનો ઉપહાસ કરતાં વિશાખનંદીકુમારે કહ્યું: 'તમારું તે પરાક્રમ કે, જે કપિત્થ પાડતી વખતે જોયું હતું તે આજે ક્યાં ચાલ્યું ગયું છે?' એમ કહી તે ખડખડાટ હસી પડયો.[૬૯] વિશ્વભૂતિ અણગારે પણ આવેશમાં આવીને ગાયના શિંગડા પકડીને, ચક્રની માફક ઘૂમાવીને ગાયને આકાશમાં ઉછાળી દીધી અને કહ્યું: "શું દુર્બળ સિંહ, શિયાળથી પણ ઊતરતો હોય છે? આ દુરાત્મા આજે પણ મારા પ્રત્યે દુર્ભાવના રાખે છે? જો મારા તપ, જપ અને બ્રહ્મચર્યનું કંઈ ફળ હોય તો આગામી ભવમાં અપરિમિત બળવાળો બનું."[૭૦] એ રીતે નિદાન કરીને તે દોષની આલોચના કર્યા વગર જ તેણે આયુષ્ય પૂર્ણ કર્યું.

(૧૭) મહાશુક્ર દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂરું કરીને મહાશુક્ર કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ થયા.[૭૧]

(૧૮) ત્રિપૃષ્ઠ વાસુદેવ

દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં તે પોતનપુર નગરમાં પ્રજાપતિ રાજાની મહારાણી મૃગાવતીની કુક્ષિમાં ઉત્પન્ન થયા.[૭૨] માતાએ સાત સ્વપ્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોયાં. જન્મ થતાં પુત્રના પૃષ્ઠ ભાગમાં (વાંસામાં) ત્રણ પાંસળીઓ હોવાના કારણે તેનું 'ત્રિપૃષ્ઠ' નામ રાખ્યું. અનુક્રમે તેઓ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા.

રાજા પ્રજાપતિ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના માંડલિક હતા. એકવાર પ્રતિવાસુદેવે નિમિત્તિઆ સમક્ષ એવી જિજ્ઞાસા પ્રસ્તુત કરી કે મારું મૃત્યુ કઈ રીતે થશે? નિમિત્તિયાએ બતાવ્યું કે "જે આપના ચંડમેઘ દૂતનું અપમાન કરશે, તુંગગિરિ ઉપર રહેલા કેસરી સિંહને મારશે, તેના હાથેથી આપનું મૃત્યુ થશે."[૭૩] આવું સાંભળીને અશ્વગ્રીવ ભયભીત થઈ ગયા. તેણે સાંભળેલું કે પ્રજાપતિ રાજાના પુત્ર ઘણા જ બળવાન છે. પરીક્ષા કરવા માટે ચંડમેઘ દૂતને ત્યાં મોકલ્યો.

રાજા પ્રજાપતિ તેમના પુત્ર અને સભાસદોની સાથે રાજસભામાં બેઠા હતા. સંગીતના ઝણકારથી રાજસભા ઝણઝણી રહી હતી. બધા તન્મય થઈને નૃત્ય અને સંગીતનો આનંદ લૂંટી રહ્યા હતા. બરાબર તેજ સમયે અભિમાની દૂતે પહેલેથી સૂચના આપ્યા વગરજ રાજસભામાં પ્રવેશ કર્યો. રાજાએ સંભ્રાન્ત થઈ દૂતનું સ્વાગત કર્યું. સંગીત અને નૃત્યનું કાર્ય સ્થગિત કરીને તેનો સંદેશો સાંભળ્યો.

ત્રિપૃષ્ઠને રંગમાં ભંગ કરનારા દૂતની જોહુકમી આકરી લાગી. તેણે પોતાના અનુચરોને એવો આદેશ આપ્યો કે જ્યારે તે દૂત અહીંથી રવાના થાય ત્યારે તેને ખબર આપવા.

રાજાએ સત્કારપૂર્વક દૂતને વિદાય આપી. આની ખબર આ બાજુ બન્ને રાજકુમારોને મળી. તેઓએ જંગલમાં દૂતને પકડીને ખૂબ માર માર્યો. દૂતની સંગાથે જે કોઈ આવેલા તે બધા ભાગી છૂટ્યા. દૂતને સારી રીતે ઓખરો કર્યો.

પ્રજાપતિ રાજાને જ્યારે આ વૃત્તાન્તની ખબર પડી ત્યારે તે ચિંતાતુર બની ગયા. દૂતને ફરી પોતાની પાસે બોલાવી વધારે ઇનામ આપ્યું અને કહ્યું કે "પુત્રની આ ભૂલ અશ્વગ્રીવને કહેશો નહિ" દૂતે તો આ વાત સ્વીકારી પરંતુ તેના સાથી જે પહેલાં પહોંચી ગયા હતા તેમણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધો વૃત્તાન્ત અશ્વગ્રીવને કહી દીધો હતો. અશ્વગ્રીવ અત્યન્ત ક્રોધાયમાન થઇ બન્ને રાજકુમારોને મરાવી નાખવાનો તેણે નિશ્ચય કર્યો.

અશ્વગ્રીવે તુંગગ્રીવ ક્ષેત્રમાં શાલિ ધાન્ય (ચોખા)ની ખેતી કરાવરાવી અને થોડા વખત પછી પ્રજાપતિની પાસે દૂત મોકલ્યો. દૂતે આદેશ સંભળાવ્યો કે "શાલિના ખેતરોમાં એક ક્રૂર સિંહે ઉપદ્રવ મચાવ્યો છે, ત્યાં રખેવાળોને તેણે મારી નાખ્યા છે. આખું ક્ષેત્ર ભયભીત બની ગયું છે તેથી તમે જઈને સિંહથી શાલિક્ષેત્રની રક્ષા કરો." પ્રજાપતિએ પુત્રોને કહ્યું: "તમે દૂતની સાથે જે દુર્વ્યવહાર કર્યો તેના ફળ સ્વરૂપે, વારો ન હોવા છતાં આ આદેશ આવ્યો છે."

પ્રજાપતિ પોતે શાલિક્ષેત્ર તરફ પ્રસ્થાન કરવા લાગ્યા. પુત્રોએ પ્રાર્થના કરી – "પિતાજી! આપ રોકાવ, અમે જઇશું" આમ કહી તેઓ બન્ને ત્યાં તુંગગિરિના શાલિક્ષેત્રમાં ગયા અને ત્યાં જઈ ખેતરના રક્ષકોને પૂછયું: બીજા રાજાઓ અહીં કઇ રીતે કેટલા સમય સુધી રહે છે? ખેડૂતોએ કહ્યું: "જ્યાં સુધી શાલિ-(ચોખા) પાકતા નથી ત્યાં સુધી ચતુરંગિણી સેનાનો પડાવ નાખીને અહીં રહે છે અને સિંહથી રક્ષા કરે છે."[૭૪] ત્રિપૃષ્ઠે કહ્યું – "મને તે સ્થાન બતાવો કે જ્યાં તે નવ હાથનો કેસરીસિંહ રહે છે." રથ પર આરૂઢ થઇને સશસ્ત્ર ત્રિપૃષ્ઠ ત્યાં પહોંચ્યા. સિંહને જગાડયો અને લલકાર્યો. સિંહ પણ આળસ મરડી ઊઠયો અને મેઘગંભીર ગર્જનાથી પર્વતનાં શિખરોને કંપાવતો બહાર નીકળ્યો. ત્રિપૃષ્ઠે વિચાર્યું કે આ પાદચારી પગે ચાલે છે અને અમે રથારૂઢ છીએ, તે શસ્ત્રરહિત છે અને અમે શસ્ત્રોથી સુસજ્જ છીએ. આ સ્થિતિમાં આક્રમણ કરવું ઉચિત નથી. આવો વિચાર કરીને તેઓ રથથી નીચે ઊતરી ગયા અને શસ્ત્રો પણ ફેંકી દીધા.[૭૫]

સિંહે વિચાર્યું "આ વજા (મહા) મૂર્ખ લાગે છે. પહેલાં તો એકલો મારી ગુફા ઉપર આવ્યો છે, બીજું રથમાંથી નીચે ઊતરી ગયો છે અને ત્રીજું શસ્ત્રો ફેંકી દીધાં છે, હવે એક ઝપાટામાં જ આને ફાડી નાખું" આમ વિચારી તે ત્રિપૃષ્ઠ ઉપર તૂટી પડયો. ત્રિપૃષ્ઠે પણ ઊછળીને પૂરી શક્તિ સાથે (પૂર્વે કરેલા નિદાન અનુસાર) તેનાં જડબાંને પકડ્યાં અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૂના વસ્ત્રોની માફક તેને ચીરી નાખ્યો. આ દૃશ્ય જોઈને દર્શકો આનંદ વિભોર બની ગયા. સિંહ વિશાખનંદીનો જીવ હતો.

ત્રિપૃષ્ઠ, સિંહ-ચર્મને લઈને પોતાના નગરમાં આવ્યો. આવતી વખતે તેણે ખેડૂતોને કહ્યું 'ઘોટકગ્રીવ (અશ્વગ્રીવ)ને કહી દેજો કે હવે નચિંત રહે.' જ્યારે તેણે આ વાત સાંભળી તો વધુ કોપિત થયો. અશ્વગ્રીવે બંને રાજકુમારોને બોલાવ્યા. છતાં તેઓ ન ગયા ત્યારે અશ્વગ્રીવે સૈન્ય સાથે પોતનપુર ઉપર ચડાઇ કરી દીધી. ત્રિપૃષ્ઠ પણ પોતાની સેના સાથે દેશની સીમા ઉપર આવી ગયા. ભયંકર યુદ્ધ થયું. ત્રિપૃષ્ઠને આવો સંહાર અને રકતપાત ન રુચ્યો તેથી અશ્વગ્રીવને કહેવરાવ્યું : "નિરપરાધ સૈનિકોને મારવાથી શું લાભ છે ? સારું તો એ છે કે આપણે બન્ને જ યુદ્ધ કરીએ." અશ્વગ્રીવે તે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. અશ્વગ્રીવનાં બધા શસ્ત્રો સમાપ્ત થઇ ગયા. તેથી તેણે ચક્રરત્ન ફેંકયું, ત્રિપૃષ્ઠે તેને પકડી લીધું અને તેનાથી જ પોતાના શત્રુના મસ્તકને છેદી નાખ્યું. તેજ સમયે દિવ્યવાણીથી નભોમંડલ ગૂંજી ઊઠયું : 'ત્રિપૃષ્ઠ નામના પ્રથમ વાસુદેવ પ્રગટ થઇ ગયા છે.'[૭૬]

એક વખત સંધ્યાની સોહામણી વેળા હતી. સૂર્ય અસ્તાચળ તરફ પહોંચી ગયો હતો. તે વખતે ત્રિપૃષ્ઠ વાસુદેવ પાસે કેટલાક સંગીતકાર આવ્યા. તેઓએ સંગીતની સુમધુર સ્વર લહેરીથી વાતાવરણને આનંદદાયી બનાવી દીધું. નિદ્રા આવવાની વેળા થઇ ત્યારે વાસુદેવે શય્યાપાલકને કહ્યું: "જ્યારે મને નિદ્રા આવી જાય તે સમયે તમારે સંગીત બંધ કરાવી દેવું." શય્યાપાલકે "તથાસ્તુ" (ભલે) કહ્યું. થોડાજ વખતમાં સમ્રાટ નિદ્રાધીન થઈ ગયા. શય્યાપાલક સંગીત ઉપર એટલો બધો મુગ્ધ થઈ ગયો હતો કે સંગીતકારોને તેણે રોકયા નહિ. રાત આખી સંગીત ચાલતું રહ્યું. ઉષાનાં સોનેરી કિરણો બહાર ફેલવાની તૈયારીમાં હતા ત્યાં જ સમ્રાટની નિદ્રા ઊડી. સમ્રાટે પહેલાંની માફક જ સંગીત ચાલૂ રહેલું જોયું. શય્યાપાલકને બોલાવી પૂછયું–"આમને રજા કેમ ન આપી?" તેણે નમ્ર નિવેદન કર્યું "દેવ! સંગીત સાંભળવાના સુખમાં એકતાન થઈ જવાથી મેં તેમને અટકાવ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ.”[૭૭] આ સાંભળતાં જ ત્રિપૃષ્ઠનો ક્રોધ ભભૂકી ઊઠયો. પોતાના સેવકોને બોલાવીને કહ્યું: “આજ્ઞાનો અનાદર કરનારા અને સંગીતલોભી આ શય્યા-પાલકના કાનોમાં ગરમાગરમ શીશું રેડી દો.” સમ્રાટની કઠોર આજ્ઞાથી શય્યાપાલકના કાનોમાં શીશું રેડવામાં આવ્યું. ભયંકર વેદનાથી પીડાતાં તેણે પ્રાણ ત્યાગી દીધા.[૭૮] ત્રિપૃષ્ઠે સત્તાના મદમાં ઉન્મત્ત બનીને આવાં ક્રૂર કૃત્યના કારણે નિકાચિત કર્મોનું ઉપાર્જન કર્યું. મહારંભ અને મહાપરિગ્રહમાં મશગૂલ બનીને ચોર્યાસી લાખ વરસ સુધી રાજ્ય સંપદા ભોગવતા રહ્યા.[૭૯]

(૧૯) સાતમી નરક

ત્રિપૃષ્ઠ વાસુદેવ આયુષ્ય પૂર્ણ કરીને સાતમા તમસ્તમા નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયા.[૮૦]

(૨૦) સિંહ

ત્યાંથી નીકળીને તે કેસરીસિંહ બન્યા.

(૨૧) ચોથી નરક

ત્યાંથી આયુષ્ય પૂરું કરીને તે ચોથી નરકમાં ગયા.[૮૧] નરકમાંથી નીકળ્યા પછી તેમણે અનેક ભવ તિર્યંચ અને મનુષ્યના કર્યા.[૮૨] આવશ્યક નિર્યુક્તિ, આવશ્યક મલયગિરિ વૃત્તિ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અને ‘શ્રમણ ભગવાન મહાવીર’ ગ્રંથમાં બાવીસમો ભવ માનવનો લખ્યો છે પણ તેનું નામ, આયુષ્ય વગેરેનો ઉલ્લેખ નથી તેમ એવો પણ ઉલ્લેખ નથી કે તેમણે ચક્રવર્તી યોગ્ય પુણ્ય ઉપાર્જન કેવાં શુભ કૃત્યોથી કર્યું હતું.

સમવાયાંગ સૂત્રમાં અને તેની વૃત્તિમાં મહાવીરના પ્રથમ છ ભવ આપેલ છે. બાવીસમો ભવ માનવનો માનવાથી સમવાયાંગનો ક્રમ બેસતો નથી. તેથી અમોએ અહીં બાવીસમો ભવ માનવનો લખેલ નથી.

(૨૨) પ્રિયમિત્ર ચક્રવર્તી

ત્યાંથી આયુષ્ય પૂરું કરીને મહાવિદેહ ક્ષેત્રની મૂકા નગરીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનંજય રાજાની ધારણી રાણીથી પ્રિયમિત્ર ચક્રવર્તી થયા.[૭૩] પોટ્ટિલાચાર્યના પાવન પ્રવચન રૂપી પીયૂષનું પાન કરીને મનમાં વૈરાગ જ્યોતિ પ્રજ્વલિત થઇ. દીક્ષા ગ્રહણ કરી. એક કરોડ વર્ષ સુધી સંયમની કઠોર સાધના કરી.[૭૪]

સમવાયાંગ સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના તીર્થંકરના ભવ-ગ્રહણથી પૂર્વે છઠ્ઠો પોટ્ટિલનો ભવ ગ્રહણ કર્યો અને એક કરોડ વર્ષ સુધી શ્રમણ પર્યાયનું પાલન કર્યું.[૭૫]

નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવે પ્રસ્તુત સૂત્ર ઉપર ટીકા કરતાં ભગવાનને પોટ્ટિલ નામના રાજપુત્ર હોવાનું લખેલ છે.[૭૬] ભગવાનના જીવે એ વખત પોટ્ટિલાચાર્યની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી પરંતુ સ્વયંનું નામ પોટ્ટિલ હતું તે સમવાયાંગ સિવાય આવશ્યક નિર્યુક્તિ, ચૂર્ણિ વગેરેમાં મળતું નથી. સંભવ છે કે પોટ્ટિલાચાર્યની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના કારણે પ્રિયમિત્ર ચક્રવર્તી જ પોટ્ટિલ કહેવાયા હોય-અથવા તો પ્રિયમિત્રનું જ બીજું નામ પોટ્ટિલ હોય પરંતુ ગુરુશિષ્યના એક નામ હોવાથી ભ્રમ ન થઇ જાય તે દૃષ્ટિથી નિર્યુક્તિકાર આદિએ તે નામ નહિ આપેલ હોય. અમારી દૃષ્ટિથી પ્રિયમિત્ર જ પોટ્ટિલ હોવા જોઇએ કેમકે તે જ છઠ્ઠા ભવમાં આવે છે તથા પ્રિયમિત્ર અને પોટ્ટિલ બન્નેની શ્રમણ પર્યાય એક વર્ષ કોટિની છે.[૭૭] આથી એમ સિદ્ધ થાય છે કે તે બન્ને જુદાજુદા નથી.

(૨૩) મહાશુક્ર

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તે મહાશુક્ર કલ્પના સર્વાર્થ વિમાનમાં ઉત્પન્ન થયા. સમવાયાંગમાં મહાશુક્રના સ્થાને સહસ્રાર કલ્પના સર્વાર્થ વિમાનનો ઉલ્લેખ છે. આચાર્ય અભયદેવે નામ નિર્દેશ કરેલ નથી.[૭૮] ઉત્તરપુરાણકારે પણ સમવાયાંગની માફક જ સહસ્રાર કલ્પનો નિર્દેશ કરેલ છે.[૭૯] નિર્યુક્તિકારે મહાશુક્રનું નામ ન આપતાં "सव्वट्ठे" જ લખેલ છે.[૮૦]

આચાર્ય જિનદાસ મહત્તર તથા આચાર્ય મલયગિરિએ મહાશુક્ર કલ્પનો અર્થ સર્વાર્થ વિમાન કરેલ છે. સત્તર સાગરોપમ સુધી ત્યાં દેવ સંબંધી સુખોનો ઉપભોગ કરેલ છે.[૮૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૪) નંદન

ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રની છત્રનગરીમાં જિતશત્રુ રાજાની ભદ્રા નામની મહારાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. નંદન નામ રાખવામાં આવ્યું.[૯૨] પચ્ચીસ લાખ વરસની ઉંમર થઈ.[૯૩] ચોવીસ લાખ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા, એક લાખ અવશેષ રહ્યાં ત્યારે પોટ્ટિલાચાર્યની પાસે સંયમ ગ્રહણ કર્યો.[૯૪] એક લાખ વર્ષ વરસ સુધી નિરંતર માસખમણની તપસ્યા કરી[૯૫] અગિયાર લાખ સાઠ હજાર માસખમણ થયાં અને ત્રણ હજાર ત્રણસો તેત્રીસ વરસ ત્રણ માસ, ઓગણત્રીસ દિવસ પારણાંના થયાં. વીસ સ્થાનકોની આરાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને અંતે એક મહિનાની સંલેખણા કરીને આયુષ્ય પૂર્ણ કર્યું.

(૨૫) પ્રાણત દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી તે પ્રાણત દેવલોકના પુષ્પોત્તરાવતંસક વિમાનમાં વીસ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા.[૯૭]

(૨૬) દેવાનંદાના ગર્ભમાં

સ્વર્ગથી ચ્યવીને તે બ્રાહ્મણકુંડ ગ્રામમાં કોડાલસ ગોત્રીય ઋષભદત્ત નામના બ્રાહ્મણની પત્ની દેવાનંદાના ગર્ભમાં પુત્રરૂપે ઉત્પન્ન થયા. મરીચિના ભવમાં જાતિ અને કુલની શ્રેષ્ઠતાના દર્પના સર્પનો જે ડંસ હતો તેનું ઝેર હજુ ઉતર્યું ન હતું તેના ફળસ્વરૂપે ત્યાં દેવાનંદાના ગર્ભમાં આવવું પડ્યું અને બ્યાસી રાત સુધી તે ગર્ભમાં રહ્યા.

(૨૭) વર્ધમાન મહાવીર

ત્યાસીમી રાત્રીએ શક્રેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે તેમને સિદ્ધાર્થ રાજાની મહારાણી ત્રિસલા ક્ષત્રિયાણીના ઉદરમાં પ્રસ્થાપિત કર્યા અને ત્યાં જ જન્મ લઈને તેઓ વર્ધમાન મહાવીરના નામથી પ્રસિદ્ધ થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—— * ગર્ભ સંહરણ

ઉપર જણાવેલ સત્તાવીશ ભવોના નિરૂપણનો સારાંશ એવો છે કે પ્રથમ તીર્થંકર ઋષભદેવે અનેક ભવો પૂર્વે મરીચિને લક્ષ્ય કરીને જે કહ્યું હતું 'કે તે અંતિમ તીર્થંકર મહાવીર થશે.' તેજ મરીચિનો જીવ છવ્વીસમાં ભવમાં દેવાનંદાના ગર્ભમાં આવ્યો અને ત્યાંથી સંહરિત થઈને ત્રિસલા રાણીના ગર્ભથી વર્ધમાનના રૂપમાં અવતરિત થયો.

मूलः--

समणे भयवं महावीरे तिण्णाणोवगए आवि होत्था-चइस्सामि त्ति जाणइ, चयमाणे न जाणइ, चुए मित्ति जाणइ ॥३॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાન (મતિ શ્રુત અને અવધિ) થી યુક્ત હતા. 'હું દેવભવમાંથી ચ્યવીશ' એમ તેઓ જાણતા હતા. 'વર્તમાનમાં ચ્યવું છુ' તેમ જાણતા ન હતા. પરંતુ દેવભવથી ચ્યવી ગયો છું,' એમ તેઓ જાણતા હતા.

વિવેચન : જે દેવ ભાવી જન્મમાં તીર્થંકર બનનારા હોય છે તે તીર્થંકરત્વની વિશેષતાના કારણે જીવનના અંતિમ સમય સુધી પણ અધિક કાંતિમાન અને પ્રસન્ન રહે છે પરંતુ અન્ય દેવ છ માસ પહેલાંથી ચ્યવનના ભયથી ભયભીત બની જાય છે. કરમાઈ જતાં ફૂલની માફક મ્લાન થઈ જાય છે.[૯૯]

સૂત્રમાં "चयमाणे न जाणइ" જે પાઠ આવે છે તેનું રહસ્ય બતાવતાં ચૂર્ણિકાર અને ટિપ્પણકારે કહેલ છે કે – એક સમયમાં ઉપયોગ લાગતો નથી. છદ્મસ્થ જીવોનો ઉપયોગ અંતર્મુહૂર્તનો હોય છે પરંતુ ચ્યવનકાળ એક સમયનો જ હોય છે.[૧૦૦] તેથી ચ્યવનકાળના અત્યન્ત સૂક્ષ્મ સમયને છદ્મસ્થ જીવ ચ્યવન કરી રહેલ છું, તેમ જાણી શકતા નથી. ત્રણ જ્ઞાન હોવાથી હું ચ્યવી ગયો છું તેમ જાણે છે.[૧૦૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * દેવાનંદાના ગર્ભમાં :

मूलः-

जं रयणिं च णं समणे भगवं महावीरे देवाणंदाए माहणीए जालंधरसगोत्ताए कुच्छिंसि गब्भत्ताए वक्कंते तं रयणिं च णं सा देवाणंदा माहणी सयणिज्जंसि सुत्तजागरा ओहीरमाणी ओहीरमाणी इमेयारूवे ओराले कल्लाणे सिवे धन्ने मंगल्ले सस्सिरीए चोद्दस महासुमिणे पासित्ता णं पडिबुद्धा ॥ ४ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર જાલંધર ગોત્રિયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે અવતરિત થયા, તે રાત્રે દેવાનંદા બ્રાહ્મણી અર્ધનિદ્રાવસ્થામાં હતી. તે સમયે તેણે ઉદાર, કલ્યાણકારી, શિવ, ધન્ય અને મંગળરૂપ તથા શોભાયુક્ત ચૌદ સ્વપ્નાં જોયાં અને પછી જાગી.

વિવેચન : નિદ્રા દર્શનાવરણીય કર્મનો ઉદય છે. તેના પાંચ ભેદ છે–(૧) નિદ્રા (૨) નિદ્રા-નિદ્રા (૩) પ્રચલા (૪) પ્રચલા-પ્રચલા અને (૫) સ્ત્યાનર્દ્ધિ નિદ્રા. આ પાંચ નિદ્રામાંથી ત્રીજી પ્રચલા નિદ્રા અવસ્થામાં દેવાનંદા ચૌદ સ્વપ્નાં જુએ છે.[૧૦૨] કર્મગ્રન્થકાર જે નિદ્રા ઊભા અથવા બેઠાં બેઠાં આવે તેને પ્રચલા માને છે જે વિચારણીય છે. 'पयला ठिओव-विट्ठयस्स' (કર્મગ્રંથ-૧)

અહીં ઉદારનો અર્થ પ્રધાન, કલ્યાણનો અર્થ આરોગ્યકર, શિવનો અર્થ ઉપદ્રવોને શમન કરનાર, ધન્યનો અર્થ ધન (સારાંપણા) ને ધારણ કરનાર, મંગળનો અર્થ પવિત્ર, શ્રી યુક્તનો અર્થ શોભાથી મનોહર છે.[૧૦૩]

मूलः-

तंजहा—

गय-वसह-सीह-अभिसेय, दाम-ससि-दिणयरं झयं कुंभं ।
पउमसर-सागर-विमाण, भवण-रयणुच्चय-सिहिं च ॥ ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ: તે ચૌદ મહાસ્વપ્નોનાં નામ આ પ્રમાણે છે. (૧) હાથી (૨) વૃષભ (૩) સિંહ (૪) અભિષેક કરાતી લક્ષ્મીદેવી (૫) ફૂલની માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મ સરોવર (૧૧) સાગર (૧૨) દેવ વિમાન અથવા ભવન (૧૩) રત્નરાશિ (૧૪) ધુમાડા વગરનો અગ્નિ.

मूलः-

तए णं सा देवाणंदा माहणी इमेतारूवे ओराले कल्लाणे सिवे धन्ने मंगल्ले सस्सिरीए चोद्दस महासुमिणे पासित्ता णं पडिबुद्धा समाणी हट्ठतुट्ठचित्तमाणंदिया पीइमणा परमसोमणसिया हरिसवसविसप्पमाणहियया धाराहयकलंबुयं पिव समुस्ससियरोमकूवा सुमिणोग्गहं करेइ. सुमिणोग्गहं करित्ता सयणिज्जाओ अब्भुट्ठेइ सयणिज्जाओ अब्भुट्ठित्ता अतुरियमचवलमसंभंताए राइहंससरिसीए गईए जेणेव उसभदत्ते माहणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता उसभदत्तं माहणं जएणं विजएणं वद्धावेइ, वद्धावित्ता भद्दासणवरगया आसत्था वीसत्था करयलपरिग्गहियं सिरसावत्तं दसनहं मत्थए अंजलिं कट्टु एवं वयासी-एवं खलु अहं देवाणुप्पिया! अज्ज सयणिज्जंसि सुत्तजागरा ओहीरमाणी ओहीरमाणी इमे एयारूवे ओराले जाव सस्सिरीए चोद्दस महासुमिणे पासित्ता णं पडिबुद्धा, तं जहा-गय जाव सिहिं च। एएसि णं देवाणुप्पिया! ओरालाणं जाव चोद्दसण्हं महासुमिणाणं के मन्ने कल्लाणे फलवित्तिविसेसे भविस्सइ?॥ ६॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : તે સમયે દેવાનંદા બ્રાહ્મણી આવા પ્રકારનાં ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગળ અને શ્રીયુક્ત ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગૃત થઈ, હર્ષિત અને સંતુષ્ટ થઈ અને તેનું મન આનંદિત અને પ્રીતિવાળું થયું. પરમ સુંદર મનવાળી થઈ. તેનું હૃદય હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયું. જેમ કદંબનું ફૂલ મેઘની ધારાઓથી ખીલી ઊઠે છે, તેના કાંટા ઊભા થઈ જાય છે તે જ રીતે દેવાનંદાના રોમેરોમ ઊભાં થઈ ગયાં. સ્વપ્નાનું સ્મરણ કરીને તે પોતાની શય્યામાંથી ઊઠી અને ત્વરા વિનાની, ચપલતા વિનાની, ભય વિનાની રાજહંસ જેવી ગતિએ ચાલતી, જ્યાં ઋષભદત્ત બ્રાહ્મણ છે ત્યાં આવે છે અને ઋષભદત્ત બ્રાહ્મણનો 'જય થાઓ વિજય થાઓ' એવા શબ્દો વડે વધાવે છે પછી ભદ્રાસને બેસીને જરા શાંત અને સ્વસ્થ થઈને બંને હાથ જોડી મસ્તકે અંજલિ લગાડી આ પ્રમાણે બોલી, "હે દેવાનુપ્રિય! હું આજે અર્ધનિદ્રિત અવસ્થામાં શય્યામાં સૂતી હતી ત્યારે આવા પ્રકારના ઉદાર અને શોભાયુક્ત ચૌદ મહાસ્વપ્નો જોઈને હું જાગી ગઈ. તે સ્વપ્નાં આ પ્રમાણે છે—હાથીથી લઈ નિર્ધૂમ (ધુમાડા વગરની) અગ્નિ સુધી, હે દેવાનુપ્રિય! તેવાં ઉદાર યાવત્ ચૌદ મહાસ્વપ્નોનું વિશેષ કલ્યાણમય શું ફળ મને મળશે તે કહો."

मूलः—

तए णं से उसभदत्ते माहणे देवाणंदाए माहणीए अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव हियए धाराहयकलंबुएं पिव समूससियरोमकूवे सुमिणोग्गहं करेइ, करित्ता ईहं अणुपविसइ, ईहं अणुपविसित्ता अप्पणो साभाविएणं मइपुव्वएणं बुद्धिविन्नाणेणं तेसिं सुमिणाणं अत्थोग्गहं करेइ. २ करेत्ता देवाणंदं माहणिं एवं वयासी ॥ ७ ॥

અર્થ : ત્યાર પછી તે ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદા બ્રાહ્મણીની આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હર્ષિત એવાં સંતુષ્ટ થયા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત આહ્લાદ ભાવને પામ્યાં. જેવી રીતે મેઘધારાથી સીંચાએલ કદંબ-પુષ્પ ખીલી ઊઠે છે તેવી જ રીતે તેને રોમાંચ ઉત્પન થયો, તે સ્વપ્નોનું અવધારણ કરી તેના ફળના અનુસંધાનમાં વિચાર કરવા લાગ્યા. પોતાના સ્વાભાવિક વિચક્ષણ મનનયુક્ત બુદ્ધિવિજ્ઞાનથી તે સ્વપ્નોના અર્થ અવધારણ કરીને દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

मूलः-

ओराला णं तुमे देवाणुप्पिए ! सुमिणा दिट्ठा, कल्लाणा णं० सिवा धन्ना मंगल्ला सस्सिरीया आरोग्गतुट्ठिदीहाउकल्लाण-मंगल्लकारगा णं तुमे देवाणुप्पिए ! सुमिणा दिट्ठा। तं जहा-अत्थलाभो देवाणुप्पिए ! भोगलाभो देवाणुप्पिए ! पुत्तलाभो देवाणुप्पिए ! सोक्खलाभो देवाणुप्पिए ! एवं खलु तुमं देवा-णुप्पिए ! नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणं राइंदियाणं विइक्कंताणं सुकुमालपाणिपायं अहीणपडिपुन्नपंचिंदियसरीरं लक्खणवंजणगुणोववेयं माणुम्माणपमाणपडिपुण्ण-सुजाय-सव्वंगसुंदरंगं ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं देवकुमा-रोवमं दारयं पयाहिसि ॥ ८ ॥

અર્થ: હે દેવાનુપ્રિયા! ખરેખર જ ઉદાર (વિશિષ્ટ) એવાં સ્વપ્નાં જોયાં છે. કલ્યાણકારી, શિવરૂપ, ધન્ય અને મંગળરૂપ સ્વપ્ન જોયેલ છે, તમે આરોગ્યવર્ધક, દીર્ઘાયુ આપનાર, કલ્યાણ કરનાર, મંગળ કરનાર એવાં સ્વપ્નાં જોયાં છે. હે દેવાનુપ્રિયા! આ સ્વપ્નોનું વિશેષ ફળ એ છે કે તમને અર્થલાભ ભોગલાભ, પુત્રલાભ અને સુખલાભ થશે, હે દેવાનુપ્રિયા! અવશ્યમેવ તમે નવમાસ સાડાસાત રાત્રિ દિવસ પસાર થતાંજ પુત્રરત્નને જન્મ આપશો, તે પુત્ર હાથપગથી ઘણોજ સુકોમળ, પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ લક્ષણો, શુભ ચિહ્નો અને શ્રેષ્ઠ ગુણવાળો થશે, માન, ઉન્માન અને પ્રમાણથી યુક્ત, સર્વાંગ સુંદર ચંદ્રની જેમ સૌમ્ય, કાન્ત, પ્રિય દેવકુમાર સદશ થશે.

વિવેચન : ભારતીય સામુદ્રિકશાસ્ત્રમાં માનવશરીરના લક્ષણ, વ્યંજન અને હસ્તરેખાના સંબંધમાં ઘણા વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. લક્ષણ માનવના વ્યક્તિત્વ અને કૃતિત્વનું પ્રતીક છે. તીર્થંકર અને ચક્રવર્તી સમ્રાટના શરીર ઉપર એક હજાર આઠ લક્ષણ હોય છે. વાસુદેવના શરીર ઉપર એકસો આઠ અને સામાન્ય પ્રતિભાસંપન્ન વ્યક્તિના શરીર ઉપર બત્રીસ લક્ષણ હોય છે.

બત્રીસ લક્ષણની ગણનાના અનેક પ્રકાર છે. એક ગણના આ પ્રમાણે છે : (૧) છત્ર (૨) કમળ (૩) રથ (૪) વજ્ર (૫) કાચબો (૬) અંકુશ (૭) વાવડી (૮) ધનુષ્ય (૯) સ્વસ્તિક (૨૦) તોરણ (૧૧) બાણ (૧૨) સિંહ (૧૩) વૃક્ષ (૧૪) શંખ, (૧૫) ચક્ર (૧૬) હાથી (૧૭) સમુદ્ર (૧૮) કળશ (૧૯) મહેલ (૨૦) મત્સ્ય (૨૧) જવ (૨૨) યજ્ઞસ્તંભ (૨૩) સ્તૂપ (૨૪) કમંડલ (૨૫) પર્વત (૨૬) ચામર (૨૭) દર્પણ (૨૮) વૃષભ (૨૯) પતાકા (૩૦) લક્ષ્મી (૩૧) માળા (૩૨) મોર.[૧૦૪] ભાગ્યશાળી માનવના આ લક્ષણો હાથ કે પગ વગેરેમાં હોય છે. બીજી ગણના આ પ્રમાણે છે.

(૧) નખ (૨) હાથ (૩) પગ (૪) જીભ (૫) હોઠ (૬) તાળુ અને (૭) નેત્રનાં ખૂણા—આ સાતે રક્ત-લાલ હોય. (૮) કાંખ (૯) હૃદય (વક્ષસ્થલ) (૧૦) ગળું (૧૧) નાસિકા (૧૨) નખ (૧૩) મુખ આ છ —એ અંગ ઊંચા-ઉન્નત હોય (૧૪) દાંત (૧૫) ત્વચા (૧૬) કેશ (૧૭) આંગળીઓના ટેરવાં (૧૮) નખ આ પાંચ નાના હોય—(૧૯) નેત્ર (૨૦) હૃદય (૨૧) નાસિકા (૨૨) હડપચી (૨૩) ભુજ—બાહુ આ પાંચ અંગ લાંબા હોય (૨૪) લલાટ (૨૫) છાતી (૨૬) મુખ આ ત્રણ વિશાળ હોય (૨૭) ડોક (૨૮) જાંઘ અને (૨૯) પુરુષચિહ્ન આ ત્રણ લઘુ હોય (૩૦) સત્વ (૩૧) સ્વર અને (૩૨) નાભિ એ ગંભીર હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવાં બત્રીસ લક્ષણોથી યુક્ત વ્યક્તિ આકૃતિથી ભવ્ય, પ્રકૃતિથી સૌમ્ય અને ભાગ્યશાળી હોય છે.

વ્યંજનોનો અર્થ મસા, તલ વિગેરે છે. પુરુષના જમણા ભાગમાં તે ચિહ્નો હોય છે ત્યારે ઉત્તમ ફળ દાતા માનવામાં આવેલ છે અને ડાબા ભાગમાં હોય તો મધ્યમ ફળદાતા હોય છે જ્યારે મહિલાઓને તે જ ડાબી તરફ હોય તો શ્રેષ્ઠ માનવામાં આવેલ છે.

હસ્તરેખા વડે પણ માનવનાં ભાગ્ય અને વ્યક્તિત્વની જાણ થઈ શકે છે. સામુદ્રિક શાસ્ત્ર અનુસાર માનવામાં આવે છે કે જેના હાથમાં વધારે પ્રમાણમાં રેખાઓ હોય છે અથવા ઘણીજ ઓછી રેખાઓ હોય છે તે દુઃખી હોય છે. જે વ્યક્તિની અનામિકા આંગળીના પ્રથમ પર્વથી કનિષ્ઠિકા આંગળી મોટી હોય છે તે ધનવાન હોય છે. મણિબંધથી જે રેખા ચાલે છે તે પિતાની રેખા છે. કરભથી કનિષ્ઠિકા આંગળીના મૂળ તરફથી જે રેખાઓ ચાલે છે તે વૈભવ અને આયુષ્યનાં પ્રતીક છે. આ ત્રણે રેખાઓ તર્જની અને અંગુઠાની વચ્ચે જઈને મળે છે. આ ત્રણે રેખાઓ જેમની પૂર્ણ અને દોષવર્જિત હોય તેઓ ધનધાન્યથી સમૃદ્ધ બને છે. પૂર્ણ આયુષ્યનો ઉપભોગ કરે છે. જેના જમણા હાથના અંગૂઠામાં જવનું ચિન્હ હોય છે તેનો જન્મ શુકલ પક્ષમાં થયેલો હોય છે તથા તે યશસ્વી બને છે.

પાણીથી સંપૂર્ણપણે ભરેલાં વાસણમાં એક પુરુષ પ્રવેશ કરે, તે વખતે પાણી જો વાસણમાંથી બહાર નીકળે અને તે પાણી જો દ્રોણ (બત્રીસ શેર) પ્રમાણ હોય તો તે પુરુષ માનયુકત કહેવાય છે. તાજવામાં તોળવાથી જો અર્ધભાર (પ્રાચીન તોલ વિશેષ) પ્રમાણ હોય તો ઉન્માન યુકત માનવામાં આવે છે. પોતાના આંગળાંથી શરીરના માપને પ્રમાણ કહેવાય છે. તે આંગળાંથી માપતાં જેમનું શરીર એકસો આઠ આંગળની ઊંચાઈવાળું હોય તે ઉત્તમ પુરુષ, છન્નુ અને ચોર્યાસી આંગળવાળા મધ્યમ પુરુષ, કહેવામાં આવે છે પરંતુ તીર્થંકરનો દેહ સર્વોત્તમ હોય છે. તે બધાં લક્ષણ, વ્યંજન, માન, ઉન્માન અને પ્રમાણથી યુકત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલઃ-

से वि य णं दारए उम्मुक्कबालभावे विन्नायपरिणयमित्ते जोव्वणगमणुप्पत्ते रिउव्वेयजउव्वेयसामवेयअथव्वणवेय इतिहासपंचमाणं निघंटुछट्ठाणं संगोवंगाणं सरहस्साणं चउण्हं वेयाणं सारए पारए धारए सडंगवी सट्ठितंतविसारए संखाणे सिक्खाणे सिक्खाकप्पे वागरणे छंदे निरुत्ते जोइसामयणे अण्णेसु य बहुसु बंभन्नएसु परिव्वायएसु नएसु परिनिट्ठिए यावि भविस्सइ ॥ ९ ॥

અર્થ: તે બાળક બાળભાવથી ઉન્મુકત થતાં, સમજુ અને પાકી સમજણવાળો થતાં યૌવનવયને પ્રાપ્ત કરશે ત્યારે તે સાંગોપાંગ તથા રહસ્યયુકત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદનું તેમ જ પાંચમો (વેદ) ઇતિહાસ તથા છઠ્ઠા નિઘંટુ (શબ્દકોષ) નો જ્ઞાતા થશે. ચારે વેદોના વિસ્મૃત વિષયને સ્મરણ કરનાર, ચારેય વેદોના રહસ્યોનો પારગામી તથા ચારે વેદોનો ધારક થશે. છ અંગનો જ્ઞાતા, ષષ્ટિતંત્રમાં વિશારદ, સાંખ્ય, ગણિત, આચારશાસ્ત્ર, વ્યાકરણ, છંદ, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષચક્ર અને અનેક બ્રાહ્મણ સંબંધી અને પરિવ્રાજક શાસ્ત્રોમાં નિષ્ણાત બનશે.

મૂલઃ-

तं ओराला णं तुमे देवाणुप्पिए! सुमिणा दिट्ठा जाव आरोग्गतुट्ठिदीहाउयमंगलकल्लाणकारगा णं तुमे देवाणुप्पिए! सुमिणा दिट्ठा ॥ १० ॥

અર્થ: આ કારણથી હે દેવાનુપ્રિયા! તમે ઉદાર સ્વપ્ન જોયાં છે યાવત આરોગ્યવર્ધક, સંતોષ પ્રદાતા, મંગળ અને કલ્યાણકારક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

तएणं सा देवाणंदा माहणी उसभदत्तस्स माहणस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ जाव हियया करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु उसभदत्तं माहणं एवं वयासी ॥ ११ ॥

અર્થ: ત્યાર પછી તે દેવાનંદા બ્રાહ્મણી ઋષભદત્ત બ્રાહ્મણ પાસેથી સ્વપ્નાના ફળ સાંભળીને અને સમજીને ખૂબ હર્ષિત થઈ, હૃષ્ટતુષ્ટ બનીને દશ આંગળીને સાથે ભેગી કરી આવર્તન દઈને અર્થાત્ માથે અંજલિ લગાડી ઋષભદત્ત બ્રાહ્મણને કહેવા લાગી.

मूलः—

एवमेयं देवाणुप्पिया ! तहमेयं देवाणुप्पिया ! अवितहमेयं देवाणुप्पिया ! असंदिद्धमेयं देवाणुप्पिया ! इच्छियमेयं देवाणुप्पिया ! पडिच्छियमेयं देवाणुप्पिया ! इच्छियपडिच्छियमेयं देवाणुप्पिया ! सच्चे णं एसमट्ठे से जहेयं तुब्भे वयह त्ति कट्टु ते सुमिणे सम्मं पडिच्छइ, ते सुमिणे सम्मं पडिच्छित्ता उसभदत्तेणं माहणेणं सद्धिं ओरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी विहरइ ॥ १२ ॥

અર્થ: હે દેવાનુપ્રિય! આપે જે સ્વપ્નોનો અર્થ પ્રતિપાદન કરેલ છે તે સર્વથા સત્ય છે અવિતથ્ય (સાચો) છે, ઇચ્છિત (ઇચ્છવા યોગ્ય) છે, પ્રતીચ્છિત છે. હે દેવાનુપ્રિય! તે અર્થ સત્ય છે કે જે આપ કહો છો. હું તે સ્વપ્નોનાં ફળને માન્ય કરું છું. ત્યાર પછી દેવાનંદા ઋષભદત્ત બ્રાહ્મણની સાથે માનવસંબંધી શ્રેષ્ઠ સુખોનો ઉપભોગ કરતી વિચરવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકની વિચારણા

मूलः—

तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे सत्तक्कतू सहस्सक्खे मघवं पाकसासणे दाहिणड्ढलोगाहिवई बत्तीसविमाणसयसहस्साहिवई एरावणवाहणे सुरिंदे अरयंबरवत्थधरे आलइयमालमउडे नवहेमचारुचित्तचंचलकुंडलविलिहिज्जमाणगंडे भासुरबोंदी पलंबवणमालधरे सोहम्मकप्पे सोहम्मवडिंसए विमाणे सुहम्माए सभाए सक्कंसि सीहासणंसि निसण्णे ॥ १२ ॥

અર્થ : તે કાળે તે સમયે શક્ર, દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ પુરંદર શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવાન, પાકશાસન, દક્ષિણાર્ધલોકાધિપતિ, બત્રીસ લાખ વિમાનોનો સ્વામી, ઐરાવત નામના હાથી ઉપર બેસનાર સુરેન્દ્ર રજરહિત શ્રેષ્ઠ ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનાર, માળા અને મુગટથી સુશોભિત શરીરવાળા અને જેના કોમળ કપાળ નવાંજ ઘડાયેલા સુંદર ચંચળ ચિત્ર વિચિત્ર અને ચલાયમાન સ્વર્ણમય કુંડલ યુગલની પ્રભાથી પ્રદીપ્ત છે, જે વિરાટ ઋદ્ધિ અને દ્યુતિને ધારણ કરનાર છે, મહાબળવાન અને મહાયશસ્વી છે, જેના ગળામાં લટકતી એવી સુંદર વનમાળા છે, જે સૌધર્મ દેવલોકના સૌધર્માવતંસક વિમાનની સુધર્મા સભામાં શક્ર નામના સિંહાસન પર બેઠા છે.

વિવેચન : ભારતીય સાહિત્યમાં ઇન્દ્રના સહસ્ત્ર નામ પ્રસિદ્ધ છે. જૈન બૌદ્ધ અને વૈદિક આ ત્રણે પરંપરાઓમાં ઇન્દ્રના સંબંધમાં ચર્ચાઓ છે. પ્રસ્તુત સૂત્રમાં ઇન્દ્રના અનેક નામોમાંથી કેટલાક વિશિષ્ટ નામોનો અહીં ઉલ્લેખ કરેલ છે.

શક્ર નામના સિંહાસન ઉપર બેસવાને કારણે અથવા સામર્થ્યવાન હોવાથી તે શક્ર કહેવાય છે. દેવતાઓની મધ્યમાં પરમ ઐશ્વર્યયુક્ત હોવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણે તે ઇન્દ્રના નામથી ઓળખાય છે. દેવતાઓના રાજા હોવાથી દેવરાજ છે. હાથમાં વજ્ર નામનું શસ્ત્ર ધારણ કરવાથી વજ્રપાણી છે. શત્રુઓનાં નગરોને નષ્ટ કરવાના કારણે તે પુરંદર છે. કાર્તિક શ્રેષ્ઠીના ભવમાં સો વાર શ્રાવકની પાંચમી પ્રતિમા અથવા અભિગ્રહ વિશેષ ધારણ કરવાના કારણે તે શતક્રતુ કહેવાય છે. વૈદિક પરંપરા અનુસાર શતક્રતુનો અર્થ સો યજ્ઞ કરવાવાળા તેવો થાય છે.

સુધર્મ દેવલોકના ઇંદ્ર, પૂર્વભવમાં પૃથ્વીભૂષણ નગરમાં કાર્તિક નામના શેઠ હતા. વીતરાગ ધર્મ ઉપર તેની અવિચળ આસ્થા હતી. તેની રગેરગમાં, મનના અણુએ અણુમાં વીતરાગ ધર્મ રમી રહેલ હતો. તેણે સો વાર શ્રાવકની પાંચમી પડિમા (પ્રતિમા)ની આરાધના કરી હતી.

એક વાર તે નગરમાં ગૈરિક નામનો એક ઉગ્ર તપસ્વી (તાપસ) આવ્યો. તેના કઠોર તપનો મહિમા લોકોની જીભ ઉપર રમતો હતો. જન સમુદાય દર્શનાર્થે ઉમટયો. તપસ્વીએ વિરાટ જન સમુદાયને જોઇને ગર્વની સાથે પૂછયું: "શું અત્યારે પણ નગરમાં એવી કોઇ વ્યક્તિ છે કે મારા દર્શન માટે આવેલ ન હોય?"

એક ભક્તે નિવેદન કર્યું: "પ્રભો! કાર્તિક શેઠને છોડીને બાકી બધા, રાજાથી રંક સુધી આપનાં દર્શનાર્થે આવી ગયા છે."

ક્રોધ અને અહંકારને વશ થયેલા તાપસે અભિગ્રહ કર્યો ઠીક છે ત્યારે, હું આ મહિનાના તપનું જો પારણું કરીશ, તો કાર્તિક શેઠની પીઠ ઉપર થાળી રાખીને પારણું કરીશ, અન્યથા નહિ. તપસ્વીને તપ કરતાં એક માસ પૂરો થઈ ગયો પરંતુ કાર્તિક શેઠ કદી તેની પાસે આવ્યા નહિ. રાજાએ પારણું કરવા પ્રાર્થના કરી ત્યારે તપસ્વીએ અભિગ્રહની વાત ફરી વખત યાદ કરી.

રાજાએ શેઠને બોલાવ્યા. ગરમાગરમ ખીર તૈયાર કરાવવામાં આવી. રાજાના આદેશથી શેઠ ઝુકયા અને તપસ્વીએ ક્રૂરતાપૂર્વક શેઠની પીઠ ઉપર તે ગરમ થાળી રાખી, ચામડી બળવા લાગી, તપસ્વી નાક ઉપર આંગળી રાખીને શેઠને કહેવા લાગ્યા, "જુઓ, તમે મને વંદના કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન આવ્યા, અંતે મેં તમારું નાક કાપી જ નાખ્યું." શેઠ મનમાં વિચારવા લાગ્યા. જો હું આની પહેલાં જ પ્રવ્રજિત થઈ ગયો હોત તો આજે આવી દશા ન થાત. તેણે સમભાવપૂર્વક આ ભયંકર કષ્ટ સહન કર્યું. ધીમે ધીમે ઉપચારથી ચામડીનો રોગ દૂર થયો. વૈરાગ્ય જાગ્યો અને એક હજાર આઠ શ્રેષ્ઠી પુત્રોની સાથે મુનિસુવ્રત સ્વામીની પાસે સંયમ ગ્રહણ કર્યો. દ્વાદશાંગીનું અધ્યયન કરીને ઉત્કૃષ્ટ તપ કરતાં કરતાં આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર બન્યા. ગૈરિક તાપસ પણ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તે જ ઇન્દ્રનો ઐરાવત હાથી થયો. ઇન્દ્રને પોતાની ઉપર બેસતાં જોઈને ગભરાયો. રૂપ બદલ્યું, ઇન્દ્રે પણ અવધિજ્ઞાનથી પૂર્વ ભવ જોઈને તેને ધમકાવીને ફટકાર્યો તેથી તે શાંત થઈ ગયો.

હજાર નેત્ર હોવાથી ઇન્દ્રનું એક નામ સહસ્રાક્ષ છે. જૈનાચાર્યોનું એવું મંતવ્ય છે કે ઇન્દ્રના પાંચસો મંત્રી છે. તેમની સલાહથી જ તે શાસનસૂત્રનું સંચાલન તથા રાજ્યવ્યવસ્થા કરે છે. આલંકારિક ભાષામાં મંત્રી, રાજાની આંખ હોય છે તે દૃષ્ટિથી પાંચમો મંત્રી હોવાથી ઇન્દ્ર 'સહસ્રાક્ષ' કહેવાય છે.

વૈદિક પરંપરા અનુસાર એક વાર ઇન્દ્ર ગૌતમ ઋષિની પત્ની અહલ્યા ઉપર આસક્ત થયાં. ઋષિ સહસ્રભગ થવાનો શ્રાપ દેવા જતા હતા પરંતુ ક્ષમાની અભ્યર્થના કરવાથી તેને સહસ્રાક્ષ થવાનો શ્રાપ આપ્યો જેથી તે સહસ્રાક્ષ કહેવાયા. ઋગ્વેદમાં પણ ઇંદ્રને સહસ્રાક્ષ કહેલ છે.[૧૦૫]

મહામેઘ (વૃષ્ટિ વગેરેના સ્વામી) તેના વશમાં હોવાથી મઘવા કહેવાય છે. 'પાક' નામના એક બળવાન દૈત્ય ઉપર શાસન કરવાથી તે પાકશાસન કહેવાયા. દક્ષિણાર્ધ ભરતના અધિપતિ હોવાથી તેને દક્ષિણાર્ધપતિ કહે છે. બત્રીસ લાખ વિમાનોના સ્વામી છે. ઐરાવત હાથીનો ઉપયોગ કરવાથી ઐરાવત અધિપતિ છે.[૧૦૬]

मूल:-

से णं तत्थ बत्तीसाए विमाणावाससयसाहस्सीणं, चउरासीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोगपालाणं. अट्ठण्हं अग्गमहिसीणं, सपरिवाराणं तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्हं चउरासीए आयरक्खदेवसाहस्सीणं, अण्णेसिं च बहूणं सोहम्मकप्पवासीणं वेमाणियाणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणे पालेमाणे महयाहयनट्टगीयवाइयतंतीतलतालतुडियघणमुइंगपडुपडहवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ॥ १४ ॥

અર્થ : તે ઇન્દ્ર બત્રીસ લાખ વિમાનોનું, ચોર્યાસી હજાર સામાનિક (ઇન્દ્રતુલ્ય ઋદ્ધિવાળા) દેવોનું, તેત્રીસ ત્રાયત્રિંશક દેવ (મંત્રીતુલ્ય દેવોનો ત્રાયત્રિંશક દેવોને ઇન્દ્રના પૂજ્ય સ્થાનિય દેવ પણ કહેવામાં આવે છે.)[૧૦૭] ચાર લોકપાળના (સોમ, યમ, વરુણ, કુબેર) પરિવાર સહિત આઠ અગ્રમહિષીઓનું (પદ્મા, શિવા, શચી, અંજુ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી) ત્રણ પરિષદોનું (બાહ્ય, મધ્યમ અને આભ્યંતર) સાત સૈન્ય (ગંધર્વ નાટક, અશ્વ, ગજ, રથ, સુભટ-પાયદળ અને વૃષભ) સાત સેનાપતિઓ, ત્રણ લાખ છત્રીસ હજાર અંગરક્ષક દેવો અને અન્ય અનેક સૌધર્મ દેવલોકમાં રહેલા દેવ-દેવીઓનું આધિપત્ય કરતા રહેતા હતા. તે બધાના અગ્રેસર હતા. સ્વામીની માફક તે પ્રજાનું પાલનપોષણ કરતા હતા અને ગુરુસમાન મહાઆદરપાત્ર હતા. બધા દેવોની ઉપર પોતે નિયુક્ત કરેલા દેવોએ આપેલા આદેશને પ્રદર્શિત કરનારાં હતા. તે નિરંતર ઊંચ પ્રકારનું સંગીત, મધુર વીણા, કરતાલ, અન્ય વાજિંત્ર, મેઘ ગંભીર રવ (અવાજ) કરનારા, મૃદંગ, શ્રેષ્ઠ ધ્વનિ ઉત્પન્ન કરનારા પડઘમ, આ બધાના મધુર શબ્દો શ્રવણ કરતા આનંદથી રહે છે.[૧૦૮]

વિવેચન : પ્રસ્તુત સૂત્રમાં ઇન્દ્રના વિરાટ વૈભવનું વર્ણન છે. ઇન્દ્રના આમોદ, પ્રમોદ હેતુ નાટ્ય સંગીત તથા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ થતો હતો.[૧૦૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः-

इमं च णं केवलकप्पं जंबुद्दीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणे २ विहरइ, तत्थ णं समणं भगवं महावीरं जंबुद्दीवे दीवे भारहे वासे दाहिणड्ढभरहे माहणकुंडग्गामे नगरे उसभदत्तस्स माहणस्स कोडालसगोत्तस्स भारियाए देवाणंदाए माहणीए जालंधरसगोत्ताए कुच्छिंसि गब्भत्ताए वक्कंतं पासइ, पासित्ता हट्ठतुट्ठचित्तमाणंदिए णंदिए परमाणंदिए पीइमणे परमसोमणसिए हरिसवसविसप्पमाणहियए धाराहयनीवसुरहिकुसुमचंचुमालइयऊससियरोमकूवे वियसियवरकमलनयणवयणे पयलियवरकडगतुडियकेऊरमउडकुंडलहारविरायंतवच्छे पालंबपलंबमाणघोलंतभूसणधरे ससंभमं तुरियं चवलं सुरिंदे सीहासणाओ अब्भुट्ठेइ, सीहासणाओ अब्भुट्ठित्ता पायपीढाओ पच्चोरुहइ वेरुलियवरिट्ठरिट्ठअंजणनिउणोवियमिसिमिसिंतमणिरयणमंडियाओ पाउयातो ओमुयइ, २ ओमुइत्ता एगसाडियं उत्तरासंगं करेइ, एगसाडियं उत्तरासंगं करित्ता अंजलिमउलियग्गहत्थे तित्थयराभिमुहे सत्तट्ठपयाइं अणुगच्छइ, अणुगच्छित्ता वामं जाणुं अंचेइ, वामं जाणुं २ त्ता दाहिणं जाणुं धरणितलंसि निवेसेइ, तिक्खुत्तो मुद्धाणं धरणि-तलंसि निवेसित्ता ईसिं पच्चुण्णमइ, पच्चुण्णमित्ता कडगतुडियथंभियाओ भुयाओ साहरइ, कड० २ त्ता करयलपरिग्गहियं सिरसावत्तं दसनहं मत्थए अंजलिं कट्टु एवं वयासी ॥ १५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : તે ઇન્દ્ર પોતાના વિપુલ અવધિજ્ઞાનથી સંપૂર્ણ જંબુદ્વીપને જુએ છે. તે સમયે તે શ્રમણ ભગવાન મહાવીરને જંબુદ્વીપની અંદર ભારતવર્ષના દક્ષિણાર્ધ ભરતના બ્રાહ્મણકુંડનગરમાં કોડાલ ગોત્રીય, ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા જલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયેલા જુએ છે. તેનું હૃદય હૃષ્ટ, તુષ્ટ, આનંદિત, પરમાનંદિત અને પ્રીતિવાળું બની જાય છે. પરમ સદ્વિચારવાળું બને છે, હર્ષથી તેનું હૃદય પ્રફુલ્લિત થઈ જાય છે. મેઘધારાથી સિંચિત કદંબ વૃક્ષના સુગંધયુક્ત વિકસિત કુસુમોની માફક રોમાંચિત બની જાય છે. ખીલેલા ઉત્તમ કમળની જેમ નેત્ર તથા મુખ ખીલી ઊઠે છે. શ્રેષ્ઠ કડાં, પહોંચી, કેયુર (બાજુબંધ) મુગટ (શિરનું આભૂષણ) કુંડળ (કાનનાં ભૂષણ) તથા હારથી સુશોભિત વક્ષસ્થળવાળા, લાંબા, લટકતા વારંવાર ડોલતાં એવાં આભૂષણો ધારણ કરેલાં એવા સુરેન્દ્ર સહસા શીઘ્ર સિંહાસનથી ઊઠીને ઊભા થયા.[૧૦૬] પાદપીઠથી નીચે ઊતર્યા, નીચે ઊતરીને ઉત્તમ વૈડુર્ય વરિષ્ઠ, રિષ્ટ, અંજન વિગેરે રત્નોથી યુક્ત, જાણે કુશળ કારીગરોથી નિર્મિત હોય એવા ચમક દમકવાળા મણિ અને મોતીઓથી મંડિત, પાદુકા (ચાખડી) ઉતારી દુપટ્ટાથી ઉત્તરાસન કરીને (મોઢાની યતના કરીને) અંજલિથી બિડાયેલા અગ્ર હાથવાળા તે ઇન્દ્ર તીર્થંકર સન્મુખ સાત આઠ કદમ આગળ ચાલીને જમણા ઘૂંટણને ભૂમિ ઉપર રાખીને ત્રણ વાર મસ્તકને પૃથ્વી ઉપર લગાડી નમન કરી પછી સીધા થઈ કડાં અને ત્રુટિતથી યુક્ત ભુજાને સંકોચે છે. બંને ભુજાઓને સંકોચીને દસેય નખ એકાપીનથી જોડાયેલા રહે એ રીતે ભેગા કરીને માથે અંજલિ અડાડી આ રીતે બોલ્યા :

मूलः-

नमोत्थु णं अरहंताणं भगवंताणं ॥ १ ॥ आइगराणं तित्थगराणं सयंसंबुद्धाणं ॥ २ ॥ पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरियाणं पुरिसवरगंधहत्थीणं ॥ ३ ॥ लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोयगराणं ॥ ४ ॥ अभय-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं जीवदयाणं बोहि-दयाणं ॥ ५ ॥ धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्म-सारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं ॥ ६ ॥ दीवो-ताणं सरणं गईपइट्ठा (णं) अप्पडिहयवरनाणदंसणधराणं वियट्टछउ-माणं ॥ ७ ॥ जिणाणं जावयाणं तिन्नाणं तारयाणं बुद्धाणं बोह-याणं मुत्ताणं मोयगाणं ॥८॥ सव्वन्नूणं सव्वदरिसीणं सिवम-यलमरुयमणंतमक्खयमव्वाबाहमपुणरावित्ति-सिद्धिगइनामधेयं-ठाणं संपत्ताणं नमो जिणाणं जियभयाणं ॥ ९ ॥

नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स आदिगरस्स चरिमतित्थयरस्स पुव्वतित्थयरनिद्दिट्ठस्स जाव संपाविउका-मस्स वंदामि णं भगवंतं तत्थगयं इहगए पासउ मे भगवं तत्थगए इहगयं-ति कट्टु समणं भगवं महावीरं वंदइ नमंसइ, २ सीहासणवरंसि पुरत्थाभिमुहे सन्निसन्ने ॥ १६ ॥

અર્થ : અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ. (અરિહંત ભગવાન કેવા છે?) ધર્મની આદિ કરનારા, ધર્મ–તીર્થની સ્થાપના કરનારા, પોતે પોતાની જ મેળે સમ્યક્ બોધને પામનારા, પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ, પુરુષોમાં શ્રેષ્ઠ શ્વેત કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકના હિતકર્તા, લોકમાં દીપક સમાન. લોકમાં ઉદ્યોત કરનારા, અભયદાન આપનારા, જ્ઞાનરૂપી નેત્ર દેનારા, મોક્ષમાર્ગના ઉપદેશક, શરણ આપનારા, સંયમ જીવન આપનારા, સમ્યક્ત્વ રૂપી બોધ દેનારા, ધર્મના ઉપદેશક, ધર્મના નેતા. ધર્મરથના સારથી છે. ચાર ગતિનો અંત કરનારા, શ્રેષ્ઠ ધર્મના ચક્રવર્તી છે. ભવસાગરમાં દ્વીપ સમાન, રક્ષણ કરનાર, શરણ રૂપ, આશ્રય રૂપ અને આધારરૂપ છે. અખંડ અનુપમ એવા શ્રેષ્ઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન-દર્શનના ધારણ કરનારા, પ્રમાદથી રહિત, સ્વયં રાગદ્વેષને જીતનારા, બીજાને જીતાડનારા, પોતે સંસાર સાગરથી તરી જનારા અને બીજાને તારનારા છે. પોતે બોધને પામેલા અને બીજાને બોધ આપનારા છે. પોતે કર્મથી મુક્ત છે અને બીજાને કર્મથી મુક્ત કરાવનાર છે. સર્વજ્ઞ, સર્વદર્શી છે તથા શિવરૂપ (મંગળમય) છે. અચળ–સ્થિર, અરુજ–રોગરહિત, અનંત–અંત રહિત, અક્ષય–ક્ષય રહિત, અવ્યાબાધ–બાધા પીડા રહિત, અપુનરાવૃત્તિ-જ્યાંથી ફરી પાછા ફરવું નથી એવા સિદ્ધ–ગતિ નામના સ્થાનને જેઓ પામી ગયા છે એવા ભયને જીતનારા, રાગદ્વેષને જીતનારા એવા જિન ભગવાનને મારા નમસ્કાર થાઓ.

નમસ્કાર થાઓ; શ્રમણ ભગવાન મહાવીરને કે જેઓ ધર્મની આદિ કરનારા છે, ચરમ તીર્થંકર છે. પૂર્વ તીર્થંકરોએ બતાવેલા અને અપુનરાવૃત્તિ–સિદ્ધ–ગતિને પામવાની અભિલાષાવાળા છે. અહીં (સ્વર્ગમાં) રહેલો હું ત્યાં (દેવાનંદાના) ગર્ભમાં રહેલા ભગવાનને વંદન કરું છું. ત્યાં ભગવાન અહીં રહેલા મને જુઓ આ પ્રમાણે ભાવના ભાવીને દેવરાજ દેવેન્દ્ર શ્રમણ ભગવાન મહાવીરને વંદન અને નમન કરે છે. વંદન તથા નમસ્કાર કરીને પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મોઢું કરીને બેસે છે.

વિવેચન : પ્રસ્તુત સૂત્રનાં ત્રણ નામ ઉપલબ્ધ થાય છે. કલ્પસૂત્ર જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, વગેરે આગમોમાં શક્રેન્દ્ર દ્વારા વંદનમાં પ્રયુક્ત થવાથી તે શક્રસ્તવના નામથી પ્રસિદ્ધ છે. અનુયોગદ્વાર સૂત્રના આદાનપદ નામના ઉલ્લેખ અનુસાર આ સ્તુતિનું 'નમોત્થુણં" નામ પ્રારંભિક પદ ઉપરથી પ્રચલિત થઇ ગયેલ છે. યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ વૃત્તિ, પ્રતિક્રમણ વૃત્તિ, વગેરે ગ્રંથોમાં તેનું નામ પ્રણિપાત સૂત્ર (નમસ્કાર સૂત્ર) આપેલ છે.

આ સ્તુતિ અત્યન્ત પ્રભાવોત્પાદક છે. તેના એકેક અક્ષરથી ભક્તિરસ ટપકે છે. આ સ્તુતિમાં તીર્થંકરોના આધ્યાત્મિક ગુણોનું ઉત્કીર્તન સર્વત્ર ખીલી ઉઠે છે. આધ્યાત્મિક ઉત્કર્ષને માટે સાધકે દિન પ્રતિદિન એકસો આઠવાર શ્રદ્ધાની સાથે સ્મરણ કરવું જોઇએ. જે સાધક ભક્તિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાથી તરબોળ થઈને તેનો પ્રતિદિન જાપ કરે છે. તેના ચરણોમાં અખિલ સંસારનો ભૌતિક અને આધ્યાત્મિક વૈભવ તેની મેળે આવીને ઉપસ્થિત થઈ જાય છે. તેના મનમાં કોઈ જાતની નિરાશા રહેતી નથી. તે સદા–સર્વદા સુખ અને આનંદમાં મશગૂલ રહે છે.

मूलः-

तए णं तस्स सक्कस्स देविंदस्स देवरन्नो अयमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था-न एयं भूयं, न एयं भव्वं, न एयं भविस्सं, जण्णं अरहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छकुलेसु वा दरिद्दकुलेसु वा किविणकुलेसु वा भिक्खागकुलेसु वा माहणकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा, एवं खलु अरहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा उग्गकुलेसु वा भोगकुलेसु वा राइण्णकुलेसु वा इक्खागकुलेसु वा खत्तियकुलेसु वा हरिवंसकुलेसु वा अन्नतरेसु वा तहप्पगारेसु विसुद्धजातिकुलवंसेसु आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा ॥ १७ ॥

અર્થ: તે પછી તે શક્ર, દેવેન્દ્ર દેવરાજને આવા પ્રકારનો અધ્યવસાય ચિંતન તથા અભિલાષા રૂપે મનમાં જાગૃત થયો. સંકલ્પ ઉત્પન્ન થયો કે આવું પહેલાં કયારેય થયું નથી, વર્તમાનમાં થતું નથી તેમ ભવિષ્યમાં થશે નહિ કે અરિહંતો, (તીર્થંકરો) ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, અંત્યકુળમાં, પ્રાંતકુળમાં, અધમકુળમાં તુચ્છકુળમાં, દરિદ્રકુળમાં, કૃપણકુળમાં, ભિક્ષુકકુળમાં, અથવા બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હોય, જન્મતા હોય અથવા જન્મે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ખરેખર અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, ઉગ્ર કુળમાં, ભોગ કુળમાં રાજન્ય કુળમાં, ઇક્ષ્વાકુ કુળમાં, ક્ષત્રિય કુળમાં, હરિવંશ કુળમાં, તથા તેવા પ્રકારના બીજા પણ ઉત્તમ જાતિ ને કુળવાળા વંશોમાં જન્મ્યા હતા, જન્મે છે અને જન્મશે.

વિવેચન: ઉગ્ર કુળ, ભોગ કુળ, રાજન્ય કુળ અને ક્ષત્રિય કુળ આ કુળોની સ્થાપના ભગવાન ઋષભદેવે કરી હતી. રાજ્યની સુવ્યવસ્થા માટે રક્ષકદળ બનાવ્યું કે જેના અધિકારી દંડ વિગેરે ધારણ કરવાથી 'ઉગ્ર' કહેવાયા. મંત્રી–મંડળ બનાવ્યું કે જેના અધિકારી ગુરુસ્થાને હતા તેઓ 'ભોગ' નામથી પ્રસિદ્ધ થયા. રાજાના નિકટના માણસો કે જે સમાન વય-વાળા મિત્રરૂપમાં સલાહ–સૂચના આપનારા હતા તેઓ 'રાજન્ય' નામથી વિખ્યાત થયા. બાકીના અન્ય રાજકુળમાં ઉત્પન્ન ક્ષત્રિયોના નામથી ઓળખાયા.[૧૧૦]

ભગવાન ઋષભદેવ એક વરસથી કંઈક ઓછી ઉંમરના હતા ત્યારે નાભિરાજાની ગોદમાં ક્રીડા કરી રહ્યા હતા. તે સમયે શક્રેન્દ્ર હાથમાં શેરડીનો સાંઠો લઈને આવ્યા. ભગવાને હાથ લાંબો કર્યો.[૧૧૧] ત્યારે ઇન્દ્રે વિચાર્યું કે ભગવાન ઇક્ષુની ઇચ્છા કરી રહ્યા છે તેથી તેમનો વંશ ઇક્ષ્વાકુ બનો. આ પ્રમાણે ઇક્ષ્વાકુ વંશની સ્થાપના ઇન્દ્રે કરી.[૧૧૨]

હરિવર્ષ ક્ષેત્રથી લાવવામાં આવેલ યુગલથી હરિવંશ ઉત્પન્ન થયો.[૧૧૩]

તથા પ્રકારના અન્ય વિશુદ્ધ જાતિ-કુળ-વંશથી, તાત્પર્ય એ છે કે મહાનશક્તિ અને તેજસંપન્ન યોદ્ધા જેવા મલ્લવી તથા લિચ્છવી રાજવંશના રાજગણ, યુવરાજ, મહર્દ્ધિક રાજગણ કે જેના તેજસ્વી વ્યક્તિત્વ ઉપર પ્રસન્ન થઈને પુરસ્કાર આપવામાં આવે એવા વીર, સન્નિવેશ નાયક, કુટુંબના નાયક વગેરે.

——— * દશ આશ્ચર્ય

मूलः-

अत्थि पुण एसे वि भावे लोगच्छेरयभूए अणंताहिं ओसप्पिणीउस्सप्पिणीहिं वीइक्कंताहिं समुप्पज्जति, (ग्रं. १००)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नामगोत्तस्स वा कम्मस्स अक्खीणस्स अवेइयस्स अणिज्जण्णस्स उदएणं जन्नं अरहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छकुलेसु वा दरिद्दकुलेसु वा भिक्खागकुलेसु वा किविणकुलेसु वा माहणकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा कुच्छिसि गब्भत्ताए वक्कमिंसु वा वक्कमंति वा वक्कमिस्संति वा, नो चेव णं जोणीजम्मणनिक्खमणेणं निक्खमिंसु वा निक्खमंति वा निक्खमिस्संति वा ॥ १८ ॥

અર્થ: પરંતુ લોકમાં આવા પ્રકારના આશ્ચર્યકારી કાર્યો પણ અનંત અવસર્પિણી ઉત્સર્પિણી વીતી ગયા પછી થાય છે. જ્યારે અરિહંત ભગવાન, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ તેવા પ્રકારના નામ ગોત્ર કર્મ ક્ષીણ ન થવાથી (સ્થિતિક્ષયના અભાવે) રસ વિપાક વડે કર્મ નહિ ભોગવવાને લીધે, કર્મોની નિર્જરા ન થવાથી તેમ જ તેવા કર્મના ઉદયથી તેઓ અન્ત કુળમાં, પ્રાન્ત કુળમાં, તુચ્છ કુળમાં, દરિદ્ર કુળમાં, કૃપણ કુળમાં, ભિક્ષુક કુળમાં, બ્રાહ્મણ કુળમાં, અતીતકાળમાં આવ્યા છે, વર્તમાનમાં આવે છે અને ભવિષ્યકાળમાં આવશે. કુક્ષિમાં ગર્ભરૂપે ભૂતકાળમાં ઉત્પન્ન થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં પણ થશે. પરંતુ ભૂતકાળમાં પણ ત્યાં તેમણે જન્મ લીધો નથી, વર્તમાનમાં લેતા નથી તેમ ભવિષ્યમાં જન્મ લેશે પણ નહીં.

વિવેચન: આગમોના સમર્થ ટીકાકાર આચાર્ય અભયદેવે કહ્યું છે "જે વાત અભૂતપૂર્વ અને અલૌકિક છે જેને જોઈને મનમાં વિસ્મય ઉત્પન્ન થાય છે તે આશ્ચર્ય છે. આશ્ચર્ય અને અસંભવ શબ્દોના અર્થમાં ઘણું અંતર છે. અસંભવનો અર્થ છે કે કદી બની શકે નહિ પરંતુ આશ્ચર્ય અસંભવ નથી, કેવળ વિરલ ઘટના છે. અહિંયાં વિશ્વના અન્ય આશ્ચર્યોનું વર્ણન ન કરતાં કેવળ જૈનાગમોમાં આવેલ આશ્ચર્યોનું વર્ણન છે તેવું બૌદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વૈદિક સાહિત્યમાં દૃષ્ટિગોચર થતું નથી. તેનો અર્થ એવો નથી કે તે પરંપરાઓમાં આશ્ચર્યજનક ઘટનાઓ નથી. ઘટનાઓ તો બની શકે છે પરંતુ તેઓએ તે ઘટનાઓનું આવી શૈલીથી નિરૂપણ કરેલ નથી.

સ્થાનાંગ,[૧૧૫] પ્રવચનસારોદ્ધાર[૧૧૬] અને કલ્પસૂત્રની વિભિન્ન ટીકાઓમાં દસ આશ્ચર્યોનો ઉલ્લેખ છે: (૧) ઉપસર્ગ (૨) ગર્ભાપહરણ (૩) સ્ત્રી તીર્થંકર (૪) અભાવિતપરિષદ્ (અયોગ્ય પરિષદ્) (૫) કૃષ્ણનું અપરકંકાગમન (૬) ચંદ્ર સૂર્યનું મૂળ વિમાન દ્વારા આકાશમાંથી ઊતરવું (૭) હરિવંશ કુળની ઉત્પત્તિ (૮) ચમરેન્દ્ર ઉત્પાત (૯) ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ એક સમયે સિદ્ધ (૧૦) અસંયતની પૂજા. આ બધાનું સંક્ષિપ્ત વિવરણ અહીં પ્રસ્તુત કરવામાં આવે છે.

(૧) ઉપસર્ગ: એક વખત ભગવાન મહાવીર ધર્મનો ઉપદેશ કરતાં કરતાં શ્રાવસ્તીના ઉદ્યાનમાં પધાર્યા. ગણધર ગૌતમ ભિક્ષા માટે નગરીમાં ગયા. તેમણે સાંભળ્યું - ગોશાલક પોતે પોતાની જાતને જિન કે સર્વજ્ઞ-સર્વદર્શી કહે છે. ગૌતમે મહાવીરને નિવેદન કર્યું. મહાવીરે કહ્યું: "ગૌતમ, મંખલીપુત્ર ગોશાલક મારો કુશિષ્ય છે. તે જિન નહિ પરંતુ 'જિન' નો પ્રલાપ કરનારો છે. મહાવીરનું તે કથન શ્રાવસ્તીમાં પ્રસરી ગયું. ગોશાલકે પણ સાંભળ્યું – તેણે છઠના પારણાને માટે જતા મહાવીરના શિષ્ય આનંદને કહ્યું: – "હે આનંદ! ધન પ્રાપ્ત કરવાની લાલસાથી કેટલાક વણિકો અન્ન-પાણીની વ્યવસ્થા કરીને – વાસણ વગેરે લઈને વિદેશ ચાલ્યા - ભયંકર અરણ્યમાં પહોંચતા, સાથેનું જળ ખલાસ થઈ ગયું. તૃષાતુર બનીને જળની તપાસ કરતાં તેમણે ચાર રાફડા જોયા. પ્રથમ રાફડો ખોલતાં અમૃત જેવું મધુર જળ નીકળ્યું, જેને પ્રાપ્ત કરી બધાં આનંદમગ્ન બની ગયા. બીજો રાફડો ખોલ્યો તો ચમકતું સોનું નીકળ્યું. ત્રીજો રાફડો ખોલતાં અમૂલ્ય મણિ–મોતી વગેરે જવાહરાત ઉપલબ્ધ થયું. પરંતુ જેવા તેઓ ચોથો રાફડો ખોલવા માટે આગળ પગલું મૂકવા જતા હતા ત્યાં જ એક સુબુદ્ધિ નામના વણિકે રોકયા, પણ તેઓ માન્યા નહિ. તે રાફડો ખોલતાંની સાથે જ તેમાંથી દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો, જેના ઝેરી ફુંફાડાથી બધા ત્યાં ભસ્મીભૂત થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા. આ રૂપક તમારા ધર્માચાર્ય મહાવીર ઉપર પણ ઘટિત થાય છે. તેમને પણ બધી વસ્તુઓ પ્રાપ્ત થઈ ગઈ છે, પરંતુ ખેદ છે કે તેમને હજી પણ સંતોષ નથી. તે મને 'મંખલીપુત્ર' 'છદ્મસ્થ' અને પોતાનો કુશિષ્ય કહે છે. તું જઈને તેને સાવધાન કરી દે, અન્યથા હું સ્વયં આવીને તેની દશા દુર્બુદ્ધિ પેલા વણિકપુત્રો જેવી કરી દઈશ.

આનંદ મુનિ ભગવાનની પાસે પહોંચ્યા. ગોશાલકનું ધમકીભર્યું કથન નિવેદિત કર્યું. સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન તો પહેલેથી જ જાણતા હતા. ભગવાને કહ્યું :– "આનંદ, તમે જાઓ, અને ગૌતમાદિ શ્રમણોને સૂચના આપી દો કે ગોશાલક અહીં આવી રહ્યો છે. કોઈ પણ શ્રમણે તેની સાથે સંભાષણ કરવું નહિ."

ગોશાલક મહાવીરની પાસે પહોંચ્યા અને બોલ્યા "હે કાશ્યપ! તમારો શિષ્ય મંખલીપુત્ર તો મરી ગયો છે, તે અન્ય હતો, હું અન્ય છું. તેના શરીરને પરીષહ સહન કરવામાં સુદૃઢ સમજીને મેં તેમાં પ્રવેશ કર્યો છે."

મહાવીરે કહ્યું : "ગોશાલક! જેમ કોઈ તસ્કરને છુપાવાનું સ્થાન પ્રાપ્ત ન થતાં તૃણની આડમાં છુપાવાનો પ્રયાસ કરે છે તેમ તું પણ અન્ય ન હોવા છતાં પણ પોતે પોતાની જાતને બીજો બતાવી રહેલ છે."

ભગવાન મહાવીરનું સત્ય કથન સાંભળીને ગોશાલક સ્તંભિત અને અવાક્ થઈ ગયો. મનમાં ને મનમાં ધુંધવાવા લાગ્યો. પોતાની જાતને છુપાવવાની દૃષ્ટિથી તે ફાવે તેમ પ્રલાપ કરવા લાગ્યો. મહાવીરની સામે જેમ તેમ બોલતાં જોઈને ભગવાનના અંતેવાસી શિષ્ય 'સર્વાનુભૂતિ' અને 'સુનક્ષત્ર' અણગારે કહ્યું –"હે ગોશાલક! તમારે તમારા ધર્માચાર્ય પ્રત્યે આ જાતની અશિષ્ટતા પ્રદર્શિત કરવી ન જોઈએ."

ગોશાલકે ક્રોધિત થઈને તે બન્ને અણગારોને તેજોલેશ્યાથી ત્યાં જ ભસ્મ કરીદીધા. બન્ને આયુષ્ય પૂર્ણ કરીને આઠમા અને બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા.[૧૧૭] ભગવાન દ્વારા પ્રતિબોધ આપવા છતાં પણ ગોશાલક સમજ્યો નહિ. "પયઃપાનં ભુજંગાનાં કેવલં વિષવર્ધનમ્" ની ઉક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર તેણે ભગવાન મહાવીર ઉપર પણ તેજોલેશ્યા ફેંકી પરંતુ તે તેજોલેશ્યા ભગવાનની આસપાસ ફેરો ફરીને આકાશમાં ઊછળી અને ફરી ગોશાલકના શરીરમા સમાઈ ગઈ. પોતાની તેજોલેશ્યાથી ભગવાનને ભસ્મ થયેલા ન જોઈ ગોશાલક આકુળ-વ્યાકુળ થઈ ગયો. તે બોલ્યો—"હે કાશ્યપ! તું છ માસમાં પિત્ત અને દાહજ્વરથી પીડાઈને મરી જઈશ."

મહાવીરે કહ્યું: 'ગોશાલક! હું તો હજી સોળ વરસ સુધી ગંધહસ્તીની માફક આ ધરતી ઉપર વિચરણ કરીશ પરંતુ યાદ રાખજે, તું પોતે સાત રાતમાં પિત્ત-જ્વરથી પીડાઈને છદ્મસ્થ-અવસ્થામાં જ કાળ કરીશ."

ભગવાનની આ ભવિષ્યવાણી સિદ્ધ થઈ. તેજોલેશ્યાના પ્રભાવથી ભગવાન મહાવીરને પણ છ માસ સુધી પિત્ત-જ્વર અને રક્તાતિસાર થઈ ગયો હતો.[૧૧૮] કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તીર્થંકરનો એવો અતિશય હોય છે કે તે જ્યાં કયાંક રહે છે ત્યાં અને તેની આસપાસ સો જોજન સુધી કોઈ પણ જાતનો વૈરભાવ, મરકી, રોગ, કે દુર્ભિક્ષ વગેરે ઉપદ્રવ થતો નથી.[૧૧૯] પરંતુ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયા પછી અને તેમના જ સમવસરણમાં આવો ઉપસર્ગ થયો કે જે આશ્ચર્ય છે.

(૨) **ગર્ભાપહરણ**:- બીજું આશ્ચર્ય ગર્ભાપહરણ છે. તીર્થંકરોના ગર્ભનું અપહરણ થતું નથી પરંતુ શ્રમણ ભગવાન મહાવીરનું થયું. દિગંબર પરંપરા પ્રસ્તુત ઘટના માન્ય કરતી નથી પરંતુ શ્વેતાંબર પરંપરાના માનનીય આગમોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

આચારાંગ,[૧૨૦] સમવાયાંગ,[૧૨૧] સ્થાનાંગ,[૧૨૨] આવશ્યકનિર્યુક્તિ[૧૨૩] વગેરેમાં સ્પષ્ટ વર્ણન છે કે શ્રમણ ભગવાન મહાવીરને બ્યાસી (૮૨) રાત્રિ-દિવસ પસાર થયા પછી એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં લઈ જવામાં આવ્યા. ભગવતી સૂત્રમાં દેવાનંદા બ્રાહ્મણીનો પરિચય આપતાં ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું: "હે ગૌતમ! દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે."[૧૨૪]

જૈનાગમોની માફક વૈદિક પરંપરામાં પણ ગર્ભ-પરિવર્તન વિધિઓનો ઉલ્લેખ છે. કંસ જ્યારે વસુદેવના સંતાનોને સમાપ્ત કરી નાખતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો ત્યારે વિશ્વાત્મા યોગમાયાને એવો આદેશ આપે છે કે તે દેવકીનો ગર્ભ રોહિણીના ઉદરમાં મૂકી દે. વિશ્વાત્માના આદેશ અને નિર્દેશથી યોગ-માયા દેવકીનો ગર્ભ રોહિણીના ઉદરમાં મૂકી દે છે ત્યારે પુરવાસી અત્યંત દુઃખની સાથે કહેવા લાગે છે 'અરેરે, બિચારી દેવકીનો ગર્ભ નષ્ટ થઈ ગયો.[૧૨૫]

આજનો યુગ વૈજ્ઞાનિક યુગ છે. વિજ્ઞાનીઓએ અનેક સ્થળો ઉપર એવું પરીક્ષણ કરીને સિદ્ધ કરી દીધું છે કે ગર્ભ-પરિવર્તન અસંભવ નથી. આના સંબંધમાં 'ગુજરાત વર્નાકયૂલર સોસાયટી' દ્વારા પ્રકાશિત 'જીવન વિજ્ઞાન' (પાના ૮૩)માં એક વર્ણન પ્રકાશિત થયેલ છે તે દ્રષ્ટવ્ય છે.

"એક અમેરિકન ડોકટર એક ભાટિયા સ્ત્રીના પેટનું ઑપરેશન કરતા હતા. સમસ્યા એ હતી કે સ્ત્રી ગર્ભવતી હતી તેથી ડોકટરે એક ગાભણી બકરીનું પેટ ચીરીને તેના પેટનાં બચ્ચાંને વીજળીથી ચાલતા એક ડબ્બામાં રાખ્યું અને તે સ્ત્રીના પેટના બચ્ચાંને બકરીના પેટમાં રાખ્યું. ઑપરેશન કરી લીધા પછી ડોકટરે ફરીને સ્ત્રીનું બચ્ચું સ્ત્રીના પેટમાં અને બકરીનું બચ્ચું બકરીના પેટમાં મૂકી દીધું. કાળાંતરે સ્ત્રી અને બકરીએ જે બચ્ચાંઓને જન્મ આપ્યો તે સ્વસ્થ અને તંદુરસ્ત રહ્યાં."

(૩) **સ્ત્રી તીર્થંકર** :- તીર્થંકર પુરુષજ હોય છે,[૧૨૬] સ્ત્રી નહીં. પરંતુ પ્રસ્તુત અવસર્પિણી કાળમાં ઓગણીસમા તીર્થંકર મલ્લિ ભગવતી સ્ત્રી થઈ છે.[૧૨૭] મલ્લિ ભગવતીનો જીવ પૂર્વભવમાં અપર વિદેહના સલિલાવતી વિજયમાં મહાબળ રાજા હતો. [૧૨૮] તેમણે પોતાના છ મિત્રો સાથે દીક્ષા ગ્રહણ કરી. મહાબળ મુનિના અંતરમાં એવો વિચાર પ્રગટયો કે અહીં હું મારા છ સાથીઓનો નેતા છું. જો હું તેમની સાથે સરખે-સરખાં જપ-તપ કરતો રહીશ તો ભવિષ્યમાં તેમનાથી જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ બની શકીશ નહિ. એવી જાતનો વિચાર કરીને મહાબળ મુનિ પારણાંના વખતે બહાનાં કાઢી, ઉગ્ર તપ કરવા લાગ્યા. તપાદિના પ્રભાવથી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું,[૧૨૯] અને માયાના કારણે સ્ત્રીવેદનું;[૧૩૦] કે જેનાથી તે સ્ત્રી તીર્થંકર થયા.[૧૩૧] આ પણ એક આશ્ચર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) **અભાવિત પરિષદ્ :-** તીર્થંકરનું પ્રવચન એટલું પ્રભાવપૂર્ણ અસરકારક હોય છે કે તે સાંભળીને ભૌતિકતામાં નિમગ્ન માનવ પણ ત્યાગમાર્ગનો સ્વીકાર કરી લે છે. ભગવાન શ્રી મહાવીરને જૃંભિકા ગામની બહાર ઋજુબાલિકા નદીને કિનારે શાલવૃક્ષની નીચે કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું. દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ ઊજવ્યો. સમવસરણની રચના થઈ. ભગવાને ત્યાં કોઈ પણ ચારિત્રધર્મ અંગીકાર કરનાર નથી એમ જાણીને એક ક્ષણ માત્ર પ્રવચન કર્યું.[૧૩૨] પરંતુ કોઈએ પણ ચારિત્રનો સ્વીકાર કર્યો નહિ.[૧૩૩] તે કારણથી પ્રથમ પરિષદ્ને અભાવિત કહેલ છે. તીર્થંકરનું પ્રવચન પાત્રની અપેક્ષાએ નિષ્ફળ ગયું, એ પણ એક આશ્ચર્ય છે.[૧૩૪]

(૫) **કૃષ્ણનું અપરકંકા ગમન :-** સતી શિરોમણિ દ્રૌપદીના રૂપ લાવણ્યની પ્રશંસા સર્વત્ર ફેલાઈ ગઈ હતી. નારદઋષિએ પણ સાંભળી અને તેને જોવા માટે રાજપ્રાસાદમાં પહોંચ્યા. દૃઢધર્મી દ્રૌપદીએ ગુરુબુદ્ધિથી નારદને નમસ્કાર કર્યા નહિ. નારદઋષિ તેને પોતાનું અપમાન સમજ્યા અને તે ક્રોધાયમાન થઈ ગયા. દ્રૌપદીને તે અપમાનનું ફળ ચખાડવા નારદે ઉપાય વિચાર્યો. ધાતકીખંડ દ્વીપના અપરકંકાધીશ પદ્મનાભ સમક્ષ કે જે પરદાર-લુબ્ધ હતો, દ્રૌપદીના રૂપનું વર્ણન કરતાં કહ્યું : "પાંડવોની પત્ની એટલી બધી સુંદર છે જાણે તે ચાંદનો કટકો હોય. જો તમે તેને મેળવી શકો તો તમારા અંતઃપુરની શોભામાં અને તેજમાં ઘણો વધારો થઈ જશે."

પદ્મનાભે પોતાના મિત્ર દેવની સહાયથી સૂતેલી દ્રૌપદીને પોતાના રાજમહેલમાં મંગાવી લીધી. દ્રૌપદીને ભોગની ભાષામાં અભ્યર્થના કરી પરંતુ પતિવ્રતા દ્રૌપદીએ તેને વિવેકપૂર્વક સમજાવીને રોકયા.

દ્રૌપદીને રાજમહેલમાં ન મેળવતાં પાંડવો ચિંતાતુર થયા, સર્વત્ર તપાસ ચલાવી; પરંતુ દ્રૌપદીનો કયાંય પત્તો લાગ્યો નહિ. દ્વારકાધીશ શ્રીકૃષ્ણને આ વાત જણાવી. કૃષ્ણે ઉપહાસ કરતાં કહ્યું- 'ખેદ છે કે તમે પાંચ પતિ હોવા છતાં પણ દ્રૌપદીનું રક્ષણ ન કરી શકયા.' પછી શ્રીકૃષ્ણે નારદઋષિ દ્વારા પત્તો મેળવી લીધો કે તે અપરકંકામાં છે. પાંડવો સહિત શ્રીકૃષ્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પહોંચ્યા નૃસિંહરૂપ બનાવીને શ્રીકૃષ્ણે પદ્મનાભને પરાજિત કર્યો અને પાછા ફરતાં વિજયશંખ બજાવ્યો કે જેનો ગંભીર અવાજ તીર્થંકર મુનિસુવ્રતના પીયૂષવર્ષી પ્રવચનનું પાન કરતાં ધાતકીખંડસ્થ ભરતક્ષેત્રના વાસુદેવ શ્રી કપિલે સાંભળ્યો. તેઓ શ્રીકૃષ્ણ સાથે મેળાપ કરવા માટે શીઘ્ર ગતિથી ચાલ્યા પરંતુ શ્રી કૃષ્ણ તો પહેલાં જ ત્યાંથી નીકળી ચૂકયા હતા છેટેથી જ રથની ધ્વજા દેખીને કપિલ વાસુદેવે શંખનાદ કર્યો અને તેના પ્રત્યુત્તરમાં શ્રી કૃષ્ણે પણ શંખનાદ કર્યો.

તીર્થંકરનો પૃથ્વી ઉપર જન્મ ધારણ કરવો અધ્યાત્મ, ધર્મ અને જ્ઞાનના મહાપ્રકાશનું સાક્ષાત્ રૂપમાં અવતરણ છે. તેમના ઉપદેશ અને જ્ઞાનથી માત્ર મનુષ્ય લોક જ નહિ પરંતુ ત્રણેય લોક પ્રકાશમાન થઈ જાય છે તે દૃષ્ટિથી તીર્થંકરના જન્મ સમયમાં દીક્ષા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિના સમયમાં ત્રણેય લોકમાં અપૂર્વ ઉદ્યોત થયાની વાત આગમમાં આવેલ છે. [૧૬૯]

——— * જન્મ મહોત્સવ:-

मूलः—

जं रयणिं च णं समणे भगवं महावीरे जाए सा णं रयणी बहूहिं देवेहि य देवीहि य उवयंतेहि य उप्पयंतेहि य उप्पिंजलमाणभूया कहकहभूया यावि होत्था ॥ ९४ ॥

અર્થ: જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરે જન્મ ગ્રહણ કર્યો તે રાતે ઘણાં દેવ-દેવીઓનું ઉપર-નીચે આવાગમન થવાથી લોકમાં એક જાતની હલચલ મચી ગઈ અને સર્વત્ર કલ-કલનાદ વ્યાપી ગયો.

વિવેચન: ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા માટે છપ્પન દિક્ કુમારિકાઓ (દિશાની કુમારિકાઓ) આવી. તેમનાં નામ આ પ્રમાણે છે:

(૧) ભોગંકરા (૨) ભોગવતી (૩) સુભોગા (૪) ભોગમાલિની (૫) સુવત્સા (૬) વત્સમિત્રા (૭) પુષ્પમાળા (૮) અનિંદિતા. આ આઠે દિક્ કુમારીઓ અધોલોકમાં રહે છે. તેઓએ આવીને નમસ્કાર કરીને ઈશાન દિશામાં સૂતિકા ગૃહ નિર્માણ કર્યું (૯) મેઘંકરા (૧૦) મેઘવતી (૧૧) સુમેધા (૧૨) મેઘમાલિની (૧૩) તોયધારા (૧૪) વિચિત્રા (૧૫) વારિષેણા (૧૬) બલાકા આ આઠ દિક્કુમારીઓ ઉર્ધ્વલોકમાં રહે છે. તેઓએ આવીને નમસ્કાર કર્યા, સુગંધિત જળ અને પુષ્પોની વૃષ્ટિ કરી. (૧૭) નંદા (૧૮) ઉત્તરાનંદા (૧૯) આનંદા (૨૦) નંદિવર્ધના (૨૧) વિજ્યા (૨૨) વૈજયન્તી (૨૩) જયંતી (૨૪) અપરાજિતા—આ આઠ દિક્કુમારીઓ પૂર્વ દિશાના રૂચક પર્વતમાં રહે છે ત્યાંથી તે આવે છે અને મુખ દેખાડવાના હેતુથી દર્પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામે ધરીને ઊભી રહે છે. (૨૫) સમાહારા (૨૬) સુપ્રદત્તા (૨૭) સુપ્રબુદ્ધા (૨૮) યશોધરા (૨૯) લક્ષ્મીવતી (૩૦) શેષવતી (૩૧) ચિત્રગુપ્તા (૩૨) વસુંધરા – આ આઠ દિક્કુમારીઓ દક્ષિણ દિશાના રૂચક પર્વતમાં રહે છે. સ્નાન માટે જળ ભરેલા કળશ લાવે છે. (૩૩) ઇલા દેવી (૩૪) સુરાદેવી (૩૫) પૃથ્વી (૩૬) પદ્મવતી (૩૭) એકનાસા (૩૮) નવમિકા (૩૯) ભદ્રા અને (૪૦) શીતા. આ આઠ દિક્કુમારીઓ પશ્ચિમ દિશાના રૂચક પર્વત ઉપર રહે છે. તેઓ પવન નાખવા માટે પંખા લઈને આવે છે (૪૧) અલંબુસા (૪૨) મિતકેશી (૪૩) પુંડરીકા (૪૪) વારૂણી (૪૫) હાસા (૪૬) સર્વપ્રભા (૪૭) શ્રી અને (૪૮) હ્રી. આ આઠ દિક્કુમારીઓ ઉત્તર દિશાના રૂચક પર્વત ઉપર રહે છે. તે ચામર વીંજે છે. (૪૯) ચિત્રા (૫૦) ચિત્રકનકા (૫૧) શતેરા (૫૨) વસુદામિની આ ચાર દિક્કુમારીઓ રૂચક પર્વતની વિદિશાઓમાંથી આવે છે. દીપક લઇને વિદિશાઓમાં ઊભી રહે છે. (૫૩) રૂપા (૫૪) રૂપાસિકા (૫૫) સુરૂપા અને (૫૬) રૂપકાવતી આ ચાર દિક્કુમારીઓ રૂચક દ્વીપમાં રહે છે. તે ભગવાનની નાળનું છેદન કરે છે, તેલનું મર્દન કરી સ્નાન કરાવે છે.

વિભિન્ન દિશાઓમાં રહેનારી આ દિક્કુમારીઓએ આવીને ભગવાનનું સૂતિકા કર્મ કરીને જન્મોત્સવ ઊજવ્યો અને પોતાના સ્થાને ચાલી ગઈ.

ભગવાનનો જન્મ થતાં જ શક્રેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. તેઓ અવધિજ્ઞાનથી ભગવાનનો જન્મ જાણીને આહ્લાદિત થયા-અનેક દેવ-દેવીઓના પરિવાર સાથે કુંડપુર આવ્યા. સાથે ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવનિકાયના ઇન્દ્ર અને દેવગણ પણ આવ્યા.[૧૭૦] તેઓએ ભગવાન અને માતા ત્રિશલાને ત્રણ વાર પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. માતાને અવસ્વાપિની નિદ્રા આપીને અને ભગવાનનું પ્રતિબિંબ ત્યાં રાખીને ભગવાનને મેરુશિખર ઉપર લઈ ગયા. સ્નાનાભિષેક કરવા માટે જ્યારે બધા દેવ જળકળશ લઈને ઊભા રહ્યા ત્યારે સૌધર્મેન્દ્રનાં મનમાં શંકા થઈ કે આ નવજાત બાળક આટલા જળ-પ્રવાહને કઈ રીતે સહન કરશે? અવાધજ્ઞાનથી ઇન્દ્રની શંકાને જાણીને ભગવાને ડાબા પગના અંગુઠાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુપર્વતને દબાવ્યો, જેથી સંપૂર્ણ પર્વત કંપાયમાન થઈ ગયો.[૧૭૧] ઇન્દ્રને પ્રથમ ક્રોધ આવ્યો પરંતુ જ્યારે તેણે નવજાત બાળકના રૂપમાં અનંતશક્તિ સંપન્ન ભગવાનનું જ આ કૃત્ય જાણ્યું ત્યારે તેને ભગવાનની અનંતશક્તિનું પરિજ્ઞાન થયું, તેણે ક્ષમાયાચના કરી. જન્મોત્સવ ઉજવ્યા પછી ફરીને ઇન્દ્રે ભગવાનની માતાની પાસે મૂકી દીધા અને નંદીશ્વર દ્વીપમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરીને સ્વસ્થાને ગયા.

मूलः—

जं रयणिं च णं समणे भगवं महावीरे जाए तं रयणिं च णं बहवे वेसमणकुंडधारिणो तिरियजंभगा देवा सिद्धत्थरायभवणंसि हिरन्नवासं च सुवन्नवासं च रयणवासं च वयरवासं च वत्थवासं च आहरणवासं च पत्तवासं च पुप्फवासं च फलवासं च बीयवासं च मल्लवासं च गंधवासं च वण्णवासं च चुण्णवासं च वसुहारवासं च वासिंसु ॥ ९५ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરે જન્મ ધારણ કર્યો તે રાત્રે કુબેરની આજ્ઞામાં રહેલા તિરછા લોકમાં રહેનારા અનેક જૃંભક દેવોએ સિદ્ધાર્થ રાજાના ભવનમાં ચાંદીની, સોનાની, રત્નોની, હીરાની, વસ્ત્રોની, આભૂષણોની, નાગરવેલના પત્રોની, પુષ્પોની, ફળોની, બીજોની, માળાઓની, સુગંધિત પદાર્થોની, વિવિધ પ્રકારના રંગોની, સુગંધિત ચૂર્ણોની અને સુવર્ણ મુદ્રાઓની વૃષ્ટિ કરી.

વિવેચન : ત્રિશલા રાણીએ જ્યારે પુત્રજન્મ આપ્યો ત્યારે સર્વપ્રથમ પ્રિયવંદા નામની દાસીએ રાજા સિદ્ધાર્થની પાસે આવીને પુત્ર જન્મની શુભ વધામણી આપી. તે શુભ વધામણી સાંભળીને રાજા ઘણા જ પ્રસન્ન થયા અને તે પ્રસન્નતાના ઉપલક્ષ્યમાં રાજાને મુગટ સિવાય પોતાનાં સઘળાં આભૂષણો ઉતારીને દાસીને પુરસ્કારમાં આપી દીધાં અને તેને દાસીકર્મથી મુક્ત કરીને ઉચિત સન્માનવાળું પદ આપ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः-

तए णं से सिद्धत्थे खत्तिए भवणवइवाणमन्तरजोइसवेमाणिएहिं देवेहिं तित्थयरजम्मणाभिसेयमहिमाए कयाए समाणिए पच्चूसकालसमयंसि नगरगुत्तिए सद्दावेइ नगरगुत्तिए सद्दावित्ता एवं वयासी ॥ ९६ ॥

અર્થ : તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિય, ભવનપતિ, વાણુવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો દ્વારા તીર્થંકર જન્મભિષેક-મહિમા પૂરો થયા પછી સવારે નગર રક્ષકોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છેઃ-

मूलः—

खिप्पामेव भो देवाणुप्पिया ! कुंडपुरे नगरे चारगसोहणं करेह, चारगसोहणं करित्ता, माणुम्माणवद्धणं करेह, माणुम्माणवद्धणं करित्ता कुंडपुरं नगरं सब्भिंतरबाहिरियं आसियसम्मज्जिओवलेवियं सिंघाडगतियचउक्कचच्चरचउम्मुहमहापहपहेसु सित्तसुइसम्मट्ठरत्थंतरावणवीहियं मंचाइमंचकलियं नाणाविहरागभूसियज्झयपडागमंडियं लाउल्लोइयमहियं गोसीससरसरत्तचंदणदद्दरदिण्णपंचंगुलितलं उवचियचंदणकलसं चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागं आसत्तोसत्तविपुलवट्टवग्घारियमल्लदामकलावं पंचवन्नसरससुरहिमुक्कपुप्फपुंजोवयारकलियं कालागुरुपवरकुंदुरुक्कतुरुक्कडज्झंतधूवमघमघिंतगंधुद्धुयाभिरामं सुगंधवरगंधियं गंधवट्टिभूयं नडनट्टगजल्लमल्लमुट्ठियवेलंबगपवगकहगपढकलासकआइक्खगलंखमंखतूणइ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ल्लतुंववीणियअणेगतालायराणुचरियं करेह कारवेह, करेत्ता कारवेत्ता य जूयसहस्सं च मुसलसहस्सं च उस्सवेह, उस्सवित्ता य मम एयमाणत्तियं पच्चप्पिणेह ॥ ९७ ॥

अर्थः हे देवानुप्रियो! जलदीथी कुंडपुर नगरना कारागृहने खाली करी नाखो, अर्थात् बधा कैदीओने मुक्त करी दो. तोल-मापने वधारो (अर्थात् वेपारीओने कहो के घी, अन्नादि पदार्थ सस्ता वेंचो, सस्ता वेचवाथी जे नुकसान जशे तेनी पूर्ति राज्य कोषमांथी करवामां आवशे.) तोलमाप वधार्या पछी कुंडपुर नगरनी अंदर अने बहार सुगंधित पाणीनो छंटकाव करावो, साफ करावो, लींपण करावो, कुंडपुर नगरना त्रिभेटामां, चोकमां, चोतरामां (ज्यां घणा रस्ता मळता होय) राजमार्ग अथवा सामान्य बधा मार्गोमां पाणी छंटावो, तेमने पवित्र बनावो, ज्यां त्यां बधी गलीओमां अने बधा बन्नरोमां पाणीना छंटकावथी तेने स्वच्छ करीने ते स्थानो उपर जोवा माटे, आगंतुकोने बेसवा माटे मंच बनावो, विविध रंगोथी सुशोभित धज्ज अने पताकाओ बंधावो, आखुं नगर लींपी-गूपीने स्वच्छ बनावो. नगरना भवनोनी भींतो उपर गोशीर्ष चंदननां, सरस रक्तचंदनना, दर्दर (मलय) चंदनना, पांचे आंगळांना थापा दृष्टिगोचर थाय ओ जातनां थापा लगावो. घरोनी अंदर चोकमां चंदन-कळश रखावो, द्वारे द्वारे चंदनना सुंदर तोरण बंधावो, ज्यां त्यां सुंदर देखाती अने पृथ्वीने स्पर्श करती लांबी गोळ माळा लटकावरावो, पांच वर्णनां सुंदर - सुगंधित फूलोनो ढगलो करावो. पुष्पोने अहीं तहीं चारे बाजु पथरावो, ठेकठेकाणे फूलोनां घरो रचावो. चारे तरफ सर्वत्र प्रज्ज्वलित श्याम अथवा उत्तम कुंदरुक लोबान, आदि सळगता धूपनी सुगंधथी संपूर्ण नगरने सुगंधित करो. सुगंधथी आखुं नगर महेंकी ऊठे तेवुं करो. सुगंधनी अधिकताना कारणे आखुं नगर गंधगुटिका समान लागे तेवुं बनावो.

जनरंजनने माटे ठेकठेकाणे नट-नाटक करो, नृत्य करनारा नृत्य करे, दोरडां उपर खेल बतावनारां खेल बतावे, मल्ल कुस्ती करे,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુષ્ઠિથી કુસ્તી કરનારા મુષ્ઠથી કુસ્તી કરે, વિદૂષકો લોકોને હસાવે, કૂદનારા કુદીને પોતાના ખેલ બતાવે, કથાવાચક કથા કરીને જનમનને પ્રસન્ન કરે, સુભાષિત બોલનારા પાઠકો સુભાષિત બોલે, રાસક્રીડા કરનારા રાસની ક્રીડા કરે, ભવિષ્ય કહેનારા ભવિષ્ય કહે, લાંબા વાંસ ઉપર ખેલ કરનારા વાંસ ઉપર ખેલ કરે. હાથમાં ચિત્રનું પાટિયું રાખીને ફરનારા મંખ લોકો ચિત્ર બતાવે, તૂણી લોકો તૂણ નામનું વાદ્ય બજાવે. તાલ દઈને નાટક દેખાડે. આ પ્રમાણે જનરંજન હેતુ નગરમાં બધી વ્યવસ્થા કરો અને બીજા પાસે કરાવો. આમ કરાવીને હજારો ગાડાંઓના ધોંસરા અને હજારો મુસળ (સાંબેલા) ઊંચે સ્થળે ઊભાં કરો અર્થાત્ ધોંસરે જુતેલા બળદોને બંધનમુક્ત કરીને આરામ લેવા દો અને સાંબેલાથી થનારી હિંસાને રોકો. આ બધું ઉપક્રમ કરીને મારી આજ્ઞા પાછી આપો અર્થાત્ આ બધું કાર્ય કરીને મને ખબર આપો.

मूलः-

तए णं ते णगरगुत्तिया सिद्धत्थेणं रन्ना एवं वुत्ता समाणा हट्ठतुट्ठ जाव हियया करयल जाव पडिसुणित्ता खिप्पामेव कुंडपुरे नगरे चारगसोहणं जाव उस्सवेत्ता जेणेव सिद्धत्थे राया तेणेव उवागच्छंति उवागच्छित्ता करयल जाव कट्टु सिद्धत्थस्स रन्नो एयमाणित्तियं पच्चप्पिणंति ॥ ९८ ॥

અર્થ : તે પછી સિદ્ધાર્થ રાજાએ જેમને આજ્ઞા આપી હતી તે નગરના ગુપ્તિ–રક્ષકોને (નગરના રક્ષક, કોટવાળ)[૧૭૨] અપાર આનંદ થયો, સંતોષ થયો, પ્રસન્ન થવાથી તેમનું હૃદય પ્રફુલ્લિત થયું. તેમણે બન્ને હાથ જોડીને સિદ્ધાર્થ રાજાની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો. તે પછી તેઓ તરત જ કુંડપુર નગરમાં સર્વપ્રથમ કારાગ્રહને ખોલીને કેદીઓને મુક્ત કરે છે અને મુસલ ઉઠાવવા–છોડવા સુધીનાં પૂર્વોક્ત બધાં કાર્ય કરે છે, કાર્ય કર્યા પછી જ્યાં સિદ્ધાર્થ રાજા છે ત્યાં આવે છે, આવીને બે હાથ જોડીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મસ્તક ઉપર અંજલિ કરીને સિદ્ધાર્થ રાજાને તેમનો તે આદેશ ફરી અર્પિત કરે છે અર્થાત્ 'આપે જે આદેશ આપ્યો હતો તે અનુસાર બધાં કાર્ય અમે કરી આવ્યા છીએ' એમ જાહેર કરી દે છે.

मूलः-

तए णं से सिद्धत्थे राया जेणेव अट्टणसाला तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता जाव सव्वोरोहेणं सव्वपुप्फगंधवत्थमल्लालंकारविभूसाए सव्वतुडियसद्दनिनाएण महया इड्ढीए महया जुतीए महया बलेणं महया वाहणेणं महया समुदएणं महया वरतुडियजमगसमगप्पवाइएणं संखपणवपडहभेरिझल्लरिखरमुहिहुडुक्कमुरवमुइंगदुंदुहिनिग्घोसणादितरवेणं उस्सुंकं उक्करं उक्किट्ठं अदेज्जं अमेज्जं अभडप्पवेसं अदंडकोदंडिमं अधरिमं गणियावरनाडइज्जकलियं अणेगतालायराणुचरियं अणुद्धुयमुइंगं अमिलायमल्लदामं पमुइयपक्कीलियसपुरजणजाणवयं दस दिवसट्ठिइपडियं करेइ ॥ ९९ ॥

અર્થ: તે પછી સિદ્ધાર્થ રાજા જ્યાં અખાડો અર્થાત્ વ્યાયામશાળા છે ત્યાં આવે છે, પોતાના અંતઃપુરની સાથે બધી જાતનાં પુષ્પ, ગંધ વસ્ત્ર, માળાઓ વગેરે અલંકારોથી અલંકૃત થઈને, બધી જાતનાં વાદ્યોને વગડાવતાં, મોટા વૈભવની સાથે, મોટી દ્યુતિની સાથે, મોટા લશ્કરની સાથે, ઘણાં વાહનોની સાથે, બૃહદ્ સમુદાયની સાથે અને એક સાથે વાગતાં અનેક વાદ્યોના ધ્વનિની સાથે એટલે કે શંખ, પણવ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડ્ડક, ઢોલ, મૃદંગ અને દુંદુભિ વગેરે વાદ્યોના ધ્વનિની સાથે દસ દિવસ સુધી તેમની કુળમર્યાદા અનુસાર ઉત્સવ કરે છે. આ ઉત્સવના સમયે નગરમાંથી જકાત તથા કર લેવાનું બંધ કરી દેવામાં આવ્યું. જેમને જે કોઈ વસ્તુની જરૂર હોય તે મૂલ્ય આપ્યા વિના દુકાનોમાંથી પ્રાપ્ત કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે–તેવી જાતની વ્યવસ્થા કરવામાં આવી. ખરીદવું અને વેચવું બંધ કરી દેવામાં આવ્યું. કોઈ પણ સ્થાન ઉપર જપ્તી કરનારા રાજપુરુષોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો. જે કોઈ ઉપર કરજ હશે તેનું કરજ સ્વયં રાજા ચૂકવશે. કે જેથી કોઈને પણ કરજ ચૂકવવાની જરૂરતજ ન રહે એવી વ્યવસ્થા કરવામાં આવી. તે ઉત્સવમાં અનેક જાતના અપરિમિત પદાર્થો એકત્રિત કરવામાં આવ્યા. ઉત્સવમાં બધાને અદંડનીય બનાવી દેવામાં આવ્યા. ઉત્તમ નાટક કરનારાઓના નૃત્યોનો પ્રારંભ કરવામાં આવ્યો. ઉત્સવમાં નિરંતર મૃદંગ વાગતાં, તાજી માળાઓ લટકાવવામાં આવી. નગરના તથા દેશના બધા માનવ પ્રમુદિત ક્રીડાપરાયણ થયા. દશ દિવસ સુધી આ જાતનો ઉત્સવ ચાલતો રહ્યો.

मूलः–

तए णं से सिद्धत्थे राया दसाहियाए ठिइपडियाते वट्टमाणीए सइए य साहस्सिए य सयसाहस्सिए य जाए य दाए य भाए य दलमाणे य दवावेमाणे य सइए य साहस्सिए य सयसाहस्सिए य लंभे पडिच्छेमाणे य पडिच्छावेमाणे य एवं वा विहरइ ॥ १०० ॥

અર્થ : તે પછી આ દશ દિવસનાં ઉત્સવમાં સિદ્ધાર્થ રાજા સેંકડો, હજારો અને લાખો પ્રકારનાં યાગો (પૂજા–સામગ્રીઓ) ને, દાન અને ભાગ (વિશેષ આપવા યોગ્ય ભાગ) ને આપતા અને અપાવતા, તથા સેંકડો–હજારો અને લાખો પ્રકારની ભેટનો સ્વીકાર કરતા અને કરાવતા રહ્યા.

मूलः–

तए णं समणस्स भगवओ महावीरस्स अम्मापियरो पढमे दिवसे ठिइपडियं करेंति, तइए दिवसे चंदसूरस्स दंसणियं करिंति, छट्ठे दिवसे जागरियं करेंति, एक्कारसमे दिवसे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विइक्कंते निव्वत्तिए असुतिजातकम्मकरणे संपत्ते बारसाहदिवसे विउलं असणपाणखाइमसाइमं उवक्खडावेंति, उवक्खडावित्ता मित्तनाइनियगसयणसंबंधिपरिजणं नायए य खत्तिए य आमंतेत्ता तओ पच्छा ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिते भोयणवेलाए भोयणमंडवंसि सुहासणवरगया तेणं मित्तनाइनियगसयणसंबंधिपरिजणेणं नायएहि य सद्धिं तं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा विसाएमाणा परिभुंजेमाणा परिभाएमाणा विहरंति ॥ १०१ ॥

અર્થ : તે પછી શ્રમણ ભગવાન મહાવીરના માતાપિતા પહેલે દિવસે કુળ પરંપરા અનુસાર પુત્રજન્મ નિમિત્તે કરવા યોગ્ય અનુષ્ઠાન કરે છે, ત્રીજે દિવસે ચન્દ્ર અને સૂર્યના દર્શનનો ઉત્સવ કરે છે, છઠે દિવસે રાત્રિ-જાગરણનો ઉત્સવ કરે છે. અગિયારમો દિવસ પસાર થતાં સર્વ પ્રકારની અશુચિ નિવારણ થતાં જ્યારે બારમો દિવસ આવ્યો ત્યારે વિપુલ પ્રમાણમાં ભોજન પાણી, વિવિધ સ્વાદિષ્ટ અને ખાવાના પદાર્થો તૈયાર કરાવે છે, તૈયાર કરાવીને પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો અને પોતાની સાથે સંબંધ રાખનારા કુટુંબીજનોને તથા જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને આમંત્રણ આપે છે. પુત્રજન્મ સમારોહમાં આવવા માટે નિમંત્રિત કરે છે. ફરી સ્નાન કરેલાં, બળિકર્મ કરેલાં, ટીલાં- ટપકાં અને દોષના નિવારણ માટે મંગળરૂપ પ્રાયશ્ચિત્ત કરેલાં, શ્રેષ્ઠ અને ઉત્સવમાં જવા યોગ્ય મંગળમય વસ્ત્રો ધારણ કરેલા—ભોજનનો સમય થતાં ભોજનમંડપમાં આવે છે. ભોજનમંડપમાં આવીને ઉત્તમ સુખાસન ઉપર બેસે છે અને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશના ક્ષત્રિયોની સાથે વિવિધ પ્રકારના ભોજન, પાણી, ખાદ્ય અને સ્વાદનું આસ્વાદન કરે છે. સ્વયં ભોજન કરે છે અને બીજાઓને કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूल :—

जिमियभुत्तोत्तरागया वि य णं समाणा आयंता चोक्खा परमसुईभूया तं मित्तनाइनियगसयणसंबंधिपरिजणं नायए य खत्तिए य विउलेणं पुप्फवत्थगंधमल्लालंकारेणं सक्कारेंति सम्माणेंति सक्कारित्ता सम्माणित्ता तस्सेव मित्तनाइनियगसयणसंबंधिपरिजणस्स नायाण य खत्तियाण य पुरओ एवं वयासी ॥ १०२ ॥

અર્થ : ભોજન કર્યા પછી વિશુદ્ધ જળથી કોગળા કરે છે. દાંત અને મોઢાંને સ્વચ્છ કરે છે. આ રીતે પરમ વિશુદ્ધ સ્વચ્છ બનેલાં, માતા-પિતા, આવેલા મિત્રો, જ્ઞાતિજનો સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને ઘણાંએ પુષ્પ, વસ્ત્ર, સુગંધિત પદાર્થ, માળા અને આભૂષણ આપીને તેમનું સ્વાગત કરે છે-સત્કાર કરે છે. સત્કાર અને સન્માન કરીને તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશીય ક્ષત્રિયો સમક્ષ ભગવાનના માતા પિતા આ પ્રમાણે બોલ્યા :

मूल:—

पुव्विं पि य णं देवाणुप्पिया ! अम्हं एयंसि दारगंसि गब्भं वक्कंतंसि समाणंसि इमेयारूवे अब्भत्थिए चिंतिए जाव समुप्पज्जित्था-जप्पभिइं च णं अम्हं एस दारए कुच्छिंसि गब्भत्ताए वक्कंते तप्पभिइं च णं अम्हे हिरन्नेणं वड्ढामो सुवन्नेणं धणेणं धन्नेणं जाव सावएज्जेणं पीइसक्कारेणं अईव अईव अभिवड्ढामो सामंतरायाणो वसमागया य तं जया णं अम्हं एस दारए जाए भविस्सइ तया णं अम्हे एयस्स दारगस्स एयाणुरूवं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गोन्नं गुणनिप्फन्नं नामधिज्जं करिस्सामो वद्धमाणु त्ति, तं होउ णं कुमारे वद्धमाणे नामेणं ॥ १०३ ॥

અર્થ : હે દેવાનુપ્રિયો! આ પુત્ર જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે અમારા મનમાં એક એવી જાતનો વિચાર, ચિંતન કે સંકલ્પ ઉત્પન્ન થયો કે "જ્યારથી અમારો આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારથી હિરણ્ય, સોનું, ધન, ધાન્યની દૃષ્ટિથી તેમજ પ્રીતિ અને સત્કારની દૃષ્ટિથી અમારી અભિવૃદ્ધિ થવા લાગી છે, સામંત રાજા લોકો અમારા વશમાં આવેલ છે, તે કારણે જ્યારે અમારો પુત્ર જન્મ લેશે ત્યારે અમે તેને અનુરૂપ તેના ગુણોને અનુસરનાર ગુણનિષ્પન્ન અને યથાર્થનામ 'વર્ધમાન' રાખશું. તેથી હવેથી આ કુમાર 'વર્ધમાન' નામથી પ્રસિદ્ધ થાઓ. (એવો અમારો વિચાર છે.)

* બાલ્યકાળ તથા યૌવન

समणे भगवं महावीरे कासवगोत्ते णं, तस्स णं तओ नामधेज्जा एवमाहिज्जंति, तं जहा-अम्मापिउसंतिए वद्धमाणे १, सहसम्मुईयाते समणे २ अयले भयभेरवाणं परीसहोवसग्गाणं खंतिखमे पडिमाणं पालए धीमं अरतिरतिसहे दविए वीरियसंपन्ने देवेहिं से णामं कयं समणे भगवं महावीरे ३ ॥ १०४ ॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રના હતા. તેમનાં ત્રણ નામ આ પ્રમાણે કહેવામાં આવે છે. તેમનાં માતાપિતાએ તેમનું પ્રથમ નામ 'વર્ધમાન' રાખ્યું. સ્વાભાવિક સહનશક્તિના કારણે (સહજ સદ્બુદ્ધિના કારણે પણ) તેમનું બીજું નામ 'શ્રમણ' પડયું અર્થાત્ સહજ શારીરિક અને બૌદ્ધિક સ્ફૂર્તિ અને શક્તિથી તેમણે તપ વગેરે આધ્યાત્મિક સાધનાના માર્ગમાં કઠિન પરિશ્રમ કર્યો તેના લીધે તેઓ 'શ્રમણ' કહેવાયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ જાતના ભય (દેવ, દાનવ, માનવ, અને તિર્યંચ સંબંધી) ઉત્પન્ન થવા છતાં પણ અચળ રહેનારા, પોતાના સંકલ્પથી જરા પણ વિચલિત નહિ થનારા, નિષ્કામ, કોઈ પણ જાતના પરીષહ ભૂખ, તરસ, ઠંડી ગરમી વગેરેનું સંકટ આવે કે ઉપસર્ગ ઉપસ્થિત થાય તો પણ ચલિત ન થતા. તે પરીષહો અને ઉપસર્ગોને શાંત ભાવથી સહન કરવામાં સમર્થ, ભિક્ષુ પ્રતિમાઓનું પાલન કરનારા, ધીરજવાળા, શોકમાં અને હર્ષમાં સમભાવી, સદ્‌ગુણોના આગાર, અતુલ બળવાળા હોવાના કારણે દેવતાઓએ તેમનું ત્રીજું નામ 'મહાવીર' રાખ્યું.

વિવેચન: ભગવાન મહાવીરનું લાલન પાલન ઊંચા અને પવિત્ર સંસ્કારોના ભવ્ય વાતાવરણમાં થયું. તેમના બધાં લક્ષણો શુભ હતાં. સુકોમળ ફૂલની જેમ તેમનું બચપણ ખીલી રહ્યું હતું. શરીરનું બંધારણ સુગઠિત, બલિષ્ઠ અને સોના સરખું કાંતિમાન હતું અને મુખમંડળ સૂર્ય સરખું તેજસ્વી હતું. તેમનું હૃદય મખમલ જેવું કોમળ અને ભાવનાઓ સમુદ્ર જેવી વિરાટ હતી. બાળક હોવા છતાં પણ તેઓ વીર, સાહસી અને ધૈર્યવંત હતા.

શુકલ પક્ષના ચંદ્રની માફક તેઓ વૃદ્ધિ પામી રહ્યા હતા. તેમના મનમાં સહજ શૌર્ય અને પરાક્રમની લહેરો ઊઠી રહી હતી. એક વાર તેઓ તેમના સરખી ઉમરના સંગી સાથીઓની સાથે નગરની બહાર ક્રીડા કરી રહેલ હતા. તે વખતમાં બધાં બાળકો કોઈ એક વૃક્ષને લક્ષ્ય કરીને દોડતા, જે બાળક સૌથી પહેલાં વૃક્ષ ઉપર ચડીને નીચે ઊતરી જાય તે જીતી જતો. વિજેતા બનેલો બાળક પરાજિત બાળકોના ખભા ઉપર ચડીને તે સ્થાન ઉપર જાય કે જ્યાંથી દોડવાનું શરૂ કર્યું હતું. તેને આંબલી લીંબડી ક્રીડા કહેવામાં આવે છે.[૧૭૩] તે સમયે દેવરાજ દેવેન્દ્રે, બાળક વર્ધમાનના વીરત્વ અને પરાક્રમની પ્રશંસા કરી ત્યારે એક અહંકારી દેવ ઈન્દ્રની આ પ્રશંસાને પડકાર આપતો તથા સાહસની પરીક્ષા લેવા માટે ભયંકર સર્પનું રૂપ ધારણ કરીને તે વૃક્ષ ઉપર વીંટળાઈ ગયો. ફૂંફાડા મારતા નાગરાજને જોઈને બીજા બધાં બાળકો તો ભયભીત થઈને ત્યાંથી ભાગી ગયા. પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિશોર વર્ધમાને તો ડર્યા વિના અને ખંચકાયા વિના તે સર્પને પકડીને એક બાજુ ફેંકી દીધો.[૧૭૪]

બાળકો ફરી એકઠા થયા અને ખેલ ફરીને શરૂ થયો. તે વખતે તેઓ 'તિંદુષક ક્રીડા' રમવા લાગ્યા. તેમાં કોઈ એક વૃક્ષને લક્ષ્ય બનાવીને બધા બાળકો દોડતા. જે સૌથી પ્રથમ વૃક્ષને સ્પર્શ કરી લે તે વિજયી બનતો અને જે પરાજિત થતો તેની પીઠ ઉપર વિજયી બાળક આરૂઢ થતો. તે વખતે તે દેવ પણ કિશોરનું રૂપ ધારણ કરી તે રમતમાં ભળી ગયો. રમતમાં વર્ધમાનની સાથે હારી જનાર તેણે ઉપરના નિયમ પ્રમાણે વર્ધમાનને પીઠ ઉપર બેસાડીને દોડવું શરૂ કર્યું. કિશોર રૂપધારી દેવ દોડતો ઘણો આગળ નીકળી ગયો અને તેણે પોતાનું વિકરાળ સ્વરૂપ બનાવી વર્ધમાનને ડરાવવા પ્રયત્ન કર્યો. જોત-જોતામાં જ કિશોરે લાંબા તાડ જેવું ભયંકર પિશાચરૂપ બનાવી દીધું.[૧૭૫] પરંતુ વર્ધમાન તેનું આવું કારસ્તાન જોઈને પણ ગભરાયા નહિ. તેઓ અવિચલિત રહ્યા, અને સાહસ કરીને તેની પીઠ ઉપર એવો મુઠીનો પ્રહાર કર્યો કે તે દેવતા વેદનાથી રાડ પાડી ઊઠયો. તરત જ વિકરાળ પિશાચનું રૂપ સંકોચીને નાનો કિશોર બની ગયો. તેનો ગર્વ ખંડિત થઈ ગયો. તેણે બાળક વર્ધમાનના પરાક્રમને અપ્રમેય માન્યું અને વંદન કરીને કહ્યું– "પ્રભો! આપનામાં ઈન્દ્ર દ્વારા પ્રશંસા પામેલ અને વર્ણવેલ શક્તિથી અધિક શક્તિ છે, આપ વીર જ નહિ પણ મહાવીર છો.[૧૭૬] હું પરીક્ષક બનીને આવ્યો હતો પરંતુ પ્રશંસક બનીને જઈ રહેલ છું."

મહાવીર બાલ્યકાળથી જ વિશિષ્ટ પ્રતિભાના ધણી હતા. તેમની વીરતા, ધીરતા, યોગ્યતા, અને જ્ઞાન–ગરિમા અપૂર્વ તથા અનોખી હતી. સાગરની માફક ગંભીર પ્રકૃતિ હોવાના કારણે તેમની કુશાગ્રબુદ્ધિ અને ચમત્કારપૂર્ણ પ્રતિભાનું પરિજ્ઞાન માતાપિતાને પણ ન થઈ શકયું. આઠ વર્ષ પૂરાં થતાં તેમણે બાળક મહાવીરને લેખશાળામાં વિદ્યાધ્યયન માટે મોકલ્યા.

મહાવીરની બુદ્ધિ વૈભવ તથા સહજ પ્રતિભાનો પરિચય વિદ્યાગુરુ તથા જનતાને કરાવવાની દૃષ્ટિથી દેવરાજ ઈન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ બનાવીને લેખશાળામાં આવ્યા. તેમણે બાળક મહાવીર પાસે વ્યાકરણ સંબંધી અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જટિલ જિજ્ઞાસાઓ પ્રસ્તુત કરી. તેનો તર્કપૂર્ણ અને અસ્ખલિત ઉત્તર સાંભળીને અધ્યાપક અવાક્ અને હતપ્રભ થઈ ગયા. તેમણે પણ પોતાના મનની કેટલીક જૂની પુરાણી શંકાઓ રજૂ કરી, ભગવાન પાસેથી સમાધાન મેળવીને તે આશ્ચર્યમુગ્ધ થઈ, મહાવીરને જોવા લાગ્યા ત્યારે તે બ્રાહ્મણે કહ્યું– પંડિત! આપ તેમને સાધારણ બાળક ન સમજો, તે વિદ્યાના સાગર અને જ્ઞાનના નિધિ છે. સકળ શાસ્ત્રમાં પારંગત છે. તે મહાન આત્મા, ભવિષ્યમાં ધર્મતીર્થનું પ્રવર્તન કરીને સંસારનો સમુદ્ધાર કરશે. બાળક મહાવીરના ઉત્તરો સાંભળીને બ્રાહ્મણે તેને "ઐન્દ્ર વ્યાકરણ" ના રૂપમાં સંગ્રહીત કર્યા.[૧૭૭] તે વખતે ઇન્દ્રે પોતાનું અસલી રૂપ પ્રગટ કર્યું અને ભગવાનને વંદન કરીને અંતર્ધાન થઈ ગયા.

મહાવીરની નવી નવી ઉન્મેષશાલિની પ્રતિભાથી માતા–પિતા પરિજન–નગરજન બધાં ચકિત થઈ ગયાં. બધાનાં મન અત્યંત પ્રમુદિત થઈ ઉઠયાં.[૧૭૮]

જીવનના ઉષાકાળથીજ મહાવીર ચિંતનશીલ હતા. તેમનું ફળદ્રુપ ભેજું સદા–સર્વદા અધ્યાત્મ સાગરના ઊંડાણમાં ડૂબકીઓ મારતું રહ્યું. તે સંસારમાં હતા પરંતુ જળમાં કમળની માફક તેનાથી સદા નિર્લેપ રહેતાં. બહાર બધુંએ હતું પરંતુ અંતરમાં તે સદા પોતાને એકાકી આત્મરૂપ જોતા હતા. બચપણથી જ્યારે યૌવનના મધુ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો ત્યારે પણ તેઓ તેવીજ રીતે અનાસક્ત અને ઉદાસીન હતા. તેમની ઉદાસીનતા જોઈને કયાંય સાધુ ન થઈ જાય, એવા વિચારથી માતા–પિતાએ સંસારની મોહમાયામાં બાંધવાના હેતુથી વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. ત્યાંના વસંતપુરના મહાસામંત સમરવીરે પણ લાવણ્ય અને રૂપમાં અદ્વિતીય સુંદરી પોતાની પુત્રી યશોદાની સાથે વર્ધમાનના પાણિગ્રહણનો પ્રસ્તાવ સિદ્ધાર્થ રાજાની પાસે મોકલ્યો.[૧૭૯] મહાવીરનો અંતરાત્મા તેનો સ્વીકાર કરવા માગતો ન હતો. પરંતુ માતા-પિતાના પ્રેમભર્યા આગ્રહને તેમનું ભાવુક હૃદય ટાળી ન શકયું. તેમણે વિવાહના બંધનનો સ્વીકાર કર્યો.[૧૭૯] પરંતુ વિષય-વાસનાના કાદવથી તેઓ કમળની માફક સદા ઉપર તરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહ્યા. યશોદાની કુક્ષિથી તેમને એક પુત્રી પણ થઈ જેનું નામ પ્રિયદર્શના રાખવામાં આવ્યું.[૧૮૦] તેનું પાણિગ્રહણ ભગવાનની બહેન સુદર્શનાના પુત્ર જમાલિની સાથે કરવામાં આવ્યું.[૧૮૦]

मूलः—

समणस्स णं भगवओ महावीरस्स पिया कासवे गोत्तेणं, तस्स णं तओ नामधेज्जा एवमाहिज्जंति, तं जहा-सिद्धत्थे इ वा सेज्जंसे इ वा जसंसे इ वा ॥ १०५ ॥

अर्थः શ્રમણ ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના હતા. તેમનાં ત્રણ નામ આ પ્રમાણે છે—સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી.

मूलः-

समणस्स णं भगवओ महावीरस्स माया वासिट्ठा गोत्तेणं, तीसे णं तओ नामधिज्जा एवमाहिज्जंति, तं जहा-तिसला इ वा विदेहदिण्णा इ वा पियकारिणी इ वा ॥ १०६ ॥

अर्थः શ્રમણ ભગવાન મહાવીરના માતા વાસિષ્ઠ ગોત્રનાં હતાં. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે – (૧) ત્રિશલા (૨) વિદેહ દિન્ના અને (૩) પ્રિયકારિણી.

मूलः-

समणस्स णं भगवओ महावीरस्स पित्तिज्जे सुपासे, जेट्ठे भाया नंदिवद्धणे, भगिणी सुदंसणा, भारिया जसोया कोंडिन्ना गोत्तेणं ॥ १०७ ॥

अर्थः શ્રમણ ભગવાન મહાવીરના કાકાનું નામ સુપાર્શ્વ હતું. મોટાભાઈનું નામ નંદિવર્ધન હતું. બહેનનું નામ સુદર્શના હતું, પત્નીનું નામ યશોદા હતું અને તેનું ગોત્ર કૌડિન્ય હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન : ભગવાન મહાવીરના વિવાહના પ્રશ્ન ઉપર શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં ઊંડો મતભેદ છે. ભગવાનના વિવાહના સંબંધમાં શ્વેતાંબર માન્યતાનાં મૂળ આગમો આચારાંગ વગેરેમાં તથા નિર્યુક્તિ ભાષ્ય અને ચૂર્ણિ સાહિત્યમાં પર્યાપ્ત પ્રમાણ મળે છે. દિગંબર ગ્રન્થોમાં મહાવીરને માટે 'કુમાર' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.[૧૮૧] અને સંભવિત રીતે તે શબ્દના કારણે અવિવાહિત માનવાની ભ્રાંતિ થએલ છે પ્રસ્તુત કુમારનો અર્થ 'યુવરાજ' [૧૮૨] 'રાજકુમાર' [૧૮૩] વગેરે પણ થાય છે અને તે અર્થને વ્યક્ત કરતાં શ્વેતાંબર ગ્રંથોએ પણ વીર, અરિષ્ટનેમિ, પાર્શ્વ, મલ્લિ અને વાસુપૂજ્ય માટે 'कुमारवासम्मि पव्वइया' કહીને 'કુમાર' શબ્દનો પ્રયોગ કરેલ છે.

मूल :-

समणस्स णं भगवओ महावीरस्स णं धूया कासवी गोत्तेणं, तीसे णं दो नामधिज्जा एवमाहिज्जंति, तं जहा-अणोज्जा इ वा पियदंसणा इ वा ॥ १०८ ॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીરની પુત્રી કાશ્યપ ગોત્રની હતી. તેનાં બે નામ આ પ્રમાણે છે. (૧) અણોજ્જા (અનવદ્યા) અને (૨) પ્રિયદર્શના.

मूल :-

समणस्स णं भगवओ महावीरस्स नत्तुई कासवी गोत्तेणं, तीसे णं दो नामधिज्जा एवमाहिज्जंति, तं जहा-सेसवई इ वा जस्सवई इ वा ॥ १०९ ॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીરની દૌહિત્રી (પુત્રીની પુત્રી) કાશ્યપગોત્રી હતી. તેનાં બે નામ (૧) શેષવતી અને (૨) યશસ્વતી આ પ્રમાણે હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * અભિનષ્ક્રમણ

मूलः-

समणे भगवं महावीरे दक्खे दक्खपतिन्ने पडिरूवे आलीणे भद्दए विणीए नाए नायपुत्ते नायकुलचंदे विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले तीसं वासाइं विदेहंसि कट्टु अम्मापिइहिं देवत्तगएहिं गुरुमहत्तरएहिं अब्भणुन्नाए समत्तपइन्ने पुणरवि लोयंतिएहिं जियकप्पिएहिं देवेहिं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुन्नाहिं मणामाहिं ओरालाहिं कल्लाणाहिं सिवाहिं धन्नाहिं मंगल्लाहिं मियमहुरसस्सिरीयाहिं हिययगमणिज्जाहिं हिययपल्हायणिज्जाहिं गंभीराहिं अपुणरुत्ताहिं वग्गूहिं अणवरयं अभिनंदमाणा य अभिथुव्वमाणा य एवं वयासी-जय जय नंदा ! जय जय भद्दा ! भद्दं ते जय जय खतियवरवसहा ! बुज्झाहि भगवं लोगनाहा ! पवत्तेहि धम्मतित्थं हियसुहनिस्सेयसकरं सव्वलोए सव्वजीवाणं भविस्सई त्ति कट्टु जय जय सद्दं पउंज्जंति ॥ ११० ॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર હોશિયાર-(કુશળ) હતા. તેમની પ્રતિજ્ઞા પણ દક્ષ (વિવેકયુક્ત) હતી. તેઓ અત્યંત રૂપવાન હતા. સંયમીકાયબાની માફક ઈંદ્રિયોને ગોપન કરવાવાળા હતા, ભદ્ર, વિનીત અને જ્ઞાત (સુપ્રસિદ્ધ) હતા, અથવા જ્ઞાતવંશના હતા. જ્ઞાતૃવંશના કુળમાં ચંદ્ર સમાન હતા. વિદેહ હતા અર્થાત તેમનો દેહ બીજાઓના દેહની અપેક્ષાએ વિલક્ષણ હતો. વિદેહ દિન્ન અથવા વિદેહ દિન્ના ત્રિશલા માતાના પુત્ર હતા. [૧૮૫] અથવા વિદેહવાસીઓમાં શ્રેષ્ઠ (વિદેહ જાત્ય) હતા, 'વિદેહ સુકુમાર' હતા અર્થાત તેઓ અત્યંત સુકુમાર હતા. ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહીને માતા પિતા સ્વર્ગવાસી થયા પછી પોતાનાથી જ્યેષ્ઠ પુરુષોની મંજૂરી મેળવીને તેમની પ્રતિજ્ઞા પૂરી થતાં તથા લોકાંતિક જિતકલ્પી દેવોએ તે જાતની ઇષ્ટ, મનોહર, પ્રિય, મનોજ્ઞ, મનને આહ્લાદિત કરનારી, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગળરૂપ, પરિમિત, મધુર, શોભાયુક્ત, હૃદયને રુચિકર લાગનારી, હૃદયને પ્રસન્ન કરનારી, ગંભીર, પુનરુક્તિ વગેરેથી રહિત વાણીથી ભગવાનને નિરંતર અભિનંદન અર્પિત કરીને, ભગવાનની સ્તુતિ કરતાં તે દેવ આ રીતે બોલ્યા–'હે નંદ! (સમૃદ્ધિમાન) તમારો જય થાઓ, હે ભદ્ર! (કલ્યાણકારી) તમારો જય થાવ, વિજય થાવ, કલ્યાણ થાવ, હે ઉત્તમોત્તમ ક્ષત્રિય! હે ક્ષત્રિય નરપુંગવ! તમારો જય થાવ, વિજય થાવ, હે લોકનાથ! બોધ પ્રાપ્ત કરો. સંપૂર્ણ જગતમાં બધા જીવોનું હિત, સુખ અને નિઃશ્રેયસ કરનારા, ધર્મતીર્થનું પ્રવર્તન કરો. તે ધર્મતીર્થ સંપૂર્ણ જગતમાં બધા જીવોને હિતકર, સુખકર અને નિશ્રેયસ કરનારું બનશે. આ પ્રમાણે કહીને તે દેવ જય જય શબ્દનો નાદ કરવા લાગ્યા.

વિવેચન: અઠાવીસ વરસની ઉંમરમાં માતા-પિતાનો સ્વર્ગવાસ થતાં ભગવાનને પરિજન અને પ્રજાનો પ્રેમભર્યો આગ્રહ હતો કે તેઓશ્રી રાજ્ય સિંહાસનને સુશોભિત કરે, પરંતુ ભગવાન મહાવીરે સ્પષ્ટપણે નિષેધ કરતાં સંયમગ્રહણની અતિ ઉત્કૃષ્ટ ભાવના જાહેર કરી.[૧૫૬] મોટાભાઈ નંદિવર્ધને સ્નેહવિહ્વળ થઈને કહ્યું–બંધુવર! આ વખતે આપનું ગૃહત્યાગનું કથન ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું છે. થોડા વખત સુધી આપ વધારે રહો.[૧૫૭] મોટાભાઈના આગ્રહથી તેઓ બે વર્ષ વધુ ગૃહસ્થાશ્રમમાં રહ્યા પરંતુ તે સમય દરમ્યાન તેમણે સચેત પાણીનો ઉપયોગ કર્યો નહિ, રાત્રિ ભોજન કર્યું નહિ, સર્વસ્નાન કર્યું નહિ. તેઓશ્રી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતાં નિર્લેપ રહ્યા.[૧૫૮]

આ રીતે ભગવાન મહાવીરે ઓગણત્રીસમું વર્ષ વીતાવ્યું ત્યારે અભિનિષ્ક્રમણનો સંકલ્પ કરતાંની સાથે જ લોકાંતિક દેવો ત્યાં ઉપસ્થિત થયા. તેમણે ભગવાનના નિશ્ચયનું અનુમોદન કરતાં કહ્યું–'હે ભગવંત! આપનો જય થાઓ, હવે આપ શીઘ્ર ધર્મતીર્થનું પ્રવર્તન કરો કે જેથી બધા જીવોનું કલ્યાણ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાર મનવાળા મહાવીરે ત્રીસમું વર્ષ દીન દુઃખીઓના ઉદ્ધારમાં ગાળ્યું. તે પ્રતિદિન સવારે એક પહોર દિવસ ચડતાં સુધી એક કરોડ આઠ લાખ સોનામહોર (સિક્કા વિશેષ) નું દાન કરતા હતા. તેઓશ્રીએ એક વરસમાં ત્રણ અબજ અઠાસી કરોડ, એંસી લાખ સુવર્ણ મુદ્રાઓ દાનમાં આપી.

मूल :—

पुढिंवि पि य णं समणस्स भगवओ महावीरस्स माणुस्साओ गिहत्थधम्माओ अणुत्तरे आहोहिए अप्पडिवाई नाणदंसणे होत्था। तए णं समणे भगवं महावीरे तेणं अणुत्तरेणं आहोहिएणं नाणदंसणेणं अप्पणो निक्खमणकालं आभोएइ अप्पणो निक्खमणकालं आभोइत्ता चेच्चा हिरण्णं चेच्चा सुवन्नं चेच्चा धणं चेच्चा रज्जं चेच्चा रट्ठं एवं बलं वाहणं कोसं कोट्ठागारं चेच्चा पुरं चेच्चा अंतेउरं चेच्चा जणवयं चेच्चा विपुलधणकणगरयणमणिमोत्तियसंखसिलप्पवालरत्तरयणमाइयं संतसारसावतेज्जं विच्छड्डइत्ता विगोवइत्ता दाणं दायारेहिं परिभाएत्ता दाइयाणं परिभाएत्ता जे से हेमंताणं पढमे मासे पढमे पक्खे मग्गसिरबहुले तस्स णं मग्गसिरबहुलस्स दसमीपक्खेणं पाईणगामिणीए छायाए पोरिसीए अभिनिविट्ठाए पमाणपत्ताए सुव्वएणं दिवसेणं विजएणं मुहुत्तेणं चंदप्पभाए सीयाए सदेवमणुयासुराए परिसाए समणुगम्माणमग्गे संखियचक्कियनंगलियमुहमंगलियवद्धमाणगपूसमाणगघंटियगणेहिं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं ओरालाहिं कल्लाणाहिं सिवाहिं धन्नाहिं मंगल्लाहिं मियमहुरसस्सिरीयाहिं वग्गूहिं अभिनंदमाणा अभिसंथुवमाणा य एवं वयासी ॥ १११ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ: શ્રમણ ભગવાન મહાવીરને પ્રથમ ગૃહસ્થ ધર્મમાં પણ ઉત્તમ, આભોગિક કે જે કદી નષ્ટ ન થાય એવું અવધિજ્ઞાન અને અવધિ-દર્શન પ્રાપ્ત થયું હતું. તે વડે શ્રમણ ભગવાન 'અભિનિષ્ક્રમણનો યોગ્ય કાળ આવી ગયો છે' એવું જુએ છે. આ પ્રમાણે જોઈને, જાણીને હિરણ્યનો સોનાનો, ધનનો, રાજ્યનો, રાષ્ટ્રનો ત્યાગ કરી, તે જ પ્રમાણે સેના વાહન, ધનભંડારનો ત્યાગ કરી, નગર, અંતઃપુર, જનપદનો ત્યાગ કરી, વિશાળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, રાજપાટ, પ્રવાલ, માણેક વગેરે વિદ્યમાન, સારયુક્ત બધાં દ્રવ્યોને છોડીને, પોતે નિયુક્ત કરેલા વહેંચી આપનારા માણસો વડે તે બધું ધન ખુલ્લું કરીને, તેને દાનરૂપે આપવાનો વિચાર કરીને બધું ધન અપાવી દીધું. પછી હેમન્ત ઋતુનો પ્રથમ માસ અને પ્રથમ પક્ષ અર્થાત્ માગસર વદ દશમનો દિવસ આવ્યો ત્યારે જ્યારે છાંયા પૂર્વ દિશા તરફ ઢળી રહી હતી, પ્રમાણયુક્ત પોરસી આવી હતી, તે વખતે સુવ્રત નામના દિવસે, વિજય નામના મુહૂર્તે, ભગવાન, ચંદ્રપ્રભા નામની પાલખીમાં (પૂર્વ દિશા તરફ મુખ કરીને) બેઠા. પાલખીની પાછળ દેવ, દાનવ અને માનવોનો સમૂહ ચાલી રહેલ હતો. તે યાત્રામાં કેટલાએ દેવો આગળ શંખ વગાડી રહ્યા હતા. કેટલાએ આગળ ચક્રધારી બનીને ચાલી રહ્યા હતા. કેટલાએ હળધારી બનીને ચાલી રહેલ હતા. કેટલાક ગળામાં સોનાનાં હળ લટકાવી ભાટ લોકો ચાલી રહેલ હતા. કેટલાક વર્ધમાનક અર્થાત્ પોતાના ખભા ઉપર બીજાઓને બેસાડી ચાલતા હતા. કેટલાક ચારણ હતા. કેટલાંક ઘંટ વગાડનારા ઘાંટિકો હતા. આ બધાથી ઘેરાયેલ ભગવાનને પાલખીમાં બેઠેલા જોઈને ભગવાનની કુળ મહત્તરા (કુળની વૃદ્ધ નારીઓ) આ જાતની મનોહર, કર્ણપ્રિય, મનને પ્રમોદ આપનારી, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગળરૂપ, પરિમિત, મધુર અને શોભાયુક્ત વાણીથી ભગવાનનું અભિનંદન કરે છે. તેઓ ભગવાનની સ્તુતિ કરતાં આ રીતે કહેવા લાગ્યા.

मूलः-

जय जय नंदा! जय जय भद्दा! भद्दं ते अभग्गेहिं णाण-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दंसणचरित्तेहिं अजियाइं जिणाहि इंदियाइं, जियं च पालेहि समणधम्मं, जिअविग्घो वि य वसाहि तं देव! सिद्धिमज्झे निहणाहि रागदोसमल्ले तवेणं धिइधणियबद्धकच्छे महाहि अट्ठकम्मसत्तू झाणेणं उत्तमेणं सुक्केणं अप्पमत्तो हराहि आराहणपडागं च वीर! तेलोक्करंगमज्झे, पावय वितिमिरमणुत्तरं केवलं वरणाणं, गच्छ य मोक्खं परमपयं जिणवरोवदिट्ठेणं मग्गेणं अकुडिलेणं, हंता परीसहचमूं जय जय खत्तियवरवसहा! बहूइं दिवसाइं बहूइं पक्खाइं बहूइं मासाइं बहूइं उऊइं बहूइं अयणाइं बहूइं संवच्छराइं अभीए परीसहोवसग्गाणं खंतिखमे भयभेखाणं धम्मे ते अविग्घं भवउ त्ति कट्टु जय जय सद्दं पउंजंति ॥ ११२ ॥

અર્થ: હે સમૃદ્ધિમાન્! આપનો જય થાઓ, વિજય થાઓ! હે કલ્યાણકારી! આપનો જય થાવ, વિજય થાવ, આપનું ભદ્ર (કલ્યાણ) થાવ. નિરતિચાર જ્ઞાન, દર્શન અને ચારિત્રથી તમે નહિ જીતેલી ઈન્દ્રિયોને જીતો, જીતીને શ્રમણ ધર્મનું પાલન કરો, વિઘ્નને જીતીને હે દેવ! તમે તમારા સાધ્યની સિદ્ધિમાં રહો. તપથી, તમે રાગદ્વેષ રૂપી મલ્લોનો નાશ કરો. ધૈર્યરૂપી મજબૂત કચ્છ બાંધીને ઉત્તમ શુકલ ધ્યાનથી આઠ કર્મશત્રુઓને મસળી નાખો. હે વીર! અપ્રમત્ત બનીને ત્રણ લોકના રંગમંડપમાં વિજય પતાકા ફરકાવો. અંધકાર રહિત ઉત્તમ પ્રકાશરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરો. જિનેશ્વરો દ્વારા ઉપદેશાયેલ સરળ માર્ગનું અનુસરણ કરીને તમે પરમપદ મોક્ષને પ્રાપ્ત કરો. પરીષહોની સેનાને પરાજિત કરો. હે ઉત્તમ ક્ષત્રિય! હે ક્ષત્રિય નરપુંગવ! તમારો જય થાવ, વિજય થાવ! ઘણાં દિવસો સુધી, ઘણા મહિનાઓ સુધી, ઘણાં વરસો સુધી, પરીષહો અને ઉપસર્ગોથી નિર્ભય બનીને, ભયંકર અને અત્યંત ભય ઉત્પન્ન કરનારા પ્રસંગોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષમાપ્રધાન બનીને તમે વિચરણ કરો. તમારી ધર્મસાધનામાં નિર્વિઘ્નતા હો. આ રીતે કહીને તે લોકો જયજયકાર કરવા લાગ્યા.

मूलः—

तए णं समणे भगवं महावीरे नयणमालासहस्सेहिं पेच्छिज्जमाणे पेच्छिज्जमाणे वयणमालासहस्सेहिं अभिथुव्वमाणे अभिथुव्वमाणे हिययमालासहस्सेहिं ओनंदिज्जमाणे ओनंदिज्जमाणे मणोरहमालासहस्सेहिं विच्छिप्पमाणे विच्छिप्पमाणे कंतिरूवगुणेहिं पत्थिज्जमाणे पत्थिज्जमाणे अंगुलिमालासहस्सेहिं दाइज्जमाणे दाइज्जमाणे दाहिणहत्थेणं बहूणं नरनारिसहस्साणं अंजलिमालासहस्साइं पडिच्छमाणे पडिच्छमाणे भवणपंतिसहस्साइं समतिच्छमाणे समतिच्छमाणे तंतीतलतालतुडियगीयवाइयरवेणं महुरेण य मणहरेणं जयजयसद्दघोसमीसिएणं मंजुमंजुणा घोसेण य पडिबुज्झमाणे पडिबुज्झमाणे सव्विड्ढीए सव्वजुईए सव्वबलेणं सव्ववाहणेणं सव्वसमुदएणं सव्वादरेणं सव्वविभूतीए सव्वविभूसाए सव्वसंभमेणं सव्वसंगमेणं सव्वपगतीहिं सव्वणाडएहिं सव्वतालायरेहिं सव्वोरोहेणं सव्वपुप्फवत्थगंधमल्लालंकारविभूसाए सव्वतुडियसद्दसण्णिणादेणं महता इड्ढीए महता जुतीए महता बलेणं महता वाहणेणं महता समुदएणं महता वरतुडितजमगसमगप्पवादितेणं संखपणवपडहभेरिझल्लरिखरमुहिहुडुक्कदुंदुभिनिग्घोसनादियरवेणं कुंडपुरं नगरं मज्झंमज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जेणेव णायसंडवणे उज्जाणे जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ ॥ ११२ ॥

અર્થ : તે પછી શ્રમણ ભગવાન મહાવીર, હજારો નેત્રોથી જોવાતા, હજારો મુખોથી પ્રશંસા કરાતા, હજારો હૃદયોથી અભિનંદિત કરાતા ચાલ્યા. ભગવાનને નિહાળીને લોકો હજારો જાતના મનોરથ (સંકલ્પ) કરવા લાગ્યા. ભગવાનની મનોહર કાંતિ અને રૂપને જોઈ લોકો તેવીજ કાંતિ અને રૂપને ઇચ્છવા લાગ્યા. હજારો આંગળીઓથી તેઓ દૃષ્ટિગોચર થઈ રહ્યા હતા. ભગવાન પોતાના જમણા હાથથી, હજારો નરનારીઓના પ્રણામનો સ્વીકાર કરતા, હજારો ઘરની પંક્તિઓને પાર કરતા, વીણા, હસ્તતાલ, વાજિંત્ર, ગાન અને વાદ્યોના મધુર અને સુંદર જયનાદના ઘોષને સાંભળીને સાવધાન બનતા છત્ર, ચામર વગેરે બધા વૈભવથી યુક્ત, અંગેઅંગમાં પહેરેલા સમસ્ત આભૂષણોની કાંતિથી મંડિત, સંપૂર્ણ સેનાથી વીંટળાયેલા, હાથી, ઘોડા, ઊંટ, ખચ્ચર, પાલખી, મ્યાના વિગેરે બધાં વાહનોથી પરિવૃત, સંપૂર્ણ જનસમુદાયની સાથે, પૂર્ણ આદર અર્થાત્ ઔચિત્યપૂર્વક, તેમની સંપત્તિ અને સંપૂર્ણ શોભાની સંપૂર્ણ પ્રકારની ઉત્કંઠાની સાથે, સમસ્ત પ્રજા એટલે કે–વણિક, ક્ષત્રિય, વગેરે અઢાર વર્ણોની સાથે બધી જાતનાં નાટક કરનારા અને બધી જાતનાં તાલ બજાવનારથી સંવૃત, બધી જાતના અંતઃપુર તથા ફૂલ, ગંધ, માળા અને અલંકારોની શોભા સાથે, બધી જાતના વાદ્યોના શબ્દોની સાથે એ જાતની મહાન ઋદ્ધિ, મહાન દ્યુતિ, વિરાટ સેના, વિશાળ વાહન, બૃહદ્ સમુદાય અને એક સાથે વાગતાં વાદ્યોના પ્રતિધ્વનિ સાથે અર્થાત્ શંખ, માટીના ઢોલ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડુક્ક, દુંદુભિ વગેરે વાદ્યોના અવાજ સાથે ભગવાન કુંડપુર નગરના મધ્યભાગમાં થઈને નીકળ્યા. નીકળીને જ્યાં જ્ઞાતખંડવન નામનું ઉદ્યાન છે અને જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ છે ત્યાં આવે છે.

मूल –

जेणेव असोगवरपायवे तेणेव उवागच्छित्ता असोगवरपायवस्स अहे सीयं ठावेइ, अहे सीयं ठावित्ता सीयाओ पच्चोरुहइ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सीयाओ पच्चोरुहित्ता सयमेव आहरणमल्लालंकारं ओमुयइ, आहारणमल्लालंकारं ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, सयमेव पंचमुट्ठियं लोयं करित्ता छट्ठेणं भत्तेणं अपाणएणं हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागएणं एगं देवदूसमादाय एगे अबीए मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइए ॥ ११४ ॥

અર્થ : જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ છે ત્યાં પહોંચીને તે અશોક વૃક્ષ નીચે ભગવાનની પાલખી રાખવામાં આવે છે, ભગવાન પાલખીમાંથી નીચે ઊતરે છે. ઊતરીને પોતાના હાથથી હાર વગેરે આભૂષણો, પુષ્પોની માળાઓ, અંગુઠીઓ વગેરે અલંકાર ઉતારે છે, ઉતારીને જાતે જ પંચમુષ્ઠિ લોચ કરે છે અર્થાત ચાર મુઠ્ઠીથી માથાના અને એક મુઠ્ઠીથી દાઢી મૂછનો લોચ કરે છે. આ પ્રમાણે કેશનો લોચ કરીને નિર્જલ છઠ ભક્ત (બે ઉપવાસ) જેમણે કરેલ છે એવા ભગવાન હસ્તોત્તરા નક્ષત્રનો યોગ (ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર) આવતાં જ એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને એકલાજ મુંડિત થઈને, આગારવાસ ત્યાગીને અણગાર ધર્મનો સ્વીકાર કરે છે.

વિવેચન : ત્રીસ વર્ષની ખીલેલા ફૂલ જેવી ભરયુવાનીમાં રાજ્ય વૈભવને ઠોકર મારીને, ભોગવિલાસને તિલાંજલિ આપીને માગસર વદ દશમના દિવસે વિજયમુહૂર્તમાં રાજકુમાર મહાવીર આત્મ-જ્યોતિ પ્રજ્જ્વલિત કરવા માટે, મોટાભાઈ નંદવર્ધનની અનુમતિ મેળવીને [૧૬૦] જાતેજ આભૂષણોને દૂર કરે છે, જાતેજ શિરનો લોચ કરે છે [૧૬૧] અને સિદ્ધોને નમસ્કાર કરીને એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે કે "હું સમભાવનો સ્વીકાર કરું છું, સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરું છું, આજથી જીવન પર્યંત માનસિક, વાચિક અને કાયિક સાવદ્ય યોગમય આચરણ હું કરીશ નહિ, કરાવીશ નહિ કે કરતાંને અનુમોદન આપીશ નહિ, પૂર્વકૃત સાવદ્ય આચરણથી નિવૃત્ત થાઉં છું અને મારા પૂર્વકાળના સાવદ્ય જીવનનો ત્યાગ કરું છું." [૧૬૨]

તે પ્રતિજ્ઞાપૂર્વક સર્વ વિરતિ ચારિત્રનો સ્વીકાર કરતાં જ ભગવાનને મનઃપર્યવજ્ઞાનની ઉપલબ્ધિ થઈ, [૧૬૩] તે સમયે ભગવાને એવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃઢ નિશ્ચય કર્યો કે "જ્યાં સુધી મને કેવળ જ્ઞાન પ્રાપ્ત થશે નહિ ત્યાં સુધી હું આ શરીરની સેવા-સુશ્રૂષા અથવા સાર સંભાળ કરીશ નહિ. દેવ-માનવ અને તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગ આવશે તેને સમભાવથી સહન કરીશ અને મનમાં કોઈ પણ જાતનો કિંચિત્ પણ ઉદ્વેગ થવા દઈશ નહિ.[૧૬૪]

ભગવાન શ્રી મહાવીરે જે સમયે દીક્ષા ગ્રહણ કરી તે વખતે તેમની સાથે બીજું કોઈ પણ દીક્ષિત થયું નહિ. જ્યારે પૂર્વવર્તી તીર્થંકરોની સાથે અનેક પુરુષો દીક્ષિત થયા હતા. જેમકે – ભગવાન ઋષભદેવે ચાર હજાર પુરુષોની સાથે, ભગવતી મલ્લી અને ભગવાન પાર્શ્વનાથે ત્રણસો પુરુષોની સાથે, ભગવાન વાસુપૂજ્યે છસો પુરુષોની સાથે અને બાકીના ઓગણીશ તીર્થંકરોએ હજાર-હજાર પુરુષોની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી.[૧૬૫]

——— * સાધના કાળ

मूलः-

समणे भगवं महावीरे संवच्छरं साहियं मासं जाव चीवरधारी होत्था, तेण परं अचेले पाणिपडिग्गहए ॥११५॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર, એક વરસને એક મહિના સુધી વસ્ત્રધારી રહ્યા હતા. ત્યારપછી તેઓ અચેલ–વસ્ત્રરહિત તથા હાથમાં ભોજન કરનારા બન્યા.

વિવેચન : પ્રસ્તુત સૂત્રમાં અને આચારાંગના મૂળમાં દરિદ્ર બ્રાહ્મણને વસ્ત્ર દેવાનો ઉલ્લેખ નથી પરંતુ આવશ્યક ચૂર્ણિ, નિર્યુક્તિ, વૃત્તિ ચઉપ્પન્નમહાપુરુષચરિયં, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અને કલ્પસૂત્રની ટીકાઓમાં જે વર્ણન આવે છે આ પ્રમાણે છે:–

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી ભગવાન ત્યાંથી પ્રસ્થાન કરે છે. લોકોનાં નેત્રો તે પરમ તારકને ત્યાં સુધી એકી નજરે નિહાળતાં રહ્યાં કે જ્યાં સુધી ભગવાન નજરે દેખાતા બંધ ન થયા. દૃષ્ટિથી ઓઝલ થતાંજ તેમના નેત્રોમાંથી આંસુઓ, મોતીની જેમ વરસી પડયાં અને તેમના હૃદયના સુકોમળ તાર ઝણઝણી ઊઠયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—— * દરિદ્ર બ્રાહ્મણનો ઉદ્ધાર

સમભાવમાં તલ્લીન બનીને મહાવીર અકિંચન ભિક્ષુ બનીને આગળ વધી રહ્યા હતા. તેમને માર્ગમાં સિદ્ધાર્થના પરિચિત મિત્ર સોમ નામના વૃદ્ધ બ્રાહ્મણ મળ્યા.[૧૯૭] મહાવીરને નમ્ર નિવેદન કરી કહેવા લાગ્યા- ભગવાન! હું દીન અને દરિદ્ર છું, ખાવા માટે અન્ન નથી, પહેરવા માટે પૂરાં વસ્ત્ર નથી કે રહેવા માટે સારું ઝૂંપડું યે નથી. ભગવાન! જે સમયે આપે સાંવત્સરિક દાન કર્યું હતું તે વખતે હું ભૂખથી ટળવળતા પરિવારને છોડીને ધનની આશાથી દૂરના પ્રદેશમાં ભીખ માગવા ગયો હતો.[૧૯૮] મને અભાગિયાને એ ખબર ન પડી કે આપ ધનનો વરસાદ કરી રહ્યા છો, હું હતાશ અને નિરાશ થઈને ખાલી હાથે ઘેર પાછો ફર્યો. પત્નીએ ભાગ્યની મજાક કરતાં કહ્યું– પતિદેવ! અહીં સોનાનો મેહ ઊમડી ઊમડીને વરસી રહ્યો હતો તે વખતે આપ કયાં ભટકી રહ્યા હતા? હજી પણ જલદી જાવ અને મહાવીર પાસે યાચના કરો. તે દીનબંધુ આપને ન્યાલ કરી દેશે.[૧૯૯] ભગવન્! કૃપા કરો, આ દીન બ્રાહ્મણ આપની સામે ભીખ માગી રહેલ છે.

મહાવીરે કહ્યું– ભદ્ર, અત્યારે હું એક અકિંચન ભિક્ષુ છું.[૨૦૦]

બ્રાહ્મણ – ભગવન્! શું કલ્પવૃક્ષની પાસે આવવા છતાં પણ મારી મનોવાંછિત કામના પૂરી નહિ થાય? આટલું કહેતાં કહેતાં તો તેનું ગળું રુંધાઈ ગયું. આંખો આંસુથી છલકાઈ ગઈ અને તે મહાવીરના ચરણારવિંદોમાં આળોટવા લાગ્યો.

બ્રાહ્મણની દયાજનક દશા જોઈને મહાવીરનું દયાળુ હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે તેજ ક્ષણે ઇન્દ્રે આપેલ દેવદૂષ્ય ચીવરનો અર્ધભાગ તેને આપી દીધો.[૨૦૧] બ્રાહ્મણ પોતાના ભાગ્યની પ્રશંસા કરતો ચાલ્યો ગયો.

બ્રાહ્મણી તે (કપડાં)ને જોઈ ઘણી સંતુષ્ટ થઈ. તેના છેડા બરાબર કરવા માટે તેણે રફૂગરને તે કપડું (ચીવર) આપ્યું.[૨૦૨] રફૂગર તે અમૂલ્ય કપડાંની ચમકદમક જોઈને ચોંકી ઊઠ્યો. બ્રાહ્મણે તેના આશ્ચર્યનું સમાધાન કરતાં બધી હકીકત સંભળાવી દીધી. રફૂગરની પ્રેરણાથી પ્રેરિત થઈને તે ફરીથી અરધું ચીવર લેવા ગયો. એક વરસને એક માસ સુધી રહ્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ચીવર મહાવીરના ખભા ઉપરથી નીચે સરી પડયું.[૨૦૩] બ્રાહ્મણે લઈને તે રફૂગરને આપ્યું. તેણે તેને ઠીક કરી આપ્યું અને એક લાખ દીનારમાં નંદીવર્ધનને વેચી દીધું.[૨૦૪] બ્રાહ્મણ જીવનભરને માટે સુખી બની ગયો.

* ક્ષમામૂર્તિ મહાવીર

ક્ષમામૂર્તિ મહાવીર, તે દિવસે એક મુહૂર્ત દિવસ બાકી રહેતાં કુમાર ગ્રામમાં[૨૦૫] કે જેનું વર્તમાન નામ 'કામન છપરા' છે, ત્યાં પધાર્યા. ગામની બહાર વૃક્ષની નીચે નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરીને સ્થાણું (ઠૂંઠા)ની માફક ધ્યાનમાં સ્થિર થઈ ગયા.

તે વખતે એક ગોવાળ ત્યાં આવ્યો. તે ભગવાનની પાસે બળદોને છોડીને ગાયોને દોહવા ગામમાં ચાલ્યો ગયો. ભૂખ અને તરસથી પીડાતા તે બળદો ચરતા ચરતા જંગલમાં ઘણી દૂર નીકળી ગયા. કેટલાક વખત પછી તે ગોવાળ પાછો ફર્યો. પરંતુ બળદોને ત્યાં જોયાં નહિ ત્યારે તેણે મહાવીરને પૂછયું– બતાવો મારા બળદ ક્યાં ગયા? મહાવીર ધ્યાનસ્થ હતા. કાંઈ જવાબ નહિ મળતાં તે આગળ વધ્યો અને રાતભર બળદોની જંગલમાં શોધખોળ કરતો રહ્યો. સવારે નિરાશ થઈ પાછો ફર્યો અને આ બાજુ તે બળદો પણ જંગલમાં ચરતા ફરતા મહાવીરની પાસે આવીને બેસી ગયા. ગોવાળે મહાવીરની પાસે બળદોને બેઠેલા જોયા કે તે ગુસ્સે થઈ ગયો. આખી રાત ભટકવાથી તે થાકી તો ગયો જ હતો એટલે મહાવીરને ચોર સમજીને મનનો બધો ક્રોધ અને ગુસ્સો તેના ઉપર ઉતારવા માટે બળદોને બાંધવાના દોરડાથી મારવા દોડયો.

તે સમયે સભામાં બેઠેલા દેવરાજ ઇન્દ્રે વિચાર કર્યો કે જોઉં તો ખરો કે આ વખતે ભગવાન મહાવીર શું કરી રહ્યા છે! અવધિજ્ઞાનથી ગોવાળને આ રીતે મારવા તૈયાર થયેલા જોઇને ઇન્દ્રે તેને ત્યાં જ સ્તંભિત કરી દીધો અને સાક્ષાત્ પ્રગટ થઈને કહ્યું "અરે દુષ્ટ! શું કરી રહેલ છો! તને ખબર નથી કે આ સિદ્ધાર્થ રાજાના નંદન (પુત્ર) વર્ધમાન છે!" ગોવાળ હાંફળો-ફાંફળો થઈ ગયો. પછી ક્ષમા માગી અને પછી ભગવાન તથા ઇન્દ્રને વંદન કરીને ચાલ્યો ગયો.[૨૦૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * સ્વાવલંબી મહાવીર :–

મહાવીરની સાધના પૂર્ણ સ્વાવલંબી હતી. પોતાની સહાયતા માટે બીજાની સામે હાથ ફેલાવવો તો દૂર રહ્યો પણ ભક્તિભાવનાથી તરબોળ થઈને પ્રાર્થના કરનારાનો સહયોગ પણ તેમણે કદી ન ઇચ્છ્યો. ગોવાળની મૂઢતા જોઈને દેવરાજના મનમાં આવ્યું અને પ્રભુને પ્રાર્થના કરી –'ભગવંત, વર્તમાનમાં માનવ અજ્ઞાની અને મૂઢ છે તેથી આપ જેવા ઘોર તપસ્વીઓને પણ મારવા માટે તૈયાર થઈ જાય છે, પૂરાં બાર વરસ સુધી આપને વિવિધ કષ્ટોનો સામનો કરવો પડશે તેથી આજ્ઞા આપો તો ત્યાં સુધી આપની સેવામાં રહીને કષ્ટ નિવારણ કર્યા કરીશ.'[૨૦૮]

જવાબ આપતાં મહાવીરે કહ્યું : દેવરાજ! અતીતમાં કદી એમ બનેલ નથી, વર્તમાનમાં એવું બનતું નથી અને ભવિષ્યમાં એવું કદી બનશે નહિ કે દેવેન્દ્રો અથવા અસુરેન્દ્રોની સહાયતાથી અરિહંતો કેવળજ્ઞાન અને સિદ્ધિ પ્રાપ્ત કરે. અર્હન્તો તો પોતાનાજ બળ અને પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.[૨૦૯]

——— * પ્રથમ પારણું :–

બીજે દિવસે ત્યાંથી વિહાર કરીને ભગવાન વર્ધમાન કોલ્લાગ સન્નિવેશમાં પહોંચ્યા. ત્યાં બહુલ નામના બ્રાહ્મણને ઘેર ઘી અને ખાંડ મિશ્રિત પરમ અન્ન (ખીર) ની ભિક્ષા પ્રાપ્ત કરીને તેના પાત્રમાં છઠનું પારણું કર્યું.[૨૧૦] સમવાયાંગમાં કહેલ છે કે –ઋષભદેવ સિવાય બાકીના તીર્થંકરોએ બીજે દિવસે પારણાં કર્યાં અને પારણામાં અમૃત જેવી મધુર ખીર તેમને પ્રાપ્ત થઈ.[૨૧૧]

ત્યાંથી વિહાર કરીને ભગવાન મોરાક સન્નિવેશમાં દૂઇજ્જન્તક જાતિના તાપસોના આશ્રમમાં પધાર્યા. ત્યાંના કુલપતિ ભગવાનના પિતા સિદ્ધાર્થના પરમ મિત્ર હતા.[૨૧૨] ભગવાનને આવતા જોઈને તે સ્વાગતને માટે ઊભા રહ્યા. ભગવાને પણ પૂર્વના અભ્યાસવશ મળવાના હેતુથી બન્ને હાથ લંબાવ્યા અને તેમના મધુર આગ્રહને વશ થઈને તે એક દિવસ ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિરાજ્યા. પ્રસ્થાન કરતી વખતે કુલપતિએ નિવેદન કર્યું – "કુમારવર! આ આશ્રમ આપનો જ છે. આપ તેને કોઈ બીજનો ન સમજો, થોડો વખત અહીં સ્થિર વસવાટ કરો, અને એકાન્ત શાંત સ્થાનમાં વર્ષાવાસની ઇચ્છા હોય તો અહીં અવશ્ય પધારો. તો હું અનુગૃહીત થઈશ." [૨૧૪] ભગવાને ત્યાંથી વિહાર કર્યો, આજુબાજુના ક્ષેત્રમાં પરિભ્રમણ કરીને વર્ષાવાસના હેતુથી ત્યાં પધાર્યા. કુલપતિએ એક પર્ણકુટી અર્પણ કરી. ભગવાન ત્યાં હિમાલયની માફક અચળ, નિષ્કંપ ધ્યાન-યોગમાં સ્થિર થઈ ગયા. વરસાદ મોડો પડવાને કારણે ત્યાં ઘાસ ઊગેલ ન હતું. ભૂખથી પીડાતી ગાયો વગેરે પશુઓ પર્ણકુટિઓનું ઘાસ ખાવા મોઢાં નાખતી હતી, બીજા તાપસગણ તેણે ભગાડીને કુટિઓની રક્ષા કરતા પણ ભગવાન મહાવીર તો ધ્યાનમાં તલ્લીન હતા. તે ગાયોને રોકે પણ કઈ રીતે? તાપસોએ કુલપતિને કહ્યું 'તમારા આ મહેમાન કેવા આળસુ છે! પોતાની ઝૂંપડીની પણ રક્ષા કરી શકતા નથી! બીજી ઝૂંપડી કોણ બનાવી દેશે? [૨૧૫] કુલપતિએ મહાવીરને નિવેદન કર્યું – કુમારવર! પક્ષિગણ પણ પોતાના માળાની રક્ષા કરે છે પણ આપ રાજકુમાર હોવા છતાં પણ આટલી બધી ઉપેક્ષા શા માટે રાખો છો! બીજાઓને દંડ આપવો તે તો આપનું કર્તવ્ય છે છતાં કર્તવ્યવિમુખ કેમ બની રહ્યા છો! આ જાતનો સંકેત કરીને કુલપતિ તેના સ્થાને ચાલ્યા ગયા. મહાવીરે વિચાર કર્યો કે મારા કારણે આશ્રમની વ્યક્તિઓનું માનસ દુઃખી થઈ રહેલ છે તેથી મારે અહીં રહેવું ઉચિત નથી." વર્ષાવાસના પંદર દિવસ પસાર થવા છતાં પણ તેમણે ત્યાંથી વિહાર કર્યો. [૨૧૭] તે વખતે ભગવાન મહાવીરે પાંચ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી.

(૧) અપ્રીતિકારક સ્થાનમાં રહીશ નહિ. [૨૧૮]

(૨) સદા ધ્યાનમાં રહીશ.

(૩) મૌન પાળીશ.

(૪) હાથમાં ભોજન કરીશ.

(૫) ગૃહસ્થોનો વિનય કરીશ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં એ યાદ રાખવાનું છે કે આચારાંગ[૨૧૯] સૂત્ર અનુસાર મહાવીરે કદી પણ બીજાના પાત્રમાં ભોજન કર્યું નથી પરંતુ આચાર્ય મલયગિરિના અભિમત અનુસાર પ્રસ્તુત પ્રતિજ્ઞા ગ્રહણ કરતાં પહેલાં ભગવાને ગૃહસ્થના પાત્રનો ઉપયોગ કર્યો હતો.[૨૨૦] અને કેવળજ્ઞાન થયા પછી તો પ્રવચનલાઘવના કારણે તે જાતે ભિક્ષા લેવા પધારતા ન હતા.[૨૨૧] તે હેતુથી જ તે લોહાર્ય અણગારને ધન્ય માનવામાં આવ્યા છે કે જેમણે ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ભિક્ષા લાવીને અર્પણ કરી.[૨૨૨]

* શૂલપાણિ યક્ષનો ઉપદ્રવ

ભગવાન શ્રી મહાવીર આશ્રમથી વિહાર કરીને અસ્થિકગ્રામ તરફ ચાલી નીકળ્યા. સંધ્યાના ઝાંખા પ્રકાશમાં (ગોધૂલિ વેળાએ) ત્યાં પહોંચ્યા. ગામમાં એકાન્ત સ્થાનની યાચના કરતાં, નગરની બહાર યક્ષાયતનમાં રહેવાની આજ્ઞા લીધી ત્યારે ગ્રામવાસિઓએ કહ્યું – "ભગવન્! ત્યાં એક યક્ષ રહે છે, તેનો સ્વભાવ ઘણો જ ક્રૂર છે, તે રાત્રિમાં ત્યાં કોઈને રહેવા દેતો નથી તેથી આપ ત્યાં નહિ રહેતાં બીજા સ્થાનમાં રહો.[૨૨૩] પરંતુ ભગવાને યક્ષને પ્રતિબોધ કરવાના હેતુથી તે સ્થાનની ફરીને માગણી કરી. ગ્રામવાસિઓએ આજ્ઞા આપી, ભગવાન એક ખૂણામાં ધ્યાનસ્થ થઈ ગયા. સાંજની પૂજા માટે ઇન્દ્રશર્મા નામનો પૂજારી આવ્યો. અર્ચના પછી બધા યાત્રિઓને યક્ષાયતનમાંથી બહાર કાઢયા. ભગવાનને તેણે કહ્યું– પરંતુ તે મૌન હતા, ધ્યાનસ્થ હતા, ઇન્દ્રશર્માએ ફરીને યક્ષના ભયંકર ઉત્પાતનું રોમાંચક વર્ણન કર્યું છતાં પણ ભગવાન વિચલિત ન થયા અને તે ત્યાં જ રહ્યા, ઇન્દ્રશર્મા ચાલ્યો ગયો.[૨૨૪]

સંધ્યાની સોહામણી આહ્લાદક વેળા પૂરી થઈ. જરા અંધકાર થતાં શૂલપાણિ યક્ષ પ્રગટ થયો. ભગવાનને ત્યાં ધ્યાનસ્થ જોઈને તેણે કહ્યું – મૃત્યુને ઇચ્છનારો આ ગ્રામનિવાસિઓ અને દેવના અર્ચક દ્વારા નિષેધ કરવા છતાં પણ ન માન્યો, તેથી લાગે છે કે તેને હજી સુધી મારા પ્રબળ પરાક્રમનો પરિચય નથી." પરાક્રમનો પરિચય આપવા માટે તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભયંકર અટ્ટહાસ્ય કર્યું;[૨૨૫] જેથી આખો વનપ્રાંત કંપી ઊઠયો પરંતુ મહાવીર તો મેરુની માફક અચલ અને અકંપ ઊભા રહ્યા. તેણે હાથીનું રૂપ બનાવ્યું, દંત પ્રહાર કરવા છતાં અને પગથી રગડવા છતાં પણ તે અચળ રહ્યા. યક્ષે પિશાચનું વિકરાળ રૂપ બનાવીને તીક્ષ્ણ નખ અને દાંત મહાવીરના અંગોમાં ભરાવ્યા છતાં પણ તેમના મનમાં રોષ ન આવ્યો. મોઢામાંથી સીસકારા પણ ન નીકળ્યા. તેણે સર્પ બનીને જોરથી ડંસ દીધો તો પણ મહાવીર ધ્યાનભંગ ન થયા. અંતે તેણે પોતાની દિવ્ય દેવશક્તિથી તેમના આંખ, કાન, નાક, સિર, દાંત, નખ અને પીઠમાં ભયંકર વેદના ઉત્પન્ન કરી. એવા પ્રકારની એક વેદનાથી પણ સાધારણ પ્રાણી તરફડીને તત્ક્ષણ મૃત્યુને પામે છે.[૨૨૬] ત્યારે મહાવીર તો બધી જાતની વેદનાઓને શાંત ભાવથી સહન કરતા રહ્યા. રાક્ષસી–બળ મહાવીરના આત્મબળ આગળ પરાસ્ત થઈ ગયું. તેની ધીરજ ખૂટી ગઈ. પ્રભુની અદ્‌ભુત તિતિક્ષા જોઈને તે ચકિત અને સ્તંભિત થઈ ગયો. અંતે હારીને મહાવીરના ચરણોમાં ઢળી પડયો. "ભગવાન્! મારો અપરાધ ક્ષમા કરો! મેં આપને ઓળખ્યા નહિ" આ રીતે તે વિનમ્ર બનીને પ્રભુની સ્તુતિ કરવા લાગી ગયો.

——— * **ભગવાનનાં સ્વપ્નો:–**

એક મુહૂર્ત રાત્રિ અવશેષ રહેતાં ભગવાનને તે રાત્રે નિદ્રા આવી ગઈ[૨૨૭] ત્યારે તેમણે દશ સ્વપ્નો જોયાં.[૨૨૮]

(૧) હું એક ભયંકર તાડ જેવા પિશાચને મારી રહ્યો છું.

(૨) મારી સામે એક સફેદ પુંસ્કોકિલ (પુરુષ કોયલ) ઉપસ્થિત છે.

(૩) મારી સામે એક રંગબેરંગી પુંસ્કોકિલ ઉપસ્થિત છે.

(૪) બે રત્નમાળાઓ મારી સન્મુખ છે.

(૫) એક શ્વેત ગોકુળ મારી સન્મુખ છે.

(૬) એક વિકસિત પદ્મ સરોવર મારી સામે સ્થિત છે.

(૭) હું તરંગોથી ઊછળતા મહાસમુદ્રને મારા હાથે તરીને પાર કરી ગયો છું.

(૮) જાજ્વલ્યમાન સૂર્ય આખા વિશ્વને આલોકિત કરી રહેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) હું મારા આંતરડાંઓથી માનુષોત્તર પર્વતને આવેષ્ટિત કરી રહ્યો છું.
(૧૦) હું મેરુપર્વત પર ચઢી રહ્યો છું.

સ્વપ્ન પૂરું થતાં ભગવાનની નિદ્રા ઊડી ગઇ. સાધનાકાળમાં ભગવાનને તે રાત્રે થોડી નિદ્રા આવી હતી અને તે પણ સૂતાં સૂતાં નહિ પણ ઊભાં ઊભાં.[૨૨૯]

રાત્રે શૂલપાણિના ભયંકર અટ્ટહાસ્યને સાંભળીને ગ્રામવાસિઓએ તે વખતે અનુમાન કર્યું કે મંદિરમાં રોકાએલા તે સાધુ સદાને માટે પોઢી ગયા છે અને સવાર પહેલાં જ્યારે સંગીતની સુમધુર સ્વરલહેરીઓ સાંભળી ત્યારે તેમનું અનુમાન વધારે દૃઢ થઇ ગયું કે સાધુના મૃત્યુથી યક્ષ પોતાના હૃદયની પ્રસન્નતાને સંગીત દ્વારા પ્રકટ કરી રહેલ છે.[૨૩૦]

ઉત્પલ નામનો નિમિત્તિઓ અસ્થિક ગામમાં રહેતો હતો. પહેલાં તે ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં શ્રમણ બન્યો હતો પરંતુ પાછળથી શ્રમણત્વથી ભ્રષ્ટ થઇ ગયો હતો. જ્યારે તેને મહાવીરના યક્ષાયતનમાં રોકાવાના સમાચાર મળ્યા ત્યારે અનિષ્ટની કલ્પનાથી તેનું હૃદય ધડકી ઊઠ્યું.[૨૩૧] સવારે ઇન્દ્ર શર્મા પૂજારીની સાથે તે યક્ષાયતનમાં પહોંચ્યો. પરંતુ તેમની કલ્પનાથી વિરુદ્ધ યક્ષ દ્વારા ભગવાન મહાવીરની અર્ચના કરાતી જોઇને તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે બંનેય પ્રભુના ચરણોમાં નમસ્કાર કરવા લાગ્યા. "પ્રભો, આપનું આત્મતેજ અપૂર્વ છે, આપે યક્ષપ્રકોપ શાંત કરી દીધો છે."

નિમિત્તિઆએ નિવેદન કર્યું "પ્રભો! આપે આજે રાત્રિના પાછલા પહોરમાં દશ સ્વપ્ન જોયાં છે તો તેનું ફળ આ પ્રમાણે મળશે.

(૧) આપ મોહનીય કર્મને નષ્ટ કરશો.
(૨) સદા-સર્વદા આપ શુકલ ધ્યાનમાં રહેશો.
(૩) વિવિધ જ્ઞાનમય દ્વાદશાંગ શ્રુતની પ્રરૂપણા કરશો.
(૪) .....?
(૫) ચતુર્વિધ સંઘ આપની સેવામાં જોડાયેલ રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ચતુર્વિધ દેવ આપની સેવામાં રહેશે.
(૭) સંસાર સાગરને આપ પાર કરશો.
(૮) કેવળ જ્ઞાન અને કેવળ દર્શનને આપ પ્રાપ્ત કરશો.
(૯) અહીંતહીં સર્વત્ર આપની કીર્તિ કૌમુદી ચમકશે.
(૧૦) સમવસરણમાં સિંહાસન ઉપર બિરાજીને આપ ધર્મની સંસ્થાપના કરશો.

આ પ્રમાણે તે નવ સ્વપ્નનાં ફળ મારા જાણવામાં આવ્યાં પણ ચોથા સ્વપ્નાનું ફળ મારી સમજમાં આવતું નથી. ભગવાને ચોથા સ્વપ્નાનું ફળ બતાવતાં કહ્યું. ઉત્પલ, હું સર્વ વિરતિ અને દેશવિરતિરૂપ બે પ્રકારના ધર્મની પ્રરુપણા કરીશ.[૨૩૩]

પ્રસ્તુત વર્ષાવાસમાં ભગવાને પંદર પંદર દિવસના આઠ અર્ધમાસ ઉપવાસ કર્યા.[૨૩૪]

ત્યાંથી વર્ષાવાસમાં પછી વિહાર કરીને ભગવાન મોરાકસન્નિવેશમાં પધાર્યા અને ઉદ્યાનમાં બિરાજ્યા.[૨૩૫] ત્યાં ભગવાનના તપસ્વી જીવન અને જ્ઞાનની તેજસ્વિતાથી જનતાના મનમાં શ્રદ્ધાના દીપ પ્રજ્જ્વલિત થઇ ઊઠ્યા. ધ્યાનપરાયણ મહાવીરની ચારે બાજુ જનતા શ્રદ્ધાપૂર્વક આવીને જમવા લાગી.

પ્રસ્તુત સન્નિવેશમાં અચ્છંદક નામનો પાષંડી રહેતો હતો કે જે પોતાનું ગુજરાન જ્યોતિષ વગેરેથી ચલાવતો હતો. મહાવીરની તેજસ્વી પ્રતિભાથી તેની પ્રતિભા પ્રભાહીન (ઝાંખી) બની ગઇ. તેણે ભગવાનને નિવેદન કર્યું– "ભગવાન! આપનું વ્યક્તિત્વ અપૂર્વ છે. આપ અન્યત્ર પધારો કેમકે આપના અહીં બિરાજવાથી અમારું ગુજરાન ચાલતું નથી. અમે બીજે કોઇ ઠેકાણે જઇએ તો પરિચય અને પ્રતિભાના અભાવમાં અમને કોઇ પણ પૂછશે નહિ, કરુણાવતાર મહાવીરે ત્યાંથી વિહાર કરી દીધો.[૨૩૬]

——* ચંડકૌશિકને પ્રતિબોધ :

દક્ષિણ વાચાલાથી ઉત્તર વાચાલા જવાના બે માર્ગ હતા. એક કનખલ આશ્રમમાંથી થઇને અને બીજો બહારથી. આશ્રમનો માર્ગ સીધો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં પણ નિર્જન, ભયાનક અને વિકટ સંકટયુક્ત હતો. બહારનો પંથ કુટિલ અને લાંબો હતો. પરંતુ સુગમ અને વિપદોથી મુકત હતો. આત્માની મસ્તીમાં ગજરાજની માફક ડોલતા મહાવીર સીધા પંથ ઉપર જ પોતાનાં કદમ વધારતા જઈ રહેલ હતા. [૨૭૩]

ગોવાળોએ ચેતવતા કહ્યું. 'દેવાર્ય! તે બાજુ ન પધારો. તે માર્ગમાં એક ભયંકર દૃષ્ટિવિષ સર્પ રહે છે કે જેના ઝેરીલા ફુંફાડાથી માનવ તો શું પણ પશુપક્ષી પણ સદાને માટે આંખ મીંચી લે છે. તે એટલો ભયંકર છે કે જ્યાં જુએ છે ત્યાં ઝેર વરસવા લાગે છે, આગની જવાળાઓ નીકળે છે, તેનાં કારણે આસપાસનાં વૃક્ષો પણ સૂકાઈ ગયાં છે. ચારે બાજુ સુમસામ થઈ ગયેલ છે. તેથી આપ બહારના માર્ગથી પધારો.

પરંતુ મહાવીર મૌન હતા. તે તેમના લક્ષ્ય તરફ આગળ વધી રહેલ હતા. પંથથી વિચલિત થવું તે તેઓ શીખ્યા ન હતા.

ગોવાળોએ ફરીવાર રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ સફળ ન થઈ શકયા. ભગવાન આગળ વધી ગયા. ચંડકૌશિકના સ્થાન ઉપર જઈને ધ્યાનમાં ઊભા રહી ગયા. [૨૭૪] તેમના મનમાં પ્રેમના દૂધનો સાગર ઊછળી રહેલ હતો. ભયંકર ફૂંફાડા મારતો નાગરાજ બહાર નીકળ્યો. રાફડાની પાસે ભગવાનને જોઈને તે એકદમ થંભી ગયો. પછી તેણે એકાએક ક્ષુબ્ધ થઈને ફૂંફાડો માર્યો પરંતુ ભગવાન ઉપર કાંઈ પણ અસર થઈ નહિ. તેણે અનેક ડંખ દીધા તોપણ ભગવાનને શાંતપ્રશાંત જોઈને તે સ્તબ્ધ થઈ ગયો.

આશ્ચર્યમાં ડૂબેલો વિષધર મહાવીરની મુખમુદ્રાને એકીટશે જોઈ રહ્યો તેમાં કયાંય રોષ કે ક્રોધની રેખાઓ ન હતી પરંતુ મધુર મંદહાસ્ય ખીલી રહ્યું હતું. અંતે અમૃતની આગળ વિષ હારી ગયું.

મહાવીરે નાગરાજને શાંત જોઈને ધ્યાનથી નિવૃત્ત બનીને કહ્યું– "ચંડકૌશિક! બોધ પામ! 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા' શાંત થા, જાગૃત થા. અજ્ઞાનના અંધકારમાં કયાં ભટકી રહેલ છો. પૂર્વજન્મના દુષ્કર્મોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણે તારે સર્પ બનવું પડયું છે, જો હજી પણ તું સંભાળીશ નહિ તો ભવિષ્ય તિમિરથી છવાઇ જશે. ૨૪૦

ભગવાનનાં અમૃત જેવાં વચનોએ નાગરાજના માનસમાં વિચાર-જ્યોતિ પ્રજ્જ્વલિત કરી દીધી, ચિંતન કરતાં કરતાં પૂર્વ જન્મનું ચલચિત્ર નેત્રોની સામે નાચવા લાગ્યું. ૨૪૧

'હું પૂર્વ જન્મમાં શ્રમણ હતો. અસાવધાનીથી ભિક્ષા લેવા જતી વખતે પગની નીચે દેડકી આવી ગઈ. શિષ્ય દ્વારા પ્રેરણા મળવા છતાં પણ મેં આલોચના ન કરી અને અહંકારવશ શિષ્યને મારવા દોડયો. અંધકારમાં થાંભલા સાથે માથું અફળાયું. આયુષ્ય પૂર્ણ કરીને જ્યોતિષ્ક દેવ બન્યો. અને ત્યાંથી પ્રસ્તુત આશ્રમમાં કૌશિક તાપસ બન્યો. મારી ક્રૂર પ્રકૃતિથી બધા કંપે છે. એક વખત શ્વેતાંબિનીના રાજકુમારોએ આશ્રમનાં ફળફૂલ તોડયાં. હું તીક્ષ્ણ કુહાડીથી તેને મારવા દોડયો પણ પગ લચકી ગયો અને તે જ કુહાડીથી હું જાતે કપાઇ ગયો, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને સર્પ બન્યો." આવી જાતનાં પૂર્વ પાપોની સ્મૃતિથી હૃદય વિકળ તેમ જ વિહ્વળ થઈ ઊઠયું. આત્મભાન થતાંજ તે પોતે કરેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ભગવાનના ચરણારવિન્દોમાં નમી પડયો. તેનાં હૃદયનાં પડ પીગળી ગયા. ભગવાનના પાવન પ્રવચનથી તે પવિત્ર બની ગયો. તેણે દૃઢ પ્રતિજ્ઞા ગ્રહણ કરી કે આજથી હું કોઇને સતાવીશ નહિ. તેણે આજીવન અનશન કરી લીધું. ૨૪૨ ભગવાનને ત્યાં ઊભા રહેલા જોઇને લોકો આવવા લાગ્યા. નાગરાજમાં આવું અદ્‌ભુત પરિવર્તન જોઇને જનતા ચકિત થઈ ગઈ. જેને મારવા માટે એક દિવસ જનતા ઉન્મત્ત હતી આજ તેની અર્ચના કરીને તે આનંદમગ્ન થઈ રહી હતી.

ત્યાંથી ભગવાન ઉત્તર વાચાળા પધાર્યા. નાગસેનને ત્યાં પંદર દિવસના ઉપવાસનું પારણું કરી શ્વેતાંબીકા પધાર્યા. સમ્રાટ પરદેશીએ ભાવ-ભીનું સ્વાગત કર્યું. ત્યાંથી સુરભિપુર પધારી રહેલ હતા ત્યાં માર્ગમાં સમ્રાટ પ્રદેશી પાસે જતા પાંચ નૈયિક રાજાઓએ ભગવાનની વંદના કરી. ૨૪૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—— * નાવ કિનારે લાગી ગઈ :-

સુરભિપુર પધારતી વખતે ગંગાને પાર કરવાના હેતુથી ભગવાન સિદ્ધદત્તની નૌકામાં આરૂઢ થયા. નૌકા જેવી વહેતી થઈ તેટલામાં જ જમણી બાજુથી ધુવડના, કાનને કડવા લાગે તેવા શબ્દો સાંભળીને એમિલ નિમિત્તિ-આએ યાત્રિઓને કહ્યું 'મોટું વિઘ્ન આવશે પણ આ મહાપુરૂષના પ્રબળ પુણ્યથી આપણે બચી જઈશું. [૨૪૪] આગળ વધતાં જ આંધી અને તોફાનથી નૌકા વમળ (ભમ્મર) માં ફસાઇ ગઈ. કહેવાય છે કે ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં જે સિંહને માર્યો હતો તે સુદંષ્ટ્ર નામનો દેવ થયો અને પૂર્વ વેરના કારણે ગંગામાં તોફાન શરૂ કરી દીધું. બીજા યાત્રીઓ ભયથી કંપી ઊઠયા પરંતુ મહાવીર નિષ્કંપ હતા. અંતમાં મહાવીરના પ્રભાવપૂર્ણ વ્યક્તિત્વથી નૌકા કિનારે લાગી ગઈ.

—— * ધર્મચક્રવર્તી :-

ભગવાન નાવમાંથી ઊતરીને ગંગાના કિનારે રહેલા થૂણાક સન્નિવેશની બહાર ધ્યાનસ્થ મુદ્રામાં ઊભા રહી ગયા. ભગવાનનાં ચરણ-ચિહ્નો જોઈને પુષ્ય નામના એક નિમિત્તિયાના માનસમાં વિચાર ઊઠયો કે આ ચરણ-ચિહ્નો તો અવશ્ય કોઇ ચક્રવર્તી સમ્રાટનાં છે કે જે અત્યારે કોઇ સંકટમાં ઘેરાઈને એકલો ફરી રહેલ છે. હું જઈને તેની સેવા કરું. ચક્રવર્તી જ્યારે સમ્રાટ બનશે ત્યારે તે પ્રસન્ન થઇને મને ન્યાલ કરી દેશે. [૨૪૫] તે ચરણ-ચિહ્નોને જોતાં ભગવાનની પાસે પહોંચ્યો પરંતુ ભિક્ષુકના વેષમાં ભગવાનને જોઈને તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે વિચાર કર્યો કે ચક્રવર્તી સમ્રાટનાં સંપૂર્ણ લક્ષણ શરીર ઉપર વિદ્યમાન હોવા છતાં પણ આ ભિક્ષુક શા માટે હશે! તેને જ્યોતિષશાસ્ત્રનું કથન મિથ્યા માલૂમ પડયું. તે જ્યોતિષશાસ્ત્રના ગ્રંથોને ગંગામાં ડુબાડવા તૈયારી કરી રહ્યો હતો ત્યાં જ દેવેન્દ્રે પ્રકટ થઈને કહ્યું: પુષ્ય! આ કોઈ સાધારણ ભિક્ષુક નથી! ધર્મ-ચક્રવર્તી છે. ચક્રવર્તી સમ્રાટથી પણ ચઢિયાતા છે. દેવો અને ઇન્દ્રો દ્વારા પણ વંદનીય અને અર્ચનીય છે. [૨૪૬] પુષ્ય ભગવાનને વંદન કરીને ચાલી નીકળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * ગોશાલકનો ભેટો :-

ભગવાન મહાવીરે બીજું વર્ષાવાસ રાજગૃહના ઉપનગર નાલંદાની તંતુવાય શાળા (વણકરની ઉદ્યોગશાળા) માં કર્યું. ત્યાં મંખલિપુત્ર ગોશાલક [૨૪૭] પણ વર્ષાવાસ માટે ફરતો આવ્યો હતો. તે ભગવાનનાં તપ અને ત્યાગથી આકર્ષિત થયો. હકીકતે તો તેણે ભગવાનના માસખમણના પારણે પાંચ દિવ્ય પ્રકટ થતાં જોઈ, અને આકાશમાં દેવદુંદુભિ સાંભળી ત્યારે તે ભગવાનના ચામત્કારિક તપથી આકૃષ્ટ થઈને તેમનો શિષ્ય બનવા માટે ઉત્સુક થઈ ગયો. તે ભગવાનને પોતાનો શિષ્ય બનાવવાની પ્રાર્થના કરવા લાગ્યો, પ્રભુ મૌન રહ્યા [૨૪૮] તે વર્ષાવાસમાં ભગવાને એક-એક માસનું દીર્ઘ તપ કર્યું. વર્ષાવાસની પૂર્ણાહુતિના દિવસે ગોશાલક ભિક્ષા માટે નીકળ્યો ત્યારે તેણે પ્રભુને પ્રશ્ન પૂછયો—"તપસ્વી! આજે મને ભિક્ષામાં શું મળશે?" ઉત્તર આપતાં ભગવાને કહ્યું— કોદરાનાં વાસી તાંદુલ, ખાટી છાશ અને બોટો રૂપિયો,' ભગવાનની ભવિષ્યવાણી મિથ્યા બનાવવાના હેતુથી તે શ્રેષ્ઠીઓના ગગનચૂંબી ભવ્ય ભવનોમાં પહોંચ્યો પરંતુ હતાશ અને નિરાશ થઈને ખાલી પાછો આવ્યો. પછી ગરીબોની ઝૂંપડીઓ તરફ આગળ વધ્યો. એક લુહારના ઘેરથી તેને ખાટી છાશ, વાસી ભાત અને દક્ષિણામાં એક રૂપિયો મળ્યો. બસ, આ ઘટનાએ તેને નિયતિવાદ તરફ આકર્ષિત કર્યો. તે વિચારવા લાગ્યો જે બનવાનું હોય છે તે બનીને જ રહે છે અને તે બધુંએ પહેલાંથીજ નિશ્ચિત રહેલું છે.

ભગવાન મહાવીર નાલંદાથી વિહાર કરીને કોલ્લાગસન્નિવેશમાં પધાર્યા અને ત્યાં એક બ્રાહ્મણના ઘેર ચાતુર્માસક્ષપણનું પારણું કર્યું. આ બાજુ ગોશાલક ભિક્ષા લઈ પાછો ફર્યો પરંતુ ભગવાનને ત્યાં નહિ જોતાં શોધતાં શોધતાં કોલ્લાગસન્નિવેશમાં આવી પહોંચ્યો. ભગવાનને શિષ્ય બનાવવાની ફરી ફરીને પ્રાર્થના કરી પરંતુ ભગવાને તેની વાત સ્વીકારી નહિ. [૨૪૯]

ગોશાલક પ્રકૃતિથી ચંચળ, ઉદ્ધત અને લોલુપ હતો. તે ભગવાનની સાથે જ કોલ્લાગસન્નિવેશથી સુવર્ણખેલ જઈ રહેલ હતો. માર્ગમાં એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોવાળની મંડળી ખીર પકાવી રહેલ હતી. ખીર જોઈને ગોશાલકનું મન તે ખાવા માટે, તલપાપડ થઈ ગયું. મહાવીરને નિવેદન કર્યું. મહાવીરે કહ્યું– "ખીર પાકતાં પહેલાં જ હાંડલી ફૂટવાને લીધે તે ધૂળમાં મળી જશે." ગોશાલકે ગોવાળોની પાસે જઈ આ વાત કહી દીધી અને પોતે ખીર ખાવાની અભિલાષાથી ત્યાં રોકાઈ ગયો. ભગવાન આગળ વધ્યા. ગોવાળોએ હાંડલીની ખૂબ રક્ષા કરી છતાં પણ ફૂટી ગઈ અને ખીર ધૂળમાં ભળી ગઈ.[૨૫૦] ગોશાલક વિલું મોઢું કરીને મહાવીરની પાસે પહોંચ્યો. આ ઘટનાથી તેની ધારણા એવી દૃઢ થઈ ગઈ કે જે બનવાનું છે તે કદી ટાળી શકાતું નથી. તે 'નિયતિવાદ' નો પાકો સમર્થક બની ગયો.

ત્યાંથી વિહાર કરીને ભગવાન 'બ્રાહ્મણગ્રામ' પધાર્યા. તેના બે વિભાગ હતા. એક 'નંદ પાટક' અને બીજો 'ઉપનંદ પાટક' ભગવાન નંદ પાટકમાં નંદના ઘરે ભિક્ષા માટે પધાર્યા. ભગવાનને વાસી ભોજન પ્રાપ્ત થયું. પરંતુ શાંતભાવથી તેમણે તેનો સ્વીકાર કર્યો. ગોશાલક ઉપનંદ પાટકમાં ઉપનંદને ત્યાં ભિક્ષા માટે ગયો. દાસી, તાંદુલની ભિક્ષા આપવા લાગી ત્યારે ગોશાલકે મોં મચકોડયું અને તેને લેવાનો ઈનકાર કરી દીધો. ગોશાલકના આવા અભદ્ર વ્યવહારથી ઉપનંદ ક્રોધાયમાન થઇ ગયો અને દાસીને કહ્યું – તે ભિક્ષા ન લે તો તેને માથા ઉપર ફેંકી દે. દાસીએ સ્વામીની આજ્ઞાથી ભિક્ષા તેના માથા ઉપર નાખી દીધી. ગોશાલક ગુસ્સે થઇ ગયો. શ્રાપ આપીને બકતો બકતો ત્યાંથી ચાલી નીકળ્યો.

ભગવાન ત્યાંથી અંગ દેશની રાજધાની ચંપાનગરીમાં પધાર્યા.[૨૫૧] ગોશાલક પણ સાથે જ હતો. ભગવાને ત્રીજું વર્ષાવાસ ત્યાં વીતાવ્યું. વર્ષાવાસમાં બબ્બે માસનાં ઉત્કૃષ્ટ આકરાં તપની સાથે વિવિધ આસન અને ધ્યાન-યોગની સાધના કરી, પ્રથમ પારણું ચંપામાં કર્યું અને બીજું ચંપાની બહાર. ભગવાન વર્ષાવાસ પછી કાલાયસન્નિવેશ પધાર્યા ત્યાંથી પત્તકાલાય પધાર્યા અને બંને સ્થાને ખંડેરોમાં ઊભા રહી ધ્યાન કર્યું. બંનેય સ્થળે ગોશાલકે પોતાની વિકારયુક્ત અને અવિવેકી પ્રવૃત્તિના કારણે લોકોનો માર ખાધો. ભગવાન તો રાતોની રાત સુધી ધ્યાનમાં લીન રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી ભગવાન કુમારકસન્નિવેશ પધાર્યા. ત્યાં તેઓ ચંપક રમણીય ઉદ્યાનમાં કાયોત્સર્ગ પ્રતિમા ધારણ કરીને રહ્યા.[૨૫૩]

ભિક્ષાનો સમય થતાં ગોશાલકે ભિક્ષા લેવા જવાના હેતુથી મહાવીરને પ્રાર્થના કરી, ભગવાને કહ્યું: 'મારે ઉપવાસ છે.'

ગોશાલક ચાલી નીકળ્યો. તે વખતે પાર્શ્વાપત્ય મુનિ ચન્દ્રસ્થવિર કુમારસન્નિવેશમાં કુંભાર કૂવણુયની શાળામાં બિરાજતા હતા. ગોશાલકે પાર્શ્વાપત્ય મુનિઓનાં રંગબેરંગી વસ્ત્ર જોઈને પૂછયું: 'તમે કોણ છો?' તેમણે જવાબ આપ્યો "અમે નિર્ગ્રંથ છીએ અને ભગવાન પાર્શ્વનાથનાં શિષ્યો છીએ."

ગોશાલકે કહ્યું: 'તમે કઈ જાતનાં નિર્ગ્રંથ છો! આટલાં સારાં વસ્ત્ર અને પાત્ર રાખો છો છતાં પણ પોતાને નિર્ગ્રંથ કહો છો! એમ લાગે છે કે તમે તમારી આજીવિકા ચલાવવા માટે જ આવો પ્રપંચ ધારણ કરીને બેઠા છો! જુઓ સાચા નિર્ગ્રંથ તો મારા ધર્માચાર્ય છે કે જે વસ્ત્ર અને પાત્ર રહિત છે અને તપ તથા ત્યાગની સાક્ષાત્ પ્રતિમૂર્તિ છે."

પાર્શ્વાપત્ય શ્રમણોએ કહ્યું "જેવો તું છે તેવાં જ તારા ધર્માચાર્ય પણ સ્વયં-ગૃહીતલિંગ હશે."

ગોશાલકે ક્રોધાયમાન થઈ કહ્યું: 'મારા ધર્માચાર્યની તમે લોકો નિંદા કરી રહેલ છો. મારા ધર્માચાર્યના દિવ્ય તપસ્તેજથી તમારો ઉપાશ્રય બળીને ભસ્મ થઈ જાવ.'

પાર્શ્વાપત્ય શ્રમણોએ કહ્યું "અમે તમારા જેવાના શાપથી ભસ્મ થવાના નથી."

લાંબા વખત સુધી વિવાદ કર્યા પછી ગોશાલક પાછો ફરીને મહાવીરની પાસે આવ્યો અને બોલ્યો "આજે મારી આરંભસહિત અને પરિગ્રહવાળા શ્રમણોથી મુલાકાત થઈ. તેમને મેં શ્રાપ આપ્યો છતાં પણ તેમનો જરા જેટલો પણ વાળ વાંકો ન થયો."

ભગવાને કહ્યું કે તેઓ પાર્શ્વાપત્ય અણગાર છે.[૨૫૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી વિહાર કરીને ભગવાન ચોરાકસન્નિવેશ પધાર્યા.[૨૫૫] ત્યાં તસ્કરોનો ઘણો ભય હતો. તેથી ચોકીદારો સતત સાવધાન રહેતા હતા. ચોકીદારોએ પરિચય મેળવવા માટે ભગવાનને પ્રશ્ન કર્યા પરંતુ ભગવાન મૌન રહ્યા. ચોકીદારોએ ગુપ્તચર સમજીને ભગવાનને અનેક યાતનાઓ આપી. સોમા અને જયંતી નામની પરિવ્રાજિકાઓ કે જે ઉત્પલ નિમિત્તિ-આની બહેનો હતી તેમને ખબર પડી કે તરત જ ત્યાં પહોંચી અને ચોકી-દારોને કહ્યું કે આ "સિદ્ધાર્થનંદન મહાવીર છે." એમ જાણતાં આ રક્ષકોએ (ચોકીદારોએ) તેમને મુક્ત કરી દીધા.[૨૫૬]

ભગવાન ત્યાંથી પૃષ્ટચંપા પધાર્યા અને ચોથું વર્ષાવાસ ત્યાં પસાર કર્યું, પ્રસ્તુત વર્ષાવાસમાં ચાર માસ માટે આહારપાણી છોડીને ભગવાન આત્મચિંતન અને ધ્યાનમુદ્રામાં ઊભા રહ્યા.

વર્ષાવાસ પછી ભગવાન કયંગલા નગરી પધાર્યા. ત્યાં દરિદ્રથેરના દેવળમાં ધ્યાનસ્થ થયા.[૨૫૭] ત્યાંથી વિહાર કરીને શ્રાવસ્તીની બહાર ધ્યાન કર્યું. કડકડતી ઠંડી પડી રહેલ હતી તો પણ ભગવાન ઠંડીની પરવાહ કર્યા વિના રાતભર ધ્યાનમાં રહ્યા.[૨૫૮] ઠંડીમાં ગોશાલક ઘણો હેરાન થયો. ત્યાં દેવળમાં ધાર્મિક ઉત્સવ હોવાથી સ્ત્રી પુરુષો વગેરે એકઠાં થઈને નૃત્યગાન કરી રહ્યાં હતાં. ગોશાલક તેમની ઠેકડી કરવા લાગ્યો—"આ કેવો ધર્મ છે કે જેમાં સ્ત્રી—પુરુષો એકસાથે નિર્લજ્જ થઈને નાચી રહે." લોકોએ ગોશા-લકને પકડીને બહાર ધકેલી દીધો. તે ઠંડીમાં ધ્રુજવા લાગ્યો અને બોલ્યો કે "આ સંસારમાં સાચું બોલીને વિપત્તિ વ્હોરવાની છે." લોકોએ દેવાર્યનો શિષ્ય સમજીને તેને ફરી અંદર બોલાવ્યો પરંતુ તે તો પોતાની આદતથી લાચાર હતો. પહેલા યુવકોએ ખૂબ માર માર્યો પછી વૃદ્ધોએ તેની વાત સાંભળી ન સાંભળી કરીને ખૂબ જોરથી વાજાં વગાડવા કહ્યું, સવારે ભગવાન ત્યાંથી વિહાર કરીને શ્રાવસ્તી પધાર્યા. શ્રાવસ્તીમાં શિવદત્ત બ્રાહ્મણની પત્નીએ મૃત બાળકના રુધિરમાંસની ખીર બનાવી અને તે ગોશાલકને આપી, ગોશાલકે તે ખાધી, પ્રભુએ તેના રહસ્યનું ઉદ્‌ઘાટન કર્યું. ગોશાલકે વમન કર્યું" આવી બધી વાતો જોઈને તેને નિયતિવાદ પર દૃઢ વિશ્વાસ થઈ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવસ્તીથી વિહાર કરીને 'હલિદ્રુદુગ' ગામે પધાર્યા. ગામની પાસે જ એક 'હલિદ્રુદુગ' નામનું વિરાટ વૃક્ષ હતું. ભગવાન ધ્યાનને માટે આ સ્થળ ઉપયુક્ત છે એમ સમજીને ત્યાંજ રોકાયા. બીજા અનેક પથિકોએ પણ રાત્રિમાં ત્યાં વિશ્રામ કર્યો. તેમણે ઠંડીથી બચવા માટે અગ્નિ પ્રગટાવ્યો. તે મુસાફરોએ તો સૂર્યોદય થયા પહેલાં જ આગળ પ્રસ્થાન કરી દીધું. તે અગ્નિ ધીમે ધીમે ધ્યાનમાં રહેલા મહાવીરની નજીક આવી પહોંચ્યો. ગોશાલક તો આગની લપલપાતી જ્વાલાઓને જોવી પોતાના તરફ આવતી જોઈ તેવોજ તે ત્યાંથી ભાગી છૂટયો પરંતુ મહાવીર તો તેમના ધ્યાનમાં મગ્ન હતા. જ્વાલાઓ આગળ વધી, મહાવીરના પગ તે જ્વાલાઓની લપટથી દાઝી ગયા છતાં પણ તેઓ ધ્યાનથી વિચલિત ન થયા. [૨૫૯] મધ્યાહ્ન સમયે તેઓએ ત્યાંથી આગળ પ્રયાણ કર્યું. 'નંગલા' થઈને 'આવર્ત્ત' પધાર્યા અને અનુક્રમે વાસુદેવ તથા બળદેવના મંદિરોમાં ધ્યાન કર્યું.

આ પ્રમાણે અન્ય અનેક ક્ષેત્રોને પોતાના ચરણ-કમળથી પવિત્ર કરીને ભગવાન 'ચોરાકસન્નિવેશ' પધાર્યા. ત્યાં ગોશાલકને ગુપ્તચર સમજીને ઘણો માર મારવામાં આવ્યો. [૨૬૦] ત્યાંથી ભગવાન 'કલંબુકા' સન્નિવેશ તરફ જઈ રહ્યા હતા તેવામાં તે રસ્તે ત્યાંના અધિકારીઓ કાલહસ્તિ તસ્કરોનો પીછો કરતાં ત્યાંથી નીકળ્યા, માર્ગમાં ભગવાન મહાવીર અને ગોશાલક મળ્યા. તેમણે પરિચય પૂછયો પરંતુ ભગવાન મહાવીર મૌન હતા. અને કૌતુક જોવા માટે ગોશાલક પણ ચૂપ રહ્યો. બંનેને તસ્કર સમજીને તેમણે તેઓને અનેક યાતનાઓ આપી છતાં પણ મૌન ભંગ ન કર્યું. છેવટે દોરડાંથી જકડીને તેમણે તેમના મોટાભાઈ મેઘની પાસે મોકલી દીધા. મેઘે ગૃહસ્થાશ્રમમાં ક્ષત્રિયકુંડમાં મહાવીરને જોયેલ હતા તેથી જોતાંવેંતજ યાદ તાજી થઈ ગઈ અને ભગવાનને ઓળખી લીધા. તરત જ તેમને બંધનોમાંથી મુકત કરીને તેમના અજ્ઞાનના કારણે કરવામાં આવેલ અપરાધની ક્ષમા માગી. [૨૬૧]

——— * લાટપ્રદેશમાં

ગંભીર વિચાર મંથન પછી ભગવાન મહાવીરે કર્મોની વિશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્જરા માટે લાટપ્રદેશ (સંભવિત રીતે બંગાળમાં ગંગાના પશ્ચિમ કિનારા) તરફ પ્રસ્થાન કર્યું.[૨૬૨] તે પ્રદેશ તે યુગમાં અનાર્ય માનવામાં આવતો હતો. ત્યાં વિચરણ કરવું અત્યન્ત દુષ્કર હતું.[૨૬૩]

તે પ્રાંતના બે ભાગ હતા. એક વજ્રભૂમિ અને બીજી શુભ્રભૂમિ.[૨૬૪] તે ઉત્તર રાઢ અને દક્ષિણ રાઢના નામથી પણ પ્રસિદ્ધ હતા. તે બંનેની મધ્યમાં અજય નદી વહેતી હતી. ભગવાને બંનેય સ્થળોમાં વિચરણ કર્યું. તે ક્ષેત્રમાં ભગવાનને જે ઉગ્ર ઉપસર્ગો ઉપસ્થિત થયા તેનું રોમાંચક વર્ણન આર્યસુધર્માએ આચારાંગમાં નીચે પ્રમાણે કરેલ છે:–

"ત્યાં રહેવા માટે તેમને અનુકૂળ આવાસ પ્રાપ્ત ન થયા. અનેક પ્રકારના ઉપસર્ગો સહન કરવા પડયા. લૂખું–સૂકું વાસી ભોજન પણ ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થતું હતું. કૂતરાઓ ભગવાનને છેટેથી જોઇનેજ કરડવા માટે દોડતા હતા. ત્યાં એવા ઘણા ઓછા માણસો હતા કે જે કરડવા ધસતા કે ફાડી ખાતા કૂતરાઓને હટાવે પરંતુ ઊલટાનું તેઓ કૂતરાઓને સીસકારી કરી કરડવા માટે ઉશ્કેરતા. પરંતુ ભગવાન મહાવીર તે પ્રાણીઓ ઉપર કોઈ પણ જાતનો દુર્ભાવ લાવતા નહિ. તેમને તેમના શરીર ઉપર કોઈ પણ જાતની મમત્વબુદ્ધિ ન હતી. આત્મવિકાસનો હેતુ સમજીને ગ્રામ–સંકટોને સહર્ષ સહન કરતાં તેઓ સદા પ્રસન્ન રહેતા.[૨૬૫]

"જેવી રીતે સંગ્રામમાં ગજરાજ, શત્રુઓના આકરા પ્રહારોની જરા જેટલી પણ પરવા કર્યા વિના આગળ જ વધતો જાય છે તે જ રીતે ભગવાન મહાવીર પણ લાટપ્રદેશમાં ઉપસર્ગોની કંઈપણ પરવા કર્યા વિના આગળ વધતા રહ્યા. ત્યાં તેમને રોકાવા માટે કોઈ વખત દૂર દૂર સુધી ગામ પણ ઉપલબ્ધ થતાં નહિ ત્યારે ભયંકર અરણ્યમાંજ રાત્રિવાસ કરતા. જ્યારે તેઓ કોઇ ગામમાં જતા ત્યારે ગામની પાસે પહોંચતાંજ ગામના લોકો બહાર નીકળીને તેમને મારપીટ કરવા લાગતા અને બીજા કોઈ ગામે જવાનું કહેતા. તે અનાર્ય લોકો ભગવાન ઉપર દંડ મુષ્ઠિ ભાલા કે ઢેફાંથી પ્રહાર કરતા અને પછી પ્રસન્ન થઈને કિકિયારીઓ કરતા.[૨૬૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંના ક્રૂર માણસોએ ભગવાનના સુંદર શરીરને ફાડી ખાધું. તેમના ઉપર વિવિધ જાતના પ્રહારો કર્યા. ભયંકર પરીષહો તેમના માટે ઉપસ્થિત કર્યા, તેમના ઉપર ધૂળ ફેંકી. તેઓ ભગવાનને ઉછાળી ઉછાળીને દડાની માફક પછાડતા. આસન ઉપરથી ધકેલી દેતા તો પણ ભગવાન શરીરના મમત્વથી રહિત થઈને, કોઈ પણ જાતની ઇચ્છા અને આકાંક્ષા વગર સંયમ સાધનામાં સ્થિર રહીને કષ્ટોને શાંતિથી સહન કરતા.[૨૬૭]

જેવી રીતે કવચ ધારણ કરેલા શૂરવીરનું શરીર યુદ્ધમાં અક્ષત (ઘવાયા વગરનું) રહે છે તેવી જ રીતે અચેલ એવા ભગવાન મહાવીરે અત્યંત કઠોર કષ્ટોને સહન કરવા છતાં પોતાના સંયમને અક્ષત રાખ્યો.[૨૬૮]

આ પ્રમાણે સમભાવપૂર્વક ભયંકર ઉપસર્ગો સહન કરીને ભગવાને ઘણાં કર્મોની નિર્જરા કરી નાખી. તેઓ ફરી આર્ય પ્રદેશ તરફ આવી રહ્યા હતા તેવામાં પૂર્ણકલશ સીમા પ્રાન્તમાં બે ચોર મળ્યા. તેઓ અનાર્ય પ્રદેશમાં ચોરી કરવા જઈ રહ્યા હતા. ભગવાનને સામે આવતા જોઈને તેમણે અપશુકન માન્યું. તેથી તેઓ તીક્ષ્ણ હથિયાર લઈને ભગવાનને મારવા માટે ધસ્યા પરંતુ તે વખતે સ્વયં ઇન્દ્રે પ્રગટ થઈને તસ્કરોને દૂર કર્યા.[૨૬૯]

ભગવાન આર્ય પ્રદેશના મલય દેશમાં વિહાર કરવા લાગ્યા અને તે વર્ષે મલયની રાજધાની ભદ્દિલા નગરીમાં પોતાનું પાંચમુ ચાતુર્માસ કર્યું. ચાતુર્માસિક તપ અને વિવિધ આસનો સાથે ધ્યાન-સાધના કરતાં કરતાં વર્ષાવાસ (ચોમાસું) પૂર્ણ કર્યું.[૨૭૦]

વર્ષાવાસ પૂર્ણ થતાં, ભદ્દિલા નગરીની બહાર ચાતુર્માસિક તપનું પારણું કરી 'કદલી સમાગમ' 'જંબુ સંડ' થઈને 'તંબાયસન્નિવેશ' પધાર્યા. તે વખતે પાર્શ્વાપત્ય સ્થવિર નંદિષેણ ત્યાં બિરાજી રહેલ હતા. ગોશાલકે તેમની સાથે પણ વાદ-વિવાદ કર્યો.

તંબાયથી ભગવાન 'કુપિયસન્નિવેશ' પધાર્યા. ત્યાં લોકોએ ગુપ્તચર સમજી ભગવાનને પકડી લીધા. અનેક યાતનાઓ આપી અને કારા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહમાં કેદ કરી લીધા. 'વિજયા' અને 'પ્રગલ્ભા' નામની પરિવ્રાજિકાઓને ખબર પડી એટલે તેઓ ત્યાં પહોંચી ગઈ અને અધિકારીઓને ભગવાનનો પરિચય આપ્યો. અધિકારીઓ પોતાના અજ્ઞાન ઉપર પશ્ચાત્તાપ કરતાં ભગવાનને મુક્ત કરી દીધા.[૨૭૧]

ભગવાને ત્યાંથી વૈશાલી તરફ વિહાર કર્યો. ગોશાલકે ભગવાન મહાવીરને કહ્યું કે મને આપની સાથે રહેતાં અનેક કષ્ટકારી દુઃસહ યાતનાઓ ભોગવવી પડે છે. પેટ પૂરતું ખાવા પણ મળતું નથી. આપ તેનું નિવારણ પણ કરતા નથી તેથી હું હવે આપનાથી જુદો વિચરીશ." આ વાત સાંભળી ભગવાન મૌન રહ્યા. ગોશાલકે રાજગૃહી તરફ પ્રસ્થાન કરી દીધું.[૨૭૨]

ભગવાન અનુક્રમે વિહાર કરતાં કરતાં વૈશાલી પધાર્યા અને લુહારના યંત્રાલય (કોઢ) માં ધ્યાન ધરીને સ્થિર થયા. તે લુહાર છ માસથી અસ્વસ્થ હતો. ભગવાનના આવવાના બીજા દિવસથી કાંઈક સ્વસ્થતાનો અનુભવ થતાં તે પોતાનાં સાધનો લઈને યંત્રાલયમાં પહોંચ્યો ત્યાં એકાન્તમાં ભગવાનને ધ્યાન મુદ્રામાં જોઈને તેણે અમંગળ માની હથોડો લઈને મહાવીર ઉપર પ્રહાર કરવા જેવો તે આગળ વધ્યો તેવો જ દિવ્ય દેવશક્તિથી સહસા ત્યાં જ સ્તબ્ધ થઈ ગયો.[૨૭૩]

વૈશાલીથી વિહાર કરી ભગવાન ગ્રામક-સન્નિવેશ પધાર્યા અને વિભેલક યક્ષના યક્ષાયતનમાં ધ્યાન કર્યું. ભગવાનના તપોમય જીવનથી યક્ષ પ્રભાવિત થઈને ગુણકીર્તન કરવા લાગ્યો.[૨૭૪]

——* કટપૂતનાનો ઉપદ્રવ

ભગવાન મહાવીર ગ્રામક સન્નિવેશથી વિહાર કરીને શાલીશીર્ષના રમણીય ઉદ્યાનમાં પધાર્યા. મહા મહિનાનો સણસણતો સમીર વહેતો હતો. સાધારણ માનવો ઘરોમાં ગરમ કપડાં પહેરવા છતાંય કાંપતાં હતાં. પરંતુ તેવી ઠંડીથી ભરેલી રાત્રિમાં પણ ભગવાન વૃક્ષની નીચે ધ્યાન ધરીને ઊભા હતા. તે સમયે કટપૂતના નામની વ્યન્તરદેવી ત્યાં આવી. ભગવાનને ધ્યાનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થામાં જોઈને તેનું વૈર જાગૃત થઈ ગયું. તે પરિવ્રાજકનું રૂપ બનાવી મેઘધારાની જેમ જટામાંથી ભીષણ જળ વરસાવવા લાગી, અને ભગવાનના કોમળ ખભા ઉપર ઊભી થઈને તેજ હવા કરવા લાગી, અને બરફ જેવું શીતળ પાણી અને ઠંડો પવન તલવારના પ્રહારથી પણ વધુ તીક્ષ્ણ માલૂમ પડતાં હતાં. તોપણ ભગવાન ધ્યાનથી વિચલિત ન થયા. તે વખતે સમભાવોની ઉચ્ચ શ્રેણી પર ચડવાથી ભગવાનને વિશિષ્ટ અવધિજ્ઞાન (પરમ અવધિજ્ઞાન)ની ઉપલબ્ધિ થઈ. પરીષહ સહન કરવાનું અપાર સામર્થ્ય જોઈને કટપૂતના અવાક્ થઈ અને વિસ્મિત બની ગઇ. પ્રભુના ધૈર્ય સમક્ષ તે પરાજિત થઈને પ્રભુના ચરણોમાં ઝૂકી ગઇ અને પોતાના અપરાધ માટે ક્ષમાયાચના કરવા લાગી. [૨૭૫]

ગોશાલક પણ છ માસ સુધી પૃથક્ ભ્રમણ કરી અનેક કષ્ટો ભોગવીને આખરે ફરીને ભગવાનની પાસે આવી ગયો.

ભગવાન ત્યાંથી પરિભ્રમણ કરતાં ભદ્દિયા નગરી પધાર્યા. ચાતુર્માસિક તપ, આસન અને ધ્યાનની સાધના કરતાં છઠ્ઠ વર્ષાવાસ ત્યાં પૂરું કર્યું. વર્ષાવાસ પૂર્ણ થયા બાદ નગરની બહાર પારણું કરી મગધ તરફ પ્રયાણ કર્યું. મગધનાં અનેક ગામોમાં ફરતા આલંભિયા પધાર્યા. ચાતુર્માસિક તપની સાથે ધ્યાન કરતાં સાતમું ચાતુર્માસ ત્યાં પૂર્ણ કર્યું. [૨૭૬] ચાતુર્માસિક તપનું નગરની બહાર પારણું કરીને કુંડાગ-સન્નિવેશ અને ત્યાંથી પાછા મદ્દન-સન્નિવેશ પધાર્યા. બન્ને સ્થળોમાં અનુક્રમે વાસુદેવ અને બળદેવના મંદિરમાં સ્થિર થઈને ધ્યાન કર્યું.

ત્યાંથી લોહાર્ગલા પધાર્યા. તે વખતે લોહાર્ગલાના પાડોશી રાજ્યોની સાથે કંઈક સંઘર્ષ ચાલી રહેલ હતો. તેથી ત્યાંના બધા અધિકારીગણ આવતા જતા મુસાફરોથી પૂર્ણ જાગૃત રહેતા હતા. પરિચય વિના રાજધાનીમાં કોઇનો પણ પ્રવેશ નિષિદ્ધ હતો. ભગવાનને પણ પરિચય પૂછવામાં આવ્યો પણ તેઓ તો મૌન હતા. પરિચય ન મળતાં અધિકારીઓ તેમને પકડીને રાજસભામાં લઇ ગયા. ત્યાં અસ્થિક ગામથી ઉત્પલ નિમિત્તિઓ આવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. તેણે જેવા ભગવાનને જોયા કે તરત જ ઉઠીને વંદન કર્યું અને બોલ્યો કે–"આ ગુપ્તચર નથી પરંતુ સિદ્ધાર્થનંદન મહાવીર છે. ધર્મ ચક્રવર્તી છે." પરિચય પ્રાપ્ત થતાં જ રાજા જિતશત્રુએ ભગવાન અને ગોશાલકને સત્કારપૂર્વક વિદાય કર્યા.[૨૭૬]

લોહાર્ગલાથી ભગવાને પુરિમતાલ નગર તરફ પ્રસ્થાન કર્યું. નગરની બહાર થોડા વખત સુધી શકટમુખ ઉદ્યાનમાં ધ્યાન કર્યું. 'વગ્ગુર' શ્રાવકે ત્યાં તેમનો સત્કાર કર્યો. ત્યાંથી ઉન્નાગ, ગોભૂમિને પાવન કરતાં રાજગૃહી પધાર્યા. ત્યાં ચાતુર્માસિક તપ ગ્રહણ કરી વિવિધ આસનોની સાથે ધ્યાન કરતા રહ્યા.[૨૭૮] ઊંચી–નીચી અને તિરછી ત્રણેય દિશાઓમાં સ્થિત પદાર્થો ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરતાં પ્રભુએ ત્યાં ધ્યાન કર્યું.[૨૭૯] ત્યાં આઠમું વર્ષાવાસ વ્યતીત કર્યું. નગરની બહાર ચાતુર્માસિક તપનું પારણું કરી વિશેષ કર્મનિર્જરા કરવા માટે ફરીને અનાર્યભૂમિ તરફ (રાઢ દેશ તરફ) પ્રયાણ કર્યું. પહેલાની માફક જ અનાર્ય પ્રદેશમાં કષ્ટોની સાથે રમત રમતાં કર્મોની ઘોર નિર્જરા કરી. યોગ્ય આવાસ ન મળવાના કારણે વૃક્ષોની નીચે ખંડેરોમાં તથા અનિયત વાસમાં વર્ષાવાસ પૂર્ણ કર્યો. છ મહિના સુધી અનાર્ય પ્રદેશમાં વિચરણ કરી ફરીને ભગવાન આર્ય પ્રદેશમાં પધાર્યા.[૨૮૦]

——★ તલનો પ્રશ્ન : વૈશ્યાયન તાપસ

આર્યભૂમિમાં પ્રવેશ કરી ભગવાન સિદ્ધાર્થપુરથી કૂર્મગ્રામ તરફ પધારી રહ્યા હતા. ગોશાલક પણ સાથે જ હતો. રસ્તામાં સાત પુષ્પવાળા એક તલના લહેરાતા છોડને જોઈને ગોશાલકે જિજ્ઞાસા કરી પૂછયું કે "ભગવન્! શું આ છોડ ફળવાળું થશે."

સમાધાન કરતાં ભગવાને કહ્યું: 'આ છોડ જરૂર ફળવાળું થશે અને સાતેય ફૂલોના જીવ એક ફળીમાં ઉત્પન્ન થશે." ભગવાનના કથનને મિથ્યા કરવાની દૃષ્ટિથી ગોશાલકે પાછળ રહીને તે છોડને ઉખેડીને એક કિનારે ફેંકી દીધો: [૨૮૧] સંયોગવશ તે જ વખતે થોડો વરસાદ આવ્યો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તલનો છોડ ફરી જડ જમાવીને સ્થિર થઈ ગયો. તે સાત ફૂલ પણ તે જ પ્રમાણે તે તલની ફળીમાં સાત તલના રૂપમાં ઉત્પન્ન થયા.

ભગવાન કૂર્મગ્રામ આવ્યા. કૂર્મ ગ્રામની બહાર વૈશ્યાયન નામનો તાપસ પ્રાણાયામ – પ્રવ્રજ્યા સ્વીકાર કરી સૂર્યમંડલની સન્મુખ દૃષ્ટિ કેન્દ્રિત કરી બન્ને હાથ ઉપર ઊંચા રાખીને આતાપના લઈ રહ્યો હતો. તડકાના તાપને લીધે જટામાંથી જૂંઓ પૃથ્વી ઉપર ટપોટપ પડી રહી હતી અને તે પાછો તેમને ઉપાડી ઉપાડીને ફરી જટામાં મૂકી રહ્યો હતો. ગોશાલકે આ દૃશ્ય જોયું તો કુતૂહલ વશ ભગવાનની પાસેથી ઊઠીને તે તપસ્વી પાસે આવીને બોલ્યો – 'તું કોઈ તપસ્વી છે કે જૂંઓનું શય્યાતર (ઘર)?' તપસ્વી શાન્ત રહ્યો. આ જ વાતને ગોશાલક વારંવાર બોલતો રહ્યો. તપસ્વી ક્રોધમાં આવી ગયો. તે પોતાની આતાપનાભૂમિથી સાત-આઠ પગ પાછળ ગયો અને જોશમાં આવીને તેણે પોતાના તપથી મળેલ તેજોલબ્ધિ ગોશાલકને ભસ્મ કરવા માટે છોડી. ગોશાલક ડરનો માર્યો ભાગ્યો અને પ્રભુના ચરણોમાં છુપાઈ ગયો. દયાળુ મહાવીરે શીતળ લેશ્યાથી તેને શાંત કરી દીધો. ગોશાલકને સુરક્ષિત ઊભેલો જોઈને તાપસ બધું રહસ્ય સમજી ગયો. તેણે પોતાની તેજોલેશ્યાનું પ્રત્યાવર્તન (પાછી ખેંચી લીધી) કર્યું અને વિનમ્ર શબ્દોમાં બોલ્યો, "ભગવાન! મેં આપને જાણ્યા. આપને ઓળખ્યા" ગોશાલકે આવી ચમત્કારી શક્તિ પ્રાપ્ત કરવાની વિધિ પૂછી. ભગવાન મહાવીરે તેને તેજોલેશ્યાની ઉપલબ્ધિની વિધિ બતાવી [૨૮૨]

ભગવાને કેટલાક વખત પછી ફરીને ત્યાંથી સિદ્ધાર્થપુર તરફ પ્રયાણ કર્યું. તલનો છોડ ઊગ્યો હતો તે જગ્યાએ આવતાં જ ગોશાલકને અતીતની ઘટનાની સ્મૃતિ આવી ગઈ. તેણે કહ્યું : 'ભગવન્! આપની તે ભવિષ્યવાણી મિથ્યા થઈ ગઇ છે." મહાવીરે કહ્યું : "નહિ તે અન્ય સ્થળે જે લાગેલો તલનો છોડ છે તે તેજ છે કે જેને તેં ઉખેડીને ફેંકી દીધો હતો." ગોશાલકને શ્રદ્ધા બેઠી નહિ. તે તલના છોડ પાસે ગયો અને તલની ફળીને તોડીને જોયું તો તેમાંથી સાત જ તલ નીકળ્યા. પ્રસ્તુત ઘટનાથી પણ ગોશાલક નિયતિવાદ તરફ આકૃષ્ટ થયો. તેનો એવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વાસ સુદૃઢ બની ગયો કે "બધા જીવો મરી મરીને ફરી પોતાની જ યોનિમાં ઉત્પન્ન થાય છે."[૨૮૩]

ત્યાંથી ગોશાલકે ભગવાનનો સાથ છોડી દીધો. તે શ્રાવસ્તી ગયો. અને 'હાલાહલા' નામની કુંભારણની ભાંડશાળામાં રોકાઈને મહાવીર દ્વારા બતાવેલ વિધિ અનુસાર તેજોલબ્ધિની સાધના કરવા લાગ્યો. યથાસમયે સિદ્ધિ પ્રાપ્ત થઈ. તેની પ્રથમ પરીક્ષા કરવા તે કૂવા ઉપર ગયો. ત્યાં પાણી ભરતી એક મહિલાના ઘડા ઉપર કાંકરો માર્યો. ઘડો કટકે કટકા થઈને નીચે પડયો. પાણી વહી ગયું. મહિલાએ ક્રોધમાં આવીને ગાળો આપી ત્યારે ગોશાલકે તેજોલેશ્યાથી તેને ત્યાં જ ભસ્મ કરી નાખીને ઢગલો બનાવી દીધી.

પછી અષ્ટાંગ નિમિત્તના જ્ઞાતા શોણ, કલિંદ, કર્ણિકાર, અચ્છિદ્ર, અગ્નિવેશાયન, અને અર્જુન વગેરે પાસે ગોશાલકે નિમિત્તિશાસ્ત્રોનું અધ્યયન કર્યું. જેનાથી તે સુખ–દુઃખ, લાભ–હાનિ, જીવન અને મરણ વગેરે બતાવવા લાગ્યા અને લોકોમાં વચનસિદ્ધ નિમિત્તિઓ બની ગયો. તે સિદ્ધિઓના ચમત્કારથી પ્રસિદ્ધિ મેળવી પોતે પોતાને આજીવક સંપ્રદાયનો તીર્થંકર ઓળખાવીને પ્રખ્યાત થયો.[૨૮૪]

ભગવાન સિદ્ધાર્થપુરથી વૈશાલી પધાર્યા. નગરની બહાર ધ્યાનસ્થ મુદ્રામાં ભગવાનને જોઈને અબોધ બાળકોએ તેમને પિશાચ માન્યા અને તેઓ તેમને અનેક યાતનાઓ આપવા લાગ્યા. અકસ્માત તે માર્ગથી રાજા સિદ્ધાર્થના સ્નેહી સખા શંખ નૃપતિ નિકળ્યા. તેમણે બાળકોને દૂર કર્યા અને પોતે ભગવાનનું અભિવાદન કરીને આગળ ચાલી નીકળ્યા.[૨૮૫]

ત્યાંથી ભગવાને વાણિજ્યગ્રામ તરફ વિહાર કર્યો. વચમાં ગંડકી નદી આવતી હતી. તેને પાર કરવા નૌકામાં બેસીને સામેના કિનારે પહોંચ્યા. નાવિકે ભાડું માગ્યું પણ ભગવાન મૌન હતા. તેણે ક્રોધિત થઈને ભગવાનને ભાડું ન આપવાના કારણે તપેલા તવા જેવી રેતી ઉપર ઊભા કરી દીધા. સંયોગવશ તે વખતે શંખરાજાની બહેનના પુત્ર 'ચિત્ર' ત્યાં આવી પહોંચ્યા અને તેમણે નાવિક પાસેથી ભગવાનને મુક્ત કરાવી દીધા.[૨૮૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી ભગવાન વાણિજ્યગ્રામ પધાર્યા. ત્યાં આનંદ નામના શ્રમણોપાસકને અવધિજ્ઞાનની ઉપલબ્ધિ થઇ હતી. તે મહાવીરના ચરણોમાં પહોંચ્યા અને નમ્ર નિવેદન કર્યું– 'પ્રભો! આપને તુરતમાંજ કેવળ જ્ઞાન ઉત્પન્ન થશે.[૨૮૭] અહીં યાદ રાખવાનું છે કે ઉપાસકદશાંગ સૂત્રમાં વર્ણવેલ ગાથાપતિ આનંદ અને આ આનંદ ભિન્ન છે.

ભગવાન વાણિજ્યગ્રામથી વિહાર કરીને શ્રાવસ્તી પધાર્યા. વિવિધ પ્રકારના તપ અને યોગક્રિયાઓની સાધના દ્વારા આત્માને ભાવિત કરતા ભગવાને દસમું વર્ષાવાસ ત્યાં જ પૂર્ણ કર્યું.[૨૮૮]

વર્ષાવાસ પૂરું થયા બાદ "સાનુલટ્ઠિયસન્નિવેશ" પધાર્યા અને ત્યાં સોળ દિવસના નિરંતર ઉપવાસ કર્યા તથા વિવિધ પ્રક્રિયા દ્વારા ધ્યાન-મગ્ન થઈને ભદ્ર, મહાભદ્ર, અને સર્વતોભદ્ર પ્રતિમાઓની આરાધના કરતા રહ્યા.[૨૮૯]

પારણા કરવા માટે ભગવાન પરિભ્રમણ કરતાં આનંદને ત્યાં પધાર્યા. તેની બહુલા ભૃત્તિકા (દાસી) વધેલું અન્ન બહાર ફેંકવા જેવી નીકળી તેવાજ ભગવાનને દ્વાર ઉપર ઊભેલા જોયા. તેણે પ્રભુ તરફ પ્રશ્નભરી દૃષ્ટિથી જોયું ત્યારે પ્રભુએ બન્ને હાથ ભિક્ષા માટે પસાર્યા, દાસીએ ભક્તિભાવથી વિભોર થઇને તે વધેલું અન્ન પ્રભુને ભિક્ષામાં આપ્યું અને ભગવાને તે વાસી અન્નથી જ પારણું કર્યું.[૨૯૦]

——* સંગમના ઉપસર્ગો

ભગવાને ત્યાંથી દૃઢભૂમિ તરફ પ્રસ્થાન કર્યું. પેઢાલગામની પાસે પેઢાલ ઉદ્યાનમાં અટ્ઠમ તપ કરીને અને એક અચિત્ત પુદ્ગળ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરીને ભગવાન ધ્યાનસ્થ હતા.[૨૯૧] ભગવાનની આવી અપૂર્વ એકાગ્રતા કષ્ટસહિષ્ણુતા, અને અચળ ધૈર્યને જોઇને દેવરાજ ઇન્દ્રે ભરસભામાં ગદ્ગદ સ્વરમાં પ્રભુને વંદન કરતાં કહ્યું : "પ્રભો! આપનું ધૈર્ય, આપનું સાહસ, આપનું ધ્યાન અનોખું છે! માનવ તો શું પણ શક્તિશાળી દેવો અને દાનવો પણ આપને આવી સાધનાથી વિચલિત કરી શકતા નથી."[૨૯૨] શક્રની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાનું આખી સભાએ બુલંદ જયઘોષની સાથે અનુમોદન કર્યું, પરંતુ સંગમ દેવના અંતરમાં તે વાત પેસી ન શકી. તેને પોતાની દિવ્ય દૈવી શક્તિ ઉપર ઘણો ગર્વ હતો. તેણે આ વાતનો તીવ્ર વિરોધ કર્યો અને ભગવાનને સાધનામાર્ગથી ચલિત કરવાની દૃષ્ટિથી દેવેન્દ્રની ઉપરવટ થઈને ત્યાં પહોંચ્યો કે જ્યાં ભગવાન ધ્યાનમગ્ન હતા. તેણે આવતાંની સાથેજ ઉપસર્ગોની જાળ બિછાવી દીધી.[૨૬૩] એક પછી એક ભયંકર વિપત્તિઓનો વાવંટોળ ઊભો કરી દીધો. જેટલું તે કષ્ટ આપી શકતો હતો તેટલું તેણે આપ્યું. શરીરના કણેકણમાં પીડા ઉત્પન્ન કરી પરંતુ ભગવાન જ્યારે પ્રતિકૂળ ઉપસર્ગોથી જરા જેટલા પણ ચલાયમાન ન થયા ત્યારે અનુકૂળ ઉપસર્ગો શરૂ કર્યા. પ્રલોભનોના અને વિષય–વાસનાનાં મોહક દૃશ્યો ઉપસ્થિત કર્યાં. ગગન મંડળમાંથી તરુણ સુંદરીઓ ઊતરી, હાવ-ભાવ અને કટાક્ષ કરતી પ્રભુ પાસે કામ-યાચના કરવા લાગી પરંતુ મહાવીર તો નિષ્કંપ હતા, પ્રસ્તરમૂર્તિની જેમ, તેમના ઉપર કોઈ અસર ન થઈ. તેઓ સુમેરુની માફક ધ્યાનમાં અડગ રહ્યા. એક રાતમાં વીસ ભયંકર ઉપસર્ગો આપવા છતાં પણ પ્રભુનું મુખ કુંદન જેવું ચમકતું જ હતું, જાણે મધ્યાહ્નનો સૂર્ય હોય નહિ!

પ્હો ફાટયો, અંધારું દૂર થઈ ગયું. ધીમે ધીમે ઉષાની લાલી ચમકી ઊઠી અને સૂર્યનાં તેજસ્વી કિરણો ધરતી ઉપર ઊતર્યાં. મહાવીરે ધ્યાનથી નિવૃત્ત થઈ આગળ પ્રયાણ કર્યું. જો કે મહાવીરની અદમ્ય શક્તિથી એક રાતમાં જ સંગમની સમસ્ત આશાઓ ઉપર પાણી ફરી વળ્યું હતું તો પણ તે ધૃષ્ટે પ્રભુનો પીછો નહિ છોડતાં સાથે રહ્યો અને 'વાલુકા' 'સુભોગ' 'સુચ્છેતા' 'મલય' અને 'હસ્તિશીર્ષ' વિગેરે નગરોમાં જે જે સ્થળે પ્રભુ પધાર્યા ત્યાં પોતાનાં કાળાં કામોનો પરિચય આપતો રહ્યો.[૨૬૫]

જ્યારે ભગવાન તોસલિ ગામના ઉદ્યાનમાં ધ્યાનસ્થ હતા ત્યારે તે સંગમ શ્રમણની વેષભૂષા પહેરી ગામમાં ગયો અને ઘરોમાં ખાતર પાડવા લાગ્યો. જ્યારે તે પકડાઈ ગયો ત્યારે બોલ્યો કે 'મને શા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પકડો છો? મેં ગુરુ આજ્ઞાનું પાલન કરેલ છે. જો તમારે પકડવા હોય તો ઉદ્યાનમાં જે ધ્યાન કરી રહેલા મારા ગુરુ ઊભા છે તેમને પકડો," તે જ ક્ષણે લોકો ત્યાં આવ્યા અને મહાવીરને પકડવા લાગ્યા. દોરડાંથી જકડીને ગામમાં લઈ જવા લાગ્યા. તે વખતે મહાભૂતિલ ઐન્દ્રજાલિકે ભગવાનને ઓળખી લીધા અને લોકોને ધમકાવતાં સત્ય હકીકત સમજાવી. લોકો સંગમની પાછળ દોડયા પણ તેનો કયાંય પત્તો ન લાગ્યો.[૨૬૬]

જ્યારે ભગવાન મોસલિગ્રામ પધાર્યા ત્યારે સંગમે ત્યાં પણ ભગવાન ઉપર તસ્કર કૃત્યનો આરોપ ચડાવ્યો. ભગવાનને પકડીને રાજ્ય પરિષદમાં લઈ જવામાં આવ્યા ત્યારે ત્યાં સમ્રાટ સિદ્ધાર્થના સ્નેહી-સાથી સુમાગધ રાષ્ટ્રીય (પ્રાન્તનો અધિપતિ–વર્તમાન કમિશનર જેવો) બેઠા હતા. તેમણે ભગવાનનું અભિવાદન કર્યું અને બંધનમુકત કરાવ્યા.

ત્યાંથી તોસલિના ઉદ્યાનમાં પધારીને ફરી ધ્યાન કર્યું. સંગમે ચોરી કરીને ભયંકર શસ્ત્રાસ્ત્રો મહાવીરની પાસે લાવીને રાખ્યા. લોકોએ ચોર સમજીને મહાવીરને પકડયા. પરિચય પૂછવામાં આવ્યો પરંતુ પ્રશ્નનો ઉત્તર ન મળવાથી તોસલિ ક્ષત્રિયે છદ્મ વેષી શ્રમણ સમજીને ફાંસીની સજા આપી. ફાંસીના માંચડા ઉપર ચડાવી ગળામાં ફાંસીનો ગાળિયો પણ નાખી દીધો અને નીચેથી માંચડાને હઠાવ્યો પરંતુ જેવો માંચડો ખસ્યો કે ગાળિયો તૂટી ગયો. આ પ્રમાણે સાત વખત ગાળિયો તૂટી જવાથી બધા ચકિત થઈ ગયા. ક્ષત્રિયને આદેશ આપ્યો, તેણે પ્રભુને કોઈ મહાપુરુષ સમજીને મુકત કરી દીધા.

ભગવાન ત્યાંથી સિદ્ધપુર આવ્યા. સંગમ કે જે શિકારી કૂતરાની માફક મહાવીરની પાછળ લાગી રહેલ હતો ત્યાં પણ તેણે મહાવીર ઉપર ચોરીનો આરોપ ચઢાવીને પકડાવ્યા પરંતુ કૌશિક નામના ઘોડાના વેપારીએ ભગવાનનો પરિચય આપી મુક્ત કરાવ્યા.[૨૬૭]

ભગવાન ત્યાંથી વ્રજગામ પધાર્યા. તે દિવસે પર્વનો પુનીત દિવસ હોવાથી બધા ઘરોમાં ખીર બનાવેલ હતી. ભગવાન ભિક્ષાને માટે પધાર્યા પરંતુ સંગમે સર્વત્ર અનેષણીય–નહિ લેવા યોગ્ય બનાવી દીધી. ભગવાન ભિક્ષા લીધા વિના જ પાછા ફરી આવ્યા.[૨૬૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ માસ સુધી અગણિત કષ્ટ આપ્યા પછી પણ મહાવીર સાધના પથથી વિચલિત ન થયા ત્યારે સંગમનું ધૈર્ય ખૂટી ગયું. તે હતાશ અને નિરાશ થઈ ગયો. તેનું મુખ મલિન થઈ ગયું. તે હારીને ભગવાન પાસે આવીને બોલ્યો–'ભગવાન, દેવરાજ ઇન્દ્રે જે આપના સંબંધમાં કહેલ તે પૂર્ણ સત્ય છે, હું ભગ્નપ્રતિજ્ઞ છું. આપ સત્યપ્રતિજ્ઞ છો.[૨૯૯] હવે આપ પ્રસન્નતાથી ભિક્ષાને માટે પધારો. હું કોઈ જાતની વિઘ્નબાધાઓ ઉપસ્થિત નહિ કરું.[૩૦૦] છ મહિના સુધી મેં અનેક કષ્ટો આપ્યાં છે, જેથી આપ સુખપૂર્વક સંયમ સાધના કરી શકયા નથી. હવે આનંદની સાથે સાધના કરો. હું હવે જાઉં છું. બીજા દેવોને પણ ઉપસર્ગ કરતાં હું રોકી દઈશ, તેઓ આપને કંઈપણ કષ્ટ આપશે નહિ.[૩૦૧]

સંગમનું કથન સાંભળી ભગવાને કહ્યું: 'સંગમ! હું કોઈની પ્રેરણાથી પ્રેરિત થઈને અથવા તો કોઇના કથનને સંકલ્પમાં રાખીને તપ કરતો નથી. મને કોઈનાં આશ્વાસન વચનની પણ અપેક્ષા નથી.'[૩૦૨]

સંગમના પ્રસ્થાન પછી, બીજે દિવસે ભગવાન છ માસની કઠિન તપસ્યા પૂર્ણ કરીને વ્રજગામમાં પારણાં માટે પધાર્યા. ત્યાં વત્સપાલિકા વૃદ્ધાએ પ્રસન્નતાથી પ્રભુને ખીરની ભિક્ષા આપી.[૩૦૩]

વ્રજગામથી આલંભિયા, શ્વેતાંબિકા, શ્રાવસ્તી, કૌશાંબી, વારાણસી, રાજગૃહ, મિથિલા વગેરેને પાવન કરતાં ભગવાન વૈશાલી પધાર્યા, અને નગરની બહાર સમરોદ્યાનમાં બલદેવના મંદિરમાં ચાતુર્માસિક તપની સાથે વર્ષાવાસ વ્યતીત કર્યું.[૩૦૪]

——★ જીર્ણની ભાવના, પૂર્ણનું દાન:

વૈશાલીમાં એક ભાવિક શ્રાવક જિનદત્ત રહેતા હતા. તેની સંપત્તિ ક્ષીણ થઇ જવાથી લોકો તેને જીર્ણશેઠ કહેવા લાગ્યા. તે સામુદ્રિક શાસ્ત્રના જાણકાર હતા.[૩૦૫] ભગવાનની પાદરેખાઓને અનુસરતા તે, તે ઉદ્યાનમાં ગયા, ત્યાં પ્રભુને ધ્યાનસ્થ જોઈને અત્યંત પ્રસન્ન થયા પછી તે પ્રતિદિન ભગવાનને નમસ્કાર કરવા આવતા અને આહાર વગેરેની અભ્યર્થના કરતા. નિરંતર ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માસ સુધી ચાતકની માફક ઇચ્છવા છતાં પણ તેમની ભવ્ય ભાવના પૂર્ણ ન થઇ. ચાતુર્માસ સમાપ્તિ પછી, ભગવાન ભિક્ષાને માટે નીકળ્યા અને પોતાના સંકલ્પ અનુસાર ભિક્ષાન્વેષણ કરતાં અભિનવ શ્રેષ્ઠીના દ્વારે થોભ્યા. તે નવો ધનવાન થયો હતો. મૂળ નામ તેનું 'પૂર્ણ' હતું. શેઠે બેપરવાથી દાસીને હુકમ કર્યો અને તેણે એક ચમચો કુલત્થ (બાકળા) આપ્યા. ભગવાને તેનાથી ચાર માસની તપસ્યાનું પારણું કર્યું.[૩૦૬] દેવદુંદુભિ વાગી, પાંચ દિવ્ય વૃષ્ટિ થઇ પરંતુ આ બાજુ જીર્ણ શેઠ વાટ જોતાં ને જોતાં જ રહી ગયા. તેઓ ભાવનાના અત્યંત ઊંચા અને નિર્મળ શિખર ઉપર પહોંચી રહેલા હતા. કહેવાય છે કે જો તેમણે બે ઘડી દેવદુંદુભિ સાંભળી ન હોત તો તેમને કેવળજ્ઞાન થઇ જાત.

વર્ષાવાસ પૂર્ણ કરીને ભગવાન ત્યાંથી સુંસુમારપુર પધાર્યા.[૩૦૭] શક્રેન્દ્રના વજ્રથી ભયભીત થયેલા ચમરેન્દ્ર ભગવાનના ચરણારવિન્દોમાં આવ્યા અને શરણ ગ્રહણ કરી મુક્ત થયા. તેનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્રમાં ભગવાને પોતે શ્રીમુખથી કરેલ છે.[૩૦૮] તેનું વર્ણન આગળના દશ આશ્ચર્ય પ્રકરણમાં કરી ચૂકયા છીએ.

ભગવાન ત્યાંથી ભોગપુર, નંદીગ્રામ અને મેઢિયગ્રામ પધાર્યા. ત્યાં ગોવાળોએ ઉપસર્ગ કર્યો.[૩૦૯]

* ઘોર અભિગ્રહ

મેઢિયગ્રામથી ભગવાન કૌશાંબી પધાર્યા અને પોષ વદ ૧ ના દિવસે એક ઘોર અભિગ્રહ ગ્રહણ કર્યો.

"અવિવાહિત કુલીન રાજકન્યા હોય, દાસી બનીને પીડાઇ રહેલ હોય, તેના હાથોમાં હાથકડીઓ અને પગોમાં બેડીઓ હોય, શિર મુંડાવેલ હોય, ત્રણ દિવસના ઉપવાસ હોય, બાફેલા અડદના બાકળાં સુપડાના એક ખૂણામાં લઇને ભિક્ષાનો સમય વ્યતીત થયા પછી જે પલક માર્યા વગર એકીટશે રાહ જોઇ રહેલ હોય, ઘરના ઉંબરામાં બેઠેલ હોય, એક પગ બહાર અને એક પગ અંદર હોય, આંખોમાં આંસુ હોય, એવી રાજકન્યા જો મને ભિક્ષા આપશે તો લઇશ, અન્યથા લઇશ નહિ." [૩૧૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પ્રકારની કઠોરતમ પ્રતિજ્ઞાનો સ્વીકાર કરીને મહાવીર પ્રતિદિન ભિક્ષા માટે કૌશાંબીમાં પર્યટન કરતા. ઊંચી અટ્ટાલિકાઓથી માંડીને ગરીબોની ઝુંપડીઓ સુધી પધારતા. ભાવિક ભક્તો ભિક્ષા આપવા ઉત્સુક હતા પરંતુ ભગવાન કાંઈ પણ લીધા વિના પાછા ફરી જતા. લોકોના માનસમાં એક પ્રશ્ન ઘોળાઈ રહ્યો હતો કે તેમને શું જોઈએ છે! અમાત્યા નંદાને ત્યાંથી જ્યારે કાંઈ પણ લીધા વિના તેઓ પાછા ફર્યા ત્યારે તેનું મન ખિન્ન-ઉદાસ થઈ ગયું. પાણી વિના માછલીની જેમ તે તરફડવા લાગી. પોતાના ભાગ્યની નિંદા કરવા લાગી. પરિચારિકાઓએ કહ્યું આપ આટલા બધા કેમ ગભરાઓ છો! દેવાર્ય તો આજે જ નહિ, ચાર-ચાર માસથી કાંઈ પણ લીધા વિના આજ પ્રમાણે પાછા ફરી જાય છે. જ્યારે તેણે આ વાત સાંભળી ત્યારે તો તે વધારે ચિંતિત બની ગઈ. તેણે અમાત્ય સુગુપ્ત સમક્ષ નમ્ર નિવેદન કર્યું કે "આપ કેવા પ્રધાન મંત્રી છો કે ચાર માસ પૂરા થઈ ગયા છતાં પણ ભગવાન શ્રી મહાવીરને ભિક્ષા ઉપલબ્ધ થતી નથી. તેમનો શું અભિગ્રહ છે તેનો ય પત્તો મેળવી શકતા નથી. તમારી બુદ્ધિમત્તા અહીં કામ નહિ આવે તો પછી કયારે કામ આવશે?"

અમાત્યને પોતાની ત્રુટિનો અનુભવ થયો. તરતમાં જ આ વાતની તપાસ કરવાનું આશ્વાસન આપ્યું. પ્રસ્તુત સંવાદ વિજયા પ્રતિહારીએ સાંભળી લીધો. તેણે મહારાણી મૃગાવતીને નિવેદન કર્યું અને મૃગાવતીએ સમ્રાટ શતાનીકને. [૩૧૧] સમ્રાટ અને સુગુપ્ત નામના અમાત્યે અપરંપાર પ્રયાસો કર્યા ત્યારે રાજાએ પ્રજાને પણ નિયમ ઉપનિયમનો પરિચય કરાવીને પ્રભુનો અભિગ્રહ પરિપૂર્ણ કરવાની સૂચના આપી, પરંતુ ભગવાનનો અભિગ્રહ પૂર્ણ ન થયો. પાંચ માસ અને પચ્ચીસ દિવસ વીતી ગયા છતાં પણ તેમની મુખમુદ્રા હતી તેવી ને તેવી તેજોદીપ્ત હતી.

એક દિવસ પોતાના નિયમ અનુસાર કૌશાંબીમાં પરિભ્રમણ કરતાં, ભગવાન ધન્ના શ્રેષ્ઠીના દ્વારે પહોંચ્યા. રાજકુમારી ચંદના સૂપડામાં અડદના બાકળા લઈને ત્રણ દિવસની ભૂખી-તરસી ઘરના દરવાજાની વચ્ચે ત્યાં પિતાના આગમનની રાહ જોઈ રહી હતી. દૂરથી જ ભગવાન મહાવીરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા જોઇને તેના મનનો મોરલો નાચી ઊઠયો, હૃદય-કમળ ખીલી ઊઠયું. હાથકડીઓ અને બેડીઓ ઝણુ-ઝણી ઊઠી, તે અનિમેષ– એકીટશે પ્રભુને નિહાળી રહી હતી કે ભગવાન આવ્યા અને જાણે કંઈક જોયું ને તરત જ કાંઈ પણ લીધા વિના પાછા ફર્યા. તે જોઇને તેની આંખો આંસુથી છલકાઇ ગઇ, ગળું રુંધાઇ ગયું, હૃદય ભરાઈ ગયું અને રુંધાયેલા કંઠથી જ તેણે પોકાર કર્યો–'પ્રભો! આ અભાગણીથી શું એવો અપરાધ થઇ ગયો છે કે કાંઇ પણ લીધા વિનાજ એમને એમ પાછા ફરી ગયા? આંખોમાંથી આંસુ ઊભરાતા જોઇને ભગવાન ફરી પાછા ફર્યા અને ચંદનાની આગળ કરપાત્ર ફેલાવી દીધું. ચંદનાએ ભક્તિભાવથી ગદ્‌ગદ થઇને અડદના બાકળા વ્હોરાવ્યા. ભીષ્મ પ્રતિજ્ઞા પૂર્ણ થઇ.[૩૧૨] આકાશમાં દેવદુંદુભિ વાગી. પાંચ દિવ્યો પ્રગટ થયાં. ચંદનાનું રૂપ સૌન્દર્ય પહેલાંથી સો ગણું ચમકી ઊઠયું.

ભગવાન શ્રી મહાવીર ત્યાંથી પ્રસ્થાન કરી સુમંગળ, સુચ્છેતા, પાલક, પ્રભુતિ ક્ષેત્રોને પાવન કરતાં ચંપાનગરી પધાર્યા અને ચાતુર્માસિક તપથી આત્માને ભાવિત કરતાં સ્વાતિદત્ત બ્રાહ્મણની યજ્ઞશાળામાં બારમુ વર્ષાવાસ વ્યતીત કર્યું.[૩૧૩]

ભગવાનના તપઃપૂર્ણ જીવનથી પ્રભાવિત થઇને પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના બે યક્ષો સેવા કરવા માટે આવતા. તેને જોઇને સ્વાતિ-દત્તને પણ એવો દઢ વિશ્વાસ થઇ ગયો કે આ દેવાર્ય અવશ્યમેવ કોઇ વિશિષ્ટ જ્ઞાની છે. તેણે ભગવાન શ્રી મહાવીર સમક્ષ જિજ્ઞાસા કરી કે "આત્મા શું છે?"

પ્રભુએ સમાધાન કર્યું–"(જે 'હું' શબ્દનો વાચ્યાર્થ છે તે જ આત્મા છે)"

સ્વાતિદત્તે ફરીને જિજ્ઞાસા રજૂ કરી કે–"આત્માનું સ્વરૂપ અને લક્ષણ શું છે?"

પ્રભુએ સમાધાન કર્યું– "તે અત્યન્ત સૂક્ષ્મ અને રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરેથી રહિત છે તથા ચેતના ગુણથી યુક્ત છે."

ફરી પ્રશ્ન થયો કે 'સૂક્ષ્મ શું છે?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર મળ્યો કે "જે ઈન્દ્રિયોથી જાણ્યો–પિછાણ્યો ન જાય."

ફરી જિજ્ઞાસા પ્રસ્તુત થઈ કે "શું આત્માને શબ્દ, રૂપ, ગંધ અને પવનની માફક સૂક્ષ્મ સમજવો?"

પ્રભુએ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું : "નહિ, તે ઈન્દ્રિયગ્રાહ્ય છે. કાન વડે શબ્દ, નેત્ર વડે રૂપ, નાક વડે ગંધ અને સ્પર્શ વડે પવન ગ્રાહ્ય છે. પરંતુ જે ઈન્દ્રિયગ્રાહ્ય ન હોય તે સૂક્ષ્મ છે."

પ્રશ્ન–"શું જ્ઞાનનું નામ જ આત્મા છે?"

ઉત્તર–જ્ઞાન એ આત્માનો અસાધારણ ગુણ છે, જ્ઞાનનો આધાર આત્મા છે."

આવા પ્રકારના પ્રશ્નોના સમાધાનથી સ્વાતિદત્તનું મન અત્યન્ત પ્રસન્ન થયું.

——* કાનમાં ખીલા :

વર્ષાવાસ પૂર્ણ થયા બાદ ભગવાન જંભિયગ્રામ, મિંઢિયગ્રામ થઈને 'છમ્માણિ' પધાર્યા અને ગામની બહાર 'ધ્યાનમુદ્રા'માં અવસ્થિત થયા. સાંજના વખતે એક ગોવાળ બળદોને લઈને ત્યાં આવ્યો, બળદોને મહાવીરની પાસે રાખીને તે ગામમાં કામસર ગયો. બળદો ચરતાં ચરતાં આસપાસની ઝાડીમાં છુપાઈ ગયા. ગોવાળ ફરીને પાછો આવ્યો. બળદો જોવામાં આવ્યા નહિ એટલે મહાવીરને પૂછ્યું પરંતુ ભગવાન તો મૌન હતા. આથી ક્રોધિત થઈને ભગવાન મહાવીરના કાનોમાં કાંસે (વાંસ)ની તીક્ષ્ણ શલાકાઓ (સળી) નાખી દીધી અને તે શલાકાઓને કોઈ જોઈ ન જાય માટે તેનો બહારનો ભાગ કાપી નાખ્યો. ભગવાનને અત્યન્ત વેદના થઈ રહી હતી તથાપિ તેઓ શાંત અને પ્રસન્ન દેખાતા હતા. તેમના અન્તર્માનસમાં જરા જેટલો પણ ખેદ જણાતો ન હતો. તેઓ ચિંતન કરી રહેલ હતા કે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં હસતાં હસતાં મેં જે શય્યાપાલકના કાનોમાં ગરમ સીસું રેડાવ્યું હતું તેનું ફળ મને પ્રાપ્ત થયેલ છે.

ત્યાંથી વિહાર કરીને ભગવાન મધ્યમપાવા પધાર્યા. ભિક્ષા માટે પરિભ્રમણ કરતાં સિદ્ધાર્થ શ્રેષ્ઠીના ઘેર પહોંચ્યા. તે વખતે સિદ્ધાર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેષ્ઠી વૈદ્યોમાં શ્રેષ્ઠ એવા ખરકની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. પ્રતિભા-સંપન્ન વૈદ્યે સર્વ લક્ષણ સંપન્ન મહાવીરના સુંદર અને સુડોળ તનને જોઈને કહ્યું કે "આમના શરીરમાં શલ્ય છે તેને કાઢવું તે આપણું કર્તવ્ય છે." વૈદ્ય તેમજ શ્રેષ્ઠી વિચારણા કરતા હતા તે દરમ્યાન ભગવાન ત્યાંથી નીકળી ગયા હતા અને ગામની બહાર આવીને ધ્યાનમાં સ્થિર થઈ ગયા હતા.

ખરક વૈદ્ય અને શ્રેષ્ઠી ઔષધી વગેરે સામગ્રી લઈને ભગવાનને શોધતા શોધતા ઉદ્યાનમાં ગયા. ત્યાં ભગવાન ધ્યાનસ્થ હતા. તેમના કાન-માંથી ખીલા જેવી તીક્ષ્ણ શલાકા (કાંટા) ને કાઢતાં પહેલાં ભગવાનના શરીરનું તેલથી મર્દન કર્યું અને સાણસીથી પકડીને તે શલાકાઓ બહાર કાઢી. કાનોમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી. એમ કહેવાય છે કે તે અતિ ભયંકર વેદનાથી ભગવાનના મુખમાંથી એક જોરથી ચીસ નીકળી ગઈ કે જેથી આખું ઉદ્યાન અને દેવકુળ શબ્દમય બની ગયું. વૈદ્યે તરત જ સંરોહણ ઔષધિથી રક્ત બંધ કરી દીધું અને તે દવા જખ્મ ઉપર લગાડી દીધી. પ્રભુને નમન કરી, તેમની ક્ષમાયાચના કરી વૈદ્ય અને શ્રેષ્ઠી તેમના સ્થાને ચાલ્યા ગયા.[૩૧૫]

આ પ્રમાણે ભગવાનને સાધના કાળમાં અનેક રોમાંચક કષ્ટોનો સામનો કરવો પડયો, માર પડયો, તિરસ્કાર થયો, અપમાન અને પીડાઓ મોટે ભાગે પગલે પગલે પ્રભુની કઠોર પરીક્ષા કરી. તે બધા ઉપસર્ગોને ત્રણ ભાગોમાં વિભક્ત કરીએ તો જઘન્ય ઉપસર્ગોમાં કટપૂતનાનો ઉપસર્ગ મહાન હતો. મધ્યમ ઉપસર્ગોમાં સંગમનો કાળચક્ર ઉપસર્ગ વિશિષ્ટ હતો અને ઉત્કૃષ્ટ ઉપસર્ગોમાં કાનોમાંથી શલાકાઓ બહાર કાઢવી તે અત્યંત ઉત્કૃષ્ટ હતો.[૩૧૬] આશ્ચર્યની વાત એ છે કે ભગવાનનો પહેલો ઉપસર્ગ પણ કર્માર ગામમાંથી એક ગોવાળથી શરૂ થયો હતો અને અંતિમ ઉપસર્ગ પણ એક ગોવાળ દ્વારા જ કરવામાં આવ્યો હતો.

मूलः—

समणे भगवं महावीरे साइरेगाइं दुवालस वासाइं निच्चं वोसट्ठकाए चियत्तदेहे जे केइ उवसग्गा उप्पज्जंति, तं जहा-दिव्वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा, माणुस्सा वा, तिरिक्खजोणिया वा अणुलोमा वा पडिलोमा वा ते उप्पन्ने सम्मं सहइ खमइ तितिक्खइ अहियासेइ ॥११६॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર દીક્ષાનો સ્વીકાર કર્યા પછી બાર વર્ષથી કંઈક વધારે સમય સુધી સાધના કાળમાં શરીર તરફ બીલકુલ ઉદાસીન રહ્યા. તેટલા સમય સુધી તેમણે શરીર તરફ જરા જેટલું પણ ધ્યાન ન આપ્યું. શરીરને ત્યાગી દીધું હોય તે જ રીતે રહ્યા. સાધનાકાળમાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી જે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો આવ્યા તેને નિર્ભય થઈને સમ્યક્ પ્રકારે સહન કર્યા, ક્રોધરહિત બની, કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના મનને સ્થિર રાખીને સહન કર્યા.

मूलः--

तए णं समणे भगवं महावीरे अणगारे जाए इरियासमिए भासासमिए, एसणासमिए आयाणभंडमत्तनिक्खेवणासमिए उच्चारपासवणखेलसिंघाणजल्लपारिट्ठावणियासमिए मणसमिए, वइसमिए कायसमिए मणगुत्ते वयगुत्ते कायगुत्ते गुत्ते गुत्तिंदिए गुत्तबंभयारी अकोहे अमाणे अमाए अलोभे संते पसंते उवसंते परिनिव्वुडे अणासवे अममे अकिंचणे छिन्नगंथे निरुवलेवे, कंसपाई इव मुक्कतोये, संखो इव निरंजणे जीवो इव अप्पडिहयगई, गगणं पिव निरावलंबणे, वायुरिव अप्पडिबद्धे, सारयसलिलं व सुद्धहियए, पुक्खरपत्तं व निरुवलेवे, कुम्मो इव गुत्तिंदिए खग्गिविसाणं व एगजाए विहग इव विप्पमुक्के, भारुंडपक्खी इव अप्पमत्ते, कुंजरो इव सोंडीरे, वसभो इव जायथामे, सीहो इव दुद्धरिसे मंदरो इव अप्पकंपे,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सागरो इव गंभीरे, चंदो इव सोमलेसे, सूरो इव दित्ततेए जच्चकणगं व जायरूवे, वसुंधरा इव सव्वफासविसहे, सुहुय-हुयासणो इव तेयसा जलंते ॥ ११७ ॥

અર્થ : તે પછી શ્રમણ ભગવાન અણગાર થયા. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમાત્રનિક્ષેપણાસમિતિ, ઉચ્ચારપાસવણખેલસિંઘાણજલ્લપારિસ્થાપનિકા સમિતિથી સમિતિવાળા હતા. મનસમિતિ, વચનસમિતિ, કાયસમિતિ, મનગુપ્તિ વચનગુપ્તિ, કાયગુપ્તિથી ગુપ્ત હતા, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ક્રોધ, માન, માયા અને લોભથી રહિત હતા. શાંત, પ્રશાંત અને ઉપશાંત અને બધી જાતના સંતાપથી મુકત હતા. તેઓ આશ્રવરહિત, મમતારહિત, પરિગ્રહરહિત, અકિંચન નિર્ગ્રંથ હતા. કાંસાના વાસણની જેમ નિર્લેપ હતા. જેવી રીતે શંખ ઉપર કોઈ પણ જાતના રંગની અસર થતી નથી. તેવી જ રીતે ભગવાન ઉપર રાગદ્વેષના રંગની અસર થતી ન હતી. જીવની માફક અપ્રતિહત ગતિવાળા હતા. ગગનની માફક આલંબન રહિત હતા. વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી હતા. શરદઋતુનાં પાણીની માફક તેમનું હૃદય નિર્મળ હતું. કમળપત્રની માફક નિર્લેપ હતા. કાચબાની માફક ગુપ્તેન્દ્રિય હતા. ખડગી (ગેંડા)ના મસ્તક ઉપર જેમ એક જ શીંગડું હોય છે તેવી જ રીતે ભગવાન એકાકી હતા. પક્ષીની માફક અપ્રતિબદ્ધ, ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત, હાથીની માફક શૂરા, બળદની માફક પરાક્રમી, સિંહની માફક વિજેતા, સુમેરુ પર્વતની માફક અડગ, સુસ્થિર, સાગરની માફક ગંભીર, ચંદ્રની માફક સૌમ્ય, સૂર્યની માફક તેજસ્વી, સોનાની માફક કાંતિમાન, પૃથ્વીની માફક ક્ષમાશીલ અને અગ્નિની માફક જાજ્વલ્યમાન તેજસ્વી હતા.

मूल :-

एतेसिं पदाणं इमातो दुन्नि संघयणगाहाओः-
कंसे संखे जीवे, गगणे वायू य सरयसलिले य ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुक्खरपत्ते कुम्मे, विहगे खग्गे य भारंडे ॥ १ ॥
कुंजर वसभे सीहे, णगराया चेव सागरमखोभे ।
चंदे सूरे कणगे, वसुंधरा चेव हूयवहे ॥ २ ॥

नत्थि णं तस्स भगवंतस्स कत्थइ पडिबंधो भवति । से य पडिबंधे चउव्विहे पण्णत्ते, तं जहा-दव्वओ खेत्तओ कालओ भावओ । दव्वओ णं सच्चित्ताचित्तमीसिएसु दव्वेसु । खेत्तओ णं गामे वा नगरे वा अरण्णे वा खित्ते वा खले वा घरे वा अंगणे वा णहे वा। कालओ णं समए वा आवलियाए वा आणापाणुए वा थोवे वा खणे वा लवे वा मुहुत्ते वा अहोरत्ते वा पक्खे वा मासे वा उऊ वा अयणे वा संवच्छरे वा अन्नयरे वा दीहकालसंजोगे वा । भावओ णं कोहे वा माणे वा मायाए वा लोभे वा भये वा हासे वा पेज्जे वा दोसे वा कलहे वा अब्भक्खाणे वा पेसुन्ने वा परपरिवाए वा अरतिरती वा मायामोसे वा मिच्छादंसणसल्ले वा । (ग्रं० ६००) तस्स णं भगवंतस्स नो एवं भवइ ॥ ११८ ॥

અર્થ : આ પદ્યોની બે સંગ્રહ ગાથાઓ છે : કાંસાનું વાસણ, શંખ, જીવ, આકાશ, વાયુ, શરદઋતુનું પાણી, કમળપત્ર, કાચબો, પક્ષી, મહાવરાહ (ખડ્ગી), ભારંડપક્ષી, હસ્તી, વૃષભ, સિંહ, ગિરિરાજ સુમેરુ પર્વત, સાગર, ચંદ્ર, સૂર્ય, સુવર્ણ, પૃથ્વી અને અગ્નિ.

તે ભગવાનને ક્યાંય પણ પ્રતિબંધ ન હતો. તેઓ અપ્રતિબદ્ધ વિહારી હતા. પ્રતિબંધ ચાર પ્રકારનો હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી, દ્રવ્યથી, સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યનો, ક્ષેત્રથી–ગામ, નગર અરણ્ય, ખેતર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખળાવાડ, ઘર, આંગણું અને આકાશનો, કાળથી સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક, ક્ષણ, લવ, મુહૂર્ત્ત અહોરાત્ર, પક્ષ, મહિના, ઋતુ, અયન, વર્ષ અથવા બીજો કોઇ પણ દીર્ઘકાળનો સંયોગ, એવા કોઇ પણ જાતના સૂક્ષ્મ કે સ્થૂલ, લઘુ અથવા દીર્ઘકાળનું બંધન ભગવાનને ન હતું. ભાવથી – ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્ય, રાગદ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પર-પરિવાદ, અરતિરતિ, માયા, મૃષાવાદ, મિથ્યા દર્શન શલ્ય એવાં બધી જાતનાં પ્રતિબંધોથી ભગવાન મુક્ત હતા.

मूल :–

से णं भगवं वासावासवज्जं अट्ठ गिम्ह हेमंतिए मासे गामे एगराईए नगरे पंचराईए वासीचंदणसमाणकप्पे समतिण-मणिलेट्ठुकंचणे समदुक्खसुहे इहलोगपरलोगअपडिबद्धे जीविय-मरणे निरवकंखे संसारपारगामी कम्मसंगनिग्घायणट्ठाए अब्भुट्ठिए एवं च णं विहरइ ॥ ११९ ॥

અર્થ : ભગવાન વર્ષાવાસના સમય સિવાય ગ્રીષ્મ અને હેમન્ત ઋતુમાં આઠ માસ સુધી વિચરણ કરતા હતા. ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાતથી વધારે રોકાતા ન હતા. વાંસલાથી છોલાવામાં અને ચંદનથી વિલિપ્ત થવામાં સમાન સંકલ્પવાળા, તૃણ અને મણિમાં, માટીના ઢેફાં અને સોનામાં આ બધા પ્રત્યે સમાન વૃત્તિવાળા, દુઃખ અને સુખને એકભાવથી સહન કરવાવાળા, ઇહલોક અને પરલોકના પ્રતિબંધથી રહિત, જીવન અને મરણની આકાંક્ષાથી મુક્ત થઈને સંસારને પાર કરવાવાળા, કર્મના સંગનો નાશ કરવા માટે, સમ્યક્ પ્રકારે ઉદ્યમવંત બનેલા - તત્પર થયેલા – આ રીતે વિહાર કરે છે.

વિવેચન : ઉપર જણાવેલ ચાર સૂત્રોમાં ભગવાન મહાવીરના સાધક જીવનના આંતરિક મનની સ્થિતિનું સુંદર ચિત્ર ઉપસ્થિત કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલ છે. દીક્ષાગ્રહણ કરતાંની સાથેજ તેમણે વજ્રસંકલ્પ કર્યો કે ભવિષ્યમાં મને જે કાંઈ ઘોરાતિઘોર ઉપસર્ગ ઉપસ્થિત થશે, તેનો અવિચળ ધૈર્ય અને મનોબળની સાથે વિજય કરીશ. વજ્રસંકલ્પ તે જ સાધક જીવનનો વિજય સંકલ્પ છે.

હાથી, સિંહ, વૃષભ, સુમેરુ અને પૃથ્વીની ઉપમા દ્વારા તેમના અનંત પરાક્રમ અને મનોબળનો પરિચય કરાવવામાં આવ્યો છે તથા શંખ, શરદ્, સલિલ, કમળપત્ર, મહાવરાહ, વાયુ વગેરેની ઉપમાથી ભગવાનની આંતરિક પવિત્રતા, નિઃસંગતા તથા અપ્રતિબદ્ધતાનું દિગ્દર્શન થાય છે. વસ્તુતઃ તેમનું મનોબળ અને જીવનની ઊર્જ્વળતા તો અનુપમેય હતી.

શ્રમણ ભગવાન મહાવીર નિરંતર પરિભ્રમણ કરનારા હતા. એક સ્થાન પર દીર્ઘકાળ સુધી સ્થિર થઈને તેઓ કદી રહેતા નહિ. વર્ષાવાસમાં જીવોની રક્ષા માટે ચાર માસ સુધી એક સ્થાન પર રહેતા અને આઠ માસ સુધી વિહાર કરતા-આ રીતે આત્મસાધના કરતા હતા. ભગવાનને સાધના-કાળમાં અનેક ઉપસર્ગો આવ્યા.

પરંતુ ભગવાન ઉપસર્ગોમાં સર્વદા શાંત રહ્યા. કદી પણ તેમણે રોષ કે દ્વેષ કર્યો નહિ, વિરોધીઓ પ્રત્યે પણ તેમનાં હૃદયમાં સ્નેહનો સાગર ઉભરાતો જ રહ્યો. વર્ષામાં, ઠંડીમાં, ગરમીમાં, છાયામાં, આંધી અને તોફા-નોમાં પણ તેમનો સાધનાદીપ ઝળહળતોજ રહ્યો. દેવ, દાનવ, માનવ અને પશુઓ દ્વારા ભીષણ સંકટો આવવા છતાં પણ અદીનભાવથી અવ્યથિત મનથી અમ્લાન ચિત્તથી, મન, વચન અને કાયાને વશમાં રાખીને બધુંએ તેમણે સહન કર્યું. તે વીર સૈનાની માફક નિરંતર આગળ વધતા રહ્યા, તેમણે કદી પણ પાછા પગલાં ન કર્યા.[૩૧૭]

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ સ્વામીનું મંતવ્ય છે કે બીજા તીર્થંકરોની અપેક્ષાએ ભગવાન મહાવીરનું તપકર્મ અધિક ઉગ્ર હતું. જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ શ્રેષ્ઠ છે, રસોમાં ઈક્ષુરસ શ્રેષ્ઠ છે તે જ પ્રમાણે તપ ઉપધાનમાં મુનિ વર્ધમાન જયવંત શ્રેષ્ઠ છે.[૩૧૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને બાર વરસ અને તેર પખવાડીઆની લાંબી સમય મર્યાદામાં કેવળ ત્રણસો ઓગણપચાસ દિવસ જ આહાર ગ્રહણ કર્યો, બાકીના દિવસો નિર્જળ અને નિરાહાર રહ્યા.[૩૧૯]

સંક્ષેપમાં ભગવાનના છદ્મસ્થકાળનું તપ આ પ્રમાણે છે.[૩૨૦]

એક છમાસી તપ
એક પાંચ દિન ઓછા, છ-માસી તપ
નવ ચાતુર્માસિક
બે ત્રિમાસિક
બે સાર્ધ દ્વિમાસિક
છ દ્વિમાસિક
બે સાર્ધ માસિક
બાર માસિક
બાંતેર પાક્ષિક
એક ભદ્ર પ્રતિમા (બે દિવસ)
એક મહાભદ્ર પ્રતિમા (ચાર દિવસ)
બસો ઓગણત્રીસ છઠ
બાર અટ્ઠમ
ત્રણસો ઓગણપચાસ દિવસ પારણાંના
એક દિવસ દીક્ષાનો

આચારાંગ અનુસાર દશમ ભક્ત વગેરે તપસ્યાઓ પણ ભગવાને કરી હતી.[૩૨૧]

मूलः-

तस्स णं भगवंतस्स अणुत्तरेणं नाणेणं अणुत्तरेणं दंसणेणं अणुत्तरेणं चरित्तेणं अणुत्तरेणं आलएणं अणुत्तरेणं विहारेणं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणुत्तरेणं वीरिएणं अणुत्तरेणं अज्जवेणं अणुत्तरेणं मद्दवेणं अणुत्तरेणं लाघवेणं अणुत्तराए खंतीए अणुत्तराए मुत्तीए अणुत्तराए गुत्तीए अणुत्तराए तुट्ठीए अणुत्तरेणं सच्चसंजमतवसुचरियसोवचइयफलपरिनिव्वाणमग्गेणं अप्पाणं भावेमाणस्स दुवालस संवच्छराइं विइक्कंताइं। तेरसमस्स संवच्छरस्स अंतरा वट्टमाणस्स जे से गिम्हाणं दोच्चे मासे चउत्थे पक्खे वइसाहसुद्धे तस्स णं वइसाहसुद्धस्स दसमीएपक्खेणं पाईणगामिणीए छायाए पोरिसीए अभिनिवट्टाए पमाणपत्ताए सुव्वएणं दिवसेणं विजएणं मुहुत्तेणं जंभियगामस्स नगरस्स बहिया उजुवालियाए नईए तीरे वियावत्तस्स चेईयस्स अदूरसामंते सामागस्स गाहावइस्स कट्ठकरणंसि सालपायवस्स अहे गोदोहियाए उक्कुडुयनिसिज्जाए आयावणाए आयावेमाणस्स छट्ठेणं भत्तेणं अपाणएणं हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागएणं झाणंतरियाए वट्टमाणस्स अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुन्ने केवलवरनाणदंसणे समुप्पन्ने॥१२०॥

અર્થ : આ પ્રમાણે વિચરણ કરતાં કરતાં અનુપમ (ઉત્તમ) જ્ઞાન, અનુપમ દર્શન, અનુપમ સંયમ, અનુપમ નિર્દોષ વસતિ, અનુપમ વિહાર, અનુપમ વીર્ય, અનુપમ સરળતા, અનુપમ કોમળતા (નમ્રતા) અનુપમ અપરિગ્રહભાવ, અનુપમ ક્ષમા, અનુપમ અલોભ, અનુપમ ગુપ્તિ, અનુપમ પ્રસન્નતા, અનુપમ સત્ય, સંયમ, તપ વગેરે સદ્‌ગુણોનું 'સમ્યક્' આચરણ કરવાથી કે જેથી નિર્વાણનો માર્ગ અર્થાત્ સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર પુષ્ટ બને છે, તથા જે સદ્‌ગુણોથી મુક્તિનો લાભ અત્યન્ત પાસે આવે છે, તે બધા સદ્‌ગુણોથી આત્માને ભાવિત કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનને બાર વરસ વ્યતીત થઈ ગયા. તેરમા વરસના મધ્યભાગ અર્થાત ગ્રીષ્મઋતુનો બીજો માસ અને ચોથો પક્ષ ચાલતો હતો, તે ચોથો પક્ષ અથવા વૈશાખ માસનો શુકલ પક્ષ તે વૈશાખ માસના શુકલ પક્ષના દસમના દિવસે જ્યારે છાયા પૂર્વ તરફ ઢળી રહેલ હતી, પાછલી પોરસી પૂરી થઈ, ત્યારે સુવ્રત નામનો દિવસ હતો, વિજય નામનું મુહૂર્ત હતું ત્યારે ભગવાન જૃંભિકા ગ્રામની બહાર ઋજુવાલિકા નદીને કિનારે એક ખંડેર જેવા જૂના પુરાણા ચૈત્યથી[૩૨૧] ન અધિક પાસે કે ન અધિક દૂર એવા શ્યામાક નામના ગૃહપતિના ખેતરમાં શાલવૃક્ષની નીચે ગોદોહિકા આસને અવસ્થિત હતાં આતાપના દ્વારા તપ કરી રહેલ હતા. છઠનું તપ હતું. જે સમયે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ આવ્યો, ભગવાન ધ્યાનમાં મગ્ન હતા તે સમયે ભગવાનને અંતરહિત, ઉત્તમોત્તમ, વ્યાઘાત રહિત, આવરણ રહિત, સમગ્ર અને પરિપૂર્ણ એવું કેવળ જ્ઞાન કેવળ દર્શન ઉત્પન્ન થયું.

मूलः—

तए णं से भगवं अरहा जाए जिणे केवली सव्वन्नू सव्वदरिसी सदेवमणुयासुरस्स लोगस्स परियायं जाणइ पासइ, सव्वलोए सव्वजीवाणं आगइं गइं ठिइं चवणं उववायं तक्कं मणो माणसियं भुत्तं कडं पडिसेवियं अविकम्मं रहोकम्मं अरहा-अरहस्सभागी तं तं कालं मणवयणकायजोगे वट्टमाणाणं सव्वलोए सव्वजीवाणं सव्वभावे जाणमाणे पासमाणे विहरइ ॥ १२१ ॥

અર્થ: તે પછી ભગવાન અર્હત્ થયા. જિન, કેવલી, સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. હવે ભગવાન દેવ, માનવ અને અસુરસહિત લોકમાં સંપૂર્ણ પર્યાયો જાણે છે, જુએ છે, સંપૂર્ણ લોકમાં બધા જીવોનું આગમન, ગમન, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તેમનો માનસિક સંકલ્પ, ભોજન વગેરે બધી શ્રેષ્ઠ અને કનિષ્ઠ પ્રવૃત્તિઓ પછી ભલે તે (આવિકમ્મ) પ્રગટ હોય કે (રહોકમ્મ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રગટ હોય તે બધાને ભગવાન જાણે છે. ભગવાન અર્હત્ થયા તેથી તેમનાથી હવે કંઈ પણ રહસ્ય છુપાયેલ રહ્યું નથી. અરહસ્યના ભાગી થયા તેમની પાસે કરોડો દેવો સેવામાં જોડાયેલ રહેવાના કારણે હવે એકાંતમાં રહેવાની સ્થિતિ ન રહી. આ પ્રમાણે અર્હત થયેલા, ભગવાન તે કાળે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિયોમાં રહેતાં સમગ્ર લોકના સમસ્ત જીવોના સંપૂર્ણ ભાવોને જાણતાં દેખતાં વિચરે છે.

વિવેચનઃ મધ્યમ પાવાથી પ્રસ્થાન કરીને ભગવાન જંભિયગ્રામની નિકટ ઋજુવાલિકા સરિતાના ઉત્તર તટ ઉપર પહોંચ્યા. સાધનામાં બાર વરસ પૂરાં થઈ ચૂકયા હતાં. તેરમુ વરસ ચાલી રહેલ હતું.[૩૨૨] વૈશાખ માસ હતો. સુદ ૧૦ ના દિવસનો અંતિમ પહોર હતો. ભગવાન સઘન શાલવૃક્ષ નીચે ગોદોહિકા આસનથી આતાપના લઈ રહ્યા હતા. આત્મમંથન ચરમ સીમા ઉપર પહોંચી રહેલ હતું. આત્મા ઉપરથી ઘનઘાતી કર્મોનું આવરણ ખસ્યું, સાધના સફળ થઈ, કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થયું. ભગવાન હવે જિન અને અરિહંત બની ગયા., સર્વજ્ઞ અને સર્વદર્શી બની ગયા.

એનો એક શાશ્વત નિયમ છે કે જે સ્થાન ઉપર કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થાય ત્યાં તીર્થંકર એક મુહૂર્ત સુધી રોકાય છે. ભગવાન પણ એક મુહૂર્ત સુધી રોકાયા.[૩૨૩]

ભગવાનને કેવળ જ્ઞાન ઉત્પન્ન થતાં જ દેવો આવ્યાં, સમવરણની રચના કરી, પરંતુ દેવો વિરતિ યોગ્ય ન હોવાના કારણે ભગવાને એક ક્ષણમાત્ર ઉપદેશ આપ્યો. ત્યાં મનુષ્યની ઉપસ્થિતિ ન હતી તેથી કોઇએ પણ વિરતિરૂપ ધર્મ-ચારિત્રધર્મનો સ્વીકાર ન કર્યો. આ પ્રકારની ઘટના જૈનાગમોમાં એક આશ્ચર્ય રૂપમાં અંકિત કરવામાં આવી છે. કોઈ એમ કહે છે કે મનુષ્યો ત્યાં હતા પરંતુ વિરતિના પરિણામ માટે યોગ્ય કોઈ વ્યક્તિ ત્યાં ન હતી.

——— * ઇન્દ્રભૂતિ

તે દિવસોમાં મધ્યમપાવાપુરીમાં સોમિલ નામના ધનાઢય બ્રાહ્મણ પોતાને ત્યાં એક વિરાટ યજ્ઞનું આયોજન કરી રહેલ હતા. તે યજ્ઞમાં ભાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવા માટે ભારતના જાણીતા માનીતા ઉચ્ચ કોટિના ક્રિયાકાંડી વિદ્વાનો અને આચાર્યો આવેલા હતા, તેમાં ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ ત્રણ વિદ્વાનો ચૌદ વિદ્યાઓમાં પારંગત હતા. પ્રત્યેકની સાથે પાંચસો-પાંચસો શિષ્યો (છાત્ર) હતા. ત્રણેય ગૌતમગોત્રીય અને મગધ જનપદના ગોવર ગ્રામના નિવાસી હતા અને એ ત્રણે ભાઈઓ હતા.

વ્યક્ત અને સુધર્મા નામના બે વિદ્વાનો કોલ્લાગ-સન્નિવેશથી આવેલ હતા. વ્યક્ત ભારદ્વાજ ગોત્રીય હતા અને સુધર્મા અગ્નિ-વૈશ્યાયન ગોત્રના. તેમની સાથે પણ પાંચસો-પાંચસો છાત્રો હતા.

તે યજ્ઞમાં મંડિત અને મૌર્યપુત્ર આ બે વિદ્વાનો મૌર્યસન્નિવેશથી આવેલ હતા. મંડિત વાસિષ્ઠ ગોત્રના અને મૌર્યપુત્ર કાશ્યપ ગોત્રના હતા. બન્નેની સાથે પણ ૩૫૦-૩૫૦ શિષ્યો હતા. આ બન્ને પણ ભાઈ હતા.

અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ નામના ચાર અન્ય વિદ્વાનો પણ તે સભામાં હતા. જે અનુક્રમે મિથિલાના ગૌતમ ગોત્રીય, કૌશલના હારિત ગોત્રીય, તુંગિક (કૌશાંબી)ના કૌડિન્ય ગોત્રીય અને રાજગૃહના કૌડિન્ય ગોત્રીય હતા. આ બધા વિદ્વાનોના મનમાં એક એક શંકા પણ છુપાયેલ હતી.[૩૨૪] તે અગિયાર વિદ્વાનો બધા વિદ્વાનોમાં પ્રમુખ હતા.

સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાને જોયું કે મધ્યમ પાવાપુરીનો પ્રસ્તુત પ્રસંગ અપૂર્વ લાભનું કારણ છે. ભારતના બુદ્ધિમાન-ટોચના-સર્વોપરિ વિદ્વાનો પણ અજ્ઞાન અંધકારમાં ભટકી રહ્યા છે, તેમ જ બીજાને પણ તેઓ અજ્ઞાનાંધકારમા ધકેલી રહ્યા છે તેથી જો તેઓ બોધ પ્રાપ્ત કરશે તો હજારો પ્રાણીઓને સત્ય માર્ગે ચાલવા પ્રેરિત કરશે.

ભગવાન મહાવીર જંભિય ગ્રામથી વિહાર કરીને મધ્યમ પાવાપુરીમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. વિશાળ માનવમેદની એકત્ર થઇ. સુરો અને અસુરો બધા ઉપદેશ સાંભળવા ઉપસ્થિત થયા. મહાવીરની મેઘગંભીર ગર્જના સાંભળીને બધાંના મન મયૂર નાચી ઊઠયા. જનતાની જીભ ઉપર મહાવીરની સર્વજ્ઞતાની ચર્ચા થવા લાગી. આકાશમાર્ગથી આવતા દેવોને જોઇને પંડિતોએ વિચાર્યું 'અમારા યજ્ઞથી આકર્ષાઇને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવો આવી રહ્યા છે' પરંતુ જ્યારે તેમને સીધા જ આગળ નીકળી જતા જોયા અને પાસે રહેલા ભગવાન મહાવીરના સમવસરણમાં ઊતરતા જોયા ત્યારે નિરાશાની સાથે આશ્ચર્ય થયું. ઇંદ્રભૂતિને જાણ થઈ કે આજે અહીં સર્વજ્ઞ મહાવીર આવેલ છે ત્યારે તેને પોતાના પ્રકાંડ પાંડિત્ય ઉપર આંચ આવવા જેવું લાગ્યું, વિચાર્યું—જઈને જોઉં તો ખરો કે મહાવીર કેવાક જ્ઞાની છે! મારી સામે તે કેટલા વખત સુધી ટકી શકે છે! આજસુધી કોઈ પણ વિદ્વાન મને પરાજિત કરી શકેલ નથી. ભારતવર્ષના એક છેડાથી બીજા છેડા સુધી મારી કીર્તિ—કૌમુદી ચમકી રહેલ છે. આજે મહાવીરની સાથે પણ શાસ્ત્રાર્થ કરીને તેને પરાજિત કરું.

સર્વશાસ્ત્રપારંગત ઇંદ્રભૂતિ પોતાના પાંચસો શિષ્યોની સાથે શાસ્ત્રાર્થ માટે હાજર થયા. પ્રભુની તેજોદીપ્ત મુખમુદ્રાએ પહેલી જ ક્ષણે ઇંદ્રભૂતિને પ્રભાવિત કરી દીધા. મહાવીરે જેવાં તેમને "ગૌતમ" કહીને સંબોધ્યા તેવા જ તે થંભી ગયા. વિચાર્યું, "મારી લોક-વ્યાપી ખ્યાતિના કારણે જ તેને મારા નામની ખબર છે. પરંતુ જ્યાં સુધી તેઓ મારા અંતરના સંશયોનું છેદન ન કરી આપે ત્યાં સુધી હું તેને સર્વજ્ઞ માની શકતો નથી." ગૌતમના માનસમાં સંકલ્પની જાળ ચાલી રહેલ હતી ત્યાં જ મહાવીરે કહ્યું:— "ગૌતમ! ચિરકાળથી આત્માના અસ્તિત્વ સંબંધમાં શું તમે શંકાશીલ છો?"

ઇંદ્રભૂતિ પોતાના અંતરમાં રહેલો પ્રશ્ન સાંભળીને ચકિત અને પ્રમુદિત થયા. તેમણે કહ્યું— 'હા, મને તે વિષયમાં શંકા છે કારણકે "विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति, न प्रेत्य संज्ञास्ति'। વગેરે શ્રુતિવાક્ય પણ પ્રસ્તુત કથનનું સમર્થન કરે છે. ભૂતસમુદાયથીજ ચેતનાની ઉત્પત્તિ થાય છે અને તેમાં તે ફરીને તિરોહિત (લીન) થઈ જાય છે તેથી પરલોકનો અભાવ છે. ભૂતસમુદાયથી જ્યારે વિજ્ઞાનમય ચૈતન્યનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે ભૂતસમુદાય સિવાય પુરુષના અસ્તિત્વનો કઇ રીતે સંભવ છે?' મહાવીર—'ઇન્દ્રભૂતિ! તમને એ પણ ખબર છે ને કે વેદથી પુરુષના અસ્તિત્વની પણ સિદ્ધિ થાય છે!' ઇન્દ્રભૂતિ "હા, " स वै अयमात्मा ज्ञानमयः" વગેરે શ્રુતિવાક્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માના અસ્તિત્વને પ્રમાણિત કરે છે. આવા પરસ્પરવિરોધી વિધાનોના કારણે જ આવી શંકા ઉત્પન્ન થાય છે કે કયા વાકયને પ્રામાણિક માનવામાં આવે!"

મહાવીર–"ઇન્દ્રભૂતિ! જેવો તમે 'વિજ્ઞાનઘન' શ્રુતિવાકયનો અર્થ સમજો છો, વસ્તુતઃ તેવો તેનો અર્થ નથી. તમે વિજ્ઞાનઘનનો અર્થ ભૂત સમુદાયથી ઉત્પન્ન 'ચેતના પિંડ' કરો છો પરંતુ 'વિજ્ઞાનઘન' નો સાચો અર્થ વિવિધ જ્ઞાન પર્યાયોથી છે. આત્મામાં પ્રતિપળ, પ્રતિક્ષણ, નિત્ય-નવીન જ્ઞાનપર્યાયોનો આવિર્ભાવ થાય છે અને પૂર્વકાળના જ્ઞાનપર્યાયોનો વિનાશ થાય છે, જ્યારે કોઇ એક પુરુષ ઘડાને જોઇ રહેલ છે, તેનું ચિંતન અને મનન કરી રહેલ છે તે વખતે આત્મામાં ઘટ વિષયનો જ્ઞાનોપયોગ ઉત્પન્ન થાય છે. તેને અમે ઘટવિષયક જ્ઞાન પર્યાય કહીએ છીએ. જ્યારે તે જ પુરુષ ઘટ પછી પટ વિગેરે અન્ય પદાર્થોને જુએ છે ત્યારે તેને પટ વિગેરેનું જ્ઞાન થાય છે અને પૂર્વકાલીન ઘટજ્ઞાન પર્યાય નષ્ટ થઇ જાય છે. વિવિધ પદાર્થવિષયક જ્ઞાનના પર્યાયથી જ વિજ્ઞાનઘન (વિવિધ પર્યાયોનો પિંડ) કહેવાય છે જેની ઉત્પત્તિ ભૂતોના નિમિત્તથી થાય છે. અહીં ભૂત શબ્દનો અર્થ પૃથિવ્યાદિ પંચભૂત નહિ, પરંતુ પ્રમેય છે. જડ અને ચેતન વગેરે સમસ્ત જ્ઞેય પદાર્થ છે."

બધા જ્ઞેયપદાર્થો આત્મામાં પોતાના સ્વસ્વરૂપથી પ્રતિભાસિત થાય છે. જેવી રીતે ઘટ ઘટ રૂપમાં અને પટ પટ રૂપમાં. આવા જુદા જુદા પ્રતિભાસને જ જ્ઞાનપર્યાય કહે છે. જુદા જુદા જ્ઞેયોના નિમિત્તથી વિજ્ઞાન ઘન (જ્ઞાન પર્યાય) ઉત્પન્ન થાય છે અને તે કાળમાં તે પર્યાય નષ્ટ થઇ જાય છે.

"न प्रेत्य संज्ञास्ति" વાકયનો અર્થ 'પરલોક નહિ' એવો નહિ પરંતુ પૂર્વપર્યાયોની સત્તા નહિ, એવો છે. જ્યારે પુરુષમાં ઉત્તરકાળનો જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વકાળનો જ્ઞાનપર્યાય નષ્ટ થઈ જાય છે કેમ કે કોઈ પણ દ્રવ્ય કે ગુણના ઉત્તર પર્યાયના સમયે પૂર્વ પર્યાયની સત્તા રહી શકતી નથી તેથી "न प्रेत्य संज्ञास्ति" કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના તર્કપ્રધાન વેદવાક્યોના અર્થસમન્વયને સાંભળીને ગૌતમના હૃદયની ગાંઠ ખુલી ગઇ. મિથ્યાજ્ઞાનનો નસો ઊતરી ગયો. માનસિક સંદેહનું નિરાકરણ થઇ ગયું. તેઓ શ્રદ્ધાથી ગદ્‌ગદ થઈ ગયા. પ્રભુના ચરણોમાં ઝૂકી ગયા. પરમ સત્યનું દર્શન મેળવીને કૃતાર્થ થઈ ગયા. પાંચસો શિષ્યોની સાથે ભગવાન મહાવીરના શિષ્ય બની ગયા.

—— * અગ્નિભૂતિ

ઇન્દ્રભૂતિની પ્રવ્રજ્યાના સમાચાર સાંભળીને અગ્નિભૂતિ પોતાના શિષ્યોની સાથે શાસ્ત્રાર્થ માટે આવ્યા. અગ્નિભૂતિના મનમાં "पुरुष एवेदं सर्वं यद्‌भूतं यच्च भाव्यं उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति यदेजति यन्नैजति यद्‌दूरे यद् अन्तिके यदन्तरस्य सर्वस्य यद् सर्वस्यास्य बाह्यतः।"[३२५] વગેરે શ્રુતિવાક્યોની છાપ હતી. તેઓ પુરુષાદ્વૈતવાદી હતા; પરંતુ "पुण्यः पुण्येन, पापः पापेन कर्मणा" વગેરે વિરોધીવચનોથી પુરુષાદ્વૈતવાદમાં શંકાશીલ હતા.

ભગવાન મહાવીરે વૈદિક વાક્યોના સમન્વયથી દ્વૈતની સિદ્ધિ કરી તેમના સંશયોનો ઉચ્છેદ કર્યો તેથી તેઓ પણ પ્રતિબોધ પામીને પાંચસો છાત્રમંડળી સહિત પ્રવ્રજિત થયા.

—— * વાયુભૂતિ

અગ્નિભૂતિએ પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી વાયુભૂતિ શાસ્ત્રાર્થ માટે ગયા. તેમના દાર્શનિક વિચારોનો ઝોંક "तज्जीव तच्छरीरवादी" નાસ્તિક મત તરફ હતો. 'विज्ञानघन एवैतेभ्यो' વગેરે શ્રુતિવાક્યોને તેઓ પોતાના મતના સમર્થક માનતા હતા પરંતુ બીજી બાજુ "सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो हि शुद्धो यं पश्यन्ति धीरा यतयः संशतात्मानः"[३२६] વગેરે ઉપનિષદ્ વાક્યોથી દેહ સિવાય આત્માની સિદ્ધિ થતી હતી. આવા પ્રકારે દ્વિવિધ વેદવાણી વાયુભૂતિની શંકાનું કારણ હતું. ભગવાન મહાવીરે શરીરથી ભિન્ન આત્મ-તત્ત્વનું વિશ્લેષણ કરીને શંકાઓનું સમાધાન કર્યું. પાંચસો શિષ્યોની સાથે તેમણે પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * આર્યવ્યક્ત

ત્યારબાદ આર્યવ્યક્ત આવ્યા. "स्वप्नोपमं वै सकलमित्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेयः વગેરે શ્રુતિવાક્યોથી તેઓ બ્રહ્મવાદ તરફ વળેલા હતા. પરંતુ 'द्यावापृथिवी' તથા 'पृथिवादेवता, आपो देवता' વગેરે વચનોથી દૃશ્ય જગતને પણ મિથ્યા માની શકતા ન હતા. આવી દ્વિવિધ વેદવાણી વાયુ-ભૂતિને શંકાશીલ બનાવી રહી હતી. ભગવાન મહાવીરે તેમની પ્રચ્છન્ન શંકાનું વેદપદોનું સમન્વયપૂર્વક દ્વૈતની સિદ્ધિ કરી સમાધાન કર્યું. સમાધાન થતાં જ તેઓ પણ છાત્રગણ સહિત પ્રવ્રજિત થયા.

——— * સુધર્મા :-

તેમની પછી સુધર્મા આવ્યા. पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम्[૩૨૭] વગેરે શ્રુતિવચનોથી સુધર્માની વિચારધારા जन्मान्तर सादृश्यवाद ની તરફ હતી પરંતુ શૃગાલો વૈ એષ જાયતે યઃ સપુરીષો દહ્યતે" વગેરે વાક્યોથી તેઓ જન્માન્તરના વૈસાદૃશ્યનું ખંડન કરી શકતા ન હતા. આવા વિવિધ વેદવચનોથી તેઓ શંકાગ્રસ્ત હતા. ભગવાન મહાવીરે પ્રસ્તુત વેદવાક્યોનો સુંદર સમન્વય કરી, સુધર્માની શંકાઓનું નિરાકરણ કર્યું. સમાધાન થતાં જ તેઓ પણ પ્રવ્રજિત થયા.

——— * મંડિતઃ-

તેમના પછી મંડિત શાસ્ત્રાર્થ માટે આવ્યા. તેઓ સાંખ્યદર્શનના સમર્થક હતા. विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते मोचयति वा, न वा एष बाह्यमभ्यंतरं वा वेद" વગેરે શ્રુતિવાક્યો તેમના મંતવ્યની પુષ્ટિને માટે હતા પરંતુ તેથી વિપરીત 'न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति अशरीरं वा वसन्तं प्रियाऽप्रिये न स्पृशतः" [૩૨૮] આ શ્રુતિવાક્યથી તેઓ બંધ અને મોક્ષના અસ્તિત્વના સંબંધમાં પણ વિચાર કરવા લાગતા હતા અને તેથી કોઈ નિશ્ચય ઉપર પહોંચવા પામ્યા ન હતા. ભગવાને વેદવાક્યોનો સમન્વય કરી આત્માનું સંસારિત્વ સિદ્ધ કર્યું. સમાધાન થવાથી સાડા ત્રણસો છાત્રોની સાથે તેમણે પણ પ્રવ્રજ્યા લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * મૌર્યપુત્ર :-

ત્યારબાદ મૌર્યપુત્ર આવ્યા. "को जानाति मायोपमान् गीर्वाणानिन्द्रयमवरुण-कुबेरादीन्' વગેરે શ્રુતિવાક્યોથી દેવતાઓ અને સ્વર્ગલોકના અસ્તિત્વના સંબંધમાં શંકા હતી અને આ બાજુ "स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति व अपाम सोपममृता अभूम अगमन्। ज्योतिः अविदाम देवान्, किं नूनमस्मांस्तृणवदरातिः किनु धूर्तिरमृतमर्त्यस्य" ३२९ આવા વેદવાક્યોથી સ્વર્ગ અને દેવતાઓનું અસ્તિત્વ સિદ્ધ થતું હતું. ભગવાન મહાવીરે દેવોનું અસ્તિત્વ સિદ્ધ કરી, મૌર્યપુત્રના સંશયનું સમાધાન કર્યું. સમાધાન થતાં જ ત્રણસો પચાસ છાત્રો સાથે તેમણે આ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

——— * અકંપિત :-

તે પછી અકંપિત આવ્યા. તેમને "न ह वै प्रेत्य नरके नारकाः सन्ति" આ શ્રુતિવાક્યથી નરક અને નારક જીવોના અસ્તિત્વ સંબંધમાં શંકા થઈ પરંતુ 'नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति આ વાક્યથી નારકોનું અસ્તિત્વ પણ સિદ્ધ થતું હતું. આવા દ્વિવિધ વેદવચનોથી તેઓ શંકાગ્રસ્ત હતા. ભગવાન મહાવીરે વેદવાક્યોનો સમન્વય કરીને તેમની શંકાનું સમાધાન કર્યું ત્રણસો છાત્રોની સાથે તેમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

——— * અચલભ્રાતા :-

ત્યાર પછી અચલભ્રાતા આવ્યા. તેમને "पुरुष एवेदं ग्निं सर्वं यदभूतं यच्च भाव्यं उतामृतत्वस्येशानो' વગેરે શ્રુતિવાક્યોથી કેવળ પુરુષનું અસ્તિત્વ જ સિદ્ધ થાય છે, પુણ્ય-પાપનું અસ્તિત્વ નહિ, પરંતુ બીજી બાજુ पुण्यः पुण्येन, पापः पापेन कर्मणा ३३० વગેરે વચન પુણ્ય પાપના અસ્તિત્વને પણ સિદ્ધ કરે છે. આ સંબંધમાં શંકા હતી. ભગવાને પુણ્ય પાપનું અસ્તિત્વ સિદ્ધ કરી શંકાનું સમાધાન કર્યું. ત્રણસો છાત્રોની સાથે તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

——— * મેતાર્ય :-

તેમના પછી શાસ્ત્રાર્થ માટે મેતાર્ય આવ્યા. તેનને "विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः" વગેરે વેદવાણીથી પુનર્જન્મના સંબંધમાં શંકા હતી. પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સાથે જ 'नित्यं ज्योतिर्मयः' વગેરેથી આત્માની સંસિદ્ધિ અને 'शृगालो वै एष जायते' વગેરેથી પુનર્જન્મ સિદ્ધ થતો હોવાથી તેઓ દૃઢ નિશ્ચય કરી શકતા નહિ. ભગવાને વેદવાક્યનો ખરો અર્થ સમજાવી પુનર્જન્મની સત્તા પ્રમાણિત કરી. સમાધાન થતાં જ ત્રણસો છાત્રોની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

——— * પ્રભાસ :-

તે પછી પ્રભાસ આવ્યા તેમને આત્માની મુક્તિના સંબંધમાં સંશય હતો અને તેમાં બળ મળ્યું 'जरामर्यं वा एतत्सर्वं यदग्निहोत्रम्।'[૩૩૧] આ વાક્યથી. પરંતુ "द्वे ब्रह्मणी वेदितव्ये परमपरं च, तत्र परं सत्यं ज्ञानमनन्तं ब्रह्म"[૩૩૨] આ વાક્યથી આત્માની બદ્ધ અને મુક્ત બન્ને અવસ્થાઓનું પ્રતિપાદન થતું હતું. તે કારણે આત્મનિર્વાણના સંબંધમાં પ્રભાસ શંકાશીલ હતા. ભગવાન મહાવીરે તે વેદ વાક્યોનો સાચો અર્થ સમજાવ્યો. સમાધાન થતાં જ તેઓ પણ પોતાના ત્રણસો છાત્રોની સાથે પ્રવ્રજિત થઈ ગયા.

——— * તીર્થસ્થાપના :-

આ પ્રમાણે મધ્યમ પાવાપુરીના એક જ પ્રવચનમાં ૪૪૧૧ વેદવિજ્ઞ બ્રાહ્મણોએ ભગવાન મહાવીરની પાસે શ્રમણ ધર્મનો સ્વીકાર કર્યો.

ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર વિદ્વાન ભગવાનના પ્રમુખ શિષ્યો થયા અને તેઓ ગણધરના મહત્ત્વપૂર્ણ પદ પર પ્રતિષ્ઠિત થયા.[૩૩૩]

આર્યા ચંદનબાળા, જેનું વર્ણન આ અગાઉ કરવામાં આવેલ છે, તે કૌશાંબીમાં હતી. દેવગણોને આકાશમાર્ગે જતાં જોઈને સમજી ગઈ કે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. તેના હૃદયમાં દીક્ષા ગ્રહણ કરવાની અતિ ઉત્કટ ભાવના જાગૃત થઈ. દેવો તેના દીક્ષા લેવાના દૃઢ સંકલ્પને જોઈને ત્યાંથી તેને ભગવાનના સમવસરણમાં લાવ્યા. ભગવાનને વંદન કરી દીક્ષાની ભાવના અભિવ્યક્ત કરી. ભગવાને દીક્ષા આપી તેને સાધ્વીસમુદાયની પ્રમુખ બનાવી.[૩૩૪]

હજારો નર-નારીઓએ ભગવાનના ત્યાગ-વૈરાગ્યથી તરબોળ પ્રવચનને સાંભળીને સંયમ-ધર્મનો સ્વીકાર કર્યો. જેઓ તે કંટકાકીર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથ પર ચાલવા અસમર્થ હતા તેમણે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકાનાં વ્રતો ગ્રહણ કર્યા. આ બધા સંઘમાં સમ્મિલિત થયા.

આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે વૈશાખ શુકલા એકાદશી (વૈશાખ સુદ અગિયારસે) મધ્યમ પાવાપુરીના મહાસેન નામના ઉદ્યાનમાં શ્રમણ-શ્રમણી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ (તીર્થ) ની સંસ્થાપના કરી. તીર્થની સ્થાપના કરવાથી તીર્થંકર નામની ભાવ રૂપે સાર્થકતા થઈ.[૩૩૫]

ભગવાને 'उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा' ની ત્રિપદીના માધ્યમથી દ્વાદશાંગીના ગૂઢ જ્ઞાનની ચાવી ઇન્દ્રભૂતિ વગેરે ગણધરોને સોંપી. ગણધરોએ તે ત્રિપદીના આધારે દ્વાદશાંગીની રચના કરી. સાત ગણધરોની વાચના જુદી જુદી હતી. અકંપિત અને અચલભ્રાતાની એક તથા મેતાર્ય અને પ્રભાસ ગણધરની એક સરખી હતી. તેથી અગિયાર ગણધર હોવા છતાં ગણ નવ જ કહેવાયા.[૩૩૬]

ભગવાને ત્યાંથી પાછા ફરી રાજગૃહ તરફ વિહાર કર્યો.

* પાર્શ્વનાથ પરંપરાનું મિલન:-

ભગવાનના પ્રભાવશાળી પ્રવચનોથી પ્રભાવિત થઈને ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શ્રમણોપાસક અને શ્રમણ પણ ભગવાન મહાવીર તરફ આકર્ષિત થયા. ઉત્તરાધ્યયન સૂત્રમાં પાર્શ્વાપત્ય કેશીકુમાર અને ગણધર ગૌતમનો શ્રાવસ્તીમાં બોધપ્રદ અને ઐતિહાસિક સંવાદ અને પછી તેમનું પારસ્પરિક સમાધાન અને મિલન ખરેખર નિર્ગ્રંથ પરંપરામાં એક અજોડ અને નવો વળાંક હતો. કેશીકુમાર પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મના સ્થાને પંચમહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કરે છે.[૩૩૭]

વાણિજ્ય ગ્રામમાં ભગવાન પાર્શ્વનાથના અનુયાયી ગાંગેય અણગાર અને ભગવાન મહાવીરની વચ્ચે મહત્ત્વપૂર્ણ પ્રશ્નોત્તર થયા. ભગવાન મહાવીરને સર્વજ્ઞ સર્વદર્શી સમજી સંઘમાં સમ્મિલિત થયા.[૩૩૮] નિર્ગ્રંથ ઉદકપેઢાલપુત્રનો ગૌતમની સાથે સંવાદ થયો અને તે પણ મહાવીરના સંઘમાં સમ્મિલિત થયા.[૩૩૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થવિરોએ કાલસ્યવેષિને મહાવીરના દર્શનનો પરિચય આપ્યો. પરિચય પ્રાપ્ત કરી તેઓ પણ મહાવીરના શાસનમાં આવ્યા.[૩૪૦]

ભગવાન મહાવીરની પરિષદમાં અન્યતીર્થિક સંન્યાસીઓ પણ ઉપસ્થિત રહેતા હતા. આર્ય સ્કંદક[૩૪૧] અંબડ,[A] પુદ્ગલ[B] અને શિવ[C] વગેરે પરિવ્રાજકોએ ભગવાનને અનેક પ્રશ્નો પૂછયા અને તેનું સમાધાન મળતાં ભગવાનના શિષ્ય બની ગયા.

ભગવાન મહાવીર સૂક્ષ્માતિસૂક્ષ્મ અને ઊંડા ગહન પ્રશ્નોનો પણ અનેકાન્ત દૃષ્ટિ વડે શીઘ્ર ઉકેલ લાવી આપતા હતા. સોમિલ બ્રાહ્મણ[D] તુંગિયા નગરીના શ્રમણોપાસક,[E] રાજકુમારી જયન્તી[F] માકન્દી[G] રોહ[H] પિંગલ વગેરેના પ્રશ્નોના ઉત્તર આ વાતના સ્પષ્ટ સાક્ષી છે.

ભગવાનના ઉપદેશથી આઠ રાજાઓએ રાજ્યશ્રી છોડીને સંયમ અંગીકાર કર્યો હતો: (૧) વીરાંગક (૨) વીરયશ (૩) સંજય[૩૪૨] (૪) એણેયક (૫) સેય[A] (૬) શિવ[B] (૭) ઉદયન (૮) શંખ[C] કાશીવર્ધન.[૩૪૩]

મગધાધીશ સમ્રાટ શ્રેણિકના અભયકુમાર વગેરે અનેક પુત્રોએ ભગવાનની પાસે સંયમ લીધો.[૩૪૪] શ્રેણિકની સુકાલી, મહાકાલી, કૃષ્ણા વિગેરે દસ રાણિયોએ પણ પ્રવ્રજ્યા લીધી.[૩૪૫]

ધન્ના[૩૪૬] અને શાલિભદ્ર[૩૪૭] જેવા ધનકુબેરોએ પણ સંયમ માર્ગ સ્વીકાર કર્યો. આર્દ્ર કુમાર[૩૪૮] જેવા આર્યેતર જાતિના યુવકોએ અને હરિકેશી[૩૪૯] જેવા ચાંડાલ જાતીના મુમુક્ષુઓએ અને અર્જુનમાલાકાર[૩૫૦] જેવા હત્યારાઓએ પણ પોતાની વૃત્તિયોમાં ઉત્ક્રાંતિ કરીને ભગવાનના શ્રમણસંઘમાં સ્થાન મેળવ્યું હતું.

વૈશાલી ગણરાજ્યના પ્રમુખ મહારાજા ચેટક મહાવીરના મુખ્ય શ્રાવક હતા.[૩૫૧] તેમના છએ જમાઈ[૩૫૨] ઉદાયન, દધિવાહન, શતાનીક, ચન્દ્ર-પ્રદ્યોત, નન્દિવર્ધન, તથા શ્રેણિક અને નવ મલ્લી અને નવ લિચ્છવી–આ અઢારે ગણનરેશો પણ ભગવાનના પરમ ભક્ત હતા.[૩૫૩] ભગવાને સ્ત્રી–પુરુષ, બ્રાહ્મણ, શૂદ્ર, ક્ષત્રિય, વૈશ્ય, આર્ય-અનાર્ય વગેરે બધાને કોઈ પણ જાતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદભાવ વગર પોતાના ધર્મતીર્થમાં સ્થાન આપ્યું અને અખિલ વિશ્વના બધા મુમુક્ષુઓ માટે ધર્મસાધનાનું મંગળ દ્વાર ખોલી દીધું.

मूलः—

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे अट्ठियगामं नीसाए पढमं अंतरावासं वासावासं उवागए। चंपं च पिट्ठिचंपं च निस्साए तओ अंतरावासे वासावासं उवागए। वेसालिं नगरिं वाणियगामं च निस्साए दुवालस अंतरावासे वासावासं उवागए। रायगिहं नगरं नालंदं च बाहरियं निस्साए चोद्दस अंतरावासे वासावासं उवागए। छम्मिहिलाए दो भद्दियाए एगं आलंभियाए एगं सावत्थीए एगं पणीयभूमिए एगं पावाए मज्झिमाए हत्थिवालस्स रन्नो रज्जुगसहाए अपच्छिमं अंतरावासं वासावासं उवागए ॥ १२२ ॥

અર્થ: તે કાળે શ્રમણ ભગવાન મહાવીરે અસ્થિક ગામનો આશ્રય લઈને વર્ષાવાસ કર્યો. અર્થાત્ ભગવાનનો પ્રથમ વર્ષાવાસ અસ્થિક ગામમાં થયો. ચંપાનગરીમાં અને પૃષ્ઠચંપામાં ભગવાને ત્રણ ચાતુર્માસ કર્યા. વૈશાલી નગરીમાં અને વાણિયા ગ્રામમાં ભગવાન બાર વખત ચાતુર્માસ કરવા માટે આવ્યા હતા. રાજગૃહમાં અને તેની બહાર નાલંદાપાડામાં ભગવાન ચૌદ વખત ચાતુર્માસ કરવા માટે આવ્યા હતા. મિથિલાનગરીમાં ભગવાન છ વાર ચાતુર્માસ કરવા માટે આવ્યા હતા. ભદ્દિયાનગરીમાં બે વાર, શ્રાવસ્તીમાં એકવાર, પ્રણીતભૂમિ અર્થાત્ વજ્રભૂમિ નામક અનાર્ય દેશમાં એકવાર ભગવાન વર્ષાવાસ કરવા માટે પધાર્યા હતા અને અંતિમ ચાતુર્માસ કરવા માટે ભગવાન મધ્યમ પાવા[૩૪૫] ના રાજા હસ્તિપાલની રજ્જુક સભામાં પધાર્યા.

—— * ચાતુર્માસ સૂચી :–

શ્રમણ ભગવાન મહાવીરે ૩૦ વર્ષની આયુમાં સર્વવિરતિરૂપ શ્રમણ ધર્મની દીક્ષા ગ્રહણ કરી અને ૭૨ વર્ષની આયુમાં ભૌતિક દેહનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગ કરીને અનન્ત અવ્યાબાધ અક્ષય સુખમય મોક્ષગતિ પ્રાપ્ત કરી. આ ૪૨ વર્ષની અવધિમાં ભગવાને જ્યાં-જ્યાં અને જેટલા-જેટલા પોતાના ચાતુર્માસ વ્યતીત કર્યા તેમની સૂચી આ પ્રમાણે છે:

૧.	અસ્થિકગ્રામ	(પ્રથમ)	૧
૨.	ચંપાનગરી		૩
૩.	વૈશાલી-વાણિયા ગ્રામ		૧૨
૪.	રાજગૃહી-નાલંદાપાડા		૧૪
૫.	મિથિલાનગરી		૬
૬.	ભદ્દિયાનગરી		૨
૭.	આલંભિકા		૧
૮.	શ્રાવસ્તી નગરી		૧
૯.	વજ્રભૂમિ	(અનાર્ય)	૧
૧૦.	પાવાપુરી	(અન્તિમ)	૧

આમાંથી ૧૨ ચાતુર્માસ છદ્મસ્થપણામાં વીતાવ્યા અને ૩૦ ચાતુર્માસ તીર્થંકરપણામાં. તીર્થંકરપણામાં પહેલું ચાતુર્માસ રાજગૃહીમાં વીતાવ્યું કે જ્યાં મેઘકુમારની દીક્ષા થઇ હતી.

——— * પરિનિર્વાણ:

मूलः—

तत्थ णं जे से पावाए मज्झिमाए हत्थिवालस्स रन्नो रज्जुगसभाए अपच्छिमं अंतरावासं वासावासं उवागए, तस्स णं अंतरावासस्स जे से वासाणं चउत्थे मासे सत्तमे पक्खे कत्तियबहुले तस्स णं कत्तियबहुलस्स पन्नरसीपक्खेणं जा सा चरिमा रयणी तं रयणिं च णं समणे भगवं महावीरे कालगए विइक्कंते समुज्जाए छिन्नजाइजरामरणबंधणे सिद्धे बुद्धे मुत्ते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंतगडे परिनिव्वुडे सव्वदुक्खपहीणे चंदे नामं से दोच्चे संवच्छरे पीतिवद्धणे मासे नन्दीवद्धणे पक्खे सुव्वयग्गी नामं से दिवसे उवसमि त्ति पवुच्चइ देवाणंदा नामं सा रयणी निरइ त्ति पवुच्चइ अच्चे लवे मुहुत्ते पाणू थोवे सिद्धे नागे करणे सव्वट्ठसिद्धे मुहुत्ते साइणा नक्खत्तेणं जोगमुवागएणं कालगए विइक्कंते जाव सव्वदुक्खप्पहीणे ॥ १२३ ॥

અર્થ : ભગવાન છેલ્લું ચોમાસું કરવા માટે મધ્યમપાવા નગરીના રાજા હસ્તિપાલની રજ્જુક સભામાં રહ્યા હતા. ચાતુર્માસનો ચોથો માસ અને વર્ષાઋતુનો સાતમો પક્ષ (પખવાડિયું) ચાલી રહ્યો હતો અર્થાત્ કારતક (આસો) કૃષ્ણ પક્ષ (વદ) અમાસનો દિવસ હતો. અંતિમ રાત્રિનો સમય હતો. તે રાત્રિમાં શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા. સંસારને ત્યાગી ચાલ્યા ગયા. જન્મગ્રહણની પરંપરાનો ઉચ્છેદ કરી ચાલ્યા ગયા. તેમના જન્મ જરા અને મરણનાં બધાં બંધનો નષ્ટ થઈ ગયાં. ભગવાન સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, બધાં દુઃખોનો અંત કરી પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

શ્રમણ ભગવાન મહાવીર જે સમયે કાળ ધર્મને પ્રાપ્ત થયા તે વખતે ચન્દ્ર નામનો બીજો સંવત્સર ચાલી રહેલ હતો, પ્રીતિવર્ધન નામનો માસ હતો. નંદિવર્ધન નામનું પખવાડિયું હતું. અગ્નિવેશ (અગ્નિવેશ્મ) નામનો દિવસ હતો કે જેનું બીજું નામ 'ઉપસમ' પણ કહેવામાં આવે છે. દેવાનંદા નામની રાત્રિ હતી કે જેનું બીજું નામ 'નિરઇ' કહેવામાં આવે છે. તે રાત્રિએ અર્થ નામનો લવ હતો, મુહૂર્ત નામનો પ્રાણ હતો, સિદ્ધ નામનો સ્તોક હતો. નાગ નામનું કરણ હતું, સર્વાર્થસિદ્ધ નામનું મુહૂર્ત હતું અને બરાબર સ્વાતિ નક્ષત્રનો યોગ આવેલ હતો. આવા સમયમાં ભગવાન કાળધર્મને પ્રાપ્ત થયા, સંસાર છોડીને ચાલ્યા ગયા. તેમનાં સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયાં.[૩૫૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूल :–

जं रयणिं च णं समणे भगवं महावीरे कालगए जाव सव्वदुक्खप्पहीणे सा णं रयणी बहूहिं देवेहि य देवीहि य ओवयमाणेहि य उप्पयमाणेहि य उज्जोविया यावि होत्था ॥१२४॥

जं रयणिं च णं समणे भगवं महावीरे कालगए जाव सव्वदुक्खप्पहीणे सा णं रयणी बहूहिं देवेहिं य देवीहि य ओवयमाणेहि य उप्पयमाणेहि य उप्पिंजलगमाणभूया कहकहगभूया या वि होत्था ॥ १२५ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખો પૂર્ણપણે નષ્ટ થઈ ગયાં તે રાત્રે ઘણાએ દેવદેવીઓ નીચે આવી રહેલ હતા અને ઉપર જઈ રહ્યા હતા, જેથી તે રાત્રિ ખૂબ જ ઉદ્યોત–પ્રકાશમય બની ગઇ હતી ॥૧૨૪॥ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખો પૂર્ણપણે નષ્ટ થઈ ગયાં. તે રાત્રે ઘણાં દેવ–દેવીઓ આવ–જા કરી રહ્યાં હતા, જેથી અત્યન્ત કોલાહલ અને શબ્દ થઈ રહેલ હતા.

मूलः-

जं रयणिं च णं समणे भगवं महावीरे कालगए जाव सव्वदुक्खप्पहीणे तं रयणिं च णं जेट्ठस्स गोयमस्स इंदभूइस्स अणगारस्स अंतेवासिस्स नायए पेज्जबंधणे वोच्छिन्ने अणंते अणुत्तरे जाव केवलवरनाणदंसणे समुप्पन्ने ॥ १२६ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયાં. તે રાત્રે તેમના પટ્ટધર શિષ્ય ગૌતમ ગોત્રીય ઇન્દ્રભૂતિ અણગારનું ભગવાન મહાવીર સાથે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેમબંધન હતું તે વિચ્છિન્ન થઈ ગયું અને ઇન્દ્રભૂતિ અણગારને અંતરહિત ઉત્તમોત્તમ યાવત્ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

વિવેચન : ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના અગિયાર ગણધરોમાં પ્રમુખ હતા. તેઓ પ્રકાંડ પંડિત, ચૌદ પૂર્વના જ્ઞાતા ચતુર્જ્ઞાની સર્વાક્ષર સન્નિપાતી,તેજોલબ્ધિના ધારક અને ઘોર તપસ્વી હતા.[૩૫૬] આગમ સાહિત્યનો અધિકાંશ ભાગ ગૌતમની જ જિજ્ઞાસાનું સમાધાન છે. તેને જ જ્ઞાન-ગંગાના મૂળ ઉદ્ગમસ્રોત કહી શકાય છે.

ભગવાન મહાવીર પ્રત્યે ગૌતમનો અત્યધિક અનુરાગ હતો. એક વખત તેઓ પોતાનાથી લઘુ-શ્રમણોને કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થતી જોઈને ચિંતિત થઈ ગયા, કે હજી સુધી મને કેવળજ્ઞાન કેમ ન થયું?" તેથી ભગવાને કેવળજ્ઞાનની અનુપલબ્ધિનું કારણ બતાવતાં કહ્યું-'ગૌતમ! ચિરકાળથી તું મારા સ્નેહમાં બંધાયેલો છે, ચિરકાળથી તું મારી પ્રશંસા કરી રહેલ છો, મારું અનુસરણ કરનારો રહ્યો છે. અનેક દેવ અને મનુષ્યભવમાં આપણે સાથે સાથે રહેલા છીએ અને અહીંથી આયુષ્ય પૂર્ણ કરીને પણ બન્ને એક જ સ્થાને પહોંચીશું."[૩૫૭]

પ્રભુનું સમાધાન મેળવીને ગૌતમ અત્યધિક આહ્લાદિત થયા. પરિનિર્વાણ પહેલાં ભગવાને ગૌતમને પાસેના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ આપવા માટે મોકલી દીધા હતા. પાછા વળીને તેઓ મહાવીરના ચરણોમાં પહોંચવા માગતા હતા પરંતુ સંધ્યા થઈ જવાથી ત્યાં રોકાઈ ગયા. રાત્રે ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળી ગૌતમ ભાવવિહ્વળ થઈને વિચારોના સાગરમાં ડૂબકીઓ લગાવવા લાગ્યા. "હે પ્રભો! નિર્વાણના દિવસે કયા કારણથી આપે મને દૂર મોકલ્યો? હે પ્રભો! આટલા વખત સુધી હું આપની સેવા કરતો રહ્યો, અંતસમયમાં મને દર્શનથી કેમ વંચિત રાખ્યો?" ..... કેટલીક ક્ષણ સુધી આવા પ્રકારના ભાવપ્રવાહમાં વહ્યા બાદ વિચારોનો પ્રવાહ બદલાઈ ગયો. 'અરે હું આ શું વિચારી રહ્યો છું! ભગવાન વીતરાગ હતા. તેઓ રાગ અને દ્વેષથી મુક્ત હતા. હું તેમના ઉપર મોહ રાખી રહેલ હતો પરંતુ તેઓ મોહમુક્ત હતા' આવા પ્રકારના વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતાં જ શુકલ ધ્યાન ધ્યાવતાં ઘાતિકર્મોને નષ્ટ કરવા લાગ્યા. અનુરાગની કડીને તોડી નાખી અને તે જ રાત્રિના અંતમાં કેવળજ્ઞાન–કેવળદર્શનના ધારક બની ગયા.

કારતક અમાવાસ્યાની પ્રત્યૂષકાલ રાત્રિમાં ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું અને અંતિમ રાત્રિમાં ગૌતમ સ્વામીએ ચાર કર્મોનો ક્ષય કરીને કેવળ જ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરી લીધું. તે કારણથી કારતક સુદ ૧ "ગૌતમ પ્રતિપદા" (પડવો)ના નામથી પ્રખ્યાત છે. આ દિવસે અરૂણોદયના પ્રારંભથી જ નૂતન વર્ષનો આરંભ થાય છે. ૩૫૮

તે પછી બાર વર્ષ સુધી કેવળજ્ઞાની ગૌતમ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ દેતાં વિચરે છે. ગૌતમને કેવળજ્ઞાન થતાં સમગ્ર સંઘના સંચાલનનું નાયકત્વ આર્ય સુધર્મા ઉપર આવ્યું. અગિયાર ગણધરોમાંથી અગ્નિભૂતિ વગેરે નવ ગણધર તો ભગવાનની સામેજ નિર્વાણને પ્રાપ્ત કરી ચૂકેલ હતા તેથી સુધર્માએ જ ગણનું નેતૃત્વ કર્યું. ગૌતમ મોક્ષ ધામે પધાર્યા પછી આર્ય સુધર્માને કેવળજ્ઞાન થયું અને આઠ વરસ સુધી કેવળી અવસ્થામાં રહ્યાં. સુધર્માને કેવળજ્ઞાન થતાં આર્ય જંબુ સ્વામીએ સંઘનું સંચાલન કર્યું. ૩૫૯

मूलः–

जं रयणिं च णं समणे जाव सव्वदुक्खप्पहीणे तं रयणिं च णं नव मल्लई नव लिच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाणो अमावसाए पाराभोयं पोसहोववासं पट्ठवइंसु, गते से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो ॥ १२७ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયા તે રાત્રે કાશીદેશના મલ્લવીવંશીય નવ ગણરાજા અને કૌશલ દેશના લિચ્છવી વંશીય બીજા નવ ગણરાજા આ રીતે અઢાર ગણરાજા અમાવસ્યાના દિવસે આઠ પહોરનો પૌષધોપવાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને ત્યાં રહેલા હતા, તેઓએ એવો વિચાર કર્યો કે ભાવ ઉદ્યોત–અર્થાત્ જ્ઞાનરૂપી પ્રકાશ ચાલ્યો ગયો છે તેથી અમે દ્રવ્ય ઉદ્યોત કરીશું.

વિવેચન: આસો–કારતક કૃષ્ણા અમાવસ્યાની રાત્રિમાં ભગવાન મહાવીર મોક્ષે પધાર્યા. તે રાત્રિ દેવોના આવાગમનથી પ્રકાશિત થઈ ગઈ. અઢાર ગણરાજાઓએ તે સમયે પૌષધોપવાસ કર્યો હતો. તેઓએ જોયું કે જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ ચાલ્યો ગયો છે, સમસ્ત સંસાર અંધકારથી છવાઈ ગયેલ છે તે કારણે દેવોએ દ્રવ્યોદ્યોત કરેલ છે. હવે આપણે ભગવાન મહાવીરના જ્ઞાનના પ્રતીકના રૂપમાં પ્રતિવર્ષ આ દિવસે દીપ જલાવીને પ્રકાશ કરીશું તે દિવસે પ્રકાશ કરવાથી દીપાવલી વર્ષનો પ્રારંભ થયો.[૩૬૦]

ભગવાનના નિર્વાણના દુઃખદ વૃત્તાંત સાંભળીને ભગવાનના મોટા-ભાઈ મહારાજા નંદિવર્ધન શોક-વિહ્વળ થઈ ગયા. તેમના નેત્રોમાંથી આંસુઓની વેગવંતી ધારા પ્રવાહિત થવા લાગી. મન ખિન્ન થઈ ગયું. બહેન સુદર્શનાએ તેમને પોતાને ત્યાં બોલાવ્યા અને સાંત્વન આપ્યું ત્યારથી ભાઇબીજના રૂપમાં તે પર્વ સ્મરણ કરવામાં આવે છે.[૩૬૧]

—— * ભસ્મગ્રહ : શકની પ્રાર્થના :–

મૂલ:–

जं रयणिं च णं समणे जाव सव्वदुक्खप्पहीणे तं रयणिं च णं खुद्दाए भासरासी महग्गहे दोवाससहस्सट्ठिई समणस्स भगवओ महावीरस्स जम्मनक्खत्तं संकंते ॥ १२८ ॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત તેમનાં સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયા તે રાત્રે ભગવાન મહાવીરના જન્મ-નક્ષત્ર ઉપર ક્ષુદ્ર ક્રૂર સ્વભાવનો બે હજાર વરસ સુધી રહેનારો ભસ્મરાશિ નામનો મહાગ્રહ આવ્યો હતો.

મૂલ:–

जप्पभिइं च णं से खुद्दाए भासरासी महग्गहे दो वाससहस्सट्ठिई समणस्स भगवओ महावीरस्स जम्मनक्खत्तं संकंते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तप्पभिइं च णं समणाणं निग्गंथाणं निग्गंथीण य नो उदिए उदिए पूयासक्कारे पवत्तति ॥ १२९ ॥

અર્થ : જ્યારથી ક્રૂર સ્વભાવનો બે હજાર વરસ સુધી રહેનારો ભસ્મરાશિ નામનો મહાગ્રહ ભગવાન મહાવીરના જન્મનક્ષત્ર ઉપર આવ્યો ત્યારથી શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓનાં સત્કાર અને સન્માનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી નથી.

વિવેચન: કહેવાય છે કે શ્રમણ ભગવાન મહાવીરના પરિનિર્વાણનો સમય નિકટ સમજી શક્રેન્દ્ર આવ્યા અને હાથ જોડીને નિવેદન કર્યું – હે નાથ! આપના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનના સમયે હસ્તોત્તરા (ઉત્તરા ફાલ્ગુની) નક્ષત્ર હતું અને આ વખતે તેમાં ભસ્મગ્રહ સંક્રાન્ત થનાર છે. તે ગ્રહ બે હજાર વરસ સુધી આપના શ્રમણ–શ્રમણીઓની અભિવૃદ્ધિ ઓછી કરતો રહેશે. તેથી કૃપા કરીને ભસ્મ–ગ્રહ જ્યાં સુધી આપના જન્મ–નક્ષત્ર ઉપર સંક્રમણ કરે ત્યાં સુધી આપશ્રી રાહ જુઓ. કેમકે તે આપની હયાતિમાં સંક્રમણ કરી જશે તો આપના પ્રબળ પ્રભાવથી સ્વતઃ નિષ્ફળ થઈ જશે તેથી એક ક્ષણ સુધી આપની જીવન ઘડી લંબાવો જેથી આ દુષ્ટ ગ્રહનું ઉપશમન થઈ જાય.[૩૬૨]

ઇન્દ્રની પ્રાર્થના પર ભગવાને કહ્યું – "હે ઇન્દ્ર! તમે એ તો જાણો છો કે આયુષ્યમાં એક ક્ષણભર પણ વધારવાની કે ઘટાડવાની શક્તિ કોઈનામાં નથી, છતાં પણ તમે શાસન–પ્રેમમાં મુગ્ધ થઈને આ જાતની ન બની શકે તેવી વાત કરી રહ્યા છો! આગામી દુષમ–કાળના પ્રભાવથી તીર્થને હાની પહોંચનારી છે તેમાં ભાવિ અનુસાર આ ભસ્મગ્રહ પણ તેનું ફળ દેખાડશે.[૩૬૩]

मूल:–

जया णं से खुड्डाए जाव जम्मनक्खत्ताओ वीतिक्कंते भविस्सइ तया णं समणाणं निग्गंथाणं निग्गंथीण य उदिए उदिए पूयासक्कारे पवत्तिस्सति ॥ १३० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : જ્યારે તે ક્ષુદ્ર, ક્રૂર સ્વભાવવાળો ભસ્મરાશિ ગ્રહ ભગવાનના જન્મ-નક્ષત્રથી ખસી જશે ત્યારે શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી-ઓના સત્કાર-સન્માન દિન-પ્રતિદિન અભિવૃદ્ધિને પ્રાપ્ત થશે.

मूलः-

जं रयणिं च णं समणे भगवं महावीरे कालगए जाव सव्वदुक्खप्पहीणे तं रयणिं च णं कुंथू अणुद्धरी नामं समुप्पन्ना, जा ठिया अचलमाणा छउमत्थाणं निग्गंथाणं निग्गंथीण य नो चक्खुफासं हव्वमागच्छइ, जा अठिया चलमाणा छउमत्थाणं निग्गंथाणं निग्गंथीण य चक्खुफासं हव्वमागच्छइ, जं पासित्ता बहूहिं निग्गंथेहिं निग्गंथीहि य भत्ताइं पच्चक्खायाइं ॥१३१॥

અર્થ : જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયાં તે રાત્રે બચાવી ન શકાય એવી કુંથુ[૩૬૪] નામની સૂક્ષ્મ જીવરાશિ ઉત્પન્ન થઈ ગઈ. જો તે જીવો સ્થિર હોય, હલન ચલન કરતા ન હોય તો છદ્મસ્થ, નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને દૃષ્ટિ-ગોચર થતા નહિ. જ્યારે તે જીવો ચાલતા-ફરતા ત્યારે છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને દેખાતા હતા. આ પ્રમાણે જીવોની ઉત્પત્તિને જોઈને ઘણા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ અનશન સ્વીકારી લીધું હતું.

मूलः-

से किमाहु भंते ? अज्जप्पभिइं दुराराहए संजमे भविस्सइ ।१३२

અર્થ : પ્રશ્ન-" હે ભગવન! એમ કઈ રીતે થયું ? અર્થાત્ જીવોને દેખીને જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને અનશન કર્યું તે અનશન શું સૂચવે છે?" ઉત્તર-"તે અનશન એમ સૂચિત કરે છે કે-આજથી સંયમ પાલન કરવું અત્યંત કઠિન થશે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * ભગવાનની શિષ્યસંપદા

मूलः—

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स-इंदभूइपामोक्खाओ चोद्दस समणसाहस्सीओ उक्कोसिया समण-संपया होत्था ॥ १३३ ॥ समणस्स भगवओ महावीरस्स अज्ज-चंदणापामोक्खाओ छत्तीसं अज्जियसाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था ॥१३४॥ समणस्स भगवओ महावीरस्स संखसयगपामोक्खाणं समणोवासगाणं एगा सयसाहस्सी अउणट्ठिं च सहस्सा उक्कोसिया समणोवासगाणं संपया होत्था ॥ १३५ ॥ समणस्स भगवओ महावीरस्स सुलसारेवई-पामोक्खाणं समणोवासियाणं तिण्णिसयसाहस्सीओ अट्ठारस य सहस्सा उक्कोसिया समणोवासियाणं संपया होत्था ॥१३६॥ समणस्स णं भगवओ महावीरस्स तिन्नि सया चोद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं सव्वक्खरसन्निवाईणं जिणो विव अवितहं वागरमाणाणं उक्कोसिया चोद्दसपुव्वीणं संपया होत्था ॥ १३७ ॥ समणस्स णं भगवओ महावीरस्स तेरस सया ओहिनाणीणं अतिसेसपत्ताणं उक्कोसिया (ओहिनाणीणं) संपया होत्था ॥१३८॥ समणस्स णं भगवओ महावीरस्स सत्त सया केवलनाणीणं संभिन्नवरनाणदंसणधराणं उक्कोसिया केवल-नाणिसंपया होत्था ॥१३९॥ समणस्स णं भगवओ महावीरस्स सत्त सया वेउव्वीणं अदेवाणं देविड्ढिपत्ताणं उक्कोसिया

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वेउव्विसंपया होत्था ॥१४०॥ समणस्स णं भगवओ महावीरस्स पंचसया विउलमईणं अड्ढाइज्जेसु दीवेसु दोसु य समुद्देसु सण्णीणं पंचिंदियाणं पज्जत्तगाणं जीवाणं मणोगए भावे जाणमाणाणं उक्कोसिया विउलमईसंपया होत्था॥ १४१॥ समणस्स णं भगवओ महावीरस्स चत्तारि सया वाईणं सदेवमणुयासुराए परिसाए वाए अपराजियाणं उक्कोसिया वाइसंपया होत्था ॥ १४२॥ समणस्स णं भगवओ महावीरस्स सत्त अंतेवासिसयाइं सिद्धाइं जाव सव्वदुक्खप्पहीणाइं, चउद्दस अज्जियासयाइं सिद्धाइं ॥ १४३॥ समणस्स णं भगवओ महावीरस्स अट्ठ सया अणुत्तरोववाइयाणं गइकल्लाणाणं ठिइकल्लाणाणं आगमेसिभद्दाणं उक्कोसिया अणुत्तरोववाइयाणं संपया होत्था॥१४४॥

અર્થ : તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના ઇન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી (૧૩૩) શ્રમણ ભગવાન મહાવીરની આર્ય ચંદના વગેરે છત્રીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણી સંપદા હતી (૧૩૪) શ્રમણ ભગવાન મહાવીરના શંખ શતક વગેરે એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી. (૧૩૫) શ્રમણ ભગવાન મહાવીરની સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રાવિકા સંપદા હતી (૧૩૬) શ્રમણ ભગવાન મહાવીરના જિન નહિ તથાપિ જિન સમાન, સર્વાક્ષર સન્નિપાતિ, જિનની સમાન સત્ય-તથ્યનું સ્પષ્ટીકરણ કરનારા ચૌદ પૂર્વધરોની ત્રણસો ઉત્કૃષ્ટ સંપદા હતી. (૧૩૭) શ્રમણ ભગવાન મહાવીરના વિશેષ પ્રકારની લબ્ધિવાળા તેરસો અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. (૧૩૮) શ્રમણ ભગવાન મહાવીરના સંપૂર્ણ ઉત્તમ કેવળદર્શન અને કેવળજ્ઞાન પ્રાપ્ત એવા સાતસો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. (૧૩૯) શ્રમણ ભગવાન મહાવીરની દેવ નહિ પરંતુ દેવોની ઋદ્ધિને પ્રાપ્ત એવા સાતસો વૈક્રિય લબ્ધિવાળા શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી. (૧૪૦) શ્રમણ ભગવાન મહાવીરની અઢી દ્વીપમાં અને બે સમુદ્રમાં રહેનારા મનવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય પ્રાણીઓના મનના ભાવોને જાણનારા પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી (૧૪૧) શ્રમણ ભગવાન મહાવીરની દેવ, માનવ અને અસુરોની સભાઓમાં વાદ કરતાં પરાજિત ન થાય તેવા ચારસો વાદીઓની અર્થાત્ શાસ્ત્રાર્થ કરનારી ઉત્કૃષ્ટ સંપદા હતી (૧૪૨) શ્રમણ ભગવાન મહાવીરના સાતસો શિષ્ય સિદ્ધ થયા યાવત્ તેમનાં સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયાં અને નિર્વાણને પામ્યા અને શ્રમણ ભગવાન મહાવીરની ચૌદસો શિષ્યાઓ સિદ્ધ થઈ અને યાવત્ નિર્વાણને પ્રાપ્ત થઈ. (૧૪૩) શ્રમણ ભગવાન મહાવીરના ભવિષ્યની ગતિમાં કલ્યાણ પ્રાપ્ત કરનારા, વર્તમાન સ્થિતિમાં કલ્યાણનો અનુભવ કરનારા, ભદ્ર પ્રાપ્ત કરનારા એવા આઠસો અનુત્તરોપપાતિક મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી અર્થાત્ એવા આઠસો શ્રમણ હતાં કે જે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા હતાં. (૧૪૪)

मूलः--

समणस्स णं भगवओ महावीरस्स दुविहा अंतकडभूमी होत्था, तं जहा-जुगंतकडभूमी य परियायंतकडभूमी य। जाव तच्चाओ पुरिसजुगाओ जुगंतकडभूमी, चउवासपरियाए अंतमकासी ॥ १४५ ॥

અર્થ: શ્રમણ ભગવાન મહાવીરને મોક્ષ પ્રાપ્ત કરનારા સાધકોની બે જાતની ભૂમિકા હતી. યુગાંતકૃતભૂમિકા અને પર્યાયાંતકૃતભૂમિકા. યુગાંતકૃત ભૂમિકા અર્થાત્ કે જે સાધક અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરે કે જેવી રીતે કે પ્રથમ ગુરુ મુક્તિ પ્રાપ્ત કરે અને તે પછી તેના શિષ્ય મુક્તિ પ્રાપ્ત કરે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી તેના પ્રશિષ્ય મુક્તિ પ્રાપ્ત કરે. આ પ્રકારે જે અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરવામાં આવે છે તે યુગાંતકૃતભૂમિકા કહેવાય છે.

પર્યાયાંતકૃત ભૂમિકા અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી જે સાધક મુક્તિ પ્રાપ્ત કરે તેની તે મોક્ષ સંબંધી પર્યાયાંતકૃત ભૂમિકા કહેવાય છે.[૩૬૭]

ભગવાનથી ત્રીજા પુરુષ સુધી યુગાંતકૃતભૂમિકા હતી. અર્થાત્ ભગવાન પ્રથમ મોક્ષે ગયા, તેમના પછી તેમના શિષ્યો મોક્ષે ગયા અને તેમના પછી તેમના પ્રશિષ્ય જંબૂસ્વામી મોક્ષે ગયા. આ પ્રમાણે યુગાંતકૃત-ભૂમિકા જંબૂસ્વામી સુધી ચાલી અને તે પછી બંધ થઇ ગઇ. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ચાર વર્ષ પછી તેમના શિષ્યોનો મુક્તિગમન પ્રારંભ થયો અને તે જંબૂસ્વામી સુધી ચાલતો રહ્યો.

मूलः-

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे तीसं वासाइं अगारवासमज्झे वसित्ता, साइरेगाइं दुवालसवासाइं छउमत्थपरियागं पाउणित्ता, देसूणाइं तीसं वासाइं केवलि-परियागं पाउणित्ता, बायालीसं वासाइं सामन्नपरियायं पाउ-णित्ता, बावत्तरिं वासाइं सव्वाउयं पालइत्ता, खीणे वेयणिज्जा-उयनामगोत्ते इमीसे ओसप्पिणीए दुसमसुसमाए समाए बहुवी-इक्कंताए तिहिं वासेहिं अद्धनवमेहि य मासेहिं सेसएहिं पावाए मज्झिमाए हत्थिपालगस्स रन्नो रज्जुगसभाए एगे अबीए छट्ठेणं भत्तेणं अपाणएणं साइणा नक्खत्तेणं जोगमुवागएणं पच्चूस-कालसमयंसि संपलियंकनिसन्ने पणपन्नं अज्झयणाइं कल्लाण-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

फलविवागाइं पणपन्नं अज्झयणाइं पावफलविवागाइं छत्तीसं च अपुट्ठवागरणाइं वागरित्ता पधाणं नाम अज्झयणं विभावेमाणे विभावेमाणे कालगए वितिक्कंते समुज्जाए छिन्नजाइजरामरणबंधणे सिद्धे बुद्धे मुत्ते अंतकडे परिव्वुडेनि सव्वदुक्खप्पहीणे ॥ १४६ ॥

અર્થ: તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ત્રીસ વરસ સુધી ગૃહવાસમાં રહીને, બાર વરસથી પણ વધુ સમય સુધી છદ્મસ્થ:શ્રમણ પર્યાયમાં રહીને, ત્યારપછી ત્રીસ વરસથી કંઇક ઓછા વખત સુધી કેવળ પર્યાય પ્રાપ્ત કરીને બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, વેદનીય, આયુ, નામ ગોત્ર કર્મ ક્ષીણ થયા પછી આ અવસર્પિણી કાળનો દુષમ-સુષમ નામનો ચોથો આરો ઘણો પસાર થયા પછી તે ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહેતાં, મધ્યમ પાવા નગરીમાં હસ્તિપાલ રાજાની રજ્જુક સભામાં એકલાં, છઠ તપની સાથે સ્વાતિ નક્ષત્રનો યોગ થતાંજ, પ્રત્યૂષ કાળના સમયે (ચાર ઘડી રાત બાકી રહે ત્યારે) પલ્યંકાસને બેઠેલા ભગવાન કલ્યાણફળ-વિપાકના પંચાવન અધ્યયન અને પાપફળ-વિપાકના બીજા પંચાવન અધ્યયન અને અપૃષ્ટ અર્થાત્ બીજા કોઇ વડે પ્રશ્ન નહિ કરવામાં આવેલ છતાં તેનાં સમાધાન કરનારા છત્રીસ અધ્યયનોને કહેતાં કહેતાં કાળધર્મને પ્રાપ્ત થયા, સંસાર તજીને ચાલ્યા ગયા, ઉર્ધ્વગતિને પ્રાપ્ત થયા. તેમના જન્મ-જરા-મરણનાં બંધન વિચ્છિન્ન થઈ તેઓ સિદ્ધ થયા. બુદ્ધ થયા, મુક્ત થયા, સંપૂર્ણ કર્મોનો તેમણે નાશ કર્યો. બધી જાતના સંતાપોથી મુક્ત થયા. તેમનાં સંપૂર્ણ દુ:ખો નષ્ટ થઇ ગયાં.


मूलः-

समणस्स णं भगवओ महावीरस्स जाव सव्वदुक्खप्पहीणस्स नव वाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अयं असीइमे संवच्छरकाले गच्छइ। वायणंतरे पुण-अयं तेणउए संवच्छरकाले गच्छइ इति दीसइ॥ १४७॥

અર્થ : જેમનાં સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયાં છે એવા સિદ્ધ, બુદ્ધ યાવત્ શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ થયાંને આજે નવસો વરસ વ્યતીત થઈ ગયાં છે તે ઉપરાંત આ હજારમા વરસનો એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે અર્થાત ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયાને આજે નવસો એંસી (૯૮૦) વરસ પસાર થઈ ગયાં છે. બીજી વાંચનામાં કેટલાંક એમ પણ કહે છે કે નવસો વરસ ઉપરાંત હજારમા વરસના ત્રાણું (૯૩) વરસનો કાળ ચાલી રહેલ છે. એવો પાઠ દૃષ્ટિગોચર થાય છે અર્થાત તેમના મતથી ભગવાન મહાવીરનાં નિર્વાણને નવસો ત્રાણું (૯૯૩) વરસ થયાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરની પૂર્વ પરંપરા

——— * પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ

મૂલઃ-

तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए पंचविसाहे होत्था, तं जहा-विसाहाहिं चुए चइत्ता गब्भं बक्कंते १ विसाहाहिं जाए २ विसाहाहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ३ विसाहाहिं अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुन्ने केवलवरनाणदंसणे समुप्पन्ने ४ विसाहाहिं परिनिव्वुए ५ ॥ १४८ ॥

અર્થ: તે કાળે તે સમયે પુરુષાદાનીય[1] અર્હંત પાર્શ્વ પાંચ વિશાખાવાળા હતા, અર્થાત્ તેમના પાંચ કલ્યાણકોમાં વિશાખા નક્ષત્ર આવેલ હતું. જેમકે (૧) પાર્શ્વ અર્હંત વિશાખા નક્ષત્રમાં દેવલોકથી ચ્યુત થયા, ચ્યુત થઈને ગર્ભમાં આવ્યા. (૨) વિશાખા નક્ષત્રમાં જન્મ ગ્રહણ કર્યો. (૩) વિશાખા નક્ષત્રમાં મુંડિત થઈને ઘરથી બહાર નીકળ્યા અર્થાત્ તેમણે અણગારત્વ ગ્રહણ કર્યું. (૪) વિશાખા નક્ષત્રમાં તેમણે અનંત, ઉત્તમોત્તમ, વ્યઘાતરહિત, આવરણરહિત, સંપૂર્ણ પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું. (૫) ભગવાન પાર્શ્વ વિશાખા નક્ષત્રમાં જ નિર્વાણને પ્રાપ્ત થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूल :—

तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए जे से गिम्हाणं पढमे मासे पढमे पक्खे चित्तबहुले तस्स णं चित्तबहुलस्स चउत्थीपक्खेणं पाणयाओ कप्पाओ वीसं सागरोवमट्ठितीयाओ अणंतरं चयं चइत्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे वाणारसीए नयरीए आससेणस्स रन्नो वम्माए देवीए पुव्वरत्तावरत्तकालसमयंसि विसाहाहिं नक्खत्तेणं जोगमुवागएणं आहारवक्कंतीए (ग्रं. ७००) भववक्कंतीए सरीरवक्कंतीए कुच्छिंसि गब्भत्ताए वक्कंते ॥ १४९ ॥

અર્થ : તે કાળે તે સમયે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ જ્યારે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ચૈત્રમાસનો કૃષ્ણપક્ષ હતો તે ચૈત્રવદ ૪ના દિવસે વીસ સાગરોપમના આયુષ્યવાળા પ્રાણત નામના કલ્પથી આયુષ્ય પૂર્ણ કરીને, દિવ્ય આહાર, દિવ્ય જન્મ અને દિવ્ય શરીર છૂટતાંજ શીઘ્ર ચ્યવન કરીને આ જંબૂદ્વીપના ભારતવર્ષની વારાણુસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં જ્યારે રાત્રિનો પૂર્વ ભાગ સમાપ્ત થઇ રહ્યો હતો અને પાછલો ભાગ પ્રારંભ થઇ રહ્યો હતો, તે સંધિવેળાએ-મધ્યરાત્રિમાં વિશાખા નક્ષત્રનો યોગ થતાં જ ગર્ભરૂપમાં ઉત્પન્ન થયા.

વિવેચન : કોઇ પણ જીવ એકાએક તીર્થંકર બની જતો નથી પરંતુ તીર્થંકર બનવા પહેલાં તે જીવને લાંબા સમય સુધી સાધના કરવી પડે છે. જેવી રીતે કે ભગવાન મહાવીરના જીવને સત્તાવીશ ભવ પહેલાં સમ્યક્ત્વની ઉપલબ્ધિ થઇ હતી, તેવી જ રીતે ભગવાન પાર્શ્વનાથના જીવને દસ ભવ પહેલાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું.

(૧) મરુભૂતિ-એકવાર ભગવાન પાર્શ્વનાથનો જીવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના પોતનપુરમાં વિશ્વભૂતિ પુરોહિતનો પુત્ર મરુભૂતિ બન્યો, મોટાભાઇનું નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કમઠ હતું. પિતાનો સ્વર્ગવાસ થઇ જતાં કમઠ રાજપુરોહિત બન્યો.

મરુભૂતિ પ્રકૃતિથી સરળ, વિનીત અને ધર્મનિષ્ઠ હતો. કમઠ ક્રૂર, અભિમાની અને વ્યભિચારી હતો. મરુભૂતિની પત્ની વસુંધરાના રૂપ ઉપર તે મુગ્ધ થઇ ગયો. તેની અભ્યર્થનાથી વસુંધરા પણ પોતાના ધર્મથી ચ્યુત થઇ ગઇ. કમઠની પત્નીથી તેનો તેવો અસદ્ વ્યવહાર છાનો રહી શકયો નહિ, તેણે પતિને સમજાવ્યા પરંતુ તે માન્યા નહિ ત્યારે તેણે મરુભૂતિને કહ્યું. મરુભૂતિ ઘરથી બહાર નીકળી ગયા અને થોડા દિવસો પછી રૂપ પરિવર્તન કરી ફરી ત્યાં આવ્યા. પત્ની અને ભાઇનો અસદ્ વ્યવહાર પોતાની આંખે જોઇ તેણે રાજાને નિવેદન કર્યું. રાજાએ ક્રોધિત થઇને કમઠને દેશનિકાલ કરી દીધા. કમઠ તાપસ બનીને પોતનપુરની પાસેના પર્વત ઉપર ઉગ્ર તપ કરવા લાગ્યા. તપનો ચમત્કારી પ્રભાવ થયો. જનજનની જીભ ઉપર કમઠનું નામ રમવા માંડયું. મરુભૂતિએ પણ તેની પ્રશંસા સાંભળી. પોતાનાં કૃત્ય ઉપર તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. મોટાભાઇ પાસે ક્ષમાયાચના કરવા માટે તે ત્યાં પહોંચ્યા, ચરણોમાં ઝૂકયા પરંતુ ક્રૂર કમઠે નમન કરતા મરુભૂતિના માથા ઉપર મોટો એવો પત્થર માર્યો કે જેની ભયંકર વેદનાથી દુઃખી થતા મરુભૂતિનો ત્યાં જ અંત થઇ ગયો.

(૨) **યૂથપતિ ગજ**-આર્ત્તધ્યાનવશ આયુષ્ય પૂર્ણ થવાથી મરુભૂતિનો જીવ વિંધ્યાચળની અટવિમાં હાથીઓનો સ્વામી ગજરાજ થયો. કમઠની પત્ની વરુણા ત્યાંથી કાળ કરીને યૂથપતિ ગજરાજની પ્રિયા હસ્તિની થઇ.૨

આ બાજુ રાજાએ જ્યારે કમઠ દ્વારા મરુભૂતિની હત્યાના સમાચાર સાંભળ્યા ત્યારે રાજાને પણ સંસારની સ્વાર્થપરાયણતા અને વિષયાંધપણાથી વિરક્તિ થઇ. તેથી તેણે સંયમ ગ્રહણ કર્યો. ઉત્કૃષ્ટ સાધના કરતાં તેઓ એક દિવસ તે જ અટવીમાં ધ્યાનમુદ્રામાં ઊભા હતા ત્યારે મરુભૂતિનો જીવ કે જે હાથી બનેલ હતો, તે ત્યાં આવી પહોંચ્યો. મુનિને ધ્યાનમુદ્રામાં જોઇને તેને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વજન્મનું સ્મરણ કરીને ગજરાજે મુનિ પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકવાર વનમાં ભયંકર અગ્નિપ્રકોપ થયો. આખુંએ વન બળવા લાગ્યું ત્યારે પોતાના પ્રાણ બચાવવાને માટે હાથીએ સરોવરમાં પ્રવેશ કર્યો. ત્યાં કમઠનો જીવ કે જે કુર્કુટ જાતિનો સર્પ બનેલ હતો, તે આકાશમાં ઊડતો ત્યાં આવ્યો અને હાથીને જોઈને તેનું વેર જાગૃત થઈ ગયું. ક્રોધવશ હાથીના માથા ઉપર ડંસ માર્યો કે જેના ઝેરથી ગજરાજનું આખું શરીર વિષમય બની ગયું તો પણ હાથીએ સમભાવપૂર્વક વેદના સહન કરી સમભાવમાં જ આયુષ્ય પૂર્ણ કર્યું.

(૩) **આઠમા દેવલોકમાં:-** આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ આઠમા સહસ્રાર નામના દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૪) **કિરણવેગ:** ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુતગતિ વિદ્યાધર રાજાને ત્યાં કનકવતી રાણીનો પુત્ર 'કિરણવેગ' થયો. યૌવનાવસ્થામાં પોતાની પત્નીઓની સાથે આમોદ-પ્રમોદ કરી રહેલ હતા ત્યારે સંધ્યાની લાલિમા જોઈને વૈરાગ્ય જાગૃત થયો. દીક્ષા ગ્રહણ કરી મુનિ બન્યા. એક વખત પુષ્કરદ્વીપના વૈતાઢય ગિરિના હિમશૈલ પર્વત ઉપર ધ્યાનારૂઢ હતા. તે વખતે કમઠનો જીવ કે જે આયુષ્ય પૂર્ણ કરીને પાંચમી નરકમાં ગયો હતો અને ત્યાંથી નીકળીને ફરીને સર્પ બન્યો હતો તેણે ધ્યાનારૂઢ મુનિને જોયા ત્યારે પૂર્વ વૈર-વશ ક્રોધિત થઈને મુનિને ડંખ માર્યો. મુનિએ સમભાવથી આયુષ્ય પૂર્ણ કર્યું.

(૫) **અચ્યુત કલ્પમાં:** ત્યાંથી મુનિ બારમા અચ્યુત કલ્પ નામના દેવલોકમાં દેવ બન્યા.

(૬) **વજ્રનાભ:** બારમા દેવલોકથી ચ્યવીને જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં શુભંકરા નગરીના અધિપતિ વજ્રવીર્ય રાજાની રાણી લક્ષ્મીવતીના પુત્ર વજ્રનાભ થયા. રાજ્યશ્રીનો ઉપભોગ કરતાં, ક્ષેમંકર તીર્થંકરનો ઉપદેશ સાંભળીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એક વખત સુકચ્છ વિજયના મધ્યવર્તી જ્વલંત પર્વત ઉપર કાયોત્સર્ગ મુદ્રામાં અવિસ્થત હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં કમઠનો જીવ કે જે સર્પ હતો તે ત્યાંથી મરીને પાંચમી નરકમાં ગયો હતો. નરકમાંથી નીકળીને અનેક ભવોમાં પરિભ્રમણ કરતો તે પ્રદેશમાં કુરંગક નામનો ભીલ બન્યો. મુનિને જોઈને પૂર્વ વેર જાગૃત થયું, બાણ માર્યું, વાગવાથી મુનિ નીચે પડી ગયા તથા સમભાવથી આયુષ્ય પૂર્ણ કર્યું.

(૭) **મધ્યમ ગ્રૈવેયક:** મુનિ ત્યાંથી મધ્યમ ગ્રવેયકમાં દેવ બન્યા અને કમઠનો જીવ ભીલ, ત્યાંથી મરીને સાતમી નરકમાં ગયો.

(૮) **સુવર્ણ બાહુ ચક્રવર્તી:-** મધ્યમ ગ્રૈવેયકથી આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિનો જીવ જંબુદ્વીપ પૂર્વના મહાવિદેહમાં શુભંકર વિજયના પુરાણપુરમાં કુશલબાહુ રાજાની સુદર્શના રાણીના પુત્ર સુવર્ણ-બાહુ ચક્રવર્તી બન્યો. ષટ્‌ખંડના રાજ્યનો ઉપભોગ કર્યા પછી સંયમ ગ્રહણ કર્યો અને ઉગ્ર તપ સાધના કરી. તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન યોગ્ય વીસ સ્થાનકોનાં સેવન કર્યા. એક વખત નિર્જન વનમાં કાયોત્સર્ગ કરીને ઊભા હતા. કમઠનો જીવ સાતમા નરકથી નીકળીને તે જ અરણ્યમાં સિંહ બન્યો હતો. તેણે ધ્યાનસ્થ મુનિને જોયા. પૂર્વ વૈર જાગૃત થયું. મુનિ ઉપર ઝાપટ મારી. મુનિએ તે પીડાને સમભાવપૂર્વક સહન કરીને અત્યંત શુદ્ધ પરિણામોની સાથે આયુષ્ય પૂર્ણ કર્યું.

(૯) **દશમા દેવલોકમાં:** મુનિ કે જે મરુભૂતિનો જીવ હતો તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને દસમા દેવલોકમાં વીસ સાગરના આયુષ્યવાળો દેવ બન્યો. કમઠનો જીવ કે જે સિંહ હતો તે મરીને નરકમાં ગયો.

(૧૦) **પાર્શ્વનાથ:** મરુભૂતિનો જીવ દસમા દેવલોકમાંથી ચ્યવીને વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં ભગવાન પાર્શ્વનાથના રૂપમાં અવતરિત થયો.

* જન્મ

मूलः-

पासे णं अरहा पुरिसादाणीए तिण्णाणोवगए य वि होत्था-चइस्सामि त्ति जाणइ, चयमाणे न जाणइ, चुए मि त्ति जाणइ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं चेव अभिलावेणं सुविणदंसणविहाणेणं सव्वं जाव नियगं गिहं अणुप्पविट्ठा जाव सुहं सुहेणं तं गब्भं परिवहइ ॥१५०॥

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ ત્રણજ્ઞાનથી યુક્ત હતા. "હું અહીંથી ચ્યુત થઈશ" તે જાણતા હતા. ચ્યુત થાઉં છું તે જાણતા ન હતા અને "ચ્યુત થઈ ગયો છું" તે જાણતા હતા. અહીંથી માંડીને ભગવાન મહાવીરના પ્રકરણમાં સ્વપ્ન સંબંધનું આખુંએ વર્ણન પૂર્વવત્ સમજવું જોઈએ. યાવત્ માતા પોતાના ઘરમાં પ્રવેશ કરે છે અને સુખપૂર્વક ગર્ભને ધારણ કરે છે.

मूलः—

तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए जे से हेमंताणं दोच्चे मासे तच्चे पक्खे पोसबहुले तस्स णं पोसबहुलस्स दसमीपक्खेणं नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाण य राइंदियाणं विइक्कंताणं पुव्वरत्तावरत्तकालसमयंसि विसाहाहिं नक्खत्तेणं जोगमुवागएणं अरोगा अरोगं पयाया, जम्मणं सव्वं पासाभिलावेण भाणियव्वं जाव तं होउ णं कुमारे पासे नामेणं ॥ १५१ ॥

અર્થ : તે કાળે તે સમયે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજો પક્ષ અર્થાત્ પોષ માસના વદ દસમના દિવસે નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ પસાર થયા ત્યારે રાત્રિનો પૂર્વભાગ સમાપ્ત થવા આવ્યો હતો અને પાછળના ભાગનો પ્રારંભ થઈ રહ્યો હતો તે સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં વિશાખ નક્ષત્રનો યોગ થતાં જ આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ નામના પુત્રને જન્મ આપ્યો.

જે રાત્રિએ પુરુષાદાનીય અર્હંત પાર્શ્વે જન્મ ગ્રહણ કર્યો, તે રાત્રિએ ઘણાએ દેવ અને દેવીઓ જન્મકલ્યાણક મનાવવા માટે આવ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેથી તે રાત્રિ પ્રકાશમાન બની ગઈ અને દેવ-દેવીઓના વાર્તાલાપથી ગૂંજવા લાગી.

સ્વપ્ન તથા જન્મ સંબંધી અન્ય આખું વૃત્તાન્ત ભગવાન મહાવીરના વર્ણનમાં આવેલા વૃત્તાન્ત સમાન અહીં પણ સમજવું. વિશેષમાં ભગવાન મહાવીરને સ્થાને ભગવાન પાર્શ્વનું નામ લેવું. યાવત્ માતાપિતાએ કુમારનું નામ 'પાર્શ્વ' રાખ્યું.

વિવેચન: રાજકુમાર પાર્શ્વનાથ મોટા થાય છે. યુવાવસ્થા આવતાં તેમનું પાણિગ્રહણ કુશસ્થલના રાજા પ્રસેનજિતની પુત્રી પરમ સુન્દરી પ્રભાવતીની સાથે થયું.[૩]

——— * **નાગનો ઉદ્ધાર :-**

એક દિવસ રાજકુમાર પાર્શ્વ રાજમહેલની ગોખમાં બેઠા બેઠા નગરનું અવલોકન કરી રહેલ હતા. એવામાં તેમણે પૂજાની સામગ્રી લઈને મોટા જનસમૂહને નગરની બહાર જતાં જોયો. કુતૂહલવશ કુમારે પૂછ્યું : "શું આજે કોઈ મહોત્સવ છે કે અન્ય કોઈ વિશેષ પ્રસંગ છે કે જે કારણે આ લોકો જઈ રહેલા છે?

ઉત્તર મળ્યો "કુમારવર! નગરની બહાર એક કમઠ નામનો ઉગ્ર તપસ્વી આવેલો છે, જે પંચાગ્નિ તપ તપી રહ્યો છે. તે ઘણો ઉગ્ર તપસ્વી છે. તેની પૂજા અને અર્ચના કરવા માટે જ આ લોકો જઈ રહેલ છે."

કૌતુકવશ થઈને રાજકુમાર પાર્શ્વ પણ કમઠને જોવા માટે ચાલ્યા. આ કમઠ તેજ હતો કે જેનો સંબંધ પાર્શ્વનાથના જીવની સાથે ગત અનેક ભવોથી ચાલ્યો આવતો હતો. તે નરકમાંથી નીકળીને એક અત્યન્ત ગરીબ કુળમાં જન્મ્યો હતો. ભૂખ અને દરિદ્રતાથી વ્યાકુળ બનીને તેણે તાપસી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. ઘણી ઉગ્ર તપસ્યા કરવાથી જનતામાં તેના તપની છાપ પડી ગઇ હતી, અને લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા હતા. રાજકુમાર પાર્શ્વનાથે જોયું કે તપસ્વી પંચાગ્નિ તપ તપી રહ્યો છે, ચારે દિશામાં અગ્નિ બળી રહેલ છે, અને મસ્તક ઉપર સૂર્ય તપી રહેલ છે, અગ્નિકુંડમાં મોટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટા લાકડાં બળી રહેલ છે, તેમાં એક સર્પ પણ રહેલ છે. સર્પને જોઈને પાર્શ્વકુમારનું હૃદય કરુણાથી દ્રવી ઊઠયું. તાપસના આ વિવેકશૂન્ય ક્રિયાકાંડને જોઈને પાર્શ્વનાથે કહ્યું–"તપસ્વિન્! આ કેવું અજ્ઞાન તપ છે! પંચેન્દ્રિય જીવોને ભસ્મ કરીને તમે તમારું કલ્યાણ ચાહો છો?"

તપસ્વી–રાજકુમાર! તમે ધર્મના રહસ્યને સમજતા નથી. રાજપુત્રો હાથી, ઘોડા પર સવારી કરી ક્રીડા કરવાનું અને યુદ્ધ કરવાનું જાણે છે. ધર્મના રહસ્યને તો અમારા જેવા તપસ્વી સમજી શકે છે. તમે અહીંથી ચાલ્યા જાઓ, હજી તો દૂધમલ્લા બચ્ચાં છો. શું તમે મારી ધૂણીમાં કોઈ જીવને બળતો બતાવી શકો છો ખરા?

રાજકુમાર–તપસ્વી! આ મોટા લાકડામાં સર્પ બળી રહ્યો છે.

તપસ્વી–તમારું કથન મિથ્યા છે. તે જ વખતે રાજકુમારે પોતાના સેવકને આજ્ઞા આપી, સેવકે અગ્નિકુંડમાંથી તે લાકડાંને બહાર કાઢયું અને સાવધાનીથી ચીર્યું ત્યારે તે વખતે તરફડતો સર્પ બહાર નીકળ્યો. તે મરણની છેલ્લી ઘડીની સ્થિતિમાં હતો. પાર્શ્વનાથે પોતાના અનુચરથી તેને નવકાર મંત્ર સંભળાવ્યો. તે સમાધિપૂર્વક મરીને ધરણેન્દ્ર (નાગકુમાર જાતિના દેવોનો ઈન્દ્ર) દેવ થયો. લોકો કમઠને તિરસ્કારવા અને ધિક્કારવા લાગ્યા. તાપસ પાર્શ્વકુમાર પર ઘણોજ રૂઠયો પરંતુ કરે પણ શું? અંતે અજ્ઞાન તપના કારણે કમઠ તાપસ ત્યાંથી મરીને મેઘમાળી નામનો દેવ બન્યો. ભાવી તીર્થંકરો દ્વારા ગૃહસ્થાવાસમાં આ પ્રમાણે ધર્મક્રાન્તિનું આ એક અદ્વિતીય ઉદાહરણ છે.

मूलः–

पासे णं अरहा पुरिसादाणीए दक्खे दक्खपइण्णे पडिरूवे अल्लीणे भद्दए विणीए तीसं वासाइं अगारवासमज्झे वसित्ताणं पुणरवि लोयंतिएहिं जियकप्पिएहिं देवेहिं ताहिं इट्ठाहिं जाव एवं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वयासी-जय जय नंदा जय जय भद्दा, भद्दं ते जाव जय जय सद्दं पउंजंति ॥ १५२ ॥

અર્થ: પુરુષાદાણીય અર્હંત પાર્શ્વ દક્ષ હતા, દક્ષ પ્રતિજ્ઞાવાળા હતા, ઉત્તમ રૂપવાળા, સર્વગુણોથી યુક્ત ભદ્ર અને વિનીત હતા. તેઓ ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. તે પછી પોતાની પરંપરાનું પાલન કરતાં લોકાન્તિક દેવોએ આવીને ઇષ્ટવાણી દ્વારા આ પ્રમાણે કહ્યું–"હે નંદ! (આનંદકારી) તમારો જય થાઓ, વિજય થાઓ! હે ભદ્ર! તમારો જય થાઓ, વિજય થાઓ!" યાવત્ આ પ્રમાણે જય-જય શબ્દનો પ્રયોગ કરે છે.

——* દીક્ષા:-

मूल:–

पुव्विं पि णं पासस्स अरहओ पुरिसादाणियस्स माणुस्सगाओ गिहत्थधम्माओ अणुत्तरे आहोहियए तं चेव सव्वं जाव दायं दाइयाणं परिभाएत्ता जे से हेमंताणं दोच्चे मासे तच्चे पक्खे पोसबहुले तस्स णं पोसबहुलस्स एक्कारसीदिवसेणं पुव्वण्हकालसमयंसि विसालाए सिवियाए सदेवमणुयासुराए परिसाए तं चेव सव्वं नवरं वाणारसिं नगरिं मज्झं मज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव आसमपए उज्जाणे जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता असोगवरपायवस्स अहे सीयं ठावेइ, ठावित्ता सीयाओ पच्चोरुहइ, सीयाओ पच्चोरुहित्ता सयमेव आभरणमल्लालंकारं ओमुयति, ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, पंचमुट्ठियं लोयं करित्ता अट्ठमेणं भत्तेणं अपाणएणं विसाहाहिं नक्खत्तेणं जोगमुवागएणं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगं देवदूसमायाय तिहिं पुरिससएहिं सद्धिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ॥ १५३ ॥

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વને માનવીય ગૃહસ્થ ધર્મની પહેલાં પણ ઉત્તમ આભોગિકજ્ઞાન (અવધિજ્ઞાન) હતું. તે બધું વર્ણન ભગવાન મહાવીરના વર્ણનની સમાન અહીં પણ સમજવું જોઈએ. અભિનિષ્ક્રમણ પહેલાં વાર્ષિક દાન દઈને હેમંતઋતુના બીજા માસ, ત્રીજા પક્ષ અર્થાત્ પોષ માસના કૃષ્ણપક્ષની અગિયારસના દિવસે, પૂર્વ ભાગના સમયે (ચડતે પહોરે) વિશાલા શિબિકામાં બેસીને દેવ, માનવ અને અસુરોના વિરાટ સમૂહની સાથે (ભગવાન મહાવીરના વર્ણનની સમાન) વારાણસી નગરીમાં મધ્યમાં થઈને નીકળે છે. નીકળીને જે બાજુ આશ્રમપદ નામનું ઉદ્યાન છે, જ્યાં અશોક નામનું ઉત્તમ વૃક્ષ છે ત્યાં જાય છે. ત્યાં જઈને શિબિકાને ઊભી રખાવે છે, શિબિકામાંથી નીચે ઊતરે છે, પોતાના જ હાથે આભૂષણ માળાઓ અને અલંકાર ઉતારે છે, અલંકાર ઉતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરે છે, લોચ કરીને પાણી વગરનો અટ્ઠમ કરવા સાથે વિશાખા નક્ષત્રનો યોગ આવતા જ, એક દેવદૂષ્ય વસ્ત્રને લઈને બીજા દિવસે ત્રણસો પુરુષોની સાથે મુંડિત થઈ ગૃહવાસથી નીકળી અણગાર અવસ્થાનો સ્વીકાર કરે છે.

मूल :-

पासे णं अरहा पुरिसादाणीए तेसीइं राइंदियाइं निच्चं वोसट्ठकाए चियत्तदेहे जे केइ उवसग्गा उप्पज्जंति, तं जहा- दिव्वा वा माणुस्सा वा, तिरिक्खजोणिया वा, अणुलोमा वा पडिलोमा वा, ते उप्पन्ने सम्मं सहइ तितिक्खइ खमइ अहियासेइ ॥ १५४ ॥

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વે ત્યાસી (૮૩) દિવસો સુધી સતત શરીર તરફના લક્ષ્યનો વ્યુત્સર્ગ કરેલ હતો અર્થાત્ તેમણે શરીરનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખ્યાલ છોડી દીધો હતો. તે કારણે અણગાર દશામાં તેમને જે કાંઈ પણ ઉપસર્ગો આવ્યા, પછી ભલે તે દૈવિક હોય, માનવીય હોય કે પશુ-પક્ષીઓ તરફથી ઉત્પન્ન થએલ હોય, તે બધા ઉપસર્ગો તે નિર્ભયપણે, સમ્યક્ પ્રકારે સહન કરતા હતા. જરા જેટલો પણ ક્રોધ કરતા નહિ. ઉપસર્ગો તરફ તેમની સામર્થ્યયુક્ત તિતિક્ષાવૃત્તિ રહેતી અને તે શરીરને પૂર્ણ અચળ અને દૃઢ રાખીને ઉપસર્ગોને સહન કરતા હતા.

વિવેચનઃ ભગવાન પાર્શ્વનાથે પોષ વદ અગિયારસે સંયમ લઈને વારાણસીથી પ્રસ્થાન કર્યું. સંયમ સાધના અને તપ આરાધના કરતાં એક ગામની પાસે તાપસોના આશ્રમમાં પધાર્યા. કૂવાની પાસે વટવૃક્ષની નીચે તેઓ ધ્યાન લગાવીને ઊભા હતા. કમઠ તાપસ કે જે મરીને મેઘમાલી દેવ બન્યો હતો તે અવધિજ્ઞાન (વિભંગજ્ઞાન)થી ભગવાનને ધ્યાનસ્થ જોઈને ત્યાં આવ્યો. પૂર્વનું વેર યાદ કરીને સિંહ, હાથી, રીંછ, સર્પ, વીંછી વગેરે બનીને ભગવાનને જુદી જુદી રીતે કષ્ટ આપવા લાગ્યો.[૪] તો પણ ભગવાન સુમેરુની માફક સ્થિર રહ્યા, પોતાના અડગ ધ્યાનથી વિચલિત ન થયા ત્યારે તેણે પરાભવ થવાથી ગંભીર ગર્જના કરી, અપાર જળવૃષ્ટિ કરી. નાકની અણી સુધી પાણી આવી જવા છતાંય ભગવાનનું ધ્યાન સ્ખલિત ન થયું. તે વખતે અવધિજ્ઞાનથી ધરણેન્દ્રે મેઘમાલીના ઉપસર્ગને જોયા, ત્યારે ધરણેન્દ્રદેવે સાત ફણાવાળું છત્ર બનાવીને ઉપસર્ગનું નિવારણ કર્યું. ભક્તિભાવનાથી ગદ્ગદ થઈને તેમણે ભગવાનની સ્તુતિ કરી, ધ્યાન-મગ્ન સમદર્શી ભગવાન ન તો સ્તુતિ કરનારા ધરણેન્દ્રદેવ ઉપર તુષ્ટ થયા કે ન ઉપસર્ગ કરનારા દુષ્ટ કમઠ ઉપર રુષ્ટ થયા. તે કારણે આચાર્ય હેમચન્દ્રે પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ કરતાં કહ્યું છેઃ

कमठे धरणेन्द्रे च, स्वोचिते कर्म कुर्वति।
प्रभोस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः॥

પરાજિત થઈ મેઘમાલી પણ ભગવાનના ચરણોમાં નમી પડ્યો. અપરાધની ક્ષમાયાચના કરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * કેવળજ્ઞાન

मूलः—

तए णं से पासे भगवं अणगारे जाए इरियासमिए जाव अप्पाणं भावेमाणस्स तेसीइं राइंदियाइं विइक्कंताइं चउरासीइमस्स राइंदियस्स अंतरा वट्टमाणे जे से गिम्हाणं पढमे मासे पढमे पक्खे चित्तबहुले तस्स णं चित्तबहुलस्स चउत्थीपक्खेणं पुवण्हकालसमयंसि धायतिपायवस्स अहे छट्ठेणं भत्तेणं अपाणएणं विसाहाहिं नक्खत्तेणं जोगमुवागएणं झाणंतरियाए वट्टमाणस्स अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे जाव-केवलवरनाणदंसणे समुप्पन्ने जाव जाणमाणे पासमाणे विहरइ ॥ १५५ ॥

અર્થ: તે પછી ભગવાન પાર્શ્વ અણુગાર થયા, યાવત ઈર્યા સમિતિથી યુક્ત થયા. આ રીતે આત્માને ભાવિત કરતાં કરતાં ત્યાસી (૮૩) રાત્રિદિવસ પસાર થઈ ગયા. ચોરાસીમો દિવસ ચાલી રહેલ હતો. ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત ચૈત્ર માસનો કૃષ્ણ પક્ષ આવ્યો. તે ચૈત્ર માસના ચોથના દિવસે, સવારના ભાગમાં આંબળા (ધાતકી)ના વૃક્ષ નીચે પાણી વગરનો છઠ ભક્ત તપ કરીને શુકલ ધ્યાનમાં લીન હતા ત્યારે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે તેમને ઉત્તમોત્તમ એવું કેવળજ્ઞાન–કેવળદર્શન ઉત્પન્ન થયું. યાવત તે સંપૂર્ણ લોકાલોકના ભાવોને જોતાં થકા વિચરવા લાગ્યા.

——— * શિષ્યસંપદા

मूलः—

पासस्स णं अरहओ पुरिसादाणीयस्स अट्ठ गणा अट्ठ गणहरा होत्था, तं जहा—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुंभे य अज्जघोसे य, वसिट्ठे बंभयारि य ।
सोमे सिरिहरे चेव, वीरभद्दे जसे वि य ॥ १५६ ॥

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના આઠ ગણ અને આઠ ગણધર હતા. તે આ પ્રમાણે – (૧) શુંભ (૨) અજ્જઘોષ (આર્યઘોષ) (૩) વસિષ્ઠ (૪) બ્રહ્મચારી (૫) સોમ (૬) શ્રીધર (૭) વીરભદ્ર અને (૮) યશ.

मूल :–

पासस्स णं अरहओ पुरिसादाणीयस्स अज्जदिण्णपामोक्खाओ सोलस समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था । पासस्स णं अरहओ पुरिसादाणीयस्स पुप्फचूलापामोक्खाओ अट्ठत्तीसं अज्जियासाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था । पासस्स णं अरहओ पुरिसादाणीयस्स सुनंदपामोक्खाणं समणोवासगाणं एगा सयसाहस्सी चउसट्ठिं च सहस्सा उक्कोसिया समणोवासगसंपया होत्था । पासस्स णं अरहओ पुरिसादाणीयस्स सुनंदापामोक्खाणं समणोवासिगाणं तिन्नि सयसाहस्सीओ सत्तावीसं च सहस्सा उक्कोसिया समणोवासियाणं संपया होत्था । पासस्स णं अरहओ पुरिसादाणीयस्स अध्दुट्ठसया चोद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं सव्वक्खर जाव चोद्दसपुव्वीणं संपया होत्था । पासस्स णं अरहओ पुरिसादाणीयस्स चोद्दस सया ओहिनाणीणं, दस सया केवलनाणीणं, एक्कारस सया वेउव्वियाणं, अट्ठट्ठमसया विउलमईणं, छस्सया वाईणं, छ सया रिउमईणं, बारस सया अणुत्तरोववाइयाणं संपया होत्था ॥ १५७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં અજ્જદિણ્ણ (આર્યદત્ત) વગેરે સોળ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં પુષ્પચૂલા વગેરે આડત્રીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકા સંપદા હતી.

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં સુનન્દ વગેરે એક લાખ ચોસઠ હજાર શ્રમણોપાસકની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક-સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં સુનંદા વગેરે ત્રણ લાખ અને સત્તાવીસ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા-સંપદા હતી.

પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં સાડા ત્રણસો જિન નહિ પરંતુ જિન જેવા સર્વાક્ષર સંયોગોના જાણનારા યાવત્ ચૌદ પૂર્વધારીઓની સંપદા હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમુદાયમાં એક હજાર કેવળજ્ઞાનીઓની સંપદા હતી. અગિયારસો વૈક્રિય લબ્ધિવાળાની તથા છસો ઋજુમતિ જ્ઞાનવાળાઓની સંપદા હતી. ભગવાન પાર્શ્વનાથના એક હજાર શ્રમણો સિદ્ધ થયા હતા તથા તેમની બે હજાર આર્યિકાઓ સિદ્ધ થઈ હતી. પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સંઘમાં સાડા સાતસો વિપુલમતિઓની (વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનવાળાઓની) છસો વાદીઓની અને બારસો અનુત્તરોપપાતિકો અર્થાત્ અનુત્તર વિમાનમાં જનારાઓની સંપદા હતી.

મૂલ:—

पासस्स णं अरहओ पुरिसादाणीयस्स दुविहा अंतकड-भूमी होत्था, तं जहा-जुयंतकडभूमी य, परियायंतकडभूमी य। जाव चउत्थाओ पुरिसजुगाओ जुयंतकडभूमी तिवासपरियाए अंतमकासी ॥ १५८ ॥

અર્થ : પુરુષાદાનીય અર્હંત પાર્શ્વના સમયમાં અંતકૃતોની ભૂમિ અર્થાત્ સર્વ દુઃખોના અંત કરવાવાળાઓની ભૂમિકા બે જાતની હતી. જેમકે – એક તો યુગ – અંતકૃત ભૂમિ અને બીજી પર્યાય – અંતકૃત ભૂમિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્ અર્હંત પાર્શ્વથી ચતુર્થ યુગ પુરુષ સુધી યુગાંતકૃત ભૂમિ હતી. અર્થાત ચતુર્થ પુરુષ સુધી મુક્તિમાર્ગ ચાલ્યો હતો. અર્હંત પાર્શ્વના કેવળીપર્યાયને ત્રણ વર્ષ થતાં અર્થાત્ કેવળજ્ઞાન થયાને ત્રણ વર્ષ પસાર થતાં કોઈ સાધકે મુક્તિ પ્રાપ્ત કરી અર્થાત્ મુક્તિ માર્ગનો પ્રારંભ થયો તે તેમના સમયની પર્યાયાંતકૃત ભૂમિ થઈ.

मूलः—

तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए तीसं वासाइं अगारवासमज्झे वसित्ता, तेसीतिं राइंदियाइं छउमत्थपरियायं पाउणित्ता, देसूणाइं सत्तरिं वासाइं केवलि-परियायं पाउणित्ता, बहुपडिपुन्नाइं सत्तरिं वासाइं सामन्न-परियायं पाउणित्ता, एक्कं वाससयं सव्वाउयं पालित्ता खीणे वेयणिज्जाउयनामगोत्ते इमीसे ओसप्पिणीए दूसमसूसमाए समाए बहुवीइक्कंताए जे से वासाणं पढमे मासे दोच्चे पक्खे सावणसुद्धे तस्स णं सावणसुद्धस्स अट्ठमीपक्खेणं उप्पिं सम्मे-यसेलसिहरंसि अप्पचोत्तीसइमे मासिएणं भत्तेणं अपाणएणं विसाहाहिं नक्खत्तेणं जोगमुवागएणं पुव्वण्हकालसमयंसि वग्घारियपाणी कालगए जाव सव्वदुक्खप्पहीणे ॥ १५९ ॥

અર્થ : તે કાળે, તે સમયે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વ ત્રીસ વરસ સુધી ગૃહવાસમાં રહીને ત્યાસી (૮૩) રાત્રિ દિવસ છદ્મસ્થ પર્યાયમાં રહીને કંઇક ઓછા ૭૦ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહીને એ રીતે પૂરેપૂરાં સિત્તેર વરસ સુધી શ્રમણ પર્યાયનું પાલન કરીને, કુલ સો વરસ સુધી તેમનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને, વેદનીય કર્મ, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ ક્ષીણ થયાં ત્યારે દુષમ-સુષમ નામનો અવસર્પિણી કાળનો ચોથો આરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણો વ્યતીત થઈ ગયો ત્યારે વર્ષાઋતુનો પ્રથમ માસ બીજો પક્ષ અર્થાત જ્યારે શ્રાવણ માસનું અજવાળિયું (શુકલ) પખવાડિયું આવ્યું ત્યારે એટલે કે શ્રાવણ સુદ ૮ના દિવસે સમ્મેત શિખર પર્વત ઉપર પોતાના સહિત ચોત્રીસ પુરુષોની સાથે (૧ પાર્શ્વનાથ અને બીજા તેત્રીસ શ્રમણ આ પ્રમાણે કુલ ૩૪) એક માસનું અનશન કરીને (એક માસના ચોવિહાર ઉપવાસ કરીને) સવારના વખતે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે બન્ને હાથ લાંબા કરેલ હતા એવા પ્રકારની ધ્યાનમુદ્રામાં અવસ્થિત રહીને કાળધર્મને પ્રાપ્ત થયા, યાવત સર્વ દુઃખોથી મુક્ત થયા.

मूलः—

पासस्स णं अरहओ पुरिसादाणियस्स कालगतस्स जाव सव्वदुक्खप्पहीणस्स दुवालस वाससयाइं विइक्कंताइं तेरसमस्स य वाससयस्स अयं तीसइमे संवच्छरकाले गच्छइ ॥ १६० ॥

અર્થ: પુરુષાદાનીય અર્હંત પાર્શ્વને કાળધર્મ પ્રાપ્ત થયાને યાવત સર્વ દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયાને બારસો વરસ વ્યતીત થઈ ગયાં અને આ તેરસોમુ વરસ ચાલી રહેલ છે.

——— * અર્હંત અરિષ્ટનેમિ

मूलः-

तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठनेमी पंचचित्ते होत्था, तं जहा-चित्ताहिं चुए चइत्ता गब्भं वक्कंते जाव चित्ताहिं परिनिव्वुए ॥ १६१ ॥

અર્થ: તે કાળે તે સમયે અર્હંત અરિષ્ટનેમિ પાંચ ચિત્રાયુક્ત હતા અર્થાત તેમના જીવનમાં પાંચ પ્રસંગો ચિત્રા નક્ષત્રમાં બન્યા હતા, જેવા કે—અર્હંત અરિષ્ટનેમિ ચિત્રા નક્ષત્રમાં સ્વર્ગથી ચ્યુત થયા, ચ્યવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભમાં આવ્યા ઇત્યાદિ સંપૂર્ણ હકીકત ચિત્રા નક્ષત્રના પાઠની સાથે પૂર્વની માફક સમજવું. યાવત્ ચિત્રા નક્ષત્રમાં તેઓ પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

——— * જન્મ

मूलः-

तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठनेमी जे से वासाणं चउत्थे मासे सत्तमे पक्खे कत्तियबहुले तस्स णं कत्तियबहुलस्स बारसीपक्खेणं अपराजियाओ महाविमाणाओ बत्तीसं सागरोवमट्ठितीयाओ अणंतरं चयं चइत्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे सोरियपुरे नगरे समुद्दविजयस्स रन्नो भारियाए सिवाए देवीए पुव्वरत्तावरत्तकालसमयंसि जाव चित्ताहिं गब्भत्ताए वक्कंते, सव्वं तहेव सुमिणदंसणदविणसंहरणाइयं एत्थ भणियव्वं ॥ १६२ ॥

અર્થ : તે કાળે તે સમયે અર્હંત અરિષ્ટનેમિ, જ્યારે વર્ષાઋતુનો ચોથો માસ, સાતમો પક્ષ અર્થાત્ કારતક માસના કૃષ્ણ પક્ષનો સમય આવ્યો ત્યારે કારતક દ્વાદશી (વદ-૧૨)ના દિવસે, બત્રીસ સાગરોપમની આયુષ્ય મર્યાદાવાળા અપરાજિત નામના મહાવિમાનમાંથી ચ્યવીને આ જંબુદ્વીપમાં ભારતવર્ષના સોરિયપુર નામના નગરમાં સમુદ્રવિજય રાજાની પત્ની શિવાદેવીની કુક્ષિમાં, રાત્રિના પૂર્વ અને અપરભાગની સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં ચિત્રા નક્ષત્રનો યોગ થયો ત્યારે ગર્ભરૂપે ઉત્પન્ન થયા. ત્યારપછીનું બધું વર્ણન ભગવાન મહાવીરના પ્રકરણમાં આવેલા સ્વપ્નદર્શન, ધનધાન્યની વૃદ્ધિ ઇત્યાદિ સમાન અહીં પણ કહેવું જોઈએ.

मूलः-

तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठनेमी जे से वासाणं पढमे मासे दोच्चे पक्खे सावणसुद्धे तस्स णं सावण-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुद्धस्स पंचमीपक्खेणं नवण्हं मासाणं जाव चित्ताहिं नक्खत्तेणं जोगमुवागएणं अरोगा अरोगं पयाया। जम्मणं समुद्दविजयाभिलावेणं नेतव्वं जाव तं होउ णं कुमारे अरिट्ठनेमी नामेणं ॥ १६३ ॥

અર્થ : તે કાળે તે સમયે વર્ષાઋતુનો પ્રથમ માસ, દ્વિતીય પક્ષ અર્થાત્ શ્રાવણ માસનો શુક્લ પક્ષ આવ્યો, તે સમયે શ્રાવણ સુદ ૫ ના દિવસે નવ માસ અને સાડા સાત દિવસ પૂરા થતાં યાવત્ મધ્ય રાત્રિનો ચિત્રા નક્ષત્રનો યોગ થતાં જ, આરોગ્ય યુક્ત (સ્વસ્થ) માતાએ આરોગ્યવંત અર્હંત અરિષ્ટનેમિને જન્મ આપ્યો. જન્મનું ઇતિવૃત્ત 'પિતા સમુદ્રવિજય' આ પાઠની સાથે પૂર્વવત્ સમજવું જોઇએ યાવત્ 'આ કુમારનું નામ અરિષ્ટનેમિકુમાર થાએ।' વગેરે બધું કહી દેવું.

વિવેચન : અર્હંત અરિષ્ટનેમિ બાવીસમા તીર્થંકર હતા.[૯] તેમના પિતાનું નામ સમુદ્રવિજય અને માતાનું નામ 'શિવા' હતું[૧૦] તેમને ત્રણ ભાઇઓ હતા. તેમના નામ આ પ્રમાણે છે 'રથનેમિ'[૧૧] 'સત્યનેમિ' અને 'દૃઢનેમિ'[૧૨] તેમનું ગોત્ર ગૌતમ હતું.[૧૩] અને કુળ વૃષ્ણિ હતું.[૧૪] તેમનું શરીર શ્યામવર્ણ હતું પરંતુ મુખાકૃતિ અત્યંત મનમોહક હતી. તેઓ એક હજારને આઠ શુભ લક્ષણોના ધારક હતા.[૧૫] વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. મત્સ્યના આકારનું તેનું ઉદર હતું. તેઓ અતુલ બળશાળી હતા. તેમનાં પરાક્રમદર્શનનો એક મધુર પ્રસંગ છે.

* પરાક્રમદર્શન

એક વખત ફરતા ફરતા અર્હંત અરિષ્ટનેમિ શ્રી કૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા. સ્નેહી સાથીઓની પ્રેરણાથી પ્રેરિત થઈને વાસુદેવ શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રને આંગળી ઉપર રાખીને કુંભારના ચાકડાની માફક ઘુમાવ્યું. શાર્ઙ્ગધનુષ્યને કમળની નાળની માફક વાળી દીધું. કૌમુદી ગદાને સહજરૂપે ઉઠાવીને ખભા ઉપર રાખી દીધી અને પાંચજન્યશંખને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે વગાડયો કે આખી દ્વારિકા ભયથી કંપી ઊઠી. તે ધ્વનિ સાંભળીને શ્રી કૃષ્ણનું હૃદય પણ ધડકવા લાગ્યું. શત્રુના ભયથી ભયભીત બનેલા શ્રી કૃષ્ણ આયુધશાળામાં આવ્યા. અરિષ્ટનેમિ દ્વારા શંખ વગાડયાની વાત જાણીને ચકિત થયા છતાં પણ શકિત પરીક્ષણને માટે શ્રી કૃષ્ણે અરિષ્ટ-નેમિને કહ્યું– ચાલો, વ્યાયામશાળામાં કે જ્યાં આપણા બાહુબળની પરીક્ષા કરીએ કેમકે પાંચજન્ય શંખ ફૂંકવાની શકિત મારા સિવાય અન્ય કોઈમાં નથી.

અરિષ્ટનેમિએ સ્વીકૃતિ આપી, બન્ને વ્યાયામશાળામાં પહોંચ્યા. કૃષ્ણે ભુજા લાંબી કરી અને કહ્યું : "આને તમે વાળી દો. અરિષ્ટનેમિએ તે ભુજાને એવી વાળી દીધી કે જેમ વૃક્ષની ડાળ વાળી હોય. ત્યાર પછી જ્યારે અરિષ્ટનેમિએ ભુજા લાંબી કરી ત્યારે શ્રી કૃષ્ણે પ્રબળ પ્રયત્ન કરવા છતાં પણ તેને ન વાળી શકયા.[૧૮] આ ઘટના તેમના મહાન ધૈર્ય, શૌર્ય અને પ્રબળ પરાક્રમના ભાવને ઓપ આપી રહેલ છે.

શ્રી કૃષ્ણ અરિષ્ટનેમિના અતુલ બળને જોઈને ચકિત થઈ ગયા, સાથે સાથે તેઓ ચિંતામગ્ન પણ બની ગયા. તે જ વખતે આકાશવાણી થઈ કે અરિષ્ટનેમિ કુમારાવસ્થામાંજ પ્રવ્રજ્યા ગ્રહણ કરશે.[૧૯]

——— * રાજુલની માગણી :–

શ્રીકૃષ્ણે કુમાર નેમિનાથને વિવાહના માટે પ્રેમપૂર્વક આગ્રહ કર્યો પણ તેનો સ્વીકાર થયો નહિ. તેઓ ઇચ્છતા હતા કે નેમિકુમાર વિવાહિત થઈ જાય તો તેમનું અતુલ પરાક્રમ ક્ષીણ થઈ જાય અને પછી કદી પણ તેનાથી ભય કે શંકા રહેશે નહિ. તે કારણે સત્યભામા વગેરેને શ્રીકૃષ્ણે સંકેત કર્યો. શ્રીકૃષ્ણના સંકેત અનુસાર સત્યભામા વગેરે રાણીઓએ વસંત-ઋતુમાં રેવતાચળ (ગિરનાર) ઉપર વસંતક્રીડા કરતાં હાવભાવ-કટાક્ષ વગેરે દ્વારા નેમિકુમારના હૃદયમાં વાસના જાગૃત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ સફળ ન થઈ ત્યારે રુકિમણી, સત્યભામા, જાંબવતી, પદ્માવતી, ગાંધારી, લક્ષ્મણા વગેરેએ સ્ત્રીના મહત્ત્વ ઉપર પ્રકાશ નાખતાં કહ્યું : "સ્ત્રી વિના માનવ અપૂર્ણ છે, સ્ત્રી અમૃત છે, નારીજ નારાયણી છે, વગેરે." પોતાની ભાભીઓનાં મોહભર્યાં વચનો સાંભળીને નેમિકુમાર મૌન રહ્યા અને તેમની અજ્ઞાનતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર મનોમન હસવા લાગ્યા. કુમારને મૌન દેખીને 'अनिषिद्धमनुमतम्' અનુસાર બધી રાણીઓ આનંદથી નાચી ઊઠી અને સર્વત્ર સમાચાર પ્રસારિત કરી દેવામાં આવ્યા કે અરિષ્ટનેમિ વિવાહને માટે તૈયાર થઈ ગયા છે.[૨૦]

શ્રીકૃષ્ણે મહારાજા ઉગ્રસેનની રૂપવતી કન્યા રાજમતીની યાચના કરી, રાજિમતી સર્વ લક્ષણોથી સંપન્ન, વિદ્યુત સમાન પ્રભાવાળી રાજકન્યા હતી.[૨૧] રાજિમતીના પિતા ઉગ્રસેને કૃષ્ણને કહ્યું: 'કુમાર અહીં આવે તો હું તેમને મારી રાજકુંવરી આપું." શ્રીકૃષ્ણે તેની સ્વીકૃતિ આપી દીધી.

બન્ને બાજુ વિવાહની તૈયારીઓ થવા લાગી. મંગળગીતો ગવાવા લાગ્યાં. અરિષ્ટનેમિને સર્વ ઔષધિઓના જળથી સ્નાન કરાવવામાં આવ્યું. કૌતુક મંગળ કરવામાં આવ્યાં. દિવ્યવસ્ત્રો અને આભૂષણ પહેરાવવામાં આવ્યાં. વાસુદેવ શ્રીકૃષ્ણના મદોન્મત્ત ગંધ હસ્તી ઉપર તેઓ આરૂઢ થયા. તે સમયે તેઓ એવી રીતે સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે મસ્તક ઉપર ચૂડામણિ હોય.[૨૨] શિર ઉપર છત્ર સુશોભિત થઈ રહેલ હતું. બન્ને બાજુ ચામર વિંઝાઈ રહ્યા હતા. દશાર્હ ચક્રથી તેઓ ચારે બાજુ ઘેરાયેલા હતા. વાજિંત્રોથી આકાશ ગૂંજી રહેલ હતું. ચતુરંગિણી સેનાની સાથે તેમની જાન આગળને આગળ જઈ રહેલ હતી. બધાંના હૃદય ખુશીથી ઊછળી રહ્યાં હતા.

* તોરણથી પાછા ફરી ગયા

તે યુગમાં માંસાહારનો ઘણો વધારે પ્રચાર હતો. રાજા ઉગ્રસેને જનૈયાઓનાં ભોજનને માટે સેંકડો પશુ અને પક્ષીઓ એકત્ર કર્યાં હતાં. વરરાજા તરીકે જ્યારે અરિષ્ટનેમિ ત્યાં પહોંચ્યા ત્યારે તેમને એક વાડામાં બંધ કરેલાં પશુઓનાં કરુણ રુદન સાંભળવામાં આવ્યાં. તેમનું હૃદય દયાથી દ્રવિત થઈ ઊઠ્યું.[૬૩]

ભગવાને સારથિને પૂછ્યું : "હે મહાભાગ! તે બધા સુખાર્થી જીવોને પાંજરામાં શા માટે નાખવામાં આવેલાં છે?" સારથિએ કહ્યું: 'આ બધા ભદ્ર અને મૂક પ્રાણીઓ આપના વિવાહકાર્યમાં આવેલી વ્યક્તિઓના ભોજનને માટે છે.[૨૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરુણામૂર્તિ અરિષ્ટનેમિએ વિચાર્યું– મારા કારણે એવા ઘણાએ જીવોને મારી નાખવામાં આવે તો મારે માટે તે ભવિષ્યમાં કલ્યાણપ્રદ નહિ બને– તેમ કહીને તેમને પોતાનાં કુંડળ-કંદોરો વગેરે આભૂષણો ઉતારીને સારથિને આપી દીધાં અને રથ પાછો વાળવા કહ્યું– "સારથિ! પાછા ચાલો, મારે એ જાતના હિંસાકારી વિવાહ કરવા નથી." શ્રીકૃષ્ણ વગેરે ઘણાએ સમજાવવા છતાં પણ તે માન્યા નહિ. દ્વારકા તરફ વિવાહ કર્યા વિના જ પાછા ચાલી નીકળ્યા.

રાજિમતીના ચહેરા ઉપર જે ગુલાબી ખુશી છવાયેલ હતી તે પ્રભુના પાછા ફરવાથી વિલીન થઈ ગઈ. તે પોતાના ભાગ્યને દોષ દેવા લાગી. તેને ઘણું જ દુઃખ થયું. અરિષ્ટનેમિ તેના હૃદયમાં વસેલ હતા. માતા-પિતા અને સખીઓએ સમજાવ્યું, 'અરિષ્ટનેમિ ચાલ્યા ગયા તો શું થયું– ઘણાએ સારા વર પ્રાપ્ત થઈ જશે.' તેમણે દૃઢતાથી કહ્યું– 'વિવાહનાં બાહ્ય રીતિરિવાજો (વરણના) ભલેને ન થયાં હોય પરંતુ હૃદયથી તો મેં તેમને વરણ કરી લીધેલ છે. હવે હું આજન્મ તે પ્રભુની ઉપાસના કરીશ.

——— * દીક્ષા :

मूलः–

अरहा अरिट्ठनेमी दक्खे जाव तिन्नि वाससयाइं कुमारे अगारवासमज्झे वसित्ता णं पुणरवि लोयंतिएहिं जीयकप्पिएहिं देवेहिं तं चेव सव्वं भाणियव्वं जाव दायं दाइयाणं परिभाएत्ता जे से वासाणं पढमे मासे दोच्चे पक्खे सावणसुद्धे तस्स णं सावणसुद्धस्स छट्ठीपक्खेणं पुव्वण्हकालसमयंसि उत्तरकुराए सीयाए सदेवमणुयासुराए परिसाए अणुगम्ममाणमग्गे जाव बारवईए नगरीए मज्झं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव रेवयए उज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता असोगवरपायवस्स

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहे सीयं ठावेइ, सीयं ठावित्ता सीयाए पच्चोरुहइ, सीयाए पच्चोरुहित्ता सयमेव आभरणमल्लालंकारं ओमुयइ ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करित्ता छट्ठेणं भत्तेणं अपाणएणं चित्ताहिं नक्खत्तेणं जोगमुवागएणं एगं देवदूसमादाय एगेणं पुरिससहस्सेणं सद्धिं मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ॥ १६४ ॥

અર્થ : અર્હંત અરિષ્ટનેમિ દક્ષ હતા યાવત્ તે ત્રણસો વર્ષ સુધી કુમારાવસ્થામાં–ગૃહવાસમાં રહ્યા. ત્યાર પછી જેમનો જિતાચાર છે એવા લોકાન્તિકદેવોએ આવીને તેમને પ્રાર્થના કરી–સંસારનું કલ્યાણ કરવા માટે વગેરે કથન કે જે પૂર્વે આવી ગયેલ છે તેવું જ અહીં પણ કહેવું યાવત્ અભિનિષ્ક્રમણ પહેલાં એક વર્ષ સુધી દાન આપ્યું.

જ્યારે વર્ષાઋતુનો પ્રથમ માસ દ્વિતીય પક્ષ અર્થાત્ શ્રાવણ માસનો શુકલ પક્ષ આવ્યો તે શ્રાવણ સુદ છઠના દિવસે, પૂર્વાહ્ણના સમયે જેમની પાછળ દેવ, માનવ અને અસુરોની મંડળી ચાલી રહેલ છે એવા અરિષ્ટનેમિ ઉત્તરકુરા નામની શિબિકામાં બેસીને યાવત્ દ્વારિકા નગરીના મધ્યભાગમાં થઈને નીકળે છે, નીકળીને જે તરફ રૈવત નામનું ઉદ્યાન છે[૨૩] ત્યાં આવે છે, આવીને ઉત્તમ અશોક વૃક્ષ નીચે શિબિકાને ઊભી રખાવે છે, શિબિકામાંથી નીચે ઊતરે છે. ઉતરીને પોતાના જ હાથેથી આભરણ, માળાઓ અને અલંકારો નીચે ઉતારે છે, ઉતારીને પોતાના જ હાથેથી પંચમુષ્ટિ લોચ કરે છે. લોચ કરીને પાણીરહિત, ષષ્ઠ ભક્ત (છઠનો ઉપવાસ) કરીને ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં જ દેવદૂષ્ય વસ્ત્ર લઈને એક હજાર પુરુષોની સાથે મુંડિત થઈને ગૃહવાસને ત્યાગીને અણગારત્વનો સ્વીકાર કરે છે.

વિવેચનઃ હિંસાને રોકવા માટે ભગવાન વિવાહ કર્યા વિના જ પાછા ફર્યા પરંતુ અહીં એ યાદ રાખવું જોઈએ કે પાછા ફરતાં સીધા શિબિકામાં બેસીને પ્રવ્રજ્યા માટે રવાના ન થયા. કદાચ સીધા જ રવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા હોત તો પ્રશ્ન એ છે કે તેમણે વર્ષીદાન ક્યારે આપ્યું? શું વરરાજા બની આવતાં પહેલાંજ વર્ષીદાન આપી ચૂક્યા હતા? નહિ, તેઓ ત્યાંથી ઘેર પાછા આવે છે, એક વરસ સુધી વર્ષીદાન આપે છે, ત્યાર પછી એક હજાર પુરુષોની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. સામાયિક ચારિત્ર ગ્રહણ કરતાંજ પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે.

આ સમય દરમ્યાન પ્રેમમૂર્તિ રાજીમતી અરિષ્ટનેમિની એકીટશે (પલક માર્યા વગર) રાહ જોતી હતી. તે નિરંતર એમ વિચારતી રહી કે ભગવાન મારી અવશ્ય સંભાળ લેશે જ પરંતુ તેની તે ભાવના પૂર્ણ ન થઈ શકી. બાર માસ સુધી તેના હૃદયમાં વિવિધ સંકલ્પ-વિકલ્પો ઉઠતા રહ્યા. જેને કવિઓએ બાર માસાના રૂપમાં ચિત્રિત કરેલ છે.

—— * કેવળજ્ઞાનઃ-

मूलः-

अरहा णं अरिट्ठनेमी चउप्पन्न राइंदियाइं निच्चं वोसट्ठकाए चियत्तदेहे तं चेव सव्वं जाव पणपन्नइमस्स राइंदियस्स अंतरा वट्टमाणे, जे से वासाणं तच्चे मासे पंचमे पक्खे अस्सोयबहुले तस्स णं अस्सोयबहुलस्स पन्नरसीपक्खेणं दिवसस्स पच्छिमे भागे उर्प्पि उज्जिंतसेलसिहरे वडपायवस्स अहे अट्ठमेणं भत्तेणं अपाणएणं चित्ताहिं नक्खत्तेणं जोगमुवागएणं झाणंतरियाए वट्टमाणस्स जाव अणंते अणुत्तरे जाव सव्वलोए सव्वजीवाणं भावे जाणमाणे पासमाणे विहरइ ॥ १६५ ॥

અર્થ: અર્હંત અરિષ્ટનેમિ ચોપન દિવસ અને રાત ધ્યાનમાં રહ્યા. તેમણે શરીરનું લક્ષ્ય છોડી દીધું. શારીરિક વાસના છોડી દીધી. આ બધી વિગતો પૂર્વે આવી ગઈ છે તે અહીં સમજી લેવી. અર્હંત અરિષ્ટનેમિને આ પ્રમાણે ધ્યાનમાં રહેતા પંચાવનમો દિવસ આવી ગયો. જ્યારે તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચાવનમાં દિવસમાં સંચરણ કરી રહ્યા હતા ત્યારે વર્ષાઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ અર્થાત્ આસો વદ અમાસને દિન અપરાહ્નમાં ઉર્જયંત શૈલ શિખર (રૈવતાચલ પર્વત) પર વેંત (વેતસ)ના વૃક્ષની નીચે પાણી રહિત, અઠ્ઠમનું તપ કરીને રહેલાં હતા. તે સમયે ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં ધ્યાનસ્થ તેમને અનંત યાવત્ ઉત્તમ કેવળજ્ઞાન, કેવળ દર્શન ઉત્પન્ન થયા. હવે તેઓ સમસ્ત દ્રવ્ય અને તેમની સંપૂર્ણ પર્યાયોને જાણતાં અને જોતાં વિચરવા લાગ્યા.

વિવેચન : ભગવાન નેમિનાથના દીક્ષા ગ્રહણ કર્યા પછી રાજીમતીના રૂપ ઉપર ભગવાન નેમિનાથના નાનાભાઈ રથનેમિ મુગ્ધ બની ગયા હતા. તે રાજીમતીને પોતાને વશ કરવા માટે નિત્ય–નવીન ઉપહાર ભેટ મોકલતા. ભોળી ભદ્રિક રાજીમતી તેનો આ કુટિલ વ્યવહાર સમજી શકી નહિ. તે અરિષ્ટનેમિનો જ ઉપહાર સમજી પ્રેમપૂર્વક તેને ગ્રહણ કરતી રહી.

એક દિવસ એકાન્તમાં રાજીમતીને જોઈને રથનેમિએ પોતાના હૃદયની ઇચ્છા અભિવ્યકત કરી. રાજીમતીએ જ્યારે તે વાત સાંભળી ત્યારે બધું રહસ્ય સમજી ગઈ. બીજે દિવસે જ્યારે રથનેમિ આવ્યા ત્યારે તેને સમજાવવા માટે તેણે સુગંધિત દૂધ પીધું અને પછી વમનની દવા (મદનફળ) લીધી. જ્યારે દવાના પ્રભાવથી વમન થયું ત્યારે તેને એક સોનાના પાત્રમાં ગ્રહણ કરી લીધું અને રથનેમિને કહ્યું કે 'જરા આનું પાન કરો.'

રથનેમિએ નાક-મોઢું સંકોચીને કહ્યું 'શું હું તમારો કૂતરો છું કે આનું પાન કરું', વમનને ચાટવાનું, પાન કરવાનું કામ તો શ્વાન કરે, માણસ નહિ.'

રાજીમતીએ કહ્યું : "ઘણું સારું. તો હું પણ અરિષ્ટનેમિ દ્વારા વમન કરાયેલી છું તેમ છતાં મારાં ઉપર મુગ્ધ થઈને મારી કેમ ઇચ્છા કરી રહ્યા છો? તમારો વિવેક કેમ નષ્ટ થઈ ગયો છે, શું તે પણ વમનપાન નથી?

રાજીમતીના તિરસ્કારથી રથનેમિ લજ્જિત થઈ નીચું માથું કરી પોતાને ઘેર ચાલ્યા આવ્યા.[૨૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનને કેવળજ્ઞાન થયાના સમાચાર પ્રાપ્ત થતાં જ શ્રીકૃષ્ણ વગેરે ત્યાં પહોંચ્યા. ભગવાનના ઉપદેશથી વરદત્ત વગેરે એ હજાર રાજાઓએ પ્રવજ્યા ગ્રહણ કરી. પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

શ્રીકૃષ્ણે ભગવાન સમક્ષ જિજ્ઞાસા રજૂ કરી કે "ભગવન્! રાજીમતીનો આપના ઉપર આટલો અપાર સ્નેહ કેમ છે?

સમાધાન કરતાં ભગવાને કહ્યું—આજથી નવમા ભવે હું 'ધન' નામનો રાજપુત્ર હતો અને તે રાજમતીનો જીવ, 'ધનવતી' નામની મારી પત્ની હતી. ત્યાંથી પ્રથમ દેવલોકમાં દેવ બન્યો અને તે દેવી બની. ત્યાંથી ચ્યુત થઈને મારો જીવ ચિત્રગતિ નામનો વિદ્યાધર થયો અને તે મારી રત્નવતી નામની પત્ની થઈ. ત્યાંથી અમે બન્ને ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને હું અપરાજિત નામનો રાજા થયો, અને તે પ્રિયતમા નામની રાણી થઈ. ત્યાંથી અમે બન્ને અગિયારમા દેવલોકમાં દેવ થયાં. તે પછી હું શંખ નામનો રાજા થયો અને તે યશોમતી નામની રાણી થઈ. ત્યાંથી અમે બન્ને અપરાજિત દેવલોકમાં ગયાં અને ત્યાંથી ચ્યવીને હું અરિષ્ટનેમિ થયો અને તે રાજીમતી થઈ છે. પૂર્વભવોનો સ્નેહસંબંધ હોવાના કારણેજ તેને અત્યધિક અનુરાગ મારા પ્રત્યે છે.[૨૮]

—— * રાજીમતીની દીક્ષા: રથનેમિને પ્રતિબોધ:-

ભગવાન ત્યાંથી વિહાર કરીને રૈવતક પર્વત ઉપર પધાર્યા. સમવસરણની રચના થઈ. રાજીમતી વિચારવા લાગી—ભગવાનને ધન્ય છે કે જેમણે મોહને જીતી લીધો છે. ધિક્કાર છે મને કે જે હું મોહના કાદવમાં ફસાયેલી છું. મારે માટે એજ શ્રેયસ્કર છે કે હું દીક્ષા લઈ લઉ.[૨૯]

એવો દૃઢ સંકલ્પ કરીને રાજીમતીએ કાંસકી વગેરેથી સજાવેલા ભમરા જેવા કાળા કેશને ઉખેડી નાખ્યા. સર્વ ઈન્દ્રિયોને જીતીને દીક્ષાને માટે તૈયાર થઈ. શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા "હે કન્યા! આ ભયંકર સંસાર સાગરમાંથી તું શીઘ્ર તર" રાજીમતીએ દીક્ષા ગ્રહણ કરી.[૩૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા લીધા પછી એક વખત રાજીમતી રૈવતક પર્વત તરફ જઈ રહેલ હતી. તે વખતે મુસળધાર વરસાદ થવાથી તેનાં વસ્ત્રો ભીનાં થઈ ગયાં. સાથેની અન્ય સાધ્વીઓ પણ આડી અવળી થઈ ગઈ. રાજીમતીએ વરસાદથી બચવા માટે એક અંધારી ગુફાનો આશ્રય લીધો. એકાન્ત સ્થાન સમજીને બધાં ભીના વસ્ત્રો ઉતારી સુકવવા માટે પહોળાં કર્યા.

રાજીમતીના ફિટકારથી પ્રતિબુદ્ધ થઈને રથનેમિ પ્રવ્રજિત થઈ ગયા હતા અને તેઓ તે જ ગુફામાં ધ્યાનમગ્ન હતા. આજે વિજળીના ચમકારામાં રાજીમતીને એકલી અને નિર્વસ્ત્ર જોઈને તેમનું મન ફરીને ચલિત થઈ ગયું. એટલામાં એકાએક રાજીમતીની દૃષ્ટિ પણ તેના ઉપર પડી. તેને દેખતાંની સાથે જ તે શેહ ખાઈ ગઈ, ભયભીત બની. પોતાનાં અંગોને ઢાંકીને જમીન ઉપર બેસી ગઈ.[૩૧]

કામવિહ્વળ રથનેમિએ રાજીમતીને કહ્યું – હે સુરૂપા! 'હું રથનેમિ છું. તું મને અંગીકાર કર. જરા જેટલો પણ સંકોચ ન કર. આવો! આ એકાન્ત સ્થાનમાં આપણે ભોગો ભોગવીએ અને સાંસારિક ભોગોનો આનંદ લીધા પછી ફરી સંયમ લઈ લઈશું."

રાજીમતીએ જોયું કે – રથનેમિનું મનોબળ તૂટી ગયેલ છે, તે વાસના – વિહ્વળ થઈને સંયમથી ભ્રષ્ટ થઈ રહેલ છે. તેણે ધૈર્યની સાથે કહ્યું :– 'ભલેને તમે રૂપમાં વૈશ્રમણ જેવા હો, ભોગલીલામાં નળકુબેર કે સાક્ષાત ઇન્દ્ર સમાન હો તો પણ હું તમારી ઇચ્છા કરતી નથી.' અગંધન કુળમાં ઉત્પન્ન થયેલ સર્પ પ્રજ્જવલિત અગ્નિમાં જલીને મરવાનું પસંદ કરે છે પણ વમન કરેલા વિષને ફરીને પીવાની ઇચ્છા કરતો નથી. હે કામી! વમન કરેલી વસ્તુ ખાઈને તું જીવતો રહેવા માગે છે તેનાથી તો મરવું શ્રેયસ્કર છે."[૩૨]

સાધ્વી રાજીમતીનાં સુભાષિત વચન સાંભળીને જેવી રીતે હાથી અંકુશથી વશમાં આવે છે તેવી જ રીતે રથનેમિનું મન સ્થિર થઈ ગયું.

રથનેમિએ ભગવાનની પાસે જઈને આલોચના કરી અને ઉત્કૃષ્ટ તપ કરીને મોક્ષે ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજીમતી ચારસો વરસ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી, એક વરસ છદ્મસ્થાવસ્થામાં રહી અને પાંચસો વરસ કેવળી પર્યાયમાં રહીને મુક્ત થઇ.

——— * શિષ્યસંપદા :-

मूलः-

अरहओ णं अरिट्ठनेमिस्स अट्ठारस गणा गणहरा होत्था। अरहओ णं अरिट्ठनेमिस्स वरदत्तपामोक्खाओ अट्ठारस समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था। अरहओ णं अरिट्ठनेमिस्स अज्जजक्खिणिपामोक्खाओ चत्तालीसं अज्जियासाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था। अरहओ अरिट्ठनेमिस्स नंदपामोक्खाणं समणोवासगाणं एगा सयसाहस्सी अउणत्तरिं च सहस्सा उक्कोसिया समणोवासगसंपया होत्था। अरहओ अरिट्ठनेमिस्स महासुव्वयापामोक्खाणं तिन्नि सयसाहस्सीओ छत्तीसं च सहस्सा उक्कोसिया समणोवासियाणं संपया होत्था। अरहओ अरिट्ठनेमिस्स चत्तारि सया चोद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं सव्वक्खर जाव होत्था। पण्णरस सया ओहिनाणीणं, पन्नरस सया केवलनाणीणं, पन्नरस सया वेउव्वियाणं, दस सया विउलमतीणं, अट्ठ सया वाईणं, सोलस सया अणुत्तरोववाइयाणं, पन्नरससमणसया सिद्धा, तीसं अज्जियासयाइं सिद्धाइं ॥१६६॥

અર્થ : અર્હંત અરિષ્ટનેમિને અઢાર ગણ અને અઢાર ગણધર હતા. અર્હંત અરિષ્ટનેમિને વરદત્ત વગેરે અઢાર હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી. અર્હંત અરિષ્ટનેમિને આર્ય યક્ષિણી વગેરે ચાળીસ હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યકા સંપદા હતી. અર્હંત અરિષ્ટનેમિને 'નંદ' વગેરે એક લાખ ઓગણસિતેર હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી. અર્હંત અરિષ્ટનેમિને મહાસુવ્રતા વગેરે ત્રણ લાખ છત્રીસ હજાર શ્રમણોપાસિકાની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા સંપદા હતી. અર્હંત અરિષ્ટનેમિના સંઘમાં જિન નહિ, પરંતુ જિન સમાન, તથા બધા અક્ષરોના સંયોગને યથાર્થ જાણનારા એવા ચારસો ચૌદ પૂર્વધારીઓની સંપદા હતી.

એ જ પ્રમાણે પંદરસો અવધિજ્ઞાનીઓની, પંદરસો કેવળજ્ઞાનીઓની, પંદરસો વૈક્રિયલબ્ધિધારીઓની, એક હજાર વિપુલમતી મનઃપર્યવજ્ઞાનીઓની, આઠસો વાદીઓની અને સોળસો અનુત્તરોપપાતિકોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

તેમના શ્રમણ સમુદાયમાંથી પંદરસો શ્રમણો સિદ્ધ થયા હતા અને ત્રણ હજાર શ્રમણીઓ સિદ્ધ થઈ હતી. આ તેમની સિદ્ધોની સંપદા હતી.

मूलः-

अरहओ णं अरिट्ठनेमिस्स दुविहा अंतकडभूमी होत्था, तं जहा-जुगंतकडभूमी य परियायंतकडभूमी य जाव अट्ठमाओ पुरिसजुगाओ जुगंतकडभूमी दुवासपरियाए अंतमकासी ॥१६७॥

અર્થ: અર્હંત અરિષ્ટનેમિના સમયમાં અંતકૃતોની અર્થાત્ નિર્વાણ પ્રાપ્ત કરનારાઓની ભૂમિકા બે જાતની હતી. જેમ કે—યુગ અંતકૃતભૂમિ અને પર્યાય અંતકૃતભૂમિ યાવત્ અર્હંત અરિષ્ટનેમિના પછીના આઠમા યુગપુરુષ સુધી નિર્વાણનો માર્ગ ચાલતો રહ્યો. તે તેમની યુગ-અંતકૃતભૂમિ હતી. અર્હંત અરિષ્ટનેમિને કેવળજ્ઞાન થયાંને બે વર્ષ પછી કોઈ શ્રમણે સર્વ દુઃખોનો અંત કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી બે વર્ષે નિર્વાણમાર્ગ શરૂ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * પરિનિર્વાણ:

मूल :—

तेणं कालेणं तेणं समएणं अरिहा अरिट्ठनेमी तिन्नि वाससयाइं कुमारवासमज्झे वसित्ता, चउप्पन्नं राइंदियाइं छउमत्थपरियागं पाउणित्ता, देसूणाइं सत्त वाससयाइं केवलिपरियागं पाउणित्ता, पडिपुन्नाइं सत्त वाससयाइं सामन्नपरियागं पाउणित्ता, एगं वाससहस्सं सव्वाउयं पालइत्ता, खीणे वेयणिज्जाउयनामगोत्ते इमीसे ओसप्पिणीए दुसमसुसमाए समाए बहुवीइक्कंताए जे से गिम्हाणं चउत्थे मासे अट्ठमे पक्खे आसाढसुद्धे तस्स णं आसाढसुद्धस्स अट्ठमीपक्खेणं उप्पिं उज्जिंतसेलसिहरंसि पंचहिं छत्तीसेहिं अणगारसएहिं सद्धिं मासिएणं भत्तेणं अपाणएणं चित्ताहिं नक्खत्तेणं जोगमुवागएणं पुव्वरत्तावरत्तकालसमयंसि नेसज्जिए कालगए जाव सव्वदुक्खप्पहीणे ॥ १६८ ॥

અર્થ :– તે કાળે તે સમયે અર્હંત અરિષ્ટનેમિ ત્રણસો વરસ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ચોપન દિવસ છદ્મસ્થ પર્યાયમાં અને થોડાંક ઓછાં સાતસો વરસ સુધી કેવળજ્ઞાની અવસ્થામાં રહ્યા. એમ પૂરેપૂરાં સાતસો વરસ સુધી શ્રમણપર્યાયનું પાલન કરીને અને કુલ એક હજાર વરસનું આયુષ્ય ભોગવીને, વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામકર્મ અને ગોત્રકર્મ આ ચારે અઘાતી કર્મોનો પૂર્ણપણે ક્ષય કરીને, દુષમા–સુષમા નામનો અવસર્પિણી કાળ ઘણો વ્યતીત થઈ ગયો ત્યારે, ગ્રીષ્મ ઋતુના ચોથા માસનો આઠમો પક્ષ અર્થાત્ અષાડ માસનું અજવાળિયું પખવાડિયું આવ્યું ત્યારે, એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષાડ સુદ ૮ ના દિવસે ઉર્જ્જયંત શૈલ શિખર ઉપર બીજા પાંચસો છત્રીસ અણુગારોની સાથે તેમણે નિર્જળ માસિક તપ કર્યું. જ્યારે ચિત્રા નક્ષત્રનો યોગ હતો ત્યારે રાત્રિના પહેલા અને અપરભાગની સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિએ નિષદ્યામાં રહેલા (બેઠાં બેઠાં) અર્હંત અરિષ્ટનેમિ કાળગત થયા. યાવત્ બધાં દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયા.

मूलः—

अरहओ णं अरिट्ठनेमिस्स कालगयस्स जाव सव्वदुक्खप्पहीणस्स चउरासीइं वाससहस्साइं विइक्कंताइं, पंचासीइमस्स य वाससहस्सस्स नव वाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ ॥१६९॥

અર્થ : અર્હંત અરિષ્ટનેમિને કાળધર્મ પામ્યાને યાવત્ બધાં દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને ચોર્યાસી હજાર વરસ થઈ ગયાં અને તે ઉપરાંત પંચાસીમા હજાર વરસનાં નવસો વરસ પણ વ્યતીત થઈ ગયાં. તે ઉપર દસમી શતાબ્દીના એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે અર્થાત અરિષ્ટનેમિને કાળધર્મ પામ્યાને ચોર્યાસી હજાર નવસો એંસી વરસ વ્યતીત થઈ ગયાં.

——— * અર્હંત નમિથી અર્હંત અજિત:—

नमिस्स णं अरहओ कालगयस्स जाव प्पहीणस्स पंच वाससयसहस्साइं चउरासीइं च वाससहस्साइं नव य वाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ ॥ १७० ॥

અર્થ : અર્હંત નમિને કાળધર્મ પામ્યાને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયાંને પાંચ લાખ ચોર્યાસી હજાર નવસો વરસ વ્યતીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ગયાં. તેની ઉપર દસમી શતાબ્દીના આ એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે.

मूलः—

मुणिसुव्वयस्स णं अरहओ कालगयस्स जाव प्पहीणस्स एक्कारस वाससयसहस्साइं चउरासीइं च वाससहस्साइं नव य वाससयाइं विइक्कंताइं दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे गच्छइ ॥ १७१ ॥

અર્થ: અર્હંત મુનિસુવ્રતને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાંને અગિયાર લાખ ચોર્યાસી હજાર અને નવસો વરસ વ્યતીત થઈ ગયાં. તે ઉપર આ દસમી શતાબ્દીના એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે.

વિવેચન: અર્હંત મુનિસુવ્રત જૈન પરંપરાના વીસમા તીર્થંકર થયા. તેમના સમયનો વર્તમાન ભારતીય કાળગણનાની સાથે કોઈ મેળ ખાતો નથી. તેનાં કેટલાંક કારણો હોઇ શકે છે પરંતુ તેમની ઐતિહાસિકતા તો એ વાતથી સિદ્ધ છે કે મહાપદ્મ ચક્રવર્તી તેમના જ સમયમાં થયા કે જેમનો પ્રધાન નમુચિ હતો, જેની પાસેથી વિષ્ણુકુમાર મુનિએ ત્રણ ડગલાં ભૂમિ માગીને શ્રમણોનું સંકટ મટાડયું. નવમા બળદેવ મર્યાદા પુરુષોત્તમ રામ, વાસુદેવ લક્ષ્મણ અને પ્રતિવાસુદેવ રાવણ, પણ અર્હંત મુનિસુવ્રત સ્વામીના સમયમાં થયા એવો જૈન ઇતિહાસકારોનો સુદૃઢ મત છે.[૩૪]

मूल :—

मल्लिस्स णं अरहओ जाव प्पहीणस्स पन्नट्ठिं वाससयसहस्साइं चउरासीइं वाससहस्साइं नव य वाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ ॥ १७२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : અર્હંત મલ્લિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને પાસઠ લાખ ચોર્યાસી હજાર નવસો વર્ષ વ્યતીત થઇ ગયાં. અત્યારે તે ઉપર દસમી શતાબ્દીના એંસીમા વર્ષનો સમય ચાલી રહેલ છે. [૩૫]

मूलः-

अरस्स णं अरहओ जाव प्पहीणस्स एगे वासकोडिसहस्से वितिक्कंते, सेसं जहा मल्लिस्स। तं च एयं-पंचसट्ठिं लक्खा चउरासीइ सहस्सा विइक्कंता तम्मि समए महावीरो निव्वुओ, ततो परं नव सया विइक्कंता, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे गच्छइ। एवं अग्गओ जाव सेयंसो ताव दट्ठव्वं॥ १७३॥

અર્થ : અર્હંત 'અર'ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને એક હજાર કરોડ વર્ષ વ્યતીત થઇ ચૂકયાં છે. અહીં સંપૂર્ણ વૃત્ત શ્રી મલ્લિ ભગવતીના સંબંધમાં કહ્યું તેવું જ જાણવું. અર્હંત 'અર' ના નિર્વાણગમન પછી એક હજાર કરોડ વર્ષમાં શ્રી મલ્લિ અર્હંતનું નિર્વાણ થયું અને અર્હંત મલ્લિના નિર્વાણ બાદ, પાસઠ લાખ ચોર્યાસી હજાર વર્ષ વ્યતીત થઇ ગયાં ત્યારે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા. તેમના નિર્વાણ પછી નવસો વર્ષ વ્યતીત થઈ ગયાં. તે ઉપરાંત આ દસમી શતાબ્દીનું એંસીમું વર્ષ ચાલી રહેલ છે. આ જ પ્રમાણે આગળ શ્રેયાંસનાથનું ઇતિવૃત્ત આવે છે ત્યાં સુધી સમજવું.

मूलः—

कुंथुस्स णं अरहओ जाव प्पहीणस्स एगे चउभागपलिओवमे विइक्कंते पंचसट्ठिं च सयसहस्सा सेसं जहा मल्लिस्स॥ १७४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : અર્હંત કુંથુને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને એક પલ્યોપમના ચોથા ભાગ જેટલો સમય વ્યતીત થઇ ગયો. તે પછી પાંસઠ લાખ વરસ થયાં વગેરે જે કથન ભગવતી મલ્લિના સંબંધમાં કહેલ છે તે બધું અહીં સમજી લેવું.

मूलः--

संतिस्स णं अरहओ जाव प्पहीणस्स एगे चउभागूणे पलितोवमे विइक्कंते पन्नट्ठिं च, सेसं जहा मल्लिस्स ॥ १७५ ॥

અર્થ : અર્હંત શાંતિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને ચાર ભાગ ઓછા એક પલ્યોપમ અર્થાત્ અર્ધ પલ્યોપમ જેટલો સમય વ્યતીત થઇ ગયો. તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થયાં ઇત્યાદિ બધું વૃત્ત જેવું ભગવતી મલ્લિના સંબંધમાં કહેલ છે તેવું જ અહીં સમજવું.[૩૬]

मूलः-

धम्मस्स णं अरहओ जाव प्पहीणस्स तिन्नि सागरोवमाइं विइक्कंताइं पन्नट्ठिं च, सेसं जहा मल्लिस्स ॥ १७६ ॥

અર્થ : અર્હંત 'ધર્મ'ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને ત્રણ સાગરોપમ જેટલો સમય વ્યતીત થયો તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થયાં વગેરે બધું જેવી રીતે ભગવતી મલ્લિના સંબંધમાં કહેલ છે તેવું જ અહીં પણ સમજવું જોઈએ.

मूलः—

अणंतस्स णं जाव प्पहीणस्स सत्त सागरोवमाइं विइक्कंताइं पन्नट्ठिं च सेसं जहा मल्लिस्स ॥ १७७ ॥

અર્થ : અર્હંત અનંતને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને સાત સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. તે પછી પાંસઠ લાખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસ વ્યતીત થયા વગેરે બધું જેવી રીતે ભગવતી મલ્લિના સંબંધમાં કહેલ છે તેવુંજ અહીં પણ જાણવું જોઈએ.

मूलः—

विमलस्स णं जाव प्पहीणस्स सोलस सागरोवमाइं विइक्कंताइं पन्नट्ठिं च सेसं जहा मल्लिस्स ॥ १७८ ॥

અર્થ : અર્હંત વિમળને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયે સોળ સાગરોપમ વ્યતીત થઈ ગયા અને તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થઇ ગયાં વગેરે બધું જેમ મલ્લિ ભગવતીના સંબંધમાં કહ્યું તેમજ જાણવું.

मूलः—

वासुपुज्जस्स णं अरहओ जाव प्पहीणस्स छायालीसं सागरोवमाइं विइक्कंताइं सेसं जहा मल्लिस्स ॥ १७९ ॥

અર્થ : અર્હંત વાસુપૂજ્યને યાવત સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને છેંતાલીસ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઇ ગયો અને તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થઈ ગયાં વગેરે બધું વર્ણન જેમ મલ્લિ ભગવતીના સંબંધમાં કહ્યું છે તેમ અહીં પણ જાણી લેવું.

मूलः—

सेज्जंसस्स णं अरहओ जाव प्पहीणस्स एगे सागरोवमसए विइक्कंते पन्नट्ठिं च सेसं जहा मल्लिस्स ॥ १८० ॥

અર્થ : અર્હંત શ્રેયાંસને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને એકસો સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો તે પછી પાસઠ લાખ વર્ષ વ્યતીત થયાં વગેરે બધું જેમ મલ્લિ ભગવતીના સંબંધમાં કહ્યું તેમ જાણી લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः-

सीयलस्स णं जाव प्पहीणस्स एगा सागरोवमकोडी तिवासअद्धनवमासाहियबायालीसवाससहस्सेहिं ऊणिया विइक्कंता एयम्मि समए वीरे निव्वुए, तओ वि य णं परं नव वाससयाइ विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ ॥ १८१ ॥

અર્થ : અર્હંત શીતળને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુકત થયાંને બેંતાળીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા એક કરોડ સાગરોપમ વ્યતીત થયા પછી ભગવાન મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા અને તે પછી નવસો વરસ વ્યતીત થઈ ગયાં તે ઉપરાંત આ દશમી શતાબ્દીનું એંસીમું વર્ષ ચાલી રહેલ છે.

मूलः—

सुविहिस्स णं अरहओ पुप्फदंतस्स काल जाव सव्वदुक्खप्पहीणस्स दस सागरोवमकोडीओ विइक्कंताओ, सेसं जहा सीअलस्स तं च इमं तिवासअद्धनवमासाहिअबायालीसवाससहस्सेहिं ऊणिआ विइक्कंता इच्चाइ ॥ १८२ ॥

અર્થ : અર્હંત 'સુવિધિ' ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુકત થયાંને એક કરોડ સાગરોપમનો સમય વ્યતીત થઈ ગયો અન્ય બીજું વૃત્તાંત જેમ શીતળ અર્હંતના સંબંધમાં કહેલ છે તેમજ જાણવું. તે આ પ્રમાણે કે—દશ કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ તથા સાડા આઠ માસ ઓછા કરતાં જે સમય આવે તે સમયે મહાવીર સ્વામી નિર્વાણને પ્રાપ્ત થયા. તે પછી નવસો વરસ વ્યતીત થયાં વગેરે બધું પૂર્વવત્ કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

चंदप्पहस्स णं अरहओ जाव प्पहीणस्स एगं सागरोवमकोडिसयं विइक्कंतं सेसं जहा सीतलस्स, तं च इमं-तिवासअद्धनवमासाहियबायालीस (वास) सहस्सेहिं ऊणिगामिच्चाइ ॥ १८३ ॥

અર્થ : અર્હંત 'ચંદ્રપ્રભ' ને સર્વ દુઃખોથી મુક્ત થયાંને એકસો કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો, બાકી બધું જેમ શીતળ અર્હંતના વિષયમાં કહ્યું તેમજ જાણવું. તે આ પ્રમાણે—આ સો કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ વ્યતીત થયા તે ઉપરાંત જે સમય આવે છે તે વખતે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા અને તે પછી નવસો વરસ વ્યતીત થઈ ગયાં વગેરે પૂર્વવત્ સમાન સમજવું.

मूलः~

सुपासस्स णं जाव प्पहीणस्स एगे सागरोवमकोडीसहस्से विइक्कंते, सेसं जहा सीयलस्स, तं च इमं-तिवासअद्धनवमासाहियबायालीससहस्सेहिं ऊणिया विइक्कंता इच्चाइ ॥ १८४ ॥

અર્થ : અર્હંત સુપાર્શ્વને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને એક હજાર કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો, બાકી બધું જેમ શીતળના વિષયમાં કહેલ છે તેમ જાણવું. તે આ પ્રમાણે—એક હજાર કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછાં કરતાં જે સમય આવે છે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા, વગેરે બધું પૂર્વવત્ કહેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः-

पउमप्पभस्स णं जाव प्पहीणस्स दससागरोवमकोडिसहस्सा विइक्कंता, सेसं जहा सीयलस्स, तिवासअद्धनवमासाहियबायालीससहस्सेहिं ऊणिया विइक्कंता इच्चाइयं ॥ १८५ ॥

અર્થ: અર્હંત પદ્મપ્રભને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને દસ હજાર કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. બાકીનો બધો વૃત્તાંત જેવો શીતળના સંબંધમાં કહેલ છે તેવો જાણવો. તે આ રીતે છે, દશ હજાર કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછાં કરતાં જે સમય આવે તે સમયે મહાવીરનું નિર્વાણ થયું આ પ્રમાણે બધું પૂર્વવત્ કહેવું.

मूलः-

सुमइस्स णं जाव प्पहीणस्स एगे सागरोवमकोडी सयसहस्से विइक्कंते, सेसं जहा सीयलस्स, तिवासअद्धनवमासाहियबायालीससहस्सेहिं इच्चाइयं ॥ १८६ ॥

અર્થ: અર્હંત સુમતિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને એક લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો, બાકી બધું શીતળના સંબંધમાં જે કહ્યું તે પ્રમાણે જાણવું. તે આ રીતે– એક લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા કરીને જે સમય આવે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા વિગેરે.

मूल –

अभिनंदणस्स णं जाव प्पहीणस्स दस सागरोवमकोडीसयसहस्सा विइक्कंता, सेसं जहा सीयलस्स, तिवासअद्धनवमासाहियबायालीससहस्सेहिं इच्चाइयं ॥ १८७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ: અર્હંત અભિનંદનને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાંને દસ લાખ કરોડ સાગરોપમ જેટલો કાળ વ્યતીત થઇ ગયો, બાકી બધું જેમ શીતળના સંબંધમાં કહ્યું છે તેમજ જાણવું અર્થાત્ દસ લાખ કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ તથા સાડા આઠ માસ ઓછા કરીને જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા વિગેરે બધું પૂર્વની જેમ સમજવું.

मूलः—

संभवस्स णं अरहओ जाव प्पहीणस्स वीसं सागरोवमकोडिसयसहस्सा विइक्कंता सेसं जहा सीयलस्स, तिवासअद्धनवमासाहियबायालीसवाससहस्सेहिं इच्चाइयं ॥ १८८ ॥

અર્થ: અર્હંત સંભવને યાવત્ સર્વદુઃખોથી મુક્ત થયાંને વીસ લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઇ ગયો, બાકી બધું શીતળના સંબંધમાં કહ્યું તેમજ જાણવું અર્થાત્ વીસ લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા કરતાં જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા.

मूल :—

अजियस्स णं जाव प्पहीणस्स पन्नासं सागरोवमकोडिसयसहस्सा विइक्कंता, सेसं जहा सीयलस्स, तिवासअद्धनवमासाहियबायालीसवाससहस्सेहिं इच्चाइयं ॥ १८९ ॥

અર્થ: અર્હંત અજિતને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાંને પચાસ લાખ કરોડ સાગરોપમ વીતી ગયા. તે સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા કરતાં જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા. પૂર્વવત્ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूल :-

तेणं कालेणं तेणं समएणं उसहे णं अरहा कोसलिए चउ उत्तरासाढे अभीइपंचमे होत्था, तं जहा-उत्तरासाढाहिं चुए चइत्ता गब्भं वक्कंते जाव अभीइणा परिनिव्वुए ॥ १९० ॥

અર્થ : તે કાળે તે સમયે કૌશલિક (કોશલા - અયોધ્યા નગરીમાં થએલા) અર્હંત ઋષભ ચાર ઉત્તરાષાઢાવાળા અને પાંચમા અભિજિત નક્ષત્રવાળા હતા. અર્થાત્ તેમનાં ચાર કલ્યાણકોમાં ઉત્તરાષાઢા નક્ષત્ર આવેલ હતું. પાંચમા કલ્યાણકના સમયે અભિજિત નક્ષત્ર હતું. જેમકે કૌશલિક અર્હંત ઋષભદેવ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચ્યુત થયા અને ચ્યુત થઈને ગર્ભમાં આવ્યા યાવત્ અભિજિત નક્ષત્રમાં નિર્વાણને પ્રાપ્ત થયા.

मूलः-

तेणं कालेणं तेणं समएणं उसभे णं अरहा कोसलिए जे से गिम्हाणं चउत्थे मासे सत्तमे पक्खे आसाढबहुले तस्स णं आसाढबहुलस्स चउत्थीपक्खेणं सव्वट्ठसिद्धाओ महाविमाणाओ तेत्तीससागरोमट्ठितीयाओ अणंतरं चयं चइत्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे इक्खागभूमीए नाभिस्स कुलगरस्स मरुदेवीए भारियाए पुव्वरत्तावरत्तकालसमयंसि आहारवक्कंतीए जाव गब्भत्ताए वक्कंते ॥ १९१ ॥

અર્થ :- તે કાળે તે સમયે કૌશલિક અર્હંત ઋષભ ગ્રીષ્મ ઋતુના ચોથા મહિના, સાતમા પક્ષ અર્થાત્ અષાઢ માસનો કૃષ્ણ પક્ષ આવ્યો ત્યારે તે અષાઢ વદ ચોથના દિવસે, જેમાં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય હોય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાંથી આયુષ્ય વગેરે પૂર્ણ થયા બાદ, દિવ્ય આહાર વિગેરે છૂટી ગયા પછી યાવત્ શીઘ્ર ચ્યવીને આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષમાં, ઇક્ષ્વાકુભૂમિમાં નાભિ કુલકરની ભાર્યા મરુદેવીની કુક્ષિમાં રાત્રિના પૂર્વાહ્ન અને અપરાહ્નની સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થવાથી ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

——* પૂર્વભવ :

વિવેચન : ભગવાન શ્રી ઋષભદેવના જીવને સર્વ પ્રથમ ધન્ના સાર્થવાહના ભવમાં સમ્યગ્દર્શનનો આલોક પ્રાપ્ત થયો હતો. તે વખતે તેઓ મિથ્યાત્વથી મુક્ત થયા હતા તેથી ઋષભદેવના તેર પૂર્વ ભવોનો ઉલ્લેખ અનેક ગ્રંથોમાં કરવામાં આવેલ છે.[૩૭]

(૧) **ધન્ના સાર્થવાહ :** ભગવાન શ્રી ઋષભદેવનો જીવ એક વખત અપર મહાવિદેહ ક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં ધન્ય નામનો સાર્થવાહ થયો. તેની પાસે વિપુલ વૈભવ હતો. તે ઘણે દૂર વિદેશોમાં વ્યાપાર કરતો હતો. એક વખત તેણે એવી ઉદ્‌ઘોષણા કરાવી કે જેમને વસંતપુર વ્યાપાર અર્થે ચાલવું હોય તે મારી સાથે ચાલે. હું તેમને બધી જાતની સગવડ આપીશ. સૈંકડોની સંખ્યામાં લોકો વ્યાપાર અર્થે તેમની સાથે રવાના થયા.

ધર્મઘોષ આચાર્ય, શિષ્યોની સાથે વસંતપુર ધર્મ પ્રચાર અર્થે જવા માગતા હતા. વિકટ સંકટમય રસ્તો હોવાથી સાર્થ વિના જવું અસંભવ હતું. ઉદ્‌ઘોષણા સાંભળીને આચાર્ય શ્રેષ્ઠીની પાસે ગયા અને સાથે ચાલવાની ભાવના અભિવ્યક્ત કરી.

શ્રેષ્ઠીએ પોતાના ભાગ્યની પ્રશંસા કરતાં અનુચરોને આદેશ આપ્યો કે શ્રમણોને માટે ભોજન વગેરેની સગવડોનું પૂર્ણ ધ્યાન રાખવું. આચાર્યે શ્રમણાચારનું વિશ્લેષણ કરતાં બતાવ્યું કે શ્રમણને માટે ઔદ્દેશિક, આધાકર્મિક વગેરે દોષયુક્ત આહાર નિષિદ્ધ છે. તે વખતે એક અનુચર કેરી લઈને આવ્યો. શ્રેષ્ઠીએ કેરી ગ્રહણ કરવા માટે પ્રાર્થના કરી. આચાર્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવ્યું કે જૈન શ્રમણને માટે સચિત્ત પદાર્થ પણ અગ્રાહ્ય છે. શ્રમણની કઠોર ચર્યા સાંભળીને શ્રેષ્ઠી શ્રદ્ધાવાન બની ગયા.

આચાર્ય પણ સાર્થની સાથે રસ્તો પાર કરતા આગળ વધી રહ્યા હતા. વર્ષાઋતુ આવી. આકાશમાં ઊભરાઈ ઊભરાઈને ઘનઘોર ઘટા છવાવા લાગી અને રિમઝિમ વરસાદ વરસવા લાગ્યો. તે વખતે સાર્થ (સંઘ) ભયાનક અટવીમાંથી પસાર થઈ રહ્યો હતો. રસ્તો કાદવથી ભરેલો હતો. સાર્થ તે અટવીમાં વર્ષાવાસ વ્યતીત કરવા માટે રોકાઈ ગયો. આચાર્ય પણ નિર્દોષ સ્થાનમાં સ્થિત થઈ ગયા.

તે અટવીમાં સાર્થને ધાર્યા કરતાં વધારે રોકાઈ જવું પડયું. તેથી સાર્થની ખાદ્યસામગ્રી સમાપ્ત થઇ ગઈ. ભૂખથી પીડાઈને સાર્થના લોકો અરણ્યમાં કંદમૂળ વગેરેનું અન્વેષણ કરી જીવન વ્યતીત કરવા લાગ્યા.

વર્ષાવાસના ઉપસંહાર કાળમાં ધન્ના સાર્થવાહને અચાનક સ્મૃતિ આવી કે મારી સાથેના જે આચાર્ય-પ્રવર આવ્યા હતા, મેં તેનો ખ્યાલજ ન કર્યો. તેમના આહારની શી વ્યવસ્થા હશે? તે તરતજ આચાર્યની પાસે ગયા અને આહારની અભ્યર્થના કરી. આચાર્યે તેને કલ્પ્ય અકલ્પ્યની સમજણ આપી. કલ્પ્ય અકલ્પ્યનું પરિજ્ઞાન કરીને તેણે ઉત્કૃષ્ટ ભાવનાથી પ્રાસુક વિપુલ ઘીનું દાન દીધું. શુદ્ધ ભાવનાના ફળસ્વરૂપે સમ્યકત્વની ઉપલબ્ધિ થઈ.[૩૯]

(૨) **ઉત્તરકુરુમાં મનુષ્ય**: ત્યાંથી ધન્ના સાર્થવાહનો જીવ આયુષ્ય પૂરું કરીને દાનના પ્રભાવથી ઉત્તરકુરુમાં મનુષ્ય થયો.

(૩) **સૌધર્મ દેવલોક**: ત્યાંથી ધન્ના સાર્થવાહનો જીવ સૌધર્મ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો.

(૪) **મહાબલ**: ત્યાંથી ચ્યવીને ધન્ના સાર્થવાહનો જીવ પશ્ચિમ મહાવિદેહના ગંધિલાવતી વિજયમાં વૈતાઢય પર્વતની વિદ્યાધર શ્રેણીના અધિપતિ શતબલ રાજાનો પુત્ર મહાબલ થયો. મહાબલના પિતા સંસારથી વિરક્ત થઇ પુત્રને રાજ્ય કારભાર સોંપીને સ્વયં શ્રમણ બની ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વાર સમ્રાટ મહાબલ પોતાના પ્રમુખ અમાત્યોની સાથે રાજસભામાં બેસીને મનોવિનોદ કરી રહેલ હતા. ત્યારે સ્વયંબુદ્ધ અમાત્યે રાજાને ધર્મનો મર્મ સમજાવ્યો, રાજા પુત્રને રાજ્ય સોંપીને મુનિ બન્યા. દુષ્કૃત્યોની આલોચના કરી અને બાવીસ દિવસનો સંથારો કરીને સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કર્યું.

(૫) ललितांग देव – ત્યાંથી ધન્ના સાર્થવાહનો જીવ ઈશાન કલ્પમાં ललितांग દેવ બન્યો. ત્યાં સ્વયંપ્રભા દેવીમાં તે એટલો આસકત થઇ ગયો કે સ્વયંપ્રભા દેવીનું ચ્યવન થવાથી ललितांगदेव તેના વિરહમાં આકુળ-વ્યાકુળ બની ગયો. ત્યારે સ્વયંબુદ્ધ અમાત્યનો જીવ કે જે તે જ કલ્પમાં દેવ થયો હતો તેણે આવીને તેમને સાંત્વના આપી અને સ્વયંપ્રભા દેવી પણ ત્યાંથી ચ્યવીને માનવલોકમાં નિર્યામિકા નામની બાલિકા બની. કેવળીના ઉપદેશથી શ્રાવિકા બનીને આયુષ્ય પૂર્ણ કરી, ફરી તે જ કલ્પમાં સ્વયંપ્રભા દેવી બની. ललितांगदेव ફરી તેનામાં આસકત થઇ ગયો. જીવનના અંતમાં નમસ્કાર મહામંત્રનો જાપ કરતાં જીવન પૂર્ણ કર્યું.

(૬) **वज्रजंघ** : ત્યાંથી ચ્યવીને ललितांगदेवનો જીવ જંબૂદ્વીપની પુષ્કલાવતી વિજયમાં લોહાર્गલા નગરના અધિપતિ સ્વર્ણગંધ સમ્રાટની પત્ની લક્ષ્મીદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. અહિં તેમનું वज्रजंघ નામ આપવામાં આવ્યું.

સ્વયંપ્રભાદેવી પણ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને પુંડરીકિની નગરીમાં વજ્રસેન રાજાની પુત્રી 'શ્રીમતી' થઇ.

એક વખત 'શ્રીમતી' મહેલની છત ઉપર ઘૂમી રહેલ હતી. તે સમયે પાસેના એક ઉદ્યાનમાં મુનિને કેવળજ્ઞાન થયું. તેના મહોત્સવ નિમિત્તે દેવ–ગણ આકાશમાર્ગથી જઈ રહેલ હતો. આકાશમાર્ગથી જતા દેવસમૂહને નિહાળીને શ્રીમતીને પૂર્વભવની સ્મૃતિ જાગૃત થઈ. તેણે તે સ્મૃતિ એક ચિત્રપટ પર અંકિત કરી. પંડિતા પરિચારિકા તે ચિત્રપટ લઈને રાજમાર્ગ ઉપર કે જ્યાં ચક્રવર્તી વજ્રસેનની વર્ષગાંઠ મનાવવાના હેતુથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક દેશોના રાજકુમારો આવ-જા કરી રહેલ હતા ત્યાં ઊભી રહી ગઈ. વજ્રજંઘ રાજકુમારે જેવું તે ચિત્ર જોયું તેવુંજ તેને પણ પૂર્વભવની સ્મૃતિ જાગૃત થઈ ગઇ. ચિત્રપટ્ટનું આખું ઇતિ-વૃત્ત પંડિતા પરિચારિકાને બતાવ્યું. પરિચારિકાએ શ્રીમતીને અને ફરી શ્રીમતીની પ્રેરણાથી ચક્રવર્તી વજ્રસેનને પરિચય આપીને શ્રીમંતીનું વજ્રજંઘ સાથે પાણિગ્રહણ કરાવ્યું.

શ્રીમતીના પિતા વજ્રસેને સંયમ લીધો ત્યારે સીમાડાના રાજા સમ્રાટ પુષ્કરપાલની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા લાગ્યા. વજ્રજંઘ તેની સહાયતા માટે ગયા અને શત્રુઓ ઉપર વિજયપતાકા લહેરાવીને જ્યારે તેઓ પાછા પોતાની રાજધાનીમાં ફરી રહ્યા હતા ત્યારે તેને જાણ થઈ કે આ અરણ્યમાં બે મુનિઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેમના દિવ્ય પ્રભાવથી દૃષ્ટિવિષ સર્પ પણ નિર્વિષ થઈ ગયો છે. આથી વજ્રજંઘ મુનિઓનાં દર્શન કરવા માટે ગયા. ઉપદેશ સાંભળી વૈરાગ્ય થયો. પુત્રને રાજ્ય સોંપીને સંયમ ગ્રહણ કરીશ તે ભાવનાની સાથે ત્યાંથી પ્રસ્થાન કરીને રાજધાનીમાં પહોંચ્યા. અહીં પુત્રે વિચાર્યું કે પિતાજી જીવતાં મને રાજ્ય આપશે નહિ તેથી રાજ્યલોભમાં ફસાઈને તેણે તે રાતે વજ્રજંઘના મહેલ ઉપર ઝેરીલો ધુમાડો ફેલાવ્યો કે જેની ગંધથી વજ્રજંઘ અને શ્રીમતી બંને મૃત્યુને પ્રાપ્ત થઇ ગયાં.[૪૦]

(૭) **યુગલિક :** ત્યાંથી બંને આયુષ્ય પૂર્ણ કરીને ઉત્તરકુરુમાં યુગલ–યુગલિની બન્યા.

(૮) **સૌધર્મકલ્પ :** ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને સૌધર્મ કલ્પમાં દેવ બન્યા.

(૯) **જીવાનંદ વૈદ્ય :** ત્યાંથી ચ્યવીને ધન્ના સાર્થવાહનો જીવ જીવાનંદ વૈદ્ય બન્યો. તે વખતે ત્યાં પાંચ અન્ય જીવો પણ ઉત્પન્ન થયા. (૧) રાજાના પુત્ર મહીધર (૨) મંત્રીપુત્ર-સુબુદ્ધિ (૩) સાર્થવાહનો પુત્ર પૂર્ણચંદ્ર (૪) શ્રેષ્ઠીપુત્ર ગુણાકર (૫) ઈશ્વરદત્ત પુત્ર કેશવ (જે શ્રીમતીનો જીવ હતો.) આ છએ મિત્રોમાં દૂધ-પાણી જેવો પ્રેમ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના પિતાની માફક જીવાનંદ વૈદ્ય પણ આયુર્વેદ વિદ્યામાં પ્રવીણ હતા. તેમની પ્રતિભાની તેજસ્વિતાથી બધા પ્રભાવિત થતા. એક દિવસ બધા સ્નેહી–સાથી વાર્તાલાપ કરી રહ્યા હતા, એટલામાં ત્યાં એક દીર્ઘ તપસ્વી મુનિ ભિક્ષા માટે આવ્યા. તેઓ કૃમિ–કુષ્ઠની ભયંકર વ્યાધિથી ઘેરાયેલા હતા. સમ્રાટપુત્ર મહીધરે જીવાનંદને કહ્યું: "મિત્રવર! આપ અન્ય ગૃહસ્થ લોકોની ચિકિત્સા કરવામાં દક્ષ છો પરંતુ કૃમિકુષ્ઠ રોગથી ઘેરાયેલ આ તપસ્વી મુનિને નિહાળીને પણ તેમની ચિકિત્સા માટે પ્રવૃત્ત કેમ થતા નથી?"

જીવાનંદ:– "મિત્ર, તમારું કથન સત્ય છે પણ મારી પાસે લક્ષપાક તેલ સિવાય અન્ય આવશ્યક ઔષધિઓ ઉપલબ્ધ નથી."

તેમણે કહ્યું:– "બતાવો! કઇ ઔષધીઓ જોઇએ છે? અમે તેનું મૂલ્ય ચુકવશું, ગમે ત્યાંથી ઉપલબ્ધ થતી હશે ત્યાંથી લાવવા પ્રયાસ કરીશું."

જીવાનંદ:– "બે વસ્તુઓ જોઇએ: એક રત્નકંબલ અને બીજું ગોશીર્ષચંદન."

પાંચેય મિત્રો ઔષધિ લાવવા માટે એક વેપારીની દુકાને પહોંચ્યા. શેઠે કહ્યું: "પ્રત્યેક વસ્તુનું મૂલ્ય એક લાખ દીનાર છે." તેઓ તેટલું મૂલ્ય ચુકવવા જેવા તૈયાર થયા તેવો જ શેઠે પ્રશ્ન કર્યો કે "આવી અમૂલ્ય વસ્તુઓ કોના માટે જોઇએ છે?" તેમણે કહ્યું: "મુનિની ચિકિત્સા માટે." મુનિનું નામ સાંભળીને તે બન્ને વસ્તુઓ કાંઇ પણ મૂલ્ય લીધા વિના શેઠે આપી દીધી. તેઓ તે વસ્તુઓ લઇને વૈદ્યની પાસે ગયા.

સાથીઓની સાથેજ જીવાનંદ વૈદ્ય ઔષધીઓ લઇને મુનિની પાસે ગયા. મુનિ ધ્યાનમુદ્રામાં લીન હતા. મુનિની સ્વીકૃતિ લીધા વિના જ, મુનિને આરોગ્યપ્રદાન કરવાના હેતુથી તેઓએ તેલનું મર્દન કર્યું, ઉષ્ણવીર્ય તેલના પ્રભાવથી કૃમિઓ બહાર નીકળવા લાગ્યા તેથી રત્ન-કંબલથી તેમના શરીરને ઢાંકી દીધું જેથી કૃમિઓ રત્નકંબલમાં આવી ગયા. તે પછી રત્નકંબલની કૃમિઓને ગો–ચર્મમાં મૂકી દીધી. ફરીને મર્દન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યું તો માંસમાંથી કૃમિઓ નીકળી ગઈ. ત્રીજી વારના મર્દનથી અસ્થિગત કૃમિઓ નીકળી ગઈ. ત્યાર પછી ગોશીર્ષ ચંદનનો લેપ કર્યો જેને લીધે મુનિ પૂર્ણ સ્વસ્થ થઈ ગયા. છએ મિત્રો મુનિની સ્વસ્થતા જોઈને ઘણાજ પ્રમુદિત થયા.

છએ મિત્રોને સંસારથી વિરક્તિ થઈ. તેઓએ દીક્ષા ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ તપસાધના કરી.

(૧૦) **બારમા દેવલોકમાં**– ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને બારમા અચ્યુત દેવલોકમાં તેઓ ઉત્પન્ન થયા.

(૧૧) **વજ્રનાભ** – જીવાનંદનો જીવ ત્યાં આયુષ્ય પૂર્ણ કરી પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીના અધિપતિ વજ્રસેન રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. માતાએ ચૌદ મહાસ્વપ્નો દેખ્યાં. જન્મ થતાં પુત્રનું નામ વજ્રનાભ રાખવામાં આવ્યું. પૂર્વના પાંચેય સાથીઓમાંથી ચાર તો અનુક્રમે બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ તેમના ભાઈ થયા અને એક તેમનો સારથિ થયો.

વજ્રનાભને રાજ્ય આપીને વજ્રસેને સંયમ ગ્રહણ કર્યું અને ઉત્કૃષ્ટ સંયમસાધના કરીને કૈવલ્ય પ્રાપ્ત કર્યું, તેઓ તીર્થંકર બન્યા. સમ્રાટ વજ્રનાભે પણ ચક્રરત્ન ઉત્પન્ન થતાં ષટ્‌ખંડનો વિજય કરીને ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું. દીર્ઘકાળ સુધી ષટ્‌ખંડનું રાજ્ય કર્યું અને અંતે પિતા વજ્રસેનના ઉપદેશપ્રદ પ્રવચનો સાંભળીને વિરક્તિ થઈ, આગમોનું ગંભીર ચિંતન, મનન કર્યું. ઉત્કૃષ્ટ તપની સાધના કરી તેથી અનેક ચમત્કારવાળી લબ્ધિઓ પ્રાપ્ત થઈ. તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંતમાં માસિક સંલેખનાપૂર્વક પાદપોપગમન સંથારો કરી, સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કર્યું.

અહીં યાદ રાખવું જોઈએ કે વજ્રનાભના બાકીના ચારેય નાના ભાઈઓએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. તેમાંથી બાહુમુનિ મુનિઓની વૈયાવૃત્ય કરતા અને સુબાહુમુનિ પરિશ્રાંત મુનિઓને વિશ્રામણા આપતા અર્થાત્ થાકેલા મુનિઓના અવયવોનું મર્દન વગેરે રૂપ અંતરંગ સેવા કરતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્નેની સેવાભક્તિ નિહાળીને વજ્રનાભ ખૂબ પ્રસન્ન થયા અને તેમની પ્રશંસા કરતાં કહ્યું, તમે સેવા અને વિશ્રામણા દ્વારા તમારા જીવનને સફળ કરેલ છે.

મોટા ભાઈ દ્વારા પોતાના બીજા ભાઈઓની પ્રશંસા સાંભળીને પીઠ, મહાપીઠ મુનિના અંતરમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે અમે સ્વાધ્યાય વગેરેમાં તન્મય રહીએ છીએ. અમારી કોઈ પ્રશંસા કરતું નથી પરંતુ વૈયાવૃત્ય કરવાવાળાઓની પ્રશંસા થાય છે. આ રીતે મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ, તે ઈર્ષ્યાબુદ્ધિથી અને માયાની તીવ્રતાથી મિથ્યાત્વ આવ્યું અને સ્ત્રીવેદનો બંધ પડયો. કરેલા દોષની આલોચના કરી નહિ. જો નિઃશલ્ય થઈને આલોચના કરત તો જીવન અવશ્ય વિશુદ્ધ બનત. [૪૧]

(૧૨) **સર્વાર્થસિદ્ધમાં:** ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને વજ્રનાભ વગેરે પાંચેય ભાઈઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં તેત્રીસ સાગરોપમ સુધી સુખના સાગરમાં નિમગ્ન રહ્યા.

(૧૩) **ઋષભદેવ:** ત્યાંથી સર્વ પ્રથમ આયુષ્ય પૂર્ણ કરીને વજ્રનાભનો જીવ, ભગવાન ઋષભદેવ થયો. બાહુમુનિનો જીવ વૈયાવૃત્યના પ્રભાવથી શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીના રૂપમાં જન્મ્યો. સુબાહુ મુનિનો જીવ મુનિઓને વિશ્રામણા દેવાથી વિશિષ્ટ બાહુબળના અધિપતિ ઋષભદેવનો પુત્ર બાહુબલી થયો. [૪૨] પીઠ, મહાપીઠના જીવે કૃતદોષોની આલોચના ન કરવાથી ઋષભદેવની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી થઈ અને સારથિનો જીવ શ્રેયાંસકુમાર થયો.

मूलः—

उसभे अरहा कोसलिए तिन्नाणोवगए होत्था, तं जहा-चइस्सामि त्ति जाणइ जाव सुमिणे पासइ, तं जहा-गय उसह० गाहा, सव्वं तहेव, नवरं सुविणपाढगा णत्थि, नाभी कुलगरो वागरेइ ॥ १९२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : કૌશલિક અર્હંત ઋષભ ત્રણ જ્ઞાનથી યુકત હતા. તે આ પ્રમાણે કે–'હું ચ્યુત થઈશ' તેમ તેઓ જાણતા હતા ઇત્યાદિ બધું પૂર્વે ભગવાન મહાવીરના પ્રકરણમાં કહ્યું તેમજ કહેવું. યાવત્ માતા સ્વપ્ન જુએ છે તે સ્વપ્નો આ પ્રમાણે છે–ગજ, વૃષભ વિગેરે. વિશેષમાં એ કે પ્રથમ સ્વપ્નમાં વૃષભને મુખમાં પ્રવેશ કરતો જુએ છે. (અહીં યાદ રહે કે અન્ય તીર્થંકરોની માતાઓ પ્રથમ સ્વપ્નમાં મુખમાં પ્રવેશ કરતા હાથીને જુએ છે.) સ્વપ્નનો બધો વૃત્તાન્ત મરુદેવી નાભિકુળકરને કહે છે. ત્યાં સ્વપ્નોનાં ફળ બતાવનારા સ્વપ્નપાઠકો નથી તેથી સ્વપ્નોનાં ફળને નાભિકુળકર સ્વયં કહે છે.

——— * જન્મ :

मूल :—

तेणं कालेणं तेणं समएणं उसभे अरहा कोसलिए जे से गिम्हाणं पढमे मासे पढमे पक्खे चित्तबहुले तस्स णं चित्तबहुलस्स अट्ठमीपक्खेणं नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाण य राइंदियाणं जाव आसाढाहिं नक्खत्तेणं जोगमुवागएणं आरोग्गा आरोग्गं पयाया, तं चेव जाव देवा देवीओ य वसुहारवासं वासिंसु सेसं तहेव चारगसोहणं माणुम्माणवड्ढणं उस्सुक्कमाईयं ठिइपडियवज्जं सव्वं माणियव्वं ॥ १९३ ॥

અર્થ : તે કાળે તે સમયે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત જ્યારે ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ આવ્યો ત્યારે ચૈત્ર વદ આઠમના દિવસે, નવ માસ અને ઉપર સાડા સાત રાત્રિ વ્યતીત થતાં યાવત આષાઢા નક્ષત્રનો યોગ થતાં આરોગ્યવાન માતાએ આરોગ્યપૂર્વક કૌશલિક અર્હંત ઋષભ નામના પુત્રને જન્મ આપ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પૂર્વે કહ્યું તે પ્રમાણે જન્મ સંબંધી બધો વૃતાન્ત કહી દેવો. યાવત દેવ-દેવીઓ આવે છે, ધનની વૃષ્ટિ વરસાવે છે વગેરે, પરંતુ કારાગૃહમાંથી કેદીઓને મુક્ત કરવા, કર માફ કરવા, પરંપરાનુસાર જન્મોત્સવ વગેરે પ્રસ્તુત વર્ણન જે પૂર્વ પાઠમાં આવેલ છે તે અહિંયા ન કહેવું કારણ કે તે યુગમાં ન તો કારાગૃહ હતાં કે ન કર વગેરે હતા.

मूलः-

उसभे णं कोसलिए कासवगुत्तेणं, तस्स णं पंच नामधिज्जा एवमाहिज्जंति. तं जहा-उसभे इ वा, पढमराया इ वा, पढमभिक्खाचरे इ वा, पढमजिणे इ वा, पढमतित्थकरे इ वा ॥ १९४ ॥

અર્થ : કૌશલિક અર્હત ઋષભ કાશ્યપગોત્રીય હતા. તેમના પાંચ નામ આ પ્રમાણે કહેવાય છે: (૧) ઋષભ (૨) પ્રથમ રાજા (૩) પ્રથમ ભિક્ષાચર (૪) પ્રથમ જિન અને (૫) પ્રથમ તીર્થંકર.

ભગવાન ઋષભદેવના જન્મ પહેલાં યુગલીઓનો કાળ હતો પરંતુ તેમાં પરિવર્તન થતું જતું હતું. ક્રમે ક્રમે જરૂરિયાતો તો વધી રહી હતી પરંતુ કલ્પવૃક્ષોની શક્તિ ક્ષીણ થઈ જવાથી જરૂરિયાતોની પૂર્તિ થતી ન હતી. સાધનના અભાવે, પરસ્પર સંઘર્ષ થવા લાગ્યો. અપરાધી મનોવૃત્તિ વ્યવસ્થાનું અતિક્રમણ કરવા લાગી ત્યારે અપરાધોના નિરોધ માટે કુલકર વ્યવસ્થા આવી, જેણે સર્વ પ્રથમ દંડનીતિને અમલમાં મૂકી.[૪૩]

——— * **ત્રણ નીતિ:** **હાકાર નીતિ :** પ્રથમ કુલકર વિમળવાહનના સમયે હાકાર નીતિનું પ્રચલન થયું. તે યુગનો માનવ આજના માનવની માફક અમર્યાદિત કે ઉચ્છૃંખલ ન હતો. તે સ્વભાવથી સંકોચશીલ અને લજ્જાળુ હતો. અપરાધ કરનાર અપરાધીને એટલું જ કહેવામાં આવતું—'હા!' તમે આ શું કર્યું?' બસ, આવી શબ્દ-પ્રતાડના તે યુગનો મોટામાં મોટો દંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. તેને સાંભળતાંજ અપરાધી પાણી-પાણી થઈ જતો.[૪૪] આ નીતિ બીજા કુલકર ચક્ષુષ્માનના સમય સુધી ચાલતી રહી.

——* **માકાર નીતિઃ** જ્યારે 'હાકાર' નીતિ અસફળ થવા લાગી ત્યારે માકાર નીતિના પ્રયોગનો પ્રારંભ થયો. ત્રીજા અને ચોથા કુલકર 'યશસ્વી' અને 'અભિચંદ્ર' કુલકરોના સમય સુધી નાના અપરાધને માટે 'હાકાર' નીતિ અને મોટા અપરાધને માટે 'માકાર' નીતિનો પ્રયોગ ચાલતો રહ્યો. 'મત કરો' (કરો નહિ) એવી નિષેધાજ્ઞાને ઘણો મોટો દંડ સમજવામાં આવતો હતો.[૪૫]

——* **ધિક્કાર નીતિઃ** જ્યારે 'માકાર' નીતિ પણ નિષ્ફળ જવા લાગી ત્યારે 'ધિક્કાર' નીતિનો પ્રાદુર્ભાવ થયો. આ નીતિ પાંચમા પ્રસેનજિત, છઠ્ઠા મરુદેવ અને સાતમા કુલકર નાભિ સુધી ચાલતી રહી. આ પ્રમાણે ખેદ, નિષેધ અને તિરસ્કાર તે મૃત્યુદંડથી પણ અધિક પ્રભાવશાળી સિદ્ધ થયાં. કારણ કે તે સમયની પ્રજા સ્વભાવથી સરળ, માનસથી કોમળ, સ્વયં શાસિત અને મર્યાદાપ્રિય હતી.[૪૬]

અંતિમ કુલકર નાભિના સમયે યુગલિયાની સભ્યતા ઝડપથી ક્ષીણ થવા લાગી. આવા સમયમાં ભગવાન ઋષભદેવનો જન્મ થયો.

માતા મરુદેવીએ જે ચૌદ મહાસ્વપ્ન જોયાં હતાં તેમાં સર્વપ્રથમ ઋષભ (વૃષભ)નું સ્વપ્ન હતું[૪૭] અને જન્મ પછી શિશુના ઉરસ્થળ ઉપર ઋષભનું લાંછન હતું તેથી તેનું નામ ઋષભ રાખવામાં આવ્યું.[૪૮]

——* **વંશ ઉત્પત્તિઃ** જ્યારે ઋષભદેવ એક વરસના હતા તે વખતે પિતા નાભિની ગોદમાં બેસીને ક્રીડા કરી રહ્યા હતા. ત્યારે શકેન્દ્ર હાથમાં ઇક્ષુ (શેરડી) લઈને આવ્યા. બાળક ઋષભદેવે લેવા માટે હાથ આગળ લંબાવ્યો. બાળકે ઇક્ષુ–આકુ (શેરડીનું ભક્ષણ) કરવા ઇચ્છયું તે દૃષ્ટિથી તેમનો વંશ ઇક્ષ્વાકુવંશના નામથી વિશ્વમાં પ્રસિદ્ધ થયો.[૪૯]

——* **વિવાહ પરંપરાઃ** યૌગલિક (યુગલીયાની) પરંપરામાં એક જ માતાના ઉદરથી એક સાથે જન્મેલા નર–નારીનું યુગલજ પતિ અને પત્નીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપમાં પરિવર્તિત થઈ જતું હતું. સુનંદાના ભાઈનું અકાળ–મૃત્યુ થઇ જવાથી ઋષભદેવે સુનંદા તથા સહજાત (સાથે જન્મેલ) સુમંગલાની સાથે પાણિગ્રહણ કરી નવી વ્યવસ્થાનો પ્રારંભ કર્યો.[૫૦] સુમંગલાએ ભરત અને બ્રાહ્મીને તથા સુનંદાએ બાહુબલી અને સુંદરીને જન્મ આપ્યો. તેના પછી સુમંગલાને અનુક્રમે અન્ય અઠ્ઠાણું પુત્રો બીજા થયા.[૫૧]

——* **ભરત અને બાહુબલીના વિવાહ:** શ્રી ઋષભદેવે યૌગલિક ધર્મનું નિવારણ કરવા માટે જ્યારે ભરત અને બાહુબલી યુવાન થયા ત્યારે ભરતની સહજાત બ્રાહ્મીનું પાણિગ્રહણ બાહુબલી સાથે કરાવ્યું અને બાહુબલીની સહજાત સુંદરીનું પાણિગ્રહણ ભરત સાથે કરાવ્યું.[૫૨] આ વિવાહોનું અનુસરણ કરીને જનતાએ પણ ભિન્ન ગોત્રમાં ઉત્પન્ન થયેલ કન્યાઓને તેમના માતા પિતા વગેરે અભિભાવકો દ્વારા દાનમાં પ્રાપ્ત કરીને પાણિગ્રહણ કરવાનું શરૂ કર્યું.[૫૩] આ પ્રમાણે એક નવીન પરંપરાનો પ્રારંભ થયો. તે વખતથી વિવાહપ્રથાનો આરંભ થયો.

——* **પ્રથમ રાજા:**

પહેલાં જણાવવામાં આવેલ છે કે ઋષભદેવના પિતા 'નાભિ' અન્તિમ કુલકર હતા. જ્યારે તેમના નેતૃત્વમાંજ ધિક્કાર નીતિનું ઉલ્લંઘન થવા લાગ્યું ત્યારે ગભરાઈને યુગલિયાઓ શ્રી ઋષભદેવની પાસે પહોંચ્યા અને તેમને બધી સ્થિતિની જાણકારી કરાવી. ભગવાન ઋષભદેવે કહ્યું–"જેઓ મર્યાદાઓનું અતિક્રમણ કરી રહ્યા હોય તેમને દંડ મળવો જોઈએ અને તે વ્યવસ્થા રાજા જ કરી શકે છે, કારણ કે શક્તિના બધાં સ્રોત તેનામાં કેન્દ્રિત થાય છે." સમય પારખીને કુલકર નાભિએ યુગલિકોની વિનમ્ર પ્રાર્થનાથી ઋષભદેવનો રાજ્યાભિષેક કરીને તેમને 'રાજા' ઘોષિત કર્યા.[૫૪] ઋષભદેવ પ્રથમ રાજા બન્યા અને શેષ જનતા પ્રજા બની. આ પ્રમાણે પૂર્વથી ચાલી આવતી 'કુલકર' વ્યવસ્થાનો અન્ત આવ્યો અને નવીન રાજ્યવ્યવસ્થાનો પ્રારંભ થયો.

રાજ્યાભિષેકના સમયે યુગલસમૂહ કમળપત્રોમાં પાણી લાવીને ઋષભદેવના ચરણકમળોનું સિંચન કરવા લાગ્યા. તેમના વિનીત સ્વભાવને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષ્યમાં રાખી નગરનું નામ 'વિનીતા' રાખ્યું.[૫૫] તેનું બીજું નામ અયોધ્યા પણ છે.[૫૬] તે પ્રાન્તનું નામ "વિનીતભૂમિ"[૫૭] અને "કર્મભોગ ભૂમિ"[૫૮] પડયું. થોડા વખત પછી તે મધ્યદેશના નામથી વિખ્યાત થયું.[૫૯]

——— * રાજ્યવ્યવસ્થાનો વિકાસ :

રાજા બન્યા પછી ઋષભદેવે રાજ્યની સુવ્યવસ્થા હેતુથી આરક્ષક દલની સ્થાપના કરી. જેમના અધિકારી 'ઉગ્ર' કહેવાયા. મંત્રીમંડળ બનાવ્યું, જેના અધિકારી 'ભોગ' નામથી પ્રસિદ્ધ થયા. સમ્રાટના પાસેના માણસો કે જે પરામર્શપ્રદાતા હતા તેઓ 'રાજન્ય'ના નામથી વિખ્યાત થયા અને અન્ય રાજકર્મચારી 'ક્ષત્રિય' નામથી જાણીતા થયા.[૬૦]

રાજ્યના સંરક્ષણ માટે ચાર પ્રકારની સેના અને સેનાપતિઓનું નિર્માણ કર્યું.[૬૧] સામ, દામ, દંડ અને ભેદનીતિનું પ્રચલન કર્યું. ચાર પ્રકારની દંડ વ્યવસ્થા – (૧) પરિભાષ (૨) મંડલબંધ (૩) ચારક અને (૪) છવિચ્છેદ[૬૨] નું નિર્માણ કર્યું.

પરિભાષ : થોડા વખત માટે અપરાધી વ્યકિતને કઠોર શબ્દો કહી નજરકેદ તરીકે રાખી દંડ આપવો.

મંડલબંધ : મર્યાદિત ક્ષેત્રમાં રહેવાનો દંડ આપવો. (એક જાતની નજરકેદ)

ચારક : બંદીગૃહમાં બંધ કરીને દંડ આપવો. (કારાવાસ)

છવિચ્છેદ : હાથ, પગ વગેરે અંગોપાંગના છેદનનો દંડ આપવો.

આ ચાર નીતિઓ કયારે શરૂ થઈ તે વિશે વિદ્વાનોનો વિભિન્ન મત છે. કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે કે પ્રથમ બે નીતિઓ ઋષભના સમયે ચાલી અને બે ભરતના સમયે,[૬૩] આચાર્ય અભયદેવના મન્તવ્યાનુસાર આ ચારેય નીતિઓ ભરતના સમયમાં ચાલી.[૬૪] આચાર્ય ભદ્રબાહુ[૬૫] અને આચાર્ય મલયગિરિ[૬૬] ના અભિમતાનુસાર બંધ (બેડીનો પ્રયોગ) અને ઘાત (ડંડાના પ્રયોગ) ઋષભનાથના સમયે પ્રારંભ થઈ ગયો હતો. મૃત્યુ-દંડનો પ્રારંભ ભરતના સમયમાં થયો.[૬૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—— * **ખાદ્ય સમસ્યાનું સમાધાનઃ** ઋષભદેવની પહેલાં માનવોનો આહાર કંદ, મૂળ, પત્ર, પુષ્પ અને ફળ હતો. પરંતુ જનસંખ્યાની અભિવૃદ્ધિ થવાથી કંદમૂળ પર્યાપ્તમાત્રામાં ઉપલબ્ધ ન થવાથી માનવોએ અન્નાદિ (કાચું અન્ન)નો ઉપયોગ શરૂ કર્યો. પરંતુ પકાવવાનું સાધન ન હોવાથી કાચું અન્ન દુષ્પચ થવાથી લોકો ઋષભદેવની પાસે પહોંચ્યા અને તેમની પાસે પોતાની સમસ્યાનું સમાધાન માગ્યું. ઋષભદેવે હાથથી મસળીને ખાવાની સલાહ આપી. જ્યારે તે પણ દુષ્પચ (પચવું ભારે) થઈ પડયું ત્યારે પાણીમાં ભીંજવીને અને મુઠ્ઠી કે બગલમાં રાખીને ગરમ કરી ખાવાનો ઉપાય બતાવ્યો. તેથી પણ અજીર્ણની વ્યાધિ સમાપ્ત ન થઈ.

ભગવાન શ્રી ઋષભદેવ અગ્નિના સંબંધમાં જાણતા હતા પરંતુ તે કાળ એકાન્ત સ્નિગ્ધ હતો તેથી અગ્નિ ઉત્પન્ન થઈ શકતો ન હતો. અગ્નિની ઉત્પત્તિ માટે એકાન્ત સ્નિગ્ધ અને એકાન્ત રૂક્ષ બન્ને કાળ નિરૂપયોગી હોય છે. સમયની પ્રગતિ આગળ વધી. જ્યારે કાળ સ્નિગ્ધથી રૂક્ષ (સૂકો) થયો ત્યારે લાકડાંઓનાં ઘર્ષણથી અગ્નિ પેદા કરી અને પાક નિર્માણ કરીને તથા પાકવિદ્યા શીખવાડીને ખાદ્ય સમસ્યાનું સમાધાન કર્યું.[૧૮]

કળાનું અધ્યયનઃ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની વૃત્તિ અનુસાર સમ્રાટ્ ઋષભદેવે પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને બોંતેર કળાઓ અને કનિષ્ઠ પુત્ર બાહુબલીને પ્રાણી લક્ષણનું જ્ઞાન કરાવ્યું. પ્રિયપુત્રી બ્રાહ્મીને અઢાર લિપિઓનું અધ્યયન કરાવ્યું અને સુંદરીને ગણિતવિદ્યાનું પરિજ્ઞાન કરાવ્યું.[૧૯] વ્યવહાર સાધન હેતુથી માન (માપ), ઉન્માન (તોલા માસા વગેરે વજન), અવમાન (ગજ ફૂટ ઇંચ), પ્રતિમાન (નવટાંક, શેર, મણ વગેરે) પ્રચલિત કર્યા અને મણિ વગેરે પરોવવાની કળા બતાવી.

આ પ્રમાણે સમ્રાટ્ ઋષભદેવે પ્રજાના હિત માટે, અભ્યુદય માટે પુરુષોને બોંતેર કળાઓ સ્ત્રીઓને ચોસઠ કળાઓ અને બધાં શિલ્પોનું પરિજ્ઞાન કરાવ્યું. અસિ મસિ અને કૃષિ (સુરક્ષા, વ્યાપાર, ઉત્પાદન)ની વ્યવસ્થાની કળાઓનું નિર્માણ કર્યું. પ્રવૃત્તિઓનો વિકાસ કરીને જીવનને સરસ, શિષ્ટ અને વ્યવહાર યોગ્ય બનાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતમાં પોતાની રાજ્ય-વ્યવસ્થાનો ભાર ભરતને સોંપીને અને બાકીના નવ્વાણું પુત્રોને અલગ અલગ રાજ્ય આપીને દીક્ષા ગ્રહણ કરવા માટે તૈયાર થયા.

——— * પ્રથમ ભિક્ષાચર

मूलः--

उसभे अरहा कोसलिए दक्खे पतिन्ने पडिरूवे अल्लीण-भद्दए विणीए वीसं पुव्वसयसहस्साइं कुमारवासमज्झे वसइ, वीसं पुव्वसयसहस्साइं कुमारवासमज्झे वसित्ता तेवट्ठिं पुव्व-सयसहस्साइं रज्जवासमज्झे वसमाणे लेहाइयाओ गणियप्प-हाणाओ सउणरुयपज्जवसाणाओ बाहत्तरिं कलाओ चोवट्ठिं महिलागुणे सिप्पसयं च कम्माणं तिन्नि वि पयाहियाए उव-दिसइ, उवदिसित्ता पुत्तसयं रज्जसए अभिसिंचइ अभिसिंचित्ता पुणरवि लोयंतिएहिं जिअकप्पिए० सेसं तं चेव सव्वं भाणि-यव्वं जाव दायं दाइयाणं परिभाएत्ता जे से गिम्हाणं पढमे मासे पढमे पक्खे चेत्तबहुले तस्स णं चेत्तबहुलस्स अट्ठमी-पक्खेणं दिवसस्स पच्छिमे भागे सुदंसणाए सिवियाए सदे-वमणुयासुराए परिसाए समणुगम्ममाणमग्गे जाव विणीयं रायहाणिं मज्झं मज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव सिद्धत्थवणे उज्जाणे जेणेव असोगवरपायवे तेणेव उवाग-च्छइ, जेणेव असोगवरपायवे तेणेव उवागच्छित्ता असो-गवरपायवस्स अहे जाव सयमेव चउमुट्ठियं लोयं करेइ, लोयं करित्ता छट्ठेणं भत्तेणं अप्पाणएणं आसा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ढाहिं नक्खत्तेणं जोगमुवागएणं उग्गाणं भोगाणं राइन्नाणं च खत्तियाणं च चउहिं सहस्सेहिं सद्धिं एगं देवदूसमादाय मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ॥ १९५ ॥

અર્થ : કૌશલિક અર્હંત ઋષભદેવ દક્ષ હતા, દઢ પ્રતિજ્ઞાવાળા, ઉત્તમ રૂપવાળા, સર્વગુણોથી યુક્ત, ભદ્ર અને વિનીત હતા. તેઓ વીસ લાખ પૂર્વ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ સુધી રાજ્યવાસમાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ સુધી રાજ્ય અવસ્થામાં રહેતાં તેમણે જે કળાઓમાં લેખન પ્રથમ છે ગણિત પ્રધાન અને શકુનરૂત અર્થાત્ પક્ષીના શબ્દોથી શુભાશુભ જાણવાની કળા અંતિમ છે, તેવી બોંતેર કળાઓ અને સ્ત્રીઓના ચોસઠ ગુણ તથા સો શિલ્પ; આ ત્રણે ચીજોનો પ્રજાના હિત માટે ઉપદેશ કર્યો. તે બધાનું અધ્યયન કરાવ્યા પછી સો રાજ્યોમાં સો પુત્રોને અભિષેક કર્યો. ત્યાર પછી જિતાચાર પ્રમાણે લોકાંતિક દેવો તેમની પાસે આવ્યા. તેઓએ પ્રિય વાણીથી ભગવાનને કહ્યું વગેરે બધું પૂર્વ કથન પ્રમાણે અહીં પણ કહેવું. યાવત્ વાર્ષિકદાન આપીને, ગ્રીષ્મઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ જ્યારે ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ આવ્યો ત્યારે, ચૈત્ર વદ ૮ ના દિવસે પાછલા પહોરે જેમની પાછળ માર્ગમાં દેવ, માનવ અને અસુરોની વિરાટ મંડળી ચાલી રહી છે એવા કૌશલિક અર્હંત ઋષભ સુદર્શન નામની શિબિકામાં બેસીને યાવત્ વિનીતા રાજધાનીની મધ્યમાં થઈને નીકળે છે, નીકળીને જે તરફ અશોકનું ઉત્તમ વૃક્ષ છે, તે તરફ આવે છે, આવીને અશોકના ઉત્તમ વૃક્ષ નીચે, શિબિકા ઊભી રખાવે છે. ઇત્યાદિ પૂર્વે કહ્યા પ્રમાણે અહીં પણ કથન કરવું યાવત્ સ્વયં પોતાના હાથેથી ચાર મુષ્ઠિ લોચ કરે છે. તેમણે તે વખતે પાણી વિના છઠ ભક્તનું તપ કરેલ હતું. આષાઢા નક્ષત્રનો યોગ આવતાં જ, ઉગ્રવંશના, ભોગવંશના, રાજન્યવંશના અને ક્ષત્રિયવંશના ચાર હજાર પુરુષોની સાથે એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને મુંડિત થઈને ગૃહવાસથી નીકળે છે અને અણગાર દશાનો સ્વીકાર કરે છે.

વિવેચન : ભગવાને ચાર હજાર સાધકોને પોતાના હાથે પ્રવ્રજ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપી નહિ, પરંતુ તેમણે ભગવાનનું અનુકરણ કરી સ્વયં લુંચન વિગેરે ક્રિયાઓ કરી. [૭૧]

શ્રમણ બન્યા પછી, ભગવાન અખંડ મૌનવ્રતી બનીને એકાન્ત શાન્ત સ્થાનમાં ધ્યાનસ્થ બનીને રહેવા લાગ્યા. ઘોર અભિગ્રહો ધારણ કરી, અનાસક્ત થઈને ભિક્ષાહેતુ ગ્રામાનુગ્રામ વિચરણ કરતા પરંતુ ભિક્ષા અને તેની વિધિથી જનતા અનભિજ્ઞ હોવાથી ભિક્ષા ઉપલબ્ધ થતી ન હતી. તે ચાર હજાર શ્રમણ ચિરકાળ સુધી એવી વાટ જોતા રહ્યા કે ભગવાન મૌન છોડીને અમારી સારસંભાળ લેશે, સુખસગવડનો પ્રયત્ન કરશે, પરંતુ ભગવાન તો આત્મસ્થ હતા. કાંઇ બોલ્યા નહિ તેથી તે શ્રમણો ભૂખ–તરસથી કંટાળીને સમ્રાટ ભરતની શરમથી ફરીને ગૃહસ્થ ન બનતાં વલ્કલધારી તાપસ વગેરે થઈ ગયા. [૭૨] વસ્તુતઃ વિવેકના અભાવમાં સાધક સાધનથી પથભ્રષ્ટ થઈ જાય છે.

ભગવાન ઋષભદેવ અમ્લાન ચિત્તથી, અવ્યથિત મનથી ભિક્ષાને માટે નગરો અને ગામોમાં પરિભ્રમણ કરતા. ભાવિક માનવો ભગવાનને નિહાળીને ભક્તિભાવનાથી વિભોર થઈને પોતાની રૂપવતી કન્યાઓને, સુંદર વસ્ત્રોને, અમૂલ્ય આભૂષણોને, હાથી ઘોડા, રથ, સિંહાસન વગેરે ગ્રહણ કરવા અભ્યર્થના કરતા પરંતુ કોઈ પણ તેમને ભિક્ષા માટે કહેતું નહિ. તે વસ્તુઓને ગ્રહણ કર્યા વિના ભગવાન જ્યારે પાછા વળી જતા ત્યારે તેઓ સમજી શકતા નહિ કે ભગવાનને કઈ વસ્તુની આવશ્યકતા છે?

એક વરસ પૂરું થયું. કુરુજનપદીય ગજપુરના અધિપતિ બાહુબલીના પુત્ર સોમપ્રભ રાજાના પુત્ર શ્રેયાંસે સ્વપ્નમાં જોયું કે "સુમેરુપર્વત શ્યામ વર્ણનો થઈ ગયો છે, તેને મેં અમૃત કળશથી અભિષિકત કરીને ફરીને ચમકાવ્યો." [૭૩] સુબુદ્ધિ નગરશ્રેષ્ઠીએ પણ સ્વપ્ન જોયું– "સૂર્યનાં હજાર કિરણો પોતાના સ્થાનથી ચલિત થઈ રહ્યાં હતાં. અને તે વખતે શ્રેયાંસે તે રશ્મિઓને ફરીથી સૂર્યમાં સંસ્થાપિત કરી દીધાં." રાજા સોમપ્રભે સ્વપ્ન જોયું કે "એક મહાન પુરુષ શત્રુઓથી યુદ્ધ કરી રહેલ છે, શ્રેયાંસે તેને સહાયતા પ્રદાન કરી, તેનાથી શત્રુનું બળ નષ્ટ થઈ ગયું" સવાર થતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાં સ્વપ્ન સંબંધમાં ચિંતન મનન કરવા લાગ્યા. ચિંતનનું નવનીત એ નીકળ્યું કે અવશ્યમેવ શ્રેયાંસને વિશિષ્ટ લાભ થશે.[૭૪]

ભગવાન તે જ દિવસે વિચરણ કરતા ગજપુર પધાર્યા. ચિરકાળ પછી ભગવાનને જોઇને શહેરનાં માણસો આહ્લાદિત થયા. શ્રેયાંસને પણ અત્યાધિક પ્રસન્નતા થઈ. ભગવાન પરિભ્રમણ કરતાં શ્રેયાંસને ત્યાં પધાર્યા. ભગવાનના દર્શન અને ચિંતનથી પૂર્વભવની સ્મૃતિ જાગૃત થઈ, સ્વપ્નના સાચા તથ્યની જાણ થઈ, તેમણે ભક્તિવિભોર હૃદયથી તાજા આવેલા શેરડીના રસના કળશને હાથમાં ગ્રહણ કરી ભગવાનના કરકમળોમાં રસ પ્રદાન કર્યો. આ રીતે ભગવાન શ્રી ઋષભદેવને એક સંવત્સર પછી ભિક્ષા પ્રાપ્ત થઇ[૭૫] અને સર્વ પ્રથમ ઇક્ષુરસનું પાન કરવાના કારણે તે કાશ્યપ નામથી પણ પ્રખ્યાત થયા.[૭૬]

પ્રસ્તુત અવસર્પિણી કાળમાં સર્વ પ્રથમ વૈશાખ સુદ ૩ (ત્રીજે) શ્રેયાંસે ઇક્ષુરસનું દાન દીધું તેથી તે ત્રીજ 'ઇક્ષુ તૃતીયા' અથવા 'અક્ષયતૃતીયા' ના રૂપમાં પ્રસિદ્ધ થઇ.[૭૭] તે મહાન દાનથી તિથિ પણ અક્ષય થઈ ગઈ.

मूलः~

उसभे णं अरहा कोसलिए एगं वाससहस्सं निच्चं वोसट्ठकाये चियत्तदेहे जाव अप्पाणं भावेमाणस्स एक्कं वाससहस्सं विइक्कंतं तओ णं जे से हेमंताणं चउत्थे मासे सत्तमे पक्खे फग्गुणबहुले तस्स णं फग्गुणबहुलस्स एक्कारसीपक्खेणं पुव्वण्हकालसमयंसि पुरिमतालस्स नयरस्स बहिया सगडमुहंसि उज्जाणंसि नग्गोहवरपायवस्स अहे अट्ठमेणं भत्तेणं अपाणएणं आसाढाहिं नक्खत्तेणं जोगमुवागएणं झाणंतरियाए वट्टमाणस्स अणंते जाव जाणमाणे पासमाणे विहरइ ॥१९६॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : કૌશલિક અર્હંત ઋષભદેવે પોતાના દેહ તરફ લક્ષ્ય આપવાનું છોડી દીધું હતું. તેમણે શરીરની સારસંભાળ પણ છોડી દીધી હતી. આ રીતે પોતાના આત્માને ભાવિત કરતાં કરતાં એક હજાર વરસ વ્યતીત થઈ ગયા ત્યારે હેમંત ઋતુના ચોથા મહિના અને સાતમા પક્ષ અર્થાત્ ફાગણ માસના કૃષ્ણપક્ષની અગિયારસના દિવસે પૂર્વાહ્નમાં પુરિમતાલ નગરની બહાર, શકટમુખ નામના ઉદ્યાનમાં, ઉત્તમ વડના ઝાડ નીચે ધ્યાન ધરીને બેઠા હતા. તે સમયે નિર્જળ અઠ્ઠમ તપ કરેલ હતું. આષાઢા નક્ષત્રનો યોગ થતાં ધ્યાનમાં સ્થિત રહેલા ભગવાનને ઉત્તમ એવું અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. તે વડે તેઓ બધા લોકાલોકના ભાવ જાણતા અને જોતા વિચરવા લાગ્યા.

વિવેચન: ભગવાન શ્રી ઋષભદેવને કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થઈ તે જ સમયે સમ્રાટ્ ભરતની આયુધશાળામાં ચક્રરત્ન પણ ઉત્પન્ન થયું અને તેની સૂચના એકી સાથેજ યમક અને શમક દૂતો વડે સમ્રાટ્ ભરતને મળી.[૬૮] ભરત એકી સાથે બે સૂચનાઓ મળવાથી એક ક્ષણ અસમંજસમાં પડી ગયા. તેમણે વિચાર્યું કે પ્રથમ ચક્રરત્નની અર્ચના કરવી જોઈએ કે ભગવાનની ઉપાસના કરવી જોઈએ. ક્યાં અભયને આપનાર કેવળજ્ઞાન અને ક્યાં પ્રાણીઓનું વિનાશ કરનાર ચક્રરત્ન? મારે પ્રથમ ચક્રરત્નની નહિ પરંતુ ભગવાનની ઉપાસના કરવી જોઈએ.[૬૯] એમ વિચારી સમ્રાટ્ ભરત ભગવાનનાં દર્શન હેતુથી કુટુંબ પરિવાર સહિત રવાના થયા.[૭૦]

મા મરુદેવી પણ પોતાના લાડીલા પુત્રનાં દર્શન માટે ચિરકાળથી તલપાપડ થઈ રહ્યાં હતાં. પુત્રના વિયોગથી તેઓ વ્યથિત હતાં. તેના દારુણ કષ્ટની કલ્પના કરીને તેઓ કલ્પાંત કરી રહ્યાં હતાં. પ્રતિપળ, પ્રતિક્ષણ લાડીલા લાલની સ્મૃતિથી તેના નેત્રોમાંથી આસું વરસી રહ્યાં હતાં. જ્યારે તેમણે સાંભળ્યું કે ઋષભ વિનીતાના બાગમાં આવેલ છે ત્યારે તેઓ ભરતની સાથેજ હાથી ઉપર આરૂઢ થઈને ચાલી નીકળ્યાં. ભરતના વિરાટ વૈભવને જોઈને તેમણે કહ્યું: "બેટા ભરત! એક દિવસ મારો પ્યારો ઋષભ પણ આવા પ્રકારની રાજ્યશ્રીનો ઉપયોગ કરતો હતો પણ અત્યારે તો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂખ-તરસથી પીડિત થઈને કયાંક કષ્ટોને સહન કરતો હશે!" પુત્રપ્રેમથી તેમની આંખો છલકાઈ ઊઠી. ભરત દ્વારા તીર્થંકરોની દિવ્ય વિભૂતિનું વર્ણન સાંભળવા છતાં પણ માતાના હૃદયને સંતોષ ન હતો. સમવસરણની પાસે પહોંચતા જેવા ભગવાન ઋષભને ઇંદ્રો દ્વારા પૂજતા જોયા, તેવો જ માતાના ચિંતનનો પ્રવાહ વધતો ગયો. આર્ત્તધ્યાનમાંથી શુકલધ્યાનમાં લીન થઈ ગયાં. ધ્યાનનો ઉત્કર્ષ આગળ વધ્યો. મોહનીય કર્મનું બંધન તૂટયું અને પછી તરતજ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાય નષ્ટ થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી લીધાં. તેજ ક્ષણે બાકીનાં અઘાતી ચાર કર્મો નષ્ટ થતાં હાથી ઉપર આરૂઢ થયેલાં તેઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગયાં. [૮૨] કેટલાક આચાર્યોનો એવો પણ અભિમત છે કે ભગવાનના શબ્દો તેમના કાનોમાં પડવાથી તેમને આત્મજ્ઞાન થયું અને પછી તરત જ મુક્તિ પ્રાપ્ત થઈ. [૮૩]

પ્રસ્તુત અવસર્પિણી કાળમાં સર્વ પ્રથમ કેવળજ્ઞાન શ્રી ઋષભદેવને પ્રાપ્ત થયું અને મોક્ષ મરુદેવી માતાને.

—— * **પ્રથમ ધર્મચક્રવર્તી** : ભગવાન ઋષભદેવનું પ્રથમ પ્રવચન ફાગણ વદ ૧૧નું થયું. તે સાંભળીને સમ્રાટ ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોએ તથા બ્રાહ્મી વગેરેએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ભરત વગેરેએ શ્રાવકવ્રત ગ્રહણ કર્યા અને સુંદરી પણ શ્રાવિકા બની. [૮૩] આ રીતે શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ તીર્થની સંસ્થાપના કરીને તેઓ સર્વપ્રથમ તીર્થંકર બન્યા. શ્રમણ ધર્મને માટે પાંચ મહાવ્રત અને ગૃહસ્થ ધર્મને માટે બાર વ્રતોનું નિરૂપણ કર્યું. તેથીજ ભગવાન ઋષભદેવને ધર્મનું મુખ કહેલ છે. [૮૪]

ભગવાનના પ્રથમ ગણધર સમ્રાટ ભરતના પુત્ર ઋષભસેન થયા. તેમણેજ સર્વપ્રથમ ભગવાને આત્મવિદ્યાનું પરિજ્ઞાન કરાવ્યું. ભગવાનને કેવળજ્ઞાનની સૂચના મળતાંજ પૂર્વે દીક્ષિત થયેલા શ્રમણો કે જેઓ ક્ષુધા-પિપાસાથી પીડિત થઈને તાપસ બની ગયા હતા, તેઓ ભગવાનની સેવામાં આવી ગયા. તેમણે પુનઃ વિધિવત પ્રવ્રજ્યા ગ્રહણ કરી. માત્ર કચ્છ અને સુકચ્છ જ એવા હતા કે જેઓ આવ્યા નહિ. [૮૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * **સુંદરીનો સંયમ :** ભગવાન શ્રી ઋષભના પ્રથમ પ્રવચનને સાંભળીને સુંદરી પણ સંયમ ગ્રહણ કરવા ઇચ્છતી હતી. તેણીએ એ ભવ્ય ભાવના અભિવ્યક્ત પણ કરી પરંતુ સમ્રાટ્ ભરત દ્વારા આજ્ઞા પ્રાપ્ત ન થવાથી તે શ્રાવિકા બની.[૯૬] તેના અંતરમાં વૈરાગ્યનો સાગર ઉછાળા મારી રહેલ હતો. તે શરીરથી ગૃહસ્થાશ્રમમાં હતી પણ તેનું મન સંયમમાં રમી રહેલ હતું. ષટ્ખંડ ઉપર વિજય-ધ્વજ ફરકાવીને જ્યારે સમ્રાટ્ ભરત દીર્ઘકાળ પછી વિનીતા પાછા ફર્યા ત્યારે સુંદરીના કૃશ શરીરને દેખીને તે ચકિત થઇ ગયા. પ્રશ્ન કરવાથી ખબર પડી કે એવી અવસ્થા જે દિવસથી દીક્ષાગ્રહણનો નિષેધ કરવામાં આવ્યો હતો તે દિવસથી નિરંતર આકરા વ્રત કરવાથી થઇ છે.[૯૭] સુંદરીની સંયમ લેવાની પ્રબળ ભાવના જોઇને ભરતે અનુમતિ પ્રદાન કરી અને સુંદરીએ ઋષભદેવની આજ્ઞાનુવર્તિની બ્રાહ્મીની પાસે દીક્ષા ગ્રહણ કરી.[૯૮]

——— * **અઠ્ઠાણુ ભાઇઓની દીક્ષા :** આગળ કહેવાઇ ગયું છે કે શ્રી ઋષભદેવ, તેમના સો પુત્રોને જુદાં જુદાં રાજ્ય આપીને શ્રમણ બન્યા હતા. સમ્રાટ્ ભરત ચક્રવર્તી બનવા માગતા હતા. તેમણે પોતાના નાના ભાઇઓને પોતાને આધીન કરવા માટે તેમની પાસે દૂતોને મોકલ્યા. અઠ્ઠાણુંએ ભાઇઓએ મળીને પરસ્પર મસલત કરી પરંતુ તેઓ નિર્ણય ઉપર ન પહોંચી શકયા. તે વખતે ભગવાન અષ્ટાપદ તરફ વિચરી રહેલ હતા. તે બધા ભગવાન શ્રી ઋષભદેવની પાસે પહોંચ્યા.[૯૯] સ્થિતિનો પરિચય આપતાં નિવેદન કર્યું – "પ્રભો ! આપના દ્વારા અપાયેલ રાજ્ય ઉપર ભાઇ ભરત લલચાઇ રહ્યા છે, તે અમારું રાજ્ય લઇ લેવા માગે છે. શું યુદ્ધ કર્યા વિના અમે તેને રાજ્ય આપી દઇએ ? જો આપી દઇએ તો તેની સામ્રાજ્ય-લિપ્સા વધી જશે અને અમે પરાધીનતાના ખાડામા ડૂબી જઇશું. જો અમે અમારા મોટાભાઇ સાથે યુદ્ધ કરીએ તો ભ્રાતૃ-યુદ્ધની એક અનુચિત પરંપરાનો પ્રારંભ થઇ જશે તેથી અમારે શું કરવું યોગ્ય છે ?"

ભગવાન બોલ્યા – "પુત્રો ! તમારું ચિંતન બરાબર છે. યુદ્ધ પણ ખરાબ છે અને કાયર બનવું તે પણ ખરાબ છે. યુદ્ધ એટલા માટે ખરાબ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે તેના અંતમાં વિજેતા તેમજ પરાજિત બન્નેને સંતાપ તેમજ નિરાશા મળે છે. પોતાની સત્તા ગુમાવીને પરાજિત પસ્તાય છે અને કાંઇ નહિ મળવાથી વિજેતા પસ્તાય છે. કાયર બનવાની પણ હું તમને સલાહ આપી શકતો નથી. હું તમને એવું રાજ્ય આપવા માગું છું કે જેમાં યુદ્ધ અને કાયરતા બન્નેથી દૂર રહી શકાય.

ભગવાનની આશ્વાસનભરી વાણી સાંભળીને બધાંના મુખકમળ ખીલી ઊઠયાં. મનમયૂર નાચવા લાગ્યા. તેઓ અનિમેષ (એકી નજરે) દૃષ્ટિથી ભગવાનને નિહાળવા લાગ્યા. ભગવાનની ભાવનાને તેઓ સ્પર્શી શકયા નહિ. તે તેમની કલ્પનામાં ન આવી શકયું કે ભૌતિક રાજ્ય સિવાય પણ કોઇ રાજ્ય હોઇ શકે છે. તે ભગવાન દ્વારા બતાવાયેલા રાજ્ય મેળવવા વ્યગ્ર બની ગયા. તેમની તીવ્ર લાલસા જોઇને ભગવાન બોલ્યા– "એક લાકડા કાપનારો માણસ હતો. તે ભાગ્યહીન અને મૂર્ખ હતો. પ્રતિદિન કોયલા બનાવવા તે જંગલમાં જતો અને જે કાંઇ મળે તેનાથી પોતાનું ભરણપોષણ કરતો. એક વખત તે સખત ઉનાળામાં અસહ્ય ગરમીમાં થોડું પાણી લઈને જંગલમાં ગયો અને સૂકાં લાકડાં એકઠાં કરીને કોયલા બનાવવા માટે તેમાં આગ લગાડી દીધી.

અસહ્ય ધગધગતી ગરમી અને પ્રચંડ જ્વાલાના કારણે તેને ઘણી તરસ લાગી. તે પોતાની સાથે જે પાણી લાવ્યો હતો તે પી ગયો પરંતુ તેની તૃષા છીપી નહિ. આમ તેમ જંગલમાં પાણીની તપાસ કરી પરંતુ કોઇ જગ્યાએ પાણી મળ્યું નહિ. પાસે કોઇપણ ગામ હતું નહિ, તરસથી ગળું સુકાઇ જતું હતું, ગભરાટ વધી રહ્યો હતો. તે એક વૃક્ષ નીચે સૂઇ ગયો. નિદ્રા આવી ગઇ. તેણે સ્વપ્ન જોયું કે ઘરમાં જેટલું પણ પાણી છે તે પી ગયો છે તો પણ તરસ મટી નહિ, કૂવા ઉપર ગયો અને ત્યાંનું બધું પાણી પી ગયો તો પણ તરસ છીપી નહિ, નદી–નાળાં અને ઝરણાંના પાણી પીતાં પીતાં સમુદ્ર તટે પહોંચ્યો. બધું પાણી પી જવા છતાં પણ તેની તરસ ઓછી ન થઇ. તરસથી તરફડતો તે સમુદ્ર કાંઠે ભીનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલાં ઘાસને નીચોવીને તરસ મટાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં તેની ઊંઘ ઊડી ગઈ."

પ્રસ્તુત રૂપકનો ઉપસંહાર કરતાં ભગવાને કહ્યું– "શું પુત્રો! તે ભીના થયેલા ઘાસને નીચોવી પીવાથી તેની તૃષા શાંત થઈ શકે ખરી?"

પુત્રોએ કહ્યું: "નહિ ભગવન્!"

ભગવાને પોતાના અભિપ્રાય તરફ પુત્રોને આકૃષ્ટ કરતાં કહ્યું :– "ભૌતિક રાજ્યશ્રીની તૃષ્ણાને શાંત કરવાનો પ્રયાસ પણ ભીના થયેલા ઘાસને નીચોવી પીવા સમાન છે. સ્વર્ગીય સુખોથી પણ જેની તૃષ્ણા શાંત ન થઈ તે આવા તુચ્છ અને અલ્પકાળનાં રાજ્યથી શાંત થાય તે કઈ રીતે સંભવિત છે? તેથી સંબોધિ પ્રાપ્ત કરો.[૯૦] વસ્તુતઃ ભૌતિક રાજ્યથી આધ્યાત્મિક રાજ્ય મહાન છે. સાંસારિક સુખોથી આધ્યાત્મિક સુખ ઉત્તમ છે, તેને ગ્રહણ કરો. તેમાં ન કાયરતાની જરૂર છે કે ન યુદ્ધનો પ્રસંગ છે. જ્યાં સુધી સ્વરાજ્ય મળતું નથી ત્યાં સુધી પર–રાજ્યની અભિલાષા રહે છે. સ્વરાજ્ય મળી જતાં પરરાજ્યનો મોહ રહેતો નથી." ભગવાનના ઉપદેશથી પ્રભાવિત થઈને અઠ્ઠાણુએ ભઈઓએ રાજ્ય ત્યાગી સંયમ ગ્રહણ કરી લીધું. ભરતને આ ખબર મળતાંજ તેઓ દોડયા–દોડયા આવ્યા.[૯૧] ભ્રાતૃ–પ્રેમથી તેની આંખો ભીની થઈ ગઈ પણ તેની ભીની આંખો અઠ્ઠાણુ ભાઈઓને સંયમના પંથથી વિચલિત ન કરી શકી. ભરત નિરાશ થઈને પોતાને ઘેર પાછા ફર્યા.

——— * **ભ્રાતૃ–યુદ્ધ :** સમ્રાટ્ ભરત એક શાસન સૂત્રમાં સમગ્ર ભારતને પરોવવા માગતા હતા. તેથી પોતાના નાનાભાઈ બાહુબલીને એવો સંદેશો પહોંચાડયો કે તે ચક્રવર્તીની આજ્ઞાનો સ્વીકાર કરી લે. ભરતનો આ સંદેશો સાંભળતાંજ બાહુબલીની ભ્રકુટિ ચડી ગઈ. ક્રોધ ઊભરાઈ આવ્યો. દાંત કચકચાવી કહેવા લાગ્યો– "શું ભાઇ ભરતની ભૂખ હજી પણ શાંત ન થઈ! પોતાના નાના ભાઈઓનાં રાજ્ય છીનવી લેવા છતાં પણ તેને સંતોષ ન થયો? જો તે એમ સમજતા હોય કે હું શક્તિશાળી છું અને શક્તિથી બધાને ચટ કરી નાખું તો તે શક્તિનો સદુપયોગ નહિ, દુરૂપયોગ છે. માનવતાનું ભયંકર અપમાન છે અને કુળ-મર્યાદાનું અતિક્રમણ છે. અમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય પિતાશ્રી વ્યવસ્થાના નિર્માતા છે અને અમે તેમના પુત્રો થઈને વ્યવસ્થાનો ભંગ કરીએ તો તે અમારા માટે ઉચિત નથી. બાહુ-બળમાં તો હું ભરતથી કોઇ પણ પ્રકારે ઓછો ઊતરું તેમ નથી. જો તે પોતાના મોટાપણાંને ભૂલીને અનુચિત વ્યવહાર કરે તો હું ચૂપ રહી શકીશ નહિ. હું બતાવી દઈશ ભરતને કે મારા પર આક્રમણ કરવું કેટલું અનુચિત છે?

ભરત વિરાટ સેના લઈને બાહુબલી સાથે યુદ્ધ કરવા, 'બહલી' દેશની સીમા ઉપર પહોંચી ગયા અને બાહુબલી પણ પોતાની નાની સેનાને સજાવીને યુદ્ધ મેદાનમાં આવી ગયા. બાહુબલીના વીર સૈનિકોએ ભરતની વિરાટ સેનાના છક્કા છોડાવી દીધા. લાંબા વખત સુધી યુદ્ધ ચાલતું રહ્યું પણ ન તો ભરત જીત્યો કે ન બાહુબલી. હાર-જીતનો કોઈ ફેંસલો ન થયો. આખરે બાહુબલીએ આટલા બધા માનવોનું રક્ત વહેતું જોઈને નરસંહાર બંધ કરીને દ્વંદ્વયુદ્ધ માટે આમંત્રિત કર્યા.[૯૨] દૃષ્ટિયુદ્ધ, વાક્‌યુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ નિશ્ચિત થયાં.[૯૩] બધામાં સમ્રાટ ભરત પરાજિત થયા અને બાહુબલી વિજયી થયા. ભરતને પોતાના નાનાભાઇથી પરાજિત થવું ખૂબજ ખટકયું. આવેશમાં આવીને અને મર્યાદાને વિસ્મૃત કરીને બાહુબલીનો શિરચ્છેદ કરવા માટે ભરતે ચક્રનો પ્રયોગ કર્યો. તે જોઈને બાહુબલીનું લોહી ઊકળી ઊઠયું. બાહુબલીએ ઊછળીને ચક્રને પકડવાનું નક્કી કર્યું પણ ચક્ર બાહુબલીની પ્રદક્ષિણા કરીને ફરી ભરતની પાસે પાછું ફર્યું. તે બાહુબલીનો વાળ પણ વાંકો ન કરી શકયું. તે જોઈ બધા સ્તબ્ધ થઈ ગયા. બાહુબલીની બિરુદાવલીઓથી પૃથ્વી અને આકાશ ગૂંજી ઊઠયાં. ભરત પોતાના દુષ્કૃત્ય ઉપર લજ્જિત થઈ ગયા.

ભાઇ ભરતની ભૂલ ભુલાવવા માટે લાખો કંઠોથી એવી સ્વર લહેરીઓ ફૂટી પડી કે—"સમ્રાટ ભરતે તો ભૂલ કરી છે પરંતુ આપ ભૂલ ન કરો. નાનાભાઈ દ્વારા મોટાભાઈની હત્યા અનુચિતજ નહિ, અત્યન્ત અનુચિત છે. મહાન પિતાના પુત્ર પણ મહાન હોય છે, ક્ષમા કરો. ક્ષમા કરનારા કદી નાના બનતા નથી." બાહુબલીનો રોષ ઓછો થયો. હૃદય પ્રબુદ્ધ થયું. કુળ મર્યાદા અને યુગની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતનમગ્ન થઈ ગયા. ભરતને મારવા માટે ઉપડેલો હાથ ભરત ઉપર નહિ પડતાં પોતાના શિર ઉપર પડયો અને લોચ કરીને શ્રમણ બની ગયા. રાજ્યને ઠોકર મારીને પિતાના ચરણચિહ્નો ઉપર ચાલી નીકળ્યા.[૯૪]

—— * **બાહુબલીને કેવળજ્ઞાન :** બાહુબલીના પગ ચાલતાં ચાલતાં અટકી ગયા. તેઓ પિતાના શરણમાં પહોંચવા છતાં પણ ચરણમાં ન પહોંચી શકયા. પૂર્વે દીક્ષિત નાના ભાઈઓને નમન કરવાની વાત સ્મૃતિમાં આવતાંજ તેમનાં ચરણ એકાંત – શાંત જંગલમાંજ સ્તબ્ધ થઈ ગયાં. અસંતોષ ઉપર વિજય મેળવનારા બાહુબલી અસ્મિતાથી પરાજિત થઈ ગયા. એક વરસ સુધી હિમાલયની માફક અડોલ ધ્યાન-મુદ્રામાં અવસ્થિત રહેવા છતાં પણ કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત ન થઈ શકયો. શરીર ઉપર લતા-વેલો ચડી ગઇ. પક્ષીઓએ માળા બાંધી દીધા તથાપિ સફળતા મળી શકી નહિ, કેવળજ્ઞાન ન થયું.[૯૫]

"હાથી ઉપર આરૂઢ થયેલ વ્યકિતને કદી કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થતી નથી તેથી ભાઈ! હાથી ઉપરથી નીચે ઊતરો" એવા શબ્દો એક દિવસ બાહુબલીના કાનમાં પડયા. બાહુબલીએ ચિંતન કર્યું – હું હાથી ઉપર કયાં આરૂઢ છું? પછી વિચારધારાએ વળાંક લીધો, નેત્ર ખોલ્યાં, સામે વિનીત મુદ્રામાં ભગિનીઓને નિહાળતાં વિચારમગ્ન થઈ ગયા. હું વ્યર્થ અભિમાનના હાથી ઉપર ચડયો હતો. હું અવસ્થાના ભેદમાં ફસાઈ ગયો. તે ભાઈઓ ઉમરમાં મારાથી ભલે નાના હોય પણ ચારિત્ર્યની દૃષ્ટિથી તો મોટા છે. મારે નમન કરવું જોઈએ." નમન કરવા માટે જેવા પગ ઊપડયા કે ત્યાં જ બંધન તૂટી ગયા. વિનયે અહંકારને શાંત કરી દીધો. બાહુબલી ત્યાં જ કેવળી બની ગયા, ભગવાન શ્રી ઋષભદેવને નમન કરી, કેવળી પરિષદમાં આવીને તેમનામાં ભળી ગયા.[૯૬]

ભરતને કૈવલ્ય : રાજનૈતિક અને સાંસ્કૃતિક એકતાને માટે ભરતે ભાઈઓની સાથે જે વ્યવહાર કર્યો હતો તેથી તેઓ પોતે લજ્જા અનુભવતા હતા. ભાઈઓને ગુમાવીને રાજ્ય પ્રાપ્ત કરવા છતાં પણ તેના માનસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસન્નતા ન થઈ, વિરાટ રાજ્યનો ઉપભોગ કરવા છતાં પણ તેઓ હવે તેમાં આસક્ત ન હતા. સમ્રાટ બનવા છતાં પણ તેઓ સામ્રાજ્યવાદી વૃત્તિના ન હતા. લાંબા વખત સુધી રાજ્યશ્રીનો ઉપભોગ કર્યા પછી ભગવાન શ્રી ઋષભદેવ મોક્ષે પધાર્યા પછી એક વખત વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને અરીસા ભવનમાં ગયા. આંગળીમાંથી વીંટી સરી ગઈ તેથી તે અસુંદર દેખાવા લાગી. ભરતે આ જોયું ત્યારે અન્ય આભૂષણો પણ ઉતાર્યા. સુંદરતાનું રૂપ બદલાતું જોઈને ચિંતનનો પ્રવાહ વેગવાન બન્યો. ભરત વિચાર કરવા લાગ્યા—"આ બધું સૌંદર્ય કૃત્રિમ છે, કૃત્રિમતા સદા ક્ષણભંગુર હોય છે. સુંદરતા તે છે કે જે અક્ષય, અજર, અમર હોય. જે કોઈ અન્યની અપેક્ષાએ નહિ પરંતુ સ્વયંના રૂપમાં જ સુંદર હોય, તે સૌંદર્ય બહાર નહિ અંદરમાં છે. આત્માની અંદર ... ... અનંત જ્ઞાન! અનંત દર્શન! એ જ મારા અક્ષર સૌંદર્યનો ભંડાર છે" આ જાતનું ચિંતન કરતા કૃત્રિમ સૌંદર્યમાંથી આત્મસૌંદર્યમાં પહોંચી ગયા. કર્મમળનું પ્રક્ષાલન કરતાં કરતાં કેવળજ્ઞાની બની ગયા.[૯૭] આ રીતે ભગવાનના સો એ પુત્રોએ તથા બ્રાહ્મી—સુંદરી બન્ને પુત્રીઓએ શ્રમણત્વનો સ્વીકાર કરી કૈવલ્ય પ્રાપ્ત કર્યું અને મોક્ષે ગયા.

——— * ભગવાન ઋષભદેવની શિષ્ય સંપદા:—

उसभस्स णं अरहओ कोसलियस्स चउरासीइं गणा चउरासीइं गणहरा होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स उसभसेणपामोक्खाओ चउरासीइं समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स बंभीसुन्दरिपामोक्खाणं अज्जियाणं तिन्नि सयसाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स सेज्जंसपामोक्खाणं समणोवासगाणं तिन्नि सयसाहस्सीओ पंच सहस्सा उक्कोसिया समणोवासयसंपया होत्था।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उसभस्स णं अरहओ कोसलियस्स सुभद्दापामोक्खाणं समणोवासियाणं पंच सयसाहस्सीओ चउप्पन्नं च सहस्सा उक्कोसिया समणोवासियाणं संपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स चत्तारि सहस्सा सत्त सया पन्नासा चोद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं उक्कोसिया चोद्दसपुव्विसंपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स नव सहस्सा ओहिनाणीणं उक्कोसिया संपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स वीससहस्सा केवलणाणीणं उक्कोसिया संपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स वीससहस्सा छच्च सया वेउव्वियाणं उक्कोसिया संपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स बारससहस्सा छच्च सया पन्नासा विउलमईणं अड्ढाइज्जेसु दीवसमुद्देसु सन्नीणं पंचिंदियाणं पज्जत्तगाणं मणोगए भावे जाणमाणाणं पासमाणाणं उक्कोसिया विपुलमइसंपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स बारससहस्सा छच्च सया पन्नासा वाईणं संपया होत्था। उसभस्स णं अरहओ कोसलियस्स वीसं अंतेवासिसया सिद्धा, चत्तालीसं अज्जियासाहस्सीओ सिद्धाओ। बावीस सहस्सा नव य सया अणुत्तरोववाइयाणं गतिकल्लाणाणं जाव भद्दाणं उक्कोसिया संपया होत्था ॥ १९७ ॥

અર્થ: કૌશલિક અર્હંત ઋષભને ચોર્યાસી ગણ અને ચોર્યાસી ગણધર હતા. કૌશલિક અર્હંત ઋષભના સંઘમાં ઋષભસેન પ્રમુખ ચોર્યાસી હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં બ્રાહ્મી વગેરે ત્રણ લાખ આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકા સંપદા હતી. કૌશલિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હંત ઋષભના સમુદાયમાં શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ અને પાંચ હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં સુભદ્રા પ્રમુખ પાંચ લાખ ચોપન હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં જિન નહિ પણ 'જિન' સમાન ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં નવહજાર અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં વીસ હજાર કેવળજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ કેવળજ્ઞાની સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં વીસ હજાર છસો વૈક્રિય લબ્ધિધારીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં અઢી દ્વીપમાં અને બન્ને સમુદ્રોમાં રહેતા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયના મનોભાવોને જાણનારા એવા વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીઓની બાર હજાર છસો પચાસ જેટલી ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હંત ઋષભના સંઘમાંથી તેમના વીસ હજાર અંતેવાસી શિષ્ય અને ચાલીસ હજાર આર્યિકાઓ સિદ્ધ થઈ. કૌશલિક અર્હંત ઋષભના સમુદાયમાં બાવીસ હજાર નવસો કલ્યાણ ગતિવાળા યાવત્ ભવિષ્યમાં ભદ્ર પ્રાપ્ત કરનારા અનુત્તરોપપાતિકોની અર્થાત્ અનુત્તર વિમાનમાં જનારાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

मूलः-

उसभस्स णं अरहओ कोसलियस्स दुविहा अंतकडभूमी होत्था, तं जहा-जुगंतकडभूमी य परियायंतकडभूमी य। जाव असंखेज्जाओ पुरिसजुगाओ जुगंतकडभूमी, अंतोमुहुत्तपरियाए अंतमकासी॥ १९८॥

અર્થ: કૌશલિક અર્હંત ઋષભની બે જાતની અંતકૃતભૂમિ હતી. યુગાંતકૃતભૂમિ અને પર્યાયાંતકૃતભૂમિ. શ્રી ઋષભના નિર્વાણ પછી અસંખ્ય પાટ સુધી મોક્ષમાર્ગ ચાલતો રહ્યો– તે તેમની યુગાંતકૃતભૂમિ છે. શ્રી ઋષભને કેવળજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત પછી મોક્ષમાર્ગ ચાલુ થયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ શ્રી ઋષભનો કેવળી પર્યાય અંતર્મુહૂર્તનો થતાં જ મરુદેવી માતાએ સર્વ દુઃખોનો અંત કર્યો, નિર્વાણ પ્રાપ્ત કર્યું- તે તેમની પર્યાયાંતકૃતભૂમિ છે.

मूलः—

तेणं कालेणं तेणं समएणं उसभे अरहा कोसलिए वीसं पुव्वसयसहस्साइं कुमारवासमज्झावसित्ता णं, तेवट्ठिं पुव्वसयसहस्साइं रज्जवासमज्झावसित्ता णं, तेसीइं पुव्वसयसहस्साइं अगारवासमज्झावसित्ता णं, एगं वाससहस्सं छउमत्थपरियागं पाउणित्ता, एगं पुव्वसयसहस्सं वाससहस्सूणं केवलिपरियागं पाउणित्ता, पडिपुन्नं पुव्वसयसहस्सं सामन्नपरियागं पाउणित्ता, चउरासीइं पुव्वसयसहस्साइं सव्वाउयं पालइत्ता, खीणे वेयणिज्जाउयनामगोत्ते इमीसे ओसप्पिणीए सुसमदूसमाए समाए बहुविइक्कंताए तिहिं वासेहिं अद्धनवमेहि य मासेहिं सेसेहिं जे से हेमंताणं तच्चे मासे पंचमे पक्खे माहबहुले तस्स णं माहबहुलस्स तेरसीपक्खेणं उप्पिं अट्ठावयसेलसिहरंसि दसहिं अणगारसहस्सेहिं सद्धिं चोद्दसमेणं भत्तेणं अप्पाणएणं अभिइणा नक्खत्तेणं जोगमुवागएणं पुव्वण्हकालसमयंसि संपलियंकनिसन्ने कालगए विइक्कंते जाव सव्वदुक्खप्पहीणे ॥ १९९ ॥

—— * પરિનિર્વાણ :

અર્થ : તે કાળે તે સમયે કૌશલિક અર્હંત ઋષભ વીસ લાખ પૂર્વ વરસ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ સુધી રાજ્યાવસ્થામાં રહ્યા, ત્યાસી લાખ પૂર્વ વરસ સુધી ગૃહવાસમાં રહ્યા, એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહ્યા, એક લાખ પૂર્વ વરસમાં એક હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસ ઓછાં કેવળીપર્યાયમાં રહ્યા. આ પ્રમાણે પૂરાં એક લાખ પૂર્વ વરસ સુધી શ્રમણપર્યાયમાં રહ્યા. આ પ્રમાણે નિર્ધારિત ચોર્યાસી લાખ પૂર્વનું પૂર્ણ આયુષ્ય ભોગવીને વેદનીયકર્મ, આયુકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ક્ષીણ થતાં જ આ અવસર્પિણી કાળના સુષમ દુષમ નામના આરાનો ઘણો સમય વ્યતીત થઈ ગયો ત્યારે ત્રણ વરસ અને સાડાઆઠ માસ બાકી રહેતાં, હેમંત ઋતુના ત્રીજા માસ, પાચમા પક્ષ અર્થાત્ મહા માસનો કૃષ્ણપક્ષ આવ્યો–તે મહા વદ તેરસના દિવસે અષ્ટાપદ પર્વતના શિખર ઉપર શ્રી ઋષભદેવ અર્હંત બીજા દસ હજાર અણગારોની સાથે, પાણી રહિત છ ઉપવાસનું તપ કરતાં, અભિજિત નક્ષત્રનો યોગ થતાં જ પૂર્વાહ્નમાં પલ્યંકાસનથી રહેલા કાળગત થયા યાવત્ સર્વદુઃખોથી પૂર્ણપણે મુક્ત થયા અને નિર્વાણને પ્રાપ્ત થયા.

मूलः–

उसभस्स णंअरहओ कोसलियस्स कालगयस्स जाव सव्वदुक्खप्पहीणस्स तिन्नि वासा अद्धनवमा य मासा विइक्कंता, तओ वि परं एगा सागरोवमकोडाकोडी तिवासअद्धनवमासाहिएहिं बायालीसाए वाससहस्सेहिं ऊणिया वीइक्कंता, एयम्मि समए समणे भगवं महावीरे परिनिव्वुडे, तओ वि परं नव वाससया वीइक्कंता दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरकाले गच्छइ ॥ २०० ॥

અર્થ: કૌશલિક અર્હંત ઋષભ નિર્વાણ થયાંને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાંને ત્રણ વરસ ને સાડા આઠ માસ વ્યતીત થઈ ગયા, તે પછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા એક કોડાકોડ સાગરોપમ જેટલો કાળ વ્યતીત થયો, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પરિનિર્વાણને પ્રાપ્ત થયા. તે પછી પણ નવસો વરસ વ્યતીત થઈ ગયાં અને હવે દસમી શતાબ્દીનું આ એંસીમું વરસ ચાલી રહેલ છે. ૯૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થ વિ રા વ લી

—— * ગણધર ચરિત્ર

મૂલઃ–

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स नव गणा एक्कारस गणहरा होत्था ॥ २०१ ॥

અર્થ: તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધર હતા.

મૂલઃ–

से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-समणस्स भगवओ महावीरस्स नव गणा एक्कारस गणहरा होत्था ?

समणस्स भगवओ महावीरस्स जेट्ठे इंदभूई अणगारे गोयमे गोत्तेणं पंच समणसयाइं वातेइ, मज्झिमे अणगारे अग्गिभूई नामेणं गोयमे गोत्तेणं पंच समणसयाइं वाएइ, कणीयसे अणगारे वाउभूई नामेणं गोयमे गोत्तेणं पंच समणसयाइं वाएइ, थेरे अज्जवियत्ते भारदाये गोत्तेणं पंच समणसयाइं वाएइ, थेरे अज्जसुहम्मे अग्गिवेसायणे गोत्तेणं पंच समणसयाइं वाएइ, थेरे मंडियपुत्ते वासिट्ठे गोत्तेणं अध्दुट्ठाइं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समणसयाइं वाएइ, थेरे मोरियपुत्ते कासवगोत्ते णं अध्दुट्ठाइं समणसयाइं वाएइ, थेरे अकंपिए गोयमे गोत्तेणं, थेरे अयलभाया हारियायणे गोत्तेणं ते दुन्नि वि थेरा तिन्नि तिन्नि समणसयाइं वाइंति, थेरे मेयज्जे थेरे य प्पभासे एए दोन्नि वि थेरा कोडिन्ना गोत्तेणं तिन्नि तिन्नि समणसयाइं वाएंति, से एतेणं अट्ठेणं अज्जो! एवं वुच्चइ समणस्स भगवओ महावीरस्स नव गणा एक्कारस गणहरा होत्था ॥२०२॥

અર્થ: પ્રશ્ન– "ભગવન્! એમ કઇ દૃષ્ટિથી કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરને નવ ગણ અને અગીઆર ગણધર હતા?"

ઉત્તર: "શ્રમણ ભગવાન મહાવીરના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ નામના ગૌતમ ગોત્રીય અણગાર પાંચસો શ્રમણોને વાચના આપતા હતા. બીજા શિષ્ય અગ્નિભૂતિ નામના ગૌતમ ગોત્રીય અણગારે પાંચસો શ્રમણોને વાચના આપી. ત્રીજા શિષ્ય લઘુ અણગાર વાયુભૂતિ ગૌતમ ગોત્રીય પાંચસો શ્રમણોને વાચના આપી. ચોથા શિષ્ય આર્યવ્યક્ત ભારદ્વાજ ગોત્રીય સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી. પાંચમા શિષ્ય આર્ય સુધર્મા નામના અગ્નિવૈશાયન ગોત્રીય સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી. છઠ્ઠા શિષ્ય મંડિતપુત્ર નામના વાસિષ્ઠ ગોત્રીય સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી. સાતમા શિષ્ય મૌર્યપુત્ર નામના કાશ્યપગોત્રીય સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી. આઠમા શિષ્ય અકંપિત નામના ગૌતમ ગોત્રીય સ્થવિરે અને નવમા શિષ્ય અચલભ્રાતા નામના હારિતાયન ગોત્રીય સ્થવિરે ત્રણસો શ્રમણોને વાચના આપી. દશમા શિષ્ય મેતાર્ય નામના કૌંડિન્ય ગોત્રીય સ્થવિરે અને અગિયારમાં શિષ્ય પ્રભાસ નામના કૌંડિન્ય ગોત્રીય સ્થવિરે ત્રણસો ત્રણસો શ્રમણોને વાચના આપી.

તે કારણે હે આર્યો! એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરને નવગણ અને અગિયાર ગણધર હતા અર્થાત આઠમા નવમા ગણધરની એક વાચના હતી અને દસમા તથા અગિયારમાની પણ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાચના હતી. શ્રમણ ભગવાન મહાવીરની હાજરીમાંજ નવ ગણધર પોતપોતાના ગણ આર્ય સુધર્માને સોંપીને મોક્ષે ચાલ્યા ગયા હતા.

વિવેચન : ઇન્દ્રભૂતિ ગૌતમ : ભગવાન મહાવીરના પ્રધાન શિષ્ય હતા. મગધની રાજધાની રાજગૃહની પાસે ગોર્વર (ગોવરગાંવ) ગ્રામના રહેવાસી[૨] હતા, જેને આજે નાલંદાનો જ એક વિભાગ માનવામાં આવે છે. તેમના પિતા વસુભૂતિ[૩] અને માતા 'પૃથ્વી' હતી.[૪] તેમનું નામ જો કે ઇંદ્રભૂતિ હતું પણ તેમના ગોત્રાભિધાન "ગૌતમ"[૫] નામથી જ તેઓ વધુ પ્રખ્યાત થયા હતા. પચાસ વરસની આયુમાં[૬] તેમણે પાંચસો છાત્રોની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્રીસ વરસ સુધી છદ્મસ્થ રહ્યા.[૭] અને બાર વરસ જીવન્મુક્ત કેવળી.[૮] ગુણશીલ ચૈત્યમાં માસિક અનશન કરીને બાણુ (૯૨) વર્ષની ઉમ્રમાં નિર્વાણને પ્રાપ્ત થયા.[૯]

અગ્નિભૂતિ : અગ્નભૂતિ ઇન્દ્રભૂતિ ગૌતમના વચલા ભાઈ હતા. છેતાળીસ વરસની અવસ્થામાં દીક્ષા ગ્રહણ કરી.[૧૦] બાર વરસ સુધી છદ્મસ્થાવસ્થા[૧૧] માં તપ-જપ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. સોળ વરસ[૧૨] સુધી કેવળી અવસ્થામાં વિચરણ કરી, ભગવાન મહાવીરના નિર્વાણથી બે વરસ પહેલાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં માસિક અનશન કરી ચુમોતેર (૭૪) વરસની અવસ્થામાં નિર્વાણને પ્રાપ્ત થયા.[૧૩]

વાયુભૂતિ : તે ઇન્દ્રભૂતિના નાનાભાઈ હતા. બેંતાળીસ વરસની અવસ્થામાં ગૃહવાસ ત્યાગીને શ્રમણધર્મનો સ્વીકાર કર્યો હતો.[૧૪] દસ વરસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા.[૧૫] અઢાર વરસ કેવળી અવસ્થામાં રહ્યા.[૧૬] સિત્તેર વરસની અવસ્થામાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં માસિક અનશનની સાથે નિર્વાણને પ્રાપ્ત થયા.[૧૭]

આ ત્રણે ગણધરો સહોદર હતા અને વેદો વગેરેના પ્રકાંડ પંડિત હતા.

(૪) **આર્યવ્યક્ત :-** તે કોલ્લાગસંનિવેશના નિવાસી હતા.[૧૮] અને ભારદ્વાજ ગોત્રીય બ્રાહ્મણ હતા.[૧૯] તેના પિતાનું નામ ધનમિત્ર[૨૦] અને માતાનું નામ વારુણી હતું.[૨૧] પચાસ વરસની અવસ્થામાં પાંચસો છાત્રોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે શ્રમણધર્મનો સ્વીકાર કર્યો.[૨૨] બાર વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા[૨૩] અને અઢાર વરસ સુધી કેવળી પર્યાય પાળીને, એંસી વરસની અવસ્થામાં માસિક અનશન કરી રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણને પામ્યા.[૨૫]

(૫) **સુધર્મા** – તેઓ કોલ્લાગસંનિવેશના નિવાસી[૨૬] અગ્નિવૈશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ હતા.[૨૭] તેમના પિતા ધમ્મિલ[૨૮] હતા અને માતા ભદ્દિલા હતી.[૨૯] પાંચસો છાત્રો તેમની પાસે અધ્યયન કરતા હતા. પચાસ વરસની અવસ્થામાં શિષ્યોની સાથે પ્રવ્રજ્યા લીધી.[૩૦] બેંતાલીસ વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા[૩૧] મહાવીરના નિર્વાણ બાદ બાર વરસ વ્યતીત થતાં કેવળી થયા અને આઠ વરસ સુધી કેવળી અવસ્થામાં રહ્યા.

શ્રમણ ભગવાનના સર્વ ગણધરોમાં સુધર્મા દીર્ઘજીવી હતા તેથી અન્યાન્ય ગણધરોએ પોતપોતાના નિર્વાણના સમયે પોતાનાં ગણ સુધર્માને અર્પિત કરી દીધા હતા.

મહાવીર નિર્વાણના ૧૨ વર્ષ પછી સુધર્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને વીસ વરસ પછી સો વરસની અવસ્થામાં માસિક અનશન પૂર્વક રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.[૩૨]

મંડિત: મંડિત મૌર્યસન્નિવેશના રહેવાસી વાસિષ્ઠ ગોત્રીય બ્રાહ્મણ હતા[૩૩] તેમના પિતા ધનદેવ[૩૪] અને માતા વિજયદેવી[૩૫] હતા. તેમણે ત્રણસો પચાસ છાત્રોની સાથે ત્રેપન વરસની અવસ્થામાં પ્રવ્રજ્યા લીધી.[૩૬] સડસઠ (૬૭) વરસની અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.[૩૭] અને ત્યાસી વરસની અવસ્થામાં ગુણશીલ ચૈત્યમાં નિર્વાણને પ્રાપ્ત થયા.[૩૮]

(૭) **મૌર્યપુત્ર** – કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ હતા.[૩૯] તેમના પિતાનું નામ મૌર્ય[૪૦] અને માતાનું નામ વિજયદેવી હતું.[૪૧] મૌર્ય સંનિવેશના નિવાસી હતા.[૪૨] ત્રણસો પચાસ છાત્રોની સાથે ૬૫ વરસની અવસ્થામાં દીક્ષા લીધી.[૪૩] એંગણ્યાસી વરસની અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.[૪૪] અને ભગવાનના અંતિમ વરસમાં (૯૫ વર્ષે)[૪૫] પંચાણુ વર્ષની અવસ્થામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માસિક અનશનપૂર્વક રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું. મંડિત અને મૌર્યપુત્રની માતા એક જ હતી.

(૮) **અકંપિત**: તેઓ મિથિલાના રહેવાસી.[૪૬] ગૌતમ ગોત્રીય બ્રાહ્મણ હતા.[૪૭] તેમના પિતા દેવ[૪૮] અને માતા જયંતી હતી.[૪૯] ત્રણસો છાત્રોની સાથે અડતાલીસ વરસની અવસ્થામાં દીક્ષા લીધી.[૫૦] સત્તાવન વરસની અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભગવાન મહાવીરના અંતિમ વરસમાં અઠોત્તેર વરસની અવસ્થામાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

(૯) **અચલભ્રાતા**: તેઓ કોશલા ગ્રામના નિવાસી[૫૨] હારીત ગોત્રીય બ્રાહ્મણ હતા.[૫૩] તેમના પિતા વસુ[૫૪] અને માતા નંદા હતી.[૫૫] ત્રણસો છાત્રોની સાથે છેંતાલીસ વરસની અવસ્થામાં શ્રમણત્વનો સ્વીકાર કર્યો.[૫૬] બાર વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં અને ચૌદ વરસ કેવળી અવસ્થામાં વિચરણ કરીને બોંતેર વરસની[૫૭] અવસ્થામાં માસિક અનશનની સાથે રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

(૧૦) **મેતાર્ય**: તેઓ વત્સદેશમાં આવેલા તુંગિક સન્નિવેશના નિવાસી[૫૮] કૌંડિન્ય ગોત્રીય બ્રાહ્મણ હતા.[૫૯] તેમના પિતાનું નામ દત્ત હતું.[૬૧] અને માતાનું નામ વરુણ દેવા હતું[૬૨] તેમણે ત્રણસો છાત્રોની સાથે છત્રીસ વરસની[૬૩] અવસ્થામાં દીક્ષા ગ્રહણ કરી, દસ વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા અને સોળ વરસ સુધી કેવળી અવસ્થામાં રહ્યા. ભગવાન મહાવીરના નિર્વાણથી, ચાર વરસ પહેલાં બાસઠ વરસની[૬૩] અવસ્થામાં રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પામ્યા.

(૧૧) **પ્રભાસ**: તેઓ રાજગૃહના નિવાસી,[૬૪] કૌંડિન્ય ગોત્રીય બ્રાહ્મણ હતા.[૬૫] તેમના પિતાનું નામ 'બળ'[૬૬] અને માતાનું નામ 'અતિભદ્ર'[૬૭] હતું. તેમણે સોળ વરસની અવસ્થામાં શ્રમણધર્મનો સ્વીકાર કર્યો હતો.[૬૮] આઠ વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા અને સોળ વરસ સુધી કેવળી અવસ્થામાં. ભગવાન મહાવીરના સર્વજ્ઞ જીવનના પચ્ચીસમા વરસમાં ગુણશીલ ચૈત્યમાં માસિક અનશનપૂર્વક ચાલીસ વરસની અવસ્થામાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.[૬૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અગિયારેય બ્રાહ્મણ વિદ્વાનોએ ભગવાનના બીજા સમવસરણ પાવામાં દીક્ષા ગ્રહણ કરી અને બધા ગણધરના મહત્ત્વપૂર્ણ પદ ઉપર પ્રતિષ્ઠિત થયા હતા.

मूलः—

सव्वे एए समणस्स भगवओ महावीरस्स एक्कारस वि गणहरा दुवालसंगिणो चोद्दसपुव्विणो समत्तगणिपिडगधरा रायगिहे नगरे मासिएणं भत्तिएणं अपाणएणं कालगया जाव सव्वदुक्खप्पहीणा। थेरे इंदभूई थेरे अज्जसुहम्मे सिद्धिं गए महावीरे पच्छा दोन्नि वि परिनिव्वुया ॥ २०३ ॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીરના અગિયારે ગણધરો દ્વાદશાંગીના જ્ઞાતા હતા. ચૌદ પૂર્વના વેત્તા હતા અને સમગ્ર ગણીપિટકના ધારક હતા. તે બધા રાજગૃહી નગરમાં એક માસ સુધી પાણી રહિત અનશન કરી કાળ ધર્મને પ્રાપ્ત થયા યાવત સર્વ દુઃખોથી રહિત થયા. ભગવાન મહાવીરના નિર્વાણ પછી સ્થવિર ઇન્દ્રભૂતિ અને સ્થવિર આર્ય સુધર્મા પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

मूलः—

जे इमे अज्जत्ताते समणा निग्गंथा विहरंति एए णं सव्वे अज्जसुहम्मस्स अणगारस्स आवच्चिज्जा, अवसेसा गणहरा निरवच्चा वोच्छिन्ना ॥ २०४ ॥

અર્થ : આજે જે શ્રમણ નિર્ગ્રંથ વિચરે છે, અથવા વિદ્યમાન છે તે બધા આર્ય સુધર્મા અણગારના સંતાન છે, બાકી બધા ગણધરોની શિષ્ય પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * આર્ય જંબુ :

मूलः-

समणे भगवं महावीरे कासवगोत्तेणं। समणस्स णं भगवओ महावीरस्स कासवगोत्तस्स अज्ज सुहम्मे थेरे अन्तेवासी अग्गिवेसायणसगोत्ते। थेरस्स णं अज्जसुहम्मस्स अग्गिवेसायणसगोत्तस्स अज्जजंबुनामे थेरे अंतेवासी कासवगोत्ते। थेरस्स णं अज्जजंबुनामस्स कासवगोत्तस्स अज्जप्पभवे थेरे अंतेवासी कच्चायणसगोत्ते। थेरस्स णं अज्जप्पभवस्स कच्चायणसगोत्तस्स अज्जसेज्जंभवे थेरे अंतेवासी मणगपिया वच्छसगोत्ते। थेरस्स णं अज्जसेज्जंभवस्स मणगपिउणो वच्छसगोत्तस्स अज्जजसभद्दे थेरे अंतेवासी तुंगियायणसगोत्ते ॥२०५॥

અર્થ : શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રીય હતા. કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરના અગ્નિવૈશાયન ગોત્રીય સ્થવિર આર્ય સુધર્માના કાશ્યપ ગોત્રીય સ્થવિર આર્ય જંબુ નામના અંતેવાસી હતા. કાશ્યપ ગોત્રીય સ્થવિર આર્ય જમ્બુના કાત્યાયન ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવ નામના અંતેવાસી હતા. કાત્યાયન ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવના વત્સ્ય ગોત્રીય સ્થવિર આર્ય સિજ્જંભવ (શય્યંભવ) નામના અંતેવાસી હતા. મનકના પિતા અને વત્સ્ય ગોત્રીય સ્થવિર આર્ય સિજ્જંભવના તુંગિયાયન ગોત્રીય સ્થવિર આર્ય જસભદ્ર (આર્ય યશોભદ્ર) નામના અંતેવાસી હતા.

વિવેચન : શ્રમણ ભગવાન મહાવીરના પરિનિર્વાણના સોળ વરસ પહેલાં મગધની રાજધાની રાજગૃહમાં જંબુકુમારનો જન્મ થયો. તેના પિતાનું નામ શ્રેષ્ઠી ઋષભદત્ત અને માતાનું નામ ધારિણી હતું. તે તેમના માતાપિતાના એકના એક પુત્ર હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોળ વરસની ઉમરમાં આઠ કન્યાઓની સાથે પાણિગ્રહણ થયું. પાણિગ્રહણ પહેલાં જ સંયમ લેવાનો સંકલ્પ કર્યો. પરંતુ માતા પિતાના આગ્રહથી સુંદર કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. કરિયાવરમાં ૯૯ કરોડનું ધન મળ્યું પરંતુ સુધર્મા સ્વામીના વૈરાગ્ય રંગથી પીગળાવી નાખે તેવા પ્રવચનો સાંભળીને એટલી વિરક્તિ થઈ કે મધુરજની માણ્યા વિના આઠેય સુંદર પત્નીઓ અને અપાર વૈભવનો પરિત્યાગ કરીને ભગવાન સુધર્માના ચરણોમાં દીક્ષા ગ્રહણ કરી. જંબુની સાથે જ તેનાં માતા પિતા તથા આઠેય પત્નીઓ અને તેમનાં પણ માતાપિતાઓએ તથા દસ્યુરાજ પ્રભવે તથા તેની સાથેના પાંચસો ચોરોએ, આ રીતે પાંચસો સત્તાવીસ વ્યક્તિઓએ એકી સાથે દીક્ષા ગ્રહણ કરી.

સોળ વરસની ઉમરમાં દીક્ષા ગ્રહણ કરી બાર વરસ સુધી સુધર્મા સ્વામી પાસે આગમની વાચના પ્રાપ્ત કરતા રહ્યા. વીર નિર્વાણ સંવત એકમાં દીક્ષા ગ્રહણ કરી.[૭૦] વીર સંવત ૧૩માં સુધર્માસ્વામીને કેવળજ્ઞાન થયા પછી તેની પાટ ઉપર આસીન થયા. આઠ વરસ સુધી સંઘનું કુશળ નેતૃત્વ કર્યા પછી વીર સંવત વીસમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યુ અને વીર સંવત ચોસઠમાં એંસી વરસનું આયુષ્ય પૂર્ણ કરી મથુરા-નગરીમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

આજે જે કાંઈ આગમ સાહિત્ય ઉપલબ્ધ છે, તેનું ઘણું બધું શ્રેય જંબુસ્વામીને જ છે. તેમની પ્રબળ જિજ્ઞાસાથી જ સુધર્માસ્વામીએ આગમની વાચના આપી. જંબુસ્વામી આ અવસર્પિણી કાળચક્રના અંતિમ કેવળી હતા. તેમનાં પછી કોઈ પણ મોક્ષે ગયું નહિ. તેમના મોક્ષ પધાર્યા પછી નીચે જણાવેલી દસ વાતો વિચ્છિન્ન થઈ ગઈ. (૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન (૩) પુલાકલબ્ધિ (૪) આહારક શરીર (૫) ક્ષપકશ્રેણી (૬) ઉપશમશ્રેણી (૭) જિનકલ્પ (૮) સંયમત્રિક (પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર,) (૯) કેવળજ્ઞાન અને (૧૦) સિદ્ધિપદ.[૭૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

——— * આર્ય પ્રભવ સ્વામી

આર્ય પ્રભવ વિંધ્યાચળ સન્નિકટવર્તી જયપુરના નિવાસી હતા. પિતાનું નામ વિંધ્ય રાજા હતું. એક વખત કોઈ કારણથી પિતા સાથે અણબનાવ થઈ જવાના કારણે પોતાના પાંચસો સાથીઓને સાથે રાજ્ય છોડીને નીકળી પડયા. પોતાના સાથીઓની સાથે અહીંતહીં લૂંટફાટ કરવી એવી પ્રવૃત્તિથી પ્રભવ રાજકુમાર દસ્યુરાજના રૂપમાં વિખ્યાત થઈ ગયા. તેના નામથી લોકો કંપવા લાગ્યા. જે દિવસે જંબુકુમારના વિવાહ થયા હતા તે જ દિવસે ત્યાં લૂંટફાટ કરવા માટે પ્રભવ તેમના ઘેર પહોંચ્યા. પ્રભવની પાસે બે વિદ્યાઓ હતી: (૧) તાલોદ્ઘાટિની (તાળાં તોડવાની) અને (૨) અવસ્વાપિની (નિદ્રાધીન કરવાની). તેની વિદ્યાના પ્રભાવથી ઘરનાં બધાં માણસો સૂઈ ગયા પરંતુ ઉપર જંબુકુમાર પોતાની નવપરિણીતા પત્નીઓની સાથે વૈરાગ્ય ચર્ચા કરી રહેલ હતા. પ્રભવ ત્યાં પહોંચ્યા. છુપાઈને સાંભળવા લાગ્યા. વૈરાગ્ય રસથી ઊભરાતો ઉપદેશ સાંભળીને પ્રભવ સંસારથી વિરક્ત થઈ ગયા. પોતાના સાથીઓની સાથે જ તેમણે ત્રીસ વરસની અવસ્થામાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પચાસ વરસની અવસ્થામાં આચાર્ય પદ ઉપર બિરાજ્યા અને એકસો પાંચ વરસની ઉમરમાં અનશન કરી સ્વર્ગવાસી થયા.

——— * આર્ય શય્યંભવ

આર્ય પ્રભવના સ્વર્ગવાસ થયા બાદ આર્ય શય્યંભવ તેમની પાટ ઉપર આરૂઢ થયા. તેઓ રાજગૃહના નિવાસી વત્સગોત્રીય બ્રાહ્મણ હતા. વૈદિક સાહિત્યના ઉદ્ભટ વિદ્વાન હતા. એક વખત તેઓ ઘણો મોટો યજ્ઞ કરી રહેલ હતા. આર્ય પ્રભવના આદેશાનુસાર કેટલાક શિષ્યો તેમની પાસે આવ્યા અને નીચે મુજબ કહીને આગળ નીકળી ગયા.

"अहो कष्टमहो कष्टं पुनः तत्त्वं न ज्ञायते परम्"

"અત્યંત ખેદ છે કે તત્ત્વ કોઇ જાણતું નથી." આ વાકય શય્યંભવના પાંડિત્ય ઉપર એક સખત ઘા હતો. તેણે ઊંડાણથી વિચાર્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ તત્ત્વનું રહસ્ય જાણી ન શકાયું ત્યારે તેમણે મુનિઓને પૂછ્યું– "તત્ત્વ શું છે? બતાવો!"

શિષ્યોએ કહ્યું– "તત્ત્વ શું છે? તે તો અમારા ગુરુ બતાવશે. જો તત્ત્વની જિજ્ઞાસા હોય તો અમારા ગુરુ આર્ય પ્રભવના ચરણોમાં ચાલો." તે જ ક્ષણે શય્યંભવ આર્ય પ્રભવની પાસે આવ્યા. પ્રભવ સ્વામીએ બતાવ્યું.– "યજ્ઞ કરવો તે એક તત્ત્વ છે પરંતુ યજ્ઞ બહારનો નહિ, આભ્યંતર હોવો જોઈએ. વિકારોનાં પશુઓને હોમવા તે યજ્ઞનું તત્ત્વ છે." પ્રભવ સ્વામીના પ્રભાવપૂર્ણ પ્રવચનથી પ્રબુદ્ધ થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું.

જ્યારે તેમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી ત્યારે તેમની પત્ની સગર્ભા હતી, પછી પુત્ર થયો. 'મનક' નામ રાખવામાં આવ્યું. મનકે લઘુ વયમાંજ ચંપાનગરીમાં તેમનાં દર્શન કર્યા અને તેઓ પણ મુનિ બની ગયા. વિશિષ્ટ જ્ઞાનથી પુત્રનું છ માસનું આયુષ્ય જાણીને અલ્પ કાળમાંજ શ્રમણાચારનો સમ્યક્ પરિચય આપવાના હેતુથી પૂર્વશ્રુતના આધારથી આચારસંહિતાનું સંકલન કર્યું. તેનાં દસ અધ્યયન હતા. વિકાળમાં રચવાને કારણે તેનું નામ 'દસવૈકાલિક' રાખવામા આવ્યું.

તેમણે અઠ્ઠાવીસ વરસની વયમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ચોત્રીસ વરસ સાધારણ મુનિ અવસ્થામાં રહ્યા અને ત્રેવીસ વરસ યુગપ્રધાન આચાર્યપદ ઉપર. વીર સંવત ૯૮માં ૮૫ વરસનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગસ્થ થયા.

——★ આર્ય યશોભદ્ર

તે આચાર્ય શય્યંભવના પરમ મેધાવી શિષ્ય હતા. તુંગિયાયન ગોત્રીય બ્રાહ્મણ હતા. તેમના જીવનવૃત્ત સંબંધમાં વિશેષ સામગ્રી ઉપલબ્ધ નથી. પાટલિપુત્રના નંદરાજવંશ અને મંત્રીવંશ તેમના પ્રભાવથી પૂર્ણ પ્રભાવિત હતા. તથા વિદેહ, મગધ અને અંગ આદિ તેમના પાદ – પદ્મોથી સદા પાવન રહેતા હતાં. બાવીશ વરસની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી, ચૌદ વરસ સુધી મુનિ અવસ્થામાં રહ્યા અને પચાસ વરસ યુગપ્રધાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યપદ પર રહ્યા. વીર સંવત ૧૪૮ માં ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગસ્થ થયા.

અહીં એ સ્પષ્ટીકરણ કરી દેવાની આવશ્યકતા છે કે સ્થવિરાવલીનું લેખન એક સમયમાં થયેલું નથી. જેવી રીતે આગમોને ત્રણ વખત વ્યવસ્થિત કરવામાં આવ્યાં હતાં તેવી જ રીતે સ્થવિરાવલી પણ ત્રણ ભાગોમાં વ્યવસ્થિત કરવામાં આવી છે.

આર્ય યશોભદ્ર સુધી સ્થવિરાવલીની એક પરંપરા રહી છે. તેના પછી બે ધારાઓ થઇ ગઇ, એક સંક્ષિપ્ત અને બીજી વિસ્તૃત, આર્યયશોભદ્ર સુધીની સ્થવિરાવલી ભગવાન મહાવીરના નિર્વાણથી ઓછામાં ઓછા ૧૬૦ વર્ષ પછી પાટલીપુત્રમાં જે પ્રથમ વાચના થઈ હતી તેના પહેલાંની છે. તેના પછી સંક્ષિપ્ત અને વિસ્તૃત–બંનેય સ્થવિરાવલી કે જેમની પરિસમાપ્તિ ક્રમશઃ આર્ય તાપસ અને ફગ્ગુમિત્ત સુધી થઇ છે. દ્વિતીય વાચનાની વખતે તે તેમાં જોડી દેવામાં આવી છે. સંક્ષિપ્ત સ્થવિરાવલીમાં મૂળ પરંપરાના સ્થવિરોનો જ મુખ્યપણે નિર્દેશ કરવામાં આવેલ છે અને વિસ્તૃત સ્થવિરાવલીમાં મૂળ પટ્ટધરો સિવાય તેમના ગુરુભ્રાતા અને પ્રાદુર્ભૂત થવાવાળા ગણ, ગણોના કુળ અને શાખાઓનું પણ વર્ણન કરવામાં આવેલ છે. આર્ય તાપસ અને ફગ્ગુમિત્ર પછી સ્થવિરાવલીની ત્રીજી વાચનાના સમયે પૂર્વતન સ્થવિરાવલી તેમાં જોડી દેવામાં આવી.

मूल :—

संखित्तवायणाए अज्जजसभद्दाओ अग्गओ एवं थेरावली भणिया तं जहा-थेरस्स णं अज्जजसभद्दस्स तुंगियायणस-गोत्तस्स अंतेवासी दुवे थेरा-थेरे अज्जसंभूयविजए माढरस-गोत्ते; थेरे अज्जभद्दबाहू पाइणसगोत्ते। थेरस्स णं अज्जसंभूयबि-जयस्स माढरसगोत्तस्स अंतेवासी थेरे अज्जथूलभद्दे गोयमस-गोत्ते। थेरस्स णं अज्जथूलभद्दस्स गोयमसगोत्तस्स अंतेवासी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुवे थेरा-थेरे अज्जमहागिरी एलावच्छसगोत्ते। थेरे अज्जसुहत्थी वासिट्ठसगोत्ते। थेरस्स णं अज्जसुहत्थिस्स वासिट्ठसगोत्तस्स अंतेवासी दुवे थेरा सुट्ठियसुपडिबुद्धा कोडियकाकंदगा वग्घावच्चसगोत्ता। थेराणं सुट्ठियसुपडिबुद्धाणं कोडियकाकंदगाणं वग्घावच्चसगोत्ताणं अंतेवासी थेरे अज्जइंददिन्ने कोसियगोत्ते। थेरस्स णं अज्जइंददिन्नस्स कोसियगोत्तस्स अंतेवासी थेरे अज्जदिन्ने गोयमसगोत्ते। थेरस्स णं अज्जदिन्नस्स गोयमसगोत्तस्स अंतेवासी थेरे अज्जसीहगिरी जाइस्सरे कोसियगोत्ते। थेरस्स णं अज्जसीहगिरिस्स जातिसरस्स कोसियगोत्तस्स अंतेवासी थेरे अज्जवइरे गोयमसगोत्ते। थेरस्स णं अज्जवइरस्स गोयमसगोत्तस्स अंतेवासी चत्तारि थेरा-थेरे अज्जनाइले, थेरे अज्ज पोगिले, थेरे अज्जजयंते, थेरे अज्जतावसे। थेराओ अज्जनाइलाओ अज्जनाइला साहा निग्गया, थेराओ अज्जपोगिलाओ अज्जपोगिला साहा निग्गया, थेराओ अज्जजयंताओ अज्जजयंती साहा निग्गया, थेराओ अज्जतावसाओ अज्जतावसी साहा निग्गया इति ॥ २०६ ॥

અર્થ: આર્ય યશોભદ્રથી આગળની સ્થવિરાવલી સંક્ષિપ્ત વાચના દ્વારા આ રીતે કહેવામાં આવેલ છે – જેવી રીતે કે તુંગિયાયન ગોત્રના સ્થવિર આર્ય યશોભદ્રના બે સ્થવિર અંતેવાસી હતા. એક માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતિવિજય અને બીજા પ્રાચીન ગોત્રના સ્થવિર આર્ય ભદ્રબાહુ, માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતિ વિજયના ગૌતમ ગોત્રીય આર્ય સ્થૂલભદ્ર નામના અંતેવાસી હતા. ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થૂલભદ્રના બે સ્થવિર અંતેવાસી હતા, પ્રથમ એલાવચ્ચ (ઐલાવત્સ) ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને બીજા વાસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિ, વાસિષ્ઠગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તીના બે સ્થવિર અંતેવાસી હતા. પ્રથમ સુસ્થિત સ્થવિર અને બીજા સુપડિબુદ્ધ (સુપ્રતિબુદ્ધ) સ્થવિર. તે બન્ને કોડિય કાકંદક[૭૧] કહેવરાવતા હતા અને તે બન્ને વગ્ઘાવચ્ચ (વ્યાઘ્રાપત્ય) ગોત્રના હતા, કોડિયકાકંદકના રૂપમાં પ્રસિદ્ધ થયા અને વગ્ઘાવચ્ચ ગોત્રીય (વ્યાઘ્રાપત્ય ગોત્રીય) સુસ્થિત અને સુપ્પડિબુદ્ધ સ્થવિરના કૌશિક ગોત્રીય આર્ય ઇન્દ્રદિન્ન નામના સ્થવિર અંતેવાસી હતા, કૌશિક ગોત્રીય આર્ય ઇન્દ્રદિન્ન સ્થવિરના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય દિન્ન નામના અંતેવાસી હતા. ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય દિન્નના કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ નામના સ્થવિર અંતેવાસી હતા. આર્ય સિંહગિરિને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ સ્થવિરના ગૌતમ ગોત્રીય આર્ય વજ્રનામક સ્થવિર અંતેવાસી હતા. ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય-વજ્રના ઉકકોસિયગોત્રીય આર્ય વજ્રસેન નામના સ્થવિર અંતેવાસી હતા. ઉકકોસિયગોત્રીય આર્ય વજ્રસેન સ્થવિરના ચાર સ્થવિર અંતેવાસી હતા: (૧) સ્થવિર આર્ય નાઇલ, (૨) સ્થવિર આર્ય પોમિલ (પદ્મલ) (૩) સ્થવિર આર્ય જયંત (૪) અને સ્થવિર આર્ય તાપસ. સ્થવિર આર્ય નાઇલથી આર્ય નાઇલા શાખા નીકળી, સ્થવિર આર્ય પોમિલ (પદ્મલ)થી આર્ય પોમિલા (પદ્મિલા) શાખા નીકળી, સ્થવિર આર્ય જયંતથી આર્ય જયંતી શાખા નીકળી, સ્થવિર આર્ય તાપસથી આર્ય તાપસી શાખા નીકળી.

मूलः--

वित्थरवायणाए पुण अज्जजसभद्दाओ परओ थेरावली एवं पलोइज्जइ, तं जहा-थेरस्स णं अज्जजसभद्दस्स इमे दो थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे अज्जभद्दबाहू पाईणसगोत्ते थेरे अज्ज संभूयविजये माढरस-गोत्ते। थेरस्स णं अज्जभद्दबाहुस्स पाईणगोत्तस्स इमे चत्तारि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थेरा अंतेवासी अहावच्चा अभिण्णाया होत्था, तं जहा-थेरे गोदासे थेरे अग्गिदत्ते थेरे जण्णदत्ते थेरे सोमदत्ते कासवगोत्ते णं। थेरेहिंतो णं गोदासेहिंतो कासवगोत्तेहिंतो एत्थ णं गोदासगणे नामं गणे निग्गए, तस्स णं इमाओ चत्तारि साहाओ एवमाहिज्जंति, तं जहा-तामलित्तिया कोडीवरिसिया पोंडवद्धणिया दासीखब्बडिया ॥ २०७॥

અર્થ: તે પછી આર્ય યશોભદ્રથી આગળની સ્થવિરાવલી વિસ્તૃત વાચનાથી આ રીતે દૃષ્ટિગોચર થાય છે. જેવી રીતે કે તુંગિયાયન ગોત્રીય સ્થવિર આર્ય યશોભદ્રના પુત્ર સમાન તે બે પ્રખ્યાત સ્થવિર અંતેવાસી હતા. પ્રાચીન ગોત્રીય આર્ય ભદ્રબાહુ સ્થવિર અને માઢર ગોત્રીય આર્ય સંભૂતવિજય, પ્રાચીન ગોત્રીય આર્ય ભદ્રબાહુ સ્થવિરના આ ચાર સ્થવિર અંતેવાસી હતા.:- (૧) સ્થવિર ગોદાસ (૨) સ્થવિર અગ્નિદત્ત (૩) સ્થવિર યજ્ઞદત્ત (૪) અને સ્થવિર સોમદત્ત; તે ચારેય સ્થવિર કાશ્યપ ગોત્રીય હતા. કાશ્યપ ગોત્રીય સ્થવિર ગોદાસથી ગોદાસ ગણનો પ્રારંભ થયો. તે ગણની ચાર શાખાઓ આ રીતે છે: (૧) તામલિત્તિયા (તામ્રલિપ્તિકા) (૨) કોડિવરિસિયા (કોટિવર્ષિકા) (૩) પોંડવદ્ધિણિયા (પૌંડ્રવર્ધનિકા) (૪) દાસી ખબ્બડિયા (દાસીકર્પટિકા)[૭૨]

વિવેચન: સંક્ષિપ્ત સ્થવિરાવલીમાં આર્ય સંભૂતવિજયનું નામ પ્રથમ આવ્યું છે અને આર્ય ભદ્રબાહુનું બીજું, પરંતુ આ વિસ્તૃત સ્થવિરાવલીમાં પ્રથમ ભદ્રબાહુનું નામ આવે છે અને પછી સંભૂતવિજયનું, પટ્ટાવલીકારનો પણ એવો અભિમત છે કે સંભૂતવિજયના લઘુ ગુરુભ્રાતા ભદ્રબાહુ હતા અને યશોભદ્ર પછી તેના બંનેય શિષ્યો પટ્ટધર બન્યા.

——★ આર્ય ભદ્રબાહુ:-

તે જૈન સંસ્કૃતિના એક જ્યોતિર્ધર આચાર્ય હતા. જૈન આગમો ઉપર સર્વપ્રથમ વ્યાખ્યાત્મક ચિંતનના રૂપમાં તેમણે જ નિર્યુક્તિઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના કરેલ છે. તેઓ મંત્રશાસ્ત્ર અને જ્યોતિષના પ્રકાંડ વિદ્વાન હતા. જૈન સાહિત્ય સર્જનના તે આદિપુરુષ માની શકાય છે. આગમ વ્યાખ્યાતા, ઇતિહાસકાર અને સાહિત્યના નવસર્જકના રૂપમાં વસ્તુત: આચાર્ય ભદ્રબાહુ તેમના યુગના બહુમુખી પ્રતિભા સંપન્ન અને પ્રભાવશાળી આચાર્ય હતા. તેમનો જન્મ પ્રતિષ્ઠાનપુર નગરમાં થયો હતો. ૪૪ વર્ષની વયમાં આર્ય યશોભદ્રની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ૧૮ વર્ષ સુધી સાધારણ મુનિ અવસ્થામાં રહ્યા અને ૧૪ વર્ષ સુધી યુગ પ્રધાન આચાર્ય પદ ઉપર. વીર સંવત ૧૭૦માં ૭૬ વર્ષનું આયુષ્ય ભોગવીને તેઓ સ્વર્ગસ્થ થયા.

આર્ય પ્રભવથી પ્રારંભ થવા વાળી શ્રુતકેવળી પરંપરામાં ભદ્રબાહુ પાંચમાં શ્રુતકેવળી છે. ચૌદ પૂર્વધર છે. તેમના પછી કોઈપણ સાધક ચૌદ પૂર્વધર થયા નથી તેમને અંતિમ શ્રુતકેવળી માનવામાં આવે છે.

દશાશ્રુત, વૃહતકલ્પ, વ્યવહાર[૭૩] અને કલ્પસૂત્ર તે તેમના દ્વારા રચાયેલાં છે. આવશ્યકનિર્યુક્તિ વગેરે દશ નિર્યુક્તિઓની રચના પણ તેમણે જ કરી છે. આવશ્યકનિર્યુક્તિ તો વસ્તુત: જૈન સાહિત્યનો એક 'આકર' ગ્રંથ છે, તેમાં સર્વ પ્રથમ આ અવસર્પિણી કાળના જૈન મહાપુરુષોના જીવનચરિત્ર ગ્રંથિત થયા છે. તેમણે સપાદલક્ષ ગાથાબદ્ધ વસુદેવચરિત્ર (પ્રાકૃત ભાષામાં) લખેલું હતું. ચમત્કારી ઉપસગ્ગહર સ્તોત્ર પણ તેમની જ રચના છે. આ કૃતિના સંબંધમાં અનુશ્રુતિ છે કે વરાહમિહિર સંહિતાના રચયિતા વરાહમિહિર તેમના નાના ભાઈ હતા. તેમણે પણ આર્હતી દીક્ષા ગ્રહણ કરી હતી. જ્યારે ભદ્રબાહુને આચાર્યપદ આપવાનું નિશ્ચિત થયું ત્યારે તે ઇર્ષાથી શ્રમણવેષનો પરિત્યાગ કરી ગૃહસ્થ બની ગયા. અને વરાહમિહિર સંહિતાનું નિર્માણ કર્યું. વિદ્વાનોની એવી ધારણા છે કે વર્તમાનમાં જે વરાહમિહિર-સંહિતા ઉપલબ્ધ છે, તે તેનાથી ભિન્ન છે. જ્યારે તે મરીને વ્યંતરદેવ થયા ત્યારે પૂર્વ વેરથી જૈન શાસનના રાગીઓને ઉપસર્ગ કરવા લાગ્યા. ત્યારે આચાર્યે પ્રસ્તુત સ્તોત્રની રચના કરી કે જેના પાઠથી બધા ઉપસર્ગ નષ્ટ થઈ ગયા.[૭૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવામાં આવે છે કે પ્રાકૃત ભાષામાં તેમણે ભદ્રબાહુ સંહિતા નામનો જ્યોતિષ ગ્રંથ લખ્યો હતો તે આજે મળતો નથી. તેના અનુસંધાનમાં બીજા ભદ્રબાહુએ સંહિતાનું નિર્માણ કર્યું.[૭૫]

આગમોની પ્રથમ વાચના પાટલિપુત્રમાં તેમના દ્વારા જ સંપન્ન થઇ. તે વખતે (વી. નિ. ૧૫૫ની આસપાસ) ૧૨ વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો. શ્રમણસંઘ સમુદ્ર તટ ઉપર ચાલ્યો ગયો. અનેક શ્રુતધર કાળધર્મ પામી ગયા. દુષ્કાળ વગેરે અનેક કારણોથી યથાવસ્થિત સૂત્ર પારાયણ ન થઇ શકયાં તેનાથી આગમની શૃંખલા છિન્ન ભિન્ન થઈ ગઈ. દુષ્કાળ સમાપ્ત થયો. તે સમયે વિદ્યમાન વિશિષ્ટ આચાર્યો પાટલિપુત્રમાં એકઠા થયા. અગિયાર અંગ સંકલિત કરવામાં આવ્યાં. બારમા અંગના એક માત્ર જ્ઞાતા ભદ્રબાહુ સ્વામી તે વખતે નેપાળમાં મહાપ્રાણધ્યાનની સાધના કરી રહેલાં હતા. સંઘના આગ્રહથી તેમણે સ્થૂલિભદ્ર મુનિને બારમા અંગની વાચના દેવાનો સ્વીકાર કર્યો. દશપૂર્વ અર્થ સહિત શીખવાડયાં. અગિયારમા પૂર્વની વાચના ચાલી રહેલ હતી કે જ્યારે એક વખત આર્ય સ્થૂલિભદ્રને મળવા માટે, જ્યાં તે ધ્યાન કરી રહેલ હતા ત્યાં તેમની બહેનો આવી. બહેનોને ચમત્કાર દેખાડવાના કૌતુકવશ સ્થૂલિભદ્રે સિંહનું રૂપ બનાવ્યું. તે ઘટના ઉપર ભદ્રબાહુએ આગળ વાચના દેવાનું બંધ કરી દીધું કારણ તે જ્ઞાનને પચાવી શકયા નહોતા પરંતુ સંઘના અતિઆગ્રહથી અંતિમ ચાર પૂર્વોની વાચના તો આપી પરંતુ અર્થ ન બતાવ્યા. અને બીજાઓને તેની વાચના દેવાની સ્પષ્ટ મનાઇ કરી. અર્થની દૃષ્ટિએ અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુ જ છે સ્થૂલિભદ્ર શાબ્દિક દૃષ્ટિથી ચૌદપૂર્વી હતા. અને અર્થ દૃષ્ટિથી દશપૂર્વી હતા,

મૌર્યસમ્રાટ ચન્દ્રગુપ્ત તેમના અનન્ય ભક્ત હતા તેના દ્વારા જોવામાં આવેલાં ૧૬ સ્વપ્નનું ફળ તેમણે બતાવ્યું હતું. તેમાં પંચમકાળની ભવિષ્યકાલીન સ્થિતિનું રેખાચિત્ર હતું. સંભવિત રીતે ભદ્રબાહુના આવા વિરાટ વ્યક્તિત્વના કારણે જ શ્વેતાંબર અને દિગંબર–બંને પરંપરાઓને તેમના પ્રત્યે સમાન શ્રદ્ધાભાવ છે. બંનેય તેમને પોતાની પરંપરાના જ્યોતિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ર્ધર માને છે. વી. સં. ૧૭૦માં (વિ. પૂર્વ ૩૦૦માં) તેમનો સ્વર્ગવાસ માનવામાં આવે છે.

मूलः--

थेरस्स णं अज्जसंभूयविजयस्स माढरसगोत्तस्स इमे दुवालस थेरा अंतेवासी अहावच्चा अभिण्णाया होत्था, तं जहा—

नंदणभद्दे उवनंदभद्दे तह तीसभद्दे जसभद्दे ।
थेरे य सुमिणभद्दे मणिभद्दे य पुन्नभद्दे य ॥ १ ॥
थेरे य थूलभद्दे उज्जुमती जंबुनामधेज्जे य ॥
थेरे य दीहभद्दे थेरे तह पंडुभद्दे य ॥ २ ॥

थेरस्स णं अज्जसंभूइविजयस्स माढरसगोत्तस्स इमाओ सत्त अंतेवासिणीओ अहावच्चाओ अभिन्नाताओ होत्था, तं जहा—

जक्खा य जक्खदिन्ना भूया तह होइ भूयदिन्ना य ।
सेणा वेणा रेणा भगिणीओ थूलभद्दस्स ।१ ॥ २०८ ॥

અર્થ : માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયના પુત્ર સમાન અને પ્રખ્યાત બાર સ્થવિર અંતેવાસી હતા :– (૧) નંદનભદ્ર (૨) ઉપનંદભદ્ર (૩) તિષ્યભદ્ર (૪) યશોભદ્ર (૫) સ્થવિર સુમનભદ્ર (સ્વપ્નભદ્ર) (૬) મણિભદ્ર (૭) પુણ્યભદ્ર (પૂર્ણભદ્ર) (૮) આર્યસ્થૂલભદ્ર (૯) ઋજુમતિ (૧૦) જંબુ (૧૧) સ્થવિર દીર્ઘભદ્ર (૧૨) સ્થવિરપાંડુભદ્ર. માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયની પુત્રી સમાન તથા પ્રખ્યાત આ સાત અંતેવાસિનીઓ (શિષ્યાઓ) હતી:– (૧) યક્ષા (૨) યક્ષદત્તા (૩) ભૂતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) ભૂતદત્તા (૫) સેણા (૬) વેણા અને (૭) રેણા. એ સાતેય આર્ય સ્થૂલિભદ્રની બહેનો હતી.

વિવેચન : આચાર્ય સંભૂતવિજય માઢર ગોત્રીય બ્રાહ્મણ વિદ્વાન હતા. આર્ય યશોભદ્રની પાસે ૪૨ વર્ષની ઉંમરે તેમણે દીક્ષા ગ્રહણ કરી. ૪૦ વર્ષ સામાન્ય સાધુ અવસ્થામાં રહ્યા અને આઠ વર્ષ યુગ પ્રધાન આચાર્ય પદ ઉપર. ૯૦ વર્ષની ઉંમરમાં વીરસંવત ૧૫૬માં સ્વર્ગવાસી થયા.

તેમનો શિષ્ય પરિવાર ઘણો જ વિસ્તૃત હતો. અહીં તો પ્રમુખ ૧૨ શિષ્યોના જ નામનો નિર્દેશ કરવામાં આવેલ છે.

——— * આર્ય સ્થૂલિભદ્ર

मूलः-

थेरस्स णं अज्जथूलभद्दस्स गोयमगोत्तस्स इमे दो थेरा अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे अज्जमहागिरी एलावच्छसगोत्ते, थेरे अज्ज सुहत्थी वासिट्ठसगोत्ते। थेरस्स णं अज्जमहागिरिस्स एलावच्छसगोत्तस्स इमे अट्ठ थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे उत्तरे थेरे बलिस्सहे थेरे धणड्ढे थेरे सिरिड्ढे थेरे कोडिन्ने थेरे नागे थेरे नागमित्ते थेरे छलुए रोहगुत्ते कोसिए गोत्तेणं। थेरेहिंतो णं छलुएहिंतो रोहगुत्तेहिंतो कोसियगोत्तेहिंतो तत्थ णं तेरासिया निग्गया। थेरेहिंतो णं उत्तरबलिस्सहेहिंतो तत्थ णं उत्तरबलिस्सहगणे नामं गणे निग्गए। तस्स णं इमाओ चत्तारि साहाओ एवमाहिज्जंति, तं जहा-कोसंबिया सोतित्तिया कोडवाणी चंदनागरी ॥ २०९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : ગૌતમ ગોત્રીય આર્ય સ્થૂલિભદ્ર સ્થવિરના પુત્ર સમાન અને પ્રખ્યાત આ બે સ્થવિર અંતેવાસી હતા.

જેવા કે એક ઐલાવચ્ચ (ઐલાવત્સ) ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને બીજા વસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિ. ઐલાવચ્ચ ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિના પુત્ર સમાન પ્રખ્યાત તે આઠ સ્થવિર અંતેવાસી હતા. જેવા કે (૧) સ્થવિર ઉત્તર (૨) સ્થવિર બલિસ્સહ (૩) સ્થવિર ધણુડ્ઢ (ધનાઢ્ય) (૪) સ્થવિર સિરિડ્ઢ (શ્રી આઢ્ય) (૫) સ્થવિર કોડિન્ન (કૌડિન્ય) (૬) સ્થવિર નાગ (૭) સ્થવિર નાગમિત્ત (નાગમિત્ર) (૮) ષડુલૂક, કૌશિક ગોત્રીય સ્થવિર રોહગુપ્ત.

કૌશિક ગોત્રીય સ્થવિર ષડુલૂક રોહગુપ્તથી ત્રૈરાશિક સંપ્રદાય નીકળ્યો. સ્થવિર ઉત્તરથી તથા સ્થવિર બલિસ્સહથી ઉત્તરબલિસ્સહ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ આ રીતે કહેવામાં આવે છે જેવી કે (૧) કોસંબિયા (કૌશામ્બિકા)[૭૮] (૨) સોઇત્તિયા (શુક્તિમતિયા)[૭૯] (૩) કોંડભાણી[૮૦] અને (૪) ચંદનાગરી.

વિવેચન: આર્ય સ્થૂલિભદ્ર જૈન જગતનું એવું ઉજ્જવલ નક્ષત્ર છે કે જેમની જીવન પ્રભાથી આજે પણ જન જીવન આલોકિત છે. મંગળાચરણમાં ત્રીજા મંગળના રૂપમાં તેનું સ્મરણ કરવામાં આવે છે.

તે મગધની રાજધાની પાટલીપુત્રના નિવાસી હતા. તેના પિતાનું નામ શકડાલ હતું કે જે નંદ સામ્રાજ્યના મહામંત્રી હતા. તે વિલક્ષણ પ્રતિભાના ધણી અને રાજનીતિજ્ઞ હતા. જ્યાં સુધી તે વિદ્યમાન રહ્યા ત્યાં સુધી નંદ સામ્રાજ્ય પ્રતિદિવસ વિકાસ કરતું રહ્યું.

સ્થૂલિભદ્રના નાના ભાઈ શ્રેયક હતા અને યક્ષા વગેરે સાત બહેનો હતી. સ્થૂલિભદ્ર જ્યારે યૌવનના ઉંબરા ઉપર પહોંચ્યા ત્યારે કોશાગણિકા (તે યુગની સુંદરી ગણિકા તથા નર્તકી)ની રૂપજાળમાં ફસાઇ ગયા. મહા-પંડિત વરરુચિના ષડયંત્રથી શ્રેયકને તેના પિતાનો વધ કરવો પડયો. પિતાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમાત્યપદ ગ્રહણ કરવા માટે સ્થૂલિભદ્રને કહેવામાં આવ્યું પરંતુ પિતાના મૃત્યુથી તેને વૈરાગ્ય થઇ ગયો. તેણે આચાર્ય સંભૂતવિજય પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

પ્રથમ વર્ષાવાસનો સમય આવ્યો. અન્ય સાથી મુનિઓમાંથી એકે સિંહગુફા ઉપર ચાતુર્માસ રહેવાની આજ્ઞા માગી. બીજાએ દૃષ્ટિ વિષ સર્પના રાફડા ઉપર, ત્રીજાએ કૂવાના કાંઠા ઉપર અને સ્થૂલિભદ્રે કોશાની ચિત્રશાળામાં. ગુરુઆજ્ઞા લઇને સ્થૂલિભદ્ર કોશાના ભવન ઉપર પહોંચ્યા. ચારેય બાજુ વાસનાનું વાતાવરણ! કોશા-વેશ્યાના હાવભાવથી પણ સ્થૂલિભદ્ર ચલિત ન થયા. અંતે સ્થૂલિભદ્રના ત્યાગમય ઉપદેશથી તે શ્રાવિકા બની ગઇ.

વર્ષાવાસ પૂરો થતાં બધા શિષ્યો ગુરુના ચરણોમાં પાછા ફર્યા, ત્રણેયનું 'દુષ્કરકારક' તપસ્વીનાં રૂપમાં સ્વાગત કરવામાં આવ્યું. સ્થૂલિભદ્ર આવ્યા ત્યારે ગુરુ સાત આઠ ડગલાં સામે ગયા અને દુષ્કર-દુષ્કરકારક તપસ્વી કહીને સ્વાગત કર્યું. સિંહ ગુફાવાસી મુનિ આ દેખીને ક્ષુબ્ધ થયા. આચાર્યે બ્રહ્મચર્યની દુષ્કરતા ઉપર પ્રકાશ નાખ્યો પણ તેનો ક્ષોભ શાંત ન થયો.

બીજા વરસે સિંહ ગુફાવાસી મુનિ કોશા વેશ્યાને ત્યાં પહોંચ્યા. વેશ્યાએ પરીક્ષા માટે જેવાં કટાક્ષના બાણ છોડયાં કે ઘાયલ થઈ ગયા અને વ્રતભંગ કરવા માટે તૈયાર થઈ ગયા. કોશાએ પ્રતિબોધ દેવાના હેતુથી નેપાળ નરેશ દ્વારા અપાતી રત્નકંબલની યાચના કરી. વિષયાકુલ બનેલા તે વર્ષાવાસમાં નેપાળ પહોંચ્યા. રત્નકંબલ લઈને પાછા ફરી રહેલ હતા કે માર્ગમાં ચોરોએ તેને અનેક કષ્ટ આપ્યાં. ઘણીયે મુસીબતો સહન કરીને ફરીને પાટલીપુત્ર પહોંચ્યા. રત્નકંબલ વેશ્યાને આપ્યું. વેશ્યાએ ગંદા પાણીની ખાળમાં તેને ફેંકી દીધું. આક્રોશપૂર્ણ ભાષામાં સાધુએ કહ્યું- અત્યંત કઠિનતાથી જે રત્નકંબલને પ્રાપ્ત કરવામાં આવ્યું છે તેને ગંદી ખાળમાં નાખતાં તમને શરમ નથી આવતી? વેશ્યાએ કહ્યું :- રત્નકંબલથી પણ અધિક મુલ્યવાન, સંયમરત્નને ક્ષણિક વાસનાને માટે ભંગ કરવો તે શું સંયમરત્નને ગંદી ખાળમાં નાખવાનું નથી? વેશ્યાના એક જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાકયથી સિંહ ગુફાવાસી મુનિને પોતાની ભૂલ માલૂમ પડી ગઈ. તેના ગુરુના કથનના રહસ્યની જાણ થઇ ગઈ. આવીને ગુરુ સમક્ષ ક્ષમાયાચના કરી.

આચાર્ય સ્થૂલિભદ્રનું મહત્ત્વ કામવિજેતા હોવાના કારણે જ નહિ પણ પૂર્વધારી હોવાના કારણે પણ રહેલ છે.

વીર સંવત ૧૧૬માં તેનો જન્મ થયો. ૩૦ વર્ષની વયમાં દીક્ષા ગ્રહણ કરી ૨૪ વર્ષ સુધી સાધારણ મુનિ પર્યાયમાં રહ્યા અને ૫૪ વર્ષ સુધી યુગ પ્રધાન આચાર્ય પદ ઉપર. ૯૯ વર્ષનું આયુષ્ય ભોગવીને વૈભારગિરિ પર્વત ઉપર ૧૫ દિવસનું અનશન કરીને વીર સંવત ૨૧૫ (મતાંતરથી ૨૧૯) માં સ્વર્ગસ્થ થયાં.[૮૨]

આચાર્ય પ્રવર સ્થૂલિભદ્રની પાટ ઉપર તેમના શિષ્ય-રત્ન મહાન મેધાવી અને ચારિત્રનિષ્ઠ આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તી આસીન થયા. તે બન્ને આર્ય સ્થૂલિભદ્રની બહેન યક્ષા સાધ્વી દ્વારા પ્રતિબુદ્ધ થયા હતા.

આર્ય મહાગિરિ ઉગ્ર તપસ્વી હતા. દશ પૂર્વ સુધી અધ્યયન કર્યા પછી સંઘ સંચાલનની જવાબદારી પોતાના નાના ભાઈ સુહસ્તીને સમર્પિત કરીને સ્વયં આર્ય જમ્બુના સમયથી વિચ્છિન્ન જિનકલ્પની અત્યંત કઠોર સાધના કરવા માટે એકાંત શાંત જંગલમાં ચાલ્યા ગયા.

અનુશ્રુતિ છે કે એક વખત બન્ને આચાર્યો કૌશાંબીમાં ગયા. દુષ્કાળથી ઘેરાયેલાં એક દ્રમક (ભિખારી)ને પ્રવ્રજ્યા આપી ને દ્રમક સમાધિ પૂર્વક આયુષ્ય પૂર્ણ કરીને કુણાલપુત્ર સંપ્રાત થયા. અવંતિ (ઉજ્જૈની) માં આર્ય સુહસ્તીનાં દર્શન કરતા જાતિસ્મરણ થયું અને પ્રવચન સાંભળીને જૈન ધર્માવલમ્બી બન્યા. તે ઘણા પ્રતાપી રાજા થયા. હૃદયથી દયાળુ પ્રકૃતિના હતા. તેણે ૭૦૦ દાનશાળાઓ ખોલાવી અને જૈન ધર્મના પ્રચારને માટે તેમના વિશિષ્ટ અધિકારીઓને શ્રમણ વેશમાં આંધ્ર અને બીજા પ્રદેશોમાં મોકલ્યા.

બન્નેય આચાર્યોની શિષ્યપરંપરાઓ ઘણીજ વિસ્તૃત રહેલ છે કે જેનું વર્ણન મૂલાર્થમાં કરવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્ય મહાગિરિનો જન્મ વીર સંવત ૧૪૫માં થયો અને દીક્ષા ૧૭૫માં થઈ, ૨૧૫માં આચાર્ય પદ ઉપર પ્રતિષ્ઠિત થયા અને ૨૪૫માં ૧૦૦ વરસનું આયુષ્ય પૂર્ણ કરીને દશાર્ણ પ્રદેશના ગજેન્દ્રપદ તીર્થમાં સ્વર્ગસ્થ થયા.

આર્ય સુહસ્તીનો જન્મ વીર સંવત ૧૯૧માં થયો, દીક્ષા ૨૧૫માં થઈ. યુગપ્રધાન આચાર્ય પદ ઉપર ૨૪૫માં પ્રતિષ્ઠિત થયા અને ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને ઉજ્જેણીમાં ૨૯૧માં સ્વર્ગસ્થ થયા.[૮૪]

આર્ય સુહસ્તીની શિષ્ય સંપદા આગલા સૂત્રમાં સ્વયં સૂત્રકાર નિર્દિષ્ટ કરી રહેલ છે.

मूलः-

थेरस्स णं अज्जसुहत्थिस्स वासिट्ठसगोत्तस्स इमे दुवालस थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा—

थेरे त्थ अज्जरोहण, भद्दज्जसे मेहगणी य कामिड्ढी।
सुट्ठियसुप्पडिबुद्धे, रक्खिय तह रोहगुत्ते य ॥ १ ॥
इसिगुत्ते, सिरिगुत्ते, गणी य बंभे गणी य तह सोमे।
दस दो य गणहरा खलु. एए सीसा सुहत्थिस्स ॥ २ ॥२१०।

અર્થ: વાસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તીના પુત્ર સમાન અને પ્રખ્યાત તે બાર સ્થવિર અંતેવાસી હતા. જેવા કે:

(૧) સ્થવિર આર્ય રોહણ (૨) જસભદ્ર (ભદ્રયશ) (૩) મેહગણી (મેઘગણી) (૪) કામિર્દ્ધિ (કામર્દ્ધિ) (૫) સુસ્થિત (૬) સુપ્પડિબુદ્ધ (સુપ્રતિબુદ્ધ) (૭) રક્ષિત (૮) રોહગુપ્ત (૯) ઇસિગુપ્ત (ઋષિ ગુપ્ત) (૧૦) સિરિગુપ્ત (શ્રીગુપ્ત) (૧૧) બંભગણી (બ્રહ્મગણી) (૧૨) સોમગણી. તે બાર ગણધર સમાન તે બારેય શિષ્ય સુહસ્તીના હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન: આ બાર શિષ્યોમાં આર્ય સુસ્થિત અને આર્યસુપડિબુદ્ધ (સુપ્રતિબુદ્ધ) તે બન્ને આચાર્ય બન્યા. તે બન્ને કાકંદી નગરીના નિવાસી હતા. રાજકુલોત્પન્ન વ્યાઘ્રાપત્ય ગોત્રીય સહોદર હતા. કુમારગિરિ પર્વત ઉપર બન્નેએ ઉગ્ર તપસ્યા કરી. સંઘ સંચાલનનું કાર્ય સુસ્થિતને આધીન હતું અને વાચનાનું કાર્ય સુપ્રતિબુદ્ધને આધીન. હિમવન્ત સ્થવિરાવલીના અભિમતાનુસાર તેમના યુગમાં કુમારગિરિ ઉપર એક નાનું સરખું શ્રમણ સંમેલન થયું હતું અને બીજી વાચના પણ.

૩૧ વરસની અવસ્થામાં આર્ય સુસ્થિતએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ૧૭ વરસ સાધારણ શ્રમણ અવસ્થામાં રહ્યા અને ૪૮ વર્ષ આચાર્ય પદ ઉપર રહ્યા, ૯૬ વરસની અવસ્થામાં વીર સંવત ૩૩૯માં કુમારગિરિ પર્વત ઉપર સ્વર્ગવાસી થયા.

मूलः—

थेरेहिंतो णं अज्जरोहणेहिंतो कासवगुत्तेहिंतो तत्थ णं उद्देहगणे नामं गणे निग्गए। तस्सिमाओ चत्तारि साहाओ निग्गयाओ छच्च कुलाइं एवमाहिज्जंति॥ से किं तं साहाओ? एवमाहिज्जंति-उदुंबरिज्जिया मासपूरिया मतिपत्तिया सुवन्नपत्तिया, से तं साहाओ। से किं तं कुलाइं? एवमाहिज्जंति. तं जहा—

पढमं च नागभूयं, बीयं पुण सोमभूइयं होइ।
अह उल्लगच्छ तइयं, चउत्थयं हत्थिलिज्जं तु॥ १॥
पंचमगं नंदिज्जं, छट्ठं पुण पारिहासियं होइ।
उद्देहगणस्सेते, छच्च कुला होंति नायव्वा॥२॥ २१॥

અર્થ: કાશ્યપ ગોત્રીય સ્થવિર આર્ય રોહણથી ત્યાં ઉદ્દેહગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ અને છ કુળ આ રીતે કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – તે શાખાઓ આ રીતે કહેવામાં આ આવે છે: (૧) ઉદુંબરિજ્જયા (ઉદુંબરિયા)[૯૫] (૨) માસપૂરીઆ[૯૬] (યા) (૩) મઈપત્તિયા (૪) પુણ્ણપત્તિયા.

પ્રશ્ન – તે કુળ કયાં કયાં છે?

ઉત્તર – તે કુળ આ રીતે કહેવામાં આવે છે:– નાગભૂય (નાગભૂત) (૨) સોમભૂતિક (૩) ઉલ્લગચ્છ (આર્દ્રગચ્છ) (૪) હત્થલિજ્જ (હસ્તલેહ્ય) (૫) નંદિજ્જ (નંદીય) (૬) પારિહાસિય (પારિહાસિક) તે ઉદ્દેહ ગણનાં છ કુળ જાણવાં.

मूलः-

थेरेहिंतो णं सिरिगुत्तेहिंतो णं हारियसगोत्तेहिंतो एत्थ णं चारणगणे नामं गणे निग्गए। तस्स णं इमाओ चत्तारि साहाओ सत्त य कुलाइं एवमाहिज्जंति। से किं तं साहातो? एवमाहिज्जंति, तं जहा-हारियमालागारी संकासिया गवेधूया वज्जनागरी, से तं साहाओ। से किं तं कुलाइं? एवमाहिज्जंति, तं जहा—

पढमेत्थ वत्थलिज्जं, बीयं पुण वीचिधम्मकं होई।*
तइयं पुण हालिज्जं, चउत्थगं पूसमित्तेज्जं॥ १॥
पंचमगं मालिज्जं, छट्ठं पुण अज्जचेडयं होइ।
सत्तमगं कण्हसहं, सत्त कुला चारणगणस्स॥२॥२१२॥

अर्थः હારિયગોત્રીય સ્થવિર સિરિગુત્તથી ત્યાં ચારણગણ નામનો ગણ નીકળ્યો. તેની તે ચાર શાખાઓ અને સાત કુળો થયાં.

* बीयं पुण पीइधम्मयं होई। –पाठान्तरे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન :– તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર :– શાખાઓ આ રીતે છે: (૧) હારિયમાલાગારી (૨) સંકાસીઆ (૩) ગવેધુયા (૪) વજ્જનાગરી એ ચાર શાખાઓ છે.

પ્રશ્ન:– તે કુળ ક્યાં ક્યાં છે?

ઉત્તર– કુળ આ રીતે છે: (૧) પ્રથમ વત્સલીય (૨) દ્વિતીય પિઇધમ્મિઅ. (પ્રીતિધર્મક) (૩) તૃતીય હાલિજ્જ (હાલીય) (૪) ચતુર્થ પૂસમિત્તિજ્જ (પુષ્યમિત્રીય) (૫) પાંચમા માલિજ્જ (માલિય) (૬) છઠ્ઠા અજ્જચેડય (આર્યચેટક) (૭) સાતમા કણ્હસહ (કૃષ્ણસખ) ચારણગણના તે સાત કુળ છે.

मूल :—

थेरेहिंतो भद्दजसेहिंतो भारद्दायसगोत्तेहिंतो एत्थ णं उडुवाडियगणे नामं गणे निग्गए। तस्स णं इमाओ चत्तारि साहाओ तिन्नि कुलाइं एवमाहिज्जंति। से किं तं साहाओ? एवमाहिज्जंति, तं जहा-चंपिज्जिया भद्दिज्जिया काकंदिया मेहलिज्जिया, से तं साहाओ। से किं तं कुलाइं? एवमाहिज्जंति—

भद्दजसियं तह भद्दगुत्तियं, तईयं च होइ जसभद्दं।
एयाइं उडुवाडियगणस्स,तिन्नेव य कुलाइं ॥१॥२१३॥

અર્થ: ભારદ્વાજ ગોત્રીય સ્થવિર ભદ્રજસ (ભદ્રયશ)થી ત્યાં ઉડુવાડિયગણ (ઋતુવાદિક) નામનો ગણ નીકળ્યો. તેની તે ચાર શાખાઓ નીકળી અને ત્રણ કુળ નીકળ્યા. તે આ રીતે કહેવામાં આવે છે.

પ્રશ્ન:– તે કઇ કઇ શાખાઓ છે?

ઉત્તર :– શાખાઓ આ છે. જેવી કે: (૧) ચંપિજ્જયા (૨) ભદ્દિજ્જયા (ભદ્રીયા) [૮૮] (૩)કાકંદિયા [૮૯] (૪) મેહલિજ્જયા [૯૦] (મૈથિલીયા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નઃ- તે કુળ કયાં કયાં છે?

ઉત્તરઃ- તે કુળ આ જાતનાં છેઃ (૧) ભદ્દજસિય (ભદ્રયશીય) (૨) ભદ્દગુત્તિય (ભદ્રગુપ્તીય) (૩) જસભદ્દ (યશોભદ્રીય) કુલ, એ ત્રણેય કુલ ઉડુવાડિય (ઋતુવાટિકા) કુળના છે.

मूलः-

थेरेहिंतो णं कामिड्ढिहिंतो कुंडिलसगोत्तेहिंतो एत्थ णं वेसवाडियगणे नामं गणे निग्गए। तस्स णं इमाओ चत्तारि साहाओ चत्तारि कुलाइं एवमाहिज्जंति। से किं तं साहाओ? एवमाहिज्जंति-सावत्थिया रज्जपालिया अन्तरिज्जिया खेमलिज्जिया से तं साहाओ। से किं तं कुलाइं? एवमाहिज्जंति-

गणियं मेहिय कामड्ढियं च, तह होइ इंदपुरगं च।

एयाइं वेसवाडियगणस्स चत्तारि उ कुलाइं॥ १॥२१४॥

અર્થ: કુંડિલગોત્રીય કામિડ્ઢિ સ્થવિરથી ત્યાં વેસવાડિયગણુ નામનો ગણુ નીકળ્યો, તેની ચાર શાખાઓ અને ચાર કુળ નીકળ્યાં.

પ્રશ્નઃ- તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તરઃ- તે શાખાઓ આ રીતે છેઃ (૧) સાવત્થિયા (શ્રાવસ્તિકા) (૨) રજ્જપાલિય (રાજ્યપાલિતા) (૩) અંતરિજ્જયા (અંતરંજિયા) (૪) ખેમલિજ્જયા (ક્ષૌમિલીયા)[૬૨] એ ચાર શાખાઓ છે.

પ્રશ્નઃ- તે કુળ કયાં કયાં છે?

ઉત્તરઃ- તે કુળ આ રીતે છેઃ (૧) ગણિય (ગણિક) (૨) મેહિય (મેધિક) (૩) કામડ્ઢિય (કામર્દ્ધિક) અને (૪) ઇન્દ્રપુરગ (ઇન્દ્રપુરક) વેસવાડિયગણુ (વૈશવાટિક)નાં એ ચાર કુળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः-

थेरेहिंतो णं इसिगोत्तेहिंतो णं काकंदएहिंतो वासिट्ठस-गोत्तेहिंतो एत्थ णं माणवगणे नामं गणे निग्गए। तस्स णं इमाओ चत्तारि साहाओ तिण्णि य कुलाइं एवमाहिज्जंति। से किं तं साहाओ? साहाओ एवमाहिज्जंति-कासविज्जिया, गोयमिज्जिया वासिट्ठिया सोरट्ठिया, से तं साहाओ। से किं तं कुलाइं? कुलाइं एवमाहिज्जंति, तं जहा—

इसिगोत्तियऽत्थ पढमं, बिइयं इसिदत्तियं मुणेयव्वं।
तइयं च अभिजसंतं, * तिन्नि कुला माणवगणस्स॥१॥२१५॥

અર્થ : વાસિષ્ઠગોત્રીય અને કાકંદક ઇસિગુત્ત (ઋષિગુપ્ત) સ્થવિરથી માણવગણ (માનવગણ) નામનો ગણ નીકળ્યો તેની ચાર શાખાઓ અને ત્રણ કુળ આ રીતે છે.

પ્રશ્ન:- તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર:- તે શાખાઓ આ રીતે: (૧) કાસવિજ્જયા (કાશ્યપિયા) (૨) ગોયમિજ્જયા (ગૌતમીયા) (૩) વાસિટ્ઠિયા (વાસિષ્ઠિયા) (૪) સૌરટ્ઠીયા (સૌરાષ્ટ્રીયા) તે ચાર શાખાઓ છે.

પ્રશ્ન:- તે કુળ કયાં કયાં છે?

ઉત્તર:- તે કુળ આ રીતનાં છે: (૧) ઇસિગોત્તિય (ઋષિગુપ્તિક) (૨) ઇસિદત્તિય (ઋષિદત્તિક) (૩) અને અભિજ્જસંત એ ત્રણ કુળ માણવક (માનવક)[૯૩] ગણનાં છે.

मूलः-

थेरेहिंतो णं सुट्ठियसुप्पडिबुद्धेहिंतो कोडियकाकंदिएहिंतो वग्घावच्चसगोत्तेहिंतो एत्थ णं कोडियगणे नामं गणे निग्गए।

* 'अभिजयंत' इति कल्याणविजय :-पट्टावलीपरागे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्स णं इमाओ चत्तारि साहाओ, चत्तारि कुलाइं एवमाहिज्जंति । से किं तं साहाओ ? एवमाहिज्जंति, तं जहा–

उच्चानागरि विज्जाहरी य, वइरी य मज्झिमिल्ला य ।
कोडियगणस्स एया, हवंति चत्तारि साहाओ ॥ १ ॥
से किं तं कुलाइं ? कुलाइं एवमाहिज्जंति, तं जहा—
पढमेत्थ बंभलिज्जं, बितियं नामेण वच्छलिज्जं तु ।
ततियं पुण वाणिज्जं, चउत्थयं पन्नवाहणयं ॥१॥२१६॥

અર્થ : કોટિક કાકંદક કહેવાતા અને વગ્ઘાવચ્ચ (વ્યાઘ્રાપત્ય) ગોત્રીય સ્થવિર સુહ્રિય (સુસ્થિત) અને સુપ્પડિબુદ્ધ (સુપ્રતિબુદ્ધ) થી ત્યાં કોડિયગણુ[૬૪] નામનો ગણુ નીકળ્યો. તેની ચાર શાખાઓ આ રીતે છે.

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – તે શાખાઓ આ રીતે છે: (૧) ઉચ્ચાનાગરી[૬૫] (૨) વિજ્જાહરી (વિદ્યાધરી) (૩) વઈરી (વજ્રી) (૪) મજ્ઝિમિલ્લા (મધ્યમા)[૬૬] એ ચાર શાખાઓ કોટિક ગણુની છે.

પ્રશ્ન – તે કુળ કયાં કયાં છે?

ઉત્તર – તે કુળ આ રીતે છે: પ્રથમ બંભલિજ્જ ('બ્રહ્મલીય')[૬૭] કુળ, બીજું વચ્છલિજ્જ ('વત્સલીય કુળ',) ત્રીજું વાણિજ્જ (વાણિજ્ય[૬૮] કુળ) અને ચોથું પ્રશ્નવાહન ('પ્રશ્નવાહનક' કુળ.)

मूलः–

थेराणं सुट्ठियसुपडिबुद्धाणं कोडियकाकंदाणं वग्घावच्चसगोत्ताणं इमे पंच थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे अज्जइंददिन्ने थेरे पियगंथे थेरे विज्जाहरगोवाले कासवगोत्ते णं थेरे इसिदत्ते थेरे अरहदत्ते । थेरे-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हिंतो णं पियगंथेहिंतो एत्थ णं मज्झिमा साहा निग्गया। थेरेहिंतो णं विज्जाहरगोवालेहिंतो तत्थ णं विज्जाहरी साहा निग्गया ॥ २१७ ॥

અર્થ: કોટિકકાકંદક કહેવાતા અને વગ્ઘાવચ્ચ (વ્યાઘ્રાપત્ય) ગોત્રીય સ્થવિર સુસ્થિત તથા સુપ્રતિબુદ્ધને પાંચ સ્થવિર પુત્ર સમાન અને પ્રખ્યાત અંતેવાસી હતા. જેવા કે: (૧) સ્થવિર આર્ય ઇન્દ્રદિન્ન, (ઇન્દ્રદત્ત) (૨) સ્થવિર પિયગંથ (પ્રિયગ્રંથ) (૩] સ્થવિર વિદ્યાધર ગોપાલ કાશ્યપ ગોત્રીય (૪) સ્થવિર 'ઇસિદત્ત' ('ઋષિદત્ત') અને સ્થવિર (૫) 'અરહદત્ત' ('અર્હદત્ત').

સ્થવિર પ્રિયગ્રંથથી મધ્યમશાખા નિકળી. કાશ્યપ ગોત્રીય સ્થવિર વિદ્યાધર ગોપાલથી વિદ્યાધરી શાખાનો પ્રારંભ થયો.

વિવેચન: આચાર્ય ઇન્દ્રદિન્ન (ઇન્દ્રદત્ત) યુગ પ્રભાવક આચાર્ય હતા. તેમના જીવન સંબંધમાં વિશિષ્ટ જાણકારી પ્રાપ્ત નથી. તેમના નાના ગુરુભાઈ આર્ય પિયગંથ (પ્રિયગ્રંથ) પણ તેમના યુગના પરમ પ્રભાવક યુગપુરુષ હતા. તેમણે હર્ષપુરમાં થવાવાળા અજમેધનું નિવારણ કર્યું અને હિંસાધર્મી બ્રાહ્મણ વિજ્ઞોને અહિંસા ધર્મનો પાઠ શિખવાડયો. [૯૯]

मूलः—

थेरस्स णं अज्जइंददिन्नस्स कासवगोत्तस्स अज्जदिन्ने थेरे अंतेवासी गोयमसगोत्ते। थेरस्स णं अज्जदिन्नस्स गोयमसगोत्तस्स इमे दो थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया वि होत्था, तं जहा-थेरे अज्जसंतिसेणिए माढरसगोत्ते थेरे अज्जसीहगिरी जाइस्सरे कोसियगोत्ते। थेरेहिंतो णं अज्जसंतिसेणिएहिंतो णं माढरसगोत्तेहिंतो एत्थ णं उच्चानागरी साहा निग्गया ॥ २१८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય ઇન્દ્રદત્તના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યદિન્ન (દત્ત) અંતેવાસી હતા.

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યદિન્નના બે સ્થવિર પુત્ર સમાન અને પ્રખ્યાત અંતેવાસી હતા. આર્ય સંત્તિસેણિય (શાંતિશ્રેણિક) સ્થવિર માઢર ગોત્રીય અને જાતિસ્મરણ જ્ઞાનવાળા કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ.

માઢર ગોત્રીય (માઢરગોત્રી) સ્થવિર આર્ય શાંતિશ્રેણિકથી ઉચ્ચાનાગરી શાખાનો પ્રારંભ થયો.

—— * આર્ય કાલક

વિવેચન : આર્ય દિન્ન (ઇન્દ્રદત્ત) એક પ્રતિભાસંપન્ન આચાર્ય હતા. તેમણે દક્ષિણમાં કર્ણાટક સુધી દૂરના પ્રદેશોમાં ધર્મની ધ્વજા ફરકાવી હતી. તેમનો વિશેષ પરિચય ઉપલબ્ધ નથી. આર્ય સન્તિસેણિય (શાંતિશ્રેણિક) થી ઉચ્ચાનાગર શાખાની શરૂઆત થઈ. આ શાખામાં પ્રતિભામૂર્તિ આચાર્ય ઉમાસ્વાતિ થયા કે જેમણે સર્વપ્રથમ દર્શનશૈલીથી તત્ત્વાર્થસૂત્રનું નિર્માણ કર્યું.

તેમના જ નિકટના સમયમાં આર્ય કાલક, આર્ય ઋપુટાચાર્ય, ઇંદ્રદેવ, શ્રમણસિંહ, વૃદ્ધવાદી અને સિદ્ધસેન વગેરે આચાર્ય થયેલ છે.

(૧) આર્ય કાલકના નામથી ચાર આચાર્ય થયા છે. પ્રથમ કાલક કે જેનું બીજું નામ શ્યામાચાર્ય પણ પ્રખ્યાત છે અને જેમણે પ્રજ્ઞાપના સૂત્રનું નિર્માણ કર્યું, તે દ્રવ્યાનુયોગના વિશિષ્ટ જ્ઞાતા હતા. કહેવાય છે કે શક્રેન્દ્રે એક વખત ભગવાન સીમંધરસ્વામી પાસે નિગોદ ઉપર વિવેચન સાંભળ્યું. તેમણે એવી જિજ્ઞાસા વ્યક્ત કરી કે તે જાતની વ્યાખ્યા ભરત ક્ષેત્રમાં કોઈ કરી શકે છે! ભગવાન સીમંધર સ્વામીએ આચાર્ય કાલકનું નામ બતાવ્યું. તે સીધા જ કાલકાચાર્ય પાસે આવ્યા. જેવું ભગવાને કહ્યું હતું તેવું જ વર્ણન સાંભળીને અત્યંત આહ્લાદિત થયા.

તેમનો જન્મ વીર સંવત ૨૮૦માં થયો. વીર સંવત ૩૦૦માં દીક્ષા લીધી. ૩૩૫માં યુગપ્રધાન આચાર્ય પદ ઉપર આસીન થયા અને ૩૭૬માં સ્વર્ગારોહણ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) બીજા આચાર્ય કાલક પણ તેનાજ નજીકના છે. તે ધારા-નગરીના નિવાસી હતા, તેમના પિતાનું નામ રાજા વીરસિંહ અને માતાનું નામ સુરસુંદરી હતું, તેને એક નાની બહેન હતી, કે જેનું નામ સરસ્વતી હતું. તે અત્યંત રૂપવતી હતી, બન્નેએ ગુણાકર સૂરિની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એક વખત સાધ્વી સરસ્વતીના રૂપ ઉપર મુગ્ધ થઈને ઉજ્જે-ણીના રાજા ગર્દભિલ્લે તેનું અપહરણ કર્યું, આચાર્ય કાલકને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે અત્યંત ક્રોધિત થયા. તેમણે શક રાજાઓ સાથે મળીને ગર્દભિલ્લનું સામ્રાજ્ય નષ્ટભ્રષ્ટ કરી દીધું. કહેવાય છે કે સિંધુ સરિતાને પાર કરી ફારસ (ઈરાન) તથા બર્મા અને સુમાત્રા પણ ગયા. તેમણે જ ભાદ્રપદ સુદ ૪ ના રોજ પર્યુષણની આરાધના કરી હતી. તે પ્રસંગ આ રીતે છે:

એક વખત આચાર્યનો વર્ષાવાસ દક્ષિણના પ્રતિષ્ઠાનપુરમાં હતો. ત્યાંના રાજા સાતવાહન જૈન ધર્માવલંબી હતા. તે રાજ્યમાં ભાદ્રપદ સુદ પાંચમે ઇન્દ્રપર્વ માનવામાં આવતું હતું. રાજાએ આચાર્ય કાલકને નિવેદન કર્યું–મારે પણ સંવત્સરી મહાપર્વની આરાધના કરવાની છે તે કારણે સંવત્સરી મહાપર્વ છઠ્ઠના દિવસે મનાવવામાં આવે તો શ્રેયસ્કર છે. આચાર્યે કહ્યું– તે દિવસનું ઉલ્લંઘન કદાપિ કરી શકાતું નથી. રાજાના આગ્રહ વશ આચાર્યે કારણથી ચોથને સંવત્સરી પર્વ મનાવ્યું. અહિં એ યાદ રાખવું જોઇએ કે આચાર્યે અપવાદ રૂપમાં ચોથના દિવસે સવંત્સરી પર્વની આરાધના કરેલ છે. નહિ કે ઉત્સર્ગ[૧૦૦] સામાન્ય સ્થિતિના રૂપમાં.

मूल :–

थेरस्स णं अज्जसंतिसेणियस्स माढरसगोत्तस्स इमे चत्तारि थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे अज्जसेणिए थेरे अज्जतावसे थेरे अज्जकुबेरे थेरे अज्ज-इसिपालिते। थेरेहिंतो णं अज्जसेणितेहिंतो एत्थ णं अज्ज-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेणिया साहा निग्गया। थेरेहिंतो णं अज्जतावसेहिंतो एत्थ णं अज्जतावसी साहा निग्गया, थेरेहिंतो णं अज्जकुबेरेहिंतो एत्थ णं अज्जकुबेरा साहा निग्गया। थेरेहिंतो णं अज्जइसिपालेहिंतो एत्थ णं अज्जइसिपालिया साहा निग्गया ॥२१९॥

અર્થ : માઢર ગોત્રીય સ્થવિર આર્ય સન્તિસેણિયના ચાર સ્થવિર પુત્ર સમાન અંતેવાસી હતા. જેવા કે: (૧) સ્થવિર આર્ય સેણીય (આર્ય શ્રેણિક) (૨) સ્થવિર આર્ય તાપસ (૩) સ્થવિર આર્ય કુબેર (૪) સ્થવિર આર્ય ઇસિપાલિત (ઋષિપાલિત)

સ્થવિર આર્ય સેણીયથી ત્યાં આર્ય સેણિયા (શ્રેણિકા) શાખા નીકળી. સ્થવિર આર્ય તાપસથી ત્યાં આર્ય તાપસી શાખા નીકળી. સ્થવિર આર્ય કુબેરથી ત્યાં આર્ય કુબેરી શાખા નીકળી. સ્થવિર આર્ય ઇસિપાલિત (ઋષિપાલિત) થી ત્યાં આર્ય ઇસિપાલિત (ઋષિપાલિતા) શાખા નીકળી.

मूलः-

थेरस्स णं अज्जसीहगिरिस्स जातीसरस्स कोसियगोत्तस्स इमे चत्तारि थेरा अंतेवासी अहावच्चा अभिण्णाया होत्था, तं जहा-थेरे धणगिरी थेरे अज्जवइरे थेरे अज्जसमिए थेरे अरहदिन्ने। थेरेहिंतो णं अज्जसमिएहिंतो एत्थ णं बंभदेवीया साहा निग्गया। थेरेहिंतो णं अज्जवइरेहिंतो गोयमसगोत्तेहिंतो एत्थ णं अज्जवइरा साहा निग्गया ॥ २२० ॥

અર્થ : જાતિસ્મરણ જ્ઞાનવાળા કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ સ્થવિરના તે ચાર સ્થવિર પુત્ર સમાન સુવિખ્યાત અંતેવાસી હતા. જેવા કે (૧) સ્થવિર ધનગિરિ (૨) સ્થવિર આર્યવજ્ર (૩) સ્થવિર આર્ય સમિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને (૪) સ્થવિર અરહદત્ત, (અર્હદત્ત) સ્થવિર. આર્ય સમિતથી ત્યાં બંભદ્વેવીયા 'બ્રહ્મદીપિકા' શાખાનો પ્રારંભ થયો.

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય વજ્રથી આર્ય વજ્રી શાખા નીકળી.

વિવેચન :– આર્ય સિંહગિરિના જીવનવૃત્તાંત સંબંધમાં વિશેષ સામગ્રી મળતી નથી. અહીં તેમને કૌશિક ગોત્રીય બતાવેલ છે તથા જાતિ-સ્મરણ જ્ઞાનવાળા કહેલ છે. તેમના ચાર મુખ્ય શિષ્ય હતા : આર્ય સમિત, આર્ય ધનગિરિ, આર્ય વજ્ર સ્વામી અને આર્ય અર્હદત્ત.

આર્ય સમિતનો જન્મ અવંતી દેશના તુંબવન ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ધનપાલ હતું. તે જાતિથી વૈશ્ય હતા. તેને એક બહેન હતી. તેનું નામ સુનંદા હતું, તેનું પાણિગ્રહણ તુંબવન [૧૦૧]ના ધનગિરિની સાથે થયું હતું. [૧૦૨] આર્ય સમિત યોગનિષ્ઠા તેમજ ઉગ્ર તપસ્વી હતા. અનુશ્રુતિ છે કે આભીર દેશના અચલપુર ગામમાં તેમણે કૃષ્ણા અને પૂર્ણા સરિતાઓને યોગ બળથી પાર કરી, અને બ્રહ્મદ્વીપ પહોંચ્યા. બ્રહ્મદ્વીપના પાચસો તાપસોને પોતાના ચમત્કારથી આંજી દઈને તે બધાને પોતાના શિષ્ય બનાવ્યા.

આર્યવજ્રસ્વામી આર્ય સમિતની બહેનનો વિવાહ ઈભ્યપુત્ર ધનગિરિની સાથે થયો હતો. [૧૦૩] ધનગિરિ ધર્મપરાયણ વ્યક્તિ હતા. જ્યારે તેની સામે ધનપાલ તરફથી વિવાહનો પ્રસ્તાવ આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટ અસ્વીકાર કરતાં કહ્યું :– કે હું વિવાહ કરીશ નહિ. સંયમ લઈશ. પરંતુ ધનપાલે તેની સાથે વિવાહ કરી દીધા. વિવાહ થઈ ગયા છતાં પણ તેનું મન સંસારમાં ન લાગ્યું. પોતાની પત્નીને ગર્ભવતી છોડીનેજ આર્ય સિંહગિરિની પાસે દીક્ષા ગ્રહણ કરી. જ્યારે બાળકનો જન્મ થયો, ત્યારે તેણે પિતાના દીક્ષાની વાત સાંભળી. સાંભળતાજ જાતિસ્મરણ જ્ઞાન થયું. માતાનો મોહ ઓછો કરવા માટે તે રાત-દિવસ રોવા લાગ્યા. એક દિવસ ધનગિરિ અને સમિત ભિક્ષા માટે જઈ રહ્યા હતા. ત્યારે આર્ય સિંહગિરિએ શુભ લક્ષણ દેખીને શિષ્યોને આદેશ આપ્યો કે, જે કાંઈ ભિક્ષામાં મળે તે લઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવું. બન્નેય ભિક્ષા લેવા માટે સુનંદાને ત્યાં પહોંચ્યા, સુનંદા બચ્ચાથી તોબાહ પોકારી ગઈ હતી, જેવું ભિક્ષાને માટે પાત્ર આગળ રાખ્યું કે સુનંદાએ આવેશમાં આવીને બાળકને જોળીમાં મૂકી દીધું અને બોલી-આપ તો ચાલ્યા ગયા અને આને છોડી દીધો, રોઈ રોઈને મને પરેશાન કરી દીધી, તેને પણ લઈ જાઓ. ધનગિરિએ સમજાવવાનો પ્રયાસ કર્યો પણ તે ન સમજી. ધનગિરિએ છ માસના બાળકને લઈ લીધો અને લાવીને ગુરુને સોંપી દીધો.[૧૦૪] પાલનપોષણ માટે તેને ગૃહસ્થને આપી દેવામાં આવ્યો, શ્રાવિકાની સાથે તે ઉપાશ્રયમાં જતો, સાધ્વીઓના સંપર્કમાં રહેવાથી અને નિરંતર સ્વાધ્યાય સાંભળવાથી તેને અગિયાર અંગ કંઠસ્થ થઈ ગયાં.

જ્યારે બાળક ત્રણ વરસનો થયો ત્યારે તેની માતાએ બાળકને લેવા માટે રાજસભામાં ફરિયાદ કરી. માતાએ બાળકને અતિ અધિક પ્રલોભન દેખાડયાં પરંતુ બાળક ત્યાં ખેંચાયો નહિ અને ધનગિરિની પાસે આવીને રજોહરણ ઉઠાવી લીધો.

જ્યારે બાળકની ઉમ્મર આઠ વરસની થઈ ત્યારે ગુરુ ધનગિરિએ તેને દીક્ષા આપી દીધી અને વજ્રમુનિ નામથી પ્રસિદ્ધ થયા. જૃંભક દેવોએ અવંતીમાં આહાર શુદ્ધિની પરીક્ષા લીધી,[૧૦૫] તેઓશ્રી પૂર્ણ ખરા ઊતર્યા. દેવતાઓએ લઘુવયમાંજ તેમને વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યા આપી દીધી.[૧૦૬] એક વખત ઉત્તર ભારતમાં ભયંકર દુષ્કાળ પડયો તે વખતે વિદ્યાના બળથી તેઓશ્રી શ્રમણસંઘને કલિંગપ્રદેશમાં લઈ ગયા હતા.

પાટલીપુત્રના ઇભ્યશ્રેષ્ઠી ધનદેવની પુત્રી રુકિમણી તેમના અનુપમ રૂપ ઉપર મુગ્ધ થઈ ગઈ. ધનશ્રેષ્ઠીએ પણ પુત્રીની સાથે કરોડોની સંપત્તિ દહેજમાં દેવાનો પ્રસ્તાવ કર્યો, પરંતુ લેશમાત્ર પણ કનક અને કાંતાના મોહમાં ફસાયા નહિ, પરંતુ રુકિમણીને પ્રતિબોધ આપીને પ્રવ્રજ્યા પ્રદાન કરી.

વજ્રસ્વામીના ચમત્કારોની અનેક ઘટનાઓ જૈન સાહિત્યમાં આલેખાએલ છે.

વજ્રસ્વામીની શાખામાં અનેક વજ્રનામના પ્રભાવશાળી યુગપુરુષ દાર્શનિક અને ભવિષ્યદ્રષ્ટા થયેલ છે. ઇ. સ. ૬૪૬માં ચીની યાત્રી હ્યુ-એન-ત્સાંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારત આવ્યા હતા. નાલંદાથી ફરીને તે પોતાના દેશ જવા માગતા હતા. પણ અસહાય હતા તે વખતે વજ્રસ્વામીએ તેમને કહ્યું કે તમે ચિંતા ન કરો. આસામના રાજકુમાર અને કાન્યકુબ્જના રાજા શ્રી હર્ષ તમને સહાયતા કરશે. રાજા કુમારના દૂત તમને લેવા આવી રહેલ છે. વજ્રસ્વામીની ભવિષ્યવાણી પૂર્ણ સત્ય સિદ્ધ થઈ. હ્યુ-એન-ત્સાંગ તેમના યાત્રાના પુસ્તકમાં તેમનો મહાન ભવિષ્યદ્રષ્ટાના રૂપમાં ઉલ્લેખ કરેલ છે.

એક વખત વજ્રસ્વામીને કફની વ્યાધિ થઈ ગઇ, તે માટે તેમણે એક સુંઠનો કટકો ભોજન પછી ગ્રહણ કરવાના હેતુથી કાન પર મૂકી રાખ્યો હતો પણ તે તેને લેવાનું ભૂલી ગયા. સાંજના પ્રતિક્રમણ વખતે વંદન કરતી વખતે તે નીચે પડી ગયો. પોતાનો અંતિમ સમય નજીક આવ્યો સમજી પોતાના શિષ્ય વજ્રસેનને કહ્યું બાર વરસનો દુષ્કાળ પડશે, તેથી સાધુ સંતની સાથે તમે સૌરાષ્ટ્ર કે કોંકણ પ્રદેશમાં જજો અને હું રથાવર્ત પર્વત ઉપર અનશન કરવા જાઉં છું. જે દિવસે તમને લાખ મૂલ્યવાળા ચોખાની ભિક્ષા પ્રાપ્ત થાય તેના બીજા દિવસે સુકાળ થશે એમ કહી આચાર્ય સંથારો કરવાના હેતુથી ચાલી નીકળ્યા.

વજ્રસ્વામીનો જન્મ વીર-નિર્વાણ સંવત ૪૬૬માં થયો, ૫૦૪ (પાંચસો ચાર) માં દીક્ષા ગ્રહણ કરી, ૫૩૬માં આચાર્ય પદ ઉપર આસીન અને ૫૮૪માં સ્વર્ગસ્થ થયા.

मूलः-

थेरस्स णं अज्जवइरस्स गोतमसगोत्तस्स इमे तिन्नि थेरा अन्तेवासी अहावच्चा अभिन्नाया होत्था, तं जहा-थेरे अज्ज-वइरसेणिए थेरे अज्जपउमे थेरे अज्जरहे। थेरेहिंतो णं अज्जवइरसेणिएहिंतो एत्थ णं अज्जनाइली साहा निग्गया। थेरेहिंतो णं अज्जपउमेहिंतो एत्थ णं अज्जपउमा साहा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निग्गया थेरेहिंतो णं अज्जरहेहिंतो एत्थ णं अज्जजयंती साहा निग्गया ॥ २२१ ॥

અર્થ : ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યવજ્રના એ ત્રણ સ્થવિર પુત્ર સમાન સુખ્યાત અંતેવાસી હતા. જેવા કે: (૧) સ્થવિર આર્ય વજ્રસેન (૨) સ્થવિર આર્ય પદ્મ (૩) સ્થવિર આર્ય રથ.

સ્થવિર આર્ય વજ્રસેનથી નાઈલ આર્ય (નાગિલી) શાખા નીકળી સ્થવિર આર્ય પદ્મથી આર્ય પદ્મા શાખા નિકળી અને સ્થવિર આર્ય રથથી આર્ય જયંતી શાખા નીકળી.

વિવેચન : આર્ય વજ્રસ્વામીની પાટ ઉપર આર્ય વજ્રસેન આસીન થયા. તેના વખતમાં ભયંકર દુષ્કાળ પડયો. નિર્દોષ ભિક્ષાનું મળવું અસંભવ બની ગયું જેના કારણે ૭૮૪ શ્રમણ અનશન કરી પરલોકવાસી થયા. ક્ષુધાથી બધા તડફડવા લાગ્યા. જિનદાસ શ્રેષ્ઠીએ એક લાખ દીનારથી એક અંજલી પ્રમાણ અન્ન લીધું. તેને રાંધી તેમાં વિષ મેળવી સમસ્ત પરિવારની સાથે ખાવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે આચાર્ય વજ્રસ્વામીના કથન અનુસાર તેમણે સુભિક્ષની ઘોષણ કરી અને બધાના પ્રાણોની રક્ષા કરી. બીજા દિવસે અન્નથી ભરેલું જહાજ આવી ગયું. જિનદાસે તે અન્ન લઈને મૂલ્ય લીધા વિના ગરીબો વચ્ચે વહેંચી દીધું. થોડા વખત પછી વરસાદ થવાથી સર્વત્ર આનંદની ઊર્મિઓ ઊછળવા લાગી. જિનદાસ શેઠે પોતાની વિરાટ સંપત્તિનો ત્યાગ કરી પોતાના નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્ત અને વિદ્યાધર નામક ચાર પુત્રોની સાથે દીક્ષા ગ્રહણ કરી.

આર્ય વજ્રસેન પ્રતિભાસંપન્ન આચાર્ય હતા. દુષ્કાળ પરિસમાપ્ત થતાં તેમણે ફરી શ્રમણ સંઘને એકતાના સૂત્રમાં પરોવ્યો અને શ્રમણસંઘમાં અભિનવ ચેતના જાગૃત કરી પરંતુ તે દુષ્કાળથી અનેક શ્રમણોનો સ્વર્ગવાસ થઇ જવાથી કેટલાએ વંશ કુળ અને ગણ વિચ્છેદ થઈ ગયાં.

——— * **આર્ય રક્ષિત :-**

આર્ય વજ્રસેનના જ સમયમાં આગમવેત્તા આર્ય રક્ષિત સૂરિ થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની જન્મભૂમિ દશપુર (મંદસૌર) હતી. પિતાનું નામ રુદ્રસોમ હતું. તેઓશ્રી જ્યારે કાશીથી ગંભીર અધ્યયન કરીને પાછા ફર્યા ત્યારે પણ માતા પ્રસન્ન ન થઈ. માતાની પ્રબળ પ્રેરણાથી ઉત્પ્રેરિત થઈને દૃષ્ટિવાદનું અધ્યયન કરવા માટે તે વખતે દશપુરના ઇક્ષુવનમાં બિરાજમાન આચાર્ય તોસલીપુત્રની પાસે ગયા અને શ્રમણ બન્યા. તોસલી પુત્ર પાસે આગમનું અધ્યયન કર્યું. તે પછી દૃષ્ટિવાદના અધ્યયન કરવાના હેતુથી આર્યવજ્ર સ્વામી પાસે પહોંચ્યાં. સાડા નવ પૂર્વ સુધી અધ્યયન કર્યું. તેઓએ અનુયોગદ્વાર સૂત્રની રચના કરી અને આગમોને દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગના રૂપમાં વિભક્ત કર્યા.

તેમના સમય સુધી પ્રત્યેક આગમપાઠની દ્રવ્ય વગેરે રૂપમાં ચાર-ચાર વ્યાખ્યાઓ કરવામાં આવતી હતી. તેમણે શ્રુતધરોની સ્મરણશક્તિની દુર્બળતાને જોઈને જે પાઠોથી જે અનુયોગ સ્પષ્ટ રૂપથી પ્રતિભાસિત થતો હતો તે પ્રધાન અનુયોગને રાખીને બાકીના અન્ય ગૌણ અર્થોનું પ્રચલન બંધ કરી દીધું. જેવું કે અગિયાર અંગો-મહાકલ્પ સૂત્ર અને છેદ સૂત્રોનો સમાવેશ ચરણકરણાનુયોગમાં કરવામાં આવ્યો. ઋષિભાષિતોનો ધર્મકથાનુયોગમાં, સૂર્ય પ્રજ્ઞપ્તિ વગેરેનો ગણિતાનુયોગમાં અને દૃષ્ટિવાદનો સમાવેશ દ્રવ્યાનુયોગમાં કરવામાં આવ્યો.[૧૬૬] એ રીતે જ્યારે અનુયોગોને જુદા જુદા કરવામાં આવ્યા ત્યારથી નયાવતાર પણ અનાવશ્યક બની ગયા[૧૬૭] આ કાર્ય બાર વરસના દુષ્કાળ પછી દશપુરમાં કરવામાં આવ્યું હતું. ઇતિહાસજ્ઞોનો અભિમત છે કે પ્રસ્તુત આગમવાચના વીર સંવત ૫૯૨ ની લગભગ થઈ હતી. તે આગમવાચનામાં વાચનાચાર્ય આર્યનંદિલ, યુગપ્રધાન આચાર્ય આર્યરક્ષિત અને ગણાચાર્ય વજ્રસેન વગેરે ઉપસ્થિત હતા. વિદ્વાનોની એવી પણ ધારણા છે કે આગમ સાહિત્યમાં ઉત્તરકાળની મહત્ત્વપૂર્ણ ઘટનાઓનું જે મિશ્રણ થયેલ છે તેનું શ્રેય પણ આર્યરક્ષિતને જ છે. વીર સંવત ૫૯૭માં આર્યરક્ષિત સ્વર્ગસ્થ થયાં. તેના ઉત્તરાધિકારી દુર્બલિકાપુષ્પમિત્ર થયાં.

આર્ય રથ સ્વામી – આર્ય રથ સ્વામી આર્ય વજ્રસ્વામીના બીજા પટ્ટધર હતા. તે વસિષ્ઠ ગોત્રીય હતા અને ઘણા જ પ્રભાવશાળી હતા. તેમનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું નામ આર્ય જયંત પણ હતું કે જેના નામ ઉપર જ જયંતી શાખાની શરૂઆત થઈ. તેમના જીવનવૃત્ત સંબંધમાં વિશેષ સામગ્રી મળતી નથી.

मूल :-

थेरस्स णं अज्जरहस्स वच्छसगोत्तस्स अज्जपूसगिरी थेरे अंतेवासी कोसियगोत्ते। थेरस्स णं अज्जपूसगिरिस्स कोसिय-गोत्तस्स अज्जफग्गुमित्ते थेरे अंतेवासी गोयमसगुत्ते * ॥२२॥

અર્થ : વત્સ્યગોત્રીય સ્થવિર આર્ય રથના કૌશિક ગોત્રીય સ્થવિર આર્ય પુષ્યગિરિ અંતેવાસી હતા.

કૌશિક ગોત્રીય સ્થવિર આર્ય પુષ્યગિરિના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય ફગ્ગુમિત્ત અંતેવાસી હતા.

---

* थेरस्स णं अज्जफग्गुमित्तस्स गोयमसगुत्तस्स।
अज्जधणगिरी थेरे, अंतेवासी वासिट्ठसगोत्ते ॥ ३ ॥
थेरस्स णं अज्जधणगिरिस्स वासिट्ठसगोत्तस्स।
अज्जसिवभूई थेरे, अंतेवासी कुच्छगोत्ते ॥ ४ ॥
थेरस्स णं अज्जसिवभूइस्स कुच्छसगोत्तस्स।
अज्जभद्दे थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ ५ ॥
थेरस्स णं अज्जभद्दस्स कासवगुत्तस्स।
अज्जनक्खत्ते थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ ६ ॥
थेरस्स णं अज्जनक्खत्तस्स कासवगुत्तस्स।
अज्जरक्खे थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ ७ ॥
थेरस्स णं अज्जरक्खस्स कासवगुत्तस्स।
अज्जनागे थेरे, अन्तेवासी गोयमसगोत्ते ॥ ८ ॥
थेरस्स णं अज्जनागस्स गोयमसगुत्तस्स।
अज्जजेहिले थेरे, अन्तेवासी वासिट्ठसगुत्ते ॥ ९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

वंदामि फग्गुमित्तं च, गोयमं धणगिरिं च वासिट्ठं।
कोच्छिं सिवभूइं पि य, कोसिय दोज्जितकंटे य ॥ १ ॥
तं वंदिऊण सिरसा, चित्तं वंदामि कासवं गोत्तं।

थेरस्स णं अज्जजेहिलस्स वासिट्ठसगुत्तस्स।
अज्जविण्हू थेरे, अन्तेवासी माढरसगोत्ते ॥ १० ॥
थेरस्स णं अज्जविण्हुस्स माढरसगुत्तस्स।
अज्जकालए थेरे, अन्तेवासी गोयमसगोत्ते ॥ ११ ॥
थेरस्स णं अज्जकालगस्स गोयमसगुत्तस्स।
इमे दुवे थेरा, अन्तेवासी गोयमसगोत्ता
थेरे अज्जसंपलिए, थेरे अज्जभद्दे ॥ १२ ॥
एएसिं दुण्ह वि, थेराणं गोयमसगुत्ताणं।
अज्जवुड्ढ थेरे, अन्तेवासी गोयमसगुत्ते ॥ १३ ॥
थेरस्स णं अज्जवुड्ढस्स गोयमसगोत्तस्स।
अज्जसंघपालिए थेरे, अन्तेवासी गोयमसगोत्ते ॥ १४ ॥
थेरस्स णं अज्जसंघपालियस्स गोयमसगोत्तस्स।
अज्जहत्थी थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ १५ ॥
थेरस्स णं अज्जहत्थिस्स कासवगुत्तस्स।
अज्जधम्मे थेरे, अन्तेवासी सुव्वयगोत्ते ॥ १६ ॥
थेरस्स णं अज्जधम्मस्स सुव्वयगोत्तस्स।
अज्जसीहे थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ १७ ॥
थेरस्स णं अज्जसीहस्स कासवगुत्तस्स।
अज्जधम्मे थेरे, अन्तेवासी कासवगुत्ते ॥ १८ ॥
थेरस्स णं अज्जधम्मस्स कासवगुत्तस्स।
अज्जसंडिल्ले थेरे अन्तेवासी ॥ १९ ॥

—अर्वाचीनासु प्रतिषु पाठः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णक्खं कासवगोत्तं, रक्खं पि य कासवं वंदे ॥ २ ॥
वंदामि अज्जनागं च, गोयमं जेहिलं च वासिट्ठं ।
विण्हुं माढरगोत्तं, कालगमवि गोयमं वंदे ॥ ३ ॥
गोयमगोत्तमभारं* सप्पलयं तह य भद्दयं वंदे ।
[1]थेरं च संघवालियकासवगोत्तं पणिवयामि ॥ ४ ॥

---

* गोयमगोत्तकुमारं-इतिकल्याणविजय-पट्टावलीपरागे प० २९

१--थेरं च अज्जवुड्ढं, गोयमगुत्तं नमंसामि ॥ ४ ॥
तं वंदिऊण सिरसा, थिरसत्तचरित्तनाणसंपन्नं ।
थेरं च संघपालियगोयमगुत्तं पणिवयामि ॥ ५ ॥
वंदामि अज्जहत्थिं च, कासवं खंतिसागरं धीरं ।
गिम्हाणपढममासे, कालगयं चेत्तसुद्धस्स ॥ ६ ॥
वंदामि अज्जधम्मं च, सुव्वयं सीललद्धिसंपन्नं ।
जस्स निक्खमणे देवो, छत्तं वरमुत्तमं वहइ ॥ ७ ॥
हत्थिं: कासवगुत्तं, धम्मं सिवसाहगं पणिवयामि ।
सीहं कासवगुत्तं, धम्मं पि अ कासवं वंदे ॥ ८ ॥
तं वंदिऊण सिरसा, थिरसत्तचरित्तनाणसंपन्नं ।
थेरं च अज्जजंबुं, गोअमगुत्तं नमंसामि ॥ ९ ॥
मिउमद्दवसंपन्नं, उवउत्तं नाणदंसणचरित्ते ।
थेरं च नंदिअं पि य, कासवगुत्तं पणिवयामि ॥ १० ॥
तत्तो अ थिरचरित्तं, उत्तमसम्मत्तसत्तसंजुत्तं ।
देसिगणिखमासमणं, माढरगुत्तं नमंसामि ॥ ११ ॥
तत्तो अणुओगधरं, धीरं मइसागरं महासत्तं ।
थिरगुत्तखमासमणं, वच्छसगुत्तं पणिवयामि ॥ १२ ॥
तत्तो य नाणदंसणचरित्ततवसुट्ठिअं गुणमहंतं ।
थेरं कुमारधम्मं, वंदामि गणिगुणोवेयं ॥ १३ ॥
सुत्तत्थरयणभरिए, खमदममद्दवगुणेहिं संपन्ने ।
देविड्ढि खमासमणे कासवगुत्ते पणिवयामि ॥ १४ ॥

—अर्वाचीनासु प्रतिषु पाठः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वंदामि अज्जहत्थिं च, कासवं खंतिसागरं धीरं।
गिम्हाण पढममासे, कालगयं चेत्तसुद्धस्स ॥ ५ ॥
वंदामि अज्जधम्मं च, सुव्वयं सीसलद्धिसंपन्नं।
जस्स निक्खमणे देवो, छत्तं वरमुत्तमं वहइ ॥ ६ ॥
हत्थं कासवगोत्तं, धम्मं सिवसाहगं पणिवयामि।
सीहं कासवगोत्तं, धम्मं पि य कासवं वंदे ॥ ७ ॥
सुत्तत्थरयणभरिए, खमदममद्दवगुणेहिं संपन्ने।
देविड्ढिखमासमणे, कासवगोत्ते पणिवयामि ॥८॥२२३॥

અર્થ: ગૌતમગોત્રીય ફગ્ગુમિત્ર [ફલ્ગુમિત્ર] ને વાસિષ્ઠ ગોત્રીય ધનગિરિને કૌત્સ્યગોત્રીય શિવભૂતિને અને કૌશિકગોત્રીય દોજ્જતકંટકને વંદન કરું છું. તે બધાને મસ્તક ઝુકાવીને વંદન કરીને કાશ્યપગોત્રીય ચિત્તને વંદન કરું છું. કાશ્યપગોત્રીય નક્ષત્ર અને કાશ્યપગોત્રીય રક્ષને પણ વંદન કરું છું. ગૌતમગોત્રીય આર્ય નાગને અને વાસિષ્ઠગોત્રીય જેહિલ [જેષ્ઠિલ] ને તથા માઢરગોત્રીય વિષ્ણુને અને ગૌતમગોત્રીય કાલકને પણ વંદન કરું છું. ગૌતમ ગોત્રીય સભારને અથવા અભારને સમ્પલય [સંપલિત] ને તથા ભદ્રકને વંદન કરું છું. કાશ્યપગોત્રીય સ્થવિર સંઘપાલિતને નમસ્કાર કરું છું. કાશ્યપગોત્રીય આર્ય હસ્તીને વંદન કરું છું. તે આર્ય હસ્તી ક્ષમાના સાગર અને ધીર હતા તથા ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસમાં શુકલ પક્ષના દિવસોમાં કાળધર્મને પ્રાપ્ત થયા હતા. જેમના નિષ્ક્રમણ (દીક્ષા) લેવાના સમયમાં દેવે ઉત્તમ છત્ર ધારણ કર્યું હતું તેવા સુવ્રતવાળા શિષ્યોની લબ્ધિથી સંપન્ન આર્ય ધર્મને વંદન કરું છું. કાશ્યપગોત્રીય હસ્તને અને શિવસાધક ધર્મને નમસ્કાર કરું છું. કાશ્યપગોત્રીય 'સિંહ' ને અને કાશ્યપગોત્રીય 'ધર્મ' ને પણ વંદન કરું છું. સૂત્ર રૂપ અને તેના અર્થ રૂપ રત્નોથી ભરેલાં, ક્ષમાસંપન્ન, દમસંપન્ન અને માર્દવ ગુણસંપન્ન કાશ્યપગોત્રીય દેવર્દ્ધિક્ષમાશ્રમણને પ્રણિપાત કરું છું.

વિવેચન: આર્ય 'ધર્મ' ના આર્ય સુંદિલ અને આર્ય જંબુ તે બે પ્રમુખ શિષ્યરત્ન હતાં. આર્ય સુંદિલની જન્મભૂમિ ભૂમથુરા હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહસ્થાશ્રમમાં તેમનું નામ સોમરથ હતું. આર્ય સિંહના વૈરાગ્ય રસથી પરિપૂર્ણ પ્રવચન સાંભળીને સંસારથી વિરક્તિ થઇ અને આર્ય ધર્મની પાસે પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો, બ્રહ્મદ્વીપિકા શાખાના વાચનાચાર્ય આર્ય સિંહ સૂરિથી આગમો (પૂર્વો)નું તલસ્પર્શી અધ્યયન કર્યું અને વાચકપદ પ્રાપ્ત કર્યું તથા યુગપ્રધાન આચાર્ય બન્યા.

ઇતિહાસજ્ઞોનો અભિમત છે કે તે વખતે ભારતની વિચિત્ર પરિસ્થિતિ હતી. હૂણો અને ગુપ્તોમાં ભયંકર યુદ્ધ થયું હતું. બાર વર્ષના દુષ્કાળથી માનવ સમાજ જર્જરિત થઈ ચુકયો હતો. જૈન બૌદ્ધ અને વૈદિક ધર્મના અનુયાયી પણ એકબીજાનું ખંડન મંડન કરી રહેલ હતા. ઇત્યાદિ અનેક કારણોથી આગમના શ્રુતધરોની સંખ્યા દિનપ્રતિદિન ઓછી થઇ રહેલ હતી. તે વિકટ વેળામાં આર્ય સ્કન્દિલે શ્રુતની સુરક્ષાને માટે મથુરામાં ઉત્તરાપથના મુનિઓનું એક સંમેલન બોલાવ્યું અને આગમોનું પુસ્તકોના રૂપમાં લેખન કરાવ્યું. આ સંમેલન વીર સંવત ૮૨૭ થી ૮૪૦ના આસપાસ થયું હતું[૧૦૯] બીજી બાજુ આચાર્ય નાગાર્જુને વલ્લભી સૌરાષ્ટ્રમાં દક્ષિણાપથના મુનિઓનું સંમેલન બોલાવ્યું અને આગમોનું લેખન સંકલન કર્યું. આ સંમેલન દૂર દૂર હોવાના કારણે સ્થવિરો એક-બીજાના વિચારોથી અવગત ન થઇ શકયા. તેથી પાઠોમાં કેટલાક સ્થળો ઉપર ભેદ થઈ ગયો. ઉપર જણાવેલ વાચનાઓને સંપન્ન થયાને લગભગ દોઢસો વર્ષથી પણ અધિક સમય વ્યતીત થઇ ગયો. ત્યારે વલ્લભી નગરમાં દેવર્દ્ધિગણી ક્ષમા-શ્રમણની અધ્યક્ષતામાં શ્રમણસંઘ એકત્રિત થયો. બન્ને વાચનાઓના વખતે જે જે વિષયોમાં મતભેદ થઈ ગયો હતો, તે ભેદોનો દેવર્દ્ધિગણી-ક્ષમા શ્રમણે સમન્વય કર્યો, જે પાઠોમાં સમન્વય ન થઇ શકયો તે સ્થળો ઉપર સ્કંદિલાચાર્યના પાઠને પ્રમુખતા આપીને નાગાર્જુનના પાઠોને પાઠાંતરના રૂપમાં સ્થાન આપ્યું. ટીકાકારોએ ' નાગાર્જુનીયાસ્તુ પઠન્તિ'ના રૂપમાં તેનો ઉલ્લેખ કરેલ છે. તે આગમોની ચોથી વાચના છે.

આચાર્ય દેવર્દ્ધિગણી: આચાર્ય પ્રવર દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ જૈન આગમ સાહિત્યના પ્રકાશમાન નક્ષત્ર છે. તેમની પ્રખર પ્રભાથી આજે પણ જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્ય ઝગમગી રહેલ છે. આગમ સાહિત્ય વર્તમાનમાં જે રૂપે આજ ઉપલબ્ધ છે, તેનું સંપૂર્ણ શ્રેય આચાર્ય દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણને જ છે.

તેમનો જન્મ વેરાવળ (સૌરાષ્ટ્ર)માં થયો હતો. તેમના પિતાનું નામ કામર્ધિ અને માતાનું નામ કળાવતી હતું. કહેવાય છે કે ભગવાન મહાવીરના વખતે જે સૌધર્મેન્દ્ર-શકેન્દ્રના સેનાપતિ હરિણૈગમેષી દેવ હતા, તે આયુષ્ય પૂર્ણ કરીને દેવર્દ્ધિગણી બન્યા. પ્રસ્તુત સ્થવિરાવલી અનુસાર કુમારધર્મગણીના પટ્ટધર દેવર્દ્ધિગણી છે. નંદિસૂત્રની ચૂર્ણિ અનુસાર તેના ગુરુનું નામ દૂષ્યગણી છે. અને નન્દિસૂત્રની પટ્ટાવલી અનુસાર તેમના ગુરુનું નામ લૌહિત્ય સૂરિ હતું. ઉપકેશગચ્છીય આર્ય દેવગુપ્તની પાસે તેમણે એક પૂર્વ સુધી અર્થસહિત અને બીજા પૂર્વનું મૂળ પાઠ શિખ્યા હતા. તેઓશ્રી અંતિમ પૂર્વધર હતા. તેમના પછી કોઈપણ પૂર્વધર ન થયા.[૧૧૦] કેટલાક આચાર્યોનું માનવું છે કે એનું બીજુ નામ 'દેવવાચક' પણ હતું[૧૧૧] વીર સંવત ૯૮૦ની આસપાસ વલ્લભી (સૌરાષ્ટ્ર)માં એક વિરાટ સંમેલન થયું કે જેનું કુશળ નેતૃત્વ તેમણે જ કર્યું. ત્યાં પાંચમી આગમ વાચના થઇ. આગમ પુસ્તકારુઢ કરવામાં આવ્યા. તે આગમ વાચનામાં નાગાર્જુનની ચોથી વાચનાના ગંભીર અભ્યાસી ચતુર્થ કાલકાચાર્ય વિદ્યમાન હતા. તે તેજ કાલકાચાર્ય હતા કે જેમણે વીર સંવત ૯૯૩માં આનંદપુરમાં રાજા ધ્રુવસેનની સામે શ્રી સંઘને કલ્પસૂત્ર સંભળાવ્યું હતું.

એ રીતે આચાર્ય દેવર્દ્ધિગણીને નમસ્કારની સાથે આ સ્થવિરાવલીનું પ્રકરણ સમાપ્ત થાય છે.

સ્થ વિ રા વ લી સ મ્પૂ ર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સા મા ચા રી

—— * વર્ષાવાસ કલ્પ

मूलः-

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ ॥ २२४ ॥

અર્થ : તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થયા પછી અર્થાત્ અષાઢી ચાતુર્માસી થયા પછી પચાસ દિવસ વ્યતીત થતાં વર્ષાવાસ રહ્યા.

मूलः--

से केणट्ठेणं भंते! एवं वुच्चइ-समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ? जतो णं पाएणं अगारीणं अगाराइं कडियाइं उक्कंपियाइं छन्नाइं लित्ताइं घट्ठाइं मट्ठाइं संपधूमियाइं खाओदगाइं खातनिद्धमणाइं अप्पणो अट्ठाए कयाइं परिभोत्ताइं परिणामियाइं भवंति से एतेणऽट्ठेणं एवं वुच्चइ समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे वीइक्कंते वासावासं पज्जोसवेति ॥२२५॥

અર્થ : અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે "ભગવન્! કયા કારણથી એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહ્યા."

ઉત્તર – કારણ એ છે, કે મુખ્યપણે તે સમયે ગૃહસ્થોનાં ઘર ચારે બાજુથી ચટાઈ વગેરેથી આચ્છાદિત હોય છે, ચૂના વિગેરેથી ધોળેલાં હોય છે, ઘાસ વગેરેથી ઢંકાયેલાં હોય છે, ચાર દીવાલોથી સુરક્ષિત હોય છે, ઘસીઘસીને ખરબચડી ભૂમિને સરખી કરેલી અને મુલાયમ બનાવેલી હોય છે. સુવાસિત ધૂપોથી સુગંધિત કરેલી હોય છે, પાણી કાઢવા માટે ખાળ વિગેરે બનાવેલ હોય છે, ઘરોની બહાર ખાળો વગેરે ખોદાવાએલ હોય છે. તે ઘર ગૃહસ્થ પોતાને માટે કરે છે, તે ઘર ગૃહસ્થના ઉપયોગને માટે હોય છે. પોતાને રહેવા માટે તે તેને સાફ કરીને જીવ-જંતુ રહિત બનાવે છે. તે કારણે એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ પસાર થતાં વર્ષાવાસ રહ્યા.

मूलः-

जहा णं समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे वीइक्कंते वासावासं पज्जोसवेइ तहा णं गणहरा वि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसविंति ॥ २२६ ॥

અર્થ : જેવી રીતે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ પસાર થતાં વર્ષાવાસ રહેલ છે તેવી જ રીતે ગણધર પણ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે.

मूलः—

जहा णं गणहरा वासाणं जाव पज्जोसवेंति तहा णं गणहरसीसा वि वासाणं जाव पज्जोसविंति ॥ २२७ ॥

અર્થ : જેવી રીતે ગણધરો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહ્યા. તેવી જ રીતે ગણધરના શિષ્યો પણ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલ:-

जहा णं गणहरसीसा वासाणं जाव पज्जोसविंति तहा णं थेरा वि वासाणं जाव पज्जोसविंति ॥ २२८ ॥

અર્થ : જેવી રીતે ગણધરોના શિષ્યો વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહ્યા, તેવી જ રીતે સ્થવિરો પણ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે.

મૂલ:-

जहा णं थेरा वासाणं जाव पज्जोसविंति तहा णं जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरंति एए वि णं वासाणं जाव पज्जोसविंति ॥ २२९ ॥

અર્થ : જેવી રીતે સ્થવિરો વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થયા પછી વર્ષાવાસ રહે છે, તેવી જ રીતે આજ-કાલ જે શ્રમણ નિર્ગ્રંથો વિચરે છે કે વિદ્યમાન છે તે પણ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે.

મૂલ:-

जहा णं जे इमे अज्जत्ताए समणा निग्गंथा वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसविंति तहा णं अम्हं पि आयरियउवज्झाया वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसविंति ॥ २३० ॥

અર્થ : જેવી રીતે આજ કાલ શ્રમણ-નિર્ગ્રંથો વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે તેવી જ રીતે અમારા પણ આચાર્યો ઉપાધ્યાયો વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

जहा णं अम्हं आयरियउवज्झाया वासाणं जाव पज्जोसवेंति तहा णं अम्हे वि अज्जो! वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो। अंतरा वि य से कप्पइ पज्जोसवित्तए नो से कप्पइ तं रयणिं उवायणावित्तए ॥२३१॥

અર્થ : જેવી રીતે અમારા આચાર્યો ઉપાધ્યાયો વર્ષાવાસ રહે છે તેવી જ રીતે અમે પણ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસ વ્યતીત થતાં વર્ષાવાસ રહીએ છીએ તે સમયથી પહેલાં પણ વર્ષાવાસ રહેવાનું કલ્પે છે. પરંતુ તે રાત્રિનું ઉલ્લંઘન કરવાનું કલ્પતું નથી, અર્થાત્ વર્ષાઋતુની વીસરાત્રિ સહિત એક માસની અંતિમ રાત્રિનું ઉલ્લંઘન કરવાનું કલ્પતું નથી તે કારણે તે અંતિમ રાત્રિ પહેલાં જ વર્ષાવાસ કરવો જોઇએ.

मूल.—

वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सव्वओ समंता सकोसं जोयणं उग्गहं ओगिण्हित्ता णं चिट्ठिउं अहालंदमवि उग्गहे ॥ २३२ ॥

અર્થ : વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને બધી બાજુથી પાંચ ગાઉ સુધી અવગ્રહનો (નિર્ધારણનો) સ્વીકાર કરીને રહેવાનું કલ્પે છે. પાણીથી ભીના થયેલા હાથ જ્યાં સુધી ન સૂકાય ત્યાં સુધી પણ અવગ્રહમાં રહેવાનું કલ્પે છે પરંતુ અવગ્રહથી બહાર રહેવાનું કલ્પતું નથી.

વિવેચન : ઉલ્લેખવામાં આવેલ મૂળ પાઠ સમાન જ વૃહત્કલ્પમાં પણ એવો પાઠ મળે છે. સંઘદાસ ગણીએ તેમના વૃહત્કલ્પ ભાષ્યમાં તેના અર્થને સ્પષ્ટ કરતાં લખેલ છે કે પૂર્વ અને પશ્ચિમમાં અને દક્ષિણ તથા ઉત્તર દિશામાં અર્થાત્ બન્ને દિશાઓ મેળવીને પાંચ કોશનું આવવા જવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ અવગ્રહ થાય છે અથવા એકજ દિશામાં ગમન અને આગમન બન્ને મળીને પાંચ કોશનો અવગ્રહ સમજવો જોઈએ તેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ પણ એક દિશામાં પાંચ કોશ જવાનું વિધાન નથી.*

એ સૂત્રની વ્યાખ્યા કરતાં કલ્પસૂત્રના ટીકાકાર ઉપાધ્યાય ધર્મ-સાગરજીએ તથા ઉપાધ્યાય વિનય વિજયજીએ પણ પૂર્વોક્ત અર્થને સ્પષ્ટ કરેલ છે.[૫]

——— * ભિક્ષાચરી કલ્પ

मूलः-

वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सव्वओ समंता सकोसं जोयणं भिक्खायरियाए गंतुं पडियत्तए। जत्थ णं नई निच्चोयगा निच्चसंदणा नो से कप्पइ सव्वओ समंता सकोसं जोयणं भिक्खायरियाए गंतुं पडियत्तए। एरवईए कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा एवं चक्किया एवं णं कप्पइ सव्वओ समंता सकोसं जोयणं भिक्खायरियाए गंतुं पडियत्तए, एवं नो चक्किया एवं णं नो कप्पइ सव्वओ समंता सकोसं जोयणं गंतुं पडिनियत्तए ॥ २३३ ॥

અર્થ : વર્ષાવાસ રહેલા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને ચારેય બાજુ પાંચ ગાઉ સુધી ભિક્ષાચર્યા માટે જવાનું કલ્પે છે અને પાછા

क-शेषं नाम – यद् अनन्तरोक्त व्याघातरहितं तत्र मूलनिबन्धं मण्डलममुञ्चतां सर्वतः सक्रोशं योजनमवग्रहो भवति। कथम् ? इति चेदुच्यते –मूल –ग्रामादेकैकस्यां दिशि योजनार्द्धक्रोशेन समस्याधिकं तावदवग्रहो भवति,स च पूर्वाऽपराभ्यां दक्षिणोत्तराभ्यां वा कृत्वा सक्रोशं योजनं भवति, यद्वा गति–प्रत्यागतिभ्यामेकस्यामपि दिशि (सक्रोशं) योजनं मन्तव्यम् ।

––सनिर्युक्ति–लघुभाष्य–वृत्तिके बृहत्कल्पसूत्रे चतुर्थविभागे, १२९९-१३००

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવવાનું કલ્પે છે. જ્યાં નદી હમેશાં પાણીથી ભરેલી રહે છે, નિત્ય વહેતી રહે છે, ત્યાં બધી બાજુએ અથવા પાંચ ગાઉ સુધી ભિક્ષાચર્યાને માટે જવાનું કે પાછા ફરવાનું કલ્પતું નથી. ઐરાવતી નદી કુણાલા નગરીમાં છે, ત્યાં એક પગ પાણીમાં રાખીને ચાલી જઈ શકાય છે અને એક પગ સ્થળમાં પાણી બહાર રાખીને ચાલી જઈ શકાય છે. અર્થાત્ એવા સ્થળ ઉપર ચારેય બાજુ અને પાંચ ગાઉ સુધી ભિક્ષા માટે જવાનું અને પાછા ફરવાનું કલ્પે છે.

વિવેચનઃ પ્રસ્તુત સૂત્રમાં આહારને માટે પાંચ કોશનું વિધાન છે જ્યારે કે વૃહત્કલ્પ સૂત્રના મૂળમાં બે કોશનો ઉલ્લેખ કરતાં સ્પષ્ટ લખેલ છે. શ્રમણ અને શ્રમણીને અન્ન, પાણી, ખાદિમ, સ્વાદિમ, ઉત્કૃષ્ટ બે કોશની મર્યાદા ઉપરાંત લઈ જવાનું કલ્પતું નથી. કદાચિત ઉપયોગ-શૂન્યતાથી લઈ આવેલ હોય તો તેને ન સ્વયં ખાય, ન બીજાઓને આપે પરંતુ બધું સ્થંડિલ ભૂમિમાં પરિસ્થાપન કરે. જો સ્વયં ખાય અથવા બીજાઓને આપે તો લઘુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.[૬]

ઉત્તરાધ્યાયન સૂત્રના છવ્વીસમા અધ્યયનમાં પણ બે કોશનો જ ઉલ્લેખ છે.[૭] ઉત્તરાધ્યયન સૂત્રની પ્રસ્તુતગાથામાં જે વિહાર શબ્દ આવેલ છે તેનો અર્થ શાન્ત્યાચાર્યે પ્રદેશ કરેલ છે.[૮] વ્યવહારભાષ્યની વૃત્તિમાં વિહાર-ભૂમિનો અર્થ ભિક્ષાભૂમિ મળે છે. विहारं विहरए નું તાત્પર્ય છે ભિક્ષાને નિમિત્ત પર્યટન કરવું.[૯]

સહજરીતે પ્રશ્ન ઉદ્‌ભુદ્ધ થઈ શકે છે કે અન્ય આગમોની સાથે સૂત્રનું પ્રસ્તુત વિધાન કઈ રીતે સંગત બેસી શકે છે?

ઉત્તરમાં નિવેદન છે કે કલ્પસૂત્રના ટીકાકારોએ સ્પષ્ટ લખેલ છે કે આ વિધાન અવગ્રહની માફક જ ગમનાગમન રૂપ પાંચ કોશ છે,[૯]

ख-सक्रोशद्वयं गमनागमेन पञ्चक्रोशावग्रह :– कल्पसूत्र किरणावली पृ. १८१
गजेन्द्रपदादिगिरेर्मेखलाग्रामस्थितानां षट्सु दिक्षु उपाश्रयात्सार्द्धक्रोशद्वयगमनागमने पंचक्रोशावग्रह : यत्तु विदिक्षु इत्युक्तं ।
N. P. कल्पसूत्र, सुबोधिका टीका. पृ. २७२.
ह का टिप्पण

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ કે એક દિશામાં ગમન રૂપ પાંચ કોશ છે. કથનના પ્રકારનું જ અંતર છે, નહિ કે પાંચ કોશનું વિધાન છે.

मूलः-

वासावासं पज्जोसविताणं अत्थेगतियाणं एवं वुत्तपुव्वं भवइ 'दावे भंते!' एवं से कप्पइ दावित्तए नो से कप्पइ पडिगाहित्तए ॥ २३४॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને પ્રારંભમાંજ એ રીતે કહેવામાં આવેલ હોય છે કે ભગવન્! તમારે અમુકને દેવું ત્યારે તેમને તે રીતે દેવાનું કલ્પે છે, પરંતુ તેમને પોતાને માટે લેવાનું કલ્પતું નથી,[૩] અર્થાત્ વર્ષાવાસસ્થિત શ્રમણ શ્રમણીઓને ગુરુજનોએ એવો આદેશ આપેલ હોય કે અમુક ગ્લાનાદિને માટે અમુક અન્નપાણી લાવીને આપવા, ત્યારે તે લાવેલા અન્નપાણી પોતાને માટે ઉપયોગમાં લેવાનું કલ્પતું નથી.

मूल :-

वासावासं पज्जोसवियाणं अत्थेगईयाणं एवं वुत्तपुव्वं भवइ 'पडिगाहे भंते!' एवं से कप्पइ पडिगाहित्तए नो से कप्पइ दावित्तए ॥ २३५॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને એ રીતે પ્રારંભમાંજ કહેવામાં આવેલ હોય છે - હે ભગવન્! તમારે લેવું ત્યારે તેમને એ રીતે લેવાનું કલ્પે છે પણ બીજાઓને આપવાનું કલ્પતું નથી.[૪]

मूलः—

वासावासं पज्जोसवियाणं अत्थेगईयाणं एवं वुत्तपुव्वं भवइ 'दावे भंते! पडिगाहे भंते!' एवं से कप्पइ दावित्तए वि पडिगाहित्तए वि ॥ २३६॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ: વર્ષાવાસમાં રહેલાં કેટલાંએ શ્રમણોને પહેલેથીજ એ રીતે કહેવામાં આવેલ હોય કે 'હે ભગવન્! તમે બીજાઓને પણ આપો અને સ્વયં પણ લો ત્યારે તેને તે રીતે બીજાઓને આપવાનું અને પોતાને લેવાનું કલ્પે છે.[૫]

मूलः—

वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीणं वा हट्ठाणं आरोग्गाणं बलियसरीराणं इमाओ नव-रसविगईओ अभिक्खणं अभिक्खणं आहारित्तए, तं जहा-खीरं दहिं नवणीयं सप्पिं तिल्लं गुडं महुं मज्जं मंसं ॥ २३७॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ હૃષ્ટપુષ્ટ હોય, નિરોગી હોય, બળવાન દેહવાળા હોય તેમને આ નવ રસ વિકૃતિઓ વખતોવખત ખાવાનું કલ્પતું નથી તે જેમ કે: (૧) ક્ષીર-દૂધ (૨) દહીં (૩) માખણ (૪) ઘી (૫) તેલ (૬) ગોળ (૭) મધુ (૮) મદ્ય (૯) માંસ.

વિવેચન: આગમ સાહિત્યમાં દૂધ, દહીં વગેરેને કયાંક વિકૃતિ[ક] કહેવામાં આવેલ છે અને કયાંક 'રસ' કહેલ છે.[ખ] દૂધ, દહીં વગેરે વિકાર વૃદ્ધિ કરે છે તે કારણે તેનું નામ વિકૃતિ છે.[ગ] પ્રસ્તુત સૂત્રની માફક સ્થાનાંગમાં પણ નવ વિકૃતિઓનું વર્ણન છે.[ઘ] સ્થાનાંગમાં તેલ, ઘી, વસા (ચરબી) અને માખણને સ્નેહ વિકૃતિ પણ કહેલ છે[ચ] અને આગળ ચાલતાં મધ, મદ્ય માંસ અને માખણને મહા વિકૃતિ પણ કહેલ છે.[છ] વિકૃતિ ખાવાથી મોહનો ઉદય થાય છે.[જ] તે કારણે તેને વખતોવખત ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે. મદ્ય માંસ આ બે વિકૃતિઓ અને (વસા-ચરબી) અભક્ષ્ય છે. કેટલાક આચાર્ય મધ અને માખણને પણ અભક્ષ્ય માને છે અને કેટલાક આચાર્ય મધ અને માખણને વિશેષ પરિસ્થિતિમાં ભક્ષ્ય પણ માને છે. જે વિકૃતિઓ ભક્ષ્ય છે તે વિકૃતિઓને ફરીફરીને ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે. મદ્ય અને માંસ તો શ્રમણને માટે સર્વથા ત્યાજ્ય જ છે તેથી તેને ખાવાનો પ્રસંગ જ ઊઠી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

वासावासं पज्जोसवियाणं अत्थेगतियाणं एवं वुत्तपुव्वं भवइ 'अट्ठो भंते! गिलाणस्स? से य वयिज्जा 'अट्ठो' से य पुच्छियव्वे सिया 'केवईएणं अट्ठो!' से य वएज्जा 'एवइएणं अट्ठो गिलाणस्स'। जं से पमाणं वदति से पमाणतो घेत्तव्वे। से य विन्नवेज्जा से य विन्नवेमाणे लभिज्जा, से य पमाणपत्ते, 'होउ, अलाहि' इति वत्तव्वं सिया। से किमाहु भंते? एवइएणं अट्ठो गिलाणस्स। सिया णं एवं वयंतं परो वएज्जा 'पडिग्गाहेहि अज्जो! तुमं पच्छा भोक्खसि वा देहिसि वा' एवं से कप्पइ पडिग्गाहित्तए, नो से कप्पइ गिलाणनीसाए-पडिग्गाहित्तए॥ २३८॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને પહેલાં જ એ રીતે કહી દેવામાં આવ્યું હોય કે 'હે ભગવન્!' અસ્વસ્થ વ્યક્તિને માટે આવશ્યકતા છે? 'જો તે કહે કે આવશ્યકતા છે, ત્યારે તે પછી, તે અસ્વસ્થ વ્યક્તિને પૂછવું જોઇએ કે કેટલા પ્રમાણમાં (દૂધ વગેરેની) આવશ્યકતા છે અને દૂધ વગેરેનું પ્રમાણ અસ્વસ્થ વ્યક્તિ પાસેથી જાણી લીધા પછી તે કહે, કે આટલા પ્રમાણમાં અસ્વસ્થ વ્યક્તિ (સંત)ને દૂધની આવશ્યકતા છે, બીમાર, જેટલા પ્રમાણમાં કહે તેટલા જ પ્રમાણમાં લાવવું જોઇએ, લેવા જવાવાળા પ્રાર્થના કરે અને પ્રાર્થના કરતાં દૂધ વગેરે પ્રાપ્ત કરે, જ્યારે દૂધ વગેરે પ્રમાણયુક્ત પ્રાપ્ત થઈ જાય ત્યારે તેને પર્યાપ્ત (બસ) છે, તે રીતે કહેવું જોઇએ, તે પછી દૂધ દેવાવાળા શ્રમણને કહે કે 'હે ભગવન્! બસ, પર્યાપ્ત છે એમ આપ કઇ રીતે કહી રહેલ છો!' ઉત્તરમાં લેવાવાળા ભિક્ષુક કહે કે બીમારને માટે એટલાની જ આવશ્યકતા છે એ રીતે કહેનાર ભિક્ષુકને દૂધ વિગેરે આપવાવાળા ગૃહસ્થ કદાચિત્ એમ કહે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્ય! આપ લઈ જાઓ, બાદમાં વધી જાય તો આપ તે ખાઈ લેજો, યા પી લેજો, એ જાતની વાત થઈ હોય ત્યારે તેને અધિક લેવાનું કલ્પે છે પરંતુ લઈ આવવાવાળાને એ બીમાર વ્યક્તિના બહાને અધિક લાવવું કલ્પતું નથી.

मूलः—

वासावासं पज्जोसवियाणं अत्थि णं थेराणं तहप्पगाराइं कुलाइं कडाइं पत्तियाइं थेज्जाइं वेसासियाइं सम्मयाइं बहुमयाइं अणुमयाइं भवंति तत्थ से नो कप्पइ अइक्खु वइत्तए 'अत्थि ते आउसो! इमं वा इमं वा? से किमाहु भंते! सड्ढी गिही गिण्हइ वा तेणियं पि कुज्जा ॥ २३९॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા સ્થવિરોનાં તથા પ્રકારનાં કુળ વગેરે કરેલાં હોય છે કે જે કુળ પ્રીતિપાત્ર હોય છે, સ્થિરતાવાળાં હોય છે, વિશ્વાસ-વાળાં હોય છે, સમ્મત હોય છે, બહુમત હોય છે અને અનુમતિવાળાં હોય છે. તે કુળોમાં જઈને આવશ્યક વસ્તુ ન જોતાં તે સ્થવિરોએ એ રીતે કહેવાનું કલ્પતું નથી: "હે આયુષ્યમન્! આ વસ્તુ કે તે વસ્તુ તમારે ત્યાં છે!"

પ્રશ્ન : હે ભગવન્! તેમને એ રીતે કહેવાનું કલ્પતું નથી એ કયા ઉદ્દેશથી કહેવામાં આવેલ છે!

ઉત્તર : હે આયુષ્યમન્! એમ કહેવાથી શ્રદ્ધાવાન ગૃહસ્થ તે વસ્તુ ન હોવાથી નવીન ગ્રહણ કરે, મૂલ્યથી ખરીદીને લાવે અથવા ચોરી કરીને પણ લાવે.

मूल :—

वासावासं पज्जोसवियाणं नच्चभत्तियस्स भिक्खुस्स कप्पइ एगं गोयरकालं गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पवेसित्तए वा निऽन्नत्थ आयरियवेयावच्चेण

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा उवज्झायवेयावच्चेण तवस्सिगिलाणवेयावच्चेण खुड्डएणं वा अवंणजायएणं ॥ २४० ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા નિત્યભોજી ભિક્ષુને ગોચરીના સમયમાં આહાર માટે અથવા પાણી માટે ગૃહસ્થનાં કુળ તરફ એક વખત નિકળવાનું કલ્પે છે અને એક વખત પ્રવેશ કરવાનું કલ્પે છે. સિવાય કે તેમના આચાર્યની સેવાનું કારણ હોય, ઉપાધ્યાયની સેવાનું કારણ હોય. તપસ્વી કે રોગી સંતની સેવાનું કારણ હોય, જેમની દાઢી, મૂછ અથવા બગલમાં કેશ ન આવેલા હોય એવા લઘુ (બાળ) શ્રમણ અને શ્રમણીઓની સેવાનું કારણ હોય અર્થાત્ જો તેમાંથી કોઈ કારણ વિદ્યમાન હોય ત્યારે એકથી અધિક વાર પણ ભિક્ષાને માટે જવાનું કલ્પે છે.

मूलः-

वासावासं पज्जोसवियाणं चउत्थभत्तियस्स भिक्खुस्स अयं एवइए बिसेसे जं से पाओ निक्खम्म पुव्वामेव वियडगं भोच्चा पेच्चा पडिग्गहगं संलिहिया संपमज्जिया, से य संथरिज्जा कप्पइ से तद्दिवसं तेणेव भत्तट्ठेणं पज्जोसवित्तए, से य नो संथरिज्जा एवं से कप्पइ दोच्चं पि गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २४१ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા ચતુર્થ ભક્ત (એક ઉપવાસ) કરવાવાળા ભિક્ષુને માટે એ વિશેષતા છે કે તે ઉપવાસ પછી સવારની ગોચરીને માટે નીકળીને પ્રથમ વિકટક (સ્પષ્ટ-શુદ્ધ) અર્થાત્ નિર્દોષ ભોજન કરીને અને નિર્દોષ પાણી પીધા પછી પાત્ર સાફ કરીને ધોઈને જો તેટલાંજ આહારપાણીથી નિર્વાહ થઈ શકતો હોય તો તેટલાંજ ભોજન–પાણી લઈને ચલાવે. જો તેટલાથી નિર્વાહ ન થઈ શકતો હોય ત્યારે તેને ગૃહપતિના કુળ તરફ બીજી વખત પણ નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः--

वासावासं पज्जोसवियाणं छट्ठभत्तियस्स भिक्खुस्स कप्पंति दो गोयरकाला गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २४२ ॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા છઠ્ઠ કરવાવાળા ભિક્ષુને ગૌચરીના સમયે આહારને માટે કે પાણીને માટે ગૃહસ્થના કુળ તરફ બે વાર નીકળવું અને પ્રવેશ કરવું કલ્પે છે.

मूलः--

वासावासं पज्जोसवियाणं अट्ठमभत्तियस्स भिक्खुस्स कप्पंति तओ गोयरकाला गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा॥ २४३ ॥

અર્થ: વર્ષાવાસ સ્થિત અટ્ઠમ કરવાવાળા ભિક્ષુને ગૌચરીના સમયે આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થોના કુળ તરફ ત્રણ વાર નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે.

मूलः-

वासावासं पज्जोसवियाणं विकिट्ठभत्तियस्स भिक्खुस्स कप्पंति सव्वे वि गोयरकाला गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २४४ ॥

અર્થ: વર્ષાવાસ રહેલા વિકૃષ્ટ ભક્ત (અટ્ઠમ ભક્તથી અધિક તપ) કરવાવાળા ભિક્ષુકને આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થના કુળ તરફ જે સમયે ઇચ્છા હોય તે સમયે નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે, અર્થાત્ વિકૃષ્ટ ભક્ત કરવાવાળા ભિક્ષુકને ગૌચરી માટે બધા વખતે પ્રવેશ કરવાની આજ્ઞા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

वासावासं पज्जोसवियाणं निच्चभत्तियस्स भिक्खुस्स कप्पंति सव्वाइं पाणगाइं पडिगाहित्तए ॥ २४५ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા નિત્યભોજી ભિક્ષુકને બધી જાતનું અચિત્ત પાણી લેવાનું કલ્પે છે.

मूलः-

वासावासं पज्जोसवियाणं चउत्थभत्तियस्स भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहेत्तए तंजहा-उस्सेइमं संसेइमं चाउलोदगं ॥२४६ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા ચતુર્થ ભક્ત (એક ઉપવાસ) કરવાવાળા ભિક્ષુકને ત્રણ જાતનાં પાણી લેવાનું કલ્પે છે. જેવાં કે – ઉત્સ્વેદિમ (આટાનું ધોવણ) સંસ્વેદિમ (ઉષ્ણ, ઉકાળેલું પાણી) ચાઉલોદક (ચોખાનું ધોવણ)

मूल :-

वासावासं पज्जोसवियाणं छट्ठभत्तियस्स भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहेत्तए, तं जहा-तिलोदए तुसोदए जवोदए ॥ २४७ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા છઠ્ઠ કરવાવાળા ભિક્ષુકને ત્રણ જાતનું પાણી પીવાનું કલ્પે છે. જેવું કે – તિલોદક, તુષોદક અને જવોદક.

मूल :–

वासावासं पज्जोसवियाणं अट्ठमभत्तियस्स भिक्खुस्स

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पंति तओ पाणयाइं पडिगाहित्तए, तं जहा-आयामए सोवीरए सुद्धवियडे ॥ २४८ ॥

અર્થ : વર્ષાવાસ રહેલા અટ્ઠમ કરવાવાળા ભિક્ષુકને ત્રણ પાણી લેવાનું કલ્પે છે. જેવું કે આયામ, સૌવીર, (કાંજી) અને શુદ્ધ વિકટ (ઉષ્ણોદક)[૧૦]

मूलः–

वासावासं पज्जोसवियाणं विकिट्ठभत्तियस्स भिक्खुस्स कप्पइ एगे उसिणोदए वियडे पडिगाहेत्तए, से वि य णं असित्थे णो वि य णं ससित्थे ॥ २४९ ॥

અર્થ : વર્ષાવાસમાં અવસ્થિત વિકૃષ્ટ ભક્ત કરવાવાળા ભિક્ષુકને એક ઉષ્ણવિકટ (શુદ્ધ ઉષ્ણોદક) પાણી લેવાનું કલ્પે છે. તે પણ અન્નકણ રહિત, અન્નકણ યુક્ત નહિ.

मूलः–

वासावासं पज्जोसवियाणं भत्तपडियाइक्खियस्स भिक्खुस्स कप्पइ एगे उसिणोदए पडिगाहित्तए, से वि य णं असित्थे नो चेव णं ससित्थे, से वि य णं परिपूते नो चेव णं अपरिपूए, से वि य णं परिमिए नो चेव णं अपरिमिए, से वि य णं बहुसंपण्णे नो चेव णं अबहुसंपण्णे ॥ २५० ॥

અર્થ : વર્ષાવાસ રહેલા ભક્ત પ્રત્યાખ્યાની ભિક્ષુકને એક ઉષ્ણવિકટ પાણી લેવાનું કલ્પે છે. તે પણ અન્નકણ રહિત અન્નકણ યુક્ત નહિ. તે પણ કપડાંથી ગળેલું, ગાળ્યા વગરનું નહિ. તે પણ પરિમિત, અપરિમિત નહિ. તે પણ જેટલી આવશ્યકતા હોય તેટલું પૂરેપૂરું અધિક કે ઓછું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

वासावासं पज्जोसवियाणं संखादत्तियस्स भिक्खुस्स कप्पंति पंच दत्तीओ भोयणस्स पडिगाहित्तए पंच पाणगस्स, अहवा चत्तारि भोयणस्स पंच पाणगस्स, अहवा पंच भोयणस्स चत्तारि पाणगस्स, तत्थ णं एगा दत्ती लोण सायणमेत्तमवि पडिग्गाहिया सिया कप्पइ से तद्दिवसं तेणेव भत्तट्ठेणं पज्जोसवित्तए, नो से कप्पइ दोच्चं पि गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २५१ ॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા નિયત સંખ્યાવાળી દત્તિ પ્રમાણે (એક વખતમાં આપવામાં આવેલી થોડા જેટલી પણ પરિમિત ભિક્ષા એકદત્તિ થાય છે.) આહાર લેવાવાળા ભિક્ષુકને ભોજનની અને પાણીની પાંચ દત્તિઓ લેવી યોગ્ય છે, અથવા તો ભોજનની ચાર દત્તિઓ અને પાણીની પાંચ દત્તિઓ, અથવા ભોજનની પાંચ દત્તિઓ અને પાણીની ચાર દત્તિઓ લઈ શકાય છે. મીઠાની એક કણી જેટલો પણ જેનો આસ્વાદ લઈ શકાય છે તે પણ એક દત્તિ ગણી શકાય છે. એવી દત્તિ લીધા પછી તે ભિક્ષુકે તે દિવસે તેજ ભોજનથીજ નિર્વાહ કરવો જોઈએ. તે ભિક્ષુકને બીજીવાર ફરીને ગૃહપતિના કુળ તરફ ભોજનને માટે કે પાણીને માટે નીકળવું કે પ્રવેશ કરવો તે કલ્પતું નથી. ૧૧

मूलः—

वासावासं पज्जोसवियाणं नो से कप्पति निग्गंथाण वा निग्गंथीण वा जाव उवस्सयाओ सत्तघरंतरं संखडिसन्नियट्टचारिस्स एत्तए। एगे पुण एवमाहंसु-नो कप्पइ जाव उवस्सयाओ परेणं संखडिं सन्नियट्टचारिस्स एत्तए। एगे पुण एवमा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हंसु-नो कप्पइ जाव उवस्सयाओ परंपरेण संखडिं सन्नियट्टचारिस्स एत्तए ॥ २५२ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને ઉપાશ્રયથી માંડીને સાત ઘર સુધી જ્યાં સંખડી (જમણવાર) હોય ત્યાં જવાનું કલ્પતું નથી. કેટલાએ એમ કહે છે કે ઉપાશ્રયથી જોડેમાંજ આગળ આવવાવાળા ઘરોમાં જ્યાં જમણવાર હોય ત્યાં નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને જવું કલ્પતું નથી. કેટલાએ એમ પણ કહે છે કે ઉપાશ્રયને લાગુ કરીને પરંપરાથી આવતા ઘરોમાં જ્યાં જમણવાર થતો હોય ત્યાં નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને જવાનું કલ્પતું નથી.

मूलः-

वासावासं पज्जोसवियाणं नो कप्पइ पाणिपडिग्गहियस्स भिक्खुस्स कणगफुसियमित्तमवि वुट्ठिकायंसि निवयमाणंसि गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २५३ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને કણ માત્ર પણ સ્પર્શ થાય એ જાતની વૃષ્ટિ હોય (ઝાકળ અને ધુમ્મસ) પડતી હોય ત્યારે ગૃહપતિના કુળ તરફ ભોજન અને પાણીને માટે નિકળવું અને પ્રવેશ કરવો તે કલ્પતું નથી.[૧૨]

मूलः-

वासावासं पज्जोसवियस्स पाणिपडिग्गहियस्स भिक्खुस्स नो कप्पइ अगिहंसि पिंडवायं पडिग्गाहित्ता पज्जोसवित्तए, पज्जोसवेमाणस्स सहसा वुट्ठिकाए निवडिज्जा देसं भोच्चा देस-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मायाय पाणिणा पाणिं परिपिहित्ता उरंसि वा णं निलिज्जिज्जा, कक्खंसि वा णं समाहडिज्जा, अहाछन्नाणि वा लयणाणि उवागच्छिज्जा, रुक्खमूलाणि वा उवागच्छिज्जा, जहा से पाणिंसि दते वा दतरए वा दगफुसिया वा नो परियावज्जइ ॥ २५४ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને પિંડપાત્ર ભિક્ષા લઈને જ્યાં ઘર ન હોય ત્યાં અર્થાત્ ખુલ્લા આકાશમાં રહીને ભોજન કરવાનું કલ્પતું નથી. ખુલ્લા આકાશમાં રહીને ખાતી વખતે અચાનક વૃષ્ટિકાય પડે તો જેટલા ભાગને ખાઇ લીધેલ હોય તેને ખાઈને અને વધેલા ભાગને લઈને તેને હાથથી ઢાંકીને અથવા તે ભાગને છાતીથી વળગાડીને રાખે અથવા કાખમાં છુપાવીને રાખે. એમ કર્યા પછી ગૃહસ્થોએ પોતાને માટે સમ્યક્ પ્રકારથી જે ઘર ઢાંકેલ હોય તે તરફ જાય અથવા વૃક્ષના મૂળ (નીચે) તરફ જાય. જે હાથમાં ભોજન હોય તે હાથથી જે રીતે પાણીનાં ટીપાંથી કે ફુવારા વગેરેથી વિરાધના ન થાય તે રીતે પ્રવૃત્તિ કરે.

मूल :—

वासावासं पज्जोसवियाणं पाणिपडिग्गहियस्स भिक्खुस्स जं किंचि कणगफुसियमित्तं पि निवडइ नो से कप्पइ भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २५५ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને કણ માત્ર પણ સ્પર્શ થાય એ રીતે અત્યંત હળવા છાંટા આવતા હોય ત્યારે ભોજન કે પાણી માટે ગૃહસ્થના ઘરની તરફ નીકળવું કે પ્રવેશ કરવો તે કલ્પતું નથી.

मूल :—

वासावासं पज्जोसवियाणं पडिग्गहधारिस्स भिक्खुस्स नो कप्पइ वग्घारियवुट्ठिकायंसि गाहावइकुलं भत्ताए वा पाणाए

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा निक्खमित्तए वा पविसित्तए वा,कप्पइ से अप्पवुट्ठिकायंसि संतरुत्तरंसि गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ॥ २३६ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા પાત્રધારી ભિક્ષુકને અવિચ્છિન્ન ધારા (वग्घारिय वुट्ठिकायंसि)[૧૩] વરસાદ વરસી રહેલ હોય ત્યારે ભોજન અને પાણીના માટે ગૃહપતિના કુળ તરફ જવું કલ્પતું નથી અને પ્રવેશ કરવાનું કલ્પતું નથી. થોડી વર્ષા (અલ્પ વર્ષા) વરસી રહેલ હોય ત્યારે અંદર સુતરાઉ વસ્ત્ર અને તેના ઉપર ઉનનું વસ્ત્ર ઓઢીને રજોહરણ અને પાત્રને કપડાંથી ઢાંકીને ભોજનને માટે અથવા પાણીને માટે ગૃહપતિના કુળ તરફ નીકળવું કે પ્રવેશ કરવો કલ્પે છે.

વિવેચન: પ્રસ્તુત પાઠમાં જોરદાર વરસાદ અવિચ્છિન્ન ધારાથી વરસી રહેલ હોય તે સમયે ભિક્ષા માટે જવાનો નિષેધ કરેલ છે અને આગળ હળવા વરસાદમાં જવામાં અનુમતિ આપી છે. પાઠમાં संतरुत्तरंसि શબ્દ આવેલ છે. આ શબ્દ આચારાંગ[૧૪] અને ઉત્તરાધ્યયન[૧૫]માં પણ મળે છે પરંતુ ત્યાં પ્રકરણ અનુસાર ટીકાકારોએ બીજો અર્થ કરેલ છે. અહીંયા કલ્પસૂત્રના ચૂર્ણિકાર અને ટિપ્પણકારોએ બીજો અર્થ કરેલ છે: (૧) સુતરનું વસ્ત્ર (૨) રજોહરણ અને (૩) પાત્ર તથા ઉત્તર શબ્દના બે અર્થ કરેલ છે (૧) કામળી અને (૨) ઉપર ઓઢવાનું ઉત્તરીય વસ્ત્ર.[૧૬] સારાંશ એ છે કે હલકા વરસાદમાં અંદર સૂતરનું વસ્ત્ર અને ઉપર ઉનનું વસ્ત્ર ઓઢીને ભિક્ષા માટે જાય. ઓઘનિર્યુક્તિ,[૧૭] ધર્મસંગ્રહ વૃત્તિ[૧૮] અને યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવૃત્તિ[૧૯]માં પણ પ્રસ્તુત પરંપરાનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ આચારાંગમાં 'तिव्वदेसीयं वासं वासमाणं पेहाए' દ્વારા જોરદાર વર્ષામાં જવાનો નિષેધ કરેલ છે. દસવૈકાલિકમાં પણ 'न चरेज्ज वासे वासंते' પાઠમાં સ્પષ્ટ રૂપમાં વરસાદ વરસતી વખતે ભિક્ષા માટે જવાનો નિષેધ છે. અગસ્ત્યસિંહસ્થવિર[૨૨] જિનદાસ મહત્તર[૨૩] અને આચાર્ય હરિભદ્રે પણ તેમની ચૂર્ણિ અને ટીકામાં બતાવેલ છે કે ભિક્ષાનો કાળ થતા જો વરસાદ થઈ રહેલ હોય તો ભિક્ષુક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર ન નીકળે. ભિક્ષા માટે નીકળ્યા પછી જો વરસાદ વરસવા લાગે તો ઢંકાયેલા સ્થાનમાં ઊભા રહી જાય, આગળ ન જાય. તે પ્રકરણના સંદર્ભમાં અલ્પવૃષ્ટિમાં જવાનો ઉલ્લેખ થયેલ નથી, પરંતુ નિષેધ જ છે. તીવ્ર વૃષ્ટિ ધુમસ[૨૫] અને ઝાકળ પડી રહેલ હોય તે વખતે ન જવું અને અલ્પ વૃષ્ટિમાં જવું તે શ્રમણાચારની વિધિ અનુસાર કયી રીતે સંગત હોઈ શકે છે? તે ગીતાર્થ શ્રમણો અને આગમ મર્મજ્ઞોને માટે વિચારણીય છે. અમારી દૃષ્ટિએ વર્ષામાં ભિક્ષા માટે જવાની પરંપરા વિશુદ્ધ શ્રમણાચારની પરંપરા નથી.

मूलः—

वासावासं पज्जोसवियाणं निग्गंथस्स निग्गंथीए वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय निगिज्झिय वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अहे वियडगिहंसि वा अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए, तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते चाउलोदणे पच्छाउत्ते भिलंगसूवे कप्पइ से चाउलोदणे पडिग्गाहित्तए नो से कप्पइ भिलिंगसूवे पडिग्गाहित्तए, तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते भिलिंगसूवे पच्छाउत्ते चाउलोदणे कप्पइ से भिलिंगसूवे पडिग्गाहित्तए नो से कप्पइ चाउलोदणे पडिग्गाहित्तए, तत्थ से पुव्वागमणेणं दो वि पुव्वाउत्ताइं वट्टंति कप्पंति से दो वि पडिग्गाहित्तए, तत्थ से पुव्वागमणेणं दो वि पच्छाउत्ताइं नो से कप्पंति दो वि पडिग्गाहित्तए, जे से तत्थ पुव्वागमणेणं पुव्वाउत्ते से कप्पइ पडिगाहित्तए, जे से तत्थ पुव्वागमणेणं पच्छाउत्ते से नो कप्पइ पडिग्गाहित्तए ॥ २५७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની ઇચ્છાથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને રહી રહીને થોડા થોડા સમયે વર્ષા પડી રહેલ હોય ત્યારે બગીચામાં અથવા ઉપાશ્રયમાં અથવા વિકટ ગૃહમાં (ચોરામાં) કે જ્યાં ગામના લોકો એકત્ર થઈને બેસે છે તે સભા ભવનમાં અથવા વૃક્ષ નીચે જવાનું કલ્પે છે.

ઉપર્યુક્ત સ્થાનો ઉપર ગયા પછી ત્યાં જો પહોંચ્યા પહેલાંજ તૈયાર કરેલ ચોખાનું ધોવણ મળતું હોય તો નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ ગ્રહણ કરી શકે છે. તેના પહોંચ્યા પછી તૈયાર કરેલ 'ભિલિંગસૂપ' અર્થાત મસુરની દાળ, અડદની દાળ, કે તેલવાળું સૂપ મળતું હોય તો ચાવલનું ધોવણ લેવાનું તો કલ્પે છે, પણ ભિલિંગ સૂપ લેવાનું કલ્પતું નથી.

ત્યાં જો શ્રમણોના પહોંચ્યા પહેલાંજ તૈયાર કરેલ ભિલિંગ સૂપ મળતું હોય અને ચાવલ ધોવણ તેના પહોંચ્યા પછી તૈયાર કરેલું પ્રાપ્ત થતું હોય તો તેને ભિલિંગ સૂપ લેવાનું કલ્પે છે, પણ ચોખાનું ધોવણ લેવાનું કલ્પતું નથી.

ત્યાં પહોંચ્યા પહેલાંજ જો બન્ને વસ્તુઓ તૈયાર કરેલી મળતી હોય ત્યારે તેને બન્નેય વસ્તુઓ લેવાનું કલ્પે છે.

ત્યાં પહોંચ્યા પહેલાં જો બંને વસ્તુઓ પ્રારંભથી જ તૈયાર કરેલી ન મળતી હોય અને તેમના પહોંચ્યા પછી તૈયાર કરેલી પ્રાપ્ત થતી હોય, તો તેને બંને વસ્તુઓ લેવાનું કલ્પતું નથી.

ત્યાં પહોંચ્યા પહેલાં જે વસ્તુઓ તૈયાર કરેલ હોય છે તે લેવાનું કલ્પે છે પણ પહોંચ્યા પછી તૈયાર કરેલી વસ્તુ લેવાનું કલ્પતું નથી.

वासावासं पज्जोसवियाणं निग्गंथस्स गाहावइकुलं पिंड-वायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय निगिज्झिय वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहे वियडगिहंसि वा अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए, नो से कप्पइ पुव्वगहिएणं भत्तपाणेणं वेलं उवाइणावित्तए, कप्पइ से पुव्वामेव वियडगं भोच्चा पिच्चा पडिग्गहगं संलिहिय संलिहिय पमज्जिय पमज्जिय एगायगं भंडगं कट्टु जाव सेसे सूरिए जेणेव उवस्सए तेणेव उवागच्छित्तए, नो से कप्पइ तं रयणिं तत्थेव उवायणावित्तए ॥ २५८ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને જ્યારે રહીરહીને વરસાદ વરસી રહેલ હોય ત્યારે કાં તો બગીચાના મૂળ નીચે (બાગની દીવાલની છાયામાં) કે જ્યાં છાંટા ન લાગે અથવા ઉપાશ્રયની નીચે અથવા વિકટગૃહ નીચે અથવા વૃક્ષના મૂળની નીચે ચાલ્યા જવાનું કલ્પે છે. ત્યાં ગયા પછી પહેલેથી લાવેલ આહારપાણીને રાખીને, સમયને નષ્ટ કરવાનું કલ્પતું નથી. ત્યાં પહોંચતાં જ વિકટક (નિર્દોષ આહાર પાણી)ને ખાઈ પીને પાત્રને સાફ કરીને એકી સાથે સમ્યક્ પ્રકારથી બાંધીને સૂર્ય અવશેષ રહે ત્યાં સુધીમાં ઉપાશ્રય તરફ જવાનું કલ્પે છે, પરંતુ ત્યાં તે રાત્રિ પસાર કરવાનું કલ્પતું નથી.

मूलः—

वासावासं पज्जोसवियाणं निग्गंथस्स गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय निगिज्झिय बुट्टिकाए निवइज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा जाव उवागच्छित्तए तत्थ नो कप्पइ एगस्स य निग्गंथस्स एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए, तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स दोण्ह य निग्गंथीणं एगयओ चिट्ठित्तए,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ नो कप्पइ दोण्ह य निग्गंथाणं एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए, तत्थ नो कप्पइ दोण्ह य निग्गंथाणं दोण्ह य निग्गंथीणं एगयओ चिट्ठित्तए, अत्थि या इत्थ केइ पंचमए खुड्डए वा खुड्डिया वा अन्नेसिं वा संलोए सपडिदुवारे एवण्हं कप्पइ एगयओ चिट्ठित्तए ॥ २५९ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને જ્યારે રહી રહીને આંતરા સહિત વરસાદ પડી રહેલ હોય ત્યારે તેમને કાં તો બગીચા નીચે કે ઉપાશ્રયની નીચે યાવત ચાલ્યા જવાનું કલ્પે છે.

(૧) ત્યાં તે એકલા સાધુને એકલી સાધ્વીની સાથે મળીને રહેવાનું કલ્પતું નથી (૨) ત્યાં તે એકલા નિર્ગ્રંથને બે નિર્ગ્રંથીઓની સાથે મળીને રહેવાનું કલ્પતું નથી (૩) ત્યાં બે નિર્ગ્રંથોને એકલી નિર્ગ્રંથીની સાથે મળીને રહેવાનું કલ્પતું નથી (૪) ત્યાં બે નિર્ગ્રંથોએ બે નિર્ગ્રંથીઓ સાથે મળીને રહેવાનું કલ્પતું નથી.

ત્યાં કોઈપણ પાંચમાની સાક્ષી રહેવી જોઈએ. ભલેને તે ક્ષુલ્લક હોય કે ક્ષુલ્લકા હોય અથવા બીજાઓ તેમને દેખી શકતા હોય, બીજાઓની દૃષ્ટિમાં તેઓ આવી શકતા હોય અથવા ઘરની ચારેય બાજુના દ્વાર ખુલ્લાં હોય ત્યારે એ રીતે તેમને એકલા રહેવાનું કલ્પે છે.[૨૮]

मूल :–

वासावासं पज्जोसवियाणं निग्गंथस्स गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविस्स निगिज्झिय निगिज्झिय वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा उवागच्छित्तए, तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स एगाए

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

य अगारीए एगयओ चिट्ठित्तए, एवं चउभंगो, अत्थि या इत्थ केइ पंचमए थेरे वा थेरिया वा अन्नेसिं वा सलोते सपडिदुवारे एवं कप्पइ एगयओ चिट्ठित्तए ॥ २६० ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રંથને જ્યારે રહીરહીને આંતરે આંતરે વરસાદ પડી રહેલ હોય ત્યારે તેને કાં તો બગીચાની છાયામાં કે ઉપાશ્રયની નીચે જવાનું કલ્પે છે. ત્યાં એકલા નિર્ગ્રંથને એકલી મહિલાની સાથે મળીને રહેવાનું કલ્પતું નથી. ત્યાં પણ સાથે મળીને નહિ રહેવાના સંબંધમાં પૂર્વ સૂત્રની માફક ચાર ભાંગા સમજી લેવા જોઈએ.

ત્યાં પાંચમાં કોઈપણ સ્થવિર અથવા સ્થવિરા હોવી જોઈએ અથવા બીજાઓની દૃષ્ટિથી દેખાઈ શકે એવું હોવું જોઈએ અથવા ઘરના ચારેય તરફનાં દ્વાર ખુલ્લા હોવાં જોઈએ, એ રીતે તેને એકલા રહેવાનું કલ્પે છે.

मूलः—

एवं चेव निग्गंथीए अगारस्स य भाणियव्वं ॥ २६१ ॥

અર્થ : અને એજ રીતે એકલી નિર્ગ્રંથીની અને એકલા ગૃહસ્થને મળીને રહેવાના સંબંધમાં ચાર ભાંગા સમજવા જોઈએ.

વિવેચન : પ્રસ્તુત વિધાન વ્યવહાર શુદ્ધિ અને બ્રહ્મચર્યની વિશુદ્ધિને માટે કરવામાં આવ્યું છે. બ્રહ્મચારી સાધકે સતત જાગરુક રહેવાની આવશ્યકતા છે. જરા જેટલી, અસાવધાની પણ સાધકને પંથથી વિચલિત કરી શકે છે. તેથી શાસ્ત્રકારે સજાગ રહેવાની પ્રેરણા આપેલ છે. બીજી વાત સાધક સ્વયં ભલે ને જાગૃત હોય પરંતુ અગર જો વ્યવહાર અશુદ્ધ હોય તો એવા સ્થાનમાં પણ ન રહેવું જોઈએ.

मूल :—

वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अपरिन्नएणं अपरिन्नयस्स अट्ठाए असणं वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाणं वा खाइमं वा साइमं वा जाव पडिग्गाहित्तए, से किमाहु भंते? इच्छा परो अपडिन्नते भुंजिज्जा, इच्छा परो न भुंजिज्जा ॥ २६२ ॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને બીજા કોઈને કહ્યા વિના અથવા બીજાઓને સૂચના કર્યા વિના તેમને માટે અન્ન-પાણી ખાદિમ કે સ્વાદિમ ચારેય જાતનો આહાર લાવવાનું કલ્પતું નથી.

પ્રશ્ન:- હે ભગવન્! આ પ્રકારે કેમ કહેવામાં આવે છે?

ઉત્તર:- હે શિષ્ય! બીજા દ્વારા કહ્યા સિવાયનો કે બીજા દ્વારા સૂચના આપ્યા સિવાયનો લાવવામાં આવેલો આહાર વગેરે જો તેની ઇચ્છા થશે તો ખાશે. જો ઇચ્છા નહિ થાય તો તે ખાશે નહિ અર્થાત બીજાઓ માટે પૂછ્યા વિના કે બીજાઓના કહ્યા વગર આહાર વગેરે લાવવો ન જોઈએ. કેમ કે પૂછ્યા વિના લાવવામાં આવેલો આહાર જો તેની ઇચ્છા ન હોય અને ઇચ્છા વિના તે ખાય છે, ત્યારે કાં તો તેને રોગ થઈ જશે અને જો તે નહિ ખાય તો પરિષ્ઠાવન દોષ લાગશે.

मूल -

वासाबासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा उदउल्लेण वा ससणिद्धेण वा काएणं असणं वा पाणं वा खाइमं वा साइमं बा आहारित्तए ॥ २६३ ॥

અર્થાત: વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને તેના શરીર ઉપરથી પાણી પડતું હોય અથવા તેનું શરીર ભીનું હોય ત્યાં સુધી અન્ન પાણી ખાદિમ (ફળફળાદિ) કે સ્વાદિમ ખાવાનું કલ્પતું નથી.

मूल :---

से किमाहु भंते? सत्त सिणेहायतणा, तं जहा-पाणी, पाणीलेहा, नहा, नहसिहा, भमुहा, अहरोट्ठा, उत्तरोट्ठा। अह

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुण एवं जाणेज्जा-विगओअए से काए छिन्नसिणेहे एवं से कप्पइ असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहारित्तए ॥ २६४ ॥

પ્રશ્ન: હે ભગવન્! કયી દૃષ્ટિથી આપ એમ કહો છો?

ઉત્તર: શરીરમાં સાત ભાગ સ્નેહાયતન બતાવવામાં આવેલ છે અર્થાત્ શરીરમાં સાત ભાગ એવા છે કે જ્યાં પાણી ટકી રહે છે. જેવા કે: (૧) બંને હાથ (૨) બંને હાથની રેખાઓ (૩) નખ (૪) નખના અગ્ર-ભાગ (૫) બંને ભ્રમર (ભવાં) (૬) નીચેના હોઠ અર્થાત્ દાઢી (૭) ઉપરના હોઠ અર્થાત્ મૂછો. જ્યારે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને એ માલૂમ પડે કે હવે મારા શરીરમાં પાણીની ભીનાશ બિલકુલ રહેલ નથી, ત્યારે તેને અન્ન, પાણી ખાદિમ અને સ્વાદિમનો આહાર કરવાનું કલ્પે છે.

——— * આઠ સૂક્ષ્મ

मूलः-

वासावासं पज्जोसवियाणं इह खलु निग्गंथाण वा निग्गंथीण वा इमाइं अट्ठ सुहुमाइं, जाइं छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वाइं पासियव्वाइं पडिलेहियव्वाइं भवंति तं० पाणसुहुमं पणगसुहुमं बीयसुहुमं हरियसुहुमं पुप्फसुहुमं अंडसुहुमं लेणसुहुमं सिणेहसुहुमं ॥२६५॥

અર્થ: અહીં (નિર્ગ્રંથ શાસનમાં) વર્ષાવાસ રહેલા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ આ આઠ સૂક્ષ્મ જાણવા યોગ્ય છે. પ્રત્યેક છદ્મસ્થ નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓએ ફરી-ફરીને સમ્યક્ પ્રકારથી આઠ સૂક્ષ્મ (આગમથી) જાણવા યોગ્ય છે. ચક્ષુથી જોવા યોગ્ય છે અને સાવધાનીપૂર્વક પ્રતિલેખના કરવા યોગ્ય છે જેવાં કે (૧) પ્રાણસૂક્ષ્મ (૨) પનકસૂક્ષ્મ (૩) બીજસૂક્ષ્મ (૪) હરિતસૂક્ષ્મ (૫) પુષ્પસૂક્ષ્મ (૬) અંડસૂક્ષ્મ લયનસૂક્ષ્મ અને (૮) સ્નેહસૂક્ષ્મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः--

से किं तं पाणसुहुमे ? पाणसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा-किण्हे. नीले, लोहिए, हालिद्दे, सुक्किकले, अत्थि कूंथू अणुद्धरी नामं जा ठिया अचलमाणा छउमत्थाणं निग्गंथाण वा णिग्गंथीण वा नो चक्खुफासं हव्वमागच्छइ, जा अट्ठिया चलमाणा छउमत्थाणं चक्खुफासं हव्वमागच्छइ, जा छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वा पासियव्वा पडिलेहियव्वा भवइ, से त्तं पाणसुहुमे १ ॥ २६६ ॥

અર્થ: પ્રશ્ન:- હે ભગવન્! તે પ્રાણસૂક્ષ્મ શું છે?

ઉત્તર: પ્રાણસૂક્ષ્મ અર્થાત્ અત્યંત બારિક જે સાધારણ નેત્રોથી ન દેખી શકાય તેવા બે ઈંદ્રિય વગેરે સૂક્ષ્મ પ્રાણી. પ્રાણસૂક્ષ્મના પાંચ પ્રકાર બતાવેલ છે. જેવા કે: (૧) કૃષ્ણ રંગના સૂક્ષ્મપ્રાણી (૨) લીલા રંગના સૂક્ષ્મપ્રાણી (૪) પીળાં રંગના સૂક્ષ્મપ્રાણી (૫) સફેદ રંગના સૂક્ષ્મપ્રાણી, અનુદ્ધરી કંથવા નામનું સૂક્ષ્મપ્રાણી કે તે જે સ્થિર હોય, ચાલતું ફરતું ન હોય ત્યારે છદ્મસ્થ નિર્ગ્રંથ કે નિર્ગ્રંથિનીની દૃષ્ટિમાં તરત આવી શકતું નથી. જે તે સ્થિર ન હોય. ચાલતું ફરતું હોય ત્યારે છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિનીને તરત જ દૃષ્ટિગોચર થઇ શકે છે. તેથી છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ એ તેને વારંવાર જાણવા જોઇએ, જોવા જોઇએ, સાવધાનીથી તલ્લીનતા પૂર્વક પ્રતિલેખના કરવી જોઇએ. આ પ્રાણસૂક્ષ્મની વ્યાખ્યા થઈ.

मूलः—

से किं तं पणगसुहुमे ? पणगसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा-किण्हे, नीले, लोहिए, हालिद्दे, सुक्किले, अत्थि पणगसुहुमे तद्दव्वसमाणवन्नए नामं पण्णत्ते, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा जाव पडिलेहियव्वे भवति, से त्तं पणगसुहुमे २ ॥ २६७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : પ્રશ્ન:- હે ભગવન્! તે પનકસૂક્ષ્મ શું છે?

ઉત્તર: અત્યંત બારીક જે નેત્રોથી ન દેખી શકાય તેવી લીલ ફૂગ (સેવાળ) પનકસૂક્ષ્મ છે. પનકસૂક્ષ્મના પાંચ પ્રકાર બતાવેલ છે. જેવા કે: (૧) કૃષ્ણપનક (૨) લીલીપનક (૩) લાલપનક (૪) પીળીપનક અને (૫) સફેદપનક. તાત્પર્ય એ છે કે લીલ, ફૂગ, ફૂગી, સેવાળ કે જે અત્યંત બારીક હોય છે, તે વસ્તુની સાથે મળેલી હોવાના કારણે તેના જેવા રંગની હોય છે તેથી તે તરત જ દેખી શકાતી નથી. તેથી છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ સમ્યક્ પ્રકારથી જાણવી જોઈએ. જોવી જોઈએ અને તેની પ્રતિલેખના કરવી જોઈએ. આ છે પનકસૂક્ષ્મની વ્યાખ્યા.

मूल:-

से किं तं बीयसुहुमे ? बीयसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा-किण्हे जाव सुक्किल्ले, अत्थि बीयसुहुमे कण्णियासमाणवन्नए नामं पण्णत्ते, जे छउमत्थेणं निग्गंथेणं वा निग्गंथीए वा जाव पडिलेहियव्वे भवइ. से त्तं बीयसुहुमे ३ ॥ २६८॥

અર્થ : પ્રશ્ન હે ભગવાન્! બીજસૂક્ષ્મ શું છે?

ઉત્તર: જે બીજ સાધારણ નેત્રોથી ન જોઈ શકાય તે બીજસૂક્ષ્મ છે. તે બીજસૂક્ષ્મ પાંચ પ્રકારના છે: (૧) શ્યામ બીજસૂક્ષ્મ (૨) લીલાં બીજસૂક્ષ્મ (૩) લાલ બીજસૂક્ષ્મ (૪) પીળાં બીજસૂક્ષ્મ (૫) સફેદ બીજસૂક્ષ્મ. નાનાથી નાના કણના સમાન રંગવાળાં બીજસૂક્ષ્મ કહેલ છે અર્થાત જેવા રંગનાં અન્નના કણ હોય તેવા જ રંગના બીજસૂક્ષ્મ હોય છે. છદ્મસ્થ નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીએ તેને વારંવાર જાણવા જોઈએ અને પ્રતિલેખના કરવી જોઈએ. આ બીજસૂક્ષ્મની વ્યાખ્યા થઈ.

मूल :-

से किं तं हरियसुहुमे ? हरियसुहुमे पंचविहे पन्नत्ते, तं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा-किण्हे जाव सुक्किल्ले. अत्थि हरियसुहुमे पुढवीसमाणवन्नए, जे छउमत्थेण निग्गंथेणं वा निग्गंथीए वा, अभिक्खणं अभिक्खणं जाणियव्वे जाव पडिलेहियव्वे भवइ, से त्तं हरियसुहुमे ४॥ २६९॥

અર્થ: હે ભગવાન્! તે હરિતસૂક્ષ્મ શું છે?

ઉત્તર: હરિત અર્થાત્ અભિનવ ઉત્પન્ન થયેલ અત્યંત બારીક નેત્રોથી પણ ન નિહાળી શકાય તેવું હરિત તે હરિતસૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહેવામાં આવેલ છે. તે જેવાં કે: (૧) કૃષ્ણ હરિતસૂક્ષ્મ (૨) લીલાં હરિત સૂક્ષ્મ. (૩) લાલ હરિત સૂક્ષ્મ (૪) પીળાં હરિતસૂક્ષ્મ (૫) સફેદ હરિત સૂક્ષ્મ. આ હરિત સૂક્ષ્મ પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે. જે પૃથ્વીનો જેવો રંગ હોય છે, તેવા જ રંગના તે હરિતસૂક્ષ્મ હોય છે. છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ તેમને વારંવાર જાણવા જેવા અને પ્રતિલેખના કરવી જોઈએ. આ હરિતસૂક્ષ્મનું કથન થયું.

मूलः-

से किं तं पुप्फसुहुमे? पुप्फसुहुमे पंचविहे पन्नत्ते, तं जहा-किण्हे जाव सुक्किल्ले. अत्थि पुप्फसुहुमे रुक्खसमाणवन्ने नामं पन्नत्ते, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे जाव पडिलेहियव्वे भवति, से त्तं पुप्फसुहुमे ५ ॥ २७० ॥

અર્થ: હે ભગવન્! તે પુષ્પસૂક્ષ્મ શું છે?

ઉત્તર: જે પુષ્પ અત્યંત બારીક હોય, સાધારણ નેત્રોથી ન નિહાળી શકાતું હોય. જેવી રીતે વડ, ઉંબરા વગેરેનાં ફૂલ શ્વાસમાત્રથી જેની વિરાધના થઈ શકે તે પુષ્પસૂક્ષ્મ હોય છે. તે પુષ્પસૂક્ષ્મ પાંચ પ્રકારનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. (૧) કૃષ્ણ પુષ્પસૂક્ષ્મ (૨) લીલાં પુષ્પસૂક્ષ્મ (૩) લાલ પુષ્પસૂક્ષ્મ (૪) પીળા પુષ્પસૂક્ષ્મ (૫) સફેદ પુષ્પસૂક્ષ્મ. આવાં પુષ્પસૂક્ષ્મ જે વૃક્ષ ઉપર ઉત્પન્ન થાય છે તે વૃક્ષના રંગના જેવાં જ રંગવાળા હોય છે. છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ તેમને સમ્યક્ પ્રકારે જાણવાં જોઈએ, જોવાં જોઈએ અને પ્રતિલેખન કરવું જોઈએ. આ પુષ્પસૂક્ષ્મનું વિવેચન થયું.

मूलः-

से किं तं अंडसुहुमे ? अंडसुहुमे पंचविहे पन्नत्ते, तं जहा-उद्दंसंडे उक्कलियंडे पिपीलियंडे हलियंडे हल्लोहलियंडे, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा जाव पडिलेहियव्वे भवइ, से त्तं अंडसुहुमे ६ ॥ २७१ ॥

અર્થ : પ્રશ્ન–હે ભગવન્! તે અંડસૂક્ષ્મ શું છે?

ઉત્તર–જે ઈંડા અત્યંત બારીક હોય, આંખોથી પણ ન દેખી શકાય તે અંડસૂક્ષ્મ છે. અંડસૂક્ષ્મ પાંચ પ્રકારના છે. જેવા કે: (૧) મધ-માખી વિગેરે ડંસ દેવા વાળાં પ્રાણીઓનાં ઈંડા (૨) કરોળિયાના ઈંડા, કીડીઓના ઈંડા (૪) છિપકલીના ઈંડા (૫) કાચિંડા (ગિરગિટ)ના ઈંડા, છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ આ ઈંડા સમ્યક્ પ્રકારે જાણવાં જોઈએ, જોવા જોઈએ અને પ્રતિલેખન કરવું જોઈએ. આ અંડસૂક્ષ્મનું વિવેચન થયું.

मूलः—

से किं तं लेणसुहुमे ? लेणसुहुमे पंचविहे पन्नत्ते, तं जहा-उत्तिंगलेणे भिंगुलेणे उज्जुए तालमूलए संवोक्कावट्टे नामं पंचमे, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे जाव पडिलेहियव्वे वा भवइ से त्तं लेणसुहुमे ७ ॥ २७२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ: પ્રશ્ન–હે ભગવન્! લયનસૂક્ષ્મ શું છે?

ઉત્તર:– લેણુ (લયન) અર્થાત્ બિલ (છિદ્ર) કે જે અત્યંત બારીક હોવાથી સાધારણ આંખોથી દેખી ન શકાય તે લયન સૂક્ષ્મ છે. લયનસૂક્ષ્મના પાંચ પ્રકાર છે: (૧) ગધૈયા (ઘોરખોદા) વગેરે જીવ પોતાને રહેવા માટે પૃથ્વીમાં જમીન ખોદીને બિલ (ભોણુ) બનાવે છે તે ઉત્તિંગ-લેણુ છે. (૨) પાણી સૂકાયા પછી જ્યાં મોટી મોટી તિરાડો પડી ગઈ હોય તેમાં ભોણુ (દર) બનાવવામાં આવેલ હોય તે ભિંગુલેણુ છે. (૩) બિલભોણુ (૪) તાડનાં મૂળ જેવી આકૃતિવાળા બિલ કે જે ઉપરથી સંકુચિત અને અંદરથી વિસ્તૃત હોય છે તે તાલમૂલક છે. (૫) શંખ જેવી આકૃતિવાળા જે બિલ હોય છે તે શંખૂકાવર્ત જેવાં કે ભમરાળ ભોણુ, છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ આવા ભોણુ વારંવાર જાણવાં જોવાં અને પ્રતિલેખન કરવા યોગ્ય છે. આ લેણુ સૂક્ષ્મનું વિવેચન થયું.

मूलः–

से किं तं सिणेहसुहुमे? सिणेहसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा-उस्सा हिमए महिया करए हरतणुए. जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा जाव पडिलेहियव्वे भवइ, से त्तं सिणेहसुहुमे ८ ॥ २७३ ॥

અર્થ: પ્રશ્ન–તે સ્નેહ સૂક્ષ્મ શું છે?

ઉત્તર: સ્નેહ અર્થાત આર્દ્રતા કે જે આર્દ્રતા તરતમાં દૃષ્ટિગોચર ન થાય (જેવી કે ધુમ્મસ, કરા, બરફ, ઝાકળ વગેરે) તે સ્નેહસૂક્ષ્મ છે. સ્નેહસૂક્ષ્મ પાંચ પ્રકારનાં છે: (૧) ઓસ (ઝાકળ) (૨) હિમ (૩) ધૂમ્મસ (૪) કરા (૫) હરિયાળી ભૂમિમાંથી નીકળીને ઘાસના અગ્રભાગ ઉપર જામેલાં પાણીનાં સૂક્ષ્મબૂંદ. છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીએ આ પાંચ સ્નેહ સૂક્ષ્મ સારી રીતે જાણવાં, જોવાં અને પ્રતિલેખન કરવા યોગ્ય છે. એ રીતે આ આઠ સૂક્ષ્મોનું વિવેચન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलः—

वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा उवज्झायं वा थेरं वा पवत्तिं वा गणिं वा गणहरं वा गणावच्छेययं वा जं वा पुरओ काउं विहरइ, कप्पइ से आपुच्छिउं आयरियं वा जाव जं वा पुरओ काउं विहरइ- इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुन्नाए समाणे गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा, ते य से वियरेज्जा एवं से कप्पइ गाहावइकुलं भत्ताए वा जाव पविसित्तए वा, ते य से नो वियरेज्जा एवं से नो कप्पइ गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा। से किमाहु भंते!? आयरिया पच्चवायं जाणंति ॥२७४॥

અર્થ: વર્ષાવાસમાં રહેલા ભિક્ષુને આહારને માટે કે પાણીને માટે ગૃહસ્થને ઘેર જવાની કે પ્રવેશ કરવાની ઇચ્છા હોય તો આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક અથવા ગણિ અથવા ગણધર અથવા ગણાવચ્છેદક અથવા જે કોઈને પ્રમુખ કરીને વિચરણ કરતા હોય તેને પૂછ્યા વિના તે રીતે કરવાનું કલ્પતું નથી. આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક અથવા ગણિ અથવા ગણધર અથવા ગણાવચ્છેદક અથવા જેમને મુખ્ય કરીને વિચરે છે તેને પૂછીને તેને જવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે. ભિક્ષુ તેને એ રીતે પૂછે કે: "હે ભગવન્! આપની આજ્ઞા પ્રાપ્ત થતાં ગૃહપતિના કુળ તરફ આહારને માટે કે પાણીને માટે જવાની અને પ્રવેશ કરવાની ઇચ્છા કરું છું." એ રીતે પૂછ્યા પછી જો તે અનુમતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે તો તે ભિક્ષુને એ ગૃહસ્થનાં કુળ તરફ આહારને માટે કે પાણીને માટે નીકળવા અથવા પ્રવેશ કરવાનું કલ્પે છે. જો તેઓ અનુમતિ ન આપે તો ભિક્ષુને આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થનાં કુળ તરફ નીકળવાનું અને તેમાં પ્રવેશ કરવાનું કલ્પતું નથી.

પ્રશ્નઃ- હે ભગવન્! આપ એમ શા કારણે કહો છો?

ઉત્તરઃ- અનુમતિ દેવામાં અથવા ન દેવામાં આચાર્ય પ્રત્યવાય (વિઘ્ન) વગેરેને જાણતા હોય છે.

मूलः--

एवं विहारभूमिं वा वियारभूमिं वा अन्नं वा जं किं पि पओयणं, एवं गामाणुगामं दुइज्जित्तए ॥ २७५ ॥

અર્થ: એ રીતે વિહાર ભૂમિ તરફ જવા માટે અથવા વિચાર ભૂમિ તરફ જવા માટે અથવા અન્ય કોઈ પણ પ્રયોજન માટે અથવા એક ગામથી બીજે ગામ જવા વગેરેની બધી પ્રવૃત્તિઓ માટે આ રીતે અનુમતિ પ્રાપ્ત કરવી જોઈએ.

मूलः-

वासावासं पज्जोसविए भिक्खू य इच्छिज्जा अन्नयरिं विगइं आहारित्तए नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा जाव गणावच्छेययं वा जं वा पुरओ कट्टु विहरइ, कप्पइ से आपुच्छित्ता णं तं चेव-इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुन्नाए समाणे अन्नयरिं विगइं आहारित्तए, तं एवइयं वा एवतिक्खुत्तो वा ते य से वियरेज्जा एवं से कप्पइ अन्नयरिं विगइं आहारित्तए, ते य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से नो वियरेज्जा एवं से नो कप्पइ अन्नयरिं विगइं आहारित्तए। से किमाहु भंते!? आयरिया पच्चवायं जाणंति ॥२७६॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ કોઇપણ એક વિગય ખાવાની ઇચ્છા કરે તો આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણિ, ગણધર, ગણાવચ્છેદક અથવા જેમને પ્રમુખ માનીને વિચરણ કરતા હોય તેમને પૂછયા વિના તેમ કરવાનું કલ્પતું નથી. આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક, ગણિ, ગણધર, ગણાવચ્છેદક અથવા જે કોઇને પ્રમુખ માનીને વિચરણ કરતા હોય તેમને પૂછીને તેને એ રીતે કરવાનું કલ્પે છે. ભિક્ષુ તેમને આ રીતે પૂછે કે હે ભગવન્! આપની આજ્ઞા પ્રાપ્ત થતાં હું કોઇપણ એક વિગયને આટલા પ્રમાણમાં અથવા આટલી વખત ખાવા ઇચ્છું છું" એ રીતે પૂછવાથી જો તે તેને અનુમતિ પ્રદાન કરે તો એ રીતે તે ભિક્ષુને કોઇ એક વિગય ખાવાનું કલ્પે છે. જો તે તેમને અનુમતિ ન આપે તો તે ભિક્ષુને કોઇપણ એક વિગય ખાવાનું કલ્પતું નથી.

પ્રશ્ન: હે ભગવન્! આપ આ રીતે શા કારણે કહો છો?

ઉત્તર : આચાર્ય પ્રત્યવાય (વિઘ્ન)ને અને અપ્રત્યવાયને અર્થાત્ હાનિ અને લાભને જાણતા હોય છે.

मूलः-

वासावासं पज्जोसविए भिक्खु य इच्छेज्जा अन्नयरिं तेइच्छं आउट्टित्तए, तं चेव सव्वं ॥२७७॥

અર્થ: વર્ષાવાસમાં સ્થિત ભિક્ષુ કોઇ જાતની ચિકિત્સા કરાવવાની ઇચ્છા કરે ત્યારે તે સંબંધમાં પણ પૂર્વવત્ જાણવું જોઇએ.

मूलः—

वासावासं पज्जोसविए भिक्खु य इच्छिज्जा अन्न-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यरं ओरालं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरित्तए, तं चेव सव्वं ॥ २७८ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ, કોઈ જાતના પ્રશસ્ત, કલ્યાણકારી, ઉપદ્રવોને દૂર કરવાવાળા, જીવનને ધન્ય કરવાવાળા, મંગળ કરવાવાળા, સુશોભન અને મોટા પ્રભાવશાળી તપકર્મનો સ્વીકાર કરીને વિચરવાની ઇચ્છા કરે ત્યારે તે સંબંધમાં પણ પૂર્વવત જ કહેવું જોઇએ. અર્થાત ગુરુજનોની આજ્ઞા પ્રાપ્ત કરીને જ તપ કરવું જોઇએ.

मूलः–

वासावासं पज्जोसविए भिक्खु य इच्छिज्जा अपच्छिममारणंतियसंलेहणाजूसणाझूसिए भत्तपाणपडियाइक्खिए पाओवगए कालं अणवकंखमाणे विहरत्तए वा निक्खमित्तए वा पविसित्तए वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहारित्तए वा, उच्चारपासवणं वा परिट्ठावित्तए सज्झायं वा करित्तए धम्मजागरियं वा जागरित्तए नो से कप्पइ, अणापुच्छित्ता तं चेव ॥ २७९ ॥

અર્થ : વર્ષાવાસમાં રહેલા ભિક્ષુએ સૌથી અંતિમ મારણાંતિક સંલેખનાનો આશ્રય લઇને તેના દ્વારા શરીરને ખપાવવાની વૃત્તિથી આહાર પાણીનો ત્યાગ કરીને, પાદપોપગમન (વૃક્ષની માફક નિશ્ચલ) થઇને મૃત્યુની અભિલાષા નહિ રાખતા વિચરણ કરવાની ઇચ્છા કરે અને સંલેખનાની દૃષ્ટિથી ગૃહસ્થના કુળ તરફ નીકળવાની અને તેમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે અથવા અન્ન, પાણી, ખાદિમ અને સ્વાદિમ આહારની ઇચ્છા કરે અથવા મળમૂત્રની પરિષ્ઠાપનની ઇચ્છા કરે અથવા સ્વાધ્યાય કરવાની ઇચ્છા કરે અથવા ધર્મજાગરણની સાથે જાગવાની ઇચ્છા કરે તો તે બધી પ્રવૃત્તિ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય વગેરેને પૂછયા વિના કરવાની કલ્પતી નથી. આ બધી પ્રવૃત્તિઓના સંબંધમાં પૂર્વ પ્રમાણે જ કહેવું જોઈએ.

मूल:--

